તીન ઈન્દ્રિય જીવ હૈ. ફિર ચાર ઈન્દ્રિયવાલેકો આંખ મિલતી હૈ. ફિર પંચેન્દ્રિયવાલેકો પાંચોં પાંચ ઈન્દ્રિય - સુનના ભી હોતા હૈ, સૂઁઘના ભી હોતા હૈ, દેખના ભી હોતા હૈ, ચખના ભી હોતા હૈ, સ્પર્શકા ભી હોતા હૈ. સ્પર્શેન્દ્રિય તો એકેન્દ્રિયમેં ભી હોતી હૈ. દો ઈન્દ્રિયસે ફિર મુઁહ મિલતા હૈ, ખાનેકા ચાલૂ હોતા હૈ. તીન ઈન્દ્રિયસે સૂઁઘના ચાલૂ હોતા હૈ. મકખી, ભ્રમર ઉસકી નાસિકા તેજ હૈ. કીડી, મકોડા, ચીંટી વહ તીન ઈન્દ્રિય હૈ. ઉનકો આંખ નહીં હૈ. ફિર કાન મિલતા હૈ. પંચેન્દ્રિયમેં ફિર કાન મિલતા હૈ. વહ સુનાઈ દેતા હૈ. ફીર છઠેમેં મન મિલતા હૈ.

તો વહ જ્ઞાન ખુલતા જાતા હૈ. જિતના રાગ-દ્વેષ-મોહ કમ હોતા હૈ, જ્ઞાન પરસે આવરણ ખુલતા હૈ. બાદલ જૈસા હૈ. આત્મા તો ચૈતન્યસૂર્ય હૈ, જ્ઞાનસૂર્ય હૈ, બાદલ આતે હૈં બીચમેં - આવરણ આતે હૈં તો એકેન્દ્રિય, દો ઈન્દ્રિય, તીન ઈન્દ્રિય હો જાતે હૈં. અગર હમ સહી રાસ્તે પર નહીં ચલે, સહી ઈલાજ નહીં કિયા આત્મકલ્યાણકા તો યહ સબ હોનેવાલા હૈ હી.

હમારે પાસ જો પાંચ ઈન્દ્રિય ઔર મન-વિચારશક્તિ - પૂરી તાકત હૈ, અગર ઈસકા સદુપયોગ નહીં કરેંગે, દુરુપયોગ કરેંગે તો મન બિનાકે પ્રાણી હો જાયેંગે. વિચારશક્તિ ચલી જાયેગી. યે સબ ક્યોં બિના મનવાલે હૈં? કિ જબ મન મિલા તો ઉસને દરકાર નહીં કી, કિ આત્મકલ્યાણ કૈસે કરના? જ્ઞાન તો પૂરી શક્તિ પ્રગટ કરે તો લોકાલોકકો જાને ઈતના ચમત્કાર હૈ, એક સેકન્ડમેં, એક સમયમેં તીનલોકકો જાન લે. સ્વર્ગમેં ક્યા હૈ, નર્કમેં ક્યા હૈ સબ જાન લે. ઉતની તાકત હૈ અગર ખુલતા હૈ તો. ઔર સિકુડ જાતા હૈ તો એકેન્દ્રિયમેં, વનસ્પતિમેં, પાનીમેં, હવામેં, જમીનમેં ચલા જાતા હૈ.

misuse કિયા. ક્યા કિયા? મન મિલા તો misuse કિયા તો કુદરતને મન છિન લિયા. તો યહ સબ હમારે સામને હૈ! અબ વિવેક કરના હૈ કિ હમેં ક્યા કરના હૈ? અગર હમ હમારે કલ્યાણકા નહીં સોચેંગે તો યહ હાલત હોનેવાલી હૈ હી. પરવશતાસે યહ ભોગના પડેગા. ઔર ભોગતે..ભોગતે..ભોગતે.. હુએ અભી મનુષ્ય હુએ હૈં. પ્રારબ્ધવશાત. અબ ઔર વિવેક કર લે થોડા તો કામ બન જાયેગા! વરના યહ ગતિ-તિર્યંચગતિ, પશુગતિ સબસે બડી હૈ. સબસે જ્યાદા સંખ્યા ઈસ ગતિમેં હૈ. બડી સંખ્યાકી માત્રા પશુગતિમેં હૈ. દેવ-મનુષ્ય-નારકમેં ઉતની સંખ્યા નહીં હૈ જિતની પશુમેં હૈ.

ઈસલિયે પ્રતીતિ-વિશ્વાસકે સાથ હમારી સમજ હોની ચાહિયે. ઐસી સમજ હોની ચાહિયે કિ વિશ્વાસ જમે. ઐસી દૃઢ શ્રદ્ધા, દૃષ્ટિ અપને ઉપર સ્થાપિત કર દેની ચાહિયે. બાદમેં ચાહે જૈસે ભાવ આ જાયે તો ભી મૈં ચૈતન્ય હી હૂઁ, મૈં આત્મા હી હૂઁ ઐસા અંતરમેંસે હોના ચાહિયે. રટન હોવે વહ બાત અલગ હૈ. ઐસા નહીં હોતા, રટન સે

વિશ્વાસ નહીં આયેગા. ઉસપર થોડા ઔર વિષય લેંગે કલકે સ્વાધ્યાયમેં. ટાઈમ હો ગયા હૈ. યહાઁ તક રખતે હૈં.

આશય :- (૨૧૮) :- **યથાર્થ ભાવના એ મુક્તિનો પાયાનો પત્થર છે. બધી ઊંચી ભૂમિકાના ચણતરનો આધાર ભાવના ઉપર છે. જ્યાં સુધી યથાર્થ ભાવના કે જેનું લક્ષણ લગની અને તાલાવેલી છે, ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પરમાર્થ માર્ગની સફળતા બીજા કોઈ ઉપાયથી થવી અશક્ય છે. એવું ભાવનાનું સ્વરૂપ સમજીને એ વિષયની ભ્રાંતિ નહિ હોવી જોઈએ. એવું અહીં તાત્પર્ય છે.**

❁

જેને પરિપૂર્ણ નિર્દોષ થવું છે, તેવા મુમુક્ષુજીવે વ્યવહારમાં - ઉદયપ્રસંગોમાં પણ, આરંભ- પરિગ્રહ અને અનીતિ વગેરેથી દૂર થવા સતત પ્રયત્નવાન રહેવું ઘટે છે. જેથી બોધ પ્રાપ્તિનો પ્રતિબંધક રસ વધે નહિ, અર્થાત્ ઉપદેશાદિનું નિષ્ફળપણું ન થાય. જ્ઞાનની બીજભૂત - ભૂમિકામાં, ઉદય પ્રત્યે નીરસભાવ, સરળતાદિ થાય છે. જેથી સિદ્ધાંત જ્ઞાન પરિણમવું સંભવિત થાય. ઉદય-પ્રસંગમાં રસ ન આવે, - જાગૃતિને લીધે તે જ આ ભૂમિકાના વૈરાગ્ય અને ઉપશમ છે. ઉદયપ્રસંગોમાં રસ તો જ ન આવે, જો અંતર સુવિચારણાએ કરીને સાંસારિક પ્રસંગોનું મહાત્મ્ય ન આવે / ન રહે - સ્વભાવના મહાત્મ્યને લીધે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(અનુભવ સંજીવની-૧૫)

તા. ૩૦-૭-૧૯૯૭, પ્રશ્ન- ૨૧૯
પ્રવચન નં. ૧૫૯

સ્વાનુભૂતિદર્શન. ૨૧૯મો ચાલે છે. શું પ્રશ્ન છે? કે '**જ્ઞાનમાં સમજાય છે પણ વિશ્વાસ આવતો નથી?**' વિશ્વાસ નહિ આવવાનું કારણ? કે જૂઠો વિશ્વાસ, વિપરીત વિશ્વાસ આવેલો છે એની દૃઢતા ઘણી છે, ગાઢ વિશ્વાસ છે. આત્મા ઉપર વિશ્વાસ નથી આવતો, અનાત્માનો વિશ્વાસ આત્માને દૃઢ થયેલો છે - એક કારણ તો એ છે. બીજું આત્માનો વિશ્વાસ કરવાની જેને ઇચ્છા છે એને પણ સ્વલક્ષે સમજાય તો જ વિશ્વાસ આવે. એ જ સમજણ પરલક્ષે થાય તો વિશ્વાસ ન આવે. અથવા સમજાય ત્યારે વિશ્વાસ, યથાર્થ પ્રતીતિ - યથાર્થ વિશ્વાસ આવવો જોઈએ કે હું આત્મા જ છું. એ ક્યારે બને? એવો અહીંયાં વિચાર કરવા યોગ્ય છે. એ સમજાય અને એનો વિશ્વાસ કેવી રીતે આવે છે?

વિશ્વાસ આવવાના બે કારણ છે. એક નિમિત્ત અને એક ઉપાદાન. કહેનાર પ્રત્યે વિશ્વાસ હોય તોપણ વિશ્વાસ આવવાનો સંભવ છે. કહેનારને માન્ય કરવામાં આવે કે આ અમારા આચાર્ય છે, મહાન સંત છે, કુંદકુંદ જેવા આચાર્ય છે, મહાન સંત છે. એ કહે એટલે એ બ્રહ્મવાક્ય છે. એમના વચનો છે એ જ શબ્દબ્રહ્મ છે. શું છે? શબ્દબ્રહ્મ છે. એ પણ એમની ઓળખાણ હોય તો વિશ્વાસ આવે, નહિતર ઓઘસંજ્ઞાથી તો માને કે અમારા સંપ્રદાયના આચાર્ય છે. એ વાતમાં પણ ઓળખાણનું ઉપાદાન સાથે ભળવું જોઈએ. ઓળખવાની વાત તો બહુ ઊંચા સ્ટેજમાં ગઈ. એ પહેલા શું કરવું? કે તું જો તેમના વચનોની, તેમના ઉપદેશની તારા આત્મા ઉપર અસર શું થાય છે? વિશ્વાસનું કારણ તને તારું પોતાનું પરિણમન હોવું જોઈએ. ત્યાંથી વિશ્વાસ આવશે એ ખરો વિશ્વાસ આવશે. કે જો તને તારા આત્મા ઉપર અસર થતી હોય તો ત્યાંથી જે વિશ્વાસ ઉત્પન્ન થશે એ વિશ્વાસ બદલશે નહિ. એ વિશ્વાસમાં ફેર નહિ પડે. કેમકે અહીંથી વિશ્વાસ આવ્યો છે.

જો બાત હમારે આત્મકલ્યાણકી હૈ ઉસ આત્મકલ્યાણકી બાતકા હમારે આત્મા પર ક્યા અસર પહોંચા? અગર કુછ અસર પહુંચતા હૈ તો વહાઁસે વિશ્વાસ ભી ઉત્પન્ન હોતા હૈ ઔર વહ વિશ્વાસ ડિગેગા નહીં. અહીંથી વિશ્વાસ આવવો જોઈએ. જેમ બહેનશ્રીએ એમ કહ્યું કે સમજાય એની સાથે યથાર્થ પ્રતીતિ આવવી જોઈએ કે આ જ્ઞાયક તે જ હું છું અથવા સુખધામ છે એ મારામાં જ છે. અનંત સુખ મારામાં જ ભર્યું છે.

એનો જે વિશ્વાસ છે એ પોતાની અસરથી આવવો જોઈએ.

જેમકે એ પહેલાની અવસ્થામાં પોતે દુઃખી અથવા આકુલિત અવસ્થામાં હતો. કોઈપણ સંસારી જીવ તો આકુલિત અવસ્થામાં હોય છે. એને આત્મશાંતિનો ઉપદેશ, આત્મશાંતિની ચર્ચા એ સાંભળતા પોતાને કાંઈ ફરક પડે છે, અશાંતિ ઘટે છે એવી કોઈ અસર થાય છે, અસર પહોંચે છે તો એને વિશ્વાસ આવે છે કે આ કાંઈક શાંતિનો ઉપાય લાગે છે. ત્યાંથી વિશ્વાસ આવે છે.

સોગાનીજીનો દૃષ્ટાંત લઈએ તો આત્મધર્મમાં ગુરુદેવનું પ્રવચન એમણે જે વાંચ્યું એમાં એક વાત વાંચી કે ષટ્આવશ્યક નહીં હૈ, એક હી આવશ્યક હૈ. તો ષટ્આવશ્યકની વાત તો જિનાગમમાં છે. છ પ્રકારના અવશ્ય કરવા યોગ્ય કાર્ય. શ્રાવકને છ પ્રકારના પ્રતિદિન સ્વાધ્યાય, પૂજા, દાન આદિ જે છે એ છ પ્રકારના કાર્ય શ્રાવકે પ્રતિદિન કરવા એવી ભગવાનની આજ્ઞા છે અને ગુરુદેવ કહે કે એ વ્યવહાર છે, જેને નિશ્ચય પ્રગટ્યો હોય એનો એ વ્યવહાર છે. મૂળમાં તો એક જ આવશ્યક છે - છ નથી. કેમકે છમાં છ પ્રકારના વિકલ્પ છે. આત્મા નિર્વિકલ્પ છે અને એની સ્વરૂપ સમાધિ પણ નિર્વિકલ્પ છે અને એ નિર્વિકલ્પ સમાધિમાં આત્મશાંતિ છે. એમને આત્મશાંતિની વાત અસર કરી ગઈ પોતાના આત્મામાં. શું કરી ગઈ? કેમ અસર કરી ગઈ? કે એવા છ - એ અનેક પ્રકારના વિકલ્પો કરી કરીને એ થાક્યા હતા. ઘણા વિકલ્પો કરીને એ થાક્યા હતા. એટલે એમને એ વાત અસર કરી ગઈ. વાત તો ઠીક છે. વિકલ્પ વધારવાથી અશાંતિ છે. ભલે પછી એ ધાર્મિક ક્ષેત્રની ક્રિયાના વિકલ્પ હોય તોપણ એમાં અશાંતિ છે. જોકે એમાં માનસિક શાંતિ હોય છે. ષટ્આવશ્યકમાં માનસિક શાંતિ હોય છે અને એ માનસિક શાંતિથી એમને તૃપ્તિ નહોતી થતી, એટલે બીજા છેતરાય એમ એ છેતરાતા નહોતા. એવી એક વિશિષ્ટ યોગ્યતા એમનામાં હતી. એટલે આત્મશાંતિની વાત એમને રુચિ. એટલે એમ થયું કે આવો જો ઉપદેશ મળતો હોય તો મને આત્મશાંતિ જે મારે જોઈએ છે એ કદાચ મળી જાય. મારે ત્યાં પ્રત્યક્ષ સત્સંગમાં જવું જોઈએ. એવો નિર્ણય એમણે લીધો.

જુઓ, એમણે જ કેમ એવો નિર્ણય લીધો? કે એમના આત્મા ઉપર અસર થઈ. એ અસરથી એ પ્રત્યક્ષ સત્સંગ યોગમાં જવા સુધી એમને પ્રેરણા થઈ, અસરને લઈને. એ અસરે એક પ્રેરકબળ ઉત્પન્ન કર્યું. આર્થિક સ્થિતિ અનુકૂળ નહિ હોવા છતાં પણ ધંધો-વેપાર બંધ કરીને અથવા ધંધો-વેપાર રેઢો છોડીને પોતે, ખર્ચો કરીને સોનગઢ પહોંચી ગયા. અંદરથી કેવી તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થઈ હશે? કે એક હજાર કિલોમિટર, નવસો-હજાર કિલોમિટરની મુસાફરી અજાણ્યા સ્થળમાં, અજાણ્યા સ્થાનમાં, અજાણ્યા

મનુષ્યોના સમાજમાં અને અજાણી ભાષામાં. કાંઈ વિચાર ન કર્યો એમણે. મને ફાવશે કે નહિ ફાવે? ભાષા સમજાશે કે નહિ સમજાય? એમના આત્મા ઉપર જે અસર થઈ એનું બળ કેટલું આવ્યું? કે બધું ઓવરટેક કરીને આવી ગયા.

વળી ગુરુદેવને એમણે વિનંતી પણ ન કરી કે તમે હિન્દીમાં બોલોને! મને સમજાતું નથી. એમ કેમ થયું હશે? એ બિલકુલ એ વખતે ગુજરાતી સમજતા નહોતા. સાવ ફર્સ્ટ ટાઈમ, પહેલા વહેલા ગુજરાતીભાષી ક્ષેત્રમાં આવેલા. પણ ભાવ પકડી શકતા હતા. ભાવ પકડે એને ભાષા ગૌણ થાય છે. અને ભાષા પકડે એને કોઈવાર ભાવ ગૌણ થાય છે. આમ તો ભાષા છે એ ભાવને પકડવાનો ચીપિયો છે. ચીપિયો સમજો છો? ચીમટા. પણ ભાષા ઉપર એટલું વજન નહીં જવું જોઈએ જેટલું ભાવ ઉપર વજન જાય. તો ભાષાથી ભાવ વધારે સમજાશે. અને કદાચ ભાષા અજાણી હોય પણ ભાવ સમજવા ઉપર concentration હશે, એકાગ્રતા હશે તો ચાર-છ મહિનાનું બાળક પણ ભાવ પકડે છે. ભાષા નથી પકડતું. શું પકડે છે? ભાવ પકડે છે. તમે હસીને બોલાવો તો હસશે. આંખો કાઢીને ગુસ્સે થશો તો રડશે. ભાવ પકડે છે. મન છેને!

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિશિષ્ટ યોગ્યતા માટે જે આપ વાત કરો છો. વિશિષ્ટ યોગ્યતાની અસરમાં રહે તો એમાં પુરુષાર્થ મંદ ન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ વિશિષ્ટ યોગ્યતા સામે જોતા નહોતા. પોતે પોતાની વિશિષ્ટ યોગ્યતા સામે જોવે તો તો મંદ થઈ જાય. પણ એ તો નહોતું મળ્યું એ જ જોતા હતા. વિશિષ્ટ યોગ્યતા હતી છતાં આત્મશાંતિ નહોતી મળતી એના એ લાલાયિત હતા, આત્મશાંતિના. યોગ્યતા સામું નહોતા જોતા એ. એટલે એવી ભૂલ એમને થઈ નહિ. અને નથી થઈ એ વાત પ્રસિદ્ધ છે. એમને ભૂલ થઈ નથી એ વાત પ્રસિદ્ધ છે અને યોગ્યતા હતી એ વાત પણ પ્રસિદ્ધ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમને સમ્યગ્દર્શન થયું તો આપણે એમને કહીએ છીએ કે વિશિષ્ટ યોગ્યતા હતી. પણ સમ્યગ્દર્શન ન થયું હોય તો એને વિશિષ્ટ યોગ્યતા નહોતી?

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. કેમકે કારણ-કાર્યનો નિયમ છે. કાર્ય જોઈને કારણ સમજી શકાય છે, કારણ જોઈને કાર્ય સમજી શકાય છે. કેમકે બંનેને એકબીજા સાથે સંબંધ છે. માટે એકથી બીજાનું અનુમાન થઈ શકે છે. ધુમાડો હોય તો અગ્નિ હોવો જોઈએ. વગર અગ્નિએ કાંઈ ધુમાડો દેખાય નહિ. એમ ભલે અગ્નિ દેખાતો નથી, પણ ધુમાડો દેખાય તો અગ્નિ છે એમ સમજવું જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી ઐસા ભી હોતા હૈ ન કિ યોગ્યતા તો હૈ લેકિન કાલલબ્ધિ નહીં પકી હૈ તો ઐસા નહીં હોતા હૈ ન?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા તો થી. લેકિન એક નિયમ હૈ કિ બિના સંસ્કારી જીવકો ગુરુ બિના જ્ઞાન નહીં હોતા. જે બીજજ્ઞાન છે એ ઉપદેશથી નથી થતું, ઉપદેશકના પરિણમનથી થાય છે. ઉપદેશ તો શાસ્ત્રમાં પડ્યો છે આચાર્યોનો. આ તો હજી, સત્પુરુષ તો ચોથા ગુણસ્થાને છે. આચાર્યોનો ઉપદેશ ગ્રંથોમાં પડ્યો છે અને એ તો મૂળ દિગંબર હતા. ગ્રંથ વાંચેલા હતા. પંડિતોને બોલાવીને વાંચતા હતા. પંડિત રાખીને સમજતા હતા અને પોતે પણ ઘણું વાંચતા હતા. રાત-દી' વાંચતા હતા, વાંચતા હતા તે દી'. પણ ગ્રંથમાં વ્યાખ્યા છે. વ્યાખ્યા છે એ theory છે અને આમાં practical knowledgeની જરૂર છે. practical knowledge, practical પરિણમનને જોયા વિના સમજાય એવું નથી હોતું. આ પરિસ્થિતિ બાકી હતી. યોગ્યતા હતી પણ આ પરિસ્થિતિ નહોતી. practical knowledge મળવાની, બીજજ્ઞાન મળવાની પરિસ્થિતિ નહોતી.

મુમુક્ષુ :- ભાઈશ્રી આ વિશિષ્ટ યોગ્યતામાં પાંચ સમવાયમાં ક્યો સમવાય વધારે નિમિત્ત થયો?

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો પાંચેય સાથે જ હોય છે. એક કામ થાય એમાં પાંચેય સાથે હોય છે.

મુમુક્ષુ :- કામ ન થયું હોય એના પહેલા.

પૂજ્ય ભાઈશ્રી :- કામ ન થયું તો એમાં ઉપાદાન પણ નથી. જે ઉપાદાન પરિણમન માટે જોઈએ એ પણ નથી, નિમિત્ત પણ નથી, કાળલબ્ધિ પણ નથી - પાંચેય નથી. છે તો પાંચેય છે અને નથી તો પાંચેય નથી.

મુમુક્ષુ :- આ પ્રસંગમાં મુખ્યતા કોની લઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે તમારો જે પ્રશ્ન છે એ તમારે ક્યાં ઊભા રહીને વિચારવો છે, એના ઉપર એનો જવાબ દેવો જોઈએ. (એક મુમુક્ષુ) લખે છે આ પત્રમાં કે એક જ વાતના એક જ વિષય ઉપર જુદાં-જુદાં જ્ઞાનીઓ જુદી-જુદી વાત કરે છે. એક જ વિષય, એક જ subject, એક જ પ્રશ્ન - એના ઉપર જુદાં-જુદાં જ્ઞાનીઓ જુદી-જુદી વાત કરે છે. એટલે કોની વાત બરાબર એ મેળવવા માટે હું આગમ જોઉ છું અને આગમથી જેની વાતની પુષ્ટિ થાય એ વાત મને વધારે પસંદ પડે છે. એટલી હિંમત નથી કરી કે બીજા જ્ઞાનીની વાત ખોટી કે બરાબર નથી કે એવું નથી લખ્યું. એટલું સારું છે. (પણ) એ પદ્ધતિ બરાબર નથી. આ તો જુદાં-જુદાં જ્ઞાનીઓની વાત કરી. પણ એક જ જ્ઞાની, એક જ પ્રશ્નનો જુદી-જુદી વ્યક્તિને જુદો-જુદો ઉત્તર આપે, ત્યારે શું કરશો તમે?

મુમુક્ષુ :- સ્વીકાર કરવાનો. મારી પાત્રતા પ્રમાણે જવાબ આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને એનો દાખલો મોજૂદ છે શાસ્ત્રમાં કે અલિંગગ્રહણની ગાથા ચારેચાર શાસ્ત્રોમાં કુંદકુંદાચાર્યે લખી છે અને પાંચમી ધવલમાં છે. બધી જગ્યાએ એક જ ગાથાના અર્થ જુદાં-જુદાં છે. વિસ્તાર બે શાસ્ત્રમાં કર્યો છે-પ્રવચનસાર અને સમયસારમાં. તો સમયસારમાં ૩૬ અને ૪, ૩૬ ને છાયે છાયે છત્રીસ ને બે-ચાર બીજા અર્થ કર્યા છે. ૩૮, ૩૯ અર્થ કર્યા છે. પ્રવચનસારમાં ૨૦ અર્થ કર્યા. પ્રવચનસારમાં ૨૦ અર્થ એક શબ્દમાંથી કર્યા છે અને બાકીના શબ્દોને મૂકી દીધા છે. એ શબ્દને છોડીને સમયસારમાં બાકીના શબ્દોમાંથી ૩૯ અર્થો કાઢ્યા છે. આ અર્થ ઉપર એક જ વાત કરી છે. આચાર્ય એના એ છે, ટીકાકાર એના એ છે. સૂત્રકર્તા આચાર્ય પણ તે અને ટીકાકાર આચાર્ય પણ તે. હવે કોની સાથે મેળવશો તમે? શું કરશો તમે? તમારી પદ્ધતિથી કામ કરવા જશો તો કેવી રીતે થાશે? ન થાય. તમને તમારી યોગ્યતા અનુસાર ઉત્તર મળવાનો. તમે expect કરો એવો ઉત્તર નહિ મળવાનો. કે મને આવો જવાબ મળવો જોઈએ - એવું નહિ બને. પણ પાંચ સમવાયમાં કયા સમવાયની મુખ્યતા કરવી? કે પુરુષાર્થની કરવી. મુમુક્ષુએ પુરુષાર્થની કરવી, ઉપાદાનની કરવી.

મુમુક્ષુ :- અમારા માટે તો આ પુરુષાર્થ જ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- અને યથાર્થ નિમિત્ત મળતા નિમિત્તનું બહુમાન આવ્યા વિના રહેશે નહિ, જો યોગ્યતા હશે તો. એ પણ. નહિતર નિમિત્ત મળશે તોપણ બહુમાન નહિ આવે તમને, યોગ્યતા નહિ હોય તો. આમ વાત છે. એટલે ઉપાદાનની મુખ્યતા છે. અથવા વજન ઉપાદાન ઉપર દેવા જેવું છે. બાકીના સમવાય જાણવાનો વિષય છે, એમ લેવું. જેમકે દેશનાલબ્ધિ.. તો એ વાત એમ કહે છે કે જ્ઞાની વિના જ્ઞાન નહિ મળે. તો જ્ઞાનીની આવશ્યકતા સમજાશે તમને. એટલી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દો દિન પહલે આપને લિયા થા ન. દો દિન પહલે ઈસ બાતકો લિયા થા. બહેનશ્રીકે વચનામૃત ૨૧૬મેંસે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે આગળ. આવી ગયું આપણે. હમણાં જ આવી ગયું. એમાં પણ પુરુષાર્થની પ્રધાનતાની વાત છે, દેશનાલબ્ધિની વાત છે - બેય વાત છે.

અહીંયાં આપણે ચાલતા વિષયમાં શું લેવું છે? કે તને વિશ્વાસ આવવાનું કારણ તું પોતે હોવો જોઈએ કે જેમ તને તારા ઉપર અસર થઈ તે. એવો તું પોતે જ વિશ્વાસનું કારણ બનવો જોઈએ.

મુમુક્ષુ :- પોતાની મૂડી હોવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તને સમાધાન થાય છે? સમાધાનથી તને શાંતિ આવે છે? માનસિક શાંતિ સિવાય આત્મશાંતિની તને ભાવના છે? નહિતર પાછો માનસિક

શાંતિમાં છેતરાઈ જઈશ. અને માનસિક શાંતિ તો મસ્જિદમાં જુમ્માના દિવસે - શુક્રવારે, જુમ્માનો દિવસ એટલે શુક્રવાર, નમાજ પઢવાવાળાને પણ થાય છે અને રવિવારે ચર્ચમાં જવાવાળાને પણ થાય છે. ત્યાં છેતરાવું નહિ પાછું. એમ તું મંદિર જઈશ, દેરાસર જઈશ તો તને થોડી શાંતિ થાશે (પણ) એમ છેતરાવું નહિ. આત્મશાંતિ માટેનો તારો પ્રયત્ન ચાલુ રહેવો જોઈએ. એમ વાત છે.

'**જ્ઞાયક તે જ હું છું, બીજો હું નથી.**' એવું સાંભળતા તને કાંઈક અસર આવવી જોઈએ, એમ કહે છે. એકાદ વર્ષનું બાળક હોય એની માતા એનું હાલરડું ગાય ત્યાં સુઈ જાય. કેમ? કે એના ઉપર અસર આવે છે. મારો દીકરો ડાહ્યો, કજિયા કરે એવો નથી.

મુમુક્ષુ :- પાટલે બેસીને ન્હાયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને સારું લાગે છે. તો તારી પ્રશંસા, તારા ગુણની પ્રશંસા તીર્થંકરો કરે છે દિવ્યધ્વનિમાં, મહાન આચાર્યો કરે છે, જ્ઞાનીઓ કરે છે, તો તને કાંઈ અસર ન થવી જોઈએ? કે થવી જોઈએ. તો તને વિશ્વાસ આવશે. તને અસર થશે તો વિશ્વાસ આવશે. આ બહુ મોટો પ્રશ્ન છે. થોડો ચર્ચવાનું કારણ છે એની પાછળ કે, જીવ સુખ માટે ઝાંવાં નાખે છે અને ભગવાન કહે છે કે સુખ તારા આત્મામાં છે. સિવાય તારા આત્મામાં ક્યાંય બીજે સુખ નથી. હવે વિશ્વાસ આવે તો જીવન બદલાઈ જાય અને વિશ્વાસ ન આવે તો આ જે સંસાર ચાલે છે એ જીવન ચાલ્યા કરે. મુદ્દાની વાત આ સુખની છે. અનંત સુખધામ તું પોતે છો. અથવા શ્રીગુરુ એમ કહે છે કે તારા એક-એક પ્રદેશે અનંત સુખ ભરેલું છે. કેટલું? એક-એક પ્રદેશમાં અનંત સુખ ભરેલું છે. એવો અનંતસુખથી ભરચક ચિક્કાર તું ભરેલો છો!! અને એની હયાતીનો તને વિશ્વાસ છે? તારા સુખની હયાતીનો તને વિશ્વાસ છે? જો તને વિશ્વાસ આવે તો તારા પરિણમનની લાઈન ફરી જશે. વિશ્વાસ નહિ આવે તો તારા પરિણમનની લાઈન ફરશે નહિ. બહુ મુદ્દાની વાત છે.

જ્ઞાનીઓને પ્રતિકૂળતાના, દુઃખના પ્રસંગો જે લોકો કહે છે એવા પ્રસંગો આવે છે. મુનિઓને પણ આવે છે, જ્ઞાનીઓને પણ આવે છે. એ વખતે જોવે છે કે, ક્યાંય બહારથી દુઃખ આવે છે? કોઈ પ્રસંગમાંથી દુઃખ આવે છે? નહિ. તો અંદર ડોકિયું મારે છે. અહીં તો અનંત સુખ ભર્યું છે. અનંત સુખની હયાતીને જોવે છે. મારે શું? મારું અનંત સુખ અહીંયાં ભર્યું છે. મારે દુઃખી થવાનું શું કારણ છે? કાંઈ દુઃખી થવાનું મારે કારણ નથી.

ગુરુદેવ એક દૃષ્ટાંત આપતા હતા કે, બહુ શ્રીમંત માણસ હતો. એની ડેલીએ બારણા

ઉપર જઈને કોલસાથી કો'કે લખી નાખ્યું કે આ માણસે દેવાળુ કાઢ્યું છે... આ માણસે દેવાળુ કાઢ્યું છે.. સાવ ખોટું, ઓલાને તો જે ધીકતી કમાણી હતી અને શ્રીમંતાઈ હતી એમ જ હતું બધું. પણ ચોકથી કે કોલસાથી લખી નાખ્યું કે આ માણસે દેવાળુ કાઢ્યું છે. કોઈએ એની સાથે વ્યવહાર કરવો નહિ. ઓલા માણસે જોયું કે મારા ઘરમાં તો એટલું ને એટલું જ છે. એને એ વાત હાસ્યાસ્પદ લાગી. કેવી લાગી? એ હસવા માંડ્યો કે આ લખવાથી મને શું ફેર પડે છે? મારે કોઈની પાસે લેવા તો જાવા નથી કે ભાઈ મને કાંઈક તમે લોન આપો. મારી પાસે લોકો લોન લેવા આવે છે. બાકી હું તો કાંઈ લેવા જાતો નથી. હું તો ગામમાં વ્યાજે ફેરવું છું, હું કાંઈ વ્યાજે લેવા જાતો નથી. મને શું ફરક પડવાનો છે? એકવાર લખ્યું તો ભેગાભેગું બીજીવાર લખી નાખ તું. એથી મને કાંઈ ફેર પડવાનો નથી. એમ જ્ઞાની અંદર ડોકિયું મારી દે છે કે અહીંયાં તો મારું અનંત સુખ ભરેલું છે, સુખ એમાંથી આવે છે મને, એમાંથી મને મળી રહ્યું છે તો મારે બાહ્ય પ્રસંગથી શું લેવા-દેવા છે? એ તો ચોકથી લખેલી વાત છે, ભુસાઈ જશે. ન ભુસાઈ તો ભલે અને લખેલું રહે તોપણ ભલે અને ન રહે તોપણ ભલે. એટલે એવી વાત છે. વિશ્વાસનો સવાલ છે. શેનો સવાલ છે અહીંયાં? વિશ્વાસનો સવાલ છે.

જીવન-મૃત્યુમાં એવું છે. માણસ સૂતો છે. શ્વાસોચ્છ્વાસ ચાલે છે, દેખાય છે તો કહે વિશ્વાસ છે કે છે. આત્મા થોડો દેખાય છે? એ જ માણસ સૂતો છે અને શ્વાસોચ્છ્વાસ ચાલતા નથી દેખાતા. હેં! અને એ તિરાડ પડી. શેમાં પડી? વિશ્વાસમાં તિરાડ પડી. હેં! આ કેમ કાંઈ હલનચલન દેખાતું નથી શ્વાસોચ્છ્વાસમાં. હલાવે. હોય તો બોલે ને? એટલે એને અવિશ્વાસ પાક્કો થયો, અવિશ્વાસ વધ્યો. જલ્દી ડૉક્ટરને બોલાવો. ડૉક્ટરોએ બે-ત્રણવાના તપાસી લીધા. આંખ જોઈ લીધી, છાતીનો ધબકારો, નાડ જોઈ લીધી - બે-ત્રણ વાના જોઈ લીધા. નથી! વિશ્વાસ ઉઠી ગયો. શું ઉઠી ગયો? છે એનો વિશ્વાસ ઉઠી ગયો અને નથી એનો વિશ્વાસ આવ્યો. બસ એનું reaction આવ્યા વગર રહેશે નહિ.

એ વાત લીધી છે કે '**જ્ઞાયક તે જ હું છું, બીજો હું નથી.**' બીજો છું એ વિશ્વાસ ઉડાડી દે એમ કહે છે. જ્ઞાયક છું એ વિશ્વાસ લાવ!

મુમુક્ષુ :- કૃપાળુદેવે કીધું છે ને? ૧૦૮માં પણ આ જ વાત લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ફરીફરીને વાત લીધી છે. ફરીફરીને કહું છું હે જીવ! તું ભ્રમામાં. સુખ અંતરમાં છે, આત્મામાં છે. બહારમાં તારું સુખ નથી. બહુ ફેરવી ફેરવીને વાત કરી છે. એ ક્યાં સુધી વિશ્વાસ આવી જવો જોઈએ કે શ્રદ્ધા અને દૃષ્ટિ સ્થપાય

જાય ત્યાં સુધી. સમ્યગ્દર્શન થઈ જાય ત્યાં સુધી. સમ્યગ્દૃષ્ટિને વિશ્વાસ છે એટલે સુખી છે. સ્વરૂપ સુખનો વિશ્વાસ છે માટે સુખી છે. આ એક જ કારણ છે, બહુ મોટું કારણ છે. દુઃખી થવાનું કોઈ કારણ નથી.

મુમુક્ષુ :- અનુભવે પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ પ્રત્યક્ષ છે. વિશ્વાસ પાછો એની પ્રત્યક્ષતાથી આવ્યો છે. અદ્ધરથી અનુમાન કરીને, અનુમાનનું આવ્યું નથી એ કાંઈ. એ કાંઈક ઊંડે-ઊંડે સુખ પડ્યું છે એમ નથી. પ્રત્યક્ષ છે. શું છે? પ્રત્યક્ષ છે. જેમ પેલા શ્રીમંતે શું જોયું? કે મારી તિજોરીમાં પ્રત્યક્ષ પડ્યા છે. બસ! પછી એને પેલી વાત દેખાય કે આ દેખાય? એમ છે.

'**પછી ગમે તે ભાવો આવે...**' એ જ જ્ઞાનીને શુભાશુભભાવો આવે છે. અને એની જ્ઞાનધારારૂપ ભાવો પણ ચાલુ જ છે, એને સમયે સમયે જ્ઞાનધારાના ભાવો ચાલુ જ છે. સમયે સમયે કર્મધારાના ભાવો પણ ચાલુ જ છે. વિશ્વાસ ક્યો છે? હું ચૈતન્ય છું. કેમકે પેલા ભાવોનો નાશ થાય છે. જે કોઈ બીજા ભાવો આવે છે એનો નાશ થાય છે. અને જે ચૈતન્યધારા છે. 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ.' એને કોઈ બાધા પહોંચાડી શકતું નથી.

સર્વોત્કૃષ્ટ સુખ પડ્યું છે, અચિંત્ય એવું સુખ પડ્યું છે. તારતમ્યતાએ અનંતુ છે. અને એને કોઈ બાધા ન પહોંચાડી શકે એવું અવ્યાબાધ પણ છે. એવું સુખધામ પોતે છે. એનો વિશ્વાસ એ બહુ મોટી વાત છે. એનો વિશ્વાસ આવવો એ બહુ મોટી વાત છે. અનંતકાળમાં એ નથી કર્યું. વિશ્વાસ આવ્યો નથી. એકવાર જો એને વિશ્વાસ આવી જાય, અસ્તિત્વગ્રહણથી. શેનાથી? અસ્તિત્વગ્રહણથી. તો એ સંસ્કાર કદી નાશ પામતા નથી. એ સંસ્કારના પાયા ઉપર એટલું મોટું ચણતર ચણાય છે કે અંતે જીવ સિદ્ધાલયમાં જઈને બિરાજમાન થાય છે. એવી મોટી વાત છે. વિશ્વાસ આવવો એ એવી મોટી વાત છે. કાલે એટલે આ બોલ અધૂરો મૂક્યો હતો. થોડું ચાલ્યું હતું. વાંચી ગયા હતા. પણ અંદર છે, વિશ્વાસમાં ઘણી વાત છે. એટલે વખત જોઈએ. વાતમાં તો વખત જોઈએ.

શું કહે છે? '**પછી ગમે તે ભાવો આવે...**' ગમે તે ભાવો એટલે શું? કે પૂર્વકર્મના ઉદય અનુસાર. અને લિમિટેડ, એકત્વબુદ્ધિ થયા વિનાના. ગમે તે આવે એટલે એમ ગમે તે નથી આવતા, પણ પૂર્વે જે કર્મો બાંધ્યા છે એનો ઉદય આવશે, એમાં અંશે જોડાણ થોડું થાશે. અંશે જોડાણ થશે. પણ બાહ્ય દૃષ્ટિવાળાને એમ લાગે કે આપણને જેવા ભાવ થાય છે એવા જ એમને થાય છે. આપણે બધા સાથે હસતા હતા એમ

કહે. ગુરુદેવ પણ હસતા હતા અને અમે પણ હસતા હતા. (એને કહે છે) કે તું સ્વરૂપમાંથી ખસીને હસતો હતો અને એ ખસ્યા વગર! આટલો ફેર છે! બહારમાં સરખું દેખાય. એકસરખો ઉદય હોય તો એકસરખું દેખાય. એકસાથે બધા જમવા બેસે એક લાઈનમાં. જે મીઠાઈ બીજા ખાય એ જ્ઞાની ખાય. જે ચટણી બીજા ખાય એ જ્ઞાની ખાય. બધાની જેમ એ તો જે મેનુ તો same હોય એટલે એક જ રસોઈ પીરસી હોય.

મુમુક્ષુ :- જ્ઞાની તો હસતા હોય અને મુમુક્ષુ ઉદાસ બેઠો હોય..

પૂજ્ય ભાઈશ્રી :- એમ પણ હોય.

મુમુક્ષુ :- મીઠાઈ સારી બની છે એમ બોલે પણ ખરા!

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાઈ આ ચીજ સારી બની છે. ક્યાંથી લાવ્યા? કોણે બનાવી? એમ પણ કહે. '**પણ હું ચૈતન્ય જ છું એવું અંતરમાંથી...**' ખસતું નથી. હું ચૈતન્ય છું. આ ઉદય કે બીજા ભાવો આવે છે એ હું નથી. મારે અને એની વચ્ચે કાંઈ સંબંધ નથી. અપેક્ષાએ મારામાં થતાં હોવા છતાં એ ભાવો તે હું નથી. એ ભાવ તે હું નથી. એ ભાવો જેવો હું નથી. સ્વરૂપથી વિરુદ્ધ થયા છે, એને ખબર છે કે સ્વરૂપથી વિરુદ્ધ થયા છે.

મુમુક્ષુ :- છોકરો ઊંધો ચાલે તો શું કરે? કાઢી મૂકેને!

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- દાખલો આપો છોને કે છોકરો આડો ચાલે તો તું મારો છોકરો જ નહિ એમ કહીને કાઢી મૂકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એટલે કાંઈ છોકરો મટી જાય છે? નહિ. એમ અપેક્ષાએ પોતાના છે છતાં પણ એને કાઢવા માટે મારા નથી એમ આવે છે. જોરથી આવે છે અને એ યથાર્થ છે. એ યથાર્થ છે.

'**ગોખવારૂપ થાય છે તે જુદી વાત છે,...**' એ તો વિકલ્પ થયો. રટણ કરે એ તો વિકલ્પ થયો. એ રટણ અને વિકલ્પનું કાંઈ બળ નથી હોતું. અને એનાથી કોઈ શાંતિ પ્રગટતી નથી. વિકલ્પથી શાંતિ ન પ્રગટે, એનો લાભ ન મળે.

'**ગોખવારૂપ થાય છે તે જુદી વાત છે, અંતરમાંથી દૃઢ વિશ્વાસ આવવો જોઈએ.**' પેલો ઉપર ઉપરથી આવે છે. અંતરમાં પેલો વિશ્વાસ ઊલટો પડ્યો છે. અંતરમાં બીજો વિશ્વાસ પડ્યો છે અને અહીંયાં વિકલ્પમાં બીજી વાત છે. એનો કાંઈ મેળ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી અહીંયાં એક તો ઉપર ઉપરથી વિશ્વાસ હોય અને એક અંતરનો વિશ્વાસ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- જુઓ! એક દૃષ્ટાંત આપું. એક લોભી માણસ હોય એને એમ

કહે કે ભાઈ તમે બહુ સારા વક્તા છો, તો આજે દાન દેવા ઉપર તમે ભાષણ આપો. તો ફર્સ્ટક્લાસ પૉઈન્ટવાઈઝ તૈયાર કરીને આવે. કેવું? આ પોઈન્ટ પછી આ પૉઈન્ટ બોલવો, આ પૉઈન્ટ પછી આ પૉઈન્ટ બોલવો. વચ્ચે આવા દાનની જે કવિતા હોય એના પદ લલકારીને બોલવા. પણ એ કોથળી ઉપરથી હાથ ઉપાડે નહિ. અંદરમાં એને પાક્કું હોય કે આપણે કાળજું કાંઈ કાચું રાખવાનું નથી. બીજાને બહુ સરસ ઉપદેશ આપે તો બધા ખુશ થઈ જાય કે વાહ! શું એમનું ભાષણ હતું કાંઈ! શું વક્તવ્ય હતું કાંઈ! પણ એ પાકા કાળજાના હોય એ કાંઈ એમાં ગળે નહિ, એમાંથી એ કાંઈ આપી દે નહિ પોતે. પોતે કાંઈ આપે જ નહિ. બીજાને આપો..! આપો..! તમે આપી દ્યો! આપી દ્યો! એમ કર્યા કરે. એ એને ઉપર ઉપરથી ભાષણ આપ્યું. શેનાથી આપ્યું? કે અંદરથી આપ્યું? અંતરથી શું અને ઉપર ઉપરથી શું?

અંતરમાં (એમ લાગે કે) સુખ બહારમાં પડ્યું છે. પંચેન્દ્રિયના વિષયમાં અને અનુકૂળતામાં. એક અનુકૂળતામાં પાંચેય ઈન્દ્રિયના વિષય આવી જાય છે. અનુકૂળતામાં સુખ છે એમાં પાંચેય ઈન્દ્રિયના વિષયોમાં સુખ છે એ વાત આવી જાય છે. તો એ અંદરમાં પડ્યું હોય એ ઉપરથી ગમે તેમ કહે કે આત્મામાં સુખ છે એનો કાંઈ એને વિશ્વાસ છે નહિ.

'અંતરમાંથી દૃઢ વિશ્વાસ આવવો જોઈએ. યથાર્થ પ્રતીતિ થાય તેને યથાર્થ પુરુષાર્થ થયા વગર રહેતો નથી.' શું કીધું? યથાર્થ પ્રતીતિ થાય એટલે વિશ્વાસ બરાબર આવે તો એને પુરુષાર્થનું પ્રેરકબળ છે એમાં એ ઉત્પન્ન થયા વગર રહે નહિ. એટલે પુરુષાર્થને સંબંધ છે એની સાથે. જ્ઞાનીને પ્રત્યક્ષ છે એટલે પ્રત્યક્ષતામાંથી પુરુષાર્થ આવે છે. પ્રત્યક્ષતા પુરુષાર્થનું કારણ છે. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૧૯) :- **જ્યાં સુધી પોતાના આત્મા ઉપર સત્બોધની અસર થતી નથી ત્યાં સુધી યથાર્થ પ્રકારે વિશ્વાસ આવતો નથી તેથી યોગ્યતા પ્રાપ્ત કરીને ઉપદેશ ઝીલવામાં આવે તો અંતરથી વિશ્વાસ આવશે અને સ્વરૂપદૃષ્ટિ પ્રગટ થશે. એવો પરમાર્થ આ વચનોમાંથી નીકળે છે. પરલક્ષી સમજણથી વિશ્વાસ નથી આવતો. ભલે ગમે તેટલું શ્રવણ કે વાંચન કરવામાં આવે તોપણ.**

પ્રશ્ન :– વચનામૃતમાં આવે છે કે મૂંઝવણમાંથી માર્ગ મળે. તે કેવી રીતે?

સમાધાન :– મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ એવું વસ્તુનું સ્વરૂપ છે. મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે. આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો–મૂંઝાયેલો કે જેને શાંતિ નથી, અશાંતિ છે તે એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી. જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ અને પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ–અર્થાત્ જ્ઞાયકને ઓળખ્યા વગર રહે જ નહિ, જ્ઞાયકનું શરણ લીધા વગર રહે જ નહિ. જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે, તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી. તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને યથાર્થ જિજ્ઞાસા જાગે તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી, સ્વભાવને ઓળખી જ લ્યે છે. ૨૨૦.

તા. ૩૧-૭-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૦
પ્રવચન નં. ૧૬૦

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૭. પ્રશ્ન-૨૨૦. '**પ્રશ્ન :- વચનામૃતમાં આવે છે કે મૂંઝવણમાંથી માર્ગ મળે. તે કેવી રીતે?**' વચનામૃત એટલે બહેનશ્રીના વચનામૃતનો ગ્રંથ છે એમાં જીવને માર્ગ માટેની મૂંઝવણ થાય તો એને માર્ગ મળે એવી વાત આવે છે. એના ઉપર સ્પષ્ટીકરણ માગ્યું છે. મૂંઝવણનો અર્થ શું થાય છે? કે માર્ગની ચાહના છે અને માર્ગ મળતો નથી એટલે ઉત્પન્ન થયેલી કુદરતી લાગણી છે. natural feeling. એનું નામ મૂંઝવણ. મૂંઝવણ એમ સૂચવે છે, માર્ગની ચાહના છે. જેને મૂંઝવણ નથી એને ચાહના નથી. એમ વગર કહે સાબિત થાય છે. એ મૂંઝવણ જ્યારે ઉગ્ર સ્વરૂપ પકડે છે ત્યારે વેદના આવે છે. શરૂઆતમાં ચિંતના થાય છે, ચિંતામાંથી મૂંઝવણ થાય છે, ચિંતા કરવા છતાં માર્ગ ન મળે તો મૂંઝવણ થાય છે. મૂંઝવણ આવ્યા છતાં માર્ગ ન મળે તો જીવ વેદનામાં આવે છે. એ તો ડિગ્રીનો ફર્ક છે.

એક જ પ્રકારની પર્યાયો છે, અવસ્થાઓ છે એની જુદી જુદી ડિગ્રી છે, તારતમ્યભેદ છે. પણ એ સૂચવે છે શું? કે માર્ગની ચાહના છે. ૧૯૫માં શું લીધું? કે માર્ગની

જેને ઇચ્છા ઉત્પન્ન થઈ હોય, એટલે ચાહના ઉત્પન્ન થઈ હોય, તેણે બધા વિકલ્પ મૂકી દઈને એક નીચે કહી તે વાત વારંવાર સ્મરણમાં લેવા જેવી છે. એમ કરીને વેદનાની વાત કહી છે. એ વાત ૧૯૫માં કૃપાળુદેવે કરી છે એ જ વાત વચનામૃતમાં બહેનશ્રીએ કરી છે. બધા જ્ઞાનીઓ પોતપોતાની ભાષામાં એક જ વાત કરે છે. ભાષા દરેકની મૌલિક જુદી-જુદી હોય છે. પણ અભિપ્રાય અને અભિપ્રાયનો વિષય તે બંને એક છે.

એમણે પણ કહ્યું કે મૂંઝવણમાંથી માર્ગ મળે. ચાહના કહો, જરૂરત કહો. અને બહુ પ્રૅક્ટિકલ, અંગ્રેજીનું તો idiom છે અંગ્રેજી ભાષામાં કે necessity is the mother of invention. જેટલી અત્યાર સુધીમાં ભૌતિક શોધખોળ થઈ છે એ પણ જરૂરિયાતમાંથી જ થયેલી છે. અને એવો જીવસ્વભાવ છે કે જ્યાં સુધી જરૂરત ન દેખાય ત્યાં સુધી એનો પુરુષાર્થ તે વિષયમાં - એ દિશામાં ચાલે નહિ. એ જીવસ્વભાવ છે. એટલે આ વિષય એકદમ natural છે, કુદરતી છે.

એનું સમાધાન આપે છે કે, '**મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ એવું વસ્તુનું સ્વરૂપ છે.**' સૈદ્ધાંતિક વાત કરી. વસ્તુસ્વરૂપ એવું છે કે યથાર્થ પ્રકારે મૂંઝવણ થાય અને માર્ગ ન મળે એવું બને નહિ.

મુમુક્ષુ :- બધી જગ્યાએ યથાર્થતા ઉપર કેટલું વજન આપ્યું છે!

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ શું છે કે દરેક પ્રકારમાં સમજણથી, બૌદ્ધિકસ્તરથી સમજે છે માણસ અને કોઈવાર artificiality માં પણ આવે છે. કૃત્રિમતામાં આવી જાય છે. કોઈ વેદનામાં, તો વેદનાની કૃત્રિમતા પણ આવી શકે છે અને વેદના યથાર્થ પણ હોઈ શકે છે. યથાર્થ આવે છે ત્યારે એને માર્ગ મળ્યા વિના રહેતો નથી. એટલે યથાર્થ વેદનાનું લક્ષણ શું? અને અયથાર્થ વેદનાનું લક્ષણ શું? એ અહીંયાં વિચારવું જોઈએ, તો વિશેષ સ્પષ્ટ થાય.

જેને યથાર્થ વેદના હોય. આ તો ઉન્નતિ ક્રમનો વિષય થઈ ગયો ને? ત્યારથી એનો ઉન્નતિક્રમ શરૂ થયો. તો બીજા સ્ટેજમાં એની link છે કે જે યથાર્થ વેદનામાં આવે એને ઉદાસીનતા પ્રાપ્ત થયા વિના રહે નહિ. કોઈપણ ચિંતા ઉદાસીનતાને ઉત્પન્ન કરે છે એ તો પ્રત્યક્ષ જોવામાં આવે છે. જનરલ વાત છે. તો અહીંયાં પણ યથાર્થ ચિંતના, યથાર્થ મૂંઝવણ, યથાર્થ વેદના આવે તો એની સાથે એને ઉદાસીનતા આવ્યા વિના રહે નહિ.

હમણાં લીધી હતી ને વાત આપણે ભાઈની? ઉત્તર ગુજરાતમાં વરસાદ બહુ થયો એમાં એક ભાઈ ફસાઈ ગયા. આપણા મુમુક્ષુના પાડોશીના સાળા હતા. આપણા આ

અંકમાં ૨૫૦૦ રૂપિયા જેણે આપ્યાને? એના સાળા. તે ત્રણ દિવસ સુધી પાણીમાં ચાલ્યા અને એના પોતાના ગામ વીસનગર પહોંચ્યા. ત્રણ દિવસ સુધી કોઈની સાથે સંપર્ક કરવાની પરિસ્થિતિ નહોતી. બધા ગામડાઓ પાણીથી ડૂબેલા હતા એટલે ક્યાંય સંપર્કની પરિસ્થિતિ રહી નહોતી. બધા communication બધા ખલાસ થઈ ગયેલા. ચિંતાને વશ એના મા-બાપે ત્રણ દિવસ સુધી ખાધું નહોતું કે છોકરો મુંબઈથી નીકળ્યો છે, પહોંચ્યો નથી આપણે ત્યાં ઘરે અને અહીંયાં તોફાન થયું છે. શું થયું હશે? ત્રણ દિવસ કાંઈ પહોંચતા, બસમાં સીધે સીધો પહોંચે તો ત્રણ દિવસ લાગે નહિ. આ પરિસ્થિતિમાં ફસાઈ ગયો. તો ચિંતા થાય ત્યારે ઉદાસીનતા આવી કે ખાવું ભાવતું નથી, એક છોકરો ખોવાઈ ગયો એમાં ત્રણ દિવસ ખાધું નથી અને ત્રણ દિવસ ઊંઘ્યા નથી-સૂતા નથી. પોતાનો આત્મા ખોવાઈ ગયો છે, પોતાનું મૂળ-અસલ સ્વરૂપ શું છે એની ખબર નથી, એની જીવને ચિંતા નથી. આ એક બીજી મોટી ટ્રૅજેડી છે!! આ પણ એક ટ્રૅજેડી-કરુણતા છે. સંસારની આ એક કરુણતા છે કે જીવ સુખી નથી. સુખ માટે પ્રયત્ન કરે છે છતાં એ સુખને materialize કરતો નથી. સુખનું સ્વરૂપ સમજતો નથી અને પોતાનું સ્વરૂપ સમજતો નથી.

એટલે જ્ઞાનીઓએ આ વિષયની અંદર માર્ગદર્શન આપ્યું, કે જો ભાઈ! તને પહેલા તો જરૂરત લાગી છે? કે મારે આ બધા અનેક પ્રકારના દુઃખોથી છૂટવું છે. સંસારના બહુભાગ પ્રાણીઓ દુઃખી થતાં જોવામાં આવે છે. જ્ઞાનીની દૃષ્ટિએ તો બધા જ સંસારી દુઃખી છે. પણ સંસારીની દૃષ્ટિએ કેટલાક દુઃખી અને કેટલાક સુખી છે. પણ સુખીઓના percentage બહુ ઓછા છે. એ સુખી માણસોને પૂછો ત્યારે એ માનસિક દુઃખમાં તો ઊભા છે, ટૅન્શનમાં એ લોકો ઊભા છે. એ વાત તો સ્પષ્ટપણે જાહેર થઈ ગયેલી છે આંકડાઓથી કે જે ધનાઢ્ય દેશો છે - પશ્ચિમના-western countries છે એ બધા કેટલા ટૅન્શનમાં રહે છે એ એના ત્યાંના આંકડા, હૉસ્પિટલના આંકડા બોલે છે. કે વધુમાં વધુ માનસિક રોગ, માનસિક રોગથી ઉત્પન્ન થતાં બીજા શારીરિક રોગ એ વધારેમાં વધારે ત્યાં છે. madness, hypertension, heart disease અને cancer - આ બધા રોગોનું પ્રમાણ ત્યાં સૌથી વધારે છે.

ગુરુદેવને બ્લડ કેન્સર હતું ત્યારે હું એ વિષયમાં જુદી જુદી જગ્યાએ સંપર્ક કરતો હતો. તો સ્વિટ્ઝરલૅન્ડમાં આપણા એક મુમુક્ષુ હતા. પશ્ચિમના દેશોમાં, યુરોપિયન countriesમાં સ્વિટ્ઝરલૅન્ડ બહુ પૈસાવાળો દેશ છે. ઘણો પૈસો છે ત્યાં લોકો પાસે. છે તો આટલોક એવો, ખોબા જેવડો. સૌરાષ્ટ્ર જેટલો છે આપણો. પણ પૈસો ઘણો છે લોકો પાસે. દર પાંચ માણસે એક માણસ જ્યાં suffering from cancer.

સો માણસે વીસ માણસો કૅન્સરવાળા મળે છે. એટલે મને કૅન્સર થઈ જશે તો? એ વાત ત્યાં વાર લાગતી નથી અને એનું ટેન્શન આવ્યા વિના રહે નહિ. મૃત્યુનું ટેન્શન તો બધાને આવે છે. કેમકે ઓચિંતું આવે છે અને અમુક ઉંમર પછી સિલિંગ છે ત્યાં. માથું ભટકાય. ઉપર જવાય જ નહિ. કેટલીક ઉંમરથી ઉપર તો જવાતું નથી. આ પરિસ્થિતિમાં આ બધા દુઃખોથી, અનિવાર્ય દુઃખોથી કેમ છૂટવું? એનો ઉપાય આ મહાત્માઓએ શોધ્યો છે.

તો પહેલા કહે કે તું જે પરિસ્થિતિમાં છો એ પરિસ્થિતિમાં જો તને દુઃખ લાગતું હોય તો અથવા જન્મ-મરણનું દુઃખ લાગતું હોય, પરિભ્રમણનું દુઃખ લાગતું હોય તો, એની ચિંતા પહેલા થાય, તો એ દુઃખથી છૂટવાની ચાહના થઈ છે એવું એક symptom જોવા મળે છે. આ એક લક્ષણ છે કે આ જીવને દુઃખથી છૂટવું છે હવે. અને મૂંઝાણો છે એટલા માટે. જો મૂંઝાતો નથી તો હજી એને સંસારના દુઃખો દુઃખ લાગ્યા નથી અને છૂટવાની ઈચ્છા એને ખરેખર થઈ નથી, તો એનો વારો નહિ આવે. તો એ પણ એક symptom છે કે એને હજી ઘણીવાર છે. ઉન્નતિક્રમમાં, આત્મઉન્નતિના ક્રમમાં પ્રવેશ કરવાની એને વાર છે એ પણ એક લક્ષણ છે.

અહીંયાં તો સિદ્ધાંત સ્થાપ્યો પહેલાં કે '**મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ...**' guaranteed. 'જ' શબ્દ વાપર્યો છે. એ વાત ક્યાંથી કરી એમણે? કૃપાળુદેવના વચનોનો reference નથી આપ્યો એમણે. પોતાના અનુભવથી વાત કરી છે. ભૂતકાળમાં પોતે પણ એ વેદનામાં સારી રીતે આવેલા છે. અને એ વાત તો એમના ભાઈ હિંમતભાઈએ ઘણીવાર પ્રસિદ્ધ કરેલી છે. એ ખૂબ જ વેદનામાં રહેતા હતા.

'**મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે.**' આ પ્રૅક્ટિકલ વાત છે. તમારું નાક દાબે... એક માણસનું મોઢું ખૂલતું નહોતું. ડૉક્ટર મહેનત કરતા હતા પણ મોઢું નહોતું ખૂલતું. કોઈ માણસ કીમિયો જાણતો હતો એણે નાક દાબી દીધું. ડૉક્ટરની ટ્રીટમેન્ટ કાંઈ નહિ. ફડાક કરતું મોઢું ખૂલી ગયું, શ્વાસ લેવામાં. મૂંઝવણ કોઈ સહન ન કરી શકે. મૂંઝવણ એ એક એવી ચીજ છે કે, આપઘાત કરે. suicide કરવા તૈયાર થાય પણ મૂંઝવણમાં ટકે નહિ. મૃત્યુ પસંદ કરે. આ તો પ્રસિદ્ધ દાખલાઓ છે. ટેન્શન ચીજ એવી છે. કોઈપણ જીવને સૌથી વધારે દુઃખ ટેન્શનનું હોય છે. તો કહે તું સંસારમાં અનેક વાતોના ટેન્શનમાં આવી ગયો, પૂર્વભવમાં ઘણીવાર suicide પણ કર્યા છે. તો હવે તારી મૂંઝવણને transfer કર. કારણકે બીજું તો તને આવડતું નથી. જે મુક્તિનો માર્ગ છે, મોક્ષનો માર્ગ છે, એની જે technique છે એ તો તારે સમજવામાં યોગ્યતા

જોઈએ, અને એ યોગ્યતા વર્તમાનમાં છે નહિ. તો કહે વર્તમાનમાં જે યોગ્યતા છે એમાં શું થાય? કે જેમ સંસારમાં તું મુંઝાય છે તારી જરૂરતની ચીજ ન મળે ત્યારે ટેન્શનમાં આવે છો એમ આ બાબતમાં જો ટેન્શનમાં આવ તો રસ્તો નીકળે એવું છે. ટેન્શનમાં આવ તો માર્ગ મળે, ટકી ન શકાય એટલા માટે. અને એમાં આવ્યા વગર માર્ગ મળે એ વસ્તુસ્થિતિ નથી પાછી. એ વસ્તુના સ્વરૂપમાં નથી કે મૂંઝવણમાં ન આવે, વેદનામાં ન આવે અને માર્ગે ચડી જાય - એવું કોઈના માટે બનતું નથી.

'**મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે. આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો-મૂંઝાયેલો કે જેને શાંતિ નથી, અશાંતિ છે તે એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી.**' અહીંથી અહીંયાં ને અહીંથી અહીંયાં. અહીંથી અહીંયાં ને અહીંથી અહીંયાં. બેઠો હોય તો ચાલવાની વાત કરે, ચાલતો હોય તો બેસવાની વાત કરે. એથી થાકી જાય તો સૂવાની વાત કરે, સૂતા થાકી જાય તો બેસવાની અને ચાલવાની વાત કરે. ક્યાંય એને શાંતિ નથી. વિષય બદલ્યા જ કરે છે. વિષય બદલ્યા જ કરે છે, પણ ક્યાંય શાંતિ મળતી નથી.

'**એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી.**' એ બધી મૂંઝવણ તો છે પણ '**જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય...**' હવે યથાર્થમાં સમજણ સાથે શું છે? કે વેદના પાછળ કોઈ એક પ્રકારની યથાર્થ સમજણ છે. '**અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ અને પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ-અર્થાત્ જ્ઞાયકને ઓળખ્યા વગર રહે જ નહિ, જ્ઞાયકનું શરણ લીધા વગર રહે જ નહિ.**' આ ત્યાં સુધી લઈ લીધું. અલ્પવિરામ-અલ્પવિરામ કરીને ત્યાં સુધી વાત પૂરી કરી.

શું કહે છે? કે '**આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો-મૂંઝાયેલો કે જેને શાંતિ નથી, અશાંતિ છે...**' વિચારોમાં...વિચારોમાં...વિચારોમાં... જાળમાં જેમ કરોળિયો ઘૂંચાય એમ જીવ વિકલ્પની જાળમાં ગૂંચાઈ ગયેલો છે. '**ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી.**' એટલે વિચારો બદલ્યા કરે છે. બદલાયા જ કરે છે... બદલાયા જ કરે છે... વિષય પણ બદલાયા જ કરે છે.

'**જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે...**' એમ. કેવી મૂંઝવણ થાય? '**કે આ વિકલ્પ હવે જોતા જ નથી...**' હવે જુઓ. અહીંયાં વિષય થોડો વધારે સ્પષ્ટ કરવા જેવો એ છે કે આ પ્રતિકૂળતાઓ જોઈતી નથી એવી વાત નથી લીધી. મોટાભાગના સંસારી જીવો પ્રતિકૂળતાઓથી અથવા ઈચ્છિત પદાર્થ નહિ મળવાથી મૂંઝવણમાં આવે છે એ યથાર્થ મૂંઝવણ નથી - એમ કહેવું છે. સંયોગો પાછળ જગતના બધા જ પ્રાણીઓ છે. એમાં મનુષ્યો વિશેષ પ્રકારે છે. કેમકે બુદ્ધિવાળા જીવો છે. મનવાળા

છે ને? એટલે બધા જ મનુષ્યો સંસારના અનેક પ્રકારના પદાર્થો મેળવવા પાછળ એના વિકલ્પો અને વિચારો ચાલે છે એમાં ટેન્શનમાં આવે છે.

એવા દાખલાઓ જોયા છે. નાની ઉંમરમાં ગરીબાઈમાં હોય. જોકે આપણો દેશ જ ગરીબ છે. ગર્ભશ્રીમંતો બહુ ઓછા માણસો છે. બે-ચાર ટકા. બાકી ૯૦ ટકા ઉપરની વસ્તી બધા જ ગરીબાઈમાંથી જ સારી સ્થિતિમાં આવેલા માણસો છે. જે સારી સ્થિતિમાં છે એ પણ. હવે નાની ઉંમરમાં તો ગરીબાઈમાં હોય. પછી મેળવવા માટેના પ્રયત્નો કર્યા હોય. એટલે એમાં વિકલ્પો અને વિચારો તો ખૂબ થયા હોય. કાંઈક સંપત્તિ થાય ત્યાં સુધીમાં તો ઉંમરે પહોંચી જાય. ૫૦-૬૦ તો સહેજે પહોંચી જાય. ત્યારે માંડ ભેગું થાય. કેટલીક સંપત્તિ ભેગી થાય.

હવે જે ભૂતકાળ ગયો એ સંપત્તિ મેળવવામાં, એમાં જે વિકલ્પો અને વિચારો કર્યા એની પરિણતિ થઈ ગઈ. શું થયું? એની પરિણતિ થઈ ગઈ. એટલે સંપત્તિ પ્રાપ્ત થયા પછી બેચેનીનો રોગ લાગુ પડે છે. મોટાભાગનાને આ જોઈએ છીએ. બહારમાંથી લોકો એને એમ કહે કે સુખી છે. લોકો એમ કહે કે સુખી છે. એને પૂછો તો કહેશે કે ભાઈ! ઊંઘ બરાબર આવતી નથી અથવા જાગૃત અવસ્થામાં પણ કાંઈકને કાંઈક બેચેની રહ્યા કરે છે. આમ કોઈ ઉપાધિનું કારણ નથી. આમ બધું આપણે બધું અનુકૂળ પડતું જાય છે એમ કહે. છોકરાઓ અનુકૂળ છે, જમાઈઓ અનુકૂળ છે. આપણે પાણીની જગ્યાએ દૂધ પીવું હોય તો વાંધો નથી. હામ, દામ ને ઠામ છે. પણ ખબર નથી પડતી (કેમ) ચેન પડતું નથી. આમ કહે. આવા માણસો જોયા છે. ખબર પડતી નથી કેમ બેચેની રહે છે. પણ રહે જ ને! એણે જે ટેન્શનની અંદર એની લાઈફ પસાર કરી છે એની પરિણતિ થઈ ગઈ છે અને એ ચાલુ છે અંદરમાં. સાઈકોલૉજિક પરિસ્થિતિ એની ટેન્શનની ચાલુ છે. બહારની અનુકૂળતાઓ એને ટેન્શન મટાડી શકતી નથી.

વળી અનિત્યતાનો ભય સતાવે છે કે આ બધું જળવાય રહેશે કે કેમ? એનો કોઈ વીમો ઉતારતું નથી. આયુષ્યનો પણ કોઈ વીમો ઉતારતું નથી. વીમો ઉતારે છે એમાં તો પૈસા આપે છે, લાઈફ કોઈ પાછી આપતા નથી. એટલે વીમો પણ રૂપિયા-આના-પાયમાં ઉતરે છે. 'life cannot be replaced' એટલે એ જે એને જીવન છે એમાં ટેન્શન નવું ઊભું થાય છે, કે હવે શું થાશે? હવે શું થાશે? કાલે શું થાશે? ભવિષ્યમાં શું થાશે?

વર્તમાન પરિસ્થિતિ ઉપાધિજનક ન હોય તોપણ ભવિષ્યની ચિંતા એના કાળજાને કોરી ખાય છે. આ લગભગ સ્થિતિ સંપન્ન માણસોની જોવામાં આવે છે. એ મૂંઝવણ યથાર્થ નથી. એ મૂંઝવણ યથાર્થ નથી. સૌથી મોટો પ્રશ્ન મરણનો છે. બાકી બધી સમસ્યા

એની નીચેની છે. અને એક મરણની સમસ્યા જો સૌથી મોટી હોય તો અનંતમરણની સમસ્યા અનંતગુણી મોટી છે. એની ચિંતામાં તું, એની મૂંઝવણમાં તું આવ એમ જ્ઞાનીઓ કહે છે. તો તારો વિચાર, વિવેક, સમજણ યથાર્થ છે. નહિતર નાની-નાની ચિંતા કરે છે અને મોટી ચિંતાની દરકાર તને નથી. મોટી ચિંતા થાય એવી પરિસ્થિતિની તને દરકાર નથી અને નાની-નાની ચિંતા તને થયા કરે છે કે આનું શું ને તેનું શું? આનું શું ને તેનું શું? કોઈ શરીરની ચિંતા કરે છે, કોઈ કુટુંબની કરે છે તો કોઈ સમાજની કરે છે. બસ! આ ચિંતાનું ક્ષેત્ર અહીંયાં પૂરું થાય છે. તારા અનંત જન્મ-મરણની લટકતી તલવારનું શું? એની ચિંતા નથી થતી. જે સૌથી મોટી વાત છે. તો કહે છે કે એ વિચારશક્તિ એટલી ઓછી છે. વિચારશક્તિ એટલી ઓછી છે.

'જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી...' એ જે વિકલ્પો છે એ ભાવભ્રમણ છે. વિકલ્પો છે એ ભાવભ્રમણ છે અને જન્મ-મરણ થાય છે તે દ્રવ્યભ્રમણ છે. એક જગ્યાએ જન્મે, મરીને બીજી જગ્યાએ ઉત્પન્ન થાય, વળી ત્યાંથી મરે ફેંકાઈને ત્રીજી જગ્યાએ ઉત્પન્ન થાય. આમ ને આમ જે ભ્રમણ કરે છે એનું કારણ એનું ભાવભ્રમણ છે. પહેલાં વિકલ્પોથી, ભાવોથી જીવ ભ્રમણ કરે છે, એના ફળમાં એ દ્રવ્યે પણ પરિભ્રમણ કરે છે. એટલે વિકલ્પો છે એ ભાવપરિભ્રમણ છે અને જન્મ-મરણનું પરિભ્રમણ છે એ એનું ફળ છે. એક કારણ છે, એક એનું કાર્ય છે. કારણ-કાર્યનું આ science છે.

જૈનધર્મ છે એ orthodoxy નથી. અંધશ્રદ્ધાનો વિષય નથી, રૂઢિ-રિવાજનો વિષય નથી. એટલા માટે ચોખ્ખું કહેવામાં આવે છે કે તમે માળા ફેરવો ભગવાનના નામની એ કાંઈ ધર્મ નથી. મંદિર જઈને દર્શન કરો એનું નામ ધર્મ નથી. તહેવારોના દિવસોમાં ઉપવાસ કરો એનું નામ ધર્મ નથી. દયા, દાન કરો એનું નામ ધર્મ નથી. અને શાસ્ત્ર વાંચો એનું નામ પણ ધર્મ નથી. એમ. એ કોઈ ધર્મ નથી.

વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. ધર્મની વ્યાખ્યા શું કરી? definition. 'વત્થુ સહાવો ધમ્મો'. માગધી ભાષામાં છે. વસ્તુનો જે સ્વભાવ તે ધર્મ છે. properties of the substance એની જે મૂળ property, મૂળ ગુણધર્મો છે, આત્માના મૂળગુણધર્મો એ એનો ધર્મ છે. પરમાણુના મૂળગુણધર્મો એ એનો ધર્મ છે. ધર્મ એટલે એણે જે શક્તિને ધારણ કરી રાખી તે તેનો ધર્મ. હવે જ્ઞાન, સુખ-શાંતિ, આનંદ એવી અનેક શક્તિઓ, એવા અનેક ધર્મો ધારણ કરીને મૂળસ્વરૂપે જીવ નામનો પદાર્થ આ વિશ્વમાં પોતાના સ્વરૂપને ભૂલીને પરિભ્રમણ કરે છે. ખબર નથી કે મારું મૂળસ્વરૂપ શું છે?

જેને પોતાના મૂળસ્વરૂપનો નિશ્ચય નથી, ખબર નથી, ઓળખાણ નથી એને કર્તવ્ય

અને અકર્તવ્યનો વિવેક હોઈ શકે એમ બની શકવા યોગ્ય નથી. કેમકે જ્યાં-જ્યાં કર્તવ્ય-અકર્તવ્યની મર્યાદા નક્કી કરવામાં આવે છે ત્યાં-ત્યાં એનું સ્થાન પહેલા નક્કી કરવામાં આવે છે. આ તમારી post છે અને તમારે આટલું કરવાનું છે અને આ સિવાય તમારે બીજું કરવાનું નથી. સ્થાન નિશ્ચિત થયા વિના, post નક્કી થયા વિના એની ડ્યુટી નક્કી થાય નહિ. કર્તવ્ય નક્કી ન થાય. એમ જીવનું પોતાનું મૂળસ્વરૂપ શું છે? એનો નિશ્ચય થયા વિના આ જીવે પોતાના ભલા માટે શું કરવું? એનું કર્તવ્યની એને સમજ હોઈ શકે નહિ. આ એક સમજી શકાય એવી વાત છે.

તો કહે છે કે જેને યથાર્થ મૂંઝવણ થાય કે પરિભ્રમણનું કારણ એવા વિકલ્પો મારે જોતા નથી. તે વિકલ્પમાં ટકી શકે નહિ. અને પોતા તરફ - નિર્વિકલ્પ સ્વરૂપ તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે નહિ અને એ પરિણતિ ક્યારે વળે? કે પોતાના સ્વરૂપને ઓળખે ત્યારે. એટલે એ પોતાના સ્વરૂપને ઓળખ્યા વગર રહે નહિ. એટલે સૌથી પહેલા એને એ વિચાર આવે કે મારું મૂળસ્વરૂપ શું? કે જેથી હું મારા કર્તવ્યને નક્કી કરી શકું? સૌથી પહેલાં મારે મારું મૂળસ્વરૂપ જાણવું જરૂરી છે. એ વિષય ઉપર એ આવ્યા વિના રહે નહિ. અને ઓળખે ત્યારે પોતાના સ્વરૂપ તરફ જાય, સ્વરૂપનો આશ્રય લે, એણે પોતાનું શરણ લીધું એમ કહેવામાં આવે છે.

શરણ લેવું એટલે આધાર લેવો. જીવ એક જીવતો પદાર્થ હોવા છતાં પણ.. શું છે? મોટું અંધારું ક્યાં છે? બુદ્ધિશાળી માણસોના વિષયમાં પણ વિચારીએ તો કે જીવ એક જીવતો પદાર્થ હોવા છતાં પણ એ પરમાણુનો આધાર લે છે કે જેનામાં જીવન નથી. જે પરમાણુ જડ છે, અચેતન છે. કેવા છે? જડ છે અને અચેતન છે અને એ અચેતન હોવાથી જેમાં સુખ-શાંતિ નથી. અચેતનમાં સુખ-શાંતિ હોય નહિ. હોઈ શકે? ન હોઈ શકે. મડદામાં સુખ-શાંતિ હોય? ન હોય. કેમકે અચેતન છે. તો જે જીવતો જીવ છે એ, જેમાં શાંતિ-અશાંતિ કાંઈ નથી. એવા જડ પરમાણુનો આધાર લઈને સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે. કેવડું મોટું અંધારું છે! આવડો મોટો વિપર્યાસ બુદ્ધિવાળા માણસોને કેમ સમજાતો નહિ હોય? વિચાર માગે એવો વિષય છે.

જોકે આપણો ભૂતકાળ વિચારીએ તો આપણે એમાં જ હતા એકવાર. આપણે પણ એ પરમાણુની પ્રાપ્તિ પાછળ (લાગેલા હતા.. સુખ જોઈએ છે પણ) શેનાથી? બાહ્ય સાધનોથી. પણ અંદરની આત્મશાંતિનું શું? આ સમસ્યા સંસારના બુદ્ધિશાળી માણસો હલ કરી શક્યા નથી. એટલે આના ઉપર આપણે એક આર્ટિકલ આપ્યો કે ભાઈ! ખરેખર સુખ શું છે? સુખનું વૈજ્ઞાનિક સ્વરૂપ શું? અને એ સુખ પ્રાપ્તિનો વૈજ્ઞાનિક ઉપાય શું? જીવનું વૈજ્ઞાનિક સ્વરૂપ શું? પરમાણુનું વૈજ્ઞાનિક સ્વરૂપ શું? અને સુખ-

દુઃખ બંનેનું વૈજ્ઞાનિક સ્વરૂપ શું? આ વિષય જ્યાં સુધી વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિચારવામાં ન આવે અને એનું સમાધાન મેળવવામાં ન આવે ત્યાં સુધી જેમાં સુખની કલ્પના છે એવા પરમાણુઓ, જેમાં સુખની ભ્રાંતિ છે એવા પરમાણુઓ કદી કોઈ જીવને સુખી કરી શકશે નહિ અને સંસારમાં કોઈ જીવ સુખી થવાનો નથી.

અનંતકાળથી અનંત જીવો પરમાણુમાંથી સુખ લેવાનો અનંત પુરુષાર્થ કરી રહ્યા છે અને કરી ચૂક્યા છે. કોઈ સુખી થયા જોવામાં આવતા નથી. કેમકે બધા સુખ માટેના પ્રયત્નવાન છે, એ બતાવે છે કે હજી એ સુખી થયા નથી. જ્ઞાનીઓએ એનો રસ્તો શોધ્યો છે. જ્ઞાનીઓ એટલે વિજ્ઞાનીઓ હતા આમ તો ખરેખર તો. જ્ઞાનીઓ હતા એ શું હતા? વિજ્ઞાનીઓ હતા. એમણે આ રસ્તો શોધ્યો છે.

મુમુક્ષુ :- મહાવિજ્ઞાનીઓ.

પૂજ્ય ભાઈશ્રી :- મહાવિજ્ઞાનીઓ. બરાબર છે. કેમકે એમણે જે વિજ્ઞાન શોધ્યું એ એવું શોધ્યું... કૃપાળુદેવે ૯૧૩ નંબરનો પત્ર લખ્યો કે અશાતાની અંદર તો માણસને પીડા થાય. રોગ થાય એમાં તો પીડા થાય અને પીડા થાય એનું દુઃખ કોઈ participate કરી શકે નહિ. કેમકે પીડા ચાલુ હોય એટલે પીડામાં જ જોડાય જાય. જીવના પરિણામો એમાં લાગ્યા રહે અને છૂટવા માગે તોપણ ત્યાંથી છૂટી શકે નહિ. અનિવાર્યપણે પીડા ભોગવવી જ પડે. ત્યારે એ ડાહ્યા માણસોએ એનો ઉપાય શોધવાનો પ્રયત્ન કર્યો અને આશ્ચર્યકારક આનંદ સાથે!! સાનંદ આશ્ચર્યકારક ઉપાય એમને મળ્યો, કે અરે..! આ પીડામાં તો વધારે મજા લઈ શકાય એવી પણ એક વાત છે. પીડા વખતે વધારે શાંતિ પ્રાપ્ત કરી શકાય એવો, આનો ખરેખર વૈજ્ઞાનિક ઉપાય તો એવો છે. માટે આવી પીડાથી એ ડરતા નથી અને મૃત્યુથી પણ ડરતા નથી. આવી એક બહુ મોટી વાત આ વિજ્ઞાનમાં અને આ વૈજ્ઞાનિક ઉપાયમાં રહેલી છે. એટલે એનું મહત્ત્વ જેને સમજાય છે એ પૂરી તાકાતથી એની પાછળ લાગી જાય છે. જેને એ મહત્ત્વ સમજાતું નથી એ પૂરી તાકાતનો ઉપયોગ કરતા નથી અને અધકચરો પ્રયત્ન કરનારને આમાં સફળતા મળતી નથી. કેમકે એની સમજણ જ અધકચરી છે એટલે એનો પ્રયત્ન પણ અધકચરો રહે છે. આમ છે.

'**જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે,...**' ડૂબતો તણખલાને પકડે, તરણાને ઝાલે. ડૂબતો માણસ તરણાને બાજે. એમ '**ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે, તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી.**' તું પરમાણુનો આધાર લે છો એ જ તારી ભૂલ છે. તારી સુખ-શાંતિ અને આનંદ માટે તું પરમાણુનો આધાર લે છો એ તારી ભૂલ છે. ત્યાં

સુખ-શાંતિ અને આનંદ મળે એવી કોઈ વૈજ્ઞાનિક વ્યવસ્થા નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરમાણુનો આધાર ન લે પણ એક જીવ બીજા જીવનો આધાર તો લે. ચેતનના આધારથી...

પૂજ્ય ભાઈશ્રી :- વૈજ્ઞાનિક રીતે એ કેવી રીતે possible છે? એક જીવ બીજા જીવનો આધાર લે એનો scientific approach શું? ચાલો (કહો) શું મળે? એ જીવ તો જુદો છે. તમે પીડાથી દુઃખી થાવ છો. બીજો જીવ છે એ ભલે ડૉક્ટર છે કે ગમે તે છે. ગમે તે રીતે સંપન્ન છે. પણ તમારી પીડાનો ઉદય પૂરો જ ન થતો હોય અને ચાલુ રહેતો હોય એમાં એ કરે શું? pain killer fail થઈ જતી હોય શું કરે કહો?

મુમુક્ષુ :- પણ કોઈ કેર (care) કરે છે એ વાતની શાંતિ મળે.

પૂજ્ય ભાઈશ્રી :- હા પણ એમાંથી પીડા તો ઘટતી નથી ને! એનું શું? એ એક માનસિક support તમે લીધો. પણ પીડાનું શું? એ પીડાને કોઈ ઓછી કરી શકે છે? લઈ શકે છે? એનો કોઈ approach છે કોઈ? approach તો છે નહિ. કેમકે બે પદાર્થો ભિન્ન છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. એક જીવ અને બીજો જીવ તદ્ન જુદાં છે. હવે જે બિલકુલ જુદાં છે એ કલ્પનાથી આધાર લે કે આ મને, આ મારો આધાર છે.. આ મારો આધાર છે... આ મારો આધાર છે... પણ એનો આધાર એ લઈ તો શકતો નથી. કલ્પનામાં કેટલો ટાઈમ ટકી શકે? એ કલ્પના છે. એક પદાર્થ બીજા પદાર્થનો આધાર લે એ એની કલ્પના છે. ત્યારે જ્ઞાનીઓ એમ કહે છે કે તારામાં જે અનંત શક્તિ છે એનો આધાર લેને તું! એ શક્ય છે, ઓલું અશક્ય છે. બસ તું તારો આધાર લે તો તને કોઈ આધારની જરૂર નહિ પડે. તારું સ્વરૂપ જ નિરાલંબ નિરપેક્ષ છે. એ ઓળખાવે છે. એનો આધાર લેતા શીખડાવે છે, સમજાવે છે. બસ પછી શું વાંધો?!

આવો એક બીજો, તમારા પ્રશ્નનો એક બીજો વિકલ્પ આપું, કે એક જીવે બીજા જીવનો આધાર લીધો. હવે જેનો આધાર લીધો એ ગુજરી ગયો (તો) શું કરે? કાંઈ એના હાથની વાત છે? છે કાંઈ હાથની વાત? જેના આધારે જીવતો હતો એ ઉપડી ગયો, ચાલો! એનું આયુષ્ય પૂરું થયું. શું કરે?

મુમુક્ષુ :- એનું પરિણમન બદલાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- અથવા એનું પરિણમન બદલાઈ ગયું, એના વિચારો બદલાઈ ગયા, એના અભિપ્રાયો બદલાઈ ગયા. તો શું કરો? એ તો સ્વતંત્ર છે. તમારા તાબેદાર તો કોઈ છે નહિ. શું કરો તમે? કેટલું મોટું reaction આવશે પછી? જેના આધારે,

બીજા જીવના આધારે એણે સુખ કલ્પ્યું હશે એને reaction કેટલું મોટું આવશે?! એ વધારે દુઃખી થઈ જશે. એને એમ થશે મને દગો દીધો એણે. શું થાશે? મને દગો દીધો. આ શરીરમાં એમ જ થાય છે ને! reaction એમ જ આવે છે. શરીરનો આધાર લીધો છે કે આ શરીરથી હું સુખી એટલે સુખી. હવે પરમાણુ એકદમ ઓચિંતા ફરે છે. એકદમ... કાંઈ ન હોય, બળબળતી ગરમીમાં કફ થઈ જાય લ્યો! શું કરો તમે? બહારમાં એટલી ગરમી હોય એમાંથી આ શરીરમાં કફ થાય અને સીધો કફમાં ઝડપાઈ જાય. bronchitis.. જાવ! શું કરો? પરમાણુ સ્વતંત્ર પરિણમે એમાં શું કરો તમે? ઠંડીમાં તો માણસને ચાલો શરદી લાગે, પણ ગરમીમાં શરદી લાગે એનું શું કરશો? લાગે છે કે નથી લાગતી?

મુમુક્ષુ :- ગરમીમાં પણ મલેરિયા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધું થાય છે. શું કરો તમે? પરમાણુ સ્વતંત્ર પરિણમે છે. આપણા આ ફિલોસોફીમાં (માનવાવાળા) મોટા-મોટા ડૉક્ટરો છે આપણી લાઈનમાં. વર્લ્ડ લેવલના ડૉક્ટરો છે કેવા? કે વર્લ્ડ conference attend કરતા હોય એવા. એવા ડૉક્ટરોનો તો મારે સંપર્ક છે બધાની સાથે. સ્પષ્ટ કહે છે કે અમારું કાંઈ કામ આવે નહિ આમાં. પરમાણુ સ્વતંત્ર પરિણમે છે. અમારું કાંઈ કામ આવે નહિ. અમે જેટલું જાણીએ છીએ એટલો પ્રયત્ન કરવા જઈએ. પણ અમે fail જઈએ છીએ, અમે અનુભવ કરીએ છીએ. એનો અર્થ શું થાય છે? કે પરમાણુ independently પરિણમે છે. કેમકે એનું existence independent છે. તમારું existence independent છે, સામાનું-બીજા જીવનું, બીજા પરમાણુનું existence independent છે. હવે તમે એના અસ્તિત્વમાં શું ઘાલમેલ કરી શકો? હસ્તક્ષેપ કરવાનો તમારો કોઈ અધિકાર નથી અને કોઈ વસ્તુસ્થિતિ પણ નથી અને કોઈ સાયન્સ પણ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અનુભવમાં તો ઘણીવાર એવું લાગે છે કે આપણે પ્રયત્ન કર્યો તો સામેનો માણસ આપણને અનુકૂળ થયો અથવા તો પ્રયત્ન અધૂરો રહ્યો તો પ્રતિકૂળ થઈ ગયો એમ કેમ લાગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્યારેક એવો મેળ હોય છે ત્યારે બધી કલ્પનાઓ થાય છે. ક્યારેક થોડો મેળ થાય ત્યારે જીવને કલ્પના થાય છે કે આપણે સફળ થયા. એમાં કાંઈ નથી. એ તો થોડો ક્યાંક મેળ ખાવાના હોય, એક જગ્યાએ મેળ ખાય અને સો જગ્યાએ મેળ ન ખાય એનો વિચાર કરે નહિ. એ તો પેલા જેવું છે કે ખોડિયાર મંદિરે નાળિયેર વધેર્યું તો મારું આ કામ થયું, પણ તારા પચાસ કામ ન થયા એનું શું હવે? સો કામ નથી થયા એનું શું? એક કામ થાય ત્યાં રાજી-રાજી થાય કે બસ

મને ખોડિયાર માએ મદદ કરી, મારા માતાજીએ મને મદદ કરી, પણ જો કરતી હોય તો તારા સો કામની મદદ શું કરવા નથી કરતી? એનો વિચાર જીવ કરતો નથી. એમ અહીંયાં પણ એવી જ અંધશ્રદ્ધા રાખે છે કે એક જગ્યાએ પ્રયત્નમાં સફળ થાય એટલે માને છે કે પ્રયત્ન કરવાથી આપણે સફળ થઈ જઈએ છીએ. પણ તું સો જગ્યાએ fail ગયો એનું શું? એનો તો વિચાર કર કે એની પાછળનું વિજ્ઞાન શું છે?

તમે જો બુદ્ધિશાળી માણસ હો તો વૈજ્ઞાનિક રીતે વિચારો કમસે કમ. શા માટે કલ્પનામાં પડો છો? શા માટે અંધશ્રદ્ધામાં જાવ છો? સીધી વાત તો એ છે. એ તો ખોડિયારને માનવાવાળા અને આ માનવાવાળામાં ફેર શું? એમ કહોને. કાંઈ ફેર નથી. એના ગુણધર્મો જુઓ. તમારા ગુણધર્મો જુઓ અને બંને action-reactionને સમજો, એની મર્યાદાઓને સમજો. પરિણમનની મર્યાદાને સમજો. એ તો સાયન્સની વાત છે સીધી ચોખ્ખી. આમાં કોઈ બીજું ઈષ્ટમપીષ્ટમ સમજાવાનું છે નહિ. ચોખ્ખું વિજ્ઞાન છે. absolute science છે એકદમ. જરાય - બિલકુલ અંધશ્રદ્ધામાં નહિ રહેવાનું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ સત્પુરુષની બાબતમાં instruction છે. આધારની જ્યારે વાત ચાલી.

પૂજ્ય ભાઈશ્રી :- એ એક બીજી વાત છે આખી. પણ હવે પહેલાં આ વાત ફાઈનલ થાય પછી એ વાત બેસે એવું છે.

મુમુક્ષુ :- એ પછી સ્વચ્છંદે નહિ ચડી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ સવાલ નથી આમાં. કેમકે જેના નિમિત્તે સમજાય અને એનો જે પરિણામનો આખો trend ફરી જાય છે, એ વલણ બદલાય જાય છે - (એટલે એમના પ્રત્યે) એને ઉપકારબુદ્ધિ આવ્યા વગર રહેતી નથી.

'તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી. તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને યથાર્થ જિજ્ઞાસા જાગે તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી, સ્વભાવને ઓળખી જ લ્યે છે.' એનું કહેવું શું છે કે, ભાઈ! તારામાં શક્તિઓ પડી છે એ શક્તિઓને કેવી રીતે કેળવવી? જીવમાં-આત્મામાં રહેલી જે શક્તિઓ છે, - જ્ઞાનશક્તિ છે, સુખશક્તિ છે. જ્ઞાનશક્તિ સૌથી વિશિષ્ટ પ્રકારની મોટી શક્તિ છે અને એને કેળવતા-કેળવતા સુખ, આનંદ, શાંતિ વગેરે બધું મળે છે. તારો પ્રોબ્લેમ તો એ જ છે. તારી શક્તિઓને કેવી રીતે જાગૃત કરવી? કેવી રીતે કેળવવી? એનું વિજ્ઞાન છે આ.

જે ખરેખર મૂંઝાયેલો હોય એ આ લાઈનમાં એવી રીતે આવી જાય છે. કેમકે

એ શોધ કરે છે, એને જરૂર છે કે ખરેખર આમાં છે શું આની પાછળ. કેમકે દુનિયાના પ્રસંગો એવા છે કે ક્યાંય તને સમાધાન નહિ થાય. બદમાશમાં બદમાશ માણસ આ દેશનો પ્રાઈમ મિનિસ્ટર હોય શકે કે અમેરિકાનો પ્રાઈમ મિનિસ્ટર હોય શકે. એનો-કુદરતનો કાંઈ નિતિ-નિયમ ખરો? એનો કાંઈ નહિ. અને આ જે જોવામાં આવે છે કે એ લોકો મર્ડર કરાવી શકે છે. રાજકારણ ગુંડાઓનું થઈ ગયું. શું કરો તમે? તો એવું નથી કે બહુ પવિત્ર માણસ, સંત મહાત્મા હોય એ આ દેશનો રાજા હોય. એવું તો કાંઈ નથી. આનું તમે સમાધાન ક્યાં કરવા જાશો? પ્રમાણિકમાં પ્રમાણિક, એકદમ honestમાં honest heartily saint હોય અને એનો કોઈ ભાવ ન પૂછે. એ ઠેબા ખાતો હોય, એ દુઃખી હોય એવું જોવામાં આવે. બાહ્યદૃષ્ટિએ વિચિત્રતા દેખાતી હોય એનું તમે સમાધાન શું કરો? એટલે આ વિજ્ઞાન સમજ્યા વિના એનું કોઈ સમાધાન મળે એવું છે નહિ. એની પાછળનું વિજ્ઞાન શું છે એ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી કોઈ રીતે એનું solution મળે નહિ અને મૂંઝવણ મટે નહિ. ટેન્શનમાંથી બહાર નીકળી શકે નહિ. એવી વાત છે. અહીં સુધી રાખીએ..

મુમુક્ષુ :- આશય.

પૂજ્ય ભાઈશ્રી :- આશય કાલે જરા લેશું. કેમકે અધૂરું રહે છે થોડું.

❁

'હું જ્ઞાનમાત્ર છું' તેવા ભાવે અંતર્ સાવધાની છે. તેમ સાવધાની થતાં અન્ય ભાવ સહજ રોકાય. જ્ઞાનદશામાં - જ્ઞાનચેતનામાં નિરંતર આવી નિર્વિકલ્પ જાગૃતિ છે; તેવી દશા થવાને અર્થે મુમુક્ષુજીવને પણ સવિકલ્પ જાગૃતિ ઉત્પન્ન હોય છે. સંક્ષેપમાં આ જાગૃતિ તે જ વાસ્તવિક મુમુક્ષુતા છે. સત્પુરુષના યોગે તે સહજપણે ઉત્પન્ન થવા યોગ્ય છે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(અનુભવ સંજીવની-૧૨)

તા. ૧-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૦
પ્રવચન નં. ૧૬૧

પાનું-૧૩૭. પ્રશ્ન-૨૨૦મો ચાલે છે. પ્રશ્ન વચનામૃતમાંથી લીધો છે કે મૂંઝવણમાંથી મળે એવું આપે ત્યાં કહ્યું છે, તો એમાં કેવી રીતે માર્ગ મળે છે? અથવા એ વિષય ઉપર સ્પષ્ટીકરણ માગ્યું છે. મૂંઝવણ એટલે માર્ગની મૂંઝવણ. મૂંઝવણ એટલે અહીંયાં પ્રતિકૂળતાઓ ઊભી થઈ છે અને મૂંઝાય છે એમ નથી કહેવું. પોતાને સન્માર્ગ મળતો નથી, આત્મકલ્યાણ કરવું છે પણ એ દિશામાં કાંઈ પ્રગતિ થતી નથી અને ચોખ્ખો માર્ગ મળતો નથી, અંદરથી સૂઝ આવતી નથી કે કેવી રીતે મારું આત્મકલ્યાણ થાય? એ સંબંધીની જે મૂંઝવણ એ મૂંઝવણની અહીંયાં વાત છે.

એ મૂંઝવણ એમ સૂચવે છે કે માર્ગની ઘણી જરૂરત ઊભી થઈ છે. એ જરૂરિયાતને બતાવે છે. જરૂરિયાતની પૂર્તિ ન થાય ત્યારે મૂંઝવણ થાય, ટેન્શન થાય. મૂંઝવણને ટેન્શન કહે છે. કોઈપણ જરૂરિયાત માટે તીવ્ર જરૂરત લાગે અને એ જરૂરતની પૂરતી ન થાય ત્યારે ટેન્શન આવ્યા વિના રહે નહિ. આ બહુ સ્વાભાવિક છે. મૂંઝવણ એમ બતાવે છે, માર્ગની મૂંઝવણ એમ બતાવે છે કે એની જરૂરત ઊભી થઈ છે. ઘણી જરૂરત લાગી છે. મૂંઝવણ નથી થતી એનો અર્થ કે હજી જરૂરત લાગી નથી. આ indication છે.

અહીંયાં તો ઉત્તર એમ આપ્યો છે કે યથાર્થ પ્રકારે મૂંઝવણ થાય. યથાર્થતાનું લક્ષણ એ છે કે મૂંઝવણ થતાં ઉદાસીનતા આવ્યા વગર રહે નહિ. જે આસક્તિના પરિણામ, રસના પરિણામ, વિભાવરસના પરિણામ જીવને પોતાના સ્વરૂપ પ્રત્યે જવામાં અવરોધ કરે છે અથવા સન્માર્ગમાં અવરોધરૂપ છે એ અવરોધ મટવાનું શરૂ થાય છે. એક બાજુ મૂંઝવણ ઊભી થાય છે તો બીજી બાજુ ઉદાસીનતા આવે છે. ક્યાંય રસ પડતો નથી. જે રસ લેતો હતો એ સુકાય છે, ફીક્કો પડે છે. ઉદયના કાર્યો, સંસારના કાર્યોનો રસ ફીક્કો પડે છે. એટલે અવરોધ છે એમાં ફેર પડ્યો. એ એની યથાર્થતાનું લક્ષણ છે. અને એવી યથાર્થ મૂંઝવણ થાય તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ.

મુમુક્ષુ :- કૃપાળુદેવે પણ એ જ વાત કરી છે ને! કૃપાળુદેવે મોહાસક્તિથી મૂંઝાઈને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી વાત લીધી છે ૨૫૪માં કે મુમુક્ષુતા શું છે? એ મુમુક્ષુતાનું લક્ષણ બાંધ્યું છે ત્યાં. કે મુમુક્ષુતા એ છે કે મોહાસક્તિથી મૂંઝાય. મોહાસક્તિમાં

તો રસ આવે છે જગતના જીવોને. આ એક જીવ એવો છે કે એને ઊલટાની મૂંઝવણ થાય છે. હવે યોગ્યતા ફેર છે. હજી કાંઈ જ્ઞાનદશા થઈ નથી, પણ યોગ્યતામાં ફરક છે કે જ્યાં રસ આવવાનો પ્રસંગ છે ત્યાં એને મૂંઝવણ થાય. એને નીરસતા આવે છે. એ મુમુક્ષુતાનું લક્ષણ લીધું અથવા એ મુમુક્ષુતાનું સ્વરૂપ લીધું. લ્યો ઠીક! મુમુક્ષુ એવો હોય.

મુમુક્ષુ :- કોઈ ગળું દબાવે ત્યારે મૂંઝવણ થાય જ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો પૂરી શક્તિથી ગળું છોડાવવાની મહેનત કરે. ગળું દાબનાર પ્રત્યે જરાપણ soft corner રહે નહિ. એટલા જોરથી એને ધક્કો મારે કે એ ધક્કો મારતા એને શું થાશે એનો વિકલ્પ એને ન હોય. નિર્દયતાથી લ્યો! બીજી રીતે કહીએ તો નિર્દયતાથી ધક્કો મારે. એમ જે દર્શનમોહ છે એણે ગળાચીપ દીધી છે. એ દર્શનમોહને ઉખાડવા માટે પૂરી શક્તિથી, પૂરી તાકાતથી, પૂરા ઉદ્યમથી પુરુષાર્થ કરે તો સંસાર પરિભ્રમણ - જન્મ-મરણ એનું છૂટે.

બીજી એક બહુ સરસ વાત એમણે એ કરી છે કે મૂંઝવણવાળાને, યથાર્થ મૂંઝવણવાળાને કેમ માર્ગ મળ્યા વિના ન રહે? કે મૂંઝવણમાં કોઈ ટકી જ ન શકે. એ એક અસહ્ય પરિસ્થિતિ છે. અને યથાર્થ મૂંઝવણમાં અસહ્ય પરિસ્થિતિ આવે છે. કેવી પરિસ્થિતિ આવે? અસહ્ય પરિસ્થિતિ આવે. સહન ન કરી શકે એવી પરિસ્થિતિ આવે. એ પણ યથાર્થ મૂંઝવણનું લક્ષણ છે. પછી ઉદાસીનતા કરવી નથી પડતી, સહજ છે. અને એવી અસહ્ય મૂંઝવણમાં કોઈ ટકી શકે નહિ. એ મૂંઝવણમાંથી બહાર આવે ત્યારે નિર્ધાર લઈને બહાર આવે. કેવો નિર્ધાર લઈને બહાર આવે? કે હવે અલ્પકાળમાં શીઘ્રપણે ત્વરાથી મારે પૂર્ણ શુદ્ધ થઈ જવું છે. કોઈપણ ભોગે એ કામ મારે કરી લેવું છે.

મુમુક્ષુ :- અપ્રતિહતભાવે ઊપડે.

પૂજ્ય ભાઈશ્રી :- એ મૂંઝવણની resulted position થઈ પછી અને ત્યારે એ મૂંઝવણમાંથી બહાર નીકળે. પણ સરખાઈની વેદનામાં આવી ગયો હોય, અસહ્ય વેદનામાં આવ્યો હોય. એટલે નિર્ધાર લઈને બહાર નીકળે. પછી એ પોતાના નિર્ધારની દિશામાં એના initiative ચાલુ થયા વિના રહે નહિ. એનું નામ પ્રયત્ન અને એનું નામ પુરુષાર્થ. initiative એનું નામ જ પ્રયત્ન અને એનું નામ જ પુરુષાર્થ. પછી એ સહજ છે. આગળની બધી ભૂમિકા પછી સહજ જ ઉત્પન્ન થાય છે. છેક મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય ત્યાં સુધી.

એટલે કહે છે કે '**મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે.**' એને વિકલ્પની જાળમાં

અશાંતિ... અશાંતિ... અશાંતિ... અશાંતિ... ત્રાસી જાય. વિકલ્પની જાળથી ત્રાસી જાય. અને એ ત્રાસની છેલ્લી હદ શું? એની સીમા-મર્યાદા છેલ્લી શું? કે હવે આ વિકલ્પની અશાંતિ મટે નહિતર હું જીવી શકીશ નહિ. સોગાનીજીનું દૃષ્ટાંત છે કે વિકલ્પકા ઈતના દુઃખ લગતા થા કિ યા તો વિકલ્પ ફટ જાયેગા યા દેહ છૂટ જાયેગા. પ્રાણ છૂટી જશે એવું લાગે. એટલી વિકલ્પની અશાંતિ લાગે એ પછી વિકલ્પ કોના આધારે ટકવાના? વિકલ્પ નિરાધાર થઈ જશે. પછી ઉત્પન્ન જ નહિ થાય. એને - નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અને સમ્યગ્દર્શનની દશા કહેવામાં આવે છે. ત્યાં મોક્ષમાર્ગની પ્રાપ્તિ છે. મોક્ષમાર્ગની શરૂઆત ત્યાંથી થાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે પ્રકારની મૂંઝવણ હોય, વિકલ્પ એટલા જ દુઃખદાયક લાગે છે, તો મૃત્યુ પણ થઈ શકે એવું બને?

પૂજ્ય ભાઈશ્રી :- ન થાય. કેમ? કુદરત એની સાથે બંધાયેલી છે. જે જીવ સંસારમાર્ગ મૂકવા માટે છેલ્લી હદે એની તૈયારી થઈ ગઈ. કઈ? કે પ્રાણ છૂટી જાય એ છેલ્લી હદ થઈ ગઈ. કુદરત ત્યાં નમે છે. શું થાય છે? ત્યાં કુદરતને કરવટ બદલવી પડે છે. એમને શું થયું? સત્પુરુષનો યોગ નહોતો. યોગ્યતા પાકી ગઈ હતી. સત્પુરુષનો યોગ નહોતો એટલે ગાડી આગળ ચાલતી નહોતી. અટકીને ઊભી હતી. હવે અટકેલી ગાડી ત્યાં પ્રાણ છૂટી જાય એવી દશા ઊભી થઈ.

સોનગઢ પહોંચે એવી એક નિમિત્ત-નૈમિત્તિકરૂપે કુદરતી વ્યવસ્થા ઊભી થઈ. એ દિવસોમાં આત્મધર્મ free of charge, પ્રચાર માટે કેટલાક સરનામા મેળવીને મોકલવામાં આવેલા. એમાં એક નંબર એમનો હતો. નિઃશુલ્ક જે આવ્યું આત્મધર્મ એમાંથી આટલું મોટું ફળ આવ્યું એમનું. એમને પ્રેરણા થઈ કે મારે પ્રત્યક્ષ યોગમાં જવું જરૂરી છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓની અવગણના કરીને ગયા. કેમકે જરૂરત લાગી હતી. જ્યાં પ્રાણ બચાવવા હોય ત્યાં પૈસાનો હિસાબ અને પ્રતિકૂળતાનો હિસાબ કોઈ ગણે છે? કે કોઈ નથી ગણતું. દેવું કરીને પણ ઉપચાર કરે છે માણસ. કરે છે કે નથી કરતા? એવી વાત છે.

'**જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ...**' એટલે ચાલતા વિકલ્પ. આ વિકલ્પ એટલે ચાલતા વિકલ્પ '**હવે જોતા જ નથી...**' એમ લીધું છે. '**તો તેમાં ટકી જ શકે નહિ...**' નિર્વિકલ્પ થાવું છે અને વિકલ્પ સહન થાય છે (તો) ક્યાંથી નિર્વિકલ્પ થાશે? ઈચ્છા શું છે? નિર્વિકલ્પ થવું અને વિકલ્પ ચાલે છે એમાં કાંઈ એને વાંધો નથી. ક્યાંથી નિર્વિકલ્પ થાશે? વિકલ્પથી ખસવાની આવી તૈયારી થાય છે એને એ વિકલ્પ મટે છે. નહિતર વિકલ્પ પીછો છોડે એવું નથી. એવી જ સહજ પરિસ્થિતિ

હોય છે.

વિકલ્પની અશાંતિ સહન ન થાય. ત્યારે એનો રસ્તો એ ગોત્યા વગર રહે નહિ અને એ માર્ગ એને મળ્યા વગર રહે નહિ. સંસારમાં તો મૂંઝાઈને મરી જાય. કોઈ કામ ન થાય તો મૂંઝાઈને મરી પણ જાય. ઘણા ઝુરી-ઝુરીને મરે છે. એના સ્વજન છે એનો સ્વર્ગવાસ થયો અને એને કોઈ હિસાબે એ પાલવે એવું હોય નહિ, તો ઝુરીને મરી જાય. એથી કાંઈ પેલો પાછો ન આવે કાંઈ. આવે? આમાં એવું નથી. આમાં એણે આત્માને મારી નાખ્યો છે, પણ આમાં આ આત્મા જીવતો થાય એવું છે! એવું છે! એટલે યથાર્થ પ્રયત્નમાં અથવા યથાર્થ સૂઝ આવી હોય, લાઈન યથાર્થ પકડાઈ ગઈ હોય તો સફળતા નિશ્ચિત છે. success is sure - સફળતા નિશ્ચિત છે. એવી આ માર્ગની સુંદરતા છે. આત્મા તો સર્વાંગ સુંદર છે. પણ એનો માર્ગ એવો જ સુંદર છે. એટલે એની ચર્ચા પણ એટલી સુંદર છે. 'જિસકી ચર્ચા ઈતની સુંદર વહ કિતના સુંદર હોગા?' જિજ્ઞાસા ઊભી કરી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સોગાની સાહેબમાં આવે જ છે, વિકલ્પ ભી સહજ હૈ, નિર્વિકલ્પ ભી સહજ હૈ ઔર મૈં ભી સહજ હૂઁ.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનદશામાં. એ જ્ઞાનદશામાં છે. કેમકે પછી એ વિકલ્પમાં 'હું પણું' છૂટી ગયું હતું. એટલે હવે જે બાકી બચ્યા એ સહેજ આવીને જાય છે, સહેજે આવીને જાય છે. મારે એની સાથે સંબંધ રહ્યો નથી. એટલે મૂકી દીધી એની વાત એણે. મૂળ કપાઈ ગયું પછી પાંદડાની ચિંતા કરવાની જરૂર નથી. એના જેવી વાત છે. સહજ નિર્વિકલ્પતા થાય છે. સહજસ્વરૂપમાં સહજપણે રહેવાય છે. વિકલ્પની ચિંતા શી પછી? એટલે એ વાત ગુલાંટ ખાઈ ગઈ.

એટલે ઘણાંને એ વાત નથી સમજાતી. (એક મુમુક્ષુ)ના પ્રશ્ન આવે છે ને? કે આપ એમ કહો છો કે પરિણામને જુઓ. પણ સ્વરૂપને જોવું કે પરિણામને જોવા? પ્રશ્ન એ ઊભો કરે છે. હવે એક તબક્કે પરિણામને જોવા પડે છે (અને) એક તબક્કે પરિણામને જોવાનું બંધ કરવું પડે છે - બન્ને વાત છે. અને બેય વાત પોતપોતાના સ્થાનમાં, પોતપોતાના ક્રમમાં યથાર્થ જ છે.

મુમુક્ષુ :- પરિણામ જ ન દેખાતા હોય તો સ્વભાવ ક્યાં દેખાવાનો?

પૂજ્ય ભાઈશ્રી :- જે પરિણામને જોતો નથી એ એકલો પરને જોવે છે. શું જોવે છે? એકલા પરને જોવે છે. તો એની મર્યાદા તો તોડવી પડશેને કે એને તો બંધ કર. ત્યાંથી તો છૂટ એકવાર. પછી તારામાં ને તારામાં પરિણામ તો તારા અસ્તિત્વમાં છે. તારામાં ને તારામાં તો આવ! એટલે એકવખત બહારનું તો disconnection

થયું. એકવાર બહારનું connection તો તોડવું જ પડે. પછી રમત અંદરની રહી. અંદરની રમત રહી ત્યાં સ્વભાવ અને વિભાવ બે છે. એની પરખ કરવા માટે અવલોકનની પદ્ધતિ છે. પરખ આવ્યા પછી ગુલાંટ ખાય છે. કે સ્વભાવ આવો મહિમાવંત, એનું ભાવભાસન થયું. પતી ગયું હવે કાંઈ જોવાનું રહેતું નથી. પણ એની શોધ કરવા માટે, એની પરખ આવવા માટે કોઈ પ્રક્રિયા છે કે નહિ? સ્વભાવ દેખાતો નથી એની મૂંઝવણ થઈ છે? કે રટણમાં ને ગોખણમાં સંતોષ માન્યો છે? આ સવાલ છે.

સ્વભાવને ઓળખવાની તીવ્ર જિજ્ઞાસા આવ્યા વિના એ સંબંધીનો કોઈ પ્રયત્ન ચાલે નહિ. આ તો થયું છે શું? કે સ્વભાવને ઓળખ્યા વિના સ્વભાવ કેવો છે એનું સ્પષ્ટીકરણ બહુ મળી ગયું. અને પછી હું આવો છું એમ તું કર! કેમકે એવું પરિણમન થાય છે ભાવભાસનવાળાને, એટલે આણે કૃત્રિમતાથી શરૂ કર્યું, ચડ્યો વિકલ્પે. - એ માર્ગે નથી પણ ઉન્માર્ગે છે. એવી વાત છે.

મુમુક્ષુ :- અહીંયાં સોગાની સાહેબ કહે છે કે 'મૈં તો અપરિણામી હૂઁ'. તો એ અપરિણામી કઈ ભૂમિકામાં એને લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવભાસનની ભૂમિકાથી શરૂ થાય છે.

મુમુક્ષુ :- એના પહેલા નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પહેલા ખબર જ નથી. એ પહેલા એ અપરિણામીની ખબર નથી. તો હું છું એ ક્યાંથી વાત આવી?

એવો પ્રસંગ કૃપાળુદેવના અનુયાયીમાં દેવકરણજી માટે બન્યો હતો. દેવકરણજી થોડા એ પ્રકારમાં આવ્યા હતા. પોતે વ્યાખ્યાન કરતા હતા અને હું પરમાત્મા છું, હું આવો છું... હું આવો છું... આવો છું... એમ બહુ લેતા હતા. સાંભળનારાને એમ લાગતું હતું કે આ કાંઈ યથાર્થ રીતે આવતું નથી. ભલે આત્માની વાત કરે છે, પણ કાંઈ યથાર્થ પ્રકારે આવતું નથી. એટલે કેવો મધ્યસ્થતાથી ઉત્તર આપ્યો છે એમણે! કે બરાબર છે. સ્વરૂપે તો બધા આત્મા પરમાત્મા છે અને તેથી કોઈ પોતાને પરમાત્મા માને તો એમાં કાંઈ અનુચિત તો વાત નથી, પણ.. એમ કરીને બસ અહીંથી ખુલાસો કર્યો. કે જ્યાં સુધી એવી દશા પ્રગટ ન થાય ત્યાં સુધી તે વિષયમાં જિજ્ઞાસામાં રહેવું તે યોગ્ય છે. હવે એ જિજ્ઞાસા પણ ન આવી હોય અને હું માની લઉં કે હું પરમાત્મા... હું પરમાત્મા... હું પરમાત્મા... અને પાછો દીનતા કરતો હોય ખાવામાં, પીવાની બધી વૃત્તિ જાતી હોય એ બધી દીનવૃત્તિ હોય, ત્યાં પરમાત્મા ભુલાઈ જાતો હોય પાછો. શું? ત્યાં હું પરમાત્મા છું એ ક્યાંય પડ્યું રહેતું હોય. અને દીન-હીન થઈને ઉદયમાં ચાલતો હોય. દશા તો છે નહિ. તો એ વાતને સુસંગતતા રહેતી નથી. આ તો બહુ

સરસ લાઈનદોરી આપી છે.

એટલે '**જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ...**' અને ન ટકી શકે ત્યારે એને '**પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ...**' બહુ સ્વાભાવિક છે એ. કેમકે વિકલ્પની અશાંતિ(માં) એ વિકલ્પને સંબંધ બહાર સાથે છે. બીજા ઉદય સાથે છે. વિકલ્પો તો ઉદય અનુસાર છે. એટલે ત્યાંથી છૂટવું છે એટલે બહારથી છૂટવું છે. બે જ પદાર્થ છે. એક બાહ્ય પદાર્થો અને એક અંદર પોતે. ક્યાં જાશે? કે અંદર વળ્યા વગર રહેશે નહિ. એમ છે. હવે એમ કેમ થશે? કેવી રીતે થશે?

કે એ શાંતિ-આત્મશાંતિ કેમ પ્રગટ થાય? એના જ પાયા ગોતવામાં પડ્યો છે એ. શું? એમ કે કેવી રીતે મને આત્મશાંતિ થાય? એની શોધમાં એ પડ્યો છે. એટલે એ શોધી કાઢશે. ગમે તેમ કરીને શોધી કાઢશે. એટલે એમાંથી સૂઝ આવે છે. એ પ્રકારની સૂઝ આવે છે કે આ ઉપાય તો અજાણ્યો છે. અશાંતિનો રોગ લાગુ પડ્યો છે. અને એના ઈલાજથી હું અજાણ્યો છું. મને ખબર નથી મારે શું કરવું. ત્યારે એને સૂઝ આવે છે. ઓછામાં ઓછી બુદ્ધિવાળાને આ સૂઝ આવે છે હોં! કે આનો ઈલાજ જેણે જાણ્યો હોય, આવા ઈલાજનો જેને અનુભવ હોય, અનુભવજ્ઞાન હોય એની પાસે મારે જવું જોઈએ.

મુમુક્ષુ :- ભલે ગમે ત્યાં હોય.

પૂજ્ય ભાઈશ્રી :- પછી એ ગમે ત્યાં હોય.

આપણે તો એ વિષયમાં સોગાનીજી સાથે બહુ ચર્ચા થઈ નથી કે એમને વિકલ્પ એ જાતનો આવ્યો હતો કે નહોતો આવ્યો. પણ માત્ર આત્મધર્મના કોઈ એક વચન ઉપરથી એમણે સત્પુરુષના સાન્નિધ્યમાં પહોંચવાનો પરિશ્રમ કર્યો પ્રતિકૂળતાઓ વચ્ચે. એ એમ બતાવે છે કે એમને એ પ્રકારનો ભાવ આવી ગયો હોવો જોઈએ. એટલે નિર્ણય લેતા વાર લાગી નહિ. કોઈ નિર્ણય જલ્દી કેમ લેવાય છે? અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ કેમ લેવાય છે? કે એ અંગેનું થોડું અંદરને અંદર ચાલ્યું હોય અને સામે એ વાત ઊભી થાય એટલે તરત જ એનો નિર્ણય લેવાય જાય.

મોટા ભાગે તો અંદરથી સૂઝ આવે જ છે. કે જેને આ ઉપાયની ખબર હોય એ સિવાય આમાં બીજો કાંઈ રસ્તો દેખાતો નથી. અને હું મારી મેળે ચાલવા જઈશ તો ઊંધે રસ્તે ચાલીને દૂર ચાલ્યો જઈશ તો? એ જોખમ પોતે ખેડવા તૈયાર નથી. દૂર જવા તૈયાર નથી. એટલી સૂઝ આવી જાય છે. જેમ કોઈ ઓછી બુદ્ધિવાળા ગમાર માણસને પણ દર્દ થાય ત્યારે ડૉક્ટર પાસે જવાની ઈચ્છા કે સૂઝ આપોઆપ આવે

છે.

ઓછી બુદ્ધિવાળા જે ભૂલ નથી કરતા એવી ભૂલ ઘણીવાર વધુ બુદ્ધિવાળા કરે છે. વધુ બુદ્ધિવાળા શું ડહાપણ કરે? ડોઢ ડહાપણ જેને કહેવાય. કે આપણને માથું દુઃખે છે ને? તો માથાના દુઃખાવા ઉપર પુસ્તક આપણે મળે છે એનો જરા અભ્યાસ કરી લઈએ કે, ક્યા-ક્યા કારણથી માથાના દુઃખાવા થાય, કઈ જાતના માથાના દુઃખાવા થાય? અને એ પુસ્તકની અંદર એનો ઈલાજ લખ્યો હોય એ આપણે પ્રયોગ કરી જોઈએ. હમણાં આપણે કાંઈ ડૉક્ટરને પૈસા દેવાની જરૂર નથી. એ માણસ બુદ્ધિવાળો નથી, પણ મૂરખ છે. શું છે? મૂર્ખ માણસ છે.

વળી કોઈ બીજી મૂર્ખામી એવી પણ કરતા હોય છે કે આપણે ડૉક્ટર પાસે જવાની કાંઈ જરૂર નથી. મેડિકલ સ્ટોરમાં માથાના દુઃખાવાની ઘણી દવા મળે છે એમાંથી કોઈ એક દવા આપણે પસંદ કરી લઈએ. ભાઈ માથાના દુઃખાવાની મને દવા તું દઈ દે! – એ પણ ભૂલ છે. સાચો ઉપાય એ છે કે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન પ્રમાણે ચાલો. ડૉક્ટરની આજ્ઞામાં ઉપાય કરવો. આજ્ઞાંકિત થઈને ઉપાય કરવો. કેમકે એક ઉપાયમાં ઘણી વાતો હોય છે. દવા લેવી અને બીજું શું ન લેવું? દવા ક્યારે લેવી? અને ક્યારે ન લેવી? કેટલી લેવી? આ બધી એમાં ઘણી વાતો હોય છે. ટેક્નિકલ વિષય છે એ. એમાં પોતે કરેલું ડહાપણ કામ આવે નહિ.

અમારે એવું થયું હતું. અહીંયાં સહેજ ચામડી છોલાઈ ગઈ હતી. ઘરમાં સોફ્રામાઈસીનની ટ્યુબ હતી. એમ થયું કે આપણે હાથે ડહાપણ કરી લ્યો. થઈ ગયું લાંબું એમાંથી. પછી એક બીજા કારણસર કોઈ ડૉક્ટર પાસે જવાનું થયું હતું ત્યારે ખ્યાલ આવી ગયો ઓચિંતો કે આ લાંબું થયું છે લાવને પૂછી લઈએ. ડૉક્ટરને કીધું આ જરાક છોલાઈ ગયું છે એમાંથી આ સોફ્રામાઈસીન લગાડી પણ આ મટતું નથી. મને કહે સોફ્રામાઈસીન ન લગાડાય ભાઈ! એમાં સોફ્રેક્સ લગાડાય. ઠીક! હવે એક નાની એવી બાબત હતી. સામાન્ય બાબત હતી. પણ ઊલટો ઈલાજ કરે તો ઊલટાનું લાંબું થઈ જાય. સોફ્રેક્સ લગાડી એટલે મટી ગયું જાવ! કેમકે એ વિષયના એ તજજ્ઞ છે. એ વિષયના એ તજજ્ઞ છે. એમાં આપણને એમ લાગે કે આપણે થોડું જાણીએ છીએ માટે લાવો આપણે સોફ્રામાઈસીન લગાડી દ્યો. ન કામ આવે!

સ્થૂળ ઉપાયોમાં પણ આવી વાત છે ત્યારે આ તો સંસારના તમામ દુઃખો જન્મ-મરણથી માંડીને ટેન્શનના તમામ દુઃખો મટાડવા છે. એના માટે તો બીજો ઉપાય શોધવો, બીજી રીતે વિચારવું એ સમજણ વગરની વાત છે. અણસમજણવાળી વાત છે. એટલે વચ્ચે આ સત્પુરુષના પ્રત્યક્ષ યોગનું પ્રકરણ આવ્યા વગર રહેતું નથી. મુમુક્ષુની ભૂમિકામાં

એ પ્રકરણ આવ્યા વિના રહેતું નથી.

અહીંયાં બહેનશ્રીએ એ ચર્ચા નથી કરી. બહેનશ્રીએ એમ કીધું છે કે એની પરિણતિ પોતા તરફ ગયા વગર રહે જ નહિ. પણ એ અંતર પરિણતિ વળે એ કાંઈ એમ ને એમ વળે નહિ. કેમકે એ પ્રત્યક્ષ પરિણમન જોવાનો વિષય છે. અંતર પરિણતિ વાળવાની સમજ પ્રત્યક્ષ પરિણમન જોયા વગર આવે નહિ. એટલે એમાંથી કોઈ પુસ્તક વાંચીને કામ કરી લે એવું બનતું નથી.

મુમુક્ષુ :- એ વાત માતાજીએ ગુપ્ત રાખી. ખરેખર મૂંઝવણવાળો હશે એ પ્રત્યક્ષ સત્પુરુષ પાસે જશે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત એમણે એટલા માટે ગુપ્ત રાખી કે એમાં પગ નીચે રેલો આવે. અને એમાં ઉપાધિ વધે છે. સમય દેવો પડે છે. પોતાની સાધનાનો સમય એમાં દેવો પડે છે. એટલે પરિસ્થિતિ જોઈને, પોતાની પરિસ્થિતિ જોઈને એ વાત કરી. તેમ છતાં એમનું જીવન, પરિણમન ખુલ્લું હતું એ વિષયમાં કે એમણે શું કર્યું? કે એમણે કરાંચી છોડીને ગુરુદેવ સ્થિર થયા ત્યારે પોતાનું ઘર છોડીને, ભાઈઓનું ઘર છોડીને સોનગઢમાં નિવાસ કરી લીધો. એ પ્રત્યક્ષ યોગમાં રહ્યા કે ન રહ્યા? પાછું એવું પણ નહોતું કે ગુરુદેવ વિહાર કરે ત્યારે આપણે આરામ કરી લ્યો, ઘણાં દિવસ આપણે સાન્નિધ્યમાં, સત્સંગમાં રહ્યા છીએ, હવે થોડોક rest લઈ લ્યો. ગુરુદેવનો જ્યાં વિહાર હોય ત્યાં પણ પોતે પાછા પ્રત્યક્ષ યોગમાં જ રહેતા હતા. તો એમનું જે પરિણમન, એમનું જીવન હતું એ ખુલ્લું હતું. સમજદાર હોય તો બધું સમજી લે. બધી વાત કાંઈ કહેવાની જરૂર ન હોય.

કૃપાળુદેવ શ્વેતાંબર હતા કે દિગંબર એ કહેવાની જરૂર ન હોય. એ ક્યાં જતા હતા? બીજા ભોયવાડાના દિગંબર મંદિરમાં જતા હતા. તો એમની જ્યાં પેઢી હતી ત્યાંથી બીજા ભોયવાડામાં જાય તો વચ્ચે મોટું ગોડીજીનું શ્વેતાંબર દેરાસર આવતું હતું. બહુ મોટું દેરાસર છે રોડ ઉપર. પેલું તો ભોયવાડામાં તો ગલીઓમાંથી જાવું પડે. ગલીમાંથી ને ગલીમાં જાય ત્યારે થાય. અને આ રોડ ઉપર સામે આવે વચ્ચે. હવે ત્યાં કેમ નહોતા જતા અને ત્યાં (દિગંબર મંદિરે) જતા હતા? મુમુક્ષુને મતના મંડન-ખંડનમાં ન નાખે. પણ એ પોતે શું કરતા હતા? એમનું જીવન જોવે, પરિણમન જોવે તો વાત ખુલ્લી હતી. મુનિદશાની ભાવના ભાવી. 'નગ્નભાવ, મુંડભાવ સહઅસ્નાનતા, અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો.' મુનિઓના અઠ્યાવીશ મૂળગુણ પ્રસિદ્ધ છે શાસ્ત્રમાં, એમ કહે છે. એમાં મૂળગુણમાં એક નગ્નપણું છે એ મૂળગુણમાં આવે છે. નહિતર તો compromise કરી લે શ્વેતાંબર સાથે કે, ભાઈ તમે બે કપડાં પહેરો છો એક

ઉતારી નાખો, અમે એક પહેરી લઈએ. આપણે ઝઘડો નહિ. બધા એકસરખા. બે સંપ્રદાય ચાલે નહિ. compromise કરવું હોય તો થાય ને કે ભાઈ ઝઘડો જ નહિ. પણ મૂળગુણમાં કાંઈ આઘુંપાછું ચાલે નહિ.

એટલે જ્ઞાની સ્વયં બોધસ્વરૂપ છે. કહેવાનું તાત્પર્ય શું છે કે જ્ઞાનીની વાણી તો બોધ છે જ. એ તો બોધ જ છે. પણ એમનું પરિણમન, એમનું વ્યક્તિત્વ એ પોતે જ બોધસ્વરૂપ છે. સમજદારે સમજી લેવું જોઈએ. એટલે એમાંથી આત્માની ઓળખાણ સુધી એ પહોંચ્યા વગર રહે જ નહિ. અને ઓળખાણ થાય તો પોતાના સ્વરૂપનો આશ્રય, શરણ એટલે આશ્રય લીધા વગર રહે જ નહિ. અને એ રીતે એ મોક્ષમાર્ગને પામ્યા વગર રહે જ નહિ. મૂંઝવણમાંથી મોક્ષમાર્ગ સુધીની વાતની એમણે આખી લિંક જોડી દીધી છે.

એનો એક પ્રશ્ન આમાં ઉઠાવ્યો છે આપણી ડાયરીમાં કે, ભાઈ ઘણાં આગમોમાં અને ઘણાં જ્ઞાનીઓના વચનમાં સત્પુરુષની મુખ્યતાવાળી વાત નથી હોતી અથવા અલ્પમાત્રામાં હોય છે. એનું શું કારણ? કૃપાળુદેવે એ વિષય જેટલો ઉપસાવ્યો છે એટલો બીજા જ્ઞાનીઓએ અથવા પૌરાણિક આગમોમાં, જૂના શાસ્ત્રોમાં જોવામાં આવતું નથી. તો એનું શું કારણ હોઈ શકે? આ પ્રશ્ન ઉઠાવ્યો છે. કે એક તો જે ગમારમાં ગમાર માણસને ખબર પડે કે ડૉક્ટર પાસે જવું જોઈએ. આત્મકલ્યાણ કરવાવાળા જીવને આવી વાત પણ સમજાવવી પડે? એ વાત કદાચ શાસ્ત્રકર્તાએ expect નહિ કરી હોય. અથવા એ જમાનામાં, એમના જમાનામાં હજાર-બે હજાર વર્ષ પહેલાં એવી અયોગ્યતાવાળા જીવો નહિ હોય કદાચ કે એને એ વાત કરવી પડે. તે દી' તો લોકો પાછળ ફરતા હતા, જ્ઞાનીઓની પાછળ ફરતા હતા. જંગલમાં જાય... મુનિઓનો સત્સંગ કરવા માટે ગિરિકંદરા પર્વતો, ડુંગરાઓ ખુંદે. એવી ગરજવાળા હતા! એટલે એવી કદાચ જરૂર ન દેખાણી હોય. એક એ સંભવિત કારણ છે.

બીજું સંભવિત કારણ એ છે કે સત્પુરુષને ઉઠીને એમ કહેવું પડે કે તું સત્પુરુષના પ્રત્યક્ષ સાન્નિધ્યમાં રહે તો તારું કલ્યાણ થાશે! - એ વાત એને પોતાને પોતાના મોઢેથી કરવી ઉચિત લાગતી નથી. એટલે એવું એ ન પણ કહે. અને કહે તો આ જીવ અવળું નહિ લ્યે એની ખાત્રી શું? સવળું જ લેશે એની શું ખાત્રી? જુઓ! કૃપાળુદેવ ઉપર આ આરોપ આવ્યો હતો. આવી વાતો એમણે અવારનવાર કરેલી એટલે વિરોધીઓ એ આરોપ કરતા હતા. કેમકે આમાં બધાં તો સમાજમાં અનુકૂળ હોય જ નહિ. અને એમાં પણ જ્ઞાનીઓનો વિરોધ તો થવાનો, થવાનો ને થવાનો જ. કેમકે એને તો મળતી પાણ આવવાની નથી ઓલા લોકો સાથે, મેળ ખાવાનો જ નથી. જુઓ! પૂજાવા માટે

આવી વાતો કરે છે. પોતાને પૂજાવું છે માટે આવી વાત કરે છે - એમ આરોપ કરતા હતા.

મુમુક્ષુ :- અબ ભી કરતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- કરે. એ થવાનું જ તે. એટલે પણ એ વાત ઓછી કરે કે એ ન કરે એ સંભવિત છે.

મુમુક્ષુ :- છતાં જે કરે એની કેટલી નિષ્કારણ કરુણા!!

પૂજ્ય ભાઈશ્રી :- એની નિષ્કારણ કરુણા એ એમનું સાહસ છે, એ એમનું પરાક્રમ છે કે એ નિંદા-પ્રશંસાને ગણતા નથી.

મુમુક્ષુ(૧) :- એવું પણ બને ને સાહેબ કે મુમુક્ષુ લોકભયને કારણે પણ એ પૂજ્યભાવ જાહેર ન કરતો હોય?

મુમુક્ષુ(૨) :- ભાઈશ્રી! જો લોગોંકો મુખ્ય કરતા હો વહ મુમુક્ષુ હૈ કહાઁ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મુમુક્ષુ લોકસંજ્ઞામાં નથી. લોકો લોકોનું જાણે. હું મારો સ્વાર્થ સાધી લઉં. કેમકે આવી તક ફરી ફરીને મળતી નથી.

લૌકિક સ્વાર્થમાં પણ માણસો લોકોની ટીકા-ટીપ્પણીની દરકાર નથી કરતા. એમ કહે કે ભાઈ! આ વેપારની અંદર, આ ધંધાની અંદર પાપ થાય છે. (તોપણ) કાંઈ વિચાર નથી કરતા. લોકો એમ કહે છે કે તમે આવો શું કરવા પાપનો ધંધો કરો છો? એ ભલે લોકો કહે અમને પાંચ લાખ મળે છે. અરે ભાઈ! આમાં હિંસા થાય છે આ ન કરાય. (તોપણ કહેશે) ભાઈ! બધી વાત સાચી પણ હવે અત્યારે તો અમારે અત્યારે..

મુમુક્ષુ :- એને નફો દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- દેખાય છે (એટલે લોકોને) અવગણે છે કે નથી અવગણતા?

આપણા શાસ્ત્રમાં શ્રાવકોએ અમુક પ્રકારનો વ્યવસાય ન કરવો એવી મર્યાદા બાંધી છે. પહેલાં તો આવી industries નહોતી, એટલે એ વાત નહોતી પણ સામાન્ય જે ઉદ્યોગ હતા જેમકે આ તેલઘાણીનો, સાબુનો - એ મુસલમાન લોકો જ કરતા. વાણિયા નહોતા કરતા. હવે જુદી વાત છે. એ જમાનામાં કરતા જ નહિ.

મુમુક્ષુ :- તો વાણિયા મુસલમાન થઈ ગયા એમ કહો છો આપ?

પૂજ્ય ભાઈશ્રી :- વાત તો એવી જ છે. ડૉક્ટર થાવું હોય તો જીવતા પ્રાણીઓને-સંજ્ઞી પંચેન્દ્રિયોને ચીરવા પડે. એ વખતે સુંઘાડે છે? નથી સુંઘાડતા? ક્લોરોફોર્મ આપે. નહિતર તો એને બહુ વેદના, બહુ પીડા દેખાય એવી થાય. એ જીવને પોતાને પૂછે કે તને રોગ ન હોય, રોગીને તો ઑપરેશન સૂંઘાડીને કરવું પડે, પણ તને રોગ ન

હોય અને ખાલી ટેસ્ટ ખાતર તારા હાથ-પગ બાંધીને ક્લોરોફોર્મ સૂંઘાડીને ચીરે તો? તું રજા આપે કે નહિ આપે? કોઈ તૈયાર થાય? રોગવાળા પણ ઑપરેશનથી બીવે છે તો નિરોગી તો કેવી રીતે કરાવે? એની ઈચ્છા જાણ્યા વિના બળાત્કારથી એને પકડીને, બાંધીને, સુંઘાડીને પછી માંડે ચીરવા. અને ચીરતા-ચીરતા મોટાભાગે તો મરી જ જતા હશે.

મુમુક્ષુ :- હા, મરી જ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને એની એને ખબર છે કે આ મરી જ જાય છે. તોપણ ઓવરટેક કરીને, એ વાતને સમજ્યા છતાં ઓવરટેક કરીને કરે છે. શા માટે? લોકોનું કલ્યાણ કરવા માટે?

મુમુક્ષુ :- દેશની સેવા કરવા માટે.

પૂજ્ય ભાઈશ્રી :- એવા કોઈક જ હોય છે. એવા કોઈક હોય છે. પણ મોટાભાગે તો પેટ ભરવા માટે... અને આજે તો પરિસ્થિતિ ઘણી બગડેલી છે. એ આખી communityની પરિસ્થિતિ બહુ બગડેલી છે. આજે થોડું અધૂરું રહેશે. કાલે લેશું.

❁

મહાન સંત મુનિશ્વરોએ, અંતરમાં વહેતા સ્વભાવ - અમૃતને પરમાગમોમાં વહેતાં મૂક્યા છે. શાંત પરિણામે પરિષહોને વેદતાં 'પરમ સત્' ને જીવંત રાખ્યું છે. પવિત્ર ધર્મ / માર્ગને આ કાળમાં ટકાવી રાખવા આકાશના સ્તંભ થઈને - ગજબ કામ કર્યું છે. અહો ! તેમનાં કથનમાં કેવળજ્ઞાનનાં / પૂર્ણતાનાં ભણકાર સંભળાય છે !! પદે પદે અત્યંત ગંભીર રહસ્ય ભરેલું છે ! આના સંસ્કાર પણ અપૂર્વ ચીજ છે; પુરુષાર્થ ઉપડે તે તો નજીક મુક્તિગામી છે. - અલ્પકાળમાં તેનો મોક્ષ થાય જ.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૩૦)

તા. ૨-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૦
પ્રવચન નં. ૧૬૨

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૭. ૨૨૦મો પ્રશ્ન ચાલે છે. માર્ગની મૂંઝવણનો વિષય છે. જે જીવને માર્ગની ભાવના હોવા છતાં માર્ગ પ્રાપ્ત થતો નથી, એની મૂંઝવણ આવે છે. એ મૂંઝવણમાં એ રહી ન શકે એવી મૂંઝવણ આવે ત્યારે વસ્તુનો સ્વભાવ એવો છે કે એની જે ભાવના છે, એની જે માર્ગ પ્રાપ્તિની રુચિ છે એ રુચિ માર્ગ કરી દે છે. એ વાત બહેનશ્રીએ વચનામૃતમાં લીધી છે. બીજા નંબરના વચનામૃતમાં એ વાત છે. અંતરના ઊંડાણમાંથી ભાવના હોય તો એની રુચિ જ માર્ગ કરશે. આ વસ્તુસ્વભાવ છે. કેમકે એ આત્માને હવે આત્મા જ જોઈએ છે. બીજું કાંઈ જોઈતું નથી. જ્યાં સુધી અન્ય પદાર્થની અને અન્ય ભાવની ચાહના હોય છે ત્યાં સુધી પરિણામ અન્ય સ્થાનમાં લાગે છે. જ્યારે ચાહના બંધ થાય છે ત્યારે પરિણામને એ બાજુ લાગવાનો કોઈ રસ, રુચિ નથી, સ્થાન નથી. અને સ્વરૂપ મળ્યું નથી એટલે મૂંઝવણ થાય છે. નહિતર તો સ્વરૂપમાં લગાવે. પણ સ્વરૂપ તો જોયું નથી, પ્રાપ્ત નથી એટલે મૂંઝવણનો એક તબક્કો વચ્ચે આવે છે. પણ એ મૂંઝવણમાંથી માર્ગ મળે છે. અવશ્ય મળે છે એવી વસ્તુસ્થિતિ છે. એમ અહીંયાં કહેવું છે.

મુમુક્ષુ :- બહાર રહેવું પોસાતું નથી,...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંદરમાં જવાતું નથી. બહાર ગમતું નથી અને અંદરમાં જવાતું નથી. એટલે વચલી પરિસ્થિતિમાં મૂંઝવણ આવે એ સ્વભાવિક છે, પણ એ મૂંઝવણ એવી આવવી પણ જરૂરી છે અને એમાંથી જ રસ્તો મળવાનો છે.

દાખલો આપ્યો છે કે '**જેમ ખરેખર મૂંઝાયેલો માણસ...**' નીચેથી પાંચમી લીટી. '**જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે,...**' પછી એને ખ્યાલ નથી રહેતો કે આ ટેકો લેવા જેવો છે કે નહિ? મૂંઝાઈ ગયો હોય એટલે ગમે તેનો ટેકો લેવા જાય છે. '**તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી.**' કેમકે બહારમાં તો એને હવે ક્યાંય રસ-રુચિ નથી. અંદર જ જાવું છે એટલે અંદરની શોધ કર્યા વગર રહેશે નહિ અને અંદરની વસ્તુને મેળવ્યા વગર એ રહી શકશે નહિ. એટલે એ સ્વરૂપનો આધાર લેશે. ટેકો એટલે આધાર.

અત્યાર સુધી પરમાણુનો આધાર લેતો હોય. પછી એ શરીરના પરમાણુ હોય કે પંચેન્દ્રિય વિષયના અનુકૂળતાના પરમાણુ હોય અથવા બીજા કોઈ અન્ય જીવનો

આધાર લેતો હતો. કોઈ ઈશ્વરનો આધાર લે છે અને કોઈ સંસારી બીજા જીવોનો આધાર લે છે કે મને આનો આધાર છે... મને આનો આધાર છે... જેમકે પત્ની એમ વિચારે છે કે મને પતિનો આધાર છે. ભક્ત એમ વિચારે છે કે મને ભગવાનનો આધાર છે. શિષ્ય એમ વિચારે છે કે મને ગુરુનો આધાર છે. એમ જીવ કોઈને કોઈનો આધાર લેવા જાય છે. પણ જ્યાં સુધી પોતાના અનંત શક્તિસ્વરૂપ નિજ પરમાત્માનો આધાર ન મળે ત્યાં સુધી એને જે આત્મશાંતિ આવવી જોઈએ એ આત્મશાંતિ આવતી નથી.

અહીં એ પ્રશ્ન થાય કે સાંસારિક સંબંધીઓનો તો આધાર લેવા જેવો નથી. કેમકે એ સ્થાયી આધાર નથી. એ વિયોગ થવાનો. સંયોગનો વિયોગ નિશ્ચિતરૂપે થવાનો જ છે. પણ ભગવાનનો આધાર લેવો એમાં શું ખોટું છે? અને લોકો લે છે. આ પ્રશ્ન થાય. તો ગુરુનો આધાર લે એમાં શું ખોટું છે? જો કે ગુરુનો પણ વિયોગ તો થવાનો જ છે, સંયોગ તો રહેવાનો નથી. એ પણ સંયોગ છે. પણ એમાં બે પ્રકાર છે. જેમાં યથાર્થતા છે તેમાં પરની આધારબુદ્ધિ નથી, ઉપકારબુદ્ધિ છે. યથાર્થ પ્રકારે શું છે? ભલે પછી એમ આવે આપનો જ અમને તો આધાર છે, અમને આપના સિવાય કોઈનો આધાર છે જ નહિ. એમ શબ્દો આવે, પણ યથાર્થ હોય ત્યાં આધારબુદ્ધિ નથી હોતી, ઉપકારબુદ્ધિ હોય છે. અંદરમાં જ્ઞાન છે, કે પરનો આધાર કોઈ આત્માને મળી શકતો નથી. સંયોગનો વિયોગ નિશ્ચિત છે.

ગણધરદેવને તીર્થંકર પરમાત્મા પ્રત્યે કેટલી ભક્તિ હોય? અનન્ય ભક્તિ હોય. છતાં પણ પહેલા તીર્થંકરનો મોક્ષ થાય છે, પછી ગણધરનો મોક્ષ થાય છે. છે બન્ને એ જ ભવે મોક્ષ જનારા. પણ તીર્થંકર પહેલાં ગણધરનું આયુષ્ય પૂરું ન થાય. પહેલાં તીર્થંકરનું આયુષ્ય પૂરું થાય પછી ગણધરનું આયુષ્ય પૂરું થાય છે. એટલે એમને - ગણધરદેવને ખબર છે, એ તો ચાર જ્ઞાનના ધણી છે. એમને ખબર છે કે આ પ્રકારે થવાનું છે. સંયોગનો વિયોગ થવાનો છે. જેટલો અનુરાગ છે એટલો વિયોગનો ભાવ આવ્યા વિના, અણગમાનો ભાવ આવ્યા વિના નહિ રહે. પણ એ પોતાના ઉદાસીનતા અને વૈરાગ્યમાં એવા આવી જાય છે કે નિજ સ્વરૂપના અવલંબનમાં પહોંચી જાય છે. ભગવાનનો નિર્વાણકલ્યાણક ઉજવાયા પછી એ પોતે જ ધ્યાનમાં બેસી જાય છે અને પોતે અલ્પકાળમાં કેવળજ્ઞાનને પ્રગટ કરે છે. પછી સંયોગનો અનુરાગ અને વિયોગનો અણગમો એ પરિસ્થિતિ રહેતી નથી. જોકે પરિસ્થિતિ એ રહે છે કે સિદ્ધાલયમાં સાદિ અનંતકાળ સંયોગમાં રહેવાનું થાય છે. પણ ત્યાં સંયોગનો અનુરાગ નથી રહેતો.

જ્યારે અનુરાગમાં રહેવું હતું ત્યારે તો અનુરાગ પ્રમાણે ચાલતું નહોતું. અનુરાગ હતો કે સાથે રહું. ત્યાં સુધી સાથે નહોતું રહેવાતું. વિયોગ થઈ જતો હતો. એ એમ

સૂચવે છે કે રાગ અનુસાર વસ્તુસ્વરૂપ નથી. રાગ છે એ વસ્તુસ્વરૂપની વાસ્તવિકતાથી બીજો કોઈ કલ્પિતભાવ છે. કેવો ભાવ છે? કલ્પિતભાવ છે. જે દુઃખદાયક છે, આકુળતાવાળો છે. એટલે પોતે સ્વરૂપમાં સમાઈ જાય છે.

અહીંયાં પણ મૂંઝવણવાળા જીવના અભિપ્રાયમાં આ ફેરફાર થાય છે. પહેલોવહેલો અભિપ્રાયનો ફેરફાર શું થાય છે? કે મને ક્યાંય બહારમાં હવે આધાર (ન જોઈએ), કોઈ બહારના આધારે મારે જીવવું નથી, મારે કોઈ બહારનો ટેકો લેવો નથી. અને મારા સ્વરૂપનો મારે આધાર લેવો છે. પણ એ સ્વરૂપના મને હજી દર્શન થતાં નથી કે જેનો હું આધાર લઉં. પણ અભિપ્રાયમાં સ્વરૂપનો આધાર લેવાનો અભિપ્રાય છે. આ આધારબુદ્ધિ જે છે એમાં ફેરફાર ચાલુ થયો. આધારબુદ્ધિનો ફેરફાર ચાલુ થયો.

એટલે એક સીધો પ્રશ્ન આપણે વિચારીએ કે પહેલા સ્ટેજે માર્ગની મૂંઝવણમાં કયા કયા અભિપ્રાયનો ફેરફાર થાય? માર્ગની મૂંઝવણ એ મુમુક્ષુતાનું પહેલું સ્ટેજ છે. એમાં કયા કયા અભિપ્રાયનો ફેરફાર થાય? કે એક તો સંસાર કોઈપણ ભોગે ઉપાસવા યોગ્ય નથી એવો અભિપ્રાય ત્યાં ઘડાય છે અને સંસારની ઉપાસનાનો અભિપ્રાય પલટો મારે છે - હવે મારે સંસાર ઉપાસવો નથી. કોઈપણ ભોગે મારે સંસાર ન જોઈએ, ન જોઈએ તે ન જોઈએ. ઉપાસનામાં એ અભિપ્રાય ફરી જાય છે અને આધારબુદ્ધિનો અભિપ્રાય ઢીલો પડે છે કે આ આત્માને કોઈ શરણ નથી. કોઈ એને શરણભૂત થાય એવી વસ્તુસ્થિતિ નથી. મારે મારા સ્વરૂપનો આધાર લેવો છે હવે. હું મારા સ્વરૂપને શરણે જવા માગું છું. એમ આધારબુદ્ધિમાં ફેર પડે છે. આધારબુદ્ધિમાં ફેર પડે છે ત્યારે subordinately સુખબુદ્ધિમાં પણ ફેર પડે છે. જ્યારે પરની આધારબુદ્ધિ અને પરની સુખબુદ્ધિમાં ફેર પડે ત્યારે સુખની ભોક્તાબુદ્ધિમાં પણ ફેર પડે. જ્યારે સુખ ભોગવવાની બુદ્ધિમાં ફેર પડે ત્યારે સુખ માટે જે કાર્ય કરવું છે એની કર્તાબુદ્ધિમાં પણ ફેર પડે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ક્રમથી થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, વહ કાર્ય-કારણકા વિષય હૈ. હોતા હૈ તો સબ સાથમેં. માર્ગની મૂંઝવણમાં આવે છે ત્યારે અંદરના અભિપ્રાયમાં આવા ફેરફારો થાય છે. એટલા માટે કોઈ જીવ માર્ગની મૂંઝવણમાં આવે છે તો જ્ઞાની એને સંમત કરે છે. ભલે મૂંઝવણ થઈ, આ મૂંઝવણ થઈ તે સારું થયું. એની મૂંઝવણ મટાડવા માટે એને સ્પષ્ટીકરણ નથી દેતા. કે તું મૂંઝાણો છો, સારું થયું. સરખાયનો મૂંઝાઈશ એટલે આપોઆપ જ બહાર નીકળી જઈશ. મારે તને કાઢવો પડશે નહિ. વગર સ્પષ્ટીકરણે મૂંઝવણમાંથી બહાર નીકળી જઈશ. કેમકે તારી મૂંઝવણ માર્ગ કર્યા વગર ઝંપવાની નથી. આમ થાય છે.

અને એ મૂંઝવણ દરમ્યાન અંદરના ફેરફારો અભિપ્રાયના થાય છે એ પાયાના ફેરફારો

થાય છે, બહુ સારા ફેરફારો થાય છે અને એ જીવ મુમુક્ષુતાની યોગ્યતામાં પ્રવેશ કરે છે. એવા ને એવા અભિપ્રાયો હોય અને બહારના ધાર્મિક ક્રિયાકાંડના આડંબરમાં જીવ ઊભેલો દેખાય એણે મુમુક્ષુના માર્ગમાં, જ્ઞાનીના માર્ગમાં પ્રવેશ કર્યો નથી. ભલે ગમે તેટલી પૂજા-ભક્તિ કરે અને ગમે તેટલા શાસ્ત્ર વાંચે, ગમે તેટલા વ્રત, નિયમ, સંયમ અને ઉપવાસ કરે.

મુમુક્ષુ :- માથું ભેખડમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- માથું ભેખડમાં છે. ખોટા હાથ-પગ પછાડે છે. ત્યાંથી નીકળી શકે એવું નથી. માર્ગની વિધિ તો આવી છે. કાર્યપદ્ધતિ તો આ પ્રકારની છે. વિધિએ કામ થાય, અવિધિએ કામ ન થાય. એટલે ઉપર કહ્યું કે ટકી જ શકે નહિ. હવે એ વિકલ્પમાં ટકી જ નહિ શકે. વિકલ્પથી મૂંઝાય છે, મોહાસક્તિથી મૂંઝાઈ છે. ક્યાં ટકશે? કે ટકવાની જગ્યા એને નથી.

સિદ્ધાંત લે છે. '**જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે,...**' બહારમાં. '**તેમ અંદરથી મૂંઝાયેલો...**' અહીંયાં અંદરથી મૂંઝાયેલો છે. બહારમાં મૂંઝાયેલો નથી. ખાલી મૂંઝવણ-મૂંઝવણનો પૉઈન્ટ જ લેવાનો છે દૃષ્ટાંત અને સિદ્ધાંતમાં. બીજી વાત લેવાની નથી. '**તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી.**' આ જરા વેદનાના આર્ટિકલમાં આ અભિપ્રાયોના ફેરફારોનો વિષય નથી આવ્યો. એ વળી અત્યારે વિચારમાં આવ્યો કે અભિપ્રાયમાં કેવા કેવા ફેરફાર થાય છે. અને '**તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે.**' એને જરાક ચિહ્ન મળે છે, લક્ષણ મળે છે, symptoms મળે છે અને આખા સ્વભાવને પકડે છે.

સ્વરૂપની ઓળખાણના તબક્કે ફક્ત એને એક જ્ઞાનસામાન્યમાં આછું-પાતળું જ્ઞાન વેદન એને લક્ષણ મળે છે (એના ઉપરથી) આખા સ્વભાવને પકડે છે. આપણે નથી કહેતા કે આંગળી આપે તો પોચો પકડી લે. અહીં તો આંગળી આપી કે આખેઆખો પકડી લે છે! એક હોંશિયાર માણસ હતો. ગામડેથી દોરી-લોટો લઈને શહેરમાં-બજારમાં કમાવા આવ્યો. શહેરની બજારમાં. દોરી-લોટો એટલે કાંઈ નહોતું એની પાસે એમ. આ એક દાખલો બનેલો. એ માણસે શું કીધું? કે મને કાંઈક બેસવાની જગ્યા મળેને બજારમાં, પછી જુઓ હું કેવું કામ કરું છું બજારમાં, કેવો વેપાર કરું છું! એક જરાક મને કોઈ ટેકો આપનાર મળેને પછી આભે પાટું મારું! શું કહે? એટલે આકાશને પાટું મારું એવી તાકાત છે મારામાં. એ આભે પાટું મારું એટલે ધોબો પાડી દઉં એમ.

તો એણે થોડા વેપારીઓને મળતા મળતા request કરી કે ભાઈ! તમારી પેઢીમાં મને બેસવાની જગ્યા જોઈએ. હું આ પ્રકારનું કામ કરવા માગું છું અને એ પ્રકારનું

કામ કરવાનો મારી પાસે થોડો source છે. એટલે ગામડામાંથી હું આવું છું. ગામડામાં ખેતી-પેદાશ થાય છે. ગામડામાં શું છે? ખેત-પેદાશ છે એ ખેત-પેદાશ એ લોકો માર્કેટ કરે છે તો હું તમારા મારફત વેચાવા માગું છું. વેચાય એટલે તમારે એને તમારું મહેનતાણું કાપીને પૈસા દેવાના રહે છે. એ મહેનતાણામાંથી તમે મને કાંઈક આપશો. શું આપશો એ આપણે નક્કી કરીએ. terms and conditions. આઠ-દસ જગ્યાએ વાત કરી એમાં ક્યો માણસ જેની સાથે મારે બેસવા યોગ્ય છે એનો એ નિર્ણય કરે છે. શું કરે છે? દસ જગ્યાએ કાંઈ બેસવાનો સવાલ નથી. બેસવાનું છે એક જગ્યાએ. પણ એ તપાસે છે કે મારે મેળ ખાય એવું કોણ છે? કોઈ સરળ પ્રકૃતિવાળો હોય, કોઈ સીધો હોય, કોઈ આડો-અવળો ન હોય, કોઈ વિશ્વાસ મૂકી શકાય એવો હોય. એમ જોવે ને? પછી ધમધોકાર કામ કરી નાખ્યું. થઈ ગયો કરોડપતિ. (બસ!) પગ મૂકવાની જગ્યા જોઈએ. કેટલી? footing space. એમ આમાં મૂંઝવણ આવે ત્યારે એક એને લક્ષણ પકડવાની યોગ્યતા આવવી જોઈએ. લક્ષણ મોજૂદ છે. દર્શનમોહ ગળે, દર્શનમોહ ગળતો જાય, ગળતો જાય. સ્વરૂપ નિશ્ચય કરી લ્યે, તે જીવ સ્વરૂપ નિશ્ચય કરી લેશે. આખા સ્વરૂપનું અસ્તિત્વ ગ્રહણ કરશે. સ્વરૂપનિશ્ચયનું બીજું નામ શું છે? અસ્તિત્વગ્રહણ. વેદનામાં આવ્યો, નિર્ધારિમાં આવશે પૂર્ણતાના લક્ષમાં, અવલોકનમાં આવશે, ભાવનામાં આવશે, પ્રયોજનની તીક્ષ્ણ સૂક્ષ્મ દૃષ્ટિમાં આવશે, ઉદાસીનતામાં આવશે. ઑટોમેટીક. ત્યાં બધા દર્શનમોહને ગાળી નાખશે. આ બધા પ્રકારોના પરિણામમાં દર્શનમોહને ગાળી નાખશે. અને અસ્તિત્વગ્રહણ સુધી પહોંચી જશે. બસ, અસ્તિત્વગ્રહણ થયું પછી પુરુષાર્થની તાકાત ઊભી થઈ ગઈ.

એટલે એમ કહે છે કે '**તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે.**' એટલે સ્વભાવ ગ્રહણ કરવાની યોગ્યતા સુધી એ પહોંચી જાશે. વેદનામાં આવશે એ સ્વભાવને ગ્રહણ કરવાની પરિસ્થિતિ સુધી પહોંચી જાશે. આમ છે. ભલે વચ્ચેના સ્ટેજ એમણે describe કર્યા નથી, વર્ણન કર્યું નથી. પણ એ એની અંદર સમાવેશ છે. એનો સમાવેશ એની અંદર થઈ જાય છે. કેમકે દરેક વખતે દરેક વાત કેવી રીતે કહે? જ્યારે જે વાત ચાલતી હોય ત્યારે તે વાતનો વિસ્તાર થાય. અત્યારે તો મૂંઝવણનો જ પોઈન્ટ ચાલે છે અને એનું ફળ લઈ લીધું સીધું કે મૂંઝવણમાં આવશે એ સ્વરૂપને, પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. 'જ' લીધો. નિયમથી ગ્રહણ કરશે. ત્યાં સુધી પહોંચશે.

'**માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય...**' કેવો? યથાર્થ. આ એક યથાર્થ છે એ તો બધા સ્ટેજમાં લાગુ પડે છે. કેમકે મૂંઝવણમાંથી ઉદાસીનતામાં આવે છે એ યથાર્થ ઉદાસીનતામાં આવે છે. એ પહેલાં અયથાર્થ ઉદાસીનતામાં તો અનંતવાર આવીને જિનદીક્ષા

ગ્રહણ કરી, વૈરાગ્યમાં આવીને સાધુ થઈ ગયો. અયથાર્થની વાત નથી. માર્ગની મૂંઝવણપૂર્વક ઉત્પન્ન થયેલી ઉદાસીનતા. એ ઉદાસીનતા પણ યથાર્થ છે અને મૂંઝવણ પણ યથાર્થ છે. કેમકે એને વિકલ્પમાં અને મોહાસક્તિમાં મૂંઝવણ થવા માંડી તે યથાર્થ છે.

'**અને યથાર્થ જિજ્ઞાસા જાગે...**' જુઓ અહીંયાં પણ યથાર્થ લીધું. આગળની વાત છે ને? જિજ્ઞાસા એટલે ભાવના લેવી અહીંયાં. જિજ્ઞાસા શબ્દના બે અર્થ થાય છે. એક અંતરખોજ માટેની પૂર્વભૂમિકાને પણ જિજ્ઞાસા કહે છે, જે કુતૂહલવૃત્તિ જેવી હોય છે. matter in question - એને પણ જિજ્ઞાસા કહે છે અને પ્રાપ્તિની ભાવનાને પણ જિજ્ઞાસા કહે છે.

'**અને યથાર્થ જિજ્ઞાસા જાગે...**' એટલે સ્વરૂપ પ્રાપ્તિની યથાર્થ ભાવના જાગે. અહીંયાં ભાવના લેવી. '**તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી,...**' એ સ્વરૂપનો આધાર લઈ જ લેશે એમ કહે છે. ત્યાં સુધી એની વેદના છે એનો જે એને અનુભવ થઈ ગયો છે તે અનુભવમાંથી જે પસાર થયો છે એને એ ત્યાં સુધી નિરાંત વળવા દેશે નહિ. એને પ્રયત્નશીલ રાખશે, એ વેદના એને પ્રયત્નશીલ રાખશે. કેમકે એને હવે મૂંઝાવું નથી. હવે મૂંઝવણમાંથી બહાર નીકળ્યો છે એટલે રસ્તે ચડીને આગળ વધી જાવું છે અને સદાયને માટે, સાદી અનંતકાળ માટે અમૂંઝનપણું પ્રાપ્ત કરવું છે. એ શબ્દ વાપર્યો છે કૃપાળુદેવે (પત્રાંક) ૧૬૫માં. હવે મૂંઝવણ નહિ રહે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જિજ્ઞાસા અને મૂંઝવણ બેય એકીસાથે કે આગળ-પાછળ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ પછી આવે. મૂંઝવણ પછી જિજ્ઞાસા ઊભી થાય. મૂંઝવણના ગર્ભમાં છે જિજ્ઞાસા અને ભાવના, પણ પછી એનો જન્મ થાય છે. એને સ્વરૂપ પ્રાપ્તિ સિવાય હવે મારે બીજું કાંઈ કામ નથી. એક મને મારું આત્મસ્વરૂપ જ જોઈએ છે. હવે મારે બીજું કાંઈ જોઈતું નથી - આ ખાસ પ્રકારની પાત્રતા છે.

બહેનશ્રીએ ૪૨૫ નંબરના વચનામૃતમાં એનો બહુ સરસ જવાબ આપ્યો છે. પ્રશ્ન કોઈએ ઉઠાવ્યો છે એ એવો ઉઠાવ્યો છે કે અમે તત્ત્વને તો બરાબર સમજીએ છીએ. તત્ત્વને સમજવામાં કાંઈ એવું નથી લાગતું કે અમને સમજાતું નથી, પણ છતાં અમને પ્રાપ્તિ તો થતી નથી, તો આમાં શું ખામી શું રહી? જ્ઞાનીગુરુ છે (એ) સમજાવે છે બરાબર, અમને સમજાય છે પણ બરાબર. નથી સમજાતું એવું લાગતું નથી. ગુરુદેવના પ્રવચન બધાં સાંભળતા હતા, સમજતા હતા (પણ) પ્રાપ્તિ નથી થતી. તો તત્ત્વને બરાબર સમજવા છતાં પ્રાપ્તિ નથી થતી એનું કારણ શું? તો કહે ખાસ પ્રકારની યોગ્યતા નહિ હોવાથી. શું જવાબ દીધો? ખાસ પ્રકારની યોગ્યતા. એટલે ખાસ means? specific-

ચોક્કસ પ્રકારની યોગ્યતા નહિ હોવાથી.

તો કહે એ ખાસ પ્રકારની યોગ્યતા ક્યારે પ્રાપ્ત થાય? કે આ જિજ્ઞાસાની ભૂમિકા આવે ત્યારે, ભાવનાની ભૂમિકા આવે કે મને મારું સ્વરૂપ જ જોઈએ, હવે મારે બીજું કાંઈ ન જોઈએ, આ જગતમાંથી મારે કાંઈ જોઈતું નથી. જેનું મુનિરાજ પૅક્ટિકલી દીક્ષા લે છે ત્યારે અમલીકરણ કરે છે. 'જગકો દે દી જગકી નિધિયાઁ.' આ અમે ચાલી નીકળ્યા. જગતને પીઠ બતાવીને ચાલી નીકળ્યા જંગલમાં. એ મુનિપણું ક્યાંથી ઉત્પન્ન થયું? આ ખાસ પ્રકારની યોગ્યતામાંથી. એ ખાસ પ્રકારની યોગ્યતામાં અભિપ્રાય પણ ઉત્પન્ન થાય છે ભાવનાની સાથે સાથે. ભાવના અભિપ્રાયને ઉત્પન્ન કરે છે કે હવે મારે જગતમાંથી કાંઈ જોઈતું નથી.

એમ ને એમ અદ્ધરથી દીક્ષા લેનારે અભિપ્રાય છોડ્યો નથી અને જગત છોડ્યું છે એણે કુટુંબ-પરિવાર, રાજ-પાટ, રાણીઓ બધું છોડીને દીક્ષા લીધી છે, એવા જીવે પણ અભિપ્રાય નથી ફેરવ્યો એટલે એને દીક્ષા નિષ્ફળ જાય છે.

મુમુક્ષુ :- સંસાર એમ ને એમ ઊભો રહી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સંસાર એનો અભિપ્રાયમાં ઊભો છે.

મુમુક્ષુએ પહેલાં અભિપ્રાય ફેરવ્યો છે. યથાર્થ જિજ્ઞાસામાં, યથાર્થ ભાવનામાં આવ્યો છે કે, આ જગતમાંથી હવે મારે કાંઈ જોઈતું નથી. એટલે એક ન્યાયે એણે અભિપ્રાયમાં આખા જગતનો ત્યાગ કર્યો. કેવડો મોટો ત્યાગ થયો? પછી એના ફળમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ થાશે. પણ અવિરત સમ્યગ્દૃષ્ટિના મૂળમાં આખા જગતનો અભિપ્રાયમાં ત્યાગ કરીને બેઠો છે એ કોઈને ખબર નથી. એણે કેટલો મોટો ત્યાગ કર્યો છે! લોકો બાહ્ય ત્યાગને સમજે છે, અંતર ત્યાગને સમજી શકતા નથી. આવી મોટી વાત છે.

એટલે જ્ઞાનીઓને પ્રસન્નચિત્ત થાય છે. ચિત્તની પ્રસન્નતા થાય છે. વાહ! ચાલો આને હવે કાંઈ જોઈતું નથી. એ હવે જ્ઞાનીની નાતમાં અને જાતમાં ભળી જાશે. જ્ઞાનીની નાતમાં અને જાતમાં ભળી જાશે એ સિદ્ધ પરમાત્માની નાતમાં અને જાતમાં ભળી જાશે. જાવ!

મુમુક્ષુ :- એટલે જ એને શ્રુતકેવળી કહેવામાં આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા જ્ઞાનીને શ્રુતકેવળી કહ્યા છે. સમયસારની ૯મી-૧૦મી ગાથામાં જ્ઞાનીને શ્રુતકેવળી કહ્યા છે. કેમકે એને કેવળ પોતાનું સ્વરૂપ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.

મુમુક્ષુ :- પંચમકાળમાં પણ કેવળી હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રુતકેવળી તો હોય જ. જ્ઞાની હોય એટલે શ્રુતકેવળી હોય.

શ્રુત બે પ્રકારના છે. દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત. જ્ઞાની છે એની પાસે ભાવશ્રુત છે. શું છે? ભાવશ્રુત છે એની પાસે. એ ભાવશ્રુતજ્ઞાની છે અને એ ભાવશ્રુતમાં સકળ દ્રવ્યશ્રુત સમાયેલું છે. કેવળજ્ઞાનની લબ્ધિ છે. શ્રુતજ્ઞાન તો એથી નીચેની ભૂમિકા છે. આ તો કેવળજ્ઞાનની લબ્ધિ છે એની પાસે!

મુમુક્ષુ :- એટલે એને નિશ્ચય શ્રુતકેવળી કહેવામાં આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ શ્રુતકેવળી છે. કુંદકુંદાચાર્યે એને શ્રુતકેવળી કહ્યાં. કુંદકુંદાચાર્યના સૂત્રો એટલે પછી આગળ કોઈની વાત રહેતી નથી. full and final statement.

'માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને યથાર્થ જિજ્ઞાસા જાગે...' જુઓ! મૂંઝાયેલો હોય અને યથાર્થ ભાવના એની જાગે. **'તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી,...'** એને પોતાને પણ વિશ્વાસ આવે છે. અને જ્ઞાનીને પણ વિશ્વાસ આવે છે કે હવે હું તરી જઈશ! હવે મને સંસારમાં રખડવાનું થાશે નહિ. કેમકે મારે કોઈ ભોગે સંસાર તો જોઈતો નથી અને કોઈપણ ભોગે મારા સ્વરૂપને પ્રાપ્ત કર્યા વગર હું રહેવાનો નથી. પછી અવિશ્વાસ આવવાનું કોઈ કારણ પણ રહેતું નથી.

બીજા જીવોને આ પ્રૉબ્લેમ છે. જુઓ! ૨૧૯માં જ લીધું છે કે સમજાય છે અને વિશ્વાસ કેમ આવતો નથી? આ પ્રૉબ્લેમ ઊભો થાય છે. અયથાર્થતામાં આ સમસ્યા ઊભી થાય છે કે સમજાય છે બધું (પણ) અંદરથી વિશ્વાસ આવતો નથી. માર્ગાનુસારીને વિશ્વાસ આવે છે. મુમુક્ષુને તો આવવો જ જોઈએ ને? એને તો જૈનદર્શન મળ્યું છે. માર્ગાનુસારીને હજી જૈનદર્શન નથી મળ્યું. તોપણ મીરાંએ ગાયું કે, 'ભવસાગર તો સુખ ગયો હૈ, ફીકર ગઈ મોહે તરનનકી' મારો સંસાર, ભવસાગર જ સુકાઈ ગયો છે. હવે મારે તરવાનો પરિશ્રમ ક્યાં કરવાનો છે? ત્યાં તો ક્રિકેટના મેદાન જેવું છે. ચાલ્યા જ જવાનું છે. હવે કરવા-બરવાનું રહેતું નથી આમાં. તળાવ સુકાઈ જાય અને કેમ માણસો ચાલ્યા જાય, એના જેવું થઈ ગયું છે. એટલો વિશ્વાસ તો એને ગુરુના આધારે આવ્યો છે. પદ તો ગુરુભક્તિનું છે. 'મોહે લાગી લટક ગુરુ ચરનનકી.' ગુરુચરણમાંથી આટલો વિશ્વાસ આવ્યો છે. માર્ગાનુસારી જીવ છે હજી તો!!

મુમુક્ષુ :- તો ભાઈશ્રી એમના ગુરુ પણ માર્ગાનુસારી જ હશે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પણ માર્ગાનુસારી. થોડા આગળની ભૂમિકામાં હશે. 'રહીદાસ' કરીને હતા એમના ગુરુ અને આમાં-આ પદમાં એમણે ગાયું હતું ને? 'પ્રભુજી તુમ ચંદન હમ પાની.' એ ભક્ત રહીદાસનું પદ છે. એ પણ કવિ હશે. એટલે રહીદાસનું એ પદ છે.

મુમુક્ષુ :- (કબીર) પણ એમની સાથે ..

પૂજ્ય ભાઈશ્રી :- રહીદાસના ભક્ત હતા કે કબીર ગુરુ હતા?

મુમુક્ષુ :- કબીર એમના શિષ્ય, એમ કંઈક છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે. હશે કોઈ સમર્થ માણસ તો હશે. જેના ભક્ત એટલા સમર્થ હોય એના ગુરુ તો વધારે સમર્થ હોય જ ને! સીધી વાત છે.

તે '**સ્વભાવને ઓળખી જ લ્યે છે.**' એટલે એ અસ્તિત્વ ગ્રહણ કરી જ લે છે. એમ એમને વચનામૃતમાં 'મૂંઝવણમાંથી માર્ગ મળે' - એમાં એમ કહેવું છે. વચનામૃતમાં આ વાત એમણે કરી છે. એમાં આ વાત એમને કહેવી છે કે મૂંઝવણમાંથી માર્ગ મળે જ. કેટલામું વચનામૃત છે આપણે જોયું? જોઈ રાખજો. અત્યારે તો હવે જલ્દી ન મળે. પણ બીજી આગળ-પાછળ એમાં કાંઈ વાત છે કે નહિ જરા જોઈ લેજો. બહેનશ્રીના વચનામૃત કાઢી રાખજોને પછી.

એક એમના વચનામૃત ઉપર એમણે ખુલાસો કેટલો આપ્યો છે! જે વાત કરી છે એની પાછળનું background શું છે? મૂંઝવણમાંથી માર્ગ મળે એની પાછળનું કેટલું consideration છે! વાત વિચારી છે એમણે.

'મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય. પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય.' એટલે યથાર્થ મૂંઝવણની વાત છે. 'તેને સુખનું વેદન જોઈએ છે.' સુખ જોઈએ છે. એ મળતું નથી અને બહારમાં રહેવું પોસાતું નથી. 'માટે મૂંઝવણ થાય.' ન થાય એમ ન લીધું. માટે મૂંઝવણ થાય એ સ્વીકાર કર્યો છે. 'પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે.' બરાબર એ જ વાત છે. ૩૪ નંબરનું છે વચનામૃત છે. પછી પુરુષાર્થની વાત. 'જેટલો પુરુષાર્થ ઉપડે તેટલું વીર્ય અંદર કામ કરે, આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ કરવું છે.' પુરુષાર્થમાં પાછી વિકૃતિ નથી. એ પણ યથાર્થ પુરુષાર્થની વાત છે. 'હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે. ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.' પછી પુરુષાર્થનો તબક્કો લીધો છે. એક બોલમાં મૂંઝવણ, પુરુષાર્થ એમ બે વાત લીધી છે અને એ બન્નેમાં યથાર્થતાની વાત લીધી છે.

આ તો લખાણમાં આટલું આવ્યું છે. ચર્ચા કરો ત્યારે આટલું બધું નીકળે. ચર્ચા ચાલતી હતી એમાં આટલું નીકળતું હતું. પાછું એવું નથી લીધું જ-જ કરીને. વળી કો'ક પાછો પડી જશે અને પાછો અયોગ્યતામાં આવી જશે. યોગ્યતામાં આવ્યો મૂંઝવણથી પાછો..

મુમુક્ષુ :- અફર વાત છે એકદમ.

પૂજ્ય ભાઈશ્રી :- આમ કરશે જ, કરશે.. - એવા જ જીવને લીધો છે એમણે. કેવા જીવને નજરમાં લીધો છે? એવા જ જીવને લીધો છે કે આ મૂંઝવણમાં આવ્યો

એ સ્વરૂપને ઓળખી જ લેવાનો છે હવે. એવા જીવને લીધો છે. વચમાં ગડબડ કરશે એવા જીવને નથી લીધો.

એ ૨૨૦ થયો. પછી ભાવનાનો પ્રશ્ન ઉઠાવ્યો છે.

પ્રશ્ન :- કાલે વાત થઈ હતી કે ભાવના-ભાવનામાં ઘણો ફેર હોય છે. એક ભાવના એવી કે અંતર ભેદી નાખે?

સમાધાન :- ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય. મંદ-મંદ ભાવના કે ઉપર ઉપરથી ભાવના કે મંદ-મંદ પુરુષાર્થ કર્યા કરે એ ઉગ્ર ભાવના નહિ. આ તો અંતરને ભેદી નાખે-અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે, એવી ભાવના કોઈ જુદી જ હોય છે. અંદરથી ચૈતન્યના માર્ગે ચાલતાં તેને શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે. અલ્પ વિભાવ પરિણતિ અધૂરાશને લઈને થાય છે, પણ તે ભેદજ્ઞાન કરે છે કે હું તો ચૈતન્ય છું, આ વિભાવ મારો નથી. આ રીતે અંતરને ભેદી નાખીને ચૈતન્ય તરફ તેની પરિણતિ દોડી જાય છે અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે. ૨૨૧.

પ્રશ્ન ૨૨૧ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- કાલે વાત થઈ હતી કે ભાવના-ભાવનામાં ઘણો ફેર હોય છે. એક ભાવના એવી કે અંતર ભેદી નાખે?**' એટલે યથાર્થ ભાવના. ઉગ્રભાવના. ઉગ્ર અને યથાર્થ - પાછી ન ફરે એવી ભાવના.

'**સમાધાન :- ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય.**' લ્યો ઠીક! પેલામાં મૂંઝવણમાં શું કીધું? સ્વરૂપનું અસ્તિત્વ ગ્રહણ થાય ત્યાં સુધીની વાત લીધી. ભાવના એવી લીધી કે એ ભાવના ભેદજ્ઞાનમાં પરિણમે. એનો અર્થ એ થયો કે મુમુક્ષુ જે ભેદજ્ઞાની છે, જે ભેદજ્ઞાનના સ્ટેજમાં આવ્યો છે એ ભાવનાથી આવ્યો છે. એમનેમ આવ્યો નથી. એટલે એનું ભેદજ્ઞાન સતત ચાલે છે. ભાવના વિના ભેદજ્ઞાન હોય નહિ. એમ કહેવું છે. કારણકાર્ય લઈએ તો.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનની ધારા એ ભાવનામાં જ જાયને?

પૂજ્ય ભાઈશ્રી :- પછી જ્ઞાનદશામાં (જે) ધારા છે, એ તો જ્ઞાનદશામાં તો પછી આખો તબક્કો બદલાઈ ગયો. માર્ગ પ્રવેશ થઈ ગયો. પણ મુમુક્ષુની ભૂમિકામાં ભેદજ્ઞાનના

સ્ટેજ સુધી પહોંચે એ ભાવનાવાળો પહોંચી શકે. એટલે આપણે જે સ્ટેજ લીધા છે, વચ્ચેના સ્ટેજો લીધા છે એમાં આપણે ભાવનાના કારણે અવલોકન આવે અને અવલોકનના કારણે ભેદજ્ઞાન આવે - એમ લીધું છે. એટલે અવલોકનનો વિષય તરત જ અસર કરનાર હોવાથી, instant resultવાળો જેને કહીએ. ઘણાં મુમુક્ષુ ભાવના વગર સીધું અવલોકન કરવા માગે છે., (પણ) પછી અવલોકનમાં ટકી શકતા નથી અને અવલોકન ચાલતું નથી. અવલોકન નથી ચાલતું અને બીજા ઉદયમાં ચાલ્યું જવાય છે એવી ફરિયાદ થાય છે. કેમ એમ થાય છે? કે યથાર્થ ભાવના નથી. યથાર્થ ભાવના હોય તો યથાર્થ અવલોકન હોય, યથાર્થ સતત અવલોકન હોય તો ભેદજ્ઞાનમાં આવ્યા વગર રહે નહિ. મૂળ એમ વાત છે. એટલે ભાવના અને ભેદજ્ઞાનને કારણ-કાર્યનો સંબંધ છે. પછી અવલોકનપૂર્વક ભેદજ્ઞાન થાય છે એ તો એટલા માટે કે ત્યાં અવલોકનથી પરખ આવે છે.

જે સ્વભાવ-વિભાવ વચ્ચે ભેદજ્ઞાન કરવું છે એ સ્વભાવ-વિભાવની પરખ અવલોકનના સ્ટેજમાં આવે છે એટલે વચ્ચે એ વાત લીધી છે. અહીંયાં એમણે એ લીધું કે યથાર્થ ભાવના હોય, ઉગ્ર ભાવના હોય '**કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય.**' એ એની યથાર્થતા. resulted position ઉપર નક્કી કરી. કેમકે એની સાથે એ સંકળાયેલી, કારણ-કાર્યની જેમ સંકળાયેલી વાત છે. ભાવનાનો વિષય તો બહેનશ્રીએ અનેક જગ્યાએ બહુ સારી રીતે લીધેલો છે. અને એ વિષય ઉપર પોતાના અનુભવથી પોતે ઘણો પ્રકાશ પાડ્યો છે. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૨૦) :- **માર્ગની મૂંઝવણ યથાર્થ મુમુક્ષુતાની શરૂઆતની ભૂમિકા છે. ખરેખર આત્મકલ્યાણ કરવું છે એવો જીવ આ ભૂમિકામાં આવે છે. તેથી તે મોહાસક્તિથી મૂંઝાય છે અને વિકલ્પની અશાંતિને તે જરા પણ ઈચ્છતો નથી. આ ભૂમિકામાં સંસારની ઉપાસનાનો અભિપ્રાય બદલાય છે. અને પરની (પુણ્ય અને પુણ્યના ફળની) આધારબુદ્ધિ શિથિલ થાય છે અને દર્શનમોહ યથાર્થ પ્રકારે મંદ થવાથી મુમુક્ષુતાની ઉપરની ભૂમિકાની યોગ્યતામાં આવે છે અને સુખબુદ્ધિ, ભોક્તાબુદ્ધિ આદિ વિપરીત અભિપ્રાયો ઢીલા પડે છે. અને સ્વરૂપ નિર્ણય સુધી તેવો જીવ પહોંચી શકે છે - પહોંચે જ છે. આ પ્રકારે 'માર્ગની મૂંઝવણ' એ પારમાર્થિક માર્ગનું પ્રથમ ચરણ છે.**

તા. ૩-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૧
પ્રવચન નં. ૧૬૩

સ્વાનુભૂતિદર્શન. ૧૩૭-પાનું. પ્રશ્ન-૨૨૧. ભાવનાના વિષયનો પ્રશ્ન છે. ધર્મના ક્ષેત્રમાં આત્મકલ્યાણની ભાવના લઈને કેટલાક જીવો આવે છે. બધા જીવો નથી આવતા (ભાવના લઈને નથી આવતા.) બહુભાગ જીવો તો પ્રતિકૂળતાઓ અને અનુકૂળતાઓની (મટવાની અને પ્રાપ્ત કરવાની) આશા સાથે આવતા હોય છે. વર્તમાન અને ભવિષ્યમાં કોઈ પ્રતિકૂળતાઓ ન રહે અથવા હોય તો મટી જાય અને અનુકૂળતા ઉત્પન્ન થાય. એવા ભિન્ન-ભિન્ન પ્રકારે - એવા જીવોને તો ભાવના છે એ વાત લાગુ પડતી નથી. પણ આત્મકલ્યાણની ભાવના હોય અને બીજી એમાં સંસારની આશા-અપેક્ષાઓ ન હોય. એમાં પણ બે પ્રકાર છે, એક પ્રકાર નથી. એમ કહેવું છે. એની ચર્ચા કરી છે. પેલી ચર્ચા નથી કરી. કેમકે એને ભાવના ન કહેવાય. એ તો એને કાંઈક મેળવવું છે માટે આવે છે. જેમ સંસારમાં કોઈ વ્યાપાર-વ્યવસાય કરીને મેળવે છે, (એમ) આ ધર્મના ક્ષેત્રમાં આવીને મેળવવા માગે છે એટલે હેતુ કાંઈ બદલાતો નથી.

અહીંયાં એક ભાવના એવી હોય કે અંતર ભેદી નાખે એની ચર્ચા કરવી છે. એ કેવી હોય? અંતરભેદ કરે. અંતરભેદ કરે એટલે અંતર પરિણતિને ભેદે. આ જીવને સંસારના રસ લેતા-લેતા સંસારની અંતર પરિણતિ થઈ ગઈ છે. એ ઘણી ગાઢ છે. એ સંસાર પરિણતિને ભેદવી-તોડવી એનું કામ ભાવના કરે છે. એવું કામ ભાવના કરે છે. સીધો પ્રશ્ન લઈએ તો વિપરીત પરિણતિને કઈ રીતે તોડવી? કેમકે એ તો થઈ ગઈ છે બધાને. અને વર્તે છે અને ચાલે છે અને એટલે તો એ પરિણતિને વશ પડેલો જીવ ઉપર ઉપરથી કાંઈ ધર્મ સાધન કરે છે એ સફળ નથી થતો. કોઈ શાસ્ત્ર વાંચે છે, કોઈ પૂજા-ભક્તિ કરે છે, કોઈ દયા-દાન કરે છે, કોઈ વ્રત-શીલ-સંયમ, ઉપવાસ, તપશ્ચર્યા આદિ કરે છે. એ બધા સાધન જપ-તપના નિષ્ફળ જવાના, કારણો શું છે કે અનેક કારણોમાં એક બળવાન કારણ છે. બીજા પણ ઘણાં કારણો છે. એમાં એક આ બળવાન કારણ પરિણતિનું છે.

બીજા કારણો સમજાય છે, પરિણતિનું કારણ સમજાતું નથી. એટલે ત્યાં સુધી પણ સમજાતું નથી કે અમે ઘર-દુકાન છોડીને, નિવૃત્ત થઈને ધર્મક્ષેત્રમાં અમારા ઉદયના, ઘરના, સંસારના કાર્યો મૂકીને ધાર્મિક ક્ષેત્રમાં ધર્મ સાધન અર્થે સમય અને શક્તિ ખર્ચીએ

છીએ. પણ કેમ કાંઈ ફાયદો થતો નથી? કેમ આગળ વધાતું નથી? આવી સમસ્યા આ ક્ષેત્રમાં આવેલા જીવોને ઊભી થાય છે. પણ એણે સંસાર પરિણતિ કેટલી દૃઢ કરી છે એની પોતાને ખબર નથી. બીજાને તો ક્યાંથી ખબર હોય? પણ એ જીવ આગળ નથી વધતો એ એમ સૂચવે છે, એમ સ્પષ્ટ કરે છે કે એને એની પરિણતિ પણ નડે છે. એ પરિણતિ બદલવાનું, પરિણતિ તોડવાનું કામ ભાવના કરે છે. એને અંતરભેદ કહેવામાં આવે છે. કેમકે એ પરિણતિ અંદરનો વિષય છે. બહારમાં ખ્યાલ નથી આવતો.

એમ કહે કે અમે અત્યારે ઘરને પણ સંભારતા નથી, અમારા પરિવારનો વિકલ્પ નથી, અમારા ધંધાનો વિકલ્પ નથી, અમને અત્યારે કાંઈ બીજો પ્રતિબંધ દેખાતો નથી અને આ કરીએ છીએ. સત્સંગ કરીએ છીએ, સત્સમાગમ કરીએ છીએ. ભાવના પણ છે, એટલા માટે તો એ કરીએ છીએ. સમય શક્તિ ખર્ચીએ છીએ. પણ કેમ આગળ વધાતું નથી? એ ઉગ્ર ભાવનાથી પરિણતિનો ભેદ કર્યો નથી. પરિણતિ ભેદાવી જોઈએ, છેદાવી જોઈએ એ કામ નથી થયું.

એટલે અહીંયાં ઉત્તર એ આપ્યો છે કે '**ભાવના એવી ઉગ્ર હોય...**' એવી તીવ્ર હોય. '**કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય.**' એટલે ભેદજ્ઞાનના સ્તર સુધી પહોંચે નહિ, એ સ્ટેજ સુધી પહોંચે નહિ ત્યાં સુધી એ ભાવના(ની બાબતમાં), મારી ભાવના સાકાર નથી થઈ એવી રીતે એની feeling. એવું feel થયા કરે, લાગ્યા કરે કે મને જે ભાવના છે એ મળ્યું નથી. મારે જે જોઈએ છે એ મને મળ્યું નથી. એટલે એ ભાવના એને ભેદજ્ઞાન થયા પહેલાં અવલોકનમાં પ્રવેશ કરાવશે, પોતાના પરિણામનના અવલોકનમાં પ્રવેશ કરાવશે. ઉગ્ર ભાવના હશે તો એ અવલોકન સતત ચાલશે. નહિતર જો ભાવનાની કચાશ હોય તો અવલોકન ચાલે અને તૂટી જાય, ચાલે અને તૂટી જાય. એ ભાવનાના પ્રમાણમાં ચાલુ રહે છે. સતત અવલોકન ચાલે છે એ જીવ ભેદજ્ઞાનમાં પ્રવેશ કરે છે. ભેદજ્ઞાનના સ્ટેજમાં પ્રવેશ કરે છે. આગળના સ્ટેજમાં આવે છે એ. ત્યારે એની ભાવના છે એણે કાર્ય કર્યું એમ કહેવાય. કેમકે એ ભેદજ્ઞાન આત્મસાક્ષાત્કારનો એકમાત્ર ઉપાય છે. આત્મજ્ઞાન અને આત્મસાક્ષાત્કાર ભેદજ્ઞાન વિના કોઈને થયું નથી અને કોઈને થશે પણ નહિ. ભાવના છે એ ભેદજ્ઞાન સુધી પહોંચાડે છે. અને ભાવનામાં.. કોઈપણ નવો આવેલો જીવ પૂર્વશરત વિના. without any pre condition, prior condition વગર ભાવનામાં આવી શકે છે. બસ! મારે હવે મારું આત્મકલ્યાણ કરી લેવું છે. આ સિવાય મારું કોઈ કર્તવ્ય નથી, કરવાયોગ્ય નથી. પૂર્વકર્મને આધીન થઈને કરવું પડે એ બીજી વાત છે, પણ કર્તવ્ય તરીકે ન

લે એને. એવી ભાવનામાં કોઈપણ જીવ આવી શકે છે. ભલે ભૂતકાળ ગમે તેવો હોય. એ જોવાની જરૂર નથી કે ભૂતકાળમાં આટલું ધાર્મિક કાર્ય કર્યું છે- એ પણ જોવાની જરૂર નથી. આટલું અધાર્મિક કાર્ય થયું છે એ પણ જોવાની જરૂર નથી.

મુમુક્ષુ :- ગમે તે આવી શકે છે, ગમે ત્યારે આવી શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવી શકે છે. ભાવનાનો જન્મ કોઈપણ જીવને કોઈપણ કાળે થઈ શકે છે. એમાં મુહૂર્ત જોવડાવવાનું નથી. ઘરનું વાસ્તુ લેવું હોય તો મુહૂર્ત જોવડાવવું પડે. આમાં એ જોવડાવવાની જરૂર નથી. આ નિજઘર છે! એમાં પ્રવેશકાળ ભાવનાથી છે. એમાં કોઈ મુહૂર્ત જોવડાવવાની જરૂર નથી. નહિતર સ્વાધ્યાયમાં સ્વાધ્યાયકાળ હોય છે, પૂજામાં પૂજાનો કાળ હોય છે. ગમે ત્યારે પૂજા ન થાય, રાત્રે પૂજા ન થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વ્યવહારના વિષયમાં મર્યાદા આવે.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારના વિષયમાં સમય જોવો પડે છે. સમયનો વિવેક કરવો પડે છે. જ્યારે નિશ્ચય પોતાના અંતરસ્વરૂપના કાર્ય કરવામાં કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ નથી. પંચ પરમેષ્ઠીનું નામ સ્મરણ કરવું હોય તોપણ એમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોવા જોઈએ. પણ..

મુમુક્ષુ :- પંચ પરમેષ્ઠીનું નામ સ્મરણ કરવામાં..

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ તમારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોવા જોઈએ. કોઈપણ એવા અપવિત્ર સ્થળમાં, અપવિત્ર કાર્યમાં સામાન્ય રીતે પંચપરમેષ્ઠીનો જાપ ન કરવો જોઈએ, કેમકે એ પવિત્ર આત્માઓ છે. તો એને બાહ્ય પવિત્રતા સાથે પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અથવા વિવેક છે.

મુમુક્ષુ :- મનન-ચિંતનમાં તો મર્યાદા નથીને?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપ ચિંતનમાં મર્યાદા નથી. સ્વરૂપ મનન અને સ્વરૂપ ચિંતનને એ મર્યાદા નથી. અહીંયાં તો મર્યાદા છે. એટલે વ્યવહારની અંદર વ્યવહારનો વિવેક છે. નિશ્ચયનું લેવલ વ્યવહારથી પર છે, એને એ કાયદા-કાનુન લાગુ પડતા નથી.

મુમુક્ષુ :- ઉપકારી ગુરુ કે પ્રતિ તો નિરંતર જાપ ચલતા રહતા હૈ તો ઉસકા ભી કોઈ નિયમ હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પછી અજપાજાપ છે. એ વાત બીજી થઈ ગઈ પાછી. એક પરિણતિ થાય એની વાત જુદી થઈ ગઈ.

મુમુક્ષુ :- પછી અંતરંગ પરિણતિમાં વ્યવહાર લાગુ પડતો નથી?

પૂજ્ય ભાઈશ્રી :- ના એ તો અંતરંગ વિષય થઈ ગયો ને? વિષય અંતરંગ થઈ ગયો. આ તો બહારની વાત છે.

'**ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય.**' ત્યાં સુધી ભાવનાવાળો જીવ અટકે નહિ, વિરામ પામે નહિ - એમ કહેવું છે. એની ભાવના એને અટકવા ન દે ક્યાંય કે આટલું તો કર્યુંને? પહેલાં આટલું નહોતો કરતો હવે આટલું કરું છુંને! પહેલા બિલકુલ સત્સંગ નહોતો કરતો, હવે રોજ બે કલાક, ચાર કલાક, પાંચ કલાક, છ કલાક સત્સંગ કરું છું - એમ અટકે નહિ. ભેદજ્ઞાન સુધી પહોંચે ત્યારે છૂટકો થાય. એ ભેદજ્ઞાનથી અનુભવ સુધી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરી લેશે.

'**મંદ-મંદ ભાવના કે ઉપર ઉપરથી ભાવના કે મંદ-મંદ પુરુષાર્થ કર્યા કરે એ ઉગ્ર ભાવના નહિ.**' એ ઉગ્રતામાં અને મંદતામાં આ ફરક છે. મંદતાવાળાને પરિણતિ નથી થતી. ભાવનાની યોગ્ય પરિણતિ, ભાવના અનુસાર પરિણતિ નથી થતી. અને એ પહેલા જે સંસાર ઉપાસવાની ભાવનાની પરિણતિ થઈ ગઈ છે, સંસારને ઉપાસવાની ભાવના છે જીવને - એની પરિણતિ થઈ ગઈ છે; એ પરિણતિ બદલાતી નથી, તૂટતી નથી. કેમકે એ પણ તીવ્ર રસે કરીને થઈ છે. એટલે જેટલું વજન તમે સંસારને આપ્યું છે એથી વધારે વજન આપો ત્યારે ત્રાજવાનું એ પલ્લું ઊંચું થઈને આ પલ્લું નીચું બેસે. વજન આપવો એટલે રસ લેવો. સંસારનો રસ લીધો છે એના કરતા આત્માને મુક્ત થવાની ભાવનામાં રસ લેવો જોઈએ, અધિક રસ લે તો પરિણતિ બદલાય. એટલે ઉપર-ઉપરની મંદ ભાવનાથી કે ઉપર-ઉપરની ભાવનાથી કાર્ય થતું નથી. એવી ઉપર-ઉપરની ભાવના અનંતવાર કરી જીવે અને ઉપર-ઉપરની ભાવનાથી ધર્મસાધન પણ કર્યા. દીક્ષા લીધી તોપણ ઉપર-ઉપરથી. ભૂતકાળમાં આ પરિસ્થિતિ ચાલી છે. એ પાયાનો ફેરફાર છે. આ શેનો ફેરફાર છે? foundation બરાબર મજબૂત હોવું જોઈએ.

'**આ તો અંતરને ભેદી નાખે-**' આ તો અંતરને ભેદી નાખે. '**અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે, એવી ભાવના કોઈ જુદી જ હોય છે.**' કૃપાળુદેવે બીજા શબ્દોમાં વાત કરી ૫૬૯ પત્રમાં. 'તથારૂપ યોગ પ્રાપ્ત થયે અંતરભેદ જાગૃતિ થાય તો તે જીવને મોક્ષ વિશેષ દૂર નથી.' તથારૂપ આત્મજોગ પ્રાપ્ત થયે, એને આત્મયોગ કહ્યો છે. આત્મયોગ એટલે આત્મકલ્યાણકારી જોગ. જોગ એટલે ઉપાદાન-નિમિત્તનો સંયોગ એને જોગ કહેવામાં આવે છે. પોતાને પણ આત્મકલ્યાણની ભાવના ઉપાદાનમાં યથાર્થ તીવ્ર થઈ હોય અને જ્ઞાનીપુરુષનો સંયોગ પણ, એ આત્મકલ્યાણ કેવી રીતે થાય એવું દર્શાવનાર, એની કાર્યપદ્ધતિ બતાવનાર જ્ઞાનીપુરુષનો યોગ-સંયોગ થાય - એમ એવો બન્ને મેળ બરાબર થાય એને આત્મકલ્યાણકારી યોગ કહેવામાં આવે છે. એ સમાસ કરી નાખ્યો - 'આત્મજોગ'. કલ્યાણકારી શબ્દને સમાવી લીધો અંદર. એને સમાસ કહે છે વ્યાકરણની ભાષામાં. છઠ્ઠી વિભક્તિના સમાસ તો ચાલુ ભાષામાં બહુ વપરાય છે. છઠ્ઠી વિભક્તિ

એટલે શું? સંબંધ. છઠ્ઠી વિભક્તિ 'સંબંધ' છે. તો એમાં નો, ની, નુ, ના વપરાય છે. એ વચમાં એનો અક્ષર નીકળી જાય અને સીધે સીધું બોલે એને ષષ્ટી સમાસ કહે છે વ્યાકરણની ભાષામાં - 'ષષ્ટી સમાસ' ભાષામાં શબ્દનો પ્રયોગ ટૂંકી ભાષામાં. વ્યવહારમાં પણ ટૂંકી ભાષા હોય છે.

શું કહે છે? કે '**આ તો અંતરને ભેદી નાખે-અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે, એવી ભાવના કોઈ જુદી જ...**' એટલે જુદાં પ્રકારની હોય છે. એનો પ્રકાર જુદો. ઉપર-ઉપરની ભાવનાનો પ્રકાર જુદો. એમ કહેવું છે. '**અંદરથી ચૈતન્યના માર્ગે ચાલતાં તેને શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે.**' લ્યો પરિણતિનો જ વિષય લીધો કે નહિ? એ જોકે પરિણતિનો વિષય બહુ આવતો હતો એમની ચર્ચામાં. અહીંયાં પણ એ વાત છે એટલે એ વાત લીધી છે કે '**અંદરથી ચૈતન્યના માર્ગે ચાલતાં...**' જુઓ! એ આત્માના માર્ગે ચાલે છે. ભાવનાવાળો ક્યાં ચાલે છે? આત્માના માર્ગે ચાલે છે. '**તેને શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે.**' ભિન્ન પડી જાય છે.

મુમુક્ષુ :- કોઈપણ પરિણતિ છે એ પુરુષાર્થથી પ્રગટ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુરુષાર્થ અને રસ. પરિણતિમાં રસ હોય ત્યાં પુરુષાર્થ હોય, પુરુષાર્થ હોય ત્યાં રસ હોય. બંને અવિનાભાવી છે.

'**અલ્પ વિભાવ પરિણતિ અધૂરાશને લઈને થાય છે, પણ તે ભેદજ્ઞાન કરે છે કે હું તો ચૈતન્ય છું,...**' પછી જે વિભાવ પરિણતિ મોક્ષદશા ન પ્રગટ થાય ત્યાં સુધી સાધકદશામાં અલ્પ વિભાવ પરિણતિ છે એ અધૂરાશને લઈને છે. પુરુષાર્થની અધૂરાશ. એને - વિભાવપરિણતિને કર્મધારા કહે છે. ભેદજ્ઞાન કરે છે, સાધક છે - ધર્માત્મા છે એ '**ભેદજ્ઞાન કરે છે. કે હું તો ચૈતન્ય છું, આ વિભાવ મારો નથી.**' એ મારું સ્વરૂપ નથી. એ રોગ છે. એનો પ્રતિકાર કરવા યોગ્ય છે, એનો નાશ કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :- અભિપ્રાય ફરી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય તો અહીંયાં ભાવના થઈ એ ભાવના અભિપ્રાયને ફેરવી નાખે છે.

મુમુક્ષુ :- વિભાવ પ્રત્યે આદરબુદ્ધિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વિભાવ આદરવો એ વાત જ નથી. અભિપ્રાયમાં એનો નિષેધ છે. આખા સંસારનો નિષેધ છે. મુક્ત થવાની આત્મકલ્યાણની ભાવનામાં આખા સંસારનો નિષેધ છે. પૂરેપૂરા સંસારનો નિષેધ છે. ભાવનાના વિષયમાં તો સ્વાધ્યાયમાં

આપણે ઘણી વાતો ચાલી છે. અંતરમાંથી આવેલી ઉગ્ર ભાવના, તીવ્ર ભાવના છે એ સફળ થયા વિના રહેતી નથી. સફળ થાય એવા બાહ્યસંયોગો ન હોય તોપણ એ ભાવના સફળ થાય છે. અને સંયોગોને બદલવું પડે છે, ભાવના બદલાતી નથી. સંયોગો તો ભાગ્ય આધિન છે, તો કહે ભાગ્યને પણ બદલવું પડે. ભાગ્ય છે એ કુદરતી થયેલું છે. પોતાના પરિણામ છે એ કુદરતી સર્જન થયું. તો કહે એમાં પણ ફેરફાર કરે એ.

અંદરમાં ભાવના સંસાર પરિણતિને ભેદે અને બહારમાં કોઈપણ પરિસ્થિતિને ભેદે. એની કોઈ મર્યાદા નથી, એની કોઈ મર્યાદા નથી. બહેનશ્રીના શબ્દોમાં કહીએ તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. જો ભાવના સફળ ન થાય તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. જગતમાંથી એક પરમાણુનો પણ નાશ થતો નથી. અવસ્થાથી અવસ્થાંતર થાય છે પણ કોઈ પરમાણુનું નવું સર્જન થતું નથી કે કોઈ પરમાણુનો સર્વનાશ થતો નથી. ભાવના માટે એમણે એવી કલ્પના કરી છે કે, જે અનંત પરમાણુનો પિંડ છે, ચૌદ બ્રહ્માંડ એટલે અનંતાઅનંત પરમાણુનો પિંડ છે એને (માત્ર) બદલવું પડે એમ ન કહ્યું, (પણ) શૂન્ય થવું પડે! એનો નાશ થઈ જાય! ભાવનાનો નાશ ન થાય, એનો નાશ થઈ જાય. એ તો થાય નહિ કોઈ દિવસ. એટલે કે ભાવના નિષ્ફળ જાય નહિ કોઈ દિવસ. એટલી જોરથી વાત કરી છે.

દૃષ્ટાંતમાં પણ ભાવનાનું જોર અછાનું રહેતું નથી, છુપાતું નથી - એવું જોરદાર દૃષ્ટાંત લીધું છે. મેરુ પર્વતને તોડી નાખે ને એવું નાનું-નાનું ન લીધું કાંઈ કે ભાવના છે એ મેરુ પર્વતના ભૂકા બોલાવી દે એમ ન કહ્યું. ચૌદે ચૌદ બ્રહ્માંડના ભૂકા બોલાવી દે એમ નહિ, નાશ કરી નાખે. શૂન્ય થઈ જાય. શું ભાવનાની તાકાત છે! આ તો મુમુક્ષુની ભૂમિકાની વાત લીધી છે. જ્ઞાનીની શક્તિ કેટલી? અને એ એક સમયની પર્યાય છે જ્ઞાનીની પણ, તો આત્માની શક્તિ કેટલી? આત્માની તાકાત કેટલી અંદરમાં! કે એની કોઈ હદ અને મર્યાદા નથી, એને નીચે કોઈ તળિયું નથી, બેહદ છે!!

એકવાર શક્તિનો ઓળખાણથી યથાર્થ મહિમા આવે, શક્તિને ઓળખીને, એટલે બધી શક્તિઓ પ્રગટી જાય. એ મહિમાથી બધી શક્તિઓ પ્રગટ થઈ જાય. આનંદમાં પરમાનંદ પ્રગટ થઈ જાય. જ્ઞાનમાં સર્વજ્ઞ શક્તિ પ્રગટ થઈ જાય. કાંઈ બાકી રહે નહિ. અનંત ઐશ્વર્ય પ્રગટ થવાથી એને લોકો ઈશ્વર કહેવા માંડ્યાં. શું કહે છે? કે ભાઈ! આ ઈશ્વર છે. વાત તો એમ છે કે પોતાના સામર્થ્યને, સ્વરૂપના ઐશ્વર્યને એમણે પ્રગટ કર્યું છે. અનંત ઐશ્વર્યમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય એ બધું પ્રગટ થાય છે. એ બધું પ્રગટ થવાની શક્તિ, પ્રગટ થવાનું પહેલું ચરણ ભાવનામાં છે. અથવા એ બધો જન્મ પામશે એ ભાવનાના ગર્ભમાં આવ્યું છે માટે જન્મ પામશે. માણસનો

જન્મ થાય છે એ પહેલા ગર્ભ ધારણ કરે છેને? તો કહે એ મોક્ષદશાનો જન્મ થશે. ભગવાનપણું ઈશ્વરત્વ પ્રગટ થશે એનો ગર્ભ ક્યા? કે ભાવનામાં છે! એટલું ભાવનાનું એવું સ્વરૂપ છે. બહેનશ્રીનો આ main subject છે અને આ વિષય ઉપર એમની mastery હતી એમ કહીએ તો ચાલે.

કોઈપણ મુમુક્ષુ હોય કાંઈ જોવાની જરૂર નથી કે તું કેટલા પાપ કરીને આવ્યો છો? પુણ્ય કરીને આવ્યો છો? (બીજું) કાંઈ નહિ, ભાવનામાં આવ! તારા આત્મકલ્યાણની ભાવનામાં આવ! બસ! અને એમાં તને વાંધો શું છે એ કહે? તારે તારું કલ્યાણ કરવું એવી ભાવના તને ઊભી થાય એમાં તને શું વાંધો હોય શકે? હાથે-હાથે કલ્પેલા બધા, મોહથી કલ્પેલા તારા પ્રકારો તને આડા આવશે. કાંઈ વાંધો નહિ. એ બધાને ભેદવા માટે આ ભાવના ઊભી થઈ છે. પોતાના જ પરિણામ છે. પૂર્વે જે કરેલા ગડબડવાળા પરિણામો છે એ બધા સામે આવે છે બસ! ભાવના એને તોડી નાખે છે. ભાવના પાછી વળતી નથી. લીધું છેને આમાં ('અનુભવ સંજીવની'માં)? વાદળા જોઈને સૂર્ય કાંઈ પાછો ફરે નહિ. એ તો ઊગ્યો એ ઊગ્યો જ. એ મધ્યાહ્ને આવવાનો, વાદળા હોય કે વાદળા ન હોય. એમ પછી ભાવનાના સૂર્ય પાસે બધા અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોના વાદળા એ વાદળાથી ભાવના કાંઈ પાછી ફરે નહિ. શક્તિવાળી ચીજ છેને! ભાવના પોતે શક્તિવાળી ચીજ છે. એની પાસે જગતના કોઈ પ્રકારો ભાવનાને છેદી શકે એ વાત નથી, ભેદી શકે એ વાત નથી. ભાવના બધાને ભેદશે!!

'આ રીતે અંતરને ભેદી નાખીને ચૈતન્ય તરફ તેની પરિણતિ દોડી જાય છે...' જ્યારે અંતર ભેદાય છે ત્યારે નવી જે પરિણતિ ઉત્પન્ન થાય છે તે પોતાના સ્વરૂપ પ્રત્યે દોડ લગાવે છે, ધીમે-ધીમે ચાલતી નથી. કેવો શબ્દ પ્રયોગ આવ્યો? **'દોડી જાય છે...'** ધસે છે. એવો એક વેગ-સંવેગ ઉત્પન્ન થાય છે. શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા એ સમ્યક્ત્વના પાંચ લક્ષણો કહ્યા છે. એમાં સંવેગ છે એ મુખ્ય વાત છે. કેમકે એને આધીન બધું ચાલે છે. એમાં પુરુષાર્થ છે, સંવેગમાં પુરુષાર્થ છે. એટલે બાકીના ચાર ફૅક્ટરો એને લઈને છે એમ કહીએ તો ચાલે.

'આ રીતે અંતરને ભેદી નાખીને ચૈતન્ય તરફ તેની પરિણતિ દોડી જાય છે...' શું થાય છે? પોતાની પરિણતિ દોડી જાય છે. **'અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે.'** ભાવના વિનાના જીવને ઈચ્છા થાય કે મારે સ્વરૂપ ગ્રહણ કરવું છે, (ત્યાં) ગ્રહણ કરવું એટલે અનુભવ કરવો. પણ કેમ અનુભવ કરવો? એ સમસ્યા હોય છે. ભાવનાવાળાને ઑટોમેટિક સૂઝ આવે છે અને ગ્રહણ થાય છે. બીજા બધા ફૅક્ટરો આપોઆપ ઉત્પન્ન થાય છે. ભાવના હોય ત્યાં બીજા ભાવનાને આનુષંગિક પરિણામો,

એ કામ થવા માટે જે coordination થવું જોઈએ એ આપોઆપ થવા લાગે છે. એ મુખ્ય કામ ભાવનામાં આવવાનું છે. ભાવના ઉપર પણ આખો આર્ટિકલ તૈયાર થાય એવું છે.

મુમુક્ષુ :- કલકત્તામાં ભાવનાના બોલ કર્યા હતાને ત્યારે મને પણ એ વિચાર આવ્યો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા! આપણે એમાં એ લીધું હતું ને આત્મકલ્યાણકારી ભાવના. 'મુમુક્ષુતા આરોહણ ક્રમ'માં (પુસ્તકનાં ટાઈટલપેજના ચિત્રમાં)એ વાત લીધી છે. અહીંયાં લીધું છે. આત્મકલ્યાણકારી ભાવના! આ જગ્યાએ. કોના માટે લીધી છે કે આ જે ભાઈ ઊભા છે સાધક, જે ગુરુઆજ્ઞાનું દોરડું પકડીને ઉપર ચડવા માગે છે એણે ભાવના(નું ભાતું સાથે લીધું છે,) એ ભાવનાવાળો ધ્યેય બાંધશે અને ધ્યેય અનુસાર પુરુષાર્થ કરશે અને બધા પરિણામો જેટલા જરૂરી છે એ બધા પરિણામો ઊભા થવાના. ઑટોમેટિક ઊભા થવાના.

મુમુક્ષુ :- નીવનો પત્થર છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાયાનો પત્થર છે. આપણે કાલે પેલી મૂંઝવણની જે વાત થઈ હતી એ ભાવનાદર્શક છે. પરિભ્રમણની વેદના આવે છે એ ભાવનાનું પ્રદર્શન કરે છે કે હવે આને ભાવના બરાબર ઊભી થઈ. એ વાત છે અંદર. પછી એ જ ભાવનાનું development છે આગળ જતાં. પૂર્ણતાનું લક્ષ થાય ત્યારે એ જ ભાવના તીવ્રતા-સંવેગવાળી થાય છે. પૂર્ણતાના લક્ષ પછી એ ભાવનામાં સંવેગ ભળે છે, પુરુષાર્થ ભળે છે એટલે એનું કામ બરાબર right ટ્રેકમાં, right સ્પીડમાં ગાડી ચાલે છે. એટલે નિર્ધારિત સ્થળે right ટાઈમે પહોંચશે. પછી એને વિકલ્પ નથી આવતો કે મોડું થાય છે. એ વિકલ્પ નથી આવતો. આમ કેમ થતું નથી? કેમ પહોંચાતું નથી? એનો પણ વિકલ્પ આવતો નથી. જેમ માઈલોમીટરની અંદર કાંટો બોલે છે એટલે એ પ્રમાણે ઑટોમેટિક distance કપાઈ જ જાય છે. એમ આમાં પણ એવું જ છે. પછી એમાં વિકલ્પ નથી આવતો કે કેમ ફલાણું આવ્યું નહિ? કેમ આટલા માઈલ કપાઈ ગયા નહિ? એ તો જેટલી તમારી સ્પીડ છે એના પ્રમાણે માઈલ કપાય છે. એટલે નોર્મલ સ્પીડ - ઍક્સિડન્ટ પણ ન થાય અને મોડું પણ ન થાય. right ટ્રેકમાં, right સ્પીડમાં, right ટાઈમે destination આવીને ઊભું રહે છે. વચ્ચે કાંઈ ચિંતા નહિ, આકુળતા નહિ, વિકલ્પ નહિ, કોઈ ટેન્શન નહિ. મુક્તભાવમાં મસ્તી કરતો-કરતો આગળ ચાલ્યો જાય. બંગાળમાં ચૈતન્ય મહાપ્રભુ થયા હતાને? એ મસ્તીમાં જ ચાલતા હતા. ગળામાં એક મૃદંગ લટકાડી રાખતા. લાંબું આવેને એને મૃદંગ કહે છે. મૃદંગ! એ લટકાડી રાખતા.

એ ભક્તિમાં બહુ રહેતા હતા. ચાલતા જાય ને ભક્તિ કરતા જાય. રસ્તામાં એને એ જ પરિસ્થિતિ હોય. કોઈ શું કહે છે એ જોવા ન રહે. લોકો શું કહે છે એ જોવા ન રહે. આજે લોકો એની ભક્તિ કરે છે બંગાળમાં. પણ એણે લોકસંજ્ઞા એ વખતે તોડી નાખી હોય છે. એનો force જ એટલો હોય છે ભાવનામાં. એ ભાવનાવાળો લોકસંજ્ઞામાં રહેતો નથી. અમલીકરણમાં આવતો હોવાથી એ ઓઘસંજ્ઞામાં પણ રહેતો નથી.

મુમુક્ષુ :- દેખનેવાલે ભી ભક્તિભાવકી મસ્તીમેં આ જાતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- હા! એની સાથે ચાલવાવાળા બધા પછી એવી રીતે ભક્તિમાં જોડાઈ જતા.

મુમુક્ષુ :- પગ જમીન ઉપર નહોતા રહેતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- નાચતા જાય.

પૂજ્ય ભાઈશ્રી :- નૃત્ય કરતા-કરતા ચાલે. રસ્તા ઉપર તમે કરો તો લોકો ગાંડા જ ગણેને! કે આનું ઠેકાણે નથી. તો કહે વાત તો સાચી છે. ઠેકાણે નથી પણ કોઈ બીજા ઠેકાણે છે. લૌકિકદૃષ્ટિમાં ઠેકાણે નથી પણ કોઈ અલૌકિક ઠેકાણે છે.

મુમુક્ષુ :- ઘેલાની વાતો ઘેલા જ જાણે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ વ્યવહારની મર્યાદા તૂટી જાય એનું શું? જ્યાં આવા પ્રકારના feeling સ્ટેજના પરિણામો ઉગ્રતા ધારણ કરે ત્યાં મર્યાદામાં ફેરફાર થઈ જાય છે. મર્યાદા રહેતી નથી. પછી ડાહ્યા માણસો એની ટીકા કરે!

મુમુક્ષુ :- ડાહ્યા?

પૂજ્ય ભાઈશ્રી :- લૌકિકમાં ડાહ્યા માણસો એની ટીકા કરે. મર્યાદામાં રહેવું જોઈએ. ગમે તેમ પણ હોય પણ મર્યાદામાં રહેવું જોઈએ.

મુમુક્ષુ :- બીજાને નુકસાન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તે દી' એ ચૈતન્ય મહાપ્રભુને જોઈને કોઈના પરિણામોને નુકસાન થયું હશે, પણ આજે કેટલા બધા એને ભજે છે? કેટલા બધાને લાભ થયો? લૌકિક અવગુણ અલૌકિક સદ્‌ગુણમાં પરિણમે છે. કેવો હિસાબ-કિતાબ વિચિત્ર છે!! લૌકિક અવગુણ અલૌકિક સદ્‌ગુણમાં પરિણમે છે.

બહેનશ્રી ઘર છોડીને ભાગ્યા. યુવાન છોકરી ઘર છોડીને ભાગે એટલે લૌકિક મર્યાદા તોડી. પંદર વર્ષની ઉંમર તો યુવાનીમાં આવી ગયા. ઘર છોડીને ભાગી ગયા. તો લૌકિક મર્યાદા તો તોડીને? વડીલોની રજા લેવી જોઈએ. પણ વડીલો કાંઈ રજા આપે એવું

હતું નહિ. એની ભાવનામાં કાંઈ મર્યાદા રહે એવું નહોતું.

મુમુક્ષુ :- ત્યાં રહેવું પોસાતું નહોતું.

પૂજ્ય ભાઈશ્રી :- પોસાય એવું નહોતું. લોકોએ-સમાજે ટીકા કરી હશે. જુઓ! ફલાણાની છોકરી, ફલાણાની વહુ. લગન થઈ ગયા હતા. કોઈ એક ઘરની વહુ અને બીજા ઘરની દીકરી ગણાય. બેય પક્ષની આબરૂને થોડો ધક્કો લાગે. લોકોને ચર્ચાનો વિષય થાય, ટીકાનો વિષય થાય. એને અવગુણ ગણવો કે સદ્‌ગુણ ગણવો?

મુમુક્ષુ :- એને ક્યાં સમાજમાં રહેવું હતું?

પૂજ્ય ભાઈશ્રી :- કે જે સમાજે ટીકા કરી એ સમાજનો સંબંધ તો તોડવા નીકળ્યા હતા! અને એ ભાવનાથી નીકળ્યા હતા તો આત્મકલ્યાણ કરી લીધું. હવે એને અવગુણ કેમ કહેવાય? જે કારણથી આત્મકલ્યાણની પ્રાપ્તિ થઈ. એ prove થઈ, સાબિત થઈ. તો એને અવગુણ ગણવો? તેને અવિવેક કેમ કહેવો? એ વાત ત્યાં લાગુ પડતી નથી. એવા કેટલાક હિસાબ-કિતાબો જુદી જાતના હોય છે જે લૌકિકજનોને સમજાય એવા નથી હોતા. પછી પાછળથી ભજે, પણ એ વખતે તો આકરા-ઉતાવળા થઈને દોઢ-ડહાપણ કરીને અભક્તિ કરી લે. એવું થાય.

મુમુક્ષુ :- ભાવનાવાળા જે હોય છેને એ immature હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો immatured છે એ અવગુણ છે, લૌકિક દૃષ્ટિએ maturity ગુણ છે. પણ યથાર્થતા હોય ત્યાં બીજો પ્રકાર છે. યથાર્થ ભાવના હોય ત્યાં બીજો પ્રકાર છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવમાં આવે છેને આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- હા કેવળજ્ઞાન સુધી પહોંચી જશે. ભાવના ભાવવાવાળો કેવળજ્ઞાન સુધી પહોંચી જવાનો. એમ કહેવું છે.

આશય :- (૨૨૧) :- **આત્મકલ્યાણની ભાવના જીવને બે પ્રકારની ઉત્પન્ન થાય છે. એક મંદ અને બીજી તીવ્ર. મંદ ભાવનાથી સંસાર પરિણતિ મટતી નથી. તીવ્ર ભાવના અંતરની સંસાર પરિણતિને ભેદીને ભેદજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે, કે જેનું ફળ પૂર્ણ મોક્ષદશા છે. એવી યથાર્થ આત્મભાવના ઉત્પન્ન કરાવવાનો અહીં આશય છે.**

પ્રશ્ન :– આપ કહો છો ને કે ભલે ઉપર ઉપરથી કર, પણ ગમે તેમ કરીને તે રસ્તે જા!

સમાધાન :– હા, તે રસ્તે જા. અંતરમાં તારું લક્ષ અને ભાવના એમ રાખ કે ઊંડાણમાં જવા જેવું છે. કરવાનું ઊંડાણમાં (જ્ઞાયકમાં) છે પણ મારામાં હજી ઘણી અધૂરાશ છે એમ નક્કી કરીને ઊંડાણનું લક્ષ કરવાનો પ્રયત્ન કર. ઉપર ઉપરથી થાય તેને છોડી ન જ દેવું, કારણ કે અમે તને અશુભમાં આવવાનું નથી કહેતા, અને શુભમાં રોકાવાનું પણ નથી કહેતા. તને તીસરી ભૂમિકામાં જવાનું કહીએ છીએ, અમે ઊંચે–ઊંચે જવાનું કહીએ છીએ ત્યાં તું નીચે ક્યાં પડતો જાય છે! એમ આચાર્યદેવ કહે છે. અમારો કહેવાનો આશય એ છે કે તું તીસરી–શુદ્ધ સ્વભાવની–ભૂમિકા પ્રગટ કર. શુભ તો વચ્ચે આવે છે, પણ તે તારો સ્વભાવ નથી. શુભ અને અશુભ સરખી કોટિના છે એમ તું સમજ અને જે આત્માની તીસરી ભૂમિકા અમૃતકુંભ છે તેને ગ્રહણ કર. માટે ઊંચે જવાનું કહીએ છીએ, પણ તેથી તને ઉપર–ઉપરથી ભાવના આવે તે છોડી દેવાનું નથી કહેતા. જો ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધસ્વભાવમાં જઈ શકાય તો તેને તું પ્રગટ કર. પણ ન જઈ શકે તો તેને છોડીને અશુભમાં જવાનું કહેતાં નથી, ઉપર–ઉપરની ભાવના કાંઈ કામની નથી એમ કરીને છોડવાની નથી, પણ તું ઊંચી પરિણતિને પ્રગટ કર એમ કહેવાનો આશય છે.

ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ મારતાં ભગવાનનાં દ્વાર ન ખૂલે તો થાકીને પાછો નહિ આવતો, ભગવાનનાં દ્વાર ખૂલી જશે. તું ટહેલ મારવી છોડતો નહિ. તેમ ચૈતન્યમંદિરે તું ટહેલ માર કે હું ચૈતન્ય છું. પ્રથમ ઉપર–ઉપરથી તને સમજાય તે છોડતો નહિ. તને ચૈતન્ય ન ઓળખાય ત્યાં સુધી ત્યાં ટહેલ માર્યા જ કરજે, લક્ષ રાખજે કે મારે હજુ ઘણું આગળ જવાનું છે. તારો પુરુષાર્થ ઊપડતાં ચૈતન્યમંદિર ખૂલવાનો તને અવકાશ છે. દૂર જઈશ તો ઊલટો તું આઘો જઈશ. દૃષ્ટિ બરાબર રાખજે કે હજી મારે અંદર જવાનું છે. ઉપર–ઉપરની ભાવનાથી કાંઈ પ્રગટ નથી થતું; પણ અંદરની ભાવના પ્રગટ કરવા માટે તું સમજજે કે આ ઉપર–ઉપરનું છે, હજી અંદરનું કરવાનું મારે બાકી છે, એમ યથાર્થ સમજે તો આગળ જઈ શકાશે. જ્ઞાયક છું–જ્ઞાયક છું એમ ઉપર–ઉપરથી થાય તો પણ અંતરમાં જવું છે તે ભાવના તું છોડીશ નહિ, તે છોડવાનું નથી કહેતા. અંદરની ભાવના એવી હોય છે કે ભેદજ્ઞાન થાય અને અંતરને ભેદી નાખે. ચૈતન્યમંદિરનાં બારણાં ખૂલીને ચૈતન્ય ભગવાન પ્રગટ થાય એ ભાવના

જુદી જ આવે છે. પણ તું ઉપર ઉપરની ભાવના દૃઢ કરતો જજે–તો કોઈવાર તારો ઉગ્ર પુરુષાર્થ થશે તો અંદર જવાશે. દૃષ્ટિ શુદ્ધ ઉપર રાખજે. ૨૨૨.

તા. ૪-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૨
પ્રવચન નં. ૧૬૪

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૩૮. પ્રશ્ન-૨૨૨. '**આપ કહો છો ને કે ભલે ઉપર ઉપરથી કર, પણ ગમે તેમ કરીને તે રસ્તે જા!**' એ વચનામૃતમાં એ વાત છે. આગળ એ વાત ચાલી કે ભાવના ઉપર ઉપરની ન હોવી જોઈએ, અંતરના ઊંડાણથી ભાવના હોવી જોઈએ. ત્યારે એની સામે cross question જેવી વાત છે, કે આપ એમ પણ કહો છો કે ઉપર ઉપરથી પણ કર, પણ ગમે તેમ કરીને તું તારું કામ તો ચાલુ કર!

હવે આમાં પણ શું છે? આવા પ્રશ્ન કેમ ઊભા થાય છે? કે ઉપરની કે નીચેની ભૂમિકા ન સમજાતી હોય અથવા બંને વાત જુદાં-જુદાં અયોગ્યતાવાળા જીવને કહેવાણી છે. એમાં પહેલી વાત કયા પ્રકારની યોગ્યતાવાળા જીવને કહેવાણી છે? બીજી વાત કયા પ્રકારની અયોગ્યતા હોવાથી કહેવાણી છે? એવું ન સમજાતું હોય ત્યારે આ પ્રકારના પ્રશ્નો મૂંઝવે છે. આવી સમસ્યા મૂંઝવે છે કે આમ પણ કહે છે અને આમ પણ કહે છે. જે વાત કહે છે એની ના પણ પાડે છે. એ વાત કહે છે પણ ખરા અને એની ના પણ પાડે છે. ઉપર-ઉપરથી કર એમ પણ કહે છે અને ઉપર-ઉપરથી નહિ કર, અંદરના ઊંડાણથી કર એમ પણ કહે છે. આ પ્રકારના ઘણાં વચનો, લગભગ બધા મહાપુરુષોના વચનોના ઉપદેશમાં, ઉપદેશ વચનોમાં હોય છે. અને કયા પ્રકારની અયોગ્યતા સામે આ કહેવાણું છે એ ખબર ન હોય એટલે એમ થાય કે એક જ પ્રકારની યોગ્યતાવાળાને બે વાત કેવી રીતે લાગુ પડે? મૂંઝવણ અહીંથી ઊભી થાય છે. બીજું કે સ્વાધ્યાય તો સ્વલક્ષે કરવાનો છે. તો મને બેમાંથી કઈ વાત લાગુ પડે છે? એટલો જ વિચાર કરવાનો છે. બેય વાત તો મને લાગુ પડવાની નથી. બેમાંથી કોઈ એક વાત લાગુ પડવાની છે. તો બીજી વાતનો વિચાર હમણા સાઈડ ઉપર રાખો. લાગુ પડે એનો પ્રયોગ કરવો. પછી બીજી વાત આપોઆપ સમજાય જશે. એવી પદ્ધતિ હોવી જોઈએ.

હમણાં પાંચ-છ દિવસ પહેલાં (મુમુક્ષુ)ભાઈનો પ્રશ્ન આવ્યો છે એમાં એવી જ વાત છે. એમાં ગુરુદેવ નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વાત કરે છે એમાં નિમિત્તનો નિષેધ કરે છે, કૃપાળુદેવ જ્ઞાનીના નિમિત્તની મુખ્યતા કરે છે કે તને જ્ઞાનમાં જ્ઞાન જોઈએ

છે પણ જ્ઞાની પ્રત્યે તને પ્રેમ નથી, ભક્તિ નથી, તો એ જ્ઞાન તને કેવી રીતે ચડશે? ગુરુદેવ કહે તને જ્ઞાની ઘણીવાર મળ્યા પણ તેં પાત્રતા તૈયાર કરી નહિ તો તારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થયો જ નથી. નિમિત્ત તરફથી લક્ષ ફેરવીને અંતરમાં ઉતર ત્યારે જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અમે કહીએ. માટે નિમિત્ત તરફનું લક્ષ ફેરવ! હવે contradiction ક્યાં આવ્યું? કે લક્ષ કરવું, આ કહે કે લક્ષ ન કરવું - આમ વાત સામે સામી થઈ ગઈ. પણ આમાં કયા પ્રકારની યોગ્યતા છે તેથી આમ કહ્યું? અહીંયાં ક્યા પ્રકારની અયોગ્યતા છે તેથી આમ કહ્યું? એ વાતનો વિચાર પોતે ન કરે, તેમ બીજાની યોગ્યતા-અયોગ્યતાનો ઠીક પણ મને શું આમાં લાગુ પડે છે એનો પણ વિચાર ન કરે તો સમાધાન થાય નહિ. અને એમાં ને એમાં અટવાયા કરે. કેમકે આવી અનેક વાતો મળવાની પાછી. એક વાત નહિ મળવાની, આવી અનેક વાતો મળવાની. બધેય એને મૂંઝવણ ઊભી થવાની. ઝાઝું વાંચીને ઝાઝી મૂંઝવણ ઊભી કરવા જેવું થાય.

મુમુક્ષુ :- બધા પગથિયા જ છે એટલે એમ કે પગ ઉપાડીને આગળ મૂકીએ. એટલે એમ કે અહીંયાં પગ મૂક!

પૂજ્ય ભાઈશ્રી :- પગ મૂકવાનું કીધું અને પાછું પગ ઉપાડી લેવાનું કીધું. જે પગથિયે પગ મૂકવાનું કીધું હતું એ જ પગથિયેથી પગ ઉપાડી લેવાનું પાછું કહે છે. કહે કે ન કહે? એમાં શું ખોટું છે? કેમકે પહેલાં નીચેના પગથિયે હતો. જ્યારે ઉપરના પગથિયે પગ મૂકવાનું કીધું ત્યારે નીચેના પગથિયે હતો. જ્યારે એ પગ ઉપાડી લેવાનું કીધું ત્યારે એને ઉપરના પગથિયે પગ મૂકવાની વાત છે. એમાં ખોટું શું છે? એટલે પ્રૅક્ટિકલ સાઈડનું knowledge ન હોય અથવા પ્રૅક્ટિકલ સાઈડથી thinking ન હોય, ત્યારે આવી બધી તકલીફો ઊભી થાય છે. અને આવી બધી તકલીફો થાય ત્યાં સત્સંગ વગર તો માર્ગદર્શન મળે નહિ, સ્પષ્ટતા થાય નહિ, એટલે એ પણ સત્સંગની અનિવાર્યતાને સૂચિત કરે છે. જોઈએ હવે આમાં શું સ્પષ્ટીકરણ આપે છે. વિસ્તાર તો ઘણો કર્યો છે. કેમકે cross question આવ્યો છે ને? એટલે વિસ્તાર ઘણો કર્યો છે.

'હા, તે રસ્તે જા. અંતરમાં તારું લક્ષ અને ભાવના એમ રાખ કે ઊંડાણમાં જવા જેવું છે.' સીધો ઊંડાણમાં તું જઈ શકે એવી તારી યોગ્યતા નથી. (એટલે) એવી યોગ્યતાવાળાને એમ કહીએ છીએ કે તું ઉપર-ઉપરથી પણ શરૂ તો કર! પણ એ ઉપર-ઉપરથી શરૂ કર! એમ કહીએ ત્યારે પણ તું લક્ષ એમ રાખજે કે મારે ઊંડાણમાં જવાનું છે. પગ મૂકતી વખતે પગ ઉપાડવાનું લક્ષ રાખજે, ઉપર જવું છે માટે. એમાં શું ખોટું છે? એવી જ બિલકુલ વાત થઈ આ.

નીચે ઊભો છે એને એમ કહે છે કે, તું ઉપર-ઉપરથી કર. ઉપર-ઉપરથી કરતો

નથી અને બીજું-બીજું કરે છે એટલે. પછી કરે છે તો કહે કે એમ ઉપર-ઉપરથી નહિ ચાલે, ઊંડાણથી કર તો જ કામ થવાનું છે, નહિતર નહિ થાય. એ તો બરાબર જ કહે છે. તો બેયની યોગ્યતા જુદી છે. એક તો બિલકુલ કરતો નથી અને એક શરૂ કર્યું છે એની વાત છે. હવે કાંઈ contradiction લાગે? કે, ન લાગે.

આપણને પણ આપણા કોઈ મુમુક્ષુ હોય અને તે સત્સંગ છોડી દેતા હોય, તો આપણે એમ કહીએ કે ભાઈ સત્સંગ ચાલુ રાખોને તમે, સત્સંગમાં શું કરવા તમે gap પાડો છો? તમને તો થોડી-ઘણી અસર આવી હોય એ પાછી ઉડી જશે. સત્સંગમાં આવીને થોડી-ઘણી અસર થઈ હશે એ ઉડી જશે. માટે તમે રેગ્યુલર, સત્સંગમાં આવવાનું તો રેગ્યુલર રાખો. પછી રેગ્યુલર આવતા હોય એને શું કહે? કે આ સત્સંગ કાંઈ રૂટિન નહિ થઈ જવો જોઈએ. ઉપર-ઉપરથી અહીંયાં બેસીને વિચારો એ નહિ ચાલે. તમને જે કાંઈ લાગુ પડે એનું અમલીકરણ કરો, એનો પ્રયોગ કરો. પછી એની પાછી ચર્ચા કરો કે તમે કરો છો કે નથી કરતા? તમે બોલો જ નહિ તો તમે કાંઈક કરો છો કે નથી કરતા એ શું ખબર પડે? તો એને એમ કહેવું પડે.

ઊંડાણમાં જવા માટેના આ બધા પ્રયત્નો છે, તે પ્રયત્નમાં તમે આવો. માત્ર એમનેમ આવી ને ચાલ્યા જાવ રોજ સાંભળીને - એવું ન ચાલે. પણ એ તો કોને કહે? કે આવતો હોય એને. પણ ન આવતો હોય એને શું કહે? એને તો આવો એમ કહે. ભાઈ! હું આવું છું પણ બધું ઉપર-ઉપરથી ચાલે છે એટલે મારે છૂટી જાય છે. પેલો શું કહે છે? હું આવું જ છું પણ ઉપર-ઉપરથી આવું છું એટલે પછી બહુ મને લાંબું કાંઈ ટકાતું નથી એટલે વળી પાછો હું મૂકી દઉં છું. તો કહે એમ નહિ (તમે) આવો! આવ્યા પછી ઊંડાણથી વિચારવાનું, ઊંડાણમાં જવાનો પ્રયત્ન કરો તો તમે ટકી શકશો અને આગળ પણ વધી શકશો. એમ વાત છે.

જુઓ, '**હા, તે રસ્તે જા.**' એટલે શું? કે ઉપર-ઉપરથી પણ શરૂ કર ત્યારે અંદરમાં. '**અંતરમાં..**' એટલે અંદરમાં અભિપ્રાયમાં '**તારું લક્ષ...**' તારું ધ્યેય અને તારી '**ભાવના એમ રાખ કે ઊંડાણમાં જવા જેવું છે.**' ઊંડાણમાં ગયા વગર તું ઉપર-ઉપરથી કર્યા કરીશ તો સફળતા નહિ મળે. '**કરવાનું ઊંડાણમાં (જ્ઞાયકમાં) છે પણ મારામાં હજી ઘણી અધૂરાશ છે...**' ઘણી અધૂરાશ છે અથવા ઓછપ છે, કચાશ છે '**એમ નક્કી કરીને ઊંડાણનું લક્ષ કરવાનો પ્રયત્ન કર.**' એમ કહેવું છે.

'**ઉપર ઉપરથી થાય તેને છોડી ન જ દેવું,..**' નહિતર સાવ છોડી દઈશ તો પાછો ક્યાં ચાલ્યો જઈશ એનો પત્તો નહિ લાગે. જો છોડી દઈશ તો વળી બીજે પાછો તું લાગી જઈશ. કેમકે અસત્સંગનો ઘેરાવો ઘણો છે. અસત્સંગ અને કુસંગ થતાં વાર

લાગશે નહિ. માટે સત્સંગ તો તું ચાલુ રાખજે. '**ઉપર ઉપરથી થાય તેને છોડી ન જ દેવું,..**' જુઓ! ત્યાં પણ આગ્રહ રાખ્યો છે અને ઊંડાણમાં જવાનો પણ આગ્રહ રાખ્યો છે.

'**તેને છોડી ન જ દેવું, કારણ કે અમે તને અશુભમાં આવવાનું નથી કહેતા,...**' અથવા અમે તને અસત્સંગમાં જવાનું કે બીજે લાગી જવાનું, સાંસારિક પ્રવૃત્તિમાં લાગી જવાનું કહેતા નથી. '**તને તીસરી ભૂમિકામાં જવાનું કહીએ છીએ,...**' એ સોગાનીજીનો શબ્દ વાપર્યો. તીસરી ભૂમિકા. હિન્દી શબ્દ છેને? ત્રીજી ભૂમિકા.

મુમુક્ષુ :- એક લાઈન રહી ગઈ અડધી.

પૂજ્ય ભાઈશ્રી :- '**ઉપર ઉપરથી તેને છોડી ન જ દેવું, કારણ કે અમે તને અશુભમાં આવવાનું નથી કહેતા, અને શુભમાં રોકાવાનું પણ નથી કહેતા. તને તીસરી ભૂમિકામાં જવાનું કહીએ છીએ,...**' સોગાનીજીની લાઈન પકડી. અશુભમાં જવાનું કહેતા નથી, શુભમાં રોકાવાનું કહેતા નથી (પણ) શુદ્ધતામાં લઈ જવા માગીએ છીએ. ત્રીજી વાત એટલે શુદ્ધતામાં લઈ જવા માગીએ છીએ. શુભ અને અશુભ બંને મલિન છે. અશુભ વધારે મલિન છે. શુભમાં મલિનતા થોડી ઘટે છે. પણ વાત તો શુદ્ધિમાં જવાની છે. મલિનતામાં રહેવાની નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! શુદ્ધ કહો કે વિશુદ્ધ કહો એક જ વાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈવાર એકાર્થમાં પણ વપરાય છે અને કોઈવાર જુદી-જુદી રીતે પણ વપરાય છે. જેમકે બે સમ્યગ્દૃષ્ટિ છે. શુદ્ધિ અને વિશુદ્ધિના શાસ્ત્રની અંદર જુદાં-જુદાં અર્થો છે અથવા જુદાં-જુદાં ભાવમાં એ કહેવાયું છે. બે સમ્યગ્દૃષ્ટિ છે. બંનેને પ્રભાવના અંગ છે. સમ્યગ્દર્શનને આઠ અંગ હોયને? એમાં બંનેને પ્રભાવના અંગ છે. એટલે બંનેને ધર્મ પ્રભાવનાના ભાવો આવે છે. પણ એક સમ્યગ્દૃષ્ટિ તીર્થંકરગોત્ર બાંધે છે અને બીજો સમ્યગ્દૃષ્ટિ પ્રભાવના હોવા છતાં તીર્થંકરગોત્ર બાંધતો નથી. ગોત્ર અને નામકર્મ બેય. તીર્થંકર નામ કર્મ અને તીર્થંકરગોત્ર કર્મ. બન્ને અઘાતિની પ્રકૃતિ છે. નામ અને ગોત્ર. એક સમ્યગ્દૃષ્ટિ બાંધે અને બીજો ન બાંધે.

જે તીર્થંકર દ્રવ્ય હોય છે એને એ પ્રકાર હોય છે. અને બીજા સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં એને એ પ્રકાર નથી કે એને તીર્થંકર નામકર્મ અને ગોત્રકર્મ બંધાય. બને છે કે નથી બનતું? કારણ શું? તો કહે છે કે જે તીર્થંકર દ્રવ્ય છે એના પ્રભાવનાના પરિણામમાં ચોક્કસ પ્રકારની specific વિશુદ્ધિ હોય છે, જેને લઈને એ કર્મ બંધાય છે. આ બધા કરણાનુયોગના બધા સૂક્ષ્મ વિષય છે.

હવે ખરેખર તો બંને સમ્યગ્દૃષ્ટિને પ્રભાવનાના પરિણામ એ શુભરાગ છે. કેવા

છે? શુભરાગ છે. અને શુભરાગથી શુભકર્મ બંધાય છે. આ અઘાતિની શુભ પ્રકૃતિ છે. તીર્થંકર નામકર્મ અને ગોત્રકર્મ છે તે અઘાતિની શુભ પ્રકૃતિ છે. પણ શાસ્ત્રકાર ત્યાં રાગથી કર્મ બંધાણું એમ નથી કહેતા. વિશુદ્ધિથી કર્મ બંધાણું એમ કહે છે. પણ ત્યાં વિશુદ્ધિ શબ્દ શું કરવા પ્રયોગ કર્યો? છે તો રાગ. કેમકે કર્મબંધનનું કારણ છે. તો કહે એકને બંધાય છે અને એકને નથી બંધાતું. એમ બંનેને પ્રભાવનાના પરિણામ હોવા છતાં બંનેના પરિણામમાં difference બતાવવો છે. differentiate કરવા માટે એને વિશુદ્ધિ શબ્દ વાપર્યો. કે જે તીર્થંકર દ્રવ્ય હોય છે એને પ્રભાવનાના, ધર્મ પ્રભાવનાના પરિણામમાં કેટલીક વિશુદ્ધિ એવી હોય છે કે જેને લઈને એ તીર્થંકર નામકર્મ અને ગોત્રકર્મ બાંધે છે. બીજા સમ્યગ્દૃષ્ટિને એવું કર્મ બંધાતું નથી.

શુદ્ધિ અને વિશુદ્ધિમાં રાગનો પ્રકારાંતર બતાવવા માટે ત્યાં કરણાનુયોગમાં વિશુદ્ધિ શબ્દ વાપરે છે. એવી જ રીતે પાત્રતાને વિશુદ્ધિ કહે છે કોઈવાર. કે જે જીવ દર્શનમોહને મંદ પાડે, મતિજ્ઞાનને નિર્મળ કરે અને રાગરસને મંદ કરી દે, ચારિત્રની પ્રકૃતિમાં એ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયની અંદર યથાર્થ પ્રકારે એવા ફેરફાર થાય કે જેથી એ જીવ જ્ઞાનદશામાં પ્રવેશ કરે. ત્યારે એને એમ કહેવાય કે પહેલાં એને થોડી વિશુદ્ધિ થઈ હતી, પછી એને શુદ્ધિ થઈ. એવી રીતે પાત્રતાની ભૂમિકાને વિશુદ્ધતા પણ કહેવાય છે. અને કોઈ સમ્યગ્દૃષ્ટિ શુદ્ધિ પ્રગટ કરી છે એવો જે સમ્યગ્દૃષ્ટિ છે એ વિશેષ નિર્જરા કરે ત્યારે પણ એણે વિશુદ્ધિ કરી એમ કહેવામાં આવે છે. વધારે શુદ્ધિ કરી. વિશુદ્ધિ એટલે ત્યાં વધારે શુદ્ધિ કરી. નિર્જરા કરી એમ પણ કહેવાય. ત્યાં વિશુદ્ધિ શબ્દનો અર્થ ભિન્ન-ભિન્ન પ્રકારે પ્રયોગ થાય છે. શુદ્ધિના અર્થમાં પણ પ્રયોગ થાય છે અને બીજા-બીજા પ્રકારમાં પણ પ્રયોગ થાય છે.

એટલે એનો અર્થ એમ છે કે શાસ્ત્રના કોઈ એક શબ્દનો અર્થ એવી રીતે પકડવો નહિ કે એ પક્કડ છૂટે નહિ. અહીંયાં શું પ્રકરણ ચાલે છે? અહીંયાં શું કહેવા ધારે છે? કહેવા માગે છે? વિવિક્ષિત વિષય શું છે? એટલે કહેવા ધારેલો વિષય શું છે? એ જ્યાં સુધી બરાબર ન પકડાય ત્યાં સુધી શબ્દની પક્કડ હોય તો પોતાને પક્કડ હોય એ અર્થ કરે અને ત્યાં એમ કહેવા માગતા ન હોય - એવું બને. એટલે કોઈ શબ્દના અર્થની પક્કડ રાખવી નહિ.

સમયસારની ૫૦ થી ૫૫ - છ ગાથાઓ છે. અજીવ અધિકાર ચાલે છે. એટલે આ પણ અજીવ છે... આ પણ અજીવ છે. ગુણસ્થાન પણ જીવના નહિ, માર્ગણાસ્થાન પણ જીવના નહિ અને જીવસ્થાન પણ જીવના નહિ. નામ જીવસ્થાન. એટલે જીવના નહિ. જીવસ્થાન જીવને છે નહિ, ગુણસ્થાન જીવને છે નહિ. એમાં એમ આવ્યું કે

અધ્યાત્મસ્થાનો પણ જીવને છે નહિ, એવું બધું આવે છે. એટલે ખરેખર તો અધ્યાત્મ ભાવમાં જીવ રહે છે. સાધક જીવ અધ્યાત્મમાં તો રહે છે. પણ ત્યાં અધ્યાત્મ સ્થાનનો બીજો અર્થ છે, અહીંયાં બીજો અર્થ છે. એવી બધી વાત છે. એટલે કંઈક વાતો છે.

એટલે જ્ઞાનમાર્ગે પામવું ઘણું કઠણ છે. જ્ઞાનમાર્ગે પામવું કઠણ છે. આત્મકલ્યાણની પ્રચૂર ભાવનામાં આવ્યા પછી જ્ઞાનમાર્ગ સુગમ પડે છે. કેમકે ભાવનાનો દૃષ્ટિકોણ ચાલુ હોય છે માટે. પ્રગાઢ ભાવના થયા વિના જ્ઞાનમાર્ગે તરવું બહુ દુષ્કર છે. ભૂલવાના અનેક ઠેકાણા છે. ગૂંચવાઈ જવાના પ્રકારો ઘણાં બને છે. તેથી કોઈ એક મહાત્માને બાદ કરીને બહુભાગ જીવો ભક્તિમાર્ગે આગળ વધે છે. ૬૯૩ પત્ર છે કૃપાળુદેવનો. ૬૯૩ પત્રમાં આ વાત કરી છે. અથવા એ પ્રકારનું ડહાપણ મોટાભાગના સાધકોને આવે છે કે આપણે આના બદલે આ રસ્તે ચાલો. નકામા કાંઈક ભૂલા પડી જાશું. જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ અને ભક્તિમાર્ગ એની ચર્ચા કરી છે ૬૯૩ પત્રમાં.

ગુરુદેવ જ્ઞાનપ્રધાનતાથી વાત લેતા હતા એટલે બહુ પ્રશ્નો આવ્યા. હજારો પ્રશ્નો આવ્યા અને હજારો પ્રશ્નના ખુલાસા એમણે કર્યા. પોતે સમર્થ પુરુષ હતા. બધા જ્ઞાનીઓમાં એવા ખુલાસા કરવાનો પ્રકાર નથી હોતો. એ ટૂંકો રસ્તો બતાવી દે છે.

'**અમે ઊંચે-ઊંચે જવાનું કહીએ છીએ...**' શું કહીએ છીએ અમે? '**અમે ઊંચે-ઊંચે જવાનું કહીએ છીએ ત્યાં તું નીચે ક્યાં પડતો જાય છે!**' એટલે કે આ ગૂંચવણમાં તો તારા પરિણામ ગૂંચવાઈને તારા પરિણામનું લેવલ નીચે આવે છે. એમ (કેમ) તને થાય છે? ઊંચે જવાનું કહીએ છીએ એવો જે અમારો અંતર આશય એ આશયને તું કેમ પકડતો નથી? આશય ગ્રહણ થાય તો વાંધો આવે નહિ. અને આશય ક્યારે ગ્રહણ થાય? કે જીવ પોતે સ્વલક્ષે વિચારે ત્યારે અથવા સ્વલક્ષે ઉપદેશને લાગુ કરે ત્યારે. નહિતર ગૂંચવણમાં પડવાની પરિસ્થિતિ અનિવાર્ય છે.

'**અમે ઊંચે-ઊંચે જવાનું કહીએ છીએ ત્યાં તું નીચે ક્યાં પડતો જાય છે! એમ આચાર્યદેવ કહે છે.**' ચડાવ્યું ગુરુને માથે. ચડાવ્યું ગુરુને ખાતે. એમ આચાર્યદેવ કહે છે. હું કહું છું, હું કહું છું - એ વાત પછી ન આવે. અમારા ગુરુ આમ કહે છે. '**અમારો કહેવાનો આશય એ છે કે તું તીસરી-શુદ્ધ સ્વભાવની-ભૂમિકા પ્રગટ કર.**' આશય એ છે. તને શુદ્ધિમાં લઈ જવાનો આશય છે. '**શુભ તો વચ્ચે આવે છે,...**' વચ્ચે શુભભાવ આવે છે. અનાજ વાવે અને અનાજના છોડવા થાય. સાથે-સાથે બાજુમાં ખડ પણ ઉગ્યા વગર રહે નહિ. એ ખડને નીંદી નાખે. નીંદી નાખે એટલે કાઢી નાખે. ત્યાં પણ એવો શબ્દ વાપર્યો છે. નીંદામણ એને કહે છે. એ કાર્યને શું કહે? નીંદામણ. નીંદા નથી કરતા માણસની? કાઢી નાખવાનો. નિષેધ કરવાનો. પણ એ ખડ એવું હોય.

પાણી દીધું છેને! એટલે ઢોરને ખાવાના કામમાં આવે. જે બળદનો એ ખેતીમાં ઉપયોગ કરતા હોય એ જ બળદને એ ખડ ખવરાવે પછી. એનો એટલો ઉપયોગ થાય છે.

માણસ અનાજ ખાય. એ છોડવાનું ખડ કે બાજુમાં નીંદામણનું ખડ માણસ ન ખાય. છતાં એ વચ્ચે ઊગ્યા વગર રહે નહિ. કેમકે અનાજની ડૂંડી કોના ઉપર આવશે? છોડવા ઉપર, તો કહે છોડવું થવું જ ન જોઈએ. કહે એમ નહિ ચાલે. વચ્ચે શુભ આવ્યા વગર રહેશે નહિ. વચ્ચે છોડ ઉત્પન્ન થશે, છોડ ઉપર જ અનાજ આવશે, પણ એ છોડ તારે ખાવાનો નથી. તારે અનાજ ખાવાનું છે - એમ છે. છોડ ખાવાનો નથી માટે છોડ ન જોઈએ, એમ નહિ ચાલે. એવું છે. પણ શુભ ન જોઈએ માટે શુભ તને નહિ થાય એમ બનવાનું નથી. પણ એ શુભમાં તારે રોકાવાનું નથી.

'**શુભ તો વચ્ચે આવે છે, પણ તે તારો સ્વભાવ નથી.**' સ્વભાવનો ભોગવટો કરવાનો છે, શુભનો નહિ. એમ કહે છે. સ્વભાવમાં આનંદ છે. સ્વભાવમાં સુખ છે. '**શુભ તો વચ્ચે આવે છે, પણ તે તારો સ્વભાવ નથી. શુભ અને અશુભ સરખી કોટિના છે એમ તું સમજ અને જે આત્માની તીસરી ભૂમિકા અમૃતકુંભ છે તેને ગ્રહણ કર.**' એને - શુદ્ધ પરિણામને સમયસારમાં અમૃતકુંભ કહ્યો છે. અને શુભ અને અશુભને વિષકુંભ કહ્યો છે ત્યાં. શું કહ્યું છે? comparative statement છે. સરખામણી કરી દીધી છે. બરાબરી કરી છે. આત્માનો જે આનંદ છે એ અમૃતમય છે. એની બરાબરીમાં શુભ અને અશુભ પરિણામો ક્લેશમય છે, સંક્લેશ પરિણામ છે. ક્લેશસહિતના પરિણામ છે. શું કહ્યું?

'**શુભ અને અશુભ સરખી કોટિના છે એમ તું સમજ અને જે આત્માની તીસરી ભૂમિકા અમૃતકુંભ છે તેને ગ્રહણ કર.**' એટલે તેને પ્રાપ્ત કર. ગ્રહણ કર એટલે પ્રાપ્ત કર. '**માટે ઊંચે જવાનું કહીએ છીએ, પણ તેથી તને ઉપર-ઉપરથી ભાવના આવે તે છોડી દેવાનું નથી કહેતા.**' ભાવના છોડી દેવાની કોઈ વાત નથી. ઊંડાણથી ભાવના કરીને તું શુદ્ધિને પ્રગટ કર! એવો આશય છે.

'**જો ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધસ્વભાવમાં જઈ શકાય તો તેને તું પ્રગટ કર.**' ઉપર-ઉપરથી કર એટલે કે ઊંડી ન કર એમ નથી કહેવું. ઉપર-ઉપરથી પણ નથી કરતો માટે ઉપર-ઉપરની કર એમ કહીએ છીએ. ઊંડી ન કર એમ કહેવાનો ત્યાં નિષેધ નથી અને ઊંડી ભાવના કરીને શુદ્ધિમાં જવાની વાત છે. તો એને તો કાંઈ છોડી દેવાની વાત નથી.

મુમુક્ષુ :- કેટલો પરિશ્રમ લીધો છે અજ્ઞાનીને સમજાવવા માટે!!

પૂજ્ય ભાઈશ્રી :- હા પરિશ્રમ ઘણો કર્યો છે. બધું ખોલી... ખોલી... ખોલી..

ખોલીને મૂક્યું છે. એક-એક વાતનો પરિચ્છેદ કરીને સમજાવે છે. આ ડૉક્ટર dissection કરે છે કે નહિ? એક-એક અવયવ જોવે છે કે નહિ? એવું છે આ. આ અધ્યાત્મ વિદ્યા છે. પેલી શરીરની વિદ્યા છે અને આ અધ્યાત્મ વિદ્યા છે.

હવે આમાં શું એક વાત સરસ આવી ગઈ કે, '**ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધસ્વભાવમાં જઈ શકાય...**' આપણે 'જો' અને 'તો' ની વાત કાઢી નાખીએ તો એ વાત ચોખ્ખી થાશે. આખું વાક્ય તો એમ છે કે '**જો ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધસ્વભાવમાં જઈ શકાય તો તેને તું પ્રગટ કર.**' એનો અર્થ એમ છે કે ઊંડી ભાવના પ્રગટ કરનાર શુદ્ધ સ્વભાવમાં જઈ શકે છે. માટે એમ કહ્યું છે. જો-તોથી વાત કરી છે. પણ સિદ્ધાંત એની અંદર સમાય છે. જે સિદ્ધાંત સમાયેલો છે એ સિદ્ધાંતને સમજી લેવો જોઈએ. ઊંડી ભાવનાથી માત્ર વિકલ્પમાં રોકાવાનું થતું નથી, પણ સ્વભાવના ઊંડાણમાં પહોંચાય છે કઈ રીતે? કેમકે ઊંડી ભાવનાવાળો સતત અવલોકનમાં આવશે, સતત અવલોકનમાં આવશે, એને અવલોકનથી ભાવોનો પરિચય થશે. ભાવોનો પરિચય થતાં સ્વભાવ અને વિભાવની પરખ આવશે. પરિચય ઓળખાણનું કારણ છે માટે. એ રીતે તું સ્વભાવના ઊંડાણમાં જા!

ગુરુદેવે અનેકવાર એમ કહ્યું. સોગાનીજીએ ઘણું કહ્યું કે તું સ્વભાવની દૃષ્ટિ કર. સ્વભાવની દૃષ્ટિ કરીને સ્વભાવને ગ્રહણ કર! એટલે સ્વભાવવાચક જે શબ્દો છે અને એના વિકલ્પો છે એમાં જ માણસ જોર કરવા માંડ્યો. ભાવનાનું પ્રકરણ આખું છૂટી ગયું. ક્યાંથી થાય? પછી કહે અમે ઘણાં વર્ષોથી સ્વભાવનું જોર કરીએ છીએ પણ સ્વભાવ પ્રગટ થતો નથી. હવે શું કરવું? કે ભાઈ! રસ્તો કો'ક જુદો જ છે અને તે રસ્તો કો'ક જુદો લીધો છે એનું શું? આમ છે.

આપણે ત્યાં એવું બન્યું હતું બહુભાગ સ્વભાવ સમજાવ્યો, સ્વભાવ ઉપર જોર દેવાનું કીધું અને મંડી પડ્યા આપણે. ચડ્યા વિકલ્પે. શું થયું? એ પ્રકારના સ્વભાવના વિકલ્પે ચડી ગયા. બહેનશ્રીમાં કેવી સરસ વાત આવે છે! જો તું સ્વભાવની ભાવના કર. એમ કહે છે ઊંડી સ્વભાવની ભાવના પ્રગટ કર તો તને શુદ્ધસ્વભાવમાં જઈને તે શુદ્ધ સ્વભાવ પ્રગટ થશે. (ખરેખર) એ રસ્તો છે. ભાવનાનો રસ્તો છે. પછી ચોખવટ કરી કે ભાવના અને રટણમાં ફેર છે. કેટલે ઠેકાણે ચોખવટ કરી છે. એ બધું coordination કરતા આવડવું જોઈએ.

મુમુક્ષુ :- ઉપર-ઉપરની ભાવના અને ઊંડાણની ભાવના બેય આગળ આવી ગયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ (ચોખવટ) પણ કરી. રટણની વાત કરી. ભાવનામાં

પણ બે પ્રકાર છે એની વાત કરી. ભાવના અને રટણામાં ફેર છે એની પણ વાત કરી. બધી ચોખવટ તો ઘણી આવે છે.

'જો ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધસ્વભાવમાં જઈ શકાય તો તેને તું પ્રગટ કર. પણ ન જઈ શકે તો...' એ ઊંડી ભાવનામાં ન આવી શકે તો **'તેને છોડીને અશુભમાં જવાનું કહેતાં નથી,...'** તારી ભાવના છૂટી, શુષ્કતા આવી (તો પછી) એ ક્યાં ગયો એનો પત્તો નહિ લાગે. **'ઉપર-ઉપરની ભાવના કાંઈ કામની નથી...'** ઉપર-ઉપરની ભાવના કાંઈ કામની નથી. **'એમ કરીને છોડવાની નથી,...'** કામની નથી એ વાત સાચી છે. ઊંડાણમાં જાવું જ પડશે. પણ કામની નથી એમ કરીને પાછો છોડવાનો રસ્તો પકડીશ નહિ - એ ઊંધો રસ્તો છે.

મુમુક્ષુ :- પહેલા ઉપર-ઉપરથી કરવાનું છે અને પછી ઉંડાણમાં જવાનું છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા! એવી રીતે કહે છે. નહિતર ઘણાં એવી રીતે પકડી લે છે કે મને એમ લાગે છે કે હું આમાં કાંઈ success જઈ શકું એમ નથી.

મુમુક્ષુ :- એમ નિરાશ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- નિરાશા થઈ જાય અને પછી રસ્તો બીજો પકડી લે. (નકામા) બેય બગડશે. એના કરતા પેલું તો સુધારું. પણ એની રુચિ એ બાજુની છે એમ બતાવે છે. એને આ કામ કરવાની રુચિ નથી.

હમણા આપણા (એક મુમુક્ષુ) એ રસ્તો પકડે છે. મને એમ લાગે છે કે હું આ નહિ કરી શકું, આ જ કરી શકીશ. પણ ભાઈ તારી રુચિ ક્યાં છે એ અમને સમજાય છે. તારી રુચિએ પલટો માર્યો છે. જો જીવને એટલી બધી ખબર પડતી હોત તો એ સંસારમાં રખડ્યો જ ન હોત. હા! મને ખબર પડે છેને! એમ કહે પાછો. મને તો બરાબર ખબર પડે છે. મને આમ જ લાગે છે. પણ ભાઈ તને લાગે છે એમ મૂકી દે. તને કહીએ એમ તું કર. મને આમ લાગે છે માટે હું આમ કરું છું એ સ્વચ્છંદ ઘણાં દોષને ઉત્પન્ન કરશે. સ્વચ્છંદ એવો મહાદોષ છે કે જે અનેક દોષોને ઉત્પન્ન કરશે.

'ઉપર-ઉપરની ભાવના કાંઈ કામની નથી એમ કરીને છોડવાની નથી, પણ તું ઊંચી પરિણતિને પ્રગટ કર એમ કહેવાનો આશય છે.' આશય ફરીને દોહરાવ્યો છે એમણે. પછી એક દૃષ્ટાંત આપે છે. **'ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ મારતાં ભગવાનનાં દ્વાર ન ખૂલે તો થાકીને પાછો નહિ આવતો, ભગવાનનાં દ્વાર ખૂલી જાશે. તું ટહેલ મારવી છોડતો નહિ.'** આ એમનું special દૃષ્ટાંત છે.

મુમુક્ષુ :- ટહેલ માને?

પૂજ્ય ભાઈશ્રી :- વહ આપકે યહાઁ ઐસા નહીં હોતા હૈ? ટહેલ મારનેવાલા નહીં

આતા હૈ? હમારે છોટે-છોટે ગાડવમેં કુછ લોગ ઐસે આતે હૈં. ભિક્ષુક લોગ હોતે હૈં. સવારે ચાર વાગ્યે, પાંચ વાગ્યામાં ટહેલ મારવા નીકળે. ટહેલ મારે એટલે શું કરે? રોજ ચાર વાગે, પાંચ વાગે ઊઠી અને જુદાં-જુદાં લત્તામાં ભજન અને પદ ગાય. ભગવાનના ભક્તિપદો ગાય.

મુમુક્ષુ :- પ્રભાતફેરી.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં એકલો માણસ હોય. ફેરીમાં તો ઘણાં માણસ હોય. આ એકલો માણસ હોય. એ આંટા મારતો જાય અને પરોઢિયે શાંતિ હોય ચાર વાગે, પાંચ વાગે બધા સૂતા હોય, એટલે બધાને ઘરમાં સંભળાય કે કોઈ ટહેલ મારવા નીકળ્યું. મહિનો, બે મહિના, ત્રણ મહિના એક પૈસો પણ ન માગે. ટહેલ જ માર્યા કરે. આંટા માર્યા કરે અને ગાયા કરે. પછી જ્યારે એને જવાના દિવસો આવે બે-ચાર મહિના પછી, ત્યારે એમ કહે કે હું ત્રણ-ચાર મહિનાથી તમારા આંગણે ટહેલ મારું છું એટલે તમને ભગવાનની વાતો સંભળાવું છું. સવારના પહોરમાં તમે શાંતિથી સૂતા હોય ત્યારે તમારા કાનમાં ભગવાનના પદો સંભળાવું છું. હવે મારે જવાનો વખત થયો છે અને હું જરૂરિયાતવાળો માણસ છું મને કાંઈક આપો. એટલે પછી બધેથી થોડાં-થોડાં પૈસા લઈ અને ચાલ્યો જાય.

હવે ટહેલ મારવાનો અર્થ શું? કે આંટા મારે એને કાંઈ મળતું નથી. પણ આંટા મારવાનું ચાલુ રાખે છે, છેલ્લે એને મળે છે - એમ. એનું નામ ટહેલ મારી એમ કહેવાય. હવે શું કહે છે કે તારા અંદરમાં ભગવાન બેઠો છે. કમાડ બંધ છે. મિથ્યાત્વ અને અજ્ઞાનના કમાડ વાસીને તે ભગવાનને તો અંદર પૂર્યો છે. હવે ઉઘાડવા માટે તું ભગવાનને વારંવાર વિનંતી કર! ટહેલ માર! કે મારે તો દર્શન કરવા છે... મારે તો દર્શન કરવા છે... પાછો ચાલ્યો ન જતો. જો કમાડ ન ઉઘડે તો નિરાશ થઈને પાછો નહિ જતો. તારા કમાડ ઉઘડી જાશે એમ કહે છે અને ભગવાનના દર્શન પણ તને થઈ જશે. એમ કહેવું છે.

એનો અર્થ શું છે? કે આવી ભગવાનના દર્શન કરવા માટેની ટહેલ મારવી છે જેને, એનો અર્થ શું નીકળે છે? કે એ વ્યક્તિએ, એ માણસે એક નિશ્ચય કર્યો છે, નિર્ધાર કર્યો છે કે મારે ભગવાનના દર્શન કરવા છે, કરવા છે ને કરવા જ છે. એટલે એ ટહેલ મારવાની ચાલુ જ રાખે છે. બહેનશ્રી ખાસ આ દૃષ્ટાંત આપતાં. ટહેલ મારવાનું છોડતો નહિ તું. કે ભાઈ! થતું નથી.. થતું નથી.. ન થતું હોય તો કાંઈ નહિ. તું કરવા માટેનો પ્રયત્નવાન રહેજે. ટહેલ મારવાનું ચાલુ રાખ!

મુમુક્ષુ :- ચાલુ રાખવાથી થશે પણ.

પૂજ્ય ભાઈશ્રી :- હા તારી ભાવના વધશેને! ટહેલ મારવાવાળાની ભાવના ખૂટતી નથી. નિરાશામાં આવતો નથી. એ આશાવાદી છે. એનો અર્થ શું છે કે એ આશાવાદી છે. તો આશાવાદી છે એની આશા ફળશે! એમ કહેવું છે.

'ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ મારતાં ભગવાનનાં દ્વાર ન ખૂલે તો થાકીને પાછો નહિ આવતો,...' અમે તને કહીએ છીએ કે **'ભગવાનનાં દ્વાર ખૂલી જશે.'** ટહેલ મારવાનું ચાલુ રાખ. એ બહુ રોચક રીતે આ વાત કરતા હતા. **'તું ટહેલ મારવી છોડતો નહિ. તેમ ચૈતન્યમંદિરે તું ટહેલ માર...'** ચૈતન્યમંદિરની ટહેલ માર! સ્વરૂપની ભાવના છોડતો નહિ. 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન.' સ્વરૂપની ભાવના ચાલુ જ રાખજે તું.

'તેમ ચૈતન્યમંદિરે તું ટહેલ માર કે હું ચૈતન્ય છું. પ્રથમ ઉપર-ઉપરથી તને સમજાય તે છોડતો નહિ. તને ચૈતન્ય ન ઓળખાય ત્યાં સુધી ત્યાં ટહેલ માર્યા જ કરજે,...' મંદિરના દરવાજા ન ખૂલે ત્યાં સુધી તું પ્રદક્ષિણા કર! તને ખબર તો છે કે અંદર ભગવાન બિરાજે છે. દરવાજા ખૂલશે ત્યારે દર્શન થાશે. દરવાજા ન ખૂલે ત્યાં સુધી તું પ્રદક્ષિણા કર. અને દરવાજા ખૂલવા માટેનો આશાવાદી રહે. પણ મંદિર છોડીને ભાગી જાતો નહિ. એમ કહેવું છે.

'તને ચૈતન્ય ન ઓળખાય ત્યાં સુધી ત્યાં ટહેલ માર્યા જ કરજે, લક્ષ રાખજે કે મારે હજુ ઘણું આગળ જવાનું છે.' જુઓ! પૂર્ણતાનું લક્ષ છે અને હજી મને શુદ્ધિની શરૂઆત થઈ નથી. મારે તો ઘણો રસ્તો કાપવાનો છે અને ઘણું આગળ જવાનું છે, એમ સમજીને ઉતાવળ રાખજે. કામ કરવામાં જરા ઉતાવળ રાખજે. ત્વરાથી મારે કામ કરવું છે. જલ્દી-જલ્દી મારે કામ કરવું છે. એવા પ્રકારના ભાવમાં અને ભાવનામાં તું રહેજે. એમ કહેવું છે. સારો ખુલાસો આવ્યો છે. ચર્ચા તો ઘણી સારી ચાલી છે. અહીં સુધી રાખીએ.

મુમુક્ષુ :- ટૉન કેટલો સરસ છે એક એક વાક્યનો. મા એના દીકરાને જાણે કહે કેમ આમ કરજે.. આમ કરજે...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારું આવ્યું છે.

તા. ૫-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૨-૨૨૩
પ્રવચન નં. ૧૬૫

પાનું-૧૩૯. ૨૨૨મો પ્રશ્ન ચાલે છે. ગમે તેમ કરીને તું તારા આત્મકલ્યાણના રસ્તે જા એવી પ્રેરણા છે. શરૂઆતમાં ઊંડાણથી પરિણામો ન ચાલે અને ઉપર-ઉપરથી ચાલે, તોપણ ઊંડાણમાં જવાના લક્ષે તું એ જ રસ્તે જા. બીજો રસ્તો નહિ પકડતો. અહીંયાં ભાવનાનો વિષય ચાલે છે કે અંતરના ઊંડાણથી ભાવના આવે તો પછી તું બીજો રસ્તો નહિ પકડતો, એમ કહે છે. કે આ સિવાય બીજા પ્રકારથી પ્રયત્ન કરું તો?

જેમકે આપણે સાંજે ચર્ચા ચાલે છે ત્યારે જુદાં-જુદાં મુમુક્ષુઓ પોતાના પરિણામની વાત કરે છે. મને આવા ઉદયમાં આમ પરિણામ થયા, આવા ઉદયમાં આવા પરિણામ થયા, આવા ઉદયમાં આવા પરિણામ થયા. અથવા કોઈવાર વગર ઉદયે પણ પરિણામ આવા ચાલવા માંડ્યા. બધાનો સરવાળો એ આપવો પડે છે કે ભાવનામાં નથી એટલે આ બધું થાય છે. એ વાત તો પોતાને સમજાવી જોઈએ. પણ મૂળ વાત ઉપર ધ્યાન ન જાય ત્યારે એમ થાય કે આ બધાનો જુદો-જુદો શું ઉપાય કરવો? આમ થાય તો શું કરવું અને તેમ થાય તો શું કરવું? પણ એ બીજે રસ્તે ક્યાંય જવા જેવું નથી. ગમે તેમ કરીને. એમ કીધું. કે આ રસ્તે જા અથવા તે રસ્તે જા.

પછી છેલ્લે એ દાખલો આપ્યો કે તું ટહેલ માર. મંદિરની બહાર તું ટહેલ માર. ભગવાનના દર્શન ન થાય ત્યાં સુધી ત્યાં ને ત્યાં આંટા માર. ભગવાનનું મંદિર છોડીને બીજે આંટા મારવા જઈશ તો એનો તો કાંઈ અર્થ રહેવાનો નથી. એમ પોતાનું સ્વરૂપ **'ન ઓળખાય ત્યાં સુધી ત્યાં ટહેલ માર્યા જ કરજે, લક્ષ રાખજે કે મારે હજુ ઘણું આગળ જવાનું છે. તારો પુરુષાર્થ ઊપડતાં ચૈતન્યમંદિર ખૂલવાનો તને અવકાશ છે.'** શું કહે છે? જ્યારે યથાર્થ પુરુષાર્થ ચાલુ થશે તો તારા અજ્ઞાન અને મિથ્યાત્વના કમાડ છે એ ખૂલી જશે. એમ કહેવું છે.

'દૂર જઈશ તો ઊલટો તું આઘો જઈશ.' સાચો રસ્તો છોડી અને બીજી રીતે કામ કરવા જઈશ. ક્યાંયનો ક્યાંય ચાલ્યો જઈશ. **'દૃષ્ટિ બરાબર રાખજે કે હજી મારે અંદર જવાનું છે.'** દૃષ્ટિ રાખજે એટલે એ લક્ષમાં રાખજે, ખ્યાલમાં રાખજે કે મારે અંદર જવાનું છે. અંતર્મુખ થવાનું છે. જ્યાં સુધી અંતર્મુખ ન થવાય. પદાર્થ નિર્ણયમાં આત્મા ઓળખાય છે ત્યારે અંશે અંતર્મુખ થવાનો પ્રસંગ આવે છે અથવા અંશે અંતર્મુખ

થઈને જ આત્માનું સ્વરૂપ ઓળખાય છે, મૂળસ્વરૂપ ઓળખાય છે. ત્યાં સુધી પોતાની અંદર કેટલી શક્તિઓ ભરી છે એનો સાચો અંદાજ પોતા પાસે નથી હોતો. જ્ઞાની કહે અને પોતે માને છે એ બીજી વાત છે. પણ પોતાને પોતાની ઓળખાણ નથી.

'**ઉપર-ઉપરની ભાવનાથી કાંઈ પ્રગટ નથી થતું;...**' ઉપર-ઉપરની ભાવનાથી કાંઈ પ્રગટ નથી થતું. પણ છતાં પણ ભાવનાના વિષયને બદલવાનો નથી. કેમકે એવી રીતે કોઈ ભૂલ કરે છે કે મને ઉપર-ઉપરની ભાવના થોડો ટાઈમ રહે પછી એ ભાવનાથી આગળ ન વધાણું એટલે હવે મને એમ લાગ્યું કે હવે હું નહિ કરી શકું. એમ નહિ લેવાનું. ભાવના વધારવાનો પ્રયત્ન કરવાનો. ઉપર-ઉપરની ભાવના હોય અથવા ભાવનાની ઓછપ હોય તો એ ભાવના વધારવાનો પ્રયત્ન કરવાનો. પ્રયત્ન ચાલુ રાખ. પ્રયત્ન છોડી દેવાની વાત નથી.

'**ઉપર-ઉપરની ભાવનાથી કાંઈ પ્રગટ નથી થતું; પણ અંદરની ભાવના પ્રગટ કરવા માટે તું સમજજે કે આ ઉપર-ઉપરનું છે, હજી અંદરનું કરવાનું મારે બાકી છે,...**' નાસીપાસ પણ થવાનું નથી અને સંતોષાઈ જવાનું પણ નથી. ખ્યાલમાં રાખવાનું છે કે અંદરથી જે ભાવના પ્રગટ થશે, પછી જ મારું કામ આગળ ચાલશે. અંતર્મુખની દિશા તરફ જે આગળ ચાલવું છે એમાં અંતરની ભાવના પ્રગટ થવી જરૂરી છે. એ ખ્યાલમાં રાખવાનું છે.

'**હજી અંદરનું કરવાનું મારે બાકી છે, એમ યથાર્થ સમજે તો આગળ જઈ શકાશે.**' આગળ ચાલવાનું બાકી છે એમ યથાર્થ સમજે તો આગળ ચાલશે. '**જ્ઞાયક છું-જ્ઞાયક છું એમ ઉપર-ઉપરથી થાય તો પણ અંતરમાં જવું છે તે ભાવના તું છોડીશ નહિ, તે છોડવાનું નથી કહેતા.**' ભલે એમ કહે કે ઉપર-ઉપરથી કાંઈ થતું નથી. તોપણ એ છોડી દેવાની વાત નથી. અંતરમાં જવાની ભાવના રાખી અને તારો પ્રયત્ન ચાલુ રાખજે! બહુ સરસ માર્ગદર્શન છે.

'**અંદરની ભાવના એવી હોય છે કે ભેદજ્ઞાન થાય અને અંતરને ભેદી નાખે.**' થોડું સ્પષ્ટ કર્યું છે કે અંતરની એવી ભાવના હોય કે ભેદજ્ઞાન સુધી પહોંચે. અને એ ભાવના ઉત્પન્ન થતાં જ અંતરભેદ જાગૃતિ આવે. અંતર ભેદી નાખે એટલે અંતર પરિણતિને ભેદી નાખે.

મુમુક્ષુ :- કૃપાળુદેવે એમ કીધું આમ કરવા યોગ્ય છે... આમ કરવા યોગ્ય છે... પણ આમ કરજે, રાખજે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપદેશાત્મક ભાષા છેને! એટલે.

'**ચૈતન્યમંદિરનાં બારણાં ખૂલીને...**' બારણા એટલે કમાડ. '**ચૈતન્યમંદિરનાં બારણાં**

ખૂલીને ચૈતન્ય ભગવાન પ્રગટ થાય એ ભાવના જુદી જ આવે છે.' એ ભાવનાની ક્વૉલિટી અંદરની જુદી જ હોય છે. આ વાત એમણે પોતાના અનુભવથી કરી છે. એક જુદી જ ભાવના આવી અને અંદરના કમાડ ખૂલી ગયા! પોતે અનુભવથી વાત કરે છે એટલે એ વાતની અંદર બળ છે. એને વચનબળ કહેવામાં આવે છે. force છે, એની અંદર બળ છે.

જે માણસને અનુભવ ન હોય, પોતે જ જે વાત કરતો હોય એ વાતમાં નિઃશંક ન હોય. શંકામાં ગળકા ખાતો હોય, એને આવું વચનબળ ન હોય. એની વાતમાં વચનબળ ન હોય. એટલે બીજાને અસર ન થાય. યોગ્યતાવાનને પણ અસર ન થાય. આમાં યોગ્યતાવાન હોય એને અસર થાય છે. એમ થાય છે. એટલે એમ કહ્યું કે **'ચૈતન્યમંદિરનાં બારણાં ખૂલીને ચૈતન્ય ભગવાન પ્રગટ થાય એ ભાવના જુદી જ આવે છે.'**

મુમુક્ષુ :- ભાઈશ્રી! જુદી એટલે કેવી?

પૂજ્ય ભાઈશ્રી :- બસ! એ વચનાતીત છે. એટલે એમ કહેવું પડે છે કે એ જુદી જ આવે છે. પોતાને પણ અનુભવમાં એવું લાગે કે આવી ભાવના કદી આવી નથી. એવી જુદી જ ભાવના આવી છે. એમ પોતાને પણ ખબર પડે. એ ભાવનાને એવી બીજી રીતે specify નથી કરી શકાતી. એ ભાવના કોઈ બીજા પ્રકારની છે કે જેને લઈને અંદરના કમાડ ખૂલી જાય છે. એ વાત નક્કી છે, guaranteed છે. એટલે એનો સ્વીકાર કરીને, એ વાતનો સ્વીકાર કરીને તું તારો પ્રયત્ન ચાલુ રાખ! એમ કહે છે.

'પણ તું ઉપર ઉપરની ભાવના દૃઢ કરતો જજે-તો કોઈવાર તારો ઉગ્ર પુરુષાર્થ થશે તો અંદર જવાશે.' ભાવના છે એ પુરુષાર્થની ઉત્પાદક છે. કોઈ એમ પૂછે કે પુરુષાર્થ કેમ કરવો? તો કહે ભાવનામાં આવ! સહજ પુરુષાર્થની ઉત્પત્તિ થશે. ભાવના ઉગ્ર થવી જોઈએ. કોઈ એમ પૂછે કે પાણીની તરસ લાગી હોય ત્યારે પાણી મેળવવા માટે પ્રયત્ન કેવી રીતે કરવો? તો કહે તરસ થોડી વધવા દે એટલે મારે તને શીખડાવવું પડશે નહિ. તીવ્ર તરસ થાય, અંદરથી પાણીનો પોકાર આવે એટલે પાણી મેળવવાના initiatives (ચાલુ થઈ જાય.) જે કોઈ સંયોગો, પરિસ્થિતિ હોય એમાં કેવી રીતે એનો પુરુષાર્થ કરવો એ સમજાવવું પડતું નથી. એમ ભાવના ઉગ્ર થાય એટલે પુરુષાર્થ સાથે-સાથે જોડાય છે અને પુરુષાર્થ ઉગ્ર થાય તો અંદર જવાય.

'દૃષ્ટિ શુદ્ધ ઉપર રાખજે.' બીજા કોઈ પરિણામ ઉપર દૃષ્ટિ નહિ રાખતો. ભાવનાના પરિણામ ઉપર પણ દૃષ્ટિ નહિ રાખતો. મને મારા સ્વરૂપની, શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થવી જોઈએ એ લક્ષમાં રાખજે. એ લક્ષનું સ્થાન છે. ભાવના તો એનું સાધન છે. પેલું

સાધ્ય છે. સાધ્ય ઉપર દૃષ્ટિ રાખજે, સાધન ઉપર નહિ. સાધન તો ખાલી તપાસવાનો વિષય છે કે યથાર્થ છે કે નહિ. એટલું જ.

આ છરી-ચાકુની ધાર કાઢે છે કે નહિ? પત્થર ઉપર ઘસીને. emery stone હોય કે સરાણ હોય એના ઉપર ઘસીને. ભીંસ દ્યે. ધાર નીકળી કે નહિ એ જરા મુલાયમ સ્પર્શથી તપાસી લેવાનો વિષય છે. આંગળીને જોર દેવાય નહિ. ઘસતી વખતે જોર દેવાય. એમ સાધન છે એ તપાસવાનો વિષય છે, જોર દેવાનો વિષય નથી. ભાવના ભાવના કહે તો ભાવના ઉપર જોર દેવા માંડે. એટલે કે ભાવનાના વિકલ્પ ઉપર. એમ નહિ. તારી દૃષ્ટિ તો શુદ્ધતા ઉપર હોવી જોઈએ. તો ભાવના આપોઆપ વધશે.

મુમુક્ષુ :- સાધન સાધ્ય થયું એમ?

પૂજ્ય ભાઈશ્રી :- સાધન સાધ્ય થાય તો સાધન સાધન ન રહ્યું. અને સાધન સાધ્ય તો થઈ શકે નહિ. એટલે ગયું. સાધન ગયું હાથમાંથી. એ રીતે સત્સંગ સાધન છે. ભાવના સાધન છે. સાધ્ય નથી. એવી રીતે વજન નહિ જવું જોઈએ કે એ જ સાધ્ય થઈ જાય. એમ થવું જોઈએ નહિ. નહિતર એમ થશે કે ખૂબ સત્સંગ કરો, ખૂબ સત્સંગ કરો, ખૂબ કરો. જાણે એ સાધ્ય ન હોય? એમ નથી. એ તો વચ્ચે આવી જાય છે. થાય એટલું થાય. પણ એ વચ્ચે આવવાની, સાધનની વાત છે - સાધ્યની વાત નથી. આવી ભૂલ થાય છે. એ ૨૨૨ થયો.

પ્રશ્ન :- આ ભાવના મંદ છે કે તીવ્ર છે એ કેવી રીતે ઓળખી શકાય?

સમાધાન :- પોતાની મંદતા દેખીને ઓળખાય કે આ મંદ-મંદ ચાલે છે અને ઉગ્રતા થતી નથી એટલે હજી ઉગ્રતાની ખામી છે. મંદ-મંદ ચાલે, ધીમી ગતિએ ચાલે તેને વાર લાગે છે, જેને ઉગ્રતા થાય તે ત્વરાથી પહોંચી જાય છે. ધીમી ગતિએ ચાલનારો ત્યાં ઊભો રહે તો કેમ પહોંચાય? તેને ખ્યાલ આવે કે હું નથી પહોંચી શકતો માટે મારી ગતિ ધીમી છે. હું જ્યાં ઊભો છું ત્યાં જ ઊભો છું. આગળ જતો નથી.

ભાવનગર જવું હોય ને ધીમી ગતિએ ચાલે, તો પહોંચતાં વાર લાગે. ઉતાવળી ગતિએ ચાલનાર એકદમ પહોંચી જાય છે. નથી પહોંચાતું તે બતાવે છે કે ધીમી ગતિ છે, ઉપર ઉપરથી થાય છે, અંદરથી પ્રગટ થાય તો પહોંચી જાય છે. ૨૨૩.

પ્રશ્ન ૨૨૩ ઉપર પ્રવચન

૨૨૩, '**પ્રશ્ન :- આ ભાવના મંદ છે કે તીવ્ર છે એ કેવી રીતે ઓળખી શકાય?**' અથવા પોતાને કેવી રીતે ખબર પડે? હવે શું છે? પ્રશ્નથી ઉત્તર મળે. એ ઉત્તરથી સમજવું છે કે તારા પરિણમનથી સમજવું છે? ભાવનાના પરિણામ તારા છે. ઓછી કે વધારે, અંદરની કે બહારની, ભાવના હોવાથી તું અહીંયાં આવ્યો. અહીં સુધી શું કરવા આવ્યો? કાંઈક ભાવના લઈને આવ્યો. બીજું સકામતા લઈને આવ્યો હોય તો એને તો આપણે ભાવનામાં ગણતા નથી. એટલે એની કાંઈ ચર્ચા કરવી નથી. પણ ભાવના લઈને આવ્યો ત્યારે એમ પૂછે કે, મને ભાવના મંદ છે કે તીવ્ર છે એ મને કેમ ખબર પડે? કે તારે ભાવના સામું જોઈને નક્કી કરવું છે કે ઉત્તરથી નક્કી કરવું છે? કેવી રીતે નક્કી કરવું છે? પરિણમનની ચર્ચા પરિણમનના અનુભવને જોઈને કરવી છે કે વગર જોયે કરવી છે? એમ ને એમ જો ચર્ચા કરીશ તો તને થોડો ખ્યાલ આવશે પણ એ ખ્યાલ ભૂંસાઈ જશે. એ ખ્યાલ ટકશે નહિ અને તારા પરિણમનના અનુભવથી સમજ્યો હોઈશ તો કોઈ દી' ભૂલીશ નહિ અને યાદ રાખવાનો બોજો પણ નહિ રહે. નહિતર આમ હોય તો આમ હોય અને આમ હોય તો આમ હોય. એવું બધું તારે યાદ રાખવું પડશે. પલાખા યાદ રાખવા પડે એવી રીતે. ગોખણપટ્ટી કરવી પડશે.

ઉત્તર પણ એવો જ આપ્યો છે. '**પોતાની મંદતા દેખીને ઓળખાય કે આ મંદ-મંદ ચાલે છે...**' પૂછીને જવાબ મળે ત્યારે નહિ. કે ભાઈ મંદનું લક્ષણ શું? મંદ ભાવનાનું symptom શું? તીવ્ર ભાવનાનું symptom શું? એમ નહિ પૂછ! એ ઉત્તરથી નહિ સમજ. તારી ભાવનાને દેખીને નક્કી કર! બરાબર સમજાશે. અવલોકનથી સમજાશે એમ કહેવું છે. દેખીને એટલે? અવલોકનથી. observation હોવું જોઈએ. પોતાના પરિણામોનું observation હોવું જોઈએ, એને અવલોકન કહે છે. એ અવલોકનથી બધા ભાવો સમજાશે તને. કોઈ વહેલા-મોડા ભાવો સમજાશે. પણ અવલોકનથી જરૂર સમજાશે.

અવલોકનની પ્રૅક્ટિસ એવો વિષય છે કે એને ભાવો સમજાવ્યા વિના સમજાશે, એટલે કે ભાવભાસન આવીને સમજાશે. પેલા ભાવભાસન આવીને નહિ સમજાય. ઉત્તરથી સમજ્યો હોઈશ તો ભાવભાસન આવીને નહિ સમજાય. આમાં ભાવભાસન આવીને સમજાશે. એટલો ફેર છે.

મુમુક્ષુ :- ભાવનો અર્થ શું લેવો?

પૂજ્ય ભાઈશ્રી :- જેમકે ભાવનાનો ભાવ છે. જે આપણે ચાલતું પ્રકરણ છે

તો એમાં ભાવનાનો ભાવ છે. પ્રશ્નકારે એમ પ્રશ્ન પૂછ્યો છે કે મારી ભાવના મંદ છે કે મારી ભાવના તીવ્ર છે એ મને કેમ ખબર પડે? ત્યારે ઉત્તર એમ આપ્યો કે તું જો! તારી ભાવનાનું observation કર! બસ તને ખબર પડશે કે મંદ છે કે તીવ્ર એ તને સમજાય જશે. બીજું કોઈ તને symptom બતાવશું તો તને સમજાય કદાચ. પણ એ સમજણ બરાબર નથી, યથાર્થ નથી. આ સમજણ બરાબર છે. જોઈને નક્કી કર્યું એ બરાબર છે. એમ કહેવું છે. કેમકે એમાં ભાવની ઓળખાણ થાય છે.

આપણે સોનાના-હીરાના દાગીના પહેરીએ છીએ. સોની કહે છે કે આ સોનું છે અને ઝવેરી કહે છે કે આ હીરો છે એટલે આપણે વિશ્વાસથી પૈસા પણ આપીએ છીએ. ઓળખીએ છીએ? નથી ઓળખતા. નકલી છે કે અસલી છે એ આપણે નથી ઓળખતા. વિશ્વાસથી પૈસા આપીએ છીએ. ઓળખીએ તો જુદી વાત થઈ જાય. ઓળખીએ તો ક્યારેય ભૂલા પડવાનો, ભૂલ થવાનો અવકાશ નથી. પણ કોઈના કહેવાથી આપણે (કદાચ) ભૂલ ખાય જશું. એમ ભાવને પોતાથી ઓળખવા. કોઈના જવાબથી સમજવું એ તો ઉછીનું લીધેલું જ્ઞાન છે. તમે કહ્યું માટે મેં માન્યું. એ ઉછીનું લીધું છે. ઘરની મૂડી નથી.

ઓળખાણ છે એ પોતાની મૂડી છે. કેવી રીતે ઓળખાય? કે દેખીને ઓળખાય. અથવા પરિચય કરીને ઓળખાય. શેનો પરિચય? અનુભવનો પરિચય. વારંવાર અનુભવને અવલોકવો. જે ભાવોના અનુભવને અવલોકવામાં આવે છે એ ભાવો ઓળખાય છે. ઓળખવાની આ એક જ પદ્ધતિ છે, બીજી કોઈ પદ્ધતિ નથી. એટલે જવાબ એમ જ આવ્યો છે કે દેખીને ઓળખાય. એમ ન કહ્યું અહીંયાં કે ગુરુને પુછી જુઓ એટલે તને ખબર પડશે તારી ભાવનાની. તારી ભાવના મંદ છે કે તારી ભાવના તીવ્ર છે એ તું તારા ગુરુને પૂછી આવજે. એમ કીધું? નથી કીધું. અને ગુરુ કહે એ માનજે. તારી ભાવના મંદ કહે તો મંદ માનજે, તીવ્ર કહે તો તીવ્ર માનજે - તને ક્યાં ખબર પડી એમાં? જ્યારે ભાવનાના ભાવ તો તારા છે, એ ગુરુના થોડા છે? ગુરુ કોઈવાર પરીક્ષા કરે લ્યો! એવા પણ ગુરુ હોય. ઊલટો-સૂલટો પ્રશ્ન પૂછે. ભાવના તીવ્ર ચાલતી હોય તો એમ કહે કે તારી ભાવના મંદ છે. તું દેખીને નક્કી કરને! એમ કહે છે. મને શું પૂછે છે? તો માની લેવું કે ન માની લેવું? એમ ગુરુનું ન માનવું? અત્યારે ગુરુ પરીક્ષા કરે છે. ઉપદેશ આપતા નથી. ઉપદેશ માનવાની વાત છે. પરીક્ષા કરે ત્યારે તો જે પોતાની યથાર્થ સમજણ હોય એ જ સમજણ કામમાં આવે.

એક વખત એકડો આમ નહિ પણ આમ થાય, શીખી લીધું. સમજી લીધું. હવે માસ્તર ઊંધો એકડો લખે. બોલ આને એકડો કહેવાય કે ન કહેવાય? તો કહે ન કહેવાય.

હું કહું છું આ એકડો છે. તો કહે સાહેબ તમે મને આવું ક્યાં શીખડાવ્યું છે? શું કહે? તમે મને આવું શીખડાવ્યું નથી. આ તો ઊંધો એકડો છે. તમે તો મને સવળો એકડો શીખડાવ્યો છે અને અત્યારે તમે પ્રશ્ન ઊંધો પૂછો છો. મહેરબાની રાખો તો સારું. ઊલટું-સૂલટું (પુછાય), પરીક્ષામાં તો ઊલટું-સૂલટું બેય પૂછાય. એમ પોતે બરાબર સમજ્યો હોય તો કામમાં આવે. પોતાને ભાવ ભાસ્યો હોય તો જ કામમાં આવે. નહિતર ભૂલો પડે.

'**પોતાની મંદતા દેખીને ઓળખાય કે આ મંદ-મંદ ચાલે છે...**' પોતાની મંદતા જોઈને પોતાને ખબર પડે, ઓળખાણ થાય કે આ મંદ છે. '**અને ઉગ્રતા થતી નથી એટલે હજી ઉગ્રતાની ખામી છે.**' એમ ચોક્કસ પોતાને ખબર પડે. અને ખબર પડે તો આગળ ચાલે. ખબર જ ન હોય તો કેવી રીતે આગળ ચાલે? '**મંદ-મંદ ચાલે, ધીમી ગતિએ ચાલે તેને વાર લાગે છે, જેને ઉગ્રતા થાય તે ત્વરાથી પહોંચી જાય છે.**' એટલે એને સમય સાથે ફેર પડે છે. ભાવનામાં ફેર છે તો સમયનો ફેર થવાનો. ઉગ્ર ભાવનાવાળો જલ્દી પહોંચશે, શિથિલ ભાવનાવાળાને વાર લાગશે. પણ નિષ્કામભાવે ભાવના હોવી જોઈએ. કોઈ વખત ભાવના વગર કામ નહિ થાય, કોઈવાર નહિ થાય.

મુમુક્ષુ :- શિથિલ ભાવના એટલે ઉપર-ઉપરની લીધી? શિથિલ ભાવના એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- એ ઉપર-ઉપરની. શિથિલ એટલે ઉપર-ઉપરની. ઉગ્ર એટલે અંદરની તીવ્ર. '**ધીમી ગતિએ ચાલનારો ત્યાં ઊભો રહે તો કેમ પહોંચાય?**' આ વેદનામાં તીવ્રતા છે એટલે વેદનામાં આવવાની વાત છે. ચિંતા થાય થોડીક કે અરે..! પરિભ્રમણ મટતું નથી, પરિભ્રમણના કારણો મટતા નથી. ચિંતા થાય, પણ એ મંદતા છે. વેદનામાં તીવ્રતા છે. તીવ્ર વેદના આવે ત્યારે માર્ગ માટે ઝૂરે. બસ! ઝુરણા આવી એટલે માર્ગ મળ્યા વગર રહે નહિ. એમ છે. કેવું સરસ લીધું છે! ત્રણે કાળે આ જ માર્ગ છે. અતીતકાળે કોઈનું કામ થયું નથી, વર્તમાનમાં થતું નથી અને ભવિષ્યમાં થશે નહિ.

એનું કારણ છે કે જીવ સાંસારિક ભાવોમાં તો પરિણમી રહ્યો છે. સંસારના કાર્યો, સંસારના ઉદયો, નિરંતર ચાલે છે. એમાં પરિણમી રહ્યો છે. પરિણમી રહ્યો છે એટલે નુકસાન કરી રહ્યો છે. એ નુકસાન થાય છે એવા પરિણામોની સામે બળવો તો કરવો પડે કે ન કરવો પડે? એ બળવો કરવાની વાત છે. બળવો એટલે બળવાનપણે સામનો (કરવો) એનું નામ બળવો. બળવાનપણે સામનો. કેમકે તારા સંસાર પરિણામો પણ બળવાન છે. શું છે? તારા સંસાર પરિણામો બળવાન છે તો એની સામે તારે બળ નહિ કરવું પડે? પહેલવાનની સામે નાના છોકરાને મોકલાય? પહેલવાનની સામે પહેલવાનને ઊભો રાખવો પડે. તલવાર લઈને આવ્યો હોય એની સામે લાકડી લઈને જવાય? લાકડી

તૂટી જવાની. તલવારની સામે તલવાર જોઈએ.

એમ સંસાર તારો બળવાન છે, અનાદિથી અભ્યાસેલો છે અને હજી તારી ઊલટી પ્રેક્ટિસ ચાલુ જ છે. શરીર મારું, કુટુંબ મારું, સંપત્તિ મારી, પરપદાર્થોમાં મારાપણાની ઊંધી પ્રેક્ટિસ ચાલુ જ છે. છે નહિ કોઈ તારું!! બળવાનપણે તારે ભાવનામાં પહેલા આવવું જોઈએ. બળવાન ભાવના હોવી જોઈએ. મારે આત્મકલ્યાણ કરવું જ છે અને મારે હવે જગતના બીજા કોઈ કામ કરવા નથી. પછી કરવા પડે એ બીજી વાત છે. એ તો અનિચ્છાએ છે. સજા ભોગવવાની વાત છે એ તો. આ તો જીવ સજા ભોગવવામાં હોંશ કરે છે. સંસારમાં તો શું છે? ઉદય આવે છે એ તો પૂર્વકર્મની સજા છે. એમાં અનુકૂળતા કલ્પીને હોંશ કરે છે. પ્રતિકૂળતામાં હોંશ નથી કરતો. પણ એ તો અનુકૂળતામાં હોંશ કરી હોય એને પ્રતિકૂળતામાં ગડબડ થયા વિના રહે નહિ. એમ છે.

'**ધીમી ગતિએ ચાલનારો ત્યાં ઊભો રહે તો કેમ પહોંચાય? તેને ખ્યાલ આવે કે હું નથી પહોંચી શકતો માટે મારી ગતિ ધીમી છે.**' આ તો resulted position છે. કેમ વાર લાગી? વર્ષ થયું, બે વર્ષ થયા, પાંચ વર્ષ થયા, સાત વર્ષ થયા, દસ વર્ષ થયા, બાર વર્ષ થયા. આ વાત સમજ્યાને કેટલા વર્ષ થયા? કે વર્ષો વીત્યા. મહિનાઓ વીત્યા નહિ પણ વર્ષો વીત્યા. શું બતાવે છે? કે મારી પરિણામની ભાવનાની ગતિ ધીમી છે.

ગુરુદેવ થોડું કડક કહેતા. બહેનશ્રીની થોડી ભાષા મધુર, મીઠી છે. તારી ભાવનાની ઓછપ છે, તારો પુરુષાર્થ ઓછો છે? કે ઓછો નથી વિપરીત છે હવે! એમ કહે. ગુરુદેવ શું કહે? તારું વિપરીત ચાલે છે. સવળું કર! ઊંધો ઊંધો ચાલે છે તું. એવું કહે. ઊંઘ આવતી હોય અને માથામાં હથોડો મારે તો ઊંઘ ઊડી જાય કે ન ઊડી જાય? કોઈ એમ કહે કે મને ઊંઘ આવે છે? એમ અહીં (પણ કોઈ કહે કે તું ઊંધો ચાલે છો તો) તરત જાગૃતિ આવે. હેં! હું ઊંધો ચાલું છું! મને નુકસાન કરું છું! એવી રીતે તપાસવું જોઈએ. યોગ્યતા હોય, પાત્રતા હોય તો તપાસી લે.

શું કહે છે? '**હું નથી પહોંચી શકતો માટે મારી ગતિ ધીમી છે.**' એમ ખ્યાલ આવી જાય છે. '**હું જ્યાં ઊભો છું ત્યાં જ ઊભો છું. આગળ જતો નથી.**' ગાડી અટકી ગઈ છે. રૂટિન થઈ જાય તો ગાડી અટકી જાય. એમ નહિ થવું જોઈએ. '**ભાવનગર જવું હોય...**' એટલે ત્યાં સોનગઢ બેઠા છે એટલે વાત કરે છે. આપણે સોનગઢ જવું હોય એમ લેવું. '**ને ધીમી ગતિએ ચાલે, તો પહોંચતાં વાર લાગે.**' પણ ચાલે તો. ઊભો રહે તો? તો વાર લાગવાનો સવાલ જ નથી. તો પહોંચે જ નહિ. એ અટક્યો. ઊભો રહ્યો તે અટક્યો.

વાર લાગે ત્યારે પણ થોડી ઉગ્રતા આવવી જોઈએ કે, આ વાર લાગે છે એ સારું નથી! વાર લાગે છે એ સારું નથી! હું જૂનો મુમુક્ષુ થઈશ પછી 'પાકા ઘડે કાંઠા નહિ ચડે.' ધ્યાન રાખવા જેવો વિષય છે. જેટલો જૂનો થાય, કામ ન થાય અને જેટલો જૂનો થાય એટલું જોખમ વધારે. એમ સમજવું. આ તો ધીમે ધીમે ચાલે છે એને કહે છે હોં! અટક્યો છે એની વાત નથી. ધીમે ધીમે ચાલે છે એને કહે છે.

'નથી પહોંચાતું તે બતાવે છે કે ધીમી ગતિ છે, ઉપર-ઉપરથી થાય છે, અંદરથી પ્રગટ થાય તો પહોંચી જાય છે.' એટલે એમ કહીને એમ કહ્યું કે આ એક એવી કાર્યપદ્ધતિ છે કે જો પરિણામ યથાર્થ, બરાબર right ટ્રેક, right સ્પીડમાં ચાલે, તો થોડા સમયમાં ઘણું કામ થાય છે. સમય થોડો લાગે અને કામ ઘણું થાય છે એ એક આ કાર્યપદ્ધતિનું ચમત્કારિક result છે. થોડા સમયમાં ઘણો વિકાસ થાય. યથાર્થ કાર્યપદ્ધતિમાં આવી જવું જોઈએ.

પ્રેરણાસ્પદ વાત છે. કેવી વાત છે? પ્રેરણાસ્પદ વાત છે. પ્રેરણા મળે. હેં! થોડા ટાઈમમાં મારું ઘણું કામ થઈ જાય, હું ઘણો આગળ વધી જાઉં? તો તો મારે ઝટપટ કરી લેવું જોઈએ. એમ પ્રેરણા મળે એવી વાત છે અને ખરેખર એવું જ છે. ખાલી પ્રેરણા આપવા માટે વાત નથી, ખાલી ઉત્સાહ વધારવા માટે વાત નથી, વાસ્તવિકતા પણ એમ જ છે. એવી જ વાસ્તવિકતા છે.

એટલે વાર લાગી હોય એને તીવ્ર ખેદ આવવો જોઈએ. સરવાળો આ છે. વાર લાગી હોય એને તીવ્ર ખેદ આવવો જોઈએ. હેં! આટલા બધા વર્ષો ચાલ્યા ગયા છે. મારી પરિસ્થિતિ આમાં તો વધારે કપરી થાય. કપરી એટલે કઠણ. પરિસ્થિતિ કઠણ થાય. હવે બેદરકાર રહેવું પાલવે નહિ. એમ સીધું આવવું જોઈએ. બેદરકાર ન રહે તો કાળજીથી કામ કરે. કેવી રીતે? કાળજીથી કામ કરે.

શું લીધું એ? મંદ અને તીવ્ર ભાવનાને કેવી રીતે સમજવી? પોતાના પરિણામને જોઈને સમજી લેવું અને એનું result જોઈને, કાળ-સમય કેટલો વ્યતીત થયો એનાથી સમજી લેવું. એમ સીધું ન સમજાય તો એનાથી તો તને સમજાય એવું છે એ તો ખુલ્લી વાત છે. કેટલો વખત ગયો એ તો ખુલ્લી વાત છે.

આચાર્યદેવે તો છ મહિનાની વાત કરી છે. કેટલી? જગતની સર્વોત્કૃષ્ટ સિદ્ધિ! કેવી? એનો પાયો છ મહિનામાં પાક્કો થઈ જાય. અને એ પાક્કો એવો કે પછી બાકીનું ચણતર ઑટોમેટિક ચાલીને પૂર્ણતા થઈ જાય. કેવી સરસ વાત કહેવાય! કેવો સુંદર માર્ગ ગણાય! કેવો સુંદર ઉપાય કહેવાય! એવી વાત છે. એ છ મહિના તો maximum કીધા છે. minimum તો કલાકોમાં કામ કરનારા પણ સોગાનીજી જેવા નીકળ્યા છે!!

એ ઉગ્ર ભાવનામાં હતા, તેઓ તીવ્ર ભાવનામાં હતા. પકડી લીધું. વાર લાગી નહિ. એ એમ સૂચવે છે કે એવી આત્મામાં શક્તિ છે. એવી આત્મામાં શક્તિ છે. પોતામાં શક્તિ છે એટલી. વિશ્વાસ લાવ! શક્તિ છે એનો વિશ્વાસ લાવ! તારું કામ ચાલુ થઈ જશે. વિશ્વાસ હશે તો તારું કામ ચાલુ થઈ જશે. અવિશ્વાસે તું કામ ચાલુ કર એવો તારો સ્વભાવ નથી. શંકા હોય ત્યાં સુધી કામ ઉપડે નહિ, પુરુષાર્થ ઉપડે નહિ. નિઃશંકપણે સમજીને આગળ વધવું જોઈએ. ૨૨૨ અને ૨૨૩ બેય ભાવનાનો જ વિષય છે. એ ૨૨૨-૨૨૩નો એક સાથે આશય લઈ લઈએ.

૨૨૨થી ભાવનાનો વિષય ચાલ્યો છેને? ૨૨૨.. વાંચો જોઈ.

મુમુક્ષુ :- ૨૨૨ બાકી છે. ૨૨૧ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૨૨૧માં પણ એ જ છે. ૨૨૧થી ચાલે છે ભાવનાનો વિષય તો. ૨૨૧નો આશય વાંચો તો.

મુમુક્ષુ :- આત્મકલ્યાણની ભાવના જીવને બે પ્રકારની ઉત્પન્ન થાય છે. એક મંદ અને બીજી તીવ્ર. મંદ ભાવનાથી સંસાર પરિણતિ મટતી નથી. તીવ્ર ભાવના અંતરની સંસાર પરિણતિને ભેદીને ભેદજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે, કે જેનું ફળ પૂર્ણ મોક્ષદશા છે એવી યથાર્થ આત્મભાવના ઉત્પન્ન કરાવવાનો અહીં આશય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હવે ૨૨૨-૨૨૩નું ભેગું લઈ લઈએ. કેમકે એમાં મંદ-તીવ્રની ચર્ચા છે.

આશય :- (૨૨૨-૨૨૩) :- **મંદ ભાવનાવાળાને ભાવના છોડીને અન્યથા પ્રયત્ન કરવાની ભૂલ ન થવી જોઈએ. પરંતુ ભાવનાને ઉગ્ર કરવાના પ્રયાસમાં લાગવું જોઈએ. પોતાના પરિણામનું અવલોકન કરીને ભાવનાની તીવ્રતા-મંદતા સમજી શકાય છે. મંદતાથી સમય વધારે લાગે છે. એ પણ મંદતાનું લક્ષણ છે. તાત્પર્ય એ છે કે ઉગ્ર ભાવનામાં આવીને સ્વરૂપને ઓળખીને અંતર્મુખનો પુરુષાર્થ થવો જોઈએ. તો અલ્પકાળમાં મહત્ત્વનું કાર્ય સંપન્ન થાય.**

પ્રશ્ન :- જોર તો પોતાને દેવાનું છે ને?

સમાધાન :- પુરુષાર્થ તો પોતાને જ કરવાનો છે, કોઈ કરાવી દેતું નથી. રખડનારો પોતે અને મોક્ષ કરનારો પણ પોતે-સ્વતંત્ર છે. ૨૨૪.

તા. ૧૦-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૪ થી ૨૨૬ પ્રવચન નં. ૧૬૬

પાનું-૧૩૯. પ્રશ્ન-૨૨૪મો. છેલ્લા કેટલાક પ્રશ્નોથી ભાવનાનો વિષય ચાલે છે. તીવ્ર ભાવના અને મંદ ભાવના એ છેલ્લો પ્રશ્ન લીધો છે. એના અનુસંધાનમાં પ્રશ્ન છે કે '**જોર તો પોતાને દેવાનું છે ને?**' એટલે કે તીવ્રતા તો પોતાથી જ આવે ને? એમ. '**સમાધાન :- પુરુષાર્થ તો પોતાને જ કરવાનો છે,...**' જોર કહો, પુરુષાર્થ કહો, સંવેગ કહો, એક જ વાત છે. '**પુરુષાર્થ તો પોતાને જ કરવાનો છે, કોઈ કરાવી દેતું નથી.**' કોઈ બીજાને પુરુષાર્થ કરાવે એવું નથી હોતું. પુરુષાર્થ તો પોતાને જ કરવાનો છે. પુરુષાર્થ પોતાના પરિણામ છે. પોતાના પરિણામ પોતે કરે છે. પોતાના પરિણામ કોઈ બીજો કરાવે એવી તો કોઈ વ્યવસ્થા નથી.

સંસારમાં '**રખડનારો પોતે અને મોક્ષ કરનારો પણ પોતે-સ્વતંત્ર છે.**' પરિભ્રમણ કરવા માટે પણ સ્વતંત્ર છે અને મોક્ષ પામવા માટે પણ સ્વતંત્ર છે. ભૂલ કરવા માટે પણ સ્વતંત્ર છે, દોષ કરવા માટે પણ સ્વતંત્ર છે અને દોષનો નાશ કરવા માટે પણ સ્વતંત્ર છે. પોતે સ્વતંત્ર રીતે જ પરિણમે છે. જડ અને ચૈતન્ય, જીવ અને પરમાણુ બધા જ સ્વતંત્ર પરિણમે છે. કોઈ કોઈને આધિન નથી. એટલે એમાંથી પરમાર્થ એ કાઢવાનો છે કે મારું કાર્ય મારે સ્વતંત્ર રીતે કરવાનું છે. મારું કાર્ય કોઈ બીજો કરી દેશે એવી કોઈ અપેક્ષા રાખવાની નથી. એવી અપેક્ષા રાખવાથી કામ થવાનું નથી. માટે પોતે પોતાનું કાર્ય કરવા, પુરુષાર્થ કરવા તત્પર થવું એમ એમાંથી નીકળે છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવે કીધું છે ને છૂટવા ઇચ્છનારને કોઈ બાંધી શકે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જીવની વિપરીતતા છે કે પોતે પોતાનું કાર્ય નથી કરતો ત્યારે આરોપ બીજા ઉપર કરે છે, દોષ બીજા ઉપર ઢોળે છે કે આ કારણથી હું નથી કરી શકતો, આ કારણ મને આડું આવ્યું, ફલાણો મને આડો આવ્યો, ફલાણો સંયોગ મને નડ્યો, ફલાણો વિયોગ મને નડ્યો. આમ થયું, તેમ થયું - એ બધી વાત ખોટી છે. એના ઉપર કૃપાળુદેવે એ વાત લખી છે કે બાંધનારને કોઈ છોડાવી

શકતું નથી અને જેને છૂટવું છે એને કોઈ બાંધનાર નથી. તને કોઈએ રોક્યો છે, બંધનમાં રાખ્યો છે, માટે તું પુરુષાર્થ કરી શકતો નથી, કે આત્મકલ્યાણમાં પ્રગતિ કરી શકતો નથી - એ વાત ખોટી છે. તને કોઈ રોકી શકતું નથી. અને તને સ્વયં તારે પોતાને જ બંધાવું હોય, રોકાવું હોય તો તને કોઈ છોડાવી શકે નહિ. કેમકે કોઈના પરિણામમાં ફેરફાર કરવા માટે કોઈની પહોંચ નથી. અથવા પરિણમતા એવા પદાર્થમાં, કોઈપણ પદાર્થના પરિણમનમાં કોઈ હસ્તક્ષેપ કરી શકે એવી કોઈ વસ્તુવ્યવસ્થા નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ પોતાના પરિણામ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ પોતાના પરિણામ છે કેમકે એ વીર્યગુણની પર્યાય છે. જેમ જ્ઞાન પોતાના પરિણામ છે, કેમકે એ જ્ઞાનગુણની પર્યાય છે. એમ પુરુષાર્થ છે એ વીર્યગુણની પર્યાય છે. પોતાના જ પરિણામ છે.

મુમુક્ષુ :- એ કેવા પ્રકારના પરિણામ.. પુરુષાર્થમાં?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ એટલે જોર. વજન જવું, જોર થવું, ભીંસ દેવાની. આપણે ભાર દઈએ છીએ કે નહિ વાત કરવામાં? વજન આપીએ છીએ કે નહિ? એમ હું એક આત્મા જ છું એમ જોર આવવું, મને લોકો ઓળખે છે કે હું ફલાણો-ફલાણો છું, એમાં જોર જાય છે તો અનેક પ્રકારના રાગ-દ્વેષના પરિણામ થાય છે. પણ હું આત્મા છું એમ જોર આવે અને આત્માની ઓળખાણ હોય તો રાગ-દ્વેષ થવાનું કારણ એટલા માટે નથી કે કોઈ મને, આત્માને એટલે મને, લાભ-નુકસાન કરી શકતું નથી. હું કોઈને લાભ-નુકસાન કરી શકતો નથી.

મુમુક્ષુ :- હું ફલાણો છું એમ ઊંધું જોર જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ઊંધું છે. હું આત્મા છું. મને કોઈ લાભ-નુકસાન કરી શકે નહિ. એટલે ભયનું કારણ રહેતું નથી. હું કોઈને લાભ-નુકસાન કરી શકતો નથી માટે મારા રાગ-દ્વેષ કરવા વ્યર્થ છે, એટલે નકામા છે. એટલે વિભાવભાવોની ઊલટા પુરુષાર્થની નિષ્ફળતા, કેમકે વિભાવભાવોમાં ઊલટો પુરુષાર્થ છે. એની નિષ્ફળતા સમજાય કે આ તો વ્યર્થ પ્રયત્ન છે. એટલે એ પ્રયત્ન બંધ થાય. ઊલટો પુરુષાર્થ બંધ થાય તો સૂલટો પુરુષાર્થ થાય. ઊલટો પુરુષાર્થ ચાલે છે ત્યાં સુધી સૂલટો નહિ થાય.

પુરુષાર્થનું તો બહુ મોટું પ્રકરણ છે. અહીંયાં તો એટલો જ પૉઈન્ટ છે કે પોતે કરવાનું છે. પુરુષાર્થનું કાર્ય પણ પોતે કરવાનું છે. મારું કામ કોઈ કરી દેશે, મને કોઈ મદદ કરી દેશે તો હું કામ કરી શકીશ - એવી કોઈ વસ્તુસ્થિતિ નથી. શક્તિ પણ આત્મામાં કામ કરવાની બેહદ છે. કેટલી છે? બેહદ શક્તિવાન પોતે જ છે. જ્યારે પોતે શક્તિશાળી છે તો શા માટે કોઈની મદદ લેવી? શ્રીમંત માણસ ભીખ માગવા

નીકળે એ તો ઘણી બેહુદી વાત છે. એના ઘરમાં ભંડાર ભર્યા છે. મિષ્ટાન્નના ભંડાર ભર્યા હોય ને બટકુ સૂકા રોટલાની ભીખ માંગે (એ) કેવું વિચિત્ર લાગે! એવો ઘાટ થયો છે. તારામાં શક્તિ બેહદ છે. એ શક્તિની તને પિછાણ નથી, ઓળખાણ નથી. એટલે તું બીજાની મદદ માગે છો. ઓશિયાળો થઈને ફરે છો. મને કોઈ રક્ષણ આપે તો સારું. મને કોઈ મદદ કરે તો સારું. મારું કોઈ કામ કરી દે તો સારું, મને કોઈ આધાર આપે તો સારું. અને અનેક બીજી વ્યક્તિઓ પાસે અને બીજા પદાર્થો પાસે સુખની અપેક્ષા રાખે છે. સુખનો ભંડાર પોતામાં ભર્યો છે અને સુખની અપેક્ષા બહાર રાખે છે! એટલો વિચિત્ર ઘાટ છે! કારણકે યથાર્થ સમજણનો અભાવ છે. યથાર્થ સમજણ કરવા માટે સ્વાધ્યાય અને સત્સંગ છે. સાચી સમજણ કરે તો પરિણામની દિશા બદલાય જાય. આખો પરિણામનો પ્રવાહ અને વલણ બદલાઈ જાય.

મુમુક્ષુ :- આવે છે ને 'ભટકે દ્વાર દ્વાર લોકનકે..'

પૂજ્ય ભાઈશ્રી :- હા એ આશા રાખીને, અપેક્ષા રાખીને. કૂતરાને રોટલાનું બટકું જોઈએ એટલે ઘરે-ઘરે ફરે છે. એવી અપેક્ષાવૃત્તિથી ઘરે-ઘરે ફરે છે. આ મને આમ કરે તો ઠીક, આ આમ બોલે તો ઠીક, આમ મારી સાથે રહે તો ઠીક. એ અપેક્ષા રાખે કે તમારું મોઢું સરખું નથી રહેતું. ઠીક! એનું મોઢુ સરખું રાખવાની અપેક્ષા પોતે (રાખે). એ જેવું રાખે, જેમ રાખે એમ. તારે શું? બીજાને પરિણમાવી તો શકાશે નહિ. પરિણમાવવા માટે કર્તાબુદ્ધિએ આકુળતા કરીશ. આમ તો કોઈ બીજાનું પરિણમન તો કરાવી નહિ શકે. આકુળતા કરશે. આકુળતાથી દુઃખી થાશે.

સત્સંગમાં, સ્વાધ્યાયમાં જીવની શક્તિ કેવી છે! કેવી કેવી શક્તિઓ છે! અને જીવ કેવો મહાન શક્તિશાળી છે એની સમજ આવે છે. સમજ પણ પોતે જ સ્વતંત્ર કરે છે. પણ સમજાવનાર હોય છે એટલે એમ કહે છે કે એ સમજાવે છે. પણ પોતે સમજે તો. પોતે ન સમજવા માગે અને ન સમજે તો કોઈ પરાણે સમજાવી શકે એવી કોઈ વ્યવસ્થા નથી. એ સમજ આવે છે ત્યારે જીવ પોતાની શક્તિને સંભાળી અને પોતે પોતાની મેળે સુખી થાય છે. નહિતર પોતાની મેળે જ પોતે દુઃખી થાય છે. બસ! જે કાંઈ મુદ્દો છે એ તો સુખ-દુઃખનો છે. અને જગતમાં પણ જેટલી પ્રવૃત્તિ છે એ સુખ-દુઃખને કારણે જ છે. સુખ-દુઃખને લઈને જ છે. એક ન્યાયે એમ થયું કે સંસારી જીવો કે મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનારા જીવો, સંસાર પ્રવૃત્તિ કરનારા જીવો કે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરનારા જીવો - બન્ને સુખ પાછળ જ પ્રવૃત્તિ કરે છે પણ બન્નેની સુખ માટેની સમજ, સુખ પ્રાપ્ત કરવા માટેની સમજ, સુખના સ્વરૂપની સમજ ઊલટી-સૂલટી છે. સંસારી જીવોની સમજ વિપરીત છે એમ સાબિત થઈ ચૂક્યું છે. સાબિત

કરવાની જરૂર નથી, પણ સાબિત થઈ ચૂક્યું છે કે અનેક પ્રયત્નો કરવા છતાં કોઈ સંસારી જીવ સુખી જોવામાં આવતો નથી. અનેક પ્રયત્નો કરવા છતાં અને એ પ્રયત્નોથી જે પરિસ્થિતિ ઊભી થઈ, જેને લોકો એમ કહે કે ભાઈ હવે એ સુખી થયા છે, એમાં પણ એ સુખી જોવામાં આવતા નથી. એ બતાવે છે કે એ પ્રયત્ન સાચો નહોતો.

મુમુક્ષુ :- સારી એવી પરિસ્થિતિમાં સારા એવા દુઃખી હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ કે અપેક્ષાવૃત્તિ વધતી જાય છે. સારી પરિસ્થિતિમાં પરિસ્થિતિ એ બની છે કે ઇચ્છા છે એ અગ્નિ છે, સારી પરિસ્થિતિમાં અગ્નિમાં ઘી નાખવામાં આવ્યું છે એટલે અગ્નિ વધારે સળગ્યો છે. અને એક જીવની રોજની સેંકડો ઇચ્છા થાય એ કાંઈ પૂરી થવાની કોઈ પરિસ્થિતિ છે નહિ. એ પરિસ્થિતિ જગતમાં છે નહિ. કેમકે જગતમાં પદાર્થો મર્યાદિત છે અને ઇચ્છાઓ અમર્યાદિત છે. શાસ્ત્રકારોએ એનું માપ કાઢ્યું છે કે એક જીવની ઇચ્છા પૂરેપૂરી સંતોષાવવી હોય તો આખું જગત એની ઇચ્છાના આકાશમાં રાઈના દાણા જેવડું છે. એટલે કોઈ જીવની ઇચ્છા પૂરી થવાની પરિસ્થિતિ છે નહિ. અને અનંત જીવોની અનંત ઇચ્છાઓ છે. હવે પરિસ્થિતિ શું થાય?

મુમુક્ષુ :- ઝઘડાં જ થાય પછી.

પૂજ્ય ભાઈશ્રી :- ઝઘડાં થયા વિના રહે નહિ. કેમકે ચીજ ઓછી અને લેનારા ઝાઝા. એટલે લૂંટાલૂંટ જ થાય. આ એમાંથી વિશ્વવિગ્રહ સુધીની તકરારો, લડાઈઓ એમાંથી ઊભી થયેલી છે. શેમાંથી ઊભી થયેલી છે? એમાંથી ઊભી થયેલી છે. એટલે પરિસ્થિતિ સમજીને, સાચી પરિસ્થિતિ સમજીને જીવ સાચો રસ્તો પકડે તો એને સુખ-શાંતિ અને આનંદ થાય. નહિતર તો જે પરિસ્થિતિ જગતના બધા જીવોની છે એમ પોતાની થવાની જ છે અને કેટલો દુઃખી થશે એનું કોઈ માપ નહિ નીકળે એટલો દુઃખી થશે. ૨૨૪ થયો.

પ્રશ્ન :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘણો ઘનિષ્ઠ છે. એક મહાપુરુષનું વચન જે અસર કરે છે, તે વાંચવાથી થતું નથી.

સમાધાન :- તોપણ પોતે સ્વતંત્ર છે. ગુરુદેવ માર્ગ ચોખ્ખો કરીને ગયા છે. કરવાનું પોતાને છે. ૨૨૫.

પ્રશ્ન ૨૨૫ ઉપર પ્રવચન

૨૨૫. '**નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘણો ઘનિષ્ઠ છે. એક મહાપુરુષનું વચન જે**

અસર કરે છે, તે વાંચવાથી થતું નથી.' શું કહે છે? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ વિશ્વની અંદર ઘનિષ્ઠ છે એટલે અનેક પ્રકારે છે, ઘણો છે અને હંમેશા છે. કોઈ પદાર્થ કોઈ પદાર્થનું કાર્ય કરતો નથી, તોપણ કોઈ પદાર્થના કાર્યમાં કોઈ પદાર્થની સાનુકૂળતા હોય છે ખરી. એટલે નિમિત્ત કરતું નથી, પણ નિમિત્ત હાજર હોય છે અને એના વિના થતું પણ નથી.

મુમુક્ષુ :- catalytic agent

પૂજ્ય ભાઈશ્રી :- catalytic agent જેવું છે. એટલે નિમિત્ત કરે છે એ માનવું મિથ્યા છે અને નિમિત્ત વિના કરી શકાય છે એમ માનવું પણ મિથ્યા છે. હવે શું કરવું? બેય પરસ્પર વિરુદ્ધ વાત લાગે એવું છે. છતાં વસ્તુસ્થિતિ આ જ છે, વસ્તુસ્થિતિ આમ જ છે. એટલે તને તારું આત્મકલ્યાણ કરવું હોય તો જગતમાં એ નિમિત્તો હંમેશા છે. તારે આત્મકલ્યાણ ન કરવું હોય અને પરિભ્રમણ કરવું હોય તો એ નિમિત્તો પણ જગતમાં હંમેશા છે. નિમિત્તને કાંઈ શોધવા જાવું પડે એવું નથી. એ તો છે જ. સંગ કોનો કરવો? એ કરવા માટે તું સ્વતંત્ર છો. નિમિત્ત સંગ કરાવશે એવું નથી. સંગ તારે કરવાનો છે સ્વતંત્ર રીતે. કયા નિમિત્તના સંગમાં જાવું એનો વિવેક સ્વતંત્ર વિચારથી તારે કરવાનો છે. બસ! પછી કાંઈ અસમાધાન થવાનું કારણ રહેતું નથી.

એટલે એમ કહ્યું કે '**નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘણો ઘનિષ્ઠ છે. એક મહાપુરુષનું વચન...**' પોતાના કારણે નીકળે છે. જેને અસર થાય છે તેને પોતાની યોગ્યતાના કારણે અસર થાય છે. એ જ મહાન પુરુષનું વચન બીજાને અસર નથી કરતું એ એની સ્વતંત્ર અયોગ્યતાને કારણે નથી કરતું. જો મહાનપુરુષ વચનથી અસર કરાવી દેતા હોય તો બધાને સરખી અસર થવી જોઈએ, પણ એવું જોવામાં આવતું નથી એ વાત પ્રત્યક્ષ છે. એ બધાની સ્વતંત્રતાને સાબિત કરે છે.

સ્કુલની અંદર પણ બધા વિદ્યાર્થીને સરખા માર્ક આવતા નથી. ભણાવનાર ટીચર કોઈને ઓછું ભણાવે છે અને કોઈને વધારે ભણાવે છે એવું તો છે નહિ. બ્લૅકબોર્ડ ઉપર લખ્યું એ બધાએ વાંચ્યું. છતાં કોઈએ ધ્યાન આપ્યું અને કોઈએ ધ્યાન ન આપ્યું. તો ભણવામાં ધ્યાન આપનાર સ્વતંત્ર છે અને નહિ આપનાર પણ સ્વતંત્ર છે. એમાં માસ્તર શું કરે? એમ મહાપુરુષનું વચન એ વચનના ઉત્પન્ન થવાના કાળે સહેજે ઉત્પન્ન થાય છે. યોગ્યતાવાન જીવને અસર થાય છે. અયોગ્યતાવાન જીવને અસર નથી થતી.

જગતમાં ત્રણ પ્રકારના જીવો છે. પાત્રતાવાન, અપાત્રતાવાન અને કુપાત્રતાવાન. પાત્રતાવાન જીવો છે એને અસર થાય છે. શ્રવણ થતાં શ્રવણયોગમાં એને અસર થાય છે. અપાત્રતાવાન જીવોને અસર નથી થતી અને કુપાત્રતાવાન જીવો ઊલટી અસરમાં

પણ આવે છે. કેમકે એમાંથી ઊંધું લે છે. ઊંધો ચાલવા માંડે છે.

મુમુક્ષુ :- કાલે કીધું હતુંને કે આવા સુંદર માર્ગની પણ કોઈ નિંદા કરે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ પણ થાય. એ છે બીજું ભૂલ કાઢે, નિંદા કરે, (સૂલટા) ન્યાયને ઊંધો ખતવીને ઊંધો ચાલે. ક્રમબદ્ધ પ્રમાણે થવાનું છે તો મારું જ્યારે હિત થવાનું હશે ત્યારે થશે, મારો પુરુષાર્થ થવાનો હશે ત્યારે થશે. ઊંધું લે. પોતાને નુકસાન થાય એવો વિચાર આવે તે કુપાત્રતા છે, અસર જ ન થાય તે અપાત્રતા છે અને અસર થાય તે પાત્રતા છે. માપી લેવું પોતાને. પોતાનું માપ પોતાએ કાઢી લેવું. અને એ બધું સ્વતંત્ર છે. પાત્રતા પણ સ્વતંત્ર છે, અપાત્રતા પણ સ્વતંત્ર છે અને કુપાત્રતા પણ સ્વતંત્ર છે. મહાપુરુષ નિઃસ્પૃહ છે. મહાપુરુષ નિઃસ્પૃહ છે એટલે તને શું કરવા અસર ન થઈ એની આકુળતા એને નથી કે, મેં આવી સરસ વાત કરી - તને તારા આત્મકલ્યાણની વાત કરી અને તારા આત્મા ઉપર અસર નથી થતી, શું કરવા નથી થતી એની આકુળતા એને નથી થતી. કેમકે એને એથી કાંઈ લેવાદેવા નથી. અસર થાય તો તારું તું જાણ અને અસર ન થાય તો(પણ) તારું તું જાણ. અમે તો અમારા રસ્તે ચાલ્યા જઈએ છીએ. બસ!

મુમુક્ષુ :- અસર ન થાય તો કરુણા આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કરુણા આવે. પણ આ સમાધાન છે સાથે સાથે. કે ભાઈ! એ જીવની સ્વતંત્ર અયોગ્યતા હોય એમાં હું શું કરવાનો? કરુણા આવે એ તો એનું દુઃખ જોઈને કરુણા આવે છે. કેમકે પોતે સુખી થયા છે તો એ એવી ભાવના રાખે છે કે જગતના બધા જ જીવો મારી જેમ સુખી થાય. મને આત્માની શાંતિ વર્તે છે તો 'બધા જ જીવોને આત્મશાંતિ થાવ!!' એવી એમની ભાવના હોય છે અને એ ભાવનાને કારણે એમને કરુણા આવે છે, પણ અસમાધાન નથી. કરુણા છે એ અલ્પદુઃખ છે. શું છે એમાં? અલ્પદુઃખ છે. બીજાના દુઃખે દુઃખી. એ દુઃખ કેવું છે? બીજાના દુઃખે દુઃખી. એમ પોતાને સમાધાન છે કે એમાં મારું કાંઈ ચાલે એવું નથી. એટલે એ દુઃખ મર્યાદિત હોય છે અને જ્યાં સુધી છદ્મસ્થ હોય છે ત્યાં સુધી એવો ભાવ અલ્પપ્રમાણમાં આવે છે. કેવળજ્ઞાનીને તો એ કરુણાનો સવાલ નથી. અને જિનેન્દ્ર થઈ ગયા, અરિહંત થઈ ગયા, સિદ્ધ થઈ ગયા - એને તો એ કાંઈ કરુણાનો સવાલ નથી, એ તો પોતાના સ્વરૂપમાં લીન છે. જ્ઞાની પણ, મહાપુરુષ પણ પોતાના સ્વરૂપમાં લીન થતાં.. થતાં... થતાં.. એમને અલ્પ રાગ આવે છે એટલી આકુળતા થાય છે, એટલું અલ્પ દુઃખ છે અને તે દુઃખ મટાડવાના તે પ્રયત્નવાન પણ છે. એમ છે.

મુમુક્ષુ :- એટલા માટે એમને વીતરાગી કરુણા કહેવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલા માટે એની કરુણાને વીતરાગી કરુણા કહેવામાં આવે છે. કેમકે એની પાછળ કોઈ સ્પૃહા નથી. કોઈ પોતાને અંગત કારણ લેવા-દેવાનું નથી. માટે એ વીતરાગી કરુણા છે અને એ મર્યાદિત હોય છે. વીતરાગી કરુણા મર્યાદિત હોય છે. જગતના જીવોને કર્તાબુદ્ધિએ કરુણા આવે છે - આનું હું ભલું કરી દઉં, આનું હું ખરાબ કરી દઉં, આનું સારું કરી દઉં - એ બધા પ્રકાર છે એ કર્તાબુદ્ધિના છે, એમાં અનંતી આકુળતા છે અને અનંતુ દુઃખ છે. એવું જ્ઞાનીને હોતું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કૃપાળુદેવે છપદના પત્રમાં લખ્યુંને કે એમની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રતિ સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બહુ ઊંડી વાત છે. નિષ્કારણ કરુણાનું સ્વરૂપ સમજે તો એની સ્તુતિ થયા વિના રહે નહિ. માથું નમી જાય! ઓહો! મોહનો નાશ કરતા- કરતા બીજાના મોહનો નાશ કરવાનો વિકલ્પ આવ્યો, પોતાના મોહનો નાશ કરવાનો પુરુષાર્થ કરતા-કરતા બીજાના મોહનો પણ નાશ થઈ જાય એવો એમને ભાવ આવ્યો. બહુમાન આવે છે. એટલે એનું બહુમાન જેને આવે છે એનો પણ મોહ ઘટે છે, એનો મોહ પણ દબાય છે. મોહ દબાય એટલે આત્મસ્વભાવ પ્રગટ થાય છે. એમ કારણકાર્ય જોઈને એમ કહ્યું કે મહાપુરુષની નિષ્કારણ કરુણાનું સ્તવન કરતા આત્મસ્વભાવ પ્રગટે છે. નિષ્કારણ કરુણાની સ્તુતિ અને પ્રશંસા કરતા આત્મસ્વભાવ પ્રગટે તો આત્મગુણોની પ્રશંસા કરતા આત્મગુણો પ્રગટે એ વાત કેટલી નિઃશંક છે? એ તો એકદમ નિઃશંક વાત છે. એટલે મુમુક્ષુઓ જ્ઞાનીઓના ગુણોનું સંકીર્તન કરે છે.

મુમુક્ષુ :- સંકીર્તન એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- સંકીર્તન એટલે સારી રીતે, સદ્‌ભાવનાથી, સુયોગ્ય પ્રકારે કીર્તન કરવું તે. એને સંકીર્તન કહે છે.

મુમુક્ષુ :- સમજમેં નહીં આયા, ફીરસે બતાઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ વિશેષાંક નહીં પઢા? ઉસમેં નહીં લેતે હૈં કિ યહ સોભાગભાઈકા ગુણસંકીર્તન, બહેનશ્રીકા ગુણસંકીર્તન. વહ ખાસ તિથિ પર. તો કીર્તન માને ક્યા? વહ પૂછા. સંકીર્તન માને ક્યા? તો કીર્તન તો સબ સમજતે હૈં. ભજન-કીર્તન નહીં કરતે લોગ? કીર્તન તો સબ સમજતે હૈં. તો સુયોગ્ય પ્રકારસે ગુણાનુવાદ કરના ઉસકો કહતે હૈં સંકીર્તન. કભી-કભી ગુજરાતી નહીં સમજમેં આવે તો પૂછ લેતે હૈં. કોઈ બાત સમજમેં નહીં આવે તો. દો-ચાર હિન્દી(ભાષી) લોગ ભી હૈં ઈધર.

'**ગુરુદેવ માર્ગ ચોખ્ખો કરીને ગયા છે.**' પોતે સ્વતંત્ર છે એમ કહેતા જાય છે અને ગુરુદેવનો ઉપકાર ગાતા જાય છે. કેવી બેય બાજુ ઢોલકી વગાડે છે!!

મુમુક્ષુ :- અવિનાભાવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- મુમુક્ષુલોગોંકા સિંગલ એન્ટ્રી ખાતા હોતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજો વિચાર ચાલતો હતો કે, દરેક કામમાં બે બાજુ છે જ તે. ૨૦૦ કિલોમિટરની સ્પીડનું એન્જિન હોય જે ગાડીમાં, એને બ્રેક પણ હોય છે. બ્રેક વગરની કોઈ ગાડી હોય તો મરી જાયને? બ્રેક વગરની ગાડી ચલાવાય? ન ચલાવાય. એને બ્રેક જોઈએ જ. હવે કોઈ ખોટો તર્ક કરે કે આટલી બધી સ્પીડવાળું એન્જિન મૂક્યું અને પાછું એ સ્પીડને કાપવા માટેની પાછી વ્યવસ્થા કરી તમે આમાં? તો કહે એ પણ જરૂરી છે.

હાર્મોનિયમમાં કઠોર સૂર પણ છે અને કોમળ પણ સૂર છે. તબલામાં પણ બે છે. એકમાં કોમળ છે અને એકમાં કઠોર છે. ઢોલકી બેય બાજુ વગાડે છે માણસ. બેય સાઈડમાં, એક સાઈડમાં વગાડે છે? નહિ, બેય સાઈડમાં વગાડે છે. balancing.. એવી રીતે જ balance રહે. જે સુમેળ કરવો છે એ એ રીતે જ સુમેળ થાય. નિમિત્ત અને ઉપાદાનના સુમેળથી જ કાર્યસિદ્ધિ છે. હું મારું કાર્ય સ્વતંત્ર કરી શકું છું અને મારે ગુરુ ન જોઈએ, (તો) નહિ થાય લે! એટલે બેય બાજુની વાત આવે છે. **'પોતે સ્વતંત્ર છે.'** ભલે પોતે સ્વતંત્ર છે. પણ **'ગુરુદેવ માર્ગ ચોખ્ખો કરીને ગયા છે.'** એ જો માર્ગ ચોખ્ખો ન કરી ગયા હોત તો તારી સ્વતંત્રતા તો અનાદિની હતી જ. એ કાંઈ કામ આવે નહિ.

મુમુક્ષુ :- રખડાવે એવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ તારી સ્વતંત્રતાથી જ તું રખડ્યો છો. હવે ગુરુ વિના જ્ઞાન થાય એ પરિસ્થિતિ છે નહિ. તું જ્ઞાનનો ભંડાર છો. અનંત સર્વજ્ઞ શક્તિ તારામાં અનાદિથી મોજૂદ છે, તોપણ ગુરુ વિના એ સર્વજ્ઞ શક્તિને વિકાસ પામવાની કોઈ પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :- જમીનમાં દાટેલી છે. ગુરુ તો બતાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- તારો ખજાનો ક્યાં છે એ તને ખબર નથી. એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગુરુ કહેંગે કિ, સ્વતંત્ર હો, પર મુમુક્ષુ ક્યા બોલેગા? શિષ્ય ક્યા બોલેગા? કિ આપને કરાયા હૈ. દો અલગ-અલગ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુ કહેગા કિ મૈંને નહીં કરાયા હૈ.

મુમુક્ષુ :- હાઁ! પર શિષ્ય બોલેગા આપ હી ને કરાયા.

પૂજ્ય ભાઈશ્રી :- તો શિષ્ય ગુરુકો જૂઠા સાબિત કરતા હૈ ક્યા?

મુમુક્ષુ :- ઉસકો લગતા હૈ વૈસા.

પૂજ્ય ભાઈશ્રી :- વહ ગુરુકા બહુમાન કરતા હૈ. જૂઠા નહીં કરતા હૈ. ગુરુકા બહુમાન કરતા હૈ. આપ ઐસા કહતે હૈં કિ મૈંને તેરા કાર્ય નહીં કિયા, ઐસા કહનેમેં તો આપકી મહાનતા હૈ. શું કહે છે? આપકી મહાનતા હૈ. ગુરુ શિષ્યકો કભી પ્રણામ કર લેતા હૈ! ગુરુ શિષ્યકો કભી પ્રણામ કર લેતા હૈ! તો ગુરુકી ઉસમેં નમ્રતા હૈ. વહ સદ્‌ગુણ હૈ ન? તો ઉસકે સદ્‌ગુણકા દર્શન કરતે હૈં.

મુમુક્ષુ :- ગુરુ શિષ્યને પ્રણામ કરે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સોભાગભાઈને નથી કરતા? કર્યા છે કે નહિ? સોગાનીજીને કર્યા છે કે નહિ? અને આચાર્યો સમ્યગ્દૃષ્ટિના ગુણાનુવાદ કરે છે એનો અર્થ શું? ઉપકારી પ્રત્યે નમવું એ અવગુણ થોડો છે કાંઈ? તો શિષ્યને જેમ ગુરુ ઉપકારી છે એમ ગુરુને શિષ્ય ઉપકારી છે. કેમકે એમાં નિમિત્ત તો એ પડ્યા ને? એને જે સદ્‌બોધથી પોતાના ગુણોનો આવિર્ભાવ થાય છે, એ ભલે બોધ આપે છે; પણ એમાં કામ તો પોતાનું કરે છે કે નહિ? બોધ આપતી વખતે એ કામ તો પોતાનું કરે છે. પોતાના આત્મગુણોનો આવિર્ભાવ કરે છે. એમાં નિમિત્ત છે, શિષ્ય છે એ એમાં નિમિત્ત છે.

મુમુક્ષુ :- તમે અમારા અથાગ ઉપકારી છો એમ!

પૂજ્ય ભાઈશ્રી :- હા! તમે અમારા અથાગ ઉપકારી છો! એમ કહ્યું હતું. જો એને શિષ્યની દૃષ્ટિએ જોવે તો અભિમાન થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- તો કઈ દૃષ્ટિએ જોવે?

પૂજ્ય ભાઈશ્રી :- એને આત્માની દૃષ્ટિએ જુએ છે. એ પણ આત્મા છે. એ આત્મા મને અત્યારે નિમિત્ત થાય છે મારા આત્મગુણોના આવિર્ભાવ થવામાં, માટે મારા માટે પણ એ ઉપકારી છે.

મુમુક્ષુ :- ઊંચ-નીચનો કાંઈ ભેદ ન લાગે?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ભેદ નહિ. ઊંચ-નીચનો ભેદ લાગે તો અભિમાન થયા વગર રહે નહિ. અમે એ પદ્ધતિ રાખી હતી. પર્યુષણમાં બહાર જઈએને, પછી છેલ્લે દિવસે બધા ભાષણ કરે કે, ભાઈએ આપણને બહુ સારું સંભળાવ્યું, આપણા ઉપર ઉપકાર કર્યો. આમ કર્યું.. પછી બે શબ્દ આપણે બોલવાના હોય. એ એમ કે ભાઈ! મેં તમારા ઉપકાર કર્યો છે તો તમે મારા ઉપર કર્યો છે. જો તમે સાંભળવા ન બેઠા હોય તો કોની સામે ભાષણ કર્યું હોત? હવામાં તો કોઈ બોલતું નથી. કોઈ સામે હોય ત્યારે બોલે છેને? મને ભાવો થયા એમાં તમારો ઉપકાર, તમને ભાવો થયા એમાં મારો ઉપકાર. આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જાવ! હિસાબ ખાતું ચોખ્ખું. કાંઈ લેણ-

દેણ રાખવાની જરૂર નથી. જેમ ગુરુનું ખાતું ખૂલ્લું છે એમ શિષ્યનું ખાતું પણ ખૂલ્લું જ છે.

અહીંયાં તો શું કહે છે કે પોતે વિપરીત અભિપ્રાયમાં ન રહે કે મારું કાર્ય કોઈ બીજો કરી દેશે. એટલે કરવાનું પોતે છે - એમ વાત છે. ૨૪ અને ૨૫માં પ્રશ્ન જુદાં-જુદાં ઉઠાવ્યા છે પણ વાત તો એક જ કરી છે.

મુમુક્ષુ :- મોક્ષ મૂલં ગુરુકૃપા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે કોઈ પાત્ર આત્માને જોઈને ગુરુ પ્રસન્ન થાય છે ત્યારે એમાંથી એક સંકેત કાઢ્યો છે. ગુરુની પાત્ર શિષ્ય ઉપરની પ્રસન્નતાને જોઈને signify કરવામાં આવ્યું છે કે આ જીવનો મોક્ષ થઈ જશે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપણે સોનગઢ ગયા ત્યારે ગુરુદેવશ્રીની ટેપમાં આવ્યું હતું કે પ્રભુ! આપની કૃપા થઈ ગઈ, મારું કલ્યાણ નિશ્ચિત થઈ ગયું, એમ ગુરુદેવશ્રી બોલ્યા હતા. આપના જ્ઞાનમાં એમ આવ્યું કે આનો મોક્ષ થવાનો છે એજ આપની કૃપા થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર એમ જ છે. આપણે ત્યાં કોઈનો આદર-સત્કાર કરે છે ગૃહસ્થીમાં ત્યારે તિલક કરે છે ને? ઘરે આવે ત્યારે સ્વાગત કરતી વખતે. સ્વાગતમાં તિલક કરે છે કે નહિ? એમ કોઈ જીવ જ્યારે સન્માર્ગમાં પ્રવેશ કરે છે ત્યારે ભગવાનના જ્ઞાનમાં-કેવળજ્ઞાનમાં એમ આવે છે, કે આમણે સન્માર્ગમાં, મારા જિનમાર્ગમાં પ્રવેશ કર્યો! એવું જે એમનું જ્ઞાન એ જ એણે તિલક કર્યું! સર્વજ્ઞ ભગવાને તિલક કર્યું એની પાત્રતાનું. એમના જ્ઞાનમાં પાત્રતા આવી એ એનું તિલક કર્યું અને સ્વાગત કર્યું. એમ છે. પછી એના ઉપર દ્વેષ કરીને કોઈ એમ કહે કે આ તો અપાત્ર છે, આ તો ફલાણો આવો છે, તો કહે ભાઈ ભગવાને તિલક કર્યું છે એ ભૂંસાડવાની શક્તિ કોઈનામાં નથી. બીજા તિલક ભૂંસાઈ જાય પણ ભગવાનના જ્ઞાનમાં પાત્રતાનું તિલક થયું હોય એમાં ફેર પડતો નથી!!

પ્રશ્ન :- શું જ્ઞાન, દર્શન, ચારિત્ર બધામાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું?

સમાધાન :- હા, બધાંમાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું છે. હું જ્ઞાયક, હું ચૈતન્ય એમ જ્ઞાયકનું અસ્તિત્વ (પોતાનું અસ્તિત્વ) તું ગ્રહણ કર તો પોતે જેવો છે તેવો પ્રગટ થાય. તારું અસ્તિત્વ તું ગ્રહણ કર તો જે સ્વભાવ છે તે સ્વભાવ પ્રગટરૂપે પરિણમી જશે. તારું અસ્તિત્વ તેં ગ્રહણ કર્યું નથી એટલે વિભાવ પર્યાયો પ્રગટ થાય છે. તારું અસ્તિત્વ તું (પોતે) ગ્રહણ કર તો તેમાંથી સ્વભાવ

પર્યાયો પ્રગટ થશે. ૨૨૬.

૨૨૬ ઉપર પ્રવચન

૨૨૬. '**પ્રશ્ન :- શું જ્ઞાન, દર્શન, ચારિત્ર બધામાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું?**' જ્ઞાન કરવું તો કોનું જ્ઞાન કરવું? કે આત્માનું જ્ઞાન કરવું. આત્માનું જ્ઞાન કરવું એટલે આત્મા જે સ્વરૂપે હયાત છે, મોજૂદ છે એનું જ્ઞાન કરવું. દર્શન એટલે શ્રદ્ધા. અહીંયાં દર્શન એટલે આમ જોવું એમ નહિ. દર્શન એટલે અહીંયાં શ્રદ્ધા. તો શ્રદ્ધામાં સ્વીકાર આવે છે. પોતાનું જેવું સ્વરૂપ છે એવું શ્રદ્ધામાં સ્વીકૃત થવું. અને ચારિત્ર એટલે એમાં લીન થવું, સ્થિર થવું. એમાં એકાગ્ર થવું, જામી જવું. પોતાનું જેવું સ્વરૂપ છે એ સ્વરૂપમાં લીન થવું, એકાગ્ર થવું. તો એ બધામાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું છે? એટલે પોતાની હયાતીનું જોર જ્ઞાન, દર્શન, ચારિત્ર સાથે પુરુષાર્થ જોડાય છે એમ જ કાર્ય કરવાનું છે? એમ. દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે ચોથો ગુણ પુરુષાર્થનો પણ જોડાય છે. અને મોક્ષમાર્ગમાં દર્શન-જ્ઞાન-ચારિત્રના વિકાસનો આધાર પુરુષાર્થ ઉપર છે. મોક્ષમાર્ગ પુરુષાર્થની પ્રધાનતાવાળો છે. જેટલો પુરુષાર્થ બળવાન એટલા દર્શન-જ્ઞાન-ચારિત્ર વધારે શુદ્ધ થવાના. શ્રદ્ધાન તો પહેલેથી શુદ્ધ થઈ જાય છે. જ્ઞાનમાં વિશુદ્ધિ આવે છે, નિર્મળતા આવે છે અને એકાગ્રતાની ડિગ્રી, ધ્યાનની ડિગ્રી વધતી જાય છે.

સમાધાન આપ્યું છે કે '**હા, બધાંમાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું છે.**' એમ જ છે. શું? પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું છે. અથવા શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય ગુણોની સાથે પુરુષાર્થનું જોર હોવું જોઈએ. પુરુષાર્થને બે દિશા છે - એક પરતરફની ઊલટી દિશા અને એક પોતા તરફની સૂલટી દિશા. એટલે જ્યારે આત્માના શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર હોય છે ત્યારે પુરુષાર્થની દિશા પણ આત્મા પ્રત્યે સૂલટી હોય છે. પણ એમાં પણ ડિગ્રી હોય છે - તીવ્ર પુરુષાર્થ અને મંદ પુરુષાર્થ. અહીંયાં જેટલો પુરુષાર્થ તીવ્ર એટલી કાર્યસિદ્ધિ વધારે અને શીઘ્ર. બસ! એ સિદ્ધાંત છે અને એ નિયમ છે.

એટલે એમ કહે છે કે '**જ્ઞાન, દર્શન, ચારિત્ર બધાંમાં...**' એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેયમાં '**પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું?**' એટલે પોતાનો પુરુષાર્થ જ જોડવાનો છે અને તે પુરુષાર્થ જેટલો તીવ્ર હોય, જેટલો ઉગ્ર હોય તે વધારે

સારું છે, ઇચ્છનીય છે. ઇષ્ટ છે. '**હું જ્ઞાયક, હું ચૈતન્ય...**' એટલે હું આત્મા એમ. હું જ્ઞાનસ્વરૂપી આત્મા, હું ચૈતન્યસ્વરૂપી આત્મા. '**એમ જ્ઞાયકનું અસ્તિત્વ (પોતાનું અસ્તિત્વ) તું ગ્રહણ કર...**' જ્ઞાનમાં પણ ગ્રહણ કર, શ્રદ્ધાનમાં પણ ગ્રહણ કર અને આચરણમાં પણ ગ્રહણ કર. '**તો પોતે જેવો છે તેવો પ્રગટ થાય.**' પોતાનું જેવું મૂળસ્વરૂપ છે એવું પ્રગટ થાય. કેવું છે મૂળસ્વરૂપ? જેવા સિદ્ધ પરમાત્મા છે એવું પોતાનું મૂળસ્વરૂપ છે. 'અપ્પા સો પરમઅપ્પા'.

આપણે (નામની) પાછળ ચંદ્ર ને લાલ ને કાંત ને કુમારને એવું લાગે છે ને? (એમ) આ દક્ષિણમાં એવી ભાષા છે. ખાસ કરીને આ દક્ષિણ મહારાષ્ટ્રમાં અને કર્ણાટકમાં ત્યાં પાછળ અપ્પા લાગે છે. તમારું નામ શું? તો કહે ગુરુસિદપ્પા, તમારું નામ? તો કહે સિધામઅપ્પા. પાછળ બધાને અપ્પા-અપ્પા લાગે. અપ્પા એટલે આત્મા. માગધી ભાષામાં અપ્પા એટલે આત્મા. અપ્પા સો પરમઅપ્પા. આત્મા તે પરમાત્મા છે. બધા આત્માઓ સ્વરૂપે તો પરમાત્મા છે. પણ એ પરમાત્મપણું સંસાર અવસ્થામાં અપ્રગટ રહ્યું છે, અપ્રસિદ્ધ રહ્યું છે, એનો ભોગવટો નથી અને સંસારી જીવ દુઃખી છે. પરમાત્માને પરમાનંદ છે, પરમ આનંદ છે, પરમ સુખ છે, પરમ શાંતિ છે એ દશા કેળવીને પ્રગટ કરવાની હોય છે અને કેળવીને પ્રગટ કરવાની વ્યવસ્થિત યોજના જૈનદર્શનમાં રહેલી છે. જૈનદર્શન સિવાય ક્યાંય એ યોજના જોવામાં આવતી નથી. એ સત્સંગયોગે સમજીને, સ્વાધ્યાયમાં-શાસ્ત્રમાં એ સમજીને એનો પ્રયોગ કરીને એ દશા પ્રગટ કરવી. તો આત્મા છે એ પરમાત્મા થાય.

જેટલા સિદ્ધ પરમાત્મા થયા તે બધા જ પહેલા આપણા જેવા સંસારી હતા અને એ દશા કેળવીને સિદ્ધ પરમાત્મા થયા છે. આપણે પણ થઈ શકીએ એમ છીએ. જેમ સંસારમાં તું સુખી થવાનો પ્રયત્ન કરે છો એમ પરમાર્થમાર્ગમાં તું સુખી થવાનો પ્રયત્ન કર! એટલું કહેવું છે. વિશેષ લઈશું. અહીં સુધી રાખીએ... ૨૨૪ અને ૨૨૫નો એક જ વિષય છે એટલે પરમાર્થ આશય એક જ લેવાનો રહે છે.

આશય :- (૨૨૪-૨૨૫) :- **પોતાની શક્તિઓની સંભાળ કરીને સ્વતંત્ર પુરુષાર્થથી પોતાનું આત્મકલ્યાણનું કાર્ય કરવા યોગ્ય છે, અને તે આત્મકાર્ય કરવાની યોગ્યતા પ્રાપ્ત થવા અર્થે દેવ-ગુરુ-શાસ્ત્રની પરમભક્તિ હોવી તે શ્રેયરૂપ છે અને સહજ છે.**

તા. ૧૧-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૬
પ્રવચન નં. ૧૬૭

પાનું-૧૪૦. પ્રશ્ન-૨૨૬મો ચાલે છે. '**જ્ઞાન, દર્શન, ચારિત્ર બધામાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું?**' એવો પ્રશ્ન કર્યો છે. પ્રશ્નમાં શું વાત છે? કે જ્ઞાનથી પોતાની હયાતીનું જોર કરવાનું? શ્રદ્ધાથી પણ હયાતીને ગ્રહણ કરવાની? આચરણમાં પણ હયાતીમાં આવવાનું? એવી રીતે પુરુષાર્થને લગાડવાનો છે? એ પ્રશ્ન પૂછ્યો છે. તેથી એમાં હા પાડી છે કે '**બધાંમાં...**' એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રમાં '**પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું છે. હું જ્ઞાયક, હું ચૈતન્ય...**' હું છું. એ હયાતી છે એમાં 'છે પણા'ની પક્કડ છે. હું જ્ઞાયક છું, હું ચૈતન્ય છું એમ પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ એટલે હોવાપણું, છે પણું એમ '**તું ગ્રહણ કર તો પોતે જેવો છે તેવો પ્રગટ થાય.**' પ્રગટ થાય એટલે અનુભવમાં આવે. અનુભવગોચર થાય એનું નામ પ્રગટ થાય. વસ્તુ તો છે ત્યાં જેમ છે તેમ છે જ. એમાં પ્રગટ-અપ્રગટની અપેક્ષા શક્તિને લાગુ હોતી નથી. કેમકે વસ્તુ શક્તિરૂપે છે. અવસ્થામાં અનુભવ થાય, એવો જ અનુભવ થાય એને પ્રગટ થયો એમ કહેવામાં આવે છે.

સૂરજ ઊગ્યો... ખરેખર તો સૂરજ ઊગ્યો નથી પણ સૂરજ દેખાયો. જ્યારથી નજરમાં દેખાયો ત્યારથી એને ઊગ્યો એમ કહેવામાં આવે છે. ઊગ્યો છે? સૂરજ નવો ઊગ્યો છે કાંઈ? નહોતો ને ઊગ્યો છે? આથમ્યો, તો નજરથી બહાર ગયો એનું નામ આથમ્યો. પણ સૂરજ તો છે જ! કલકત્તામાં એક કલાક પહેલા આથમે છે. અહીંયાં એક કલાક પછી આથમે છે. એટલે કે ત્યાં એક કલાક પહેલા નજર બહાર જાય છે. પણ કાંઈ આથમીને નાશ થતો નથી. એટલે ભાષા ગમે તેમ હોય. વસ્તુનું સ્વરૂપ શું છે? પરિણમન શું છે? એ સમજવું જોઈએ.

એમ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી પોતાની હયાતીને ગ્રહણ કરે, અનુભવગોચર કરે, તો પોતે જેવો છે તેવો અનુભવમાં આવે છે. હયાતીને પકડ એમ કહે છે. '**તારું અસ્તિત્વ તું ગ્રહણ કર, તો જે સ્વભાવ છે તે સ્વભાવ પ્રગટરૂપે પરિણમી જશે.**' એટલે કે જેવો સ્વભાવ છે એવું પરિણમન પ્રગટ થઈ જશે. સ્વભાવ જેવો છે એવું જ એટલે સ્વભાવ સદશ પરિણમન થશે.

'**તારું અસ્તિત્વ તેં ગ્રહણ કર્યું નથી એટલે વિભાવ પર્યાયો પ્રગટ થાય છે.**'

એક પડખેથી કહ્યું. બીજે પડખેથી તે બીજાનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે. હું શરીરરૂપે છું, હું ફલાણો-ફલાણો છું એમ તે ગ્રહણ કર્યું છે. એટલે પોતાને બીજી રીતે કલ્પી લીધો છે કે હું આવો જ છું. હું અત્યારે ફલાણો માણસ છું એમ કલ્પી લીધું છે. આત્મા એવો થયો નથી. તોપણ પોતે એવું પોતાને માન્યું, સ્વીકાર્યું - શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. એટલે વિભાવો થાય છે એને અનુસરીને પછી હું માણસ છું તો કયા કુટુંબનો માણસ છું? કયા સમાજનો માણસ છું? ક્યા દેશનો માણસ છું? આ વાત ઊભી થઈ. કુટુંબ પ્રત્યેનો મારો ધર્મ અને ફરજ શું છે? સમાજ પ્રત્યેની મારી ફરજ શું છે? મારો ધર્મ શું છે? દેશ પ્રત્યેની મારી ફરજ અને ધર્મ શું છે? એ બધા વિભાવો ચાલુ થવાના.

'તારું અસ્તિત્વ તું (પોતે) ગ્રહણ કર તો તેમાંથી સ્વભાવ પર્યાયો પ્રગટ થશે.' અસ્તિત્વ ગ્રહણ કરવાની વાત એક પેરેગ્રાફમાં ત્રણ જગ્યાએ આવી છે. અસ્તિત્વ ગ્રહણ કર..! અસ્તિત્વ ગ્રહણ કર...! ઉપદેશમાં તો સીધી વાત છે. જે કાંઈ એનું રહસ્ય છે એ કેવી રીતે ગ્રહણ કરવું એ એમાં છે. કેમકે જ્ઞાનીએ એમ કહ્યું કે તું અસ્તિત્વ ગ્રહણ કર! તો એ વાત બુદ્ધિમાં, સમજમાં બરાબર લાગે છે કે જો અસ્તિત્વ ગ્રહણ થાય તો પ્રગટપણે આત્મસ્વરૂપનો અનુભવ થાય, વાત તો બરાબર લાગી. પણ હું ગ્રહણ કરું કેવી રીતે?

આ એક સમસ્યા છે અને જૈનદર્શનનું top secret કહો, ગુપ્ત રહસ્ય છે કે અસ્તિત્વ કેવી રીતે ગ્રહણ કરવું? કેમકે જો રૂપી પદાર્થ હોય તો તો આપણે એમ કહીએ કે ભાઈ આની હયાતી દેખાય છે - આ પુસ્તકની હયાતી પકડાણી, આ શરીરની હયાતી પકડાણી, હું શરીરરૂપે છું. બીજી કોઈપણ ચીજવસ્તુ છે એની હયાતી સમજાય છે. (ખાલી) સમજાય છે એમ નહિ (પણ) આ ઘર મારું હોવાથી આ ઘરની અંદર જે રાચરચીલું છે એ બધું મારું છે, વાસણ, કુસણ, ફર્નિચર બધું મારું છે - એવી રીતે મારાપણે અસ્તિત્વ ગ્રહણ થાય છે. કેવી રીતે થાય છે? પોતાપણે આ શરીર મારું છે. એવો હું છું. જેવું શરીર દેખાય છે એવો હું દેખાવ છું. જેવા કપડાં પહેરું છું એવો પણ હું દેખાવ છું. જેવા દાગીના પહેરું છું એવો પણ હું દેખાવ છું, જેવા વાળ કપાવું છું એવો પણ દેખાવ છું, નથી કપાવતો તો એવો પણ દેખાવ છું. છે કે નહિ? તો ઊલટું અસ્તિત્વ ગ્રહણ તો કરે છે. પોતાની હયાતી ગ્રહણ જ નથી કરતો એવું તો કાંઈ નથી. અરીસામાં જેવો દેખાય છે એવો પોતાના શરીરરૂપે ગ્રહણ કરે છે કે નહિ? હું આવો... હું આવો.. હું આવો...

એમ આત્મા મૂળસ્વરૂપે જેવો છે તેવો હું આવો એમ આવે ત્યારે એ સ્વરૂપ

અસ્તિત્વ ગ્રહણ કર્યું. ત્યારે જ્ઞાનીએ એમ કહ્યું કે જો ઊલટી પરિસ્થિતિમાં તું શરીરવાળો, પછી એથી તારી વાત સૂક્ષ્મ લઈએ તો તું રાગવાળો. તારી ક્રોધી પ્રકૃતિ હોય તો તું ક્રોધવાળો. એ કેવી રીતે કહે ખબર છે? આમ બનેને તો આપણને તો ગુસ્સો આવી જવાનો.

મુમુક્ષુ :- આપણાથી કંટ્રોલ નહિ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- આપણે પછી ગરમાગરમી થઈ જશે. હું એમાં ન રહી શકું. કેમકે હું તો એવો જ છું. હું તો એવો જ છું. પ્રકૃતિ છોડવા માણસ તૈયાર નથી. પ્રાણ છોડવા તૈયાર છે. કેવી? જીવને પ્રાણ કરતા પ્રકૃતિને અધિક સંબંધ છે. પ્રાણ કરતા પણ પ્રકૃતિનો સંબંધ અધિક છે જીવને. ન કહે માણસ? સીંદરી બળે પણ વળ ન મૂકે. એવી જીવની સ્થિતિ છે! પોતાની પ્રકૃતિ નથી મૂકી શકતો. અને એમાં એ પ્રકારે હું છું, એવો હું છું એવા અસ્તિત્વનો સ્વીકાર છે.

હવે જ્ઞાની એમ કહે છે કે રાગાદિભાવથી દેહાદિ સંયોગથી હું આવો છું એમ તે તારું અસ્તિત્વ સ્વીકાર્યું છે તો પડખું ફેરવ હવે. જો! તને જ્ઞાન થાય છે! શું થાય છે? જો! તને જ્ઞાન થાય છે કે નથી થતું? કે થાય છે. તો તું જ્ઞાનસ્વરૂપી છો, એમ તારા જ્ઞાનના લક્ષણથી તું જ્ઞાનસ્વરૂપી છો એમ સ્વીકારને! આટલી વાત છે. ક્રોધ આદિ થાય છે તો એવો છું એમ સ્વીકારે છે, તો એ પણ એક ભાવ છે. આ પણ એક ભાવ છે. પેલા ભાવ તો નાશવંત હોવાથી ભળતા નથી. તારો નાશ તો થતો નથી. તું તો જ્ઞાનસ્વરૂપી શાશ્વત છો. તારા જ્ઞાનનો નાશ થતો નથી. તો તું જ્ઞાનસ્વરૂપી છો એમ તને કાં સ્વીકારતો નથી? એમ સ્વીકાર તો તારું સાચું અસ્તિત્વ તે સ્વીકાર્યું અને તું સુખી થઈ જઈશ. ઊલટું અસ્તિત્વ સ્વીકારવાથી તો તું દુઃખી થાય છો. કેમકે એ બધું નાશ થાય છે અને તને પોસાતું નથી. શરીર છૂટી જાય છે એ તને ગમતું નથી. કુટુંબ છૂટી જાય છે એ તને ગમતું નથી. સંપત્તિ છૂટી જાય છે એ તને ગમતું નથી. તું દુઃખી થા છો. આટલી જ વાત છે.

અસ્તિત્વ ગ્રહણ કરવામાં, જ્ઞાનથી અસ્તિત્વ ગ્રહણ કરવું. હવે, ઊલટું અસ્તિત્વ ગ્રહણ કરવામાં અનુભવ છે. શું છે? ઊલટો અનુભવ છે. અહીંયાં જ્ઞાનસ્વરૂપે અનુભવ કરવાનો છે. જ્ઞાનસ્વરૂપે છું એવું માત્ર વિચારથી સ્વીકાર્યું એમ નહિ. એટલું નહિ. પણ જ્ઞાનસ્વરૂપે છું એવો અનુભવ કરવાનો છે અને એ અનુભવ સહજ અને સુગમ એટલા માટે છે કે જ્ઞાનમાં જ્ઞાનવેદન છે. જ્ઞાન પોતે જ અનુભૂતિ સ્વરૂપ છે. શરીર અનુભૂતિ સ્વરૂપ નથી, રાગ અનુભૂતિ સ્વરૂપ નથી. એ તો જ્ઞાનના જ્ઞેયો છે. તારું જ્ઞાન છે એ તો વેદનસ્વરૂપે છે, અનુભૂતિ સ્વરૂપે છે. જ્ઞાનવેદનનો તું અનુભવ કર! અનુભવ કર

એટલે એ વેદાઈ રહ્યું જ છે. તારે તો (માત્ર) પાછું વળીને જોવાનું જ છે. આ બાજુ આગળ જોવે છે એના બદલે પાછો વળીને જો. જો તું તને જ્ઞાનસ્વરૂપે વેદાય છો. આબાળ-ગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી જ રહ્યો છે એમ કહે છે. આચાર્ય મહારાજ તો એમ કહે છે. (તું) જો! તને તો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે. તારું ધ્યાન બીજે છે. બેધ્યાન છો એટલે તને ખબર પડતી નથી.

એટલે બહારથી ઉપયોગને વ્યાવૃત્ત કરીને, છૂટો પાડીને. વ્યાવૃત્ત કરવું એટલે છૂટો પાડીને. એ જ ઉપયોગમાં રહેલું જે સામાન્ય જ્ઞાન. ઉપયોગમાં સામાન્ય અને વિશેષ બન્ને છે. એમાં તારા વેદનને તું માલૂમ કર! જો તું! તને માલૂમ પડશે કે વેદન ચાલી રહ્યું છે. બસ! આટલું કરવાનું છે. તને તારું સ્વરૂપ એમ જોતાં, તને તારું અસ્તિત્વ પરમાત્મસ્વરૂપે ગ્રહણ થશે. અને તું પરમાત્મા થઈ જ જઈશ. શ્રદ્ધાએ, જ્ઞાને તો પરમાત્મા થઈ જ જઈશ. ચારિત્રએ પછી આગળ ઉપર થઈશ. શ્રદ્ધા-જ્ઞાનમાં તો પરમાત્મા થઈ જ જઈશ તું. આમ તો છો જ, પણ શ્રદ્ધા-જ્ઞાને સ્વીકાર્યું તો થયો અને શ્રદ્ધા-જ્ઞાને ન સ્વીકાર્યું તો નથી. છો જ નહિ એના જેવું થયું. હોવા છતાં એ નહિ હોવા બરાબર છે.

ફરીથી, હવે અસ્તિત્વ ગ્રહણ કરવું કેવી રીતે? કે અસ્તિત્વ ગ્રહણ કરવામાં અનુભવથી અસ્તિત્વ ગ્રહણ થાય છે, વિચારથી થતું નથી. એમ સમજીને, સત્સંગ યોગે એમ સમજીને વેદન અનુભવ સ્વરૂપ હોવાથી અને જ્ઞાન પોતે વેદન સ્વરૂપે હોવાથી જ્ઞાનવેદન દ્વારા પોતાના સ્વરૂપ અસ્તિત્વને ગ્રહણ કરવું જોઈએ. આટલી વાત છે. લક્ષ-લક્ષણની ચર્ચા અમૃતચંદ્રાચાર્યે કરી ત્યારે એમ જ કહ્યું કે 'ज्ञानमात्रस्य...' જ્ઞાનમાત્રનું એટલે સામાન્યજ્ઞાનનું, 'ज्ञानमात्रस्य संवेदन सिद्धत्वात'. સ્વસંવેદનથી એની પ્રાપ્તિ છે. સ્વસંવેદનથી એની પ્રાપ્તિ થતી હોવાથી જ્ઞાનલક્ષણ દ્વારા તે આત્માનું અસ્તિત્વ ગ્રહણ થાય છે. એમ ચોખ્ખો પાઠ પડ્યો છે.

પાછું એમ કહ્યું કે એવું જ્ઞાન છે એ પ્રસિદ્ધ છે. કેવું છે? 'प्रसिद्धं ही ज्ञानं' પહેલા એમ લખ્યું છે. 'प्रसिद्ध ही ज्ञानं ज्ञानमात्रस्य स्वसंवेदनं सिद्धत्वात' આટલા શબ્દો પડ્યા છે. સંસ્કૃતમાં તો એટલો ફાઈન ટોન છે એનો. ગુજરાતીમાં જરા આડું-અવળું થતું હોય એવું લાગે ભાષાંતર કરવા જઈએ એટલે. સંસ્કૃત જાણતા હોય એને એમ લાગે શું શૈલી છે આચાર્યદેવની! વાતને મૂકવાની શૈલી છે. એકદમ સચોટ. ભાવ પકડાય તો ફીટ થઈ જાય તરત ભાવમાં. એવી શૈલી છે!

એટલે જ્ઞાનીઓની જે mother tongue હોય છે, એની પોતાની જે ભાષા

હોય છે સંસ્કૃત, માગધી. એ ક્ષયોપશમ હોય તો શીખવા જેવી છે. એટલો થોડો વધારે ક્ષયોપશમ હોય તો શીખી લેવા જેવું છે. જેમ અહીંયાં ગુરુદેવ કહેતાને કે ભાઈ અહીંયાં તમારે સાંભળવા આવવું તો જરા ગુજરાતી શીખી લેવું. હિન્દી લોકો આવતા-હિન્દીભાષી. ગુરુદેવ કહે કે જરાક શીખી લેવું. કેમકે જેવા ગુજરાતીમાં ભાવ આવશે, એટલે ટોન આવશે એવો ધ્વનિ હિન્દીમાં નહિ આવે. કેમકે એ એમને ગોઠવવું પડે. એમાં ઉપયોગ વહેંચાય. divide થઈ જાય. પોતાની ભાષા તો એમ ને એમ જેવો ભાવ આવે એમ flow અંદરથી ચાલતો હોય એ પ્રમાણે ભાષા આવી જાય. એવું આચાર્યદેવનું છે. એમનો flow ચાલતો હોય એ પ્રમાણે જંગલમાં બેઠા બેઠા તાડપત્ર ઉપર લખતા હોય છે. ધારા ચાલતી હોય છે. જ્ઞાનની ધારા સાથે સાથે લખવાના વિકલ્પની ધારા. એ પ્રમાણે પુણ્યયોગે લખાઈ જાય છે.

મુમુક્ષુ :- જંગલમાં જઈને જગતના જીવો ઉપર કરુણા આવી.

પૂજ્ય ભાઈશ્રી :- જગતના જીવોનો સંગ નથી કરતા પણ કરુણા કરે છે. નિષ્કારણ કરુણા. કેમકે પોતે પણ એકવાર એ રીતે જગતના જીવોમાં પરિભ્રમણ કરતા માહેંના પોતે એક હતા. કોઈ મહાત્માએ નિષ્કારણ કરુણા કરી ત્યારે પોતાનો વારો આવી ગયો. એમ પોતાને ખ્યાલ છે કે નહિ? બધા જીવો આત્મા છે, એમ જે દૃષ્ટિમાં તો બધા જીવો આત્મા છે. એક માત્ર અજ્ઞાનને કારણે દુઃખી થઈ રહ્યા છે. (જગતના જીવો) પૈસા નથી માટે દુઃખી થઈ રહ્યા છે, માંદાં પડ્યા છે માટે દુઃખી થયા છે, દવા મળતી નથી માટે દુઃખી થયા છે - એવું કાંઈ નથી. નિર્ધનતા કે રોગથી દુઃખી છે, હું નિર્ધન છું અને હું રોગી છું એને કારણે દુઃખી છે - એવું (પણ) નથી. અજ્ઞાનને કારણે દુઃખી છે.

આપણા મુમુક્ષુબહેન હમણા ગયાને, એમના husband આવ્યા હતાને? એ સેવા જ કરે છે. આખું જીવન સેવામાં સમર્પિત કરેલું છે. ડૉક્ટર છે. M.S. થયેલા છે અને જંગલોની અંદર જે ગરીબ આદિવાસી માણસો હોય છે એની સેવા કરે છે. જે માંદાં હોય એને ટ્રીટમેન્ટ આપે છે. અને એની સામે કાંઈ લેતા નથી. કોઈની પાસેથી કાંઈ લેતા નથી. એમની જે સંસ્થા તરફથી એ સેવા આપે છે એ આર.એસ.એસ.ની એક શાખા છે. કલ્યાણ શાખા કહેવાય છે એને. લોકકલ્યાણ શાખા. તો એમાંથી એક હજાર રૂપિયા પગાર લે છે. એક હજાર રૂપિયામાં પોતાનું ખાવા-પીવાનું અને કપડાંની વ્યવસ્થા રાખી લે છે. બાકી કાંઈ નથી લેતા. કોઈની પાસેથી કાંઈ પૈસા લેવાના નહિ, સંસ્થા પાસેથી પણ વધારે પૈસા લેવા નહિ. નહિતર આજે M.S. ડૉક્ટર હોય તો લાખો રૂપિયાની એની પ્રેક્ટિસ હોય. M.S. એટલે master of surgery. તે

surgeon છે.

એમણે હમણાં પ્રશ્ન કાઢ્યો હતો કે આવી રીતે નિષ્કારણપણે કોઈની સેવા કરે, નિઃસ્પૃહ થઈને, તો એમાં અયોગ્ય શું છે? અથવા એ બરાબર નથી એ કેવી રીતે? એમાં શું વાંધો? એવું કેમ ન કરવું જોઈએ? કરવા યોગ્ય તો લાગે છે માટે તો કરે છે. એ પોતે પહેલા એમાં જોડાવાના હતા. એટલે તો લગ્ન કર્યા, એમણે સીવીલમેરેજ કર્યા છે. પણ પછી આ બાજુ વળી ગયા છે.

(મેં) કીધું તમારે લોકોને સુખી કરવા છેને? સેવા કરીને શું કરવું છે? સુખી કરવા છે. તો સુખી થવાનો આ ઉપાય સાચો છે. આવું જ્ઞાન પ્રાપ્ત કરીને જ્ઞાનદાન કરો ને! પેલો તો સદોષ ઉપાય છે. કેમકે પહેલા તમે કેટલાંય દેડકા ને વાંદા ને સસલાને ચીર્યા પછી M.S. થાશો. તો પહેલા તો કંઈકને મારશો. એટલે કંઈકની પહેલા કુસેવા કરશો! પછી સેવા કરશો!

મુમુક્ષુ :- હું કરી શકું છું.

પૂજ્ય ભાઈશ્રી :- અને એ કર્યાનો પાછો અહંભાવ રોકવાનું તમારી પાસે કોઈ સાધન નથી કે મેં આટલી સેવા કરી. હવે શું છે? દરેક સંસ્થામાં પોલિટિક્સ ચાલે છે. ધાર્મિક સંસ્થામાં ચાલે તો લૌકિક સંસ્થામાં તો ચાલે, ચાલે ને ચાલે જ. જ્યાં અધ્યાત્મની વાતો થતી હોય ત્યાં પણ પોલિટિક્સ શરૂ થઈ જતું હોય તો બીજે તો ચાલવાનું જ છે. પોલિટિક્સ ચાલે એટલે એક તો પોતે નિઃસ્પૃહપણે સેવા કરતો હોય, સેવા કરીને અભિમાન આવ્યું હોય કે મેં તો નિઃસ્પૃહપણે સેવા કરી, હવે એમાં એને કોઈ આઘો-પાછો કરે એટલે એનું reaction આવ્યા વિના રહે નહિ. એટલે ગયો હતો બીજાને સુખી કરવા, થયો પોતે દુઃખી. હવે પોતે દુઃખી હોય એ બીજાને સુખી કેવી રીતે કરે? કહો જોઈએ? જે જીવ પોતે દુઃખી હોય એ બીજાને સુખી કરે કેવી રીતે? એ તો ભીખ માગનારો દાન દેવાની વાત કરે છે, એના જેવી વાત થઈ. આ તો પરિસ્થિતિ ભાઈ કાંઈ બરાબર નથી. સાચો રસ્તો આ એક જ છે. સુખી થવાનો અને સુખી કરવાનો. અને છતાં હું કરતો નથી એમ આવશે. બીજા એના નિમિત્તે સુખી થશે ત્યારે એ શું કહેશે? હું કાંઈ સુખી કરતો નથી કોઈને. એ સુખી થયા તો એના કારણે થયા. એની યોગ્યતાથી થયા. એનામાં એવી યોગ્યતા હતી માટે થયા.

અમૃતચંદ્રાચાર્ય તો ત્યાં સુધી લખે છે કે આ શ્લોકના શબ્દોની રચના મેં કરી નથી. તો કહે કોણે કરી છે? તો કહે એ પુદ્ગલોએ કરી છે. શબ્દ તો પુદ્ગલાત્મક છે. અને એ પુદ્ગલોએ એ શબ્દોની રચના કરી છે. અમૃતચંદ્રાચાર્યે કરી નથી. ના પાડે છે. એવો શ્લોક રચ્યો છે. એવા એ નિઃસ્પૃહ તો હોય જ છે પણ એવા જ

એ વિનમ્ર અને નિરાભિમાની હોય છે. લોકોત્તર ગુણ છે આ બધા. એમ કહ્યું એમણે, એટલી વાત થઈ કે બહુ ઊંચું તત્ત્વ જ્ઞાન છે, બહુ સારું ઊંચા સ્તરનું તત્ત્વજ્ઞાન તમારે અહીંયાં ચાલે છે. સારું છે એમ કહે. બસ! એટલું. એથી વધારે કાંઈ નહિ. પોતે ગ્રહણ કરવા યોગ્ય છે એ વાત પેલું એટલું બધું ફીટ થઈ ગયું હોય કે કાંઈ આ પ્રવેશ પામી શકે નહિ. એવું થાય.

બીજું ગ્રહણ કર્યું છે એ છોડીને આ ગ્રહણ કરવાનું છે. સ્વરૂપ ગ્રહણ કરવાનું છે એટલું જ નથી. બીજું જીવ ગ્રહણ કરી ચૂક્યો છે. પર્યાયબુદ્ધિએ, પર્યાયમાત્રપણે પોતાને ગ્રહણ કરી ચૂક્યો છે. હવે દ્રવ્યબુદ્ધિએ, સ્વભાવબુદ્ધિએ, સ્વભાવમાત્ર છું એમ ગ્રહણ કરતા પેલું મૂકી દેવું પડશે. એક મ્યાનમાં બે તલવાર રહે નહિ. બે તલવાર રહેવાની જગ્યા નથી એમાં આને તું પેલી તલવાર આમ છે તો આને આમ મૂકવી છે પાછી. ક્યાંથી આવે? તલવાર આમ હોય અને એને એમ ને એમ મૂકે એક ઉપર બીજી તો તો ઠીક થાય કે કાંઈક જગ્યા હોય તો મૂકીએ. પણ આને તો આમ મૂકવી છે હવે. આમ મૂકવાની જગ્યા નથી (તોપણ) એને આમ મૂકવી છે. બે વાત જ પરસ્પર વિરુદ્ધ છે. પર્યાયદૃષ્ટિ અને દ્રવ્યદૃષ્ટિ પરસ્પર વિરુદ્ધ છે.

એમાં એક સમયની શ્રુતપર્યાય એ વસ્તુનું અંગ હોવા છતાં, અવયવ હોવા છતાં એનો સ્વરૂપપણે સ્વીકાર નથી. સ્વરૂપપણે એનો સ્વીકાર નથી. એનો વેશપણે સ્વીકાર છે. પર્યાયનો વેશ છે. સિદ્ધદશા પણ એક વેશ છે એમ લખ્યું છે બહેનશ્રીએ. શું લખ્યું છે? સિદ્ધદશા પણ એક વેશ છે. દૃષ્ટિનો વિષય તો એવો છે.

સમયસારની સાતમી ગાથાની ટીકા કરતા, ભાવાર્થ મૂકતા જયચંદ્રજી લખે છે કે પર્યાય પણ એક વસ્તુનો અંશ છે. તો એ વસ્તુ જ થઈને? પર્યાય પણ એક વસ્તુ છે. તો કહે દૃષ્ટિમાં લેવા માટે અવસ્તુ છે. શું કહ્યું? પોતે તો એમ લખ્યું છે કે હા! એ એક અંશ છે પણ... પણ કરીને એને કેવી રીતે દૃષ્ટિમાંથી બાદ કરવો, જ્ઞાનમાંથી ગૌણ કરવો એની ચર્ચા કરી છે. કેમકે તને એનાથી રાગ ઊપજશે. એના અવલંબનથી તને રાગ ઊપજશે. માટે એનું અવલંબન લેવા જેવું નથી.

ગુરુદેવે વ્યાખ્યાન એવું કર્યું કે વસ્તુનો અંશ છે માટે વસ્તુ છે એ આગમ વિવિક્ષાથી છે. અધ્યાત્મમાં તે અવસ્તુ છે. અધ્યાત્મમાં તે અવસ્તુ છે. અને ત્યાં ગુણભેદની વાત ચાલી છે પાછી. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માને નથી. અમૃતચંદ્રાચાર્યે એવું લખ્યું છે ગાથાની ટીકામાં કે આ આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. ખરેખર તો દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ અવલંબન લેવા યોગ્ય નથી. એમ ચોખ્ખી વાત છે. પણ જોર દેવું છે એટલે એમ કહે છે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર જ આત્માને નથી. એવી ભાષા ટૂંકી થઈ જાય

છે. તું ભેદની વાત જ કરમાં. એ છે જ નહિને!

મુમુક્ષુ :- ગુણભેદ ઉપર લક્ષ જતાં પણ રાગ થશે.

પૂજ્ય ભાઈશ્રી :- તને રાગ થશે. વળી, તારા નિર્વિકલ્પ સ્વરૂપના નિર્વિકલ્પ અનુભવમાં તને દર્શન-જ્ઞાન-ચારિત્ર જુદાં-જુદાં-જુદાં અનુભવમાં આવશે નહિ. ભેદરૂપે અનુભવમાં આવશે નહિ. અને જો એવો નિર્ભેદ અનુભવ એ જ પરમસત્યનો પારમાર્થિક અનુભવ હોય તો પછી એ ભેદ નથી એમ કહેવામાં શું ખોટું છે? આપે તો ભેદની વાત કરી છે આગમમાં. એ આગમ પાછા લખ્યા હોય પોતે આચાર્યોએ. આપે તો ભેદની વાત લખી છે, આગમમાં લખી છે અને આપે એને જિનાગમ કહ્યું છે. તો કહે એ તો તને વસ્તુની વ્યવસ્થા અને બંધારણ સમજાવવા માટે એ વાત હતી. એ તો જાણવાની વાત હતી. ઉપાદેય કરવા માટે એ વાત હતી નહિ. એમ છે. અનુભવ કરવા માટે એ વાત નહોતી, જાણવા માટે એ વાત હતી.

એમ જ્ઞાન જાણે છે એ જાણવાની વાત છે. જ્ઞાન વેદે છે એ અનુભવ કરવાની વાત છે. જ્ઞાન જાણે છે... જાણે છે... જાણે તે હું... જાણનારો તે હું... જાણનારો તે હું... દેખનારો તે હું... એ જાણવાનો વિષય છે. અનુભવમાં તો વેદનસ્વરૂપે વેદનારો વેદકભાવે હું છું, અનુભૂતિસ્વરૂપ છું અને એ અનુભૂતિમાં એક જ સમયમાં વેદ્યવેદકપણું હોવાને લીધે વસ્તુ પ્રત્યક્ષ છે. અનુભૂતિસ્વરૂપ પ્રત્યક્ષ છે.

સ્વરૂપે જ પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષતા એ આત્માનું સ્વરૂપ છે એમ કહેવું છે. જેમ વેદકતા સ્વરૂપ છે, જ્ઞાયકતા સ્વરૂપ છે, સુખ સ્વરૂપ છે. સુખ એ આત્માનું સ્વરૂપ છે. શાંતિ અને આનંદ એ આત્માનું (સ્વરૂપ છે), હયાતી એ આત્માનું સ્વરૂપ છે. એમ પ્રત્યક્ષ એ પણ આત્માનું સ્વરૂપ છે. આત્મા અનંત પ્રત્યક્ષ છે. ચાલતા વેદનને લક્ષમાં લેવું. ઉપયોગ ઈધર-ઉધર થાય છે એના બદલે અંદર જો! ચાલે છે કે નથી ચાલતું જો અંદર! નથી દેખાતું પણ, પકડાતું નથી. તો કહે કે પ્રયત્ન કર! જ્યાં સુધી ન માલૂમ પડે ત્યાં સુધી તું પ્રયત્ન ચાલુ રાખ. તું ઈધર-ઉધર તો નહિ જા. અંદરમાં જવાની મહેનત કરીશ, પ્રયાસ કરીશ તો અંદરમાં જઈશ. અંદરમાં જવાનો પ્રયાસ જ ન હોય તો અંદરમાં ક્યાંથી જઈશ તું?

હવે તું એમ કહે છે કે વેદન છે, અનુભૂતિ સ્વરૂપ છે અને પકડાતું નથી - તો ખારું-ખાટું લાગ્યું એવો અનુભવ ક્યાંથી પકડાણો તને? ઠંડું-ગરમ લાગ્યું એ અનુભવ ક્યાંથી પકડાણો તને? એમાં તો તું એમ કહે છે કે મને ઠંડું અનુભવાયું, મને ગરમી અનુભવાણી. તો અનુભવનો પર્યાય હતો કે નહિ તારા આત્મામાં, પછી ભલે એ misconcept હતો, પણ અનુભવનો પર્યાય તો હતો જ. સવળો અનુભવ કે અવળો

અનુભવ એમાં અનુભવ તો સામાન્ય છે ને? એને જ્ઞાનમાત્ર કહેવામાં આવ્યું છે. કેમકે અવળા અને સવળામાં અનુભવ તો અબાધ્ય જ છે. અનુભવ ક્યાં બાધા પામે છે? ઊલટો અનુભવ કે સૂલટો અનુભવ, અનુભવ તો અનુભવ છે. એ ક્યાં બાધા પામે છે?

'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવ સ્વરૂપ.' કેવી ગંભીર વાત મૂકી છે! એક સ્ટેજની અંદર વાત કેવી મૂકી છે! એ લખતા હતા તો અંદર કલમમાં અનુભવ ઉતાર્યો છે. જ્ઞાનીઓ, આચાર્યો કલમ હાથમાં લે ત્યારે શાહીમાં બોળીને નથી લખતા, અનુભવમાં બોળી-બોળીને લખે છે. એવું છે. નહિતર ચિત્ર છે (એમાં) શાહીનો ખડિયો મૂક્યો છે. આત્મસિદ્ધિ શાસ્ત્ર લખે છે એ ચિત્ર ચિતર્યું છેને નડિયાદમાં? અંબાલાલભાઈને ઊભા રાખ્યા છે. પહેલાં તો ક્યાં બોલપેન હતી, શાહીમાં જ બોળી-બોળીને એનાથી લખતા હતા. શાહીથી લખતા હતા? કે નહિ. અનુભવથી લખતા હતા! 'અબાધ્ય અનુભવ જે રહે...' એવી રીતે પોતાના અબાધ્યપણાનો અનુભવ છે એમાં. એ પ્રગટ અનુભવને કલમમાં ઉતાર્યો છે. અસ્તિત્વ છે એ હયાતી છે. અસ્તિત્વ છે એ શું છે? હયાતી છે. અને પોતાની હયાતી નથી એમ તો કોઈ કહેવાનું નથી. કોઈને પૂછો કે તમે છો કે નહિ? કે ભાઈ! આ કાંઈ પૂછવાનો પ્રશ્ન છે? જો હું છું કે નહિ એવી તમને શંકા હોય તો તમે મને પૂછો કેવી રીતે? હું છું ત્યારે તો પૂછો છો. અને હું કે ગમે તે કોઈ ના કહેવાનું છે? હું નથી એમ કોઈ કહેવાનું છે? 'આ હું છું' - એ જ્ઞાનવેદનમાં ફક્ત લેવાનું છે. એ સમ્યક્ છે અને 'આ હું છું' એ જ્ઞાનવેદન છોડીને થતું હોય તો તે મિથ્યા છે. લ્યો! આમ સમ્યક્ અને આમ મિથ્યા છે! જે જ્ઞાન વેદન વર્તી રહ્યું છે એ સ્વપણે વેદાતુ જ્ઞાન તે આત્મા છે.

ગુરુદેવનું આ વચનામૃત છે. પરમાગમસાર ૭૩૩ નંબરમાં. સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. એમ ચાલતા જ્ઞાનવેદનમાં 'આ હું છું' એમ અસ્તિત્વ ગ્રહણ થયું તે સમ્યક્ છે અને એમ નહિ થતાં 'આ હું છું' એમ તો થયા જ કરવાનું છે, ક્યાંકને ક્યાંક તો થવાનું જ છે રાગમાં કે દેહમાં. એ મિથ્યા છે. સામેસામું આટલું છે. સમ્યક્ અને મિથ્યા આ પ્રકારે છે. કેટલું સુગમ કર્યું છે! નહિતર આ તો અધ્યાત્મની ઊંડી વાત છે. જ્ઞાનીઓનું હૃદય છે! અધ્યાત્મ છે એ જ્ઞાનીઓનું હૃદય છે!!

અમારે એક મુમુક્ષુ હતાને એ ધવલ બહુ વાંચતા હતા. તો ધવલમાં લખ્યું છે, વીરસેનાચાર્યે ધવલ લખ્યા છે, એ છે તો કરણાનુયોગનો વિષય પોતે હાથમાં લીધો છે. પણ અધ્યાત્મના ક્યાંક-ક્યાંક એવા ટુકડાં મૂક્યા છે. લખતા-લખતા અધ્યાત્મના વચનના ટુકડાં મૂકી દીધા છે. એમ કે આ વળી વચ્ચે ક્યાંથી આવ્યું? વિષય તો પેલો

ચાલે છે. એ આમ બુદ્ધિવાળા બહુ હતા. મને કહે આવું-આવું વચ્ચે આવે છે. તો મેં કીધું એ તો આવે જ ને! અમારે ચર્ચા થતી. એ કેમ આવે જ ને (એટલે)? કે એમનું હૃદય છે માટે!

ઘણાં માણસને શું છે કે બહુ સારી હીરાની વીંટી ઘડાવેલી હોય તો જુદી-જુદી વાત કરતા-કરતા વચ્ચે વીંટીની વાત મૂકી દે. અત્યારે હીરા બહુ મોંઘા. જુઓ! આ મેં વીંટી કરાવીને એમાં આટલા લાગી ગયા. એ વચ્ચે ક્યાંથી આવ્યું? એ એનું મહત્ત્વ હતું. એમ આચાર્યોને, જ્ઞાનીઓને તો આત્માનું મહત્ત્વ છે એટલે આત્માની વાત, કર્મની વાત કરતા-કરતા વચ્ચે આત્માની વાત આવી જવાની. આવ્યા વગર રહે નહિ. એવા સરસ ટુકડાં કોઈ હતા એમણે કાઢીને મને દેખાડેલું. કેટલું સરસ લખ્યું છે જુઓ તો ખરા! મને કહે આ તો વાત આમ ચાલતી હતી. પણ મેં કીધું એ આવ્યા વગર રહે નહિ વચમાં. જે સ્વરૂપનું એમને મહત્ત્વ છે એ વચ્ચે અંદર આવી જ જાય. જેને જેનું મહત્ત્વ હોય એ વાત વચ્ચે આવ્યા વગર રહે નહિ.

એક બહુ (પ્રસિદ્ધ) જોક છે. ગુરુદેવ કહેતા આ જોક તો. એક ડોશીએ ઝૂંપડી સળગાવી પોતાની. એક તો સાવ ગરીબ હતી બિચારી. માંડમાંડ ઝૂંપડું બાંધ્યું હતું. પણ હવે એણે શું કર્યું? કે કોઈ એવી હીરાની વીંટી બનાવી હશે એ એને દેખાડવી હતી. હવે દેખાડવી કેવી રીતે? કે ઝૂંપડું સળગાવ્યું. કે જુઓ! મારું ઝૂપડું બળે છે... મારું ઝૂંપડું બળે છે... મારું ઝૂપડું બળે છે... આંગળીએ વીંટી પહેરી હતી એ દેખાડતી હતી. આવી રીતે જીવથી, આવું જીવથી થઈ જાય છે. આપણે એક વીંટી દેખાડવા ઝૂંપડું ન બળાય. આ તો ઘર બાળી નાખ્યું તે. એ વખતે એને ઘર કરતા પણ વીંટીનું મહત્ત્વ વધારે હતું. મારી વીંટી કોઈ જોવે. પણ ગરીબ માણસની આંગળી સામું કોણ જોવે કે એણે આવી હીરાની વીંટી પહેરી હશે? પણ એણે પહેરેલી અને એને દેખાડવી (હતી એટલે) ઝૂપડું બાળ્યું. ઠીક! આવું જીવ કરે છે. જેને જેનું મહત્ત્વ આવે છે એ આવી રીતે મહત્ત્વનું પ્રદર્શન કરે છે. એ સહજ જીવનો સ્વભાવ છે. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૨૬) :- **જીવે પોતાનું અસ્તિત્વ અસ્થાનમાં ગ્રહણ કર્યું છે. એટલે કે જ્યાં પોતાનું અસ્તિત્વ નથી ત્યાં પોતાની હયાતીનો અનુભવ કરે છે જે મિથ્યા છે. અહીં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર દ્વારા વેદનભૂત જ્ઞાનલક્ષણથી જ્ઞાનમયી સ્વરૂપ અસ્તિત્વ ગ્રહણ કરવાનો ઉપદેશ છે.**

પ્રશ્ન :- ચિંતવનમાંથી ઉપયોગ બહાર જાય ત્યારે શું કરવું?

સમાધાન :- ઉપયોગ બહારમાં જાય ત્યારે જેને સહજદશા હોય છે તેને પોતાની ભેદજ્ઞાન પરિણતિ ચાલુ જ રહે છે. જિજ્ઞાસુનો ઉપયોગ બહાર જાય ત્યારે તેને અંદરમાં ભાવ એમ રહ્યા કરે કે કરવાનું બીજું છે. ઉપયોગ બહાર જતાં પરની સાથે એકત્વબુદ્ધિ થાય છે, પણ હું તો જુદો ચૈતન્ય છું એમ ભાવના રાખી શકે. જેની સહજ પરિણતિ હોય તેની તો વાત જ જુદી છે, તેને તો જ્ઞાયકની ધારા નિરંતર ચાલુ રહે છે. બહાર ઉપયોગ જાય તોપણ ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે રહે છે, યાદ કરવું નથી પડતું. એકવાર સ્વભાવમાં એકત્વ થઈ જાય તેને હું જુદો છું એમ યાદ નથી કરવું પડતું. જ્યારે ઉપયોગ બહાર જાય તે ક્ષણે જુદી જ્ઞાયકની સહજ ધારા ચાલતી જ હોય છે.

પણ જેને સહજદશા નથી અને તેનો ઉપયોગ બહાર જાય તો ભાવના રાખે કે કરવાનું બીજું છે, ઉપયોગ અંતરમાં જવો જોઈએ. ૨૨૭.

તા. ૧૨-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૭
પ્રવચન નં. ૧૬૮

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૦. પ્રશ્ન-૨૨૭. '**ચિંતવનમાંથી ઉપયોગ બહાર જાય ત્યારે શું કરવું?**' પ્રશ્ન તો મુમુક્ષુએ પૂછ્યો છે. અમે ચિંતવન કરીએ, તત્ત્વ ચિંતવન ત્યારે ક્યાંય ને ક્યાંય ઉપયોગ ચાલ્યો જતો હોય છે. શું કરવું?

'**સમાધાન :- ઉપયોગ બહારમાં જાય ત્યારે જેને સહજદશા હોય છે તેને પોતાની ભેદજ્ઞાન પરિણતિ ચાલુ જ રહે છે.**' એ સમાધાન જ્ઞાનદશાનું છે. ઉપયોગ બહાર જાય છે ત્યારે જેને સહજદશા હોય. સહજદશા કોને હોય છે? જ્ઞાનીને હોય છે. જેને સહજજ્ઞાનદશા હોય છે એને ઉપયોગ બહાર જાય ત્યારે પણ પોતાને ભેદજ્ઞાન પરિણતિ ચાલુ જ રહે છે. એમાં- જ્ઞાનદશામાં ઉપયોગ બે પ્રકારે બહાર જાય છે. એક નિર્વિકલ્પદશાથી ઉપયોગ બહાર જાય છે ત્યારે પણ ઉપયોગ બહાર ગયો કહેવાય, એક ચિંતવનમાં પોતે લાગેલા હોય ત્યારે પણ ઉપયોગમાં બીજો કોઈ વિષય આવી જાય બહારનો, ત્યારે પણ ઉપયોગ બહાર જાય. બંને વખતે જ્ઞાનીને સહજ ભેદજ્ઞાનદશા ચાલુ રહે છે.

'**જિજ્ઞાસુનો...**' એટલે અહીંયાં હવે મુમુક્ષુની વાત કીધી. જિજ્ઞાસુ એટલે મુમુક્ષુ.

'જિજ્ઞાસુનો ઉપયોગ બહાર જાય ત્યારે તેને અંદરમાં ભાવ એમ રહ્યા કરે કે કરવાનું બીજું છે.' મુમુક્ષુને ચિંતવનમાંથી ઉપયોગ બહાર જાય ત્યારે યથાર્થ એમ હોય કે મારે તો બીજું કરવાનું છે. ઉપયોગ બહાર જાય છે એ મારું કાર્ય નથી. એ મારું કર્તવ્ય નથી. એ કરવાયોગ્ય નથી. કરવાયોગ્ય કાંઈક છે અને મારો ઉપયોગ ક્યાંક બહાર જાય છે, બીજે જાય છે. મારે તો બીજું જ કરવાનું છે. એમ એને એવો ભાવ રહ્યા કરે.

'ઉપયોગ બહાર જતાં પરની સાથે એકત્વબુદ્ધિ થાય છે,...' મુમુક્ષુને ઉપયોગ બહાર જાય છે ત્યારે એને, જ્યાં-જ્યાં ઉપયોગ જાય ત્યાં-ત્યાં એને પર સાથે એકત્વબુદ્ધિ થાય છે. **'પણ હું તો જુદો ચૈતન્ય છું એમ ભાવના રાખી શકે.'** ત્યાં ભિન્નપણાની ભાવના રાખી શકે. એકત્વબુદ્ધિ સામેનો આ પ્રયાસ છે. ભાવના છે એ પ્રયાસરૂપે છે અહીંયાં. એવો પ્રયાસ રાખી શકે એમ પણ કહેવાય અને એવી ભાવના રાખી શકે એમ પણ કહેવાય. કેમકે ભાવનાની સાથે હંમેશા પ્રયાસ હોય છે. યથાર્થ ભાવના હોય તો પ્રયાસ સાથે હોય જ. એકલો વિકલ્પ ન હોય.

ભેદજ્ઞાનના કોઈ વિકલ્પે ચડે એમાં પ્રયાસ નથી હોતો, ભાવના નથી હોતી. ભાવના હોય છે ત્યાં પ્રયાસ હોય છે. એમ બેમાં ફરક છે. ભેદજ્ઞાન કરવું એમ વિચારી રાખ્યું હોય એટલે વિકલ્પ કર્યા કરે એમ પણ નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ બેમાં difference છે, ભેદજ્ઞાનના વિકલ્પમાં ચડેલા હોય અને ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ હોય બેમાં પરિણમન વચ્ચે કેવી રીતે તફાવત કરીએ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના હોય છે. વચ્ચે એમણે ભાવના શબ્દ વાપર્યો છે. વિકલ્પવાળાને ભાવના નથી હોતી. શુષ્ક-કોરા વિકલ્પ હોય છે. એમાં પ્રયાસ નથી હોતો. પ્રયત્નદશા બે બાજુ થાય છે. એક ઉદય બાજુ અને એક ઉદયથી વિરુદ્ધ બાજુ. હવે ઉદયમાં શું થાય છે અહીંયાં? કે એકત્વબુદ્ધિ થાય છે. તો એકત્વબુદ્ધિ તોડવા માટે ભાવનાસહિતનો પ્રયાસ, સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાસહિત એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયાસ, એ મુમુક્ષુની યથાર્થ ભૂમિકા છે. એવું ન હોય અને માત્ર વિકલ્પ ચાલ્યા કરે, વિચારી રાખ્યું છે માટે વિકલ્પ ચાલ્યા કરે અથવા કૃત્રિમ વિકલ્પ કરે.

મુમુક્ષુ :- એવો ઉદય આવે છે તો મારે ભેદજ્ઞાન કરવું..

પૂજ્ય ભાઈશ્રી :- મારે ભેદજ્ઞાન કરવું છે એમ કરીને વિકલ્પ કરે એમાં એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયાસ નથી હોતો, ભાવના નથી હોતી.

મુમુક્ષુ :- મતલબ જો particular instanceમેં જો વિકલ્પ આતા હૈ કરનેકા, વહાઁ ભાવનાકા અભાવ હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે જેને ભાવના છે, ભાવના સાથેનો પ્રયાસ છે એ

પ્રકાર જુદો છે. એકલો વિકલ્પ ચાલે છે એ પ્રકાર જુદો છે. તો જેમ પહેલા વાત કરી કે આ એક આ બાજુનો પ્રયાસ છે. ત્યારે જેને એકલો વિકલ્પ છે એનો પ્રયાસ તો છે, પણ પ્રયાસ એકત્વબુદ્ધિનો છે અને વિકલ્પ ચાલે છે. આને (ભાવનાવાળાને) એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયાસ છે એને પણ વિકલ્પ ચાલે છે. છે તો બેયને વિકલ્પાત્મક દશા. મુમુક્ષુ છે એટલે છે તો વિકલ્પાત્મક દશા. તો જ્ઞાનીને (પણ) ઉપયોગ બહાર જાય છે ત્યારે તો વિકલ્પાત્મક દશા છે, પણ જ્ઞાનીને વિકલ્પ કરવો પડતો નથી. સહજ ભેદજ્ઞાન ચાલે છે.

આ વિકલ્પ કરે છે, મુમુક્ષુ છે એ વિકલ્પ કરે છે તો એમાં બે પ્રકાર છે. એક પ્રયત્નદશા એકત્વબુદ્ધિ મટાડવાનો અને એક પ્રયત્નદશા એકત્વબુદ્ધિ ચાલુ રહે એવો છે. એવો ને એવો પ્રયત્ન છે. એથી વિરુદ્ધ પ્રયત્ન એનો થતો નથી.

મુમુક્ષુ :- એકત્વબુદ્ધિ ચાલુ રહેવાના કષાયના પરિણામ એને ચાલે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલે જ છે. એમાં એનો પ્રયત્ન લાગેલો છે. એથી બીજી જાતનો પ્રયત્ન નથી શરૂ થયો. જુદી જાતનો પ્રયત્ન નથી શરૂ થયો. વિકલ્પ ભેદજ્ઞાનનો કરે. કોઈ વખત ટેવ પાડી હોય તોપણ સહજ થાય અને કોઈ વખત પોતે સ્મરણ કરીને, યાદ કરીને ભેદજ્ઞાનનો વિચાર કરે, પણ તેથી કાંઈ એની ભાવના અને પ્રયાસ છે એમ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમ હોય કે ભાવનાવાળો દિલથી કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- અને પેલાને અમુક ટાઈમ પછી જરા થોડોક કંટાળો આવે, થાક લાગે એકત્વબુદ્ધિવાળાને...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ પણ થાય. અને ટેવ પડી ગઈ હોય તો કંટાળો અને થાક ન પણ લાગે. એવા પણ મુમુક્ષુ હોય છે કે એમ ને એમ ટેવ પડી ગઈ હોય પછી, પણ એની જાગૃતિ ન હોય. ટેવ પડી ગઈ હોય એમાં જાગૃતિ ન હોય. આમાં જાગૃતિ હોય, જ્યાં પ્રયાસ હોય ત્યાં જાગૃતિ હોય. જ્યાં પ્રયાસ ન હોય ત્યાં જાગૃતિ ન હોય. જાગૃતિને કારણે એકત્વબુદ્ધિ મોળી પડે છે, પાતળી પડે છે. જાગૃતિ ન હોય એટલે એકત્વબુદ્ધિ તો એમ ને એમ રહી ગઈ!

મુમુક્ષુ :- ભેદજ્ઞાનનો પ્રયાસ હોય તો ડિગ્રી વધે. ભેદજ્ઞાનની જે continuity જે છે એ વધતી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પ્રયાસ હોય તો પ્રયાસમાં તો આગળ વધે જ ને! પ્રયાસ કરે એટલે પ્રયાસમાં આગળ વધે.

મુમુક્ષુ :- આગળ નથી વધતો તો વિકલ્પ કર્યા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિકલ્પ કર્યા કરે છે એ આગળ નથી વધતો. આગળ તો નથી વધતો પણ હું ભેદજ્ઞાન કરું છું એવા અહંભાવમાં પાછળ તો જાય જ છે.

મુમુક્ષુ :- અને પછી આ પણ તે જીવને ખબર નથી પડતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને પોતાને ખબર ન પડે. એને તો એમ કે હું ભેદજ્ઞાન કરું છું.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનમાં તો અસ્તિત્વગ્રહણનો પ્રયાસ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભેદજ્ઞાનમાં જાગૃતિપૂર્વકનું જે ભેદજ્ઞાન છે એમાં દરકાર છે. અંદરના પોતાના પ્રયત્નના કાર્યમાં, પ્રયત્ન સાથે-સાથે જાગૃતિની સાથે દરકાર છે. પેલો તો એમ જ ચાલે છે કે હું ભેદજ્ઞાન કરું છું ને! એટલે પછી એમ જ ચાલે છે અન્દર. જાગૃતિ હોતી નથી, એટલી દરકાર હોતી નથી કે એકત્વબુદ્ધિને હું તોડું, એકત્વબુદ્ધિ મારી કઈ રીતે તૂટે? એ કાંઈ એમાં હોતું જ નથી. એટલે વિકલ્પવાળો છે એમાં પ્રયોગનો અભાવ હોવાથી ઓઘસંજ્ઞાએ વિકલ્પ ચાલે છે. એ ઓઘસંજ્ઞામાં ચાલ્યો જ જાય છે. પ્રયાસવાળામાં તો પ્રયોગ છે. એટલે પ્રયોગ છે એ ઓઘસંજ્ઞાને તોડવાનો ઉપાય છે.

કોઈ એમ પ્રશ્ન કરે કે અમને અનાદિની ઓઘસંજ્ઞા છે એ કેમ મટાડવી? તો કહે પ્રયોગથી મટશે. તું જે સમજ્યો છો એ સમજણનું અમલીકરણ કરીને પ્રયોગમાં આવ તો તારી ઓઘસંજ્ઞા મટે. ઓઘસંજ્ઞા મટાડવાનો આ એક જ ઉપાય છે કે પ્રયોગમાં આવવું. પ્રયોગપદ્ધતિ વિના ઓઘસંજ્ઞા મટે નહિ. આ નિયમ છે! એટલે જે પ્રયાસમાં છે એ પ્રયોગસહિત હોવાથી ઓઘસંજ્ઞામાં નથી ચાલતો. જાગૃતિમાં ચાલે છે. એકલો વિકલ્પ છે એ ઓઘસંજ્ઞામાં અજાગૃતિથી ચાલે છે. એ રીતે પણ એનો difference સ્પષ્ટ છે. ભેદરેખા થોડી પાતળી છે, પણ છતાં એ સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! બીજું એક main factor છે કે જે ભેદજ્ઞાન કરીને આગળ વધે તો ઉપકારી પ્રત્યે સાથે સાથે બહુ મહિમા આવે. અહોભાવ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આખી વસ્તુ જુદી જ છે. ઉપકારી પ્રત્યે તો ઉપકારબુદ્ધિ ઘણી હોય એમાં તો કોઈ બે મત હોવાનો સવાલ જ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિકલ્પથી ચાલેલો હોયને તો એને એમ થાય કે હું મારી રીતે કરું છું. હું કરું છું તો થાય છે. તો પછી ઉપકારી પ્રત્યે જે અહોભાવ અને મહિમા આવવો જોઈએ આ ભાવનું lacking હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો શું છે કે જ્યાં અયથાર્થતા હોય છે ત્યાં ઘણાં યથાર્થતાના

લક્ષણોનો અભાવ હોય છે. અયથાર્થતામાં યથાર્થતાના બીજા-બીજા જે લક્ષણો હોય છે, એ બધા ઉપલક્ષણો છે, સાઈડ ચિહ્ન છે એ બધા - એનો એને અભાવ હોય છે. જ્યારે પેલાને સદ્‌ભાવ હોય છે. એમ જુદી-જુદી રીતે એકંદરે યોગ્યતાનું જે coordination છે એની અંદર ઘણાં-ઘણાં પ્રકારો સાથે-સાથે હોય છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનના પ્રયાસવાળાને ભિન્નતાનો ભાવ ભાસતો જાય અને ખાલી વિકલ્પ કરતો હોય એને ભિન્નતાનો ભાવ ન ભાસે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભિન્નતાનો ભાવ ન ભાસે. પ્રયાસ(વાળાને) ભિન્નતાનું ભાવભાસન આવતું જાય છે. પ્રયોગ છે એ ભાવભાસનનું સાધન છે! પ્રયોગ છે એ ભાવભાસનનું સાધન છે!

મુમુક્ષુ :- પ્રયાસવાળાને ઉદ્દેશ્ય અને ધ્યેય સાથે હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વગર તો પ્રયાસ ચાલે જ કેવી રીતે? ધ્યેય અને ઉદ્દેશ્ય ન હોય તો પ્રયાસ ચાલે કે ઊપડે જ કેવી રીતે?

શું કહે છે? મુમુક્ષુને '**ઉપયોગ બહાર જતાં પરની સાથે એકત્વબુદ્ધિ થાય છે, પણ હું તો જુદો ચૈતન્ય છું એમ ભાવના રાખી શકે.**' એમ પ્રયાસ કરી શકે, એમ પ્રયોગ કરી શકે. પ્રયોગમાં, પાછી પ્રયોગની સૂક્ષ્મતા વિચારીએ તો જુદો ચૈતન્ય છું તો ચૈતન્યનો અંશ જે જ્ઞાનલક્ષણ છે, આખું જે ચૈતન્ય છે એનો અંશ જે પ્રગટ જ્ઞાનલક્ષણ છે એને પકડીને પ્રયાસ ચાલે છે. વિકલ્પમાં એ પક્કડ હોતી નથી. એટલે એ પોતાના જ્ઞાનલક્ષણથી ચાલતો નથી. એ તો એમ ને એમ ઓઘે-ઓઘે જે રાગમાં ચાલ્યો જાય છે એમ વિકલ્પમાં ચાલ્યો જાય છે. તો એ (વખતે એ ભાવનાનો) પ્રકાર રાખી શકે નહિ.

'**જેની સહજ પરિણતિ હોય...**' એટલે જ્ઞાની. '**જેની સહજ પરિણતિ હોય તેની તો વાત જ જુદી છે,...**' એને એ લાગુ નથી પડતું. વિકલ્પ ને ભાવના ને પ્રયાસ એ બધા જે મુમુક્ષુદશાના ફેક્ટરો છે યોગ્યતા, અયોગ્યતાના એ જ્ઞાનદશામાં લાગુ નથી પડતા. કેમકે એ તો એ ભૂમિકાને અતિક્રમીને એક નવા લેવલ ઉપર પહોંચ્યા છે અને એ નવા લેવલ ઉપરનું એમનું પરિણમન આખું જુદાં જ લેવલ ઉપર છે.

'**જેની સહજ પરિણતિ હોય તેની તો વાત જ જુદી છે, તેને તો જ્ઞાયકની ધારા નિરંતર ચાલુ રહે છે.**' એને તો જ્ઞાનધારા નિરંતર ચાલુ રહે છે. એ સહજ પુરુષાર્થમાં વર્તે છે, એને તો એ પ્રકારનો એ ભૂમિકાનો એ લેવલનો પુરુષાર્થ સહજ જ વર્તે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુને નાસ્તિ પક્ષથી ભેદજ્ઞાન થાય છે અને જે જ્ઞાની હોય છે એને અસ્તિપક્ષથી થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, મુમુક્ષુ ચૈતન્યલક્ષણને પકડે છે એ અસ્તિપક્ષ થઈ જાય છે. એને બેય પ્રકાર આવે છે. નાસ્તિનો નિષેધ અને અસ્તિની ઉપાદેયતા. વિધિ-નિષેધ બેય પ્રકાર છે. જ્ઞાનીને સહજ જ છે. એને નાસ્તિનો વિકલ્પ ઉઠાવવો નથી પડતો. ઉઠતો નથી. અથવા કોઈવાર ઉઠે તો એ વાત જુદી છે. એ તો લેવલ જ જુદું છે આખું.

'**તેને તો જ્ઞાયકની ધારા નિરંતર ચાલુ રહે છે. બહાર ઉપયોગ જાય તોપણ ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે રહે છે,...**' ઉપયોગ બહાર જાય તોપણ ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે રહે છે. પ્રતિક્ષણ ચાલુ જ રહે છે. continue રહે છે. ભેદજ્ઞાન તો continue રહે છે. એ તો હવે અહીંયાં સંસારમાં પણ ભેદજ્ઞાન જ રહે છેને! આ ઘર મારું, પાડોશીનું મારું નહિ, પછી પાડોશીનું આપણા કરતા inferior કે superior હોય એની સાથે સંબંધ નથી. આ મારું અને આ મારું નહિ એમ વિકલ્પ કરવો પડે છે? આ શરીર મારું અને બીજાના શરીર મારા નહિ - એમ વિકલ્પ કરવો પડે છે? પરિવારના સભ્યો હોય તો આ મારો ફલાણો અને બાકીના મારા નહિ એમ થોડો અહીંયાં વિકલ્પ કરવો પડે છે? કે નહિ. સહજ જ રહે છે. કેમ? કે એ નિશ્ચયપૂર્વક થયેલી પરિણતિ છે. કેમ એમ થાય છે? એક નિશ્ચય થઈ ગયો છે, નિર્ણય થઈ ગયો છે અને એ નિર્ણયપૂર્વક એની પરિણતિ પણ થઈ ગઈ છે. તો પરિણતિ સહજ હોય. ઊલટામાં પણ સહજ હોય, સૂલટામાં પણ સહજ હોય. બસ!

'**ક્ષણે ક્ષણે રહે છે, યાદ કરવું નથી પડતું.**' જે પરિણતિ હોય એમાં યાદ કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ તો પોતે પોતાના અનુભવથી માપી લે એટલે વાત પૂરી થઈ ગઈ. પરિણતિ તો ઊલટી પણ ચાલે જ છે ને બધાને? ઊલટી ક્યાં નથી ચાલતી? તો એના ઉપરથી પોતે પોતાના અનુભવને સમજે, ઊલટા અનુભવથી સૂલટા અનુભવને સમજે. એ અનુભવપદ્ધતિ છે. સમજવાની અનુભવપદ્ધતિ છે. જે સમજવાની વિચારપદ્ધતિ છે એમાં તર્ક છે, અનુમાન છે, ન્યાય છે, આગમ સાથેની મેળવણી છે - એવા બધા પ્રકારો છે. અનુભવપદ્ધતિમાં તો પ્રત્યક્ષ પરિણમનના અનુભવને સમજીને એનું જ્ઞાન થાય છે એને અનુભવજ્ઞાન કહેવામાં આવે છે.

'સમયસાર'માં આચાર્યદેવની અનુભવપદ્ધતિ પ્રધાન ઘણી વાતો છે. ભેદજ્ઞાનનો આખો ગ્રંથ છેને? આખો ગ્રંથ જ ભેદજ્ઞાન ઉપર છે. કાલે જેમ લીધું હતું ને કે ભાઈ કોઈ ગ્રંથ હેતુવાદથી લખાય છે, કોઈ આ ગ્રંથ ભાવનાના ઉદ્દેશથી લખાય છે, એમ આખા સમયસાર ગ્રંથમાં ભેદજ્ઞાનના દૃષ્ટિકોણથી નવેય તત્ત્વો ઉપર હાઈલાઈટ આપી છે. પ્રકરણ શું લીધા છે? નવ તત્ત્વના જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ.

અને એ નવેય તત્ત્વો ઉપર ભેદજ્ઞાનના દૃષ્ટિકોણથી હાઈલાઈટ આપી છે. આચાર્યદેવે એક જ view point અપનાવ્યો છે. ગ્રંથકર્તાને એનો પોતાનો દૃષ્ટિકોણ એણે પહેલા નક્કી કરેલો હોય છે. પછી ભિન્ન-ભિન્ન ગ્રંથ લખે તો ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણ એનો હોય. ગ્રંથકર્તા એના એ હોય અને એમની પાસે એકાંતિક (જ્ઞાન) નથી હોતું, અનેકાંતિક જ્ઞાન હોય છે. એટલે અનેક દૃષ્ટિકોણથી એ જુદાં-જુદાં ગ્રંથોની ગ્રંથરચનાઓ રચે છે.

કુંદકુંદાચાર્યનું તો એ સ્પષ્ટ છે અને સમજાય છે આપણે અભ્યાસ કર્યો છે એટલે. 'પ્રવચનસાર' છે એમાં સમ્યગ્જ્ઞાનની પ્રધાનતાથી આખા ગ્રંથની રચના છે. 'સમયસાર' છે એમાં ભેદજ્ઞાનની પ્રધાનતાથી રચના છે. 'નિયમસાર'માં છે એ આત્મસ્વરૂપની 'કારણ પરમાત્મા'ની ભાવનાની પ્રધાનતાથી આખા ગ્રંથની રચના છે. એ તો પોતે લખ્યું છે છેલ્લી ગાથામાં કે નિજભાવના અર્થે મેં નિયમસાર રચ્યું છે. પણ એ તો ન લખ્યું હોય તોપણ એ વાત સમજાય એવી છે.

અષ્ટપાહુડ છે એ દાર્શનિક ગ્રંથ છે. અન્યદર્શનને અને મૂળ જૈનદર્શનને ક્યાં તફાવત છે એના ઉપર આખો ગ્રંથ છે. એમાં પણ કુંદકુંદાચાર્યના વખતમાં,.. ભગવાન મહાવીર સ્વામી પછી પાંચસો વર્ષે જ્યારે કુંદકુંદાચાર્ય થયેલા ત્યારે, અને એ દશામાં શ્વેતાંબર મતની શરૂઆત થઈ હતી. એટલે એને સંક્રાતિકાળ કહેવામાં આવે છે. કેવો? સંક્રાતિકાળ. એક પ્રવાહ ચાલતો હોય મૂળધર્મનો એમાંથી કોઈ બીજો ફાંટો ઉત્પન્ન થાય, અન્યમત પ્રવર્તે એને શું કહે છે? અન્યમત પ્રવર્તે, ત્યારે મૂળમતવાળા છે એ એ વિષય ઉપર પ્રકાશ પાડે છે. અને મૂળમાર્ગને લૂંટાતો જોઈને કોઈવાર આક્રોશ પણ કરે છે. એ બેય symptoms દેખાય છે.

એટલે અષ્ટપાહુડમાં એ વાત એમણે લખી કે મુનિદશામાં પોતે મુનિ મનાવે અને વસ્ત્રનો એક ધાગો, એક તાણોવાણો પણ રાખે અને મુનિદશા મનાવે - નિગોદંગચ્છતિ. નિગોદમાં ચાલ્યા જશે. કેમકે ભગવાનનો જે મૂળમાર્ગ છે એમાં adulteration કર્યું અને નામ જૈનનું આપ્યું. બોર્ડ જૈનનું લગાડ્યું. એ દાર્શનિક ગ્રંથ છે. અન્ય દર્શન સાથે એમાં પણ ખાસ કરીને એ વખતે સંક્રાતિકાળમાં શ્વેતાંબરનું દર્શન ચાલુ થયું અને એની સામે આખો ગ્રંથ લખાણો છે. એમ ગ્રંથકર્તા તેના તે હોય, પોતાનો જે દૃષ્ટિકોણ છે એ જુદાં-જુદાં ગ્રંથમાં એમનો જુદો-જુદો દૃષ્ટિકોણ હોય છે. એ દૃષ્ટિકોણ સમજીને એ ગ્રંથનું અધ્યયન કરવું જોઈએ. તો એમની વાત સમજાય કે અહીં એ શું કહેવા માંગે છે.

સમયસારમાં આત્માને 'જ્ઞાનલક્ષણ' કીધો. નિયમસારમાં આત્માને 'પરમપારિણામિકભાવ લક્ષણ' કીધો. વિદ્વાન હોય અને જો દૃષ્ટિકોણ ન સમજતા હોય તો ભૂલ ક્યાં કરે?

કે જુઓ! જ્ઞાન તો વર્તમાન પર્યાયમાં પર્યાયનું લક્ષણ છે માટે એ વ્યવહાર લક્ષણ છે માટે એ લક્ષણ ખોટું! અને પરમપારિણામિકભાવ તો નિશ્ચય સ્વરૂપ છે એ લક્ષણ સાચું. માટે નિયમસારનું લક્ષણ સાચું અને સમયસારનું લક્ષણ ખોટું. બેય જગ્યાએ બેય લક્ષણ સાચા છે અને એ કેવી રીતે સાચા છે એ ન સમજાય એટલે સાચા-ખોટામાં પડી જાય. એવી રીતે થાય છે. કેમકે એક નિશ્ચય અને એક વ્યવહાર. નિશ્ચય-વ્યવહારની પદ્ધતિ પોતે પકડી લીધી હોય અને એ છોડી ન શકે. બધી જગ્યાએ પછી એ જ વાત લાગુ કરે એમ ચાલે નહિ.

અજ્ઞાનદશામાં એ સંકુચિતતા હોય છે કે પોતે જે પદ્ધતિથી સમજતો હોય એ જ પદ્ધતિ બધે લગાડે. જ્ઞાનદશામાં વિશાળતા હોય છે. ક્યાં કઈ પદ્ધતિ છે? ક્યાં કઈ પદ્ધતિ છે? ક્યાં કઈ પદ્ધતિ છે એનું સમ્યગ્જ્ઞાન મધ્યસ્થ થઈને ખૂલ્લું રહે છે. open minded છે. જ્યાં જે હોય ત્યાં તેમ જ સમજવાનો એનો પ્રયત્ન હોય છે. એનું જ્ઞાન બંધાતું નથી. પેલો બંધાઈ ગયો એની પદ્ધતિમાં. એ બધી જગ્યાએ નિશ્ચય-વ્યવહાર લાગુ કરે. પરને જાણવું તો કહે વ્યવહાર. તો કહે એ ખોટું. સ્વને જાણવું તો કહે નિશ્ચય, તો કહે એ સાચું. પછી બધે નિશ્ચય-વ્યવહાર લગાડે. લક્ષણમાં પણ નિશ્ચય-વ્યવહાર, સ્વપરપ્રકાશકમાં નિશ્ચય-વ્યવહાર, બધે નિશ્ચય-વ્યવહાર લગાડે! એમ ન ચાલે.

'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન તેહ.'

આત્માર્થીતામાંથી મધ્યસ્થતા ઊભી થઈ છે. જ્ઞાનદશામાં તો હોય એમાં ક્યાં નવાઈની વાત છે?

મુમુક્ષુ :- .. સ્વાધ્યાય કરે તો ઉસમેં નુકસાન હો સકતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ! મહાન ગ્રંથોંકા સ્વાધ્યાય તો જ્ઞાનીકે ચરણ સાન્નિધ્યમેં હી કરના ચાહિયે. મુમુક્ષુકા બુતા નહીં હૈ વહ સ્વાધ્યાય કરનેકા. તો ઓડકા ચોડ સમજેગા. લિખા હોગા ઓડ સમજેગા તો ચોડ! યહ બાત હો જાયેગી. મહાન ગ્રંથોંકા સ્વાધ્યાય અકેલે નહિ કરના.

'એકવાર સ્વભાવમાં એકત્વ થઈ જાય તેને હું જુદો છું એમ યાદ નથી કરવું પડતું.' શું થયું છે? સ્વરૂપ નિશ્ચય વખતે ભિન્નતાનો નિશ્ચય થયો. શું થયું? સ્વરૂપ નિશ્ચય વખતે ભિન્નતાનો નિશ્ચય થયો કે દેહાદિથી તો ભિન્ન છું, રાગાદિથી પણ હું ભિન્ન છું. અને એક સમયની પર્યાયથી પણ હું ભિન્ન છું. એવું જે મારું એકાકાર સ્વરૂપ છે, ત્રણે કાળે એકરૂપ, અનંતગુણ નિધાન, અનંતગુણનું એકરૂપ, અનંતગુણનું અનંતરૂપ

નહિ પણ અનંતગુણનું એકરૂપ એવું જે મારું નિશ્ચયસ્વરૂપ છે - એનો નિશ્ચય થયો, પછી સ્વાનુભવ વખતે એ નિશ્ચય અનુસાર પરિણતિ થઈ ગઈ. જ્યારે નિશ્ચય થયો, પછી ભેદજ્ઞાનનો પ્રયોગ સતત ચાલવા માંડ્યો. એ ભેદજ્ઞાનના પ્રયોગના ફળસ્વરૂપે શુદ્ધોપયોગ થયો. શુદ્ધોપયોગમાં ભિન્ન આત્માનો અત્યંત મહિમાપૂર્વકનો રસ રેડાણો. એ રસ રેડાવાથી ભિન્ન પરિણતિ થઈ ગઈ. એ પરિણતિ થઈ ગયા પછી યાદ કરવું પડતું નથી. આમ process ચાલેલો છે. એટલે એને યાદ કરવું પડતું નથી. એમ નથી કે એને પક્ષપાત છે કે ઉપયોગ બહાર જાય તો વાંધો નહિ. એણે એટલો પુરુષાર્થ ચુકવ્યો છે, ખર્ચ કર્યો છે એણે. સમયશક્તિનો ખર્ચ કર્યો છે. અને એની સામે વસ્તુની પ્રાપ્તિ કરી છે. ખર્ચ કરીને માલ લીધો છે. એટલે એની પાસે સંપત્તિ છે, એ સંપત્તિનો ધણી છે. એટલે એને થોડો આડોઅવળો ખર્ચ દેખાતો નથી, પણ જેની પાસે કાંઈ હોય નહિ એ આડોઅવળો ખર્ચ કરે તો? વાંધો પડી જાય એને રોટલી ખાવામાં.

૧૨૦૦ રૂપિયાના પગારવાળાને ૧૦૦૦ રૂપિયાના જોડા લેવાનો વિચાર આવે? ન આવે. અને લ્યે તો? રોટલીનો વાંધો પડે. સીધી વાત છે. અઠવાડિયું તો ચાલે, પછી બાકીના ત્રણ અઠવાડિયા? તાવડી પોરો ખાઈ જાય. એમ મુમુક્ષુની ભૂમિકામાં સમય-શક્તિનો ખોટો ખર્ચ થવાનો વિકલ્પ પણ આવવો જોઈએ નહિ. એમ છે. મને આનું પરલક્ષ થઈ ગયું, મને આનું પરલક્ષ થઈ ગયું, શું કરું હવે મને કહો, મને આનું પરલક્ષ થઈ ગયું. તો રોજ શું સાંભળો છો? કે આ પરલક્ષ છે એ આખેઆખો સ્વાધ્યાયને ચાવી જાય છે. રાક્ષસ છે! રાક્ષસ ખાય જાય. તો એને રાક્ષસના સ્વરૂપે તો તું જો!! તને તારું કામ આટલું બધું બાકી છે, આટલો બધો સમય થયો કાંઈ કર્યું નથી તે, હજી શેના પરલક્ષ થયા કરે છે? આત્માને ઠપકારવો જોઈએ. હજી તને શેના પરલક્ષ થયા કરે છે? આટલો બધો વખત ગયો, આટલો બધો સત્સંગ ખવાય ગયો, ચવાઈ ગયો, કાંઈ result આવ્યું નહિ.

તો શું કરવું? પ્રશ્ન એમ આવે. પણ શું કરવું શું? સ્વલક્ષ કરવું! સીધી વાત છે. એની વિરુદ્ધ સ્વલક્ષ છે. આત્મકલ્યાણની ભાવના અને દરકાર હોય તો એ બધા ખોટા ખર્ચા ઑટોમૅટિક બંધ થઈ જાય. નહિતર અમથો-અમથો નવરો હજામ પાટલા મૂંડે. અમારે ગુજરાતીમાં કહેવત છે. તમારે કાંઈક હિન્દીમાં હશે. 'નવરો હજામ પાટલા મૂંડે'. વાણંદ હોય વાણંદ. નવરો પડે, કોઈ ગ્રાહક ન આવે તો પાટલો પડ્યો હોય તો અસ્ત્રો આમ-આમ કરીને એમાં છોલ ઉતારે. પણ હવે તારી ધાર બુઠ્ઠી થઈ જશે.

મુમુક્ષુ :- એમ અહીંયાં એનો ઉપયોગ સ્થૂળ થઈ ગયો?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ સ્થૂળ થઈ જશે. તો જેમ-જેમ પરલક્ષ થશે એમ

તારો ઉપયોગ સ્થૂળ થઈ જશે. તારા આત્મકાર્યમાં તારો ઉપયોગ નહિ લાગે, તને સૂઝ નહિ આવે કે મારે કેવી રીતે કામ કરવું અંદરમાં. એ સૂઝ જ નહિ આવે. એનું શું? પેલો જેમ પોતાને નુકસાન કરે છે એ અસ્ત્રો નકામો કરી નાખ્યો, પછી ગ્રાહક આવ્યો તો ગ્રાહક કહે પણ આ ક્યાં તમારો અસ્ત્રો કામ કરે છે? મારે અહીં નથી કરાવવું, હું બીજે જઈશ. પેલો આવે તોપણ બીજે જતો રહેશે. સાધન ખરાબ કરી નાખ્યું. એ જે જ્ઞાન એને સાધન છે એ સાધન બગાડે છે. સૂઝ નથી આવતી એટલે પોતાના સાધનને બગાડે છે.

જુઓ શું લીધું? '**એકવાર સ્વભાવમાં એકત્વ થઈ જાય તેને હું જુદો છું એમ યાદ નથી કરવું પડતું.**' કેમકે એને અહીં સુધી કામ થઈ ગયું. '**જ્યારે ઉપયોગ બહાર જાય તે ક્ષણે જુદી જ્ઞાયકની સહજ ધારા ચાલતી જ હોય છે.**' ભલે ઉપયોગ બહાર જાય તોપણ એને જ્ઞાયકની ધારા ચાલતી હોય છે. પેલી જે કર્મધારા છે, ઉપયોગ બહાર જાય છે એ કર્મધારા છે. ભાવકર્મ છે ત્યાં. આ જ્ઞાનધારા છે. જ્ઞાનધારા બળવાન છે, કર્મધારા નિર્બળ છે. બળવાનનો જ વિજય થાય છે, બળવાન જીતે છે. હંમેશા બળવાન જીતે છે. હવે એ વાત લીધી જ્ઞાનીની.

'**પણ જેને સહજદશા નથી...**' મુમુક્ષુની વાત લેવી છે હવે. જ્ઞાની-અજ્ઞાનીની સમીક્ષા કરી છે. comparison કર્યું છે. જ્ઞાનદશા અને અજ્ઞાનદશાનો બોલ છે. આપણે ડાયરીમાં ઘણાં એવા બોલ લેવાણા છે જ્ઞાનદશા અને અજ્ઞાનદશાના વિષયમાં. '**પણ જેને સહજદશા નથી અને તેનો ઉપયોગ બહાર જાય તો ભાવના રાખે...**' જુઓ! ભાવના ઉપર એમનો (નિર્દેશ છે.) ભાવનામાં પ્રયોગ અને પુરુષાર્થ ચાલુ થવાનો છે. ભાવના રાખે તો પ્રયોગ અને પ્રયાસ ચાલુ થવાના છે. '**કરવાનું બીજું છે, ઉપયોગ અંતરમાં જવો જોઈએ.**' આ મારું જે લક્ષ બહાર જાય છે, મને નુકસાન કરે છે... મને નુકસાન કરે છે... મને નુકસાન કરે છે... બીજું જ કરવાનું છે અને બીજું થઈ રહ્યું છે. કેમ ચાલે? કરવાનું બીજું છે અને આ બીજું થાય છે એ કેમ ચાલે?

પોતાના આત્માના પરિણમનની સામે બળવો પોકારે છે. એકદમ માથું ઊંચકવું જોઈએ. ન ચાલે આમ. ક્યાં જાવું છે અને ક્યાં જતો રહીશ? ખીણની ધારે ધારે ચાલે છો. પડ્યો તો જઈશ ખીણમાં. બીજું જે ઉપયોગ બહાર જાય છે એનું સાર્થકપણું વિચારે. ઉપયોગ બહાર જાય છે એમાં શું સાર્થક થાય છે? અર્થ શું સધાય છે? અર્થ નામ પ્રયોજન. પ્રયોજન શું સધાય છે? વિચાર કરે તો સાવ નકામો ઉપયોગ બહાર જાય છે. દોડી દોડી ને દોડે ભાવથી કે દ્રવ્યથી. દ્રવ્યથી મુસાફરી કરે છે પછી. કાંઈ આત્માને વળતું નથી. શું વળ્યું? અત્યાર સુધી બહુ દોડ લગાવી. અનંતકાળથી દોડ લગાવે છે.

પરમાં દ્રવ્યે અને ભાવે અનંતકાળથી દોડ લગાવે છે અને ભમે છે, ભટકે છે. શું મળી ગયું આત્માને કહો જોઈ? કાંઈ મળ્યું નથી. ઊલટાનો કચરો ભેગો થયો છે એ કાઢવાનો પરિશ્રમ અને પુરુષાર્થ કરવાનો બાકી રહે છે. મળ્યું તો કાંઈ નથી. નુકસાન ગયું છે. ઘણો દુઃખી થયો. થોડો દુઃખી નથી થયો પણ ઘણો દુઃખી થયો જીવ. હજી દુઃખી થાવું છે? એમ પૂછી લેવાનું કે હજી દુઃખી થાવું છે? કેટલુંક થાવું છે? નથી હજી દુઃખનો થાક લાગ્યો? પરિભ્રમણનો થાક.... દુઃખનો થાક એ પરિભ્રમણનો થાક, પરિભ્રમણનો થાક એ દુઃખનો થાક. એ થાક લાગે નહિ ત્યાં સુધી એ બાજુની દોડ મટે નહિ. આ કેમ ત્યાંથી starting point છે?

પરિભ્રમણની વેદના એ શા માટે starting point છે? કે જ્યાં સુધી પરિભ્રમણનો થાક લાગે નહિ ત્યાં સુધી પરિભ્રમણ કરવા માટેનો જીવનો ઉત્સાહ છે, એની દોડ છે એ દોડ મટે નહિ. આવું છે. એટલે એ must છે, આવવું જ જોઈએ. પરિભ્રમણનો થાક લાગવો જ જોઈએ. એની ચિંતના અને વેદના આવવી જ જોઈએ. કોઈ એ સિવાય જ્ઞાની થયા નથી અને થવાના નથી. એ તો ૧૯૫માં સ્પષ્ટ લખ્યું છે. ભૂતકાળમાં, અતીતકાળમાં કોઈ થયા નથી, વર્તમાને કોઈ થતાં નથી અને ભવિષ્યમાં કોઈ થશે નહિ. હજી પહેલે પગથિયે પગ માંડ્યો નથી અને દુનિયાભરની ચિંતા. પરલક્ષ એટલે દુનિયાભરની ચિંતા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સોગાનીજીને લિયા કિ સ્વરૂપકા વિકલ્પ ભી ભટ્ઠીરૂપ લગતા હૈ, તો ઈસ વિકલ્પકો તો લગના હી ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ! ઉપયોગ બહાર નિકલા કિ યમકા દૂત સમજો. આપણે હમણાં પરલક્ષને રાક્ષસનું નામ આપ્યું. ઉપયોગ તો બહાર જવાનો પણ અહીં તો લક્ષ તો પહેલા મટાડ! એમ ને એમ તો હજી ઉપયોગ તો ક્યાંથી અંદર આવવાનો? જ્ઞાનીને તો પરલક્ષ નથી પણ ઉપયોગ બહાર જાય છે, તોપણ એને યમનો દૂત સમજે છે. તારે તો પરલક્ષ સાથે ઉપયોગ બહાર જાય છે, મોટો રાક્ષસ દેખાવો જોઈએ!

અન્યમતમાં જમ છે, યમ છે. આમાં નથી આપણે. આમાં આપણે આને યમ કહે છે. નારકીના મારવાવાળા જે હોયને, મારવાવાળા જે નારકી હોય એને યમ કહે છે. અન્યમતમાં થોડો concept એવો છે કે કોઈપણ માણસ મરે ત્યારે એને લેવા આવે એ લેવા આવે એને યમ કહેવામાં આવે છે. યમદૂત કહેવામાં આવે છે. જમડા કહે છે, યમડા કહે છે. અને એનું ચિત્ર પણ બિહામણું આપ્યું હોય. જેમ નારકીના ચિત્રો બિહામણા આપે છે એમ એનું ચિત્ર પણ એ લોકો બિહામણું આપે છે અને એને બળદની સવારી આપે છે. પાડાની. બળદની નહિ. ભેંસનો પતિ જે male ભેંસો

છે, ભેંસ છે એ બધી female છે. એમાં જે male પ્રાણી હોય છે એને પાડો કહે છે અમારે ગુજરાતીમાં. તમારે હિન્દીમાં કહેતા હોય એ ખરા. એ પાડાની સવારી હોય છે એને. જેમ ભેંસ કાળી હોય, એમ પાડો કાળો હોય અને જમડો પણ કાળો હોય.

કૂતરા નથી રડતા? હૂ.. હૂ.. હૂ.. કરે. એ બધા concept છે અન્યમતમાં. જમડો કો'કને લઈ જાય છે એટલે કૂતરો રોવે છે. કૂતરાને દેખાય એટલે એ રોવા માંડે. અને નાનપણમાં એવું બધું સાંભળેલું. એટલે કોઈ કૂતરું રોવે ત્યારે બીક લાગતી. ચાર-પાંચ વર્ષની ઉંમરે હોં.

મુમુક્ષુ :- જમ લેવા આવ્યા એમ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ કો'કને જમ લેવા આવ્યા છે, લઈને જાય છે પકડીને. એ પછી એમ કહે આણે તો શું પાપ કર્યા હોયને! એટલે મારતા મારતા લઈ જાય. રસ્તામાંથી જ એને મારતા મારતા લઈ જાય. એટલે પેલો કૂતરો જોવે અને રોવે. તો આ visualize થાય કલ્પનામાં.

અહીં કહે છે કે એ તને તારા પરલક્ષમાં દેખાવું જોઈએ. ભયંકર. કેવું? ભયંકર ચિત્ર દેખાવું જોઈએ. વિકલ્પ કો'કનો આવે કે ધડાક દઈને કાપવો જોઈએ. તારે શું કામ છે? વિકલ્પ આવશે. પરલક્ષ મટ્યું નથી એટલે વિકલ્પ આવશે, પણ તોડતો જા. તારે શું કામ છે? તારે એનું શું કામ છે? જેનું જેવું હોય એવું. જેનું જેવું હોય એવું. તારે શું કામ છે? તારું કામ બાકી છે એનું શું? એ સંભાળને, એ કરને. બસ! કાપતો જા..! કાપતો જા...!

મુમુક્ષુ :- ભાઈશ્રી કાપવાનું વેદના પહેલા હોય? કાપવાની વાત થાય છે એ વેદના પહેલા હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્યારે જે તક મળે એ કામ કરી લેવું. એમાં શું છે કે એકબીજાને પૂરક કેટલીક વાતો છે. વેદના નથી આવતી એનું કારણ દર્શનમોહનું બળવાનપણું છે. દર્શનમોહ પાતળો પાડવો તો તે વેદના આવવાનું કારણ બને. તો દર્શનમોહ જેનો જે જે પ્રકારે પોતાને વધતો હોય, કારણકે દરેકને પ્રકાર જુદાં-જુદાં છે. જે જે પ્રકારે તીવ્ર થયો હોય એ બધા પ્રકારની અંદર લડત ચાલુ રાખવાની. જ્યાં-જ્યાં મોકો મળ્યો ત્યાં ઘા મારો. દર્શનમોહ ઉપર જ્યાં-જ્યાં તક મળી ત્યાં દર્શનમોહને ધોકો મારો. ધોકો મારી... મારી... મારી... મારીને નબળો પાડી દ્યો એને. તો વેદના આવશે, નહિતર વેદના અદ્ધરથી આવશે ક્યાંથી? ઊલટી પરિણતિ તીવ્ર થઈ ગઈ છે, વેદના પણ નહિ આવે. અને ક્યાં આવે છે? એમ છે.

એટલે કેટલીક વાત ક્રમથી છે અને આવી રીતે ધોકો મારવાની વાત અક્રમથી પણ છે. એમાં ક્રમનો વિચાર નથી કરવાનો. તીવ્ર એકત્વબુદ્ધિ થતી હોય ત્યાં જુદાંપણાનો ભાવ લેવો જોઈએ. ત્યાં જુદાંપણાનો પ્રયોગ અને ભાવ લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. કેમ હું આટલું બધું કરું છું? કેમકે એમાં શું હોય છે, કુટુંબમાં કોઈ એક વ્યક્તિ એવી હોય છે - કોઈ માને દીકરા ઉપર એવું હોય છે, કોઈ પતિને પત્ની ઉપર હોય છે, કોઈ પત્નીને પતિ ઉપર હોય છે, કોઈને દીકરા-દીકરી ઉપર હોય છે, માને દીકરી ઉપર હોય છે, દીકરા ઉપર હોય છે, દીકરાને મા ઉપર હોય છે અને બાપ ઉપર હોય છે એવું કાંઈ ને કાંઈ તીવ્ર attachment હોય છે. તીવ્રતા તો મટાડવી જ જોઈએ. કેમકે એ તો નીચે બૂડે છે. તીવ્રતા તો મટાડવી જ જોઈએ. મંદ પરિણામો હોય તો કામ થવામાં સુગમતા રહે. તીવ્ર પરિણામમાં તો પ્રવાહમાં ખેંચાઈ જ જવાનો. ડૂબી જ જવાનો એ. એવું થાય છે.

મુમુક્ષુ :- દર્શનમોહ એટલે જ્યાં પોતાનું સ્વરૂપ નથી ત્યાં પોતાનું માન્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, misconcept છે. દર્શનમોહના ઘણાં ચિહ્નો છે. ઘણાં પરિણામો એમાં 'આત્મજાગૃતિ'માં બીજા અંકમાં એ પ્રશ્નનો ઉત્તર લીધો છે અને આમાં ડાયરીમાંથી લીધો છે એટલે ડાયરીમાં પણ છે એ. 'મુમુક્ષુ પ્રયોજન'માં પણ છે. 'મુમુક્ષુ પ્રયોજન' આપજોને! 'મુમુક્ષુ પ્રયોજન' વાંચવા આપજો. અહીં સુધી રાખીએ...

આશય :- (૨૨૭) :- **આત્માર્થીને ઉપયોગ બહાર જાય અથવા પરલક્ષના પરિણામ થાય ત્યારે આત્મભાવનાપૂર્વક પ્રયત્ન કરે. પ્રાપ્ત સમજણ અનુસાર પ્રયાસ કરે અને પોતાને કરવાનું બીજું જ છે અને તે ઘણું બાકી છે એમ ભાવમાં લઈને એકત્વ, કર્તૃત્વ આદિ ભાવો પાતળા પાડે અને સુવિચારણામાં ઉપયોગને વારંવાર લગાવે.**

❁

રાગનું એકત્વ છૂટવાની વિધિ : ભિન્ન જ્ઞાન સ્વભાવનો વારંવાર અભ્યાસ કર્તવ્ય છે. અનંત સ્વભાવ સામર્થ્યને લક્ષમાં રાખીને, અહંપણે સ્વરૂપને દેખવારૂપ પુરુષાર્થથી રાગનું એકત્વ છૂટે છે. - આ ભેદજ્ઞાન છે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૪૧)

પ્રશ્ન :– આત્માને પ્રાપ્ત કરવા ધ્યેય કોનું હોય? નિશ્ચયનું કે વ્યવહારનું?

સમાધાન :– ધ્યેય નિશ્ચયનું હોય, નિશ્ચયનું ધ્યેય રાખવું. વ્યવહારથી નિશ્ચયમાં જવાય નહિ. નિશ્ચયની દૃષ્ટિ, નિશ્ચય તરફ પરિણતિ કરે તો નિશ્ચયમાં જવાય છે. જે જીવો વ્યવહારમાં સર્વસ્વ માને છે, વ્યવહારથી ધર્મ થાય છે તેમ માને છે તેને તો કાંઈ અવકાશ જ નથી. આત્મા સ્વયં અનાદિ–અનંત તત્ત્વ છે, આ વિભાવ તે મારો સ્વભાવ નથી, હું ચેતનતત્ત્વ છું. એવી દૃષ્ટિ–પ્રતીતિ અને એવું ધ્યેય હોવું જોઈએ. તેવી જાતની ભાવના અને ખટક હોય તો પલટો ખાઈને પુરુષાર્થ ઊપડે છે. વ્યવહારથી નિશ્ચય થતો નથી. નિશ્ચયનું ધ્યેય, દૃષ્ટિ અને ભાવના રાખે તો પલટાવાનો અવકાશ છે. વ્યવહાર તો વ્યવહાર જ છે, બંધરૂપ છે.

સર્વસ્વભૂત તો આત્મા છે. આત્મામાંથી શુદ્ધ પર્યાય પ્રગટે છે. આ શુભ તો શુભ જ છે. જ્યાં સુધી શુદ્ધતા થતી નથી, ત્યાં સુધી શુભમાં ઊભો છે અને જ્ઞાન, દર્શન, ચારિત્રની ભાવના કર્યા કરે. પણ યથાર્થ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ચૈતન્યને ગ્રહણ કરવાથી પ્રગટ થાય છે. આત્મામાંથી જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રગટ થાય છે. ૨૨૮.

તા. ૧૩-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૮
પ્રવચન નં. ૧૬૯

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૦. પ્રશ્ન-૨૨૮મો. '**આત્માને પ્રાપ્ત કરવા ધ્યેય કોનું હોય? નિશ્ચયનું કે વ્યવહારનું?**' આત્મા નિશ્ચય સ્વરૂપ છે. જેને પ્રાપ્ત કરવું છે એ તો નિશ્ચય સ્વરૂપ છે. તેની પ્રાપ્તિ કરવી તે નિશ્ચય છે તો પછી ધ્યેય એનું જ હોવું જોઈએને? જેને પ્રાપ્ત કરવું છે એનું જ ધ્યેય હોવું જોઈએને? પ્રાપ્ત કરવો છે નિશ્ચય સ્વરૂપને, અને ધ્યેય રાખે વ્યવહારનું તો કેવી રીતે પ્રાપ્તિ થાય? સ્પષ્ટ વાત તો છે. કે આત્માને પ્રાપ્ત કરવો છે, પછી ધ્યેય આ હોય કે આ હોય? નિશ્ચયનું એટલે આત્માનું હોય કે વ્યવહારનું એટલે અનાત્માનું હોય?

એ સમાધાન આપ્યું છે કે '**ધ્યેય નિશ્ચયનું હોય, નિશ્ચયનું ધ્યેય રાખવું.**' નિશ્ચયનું જ ધ્યેય હોય. કેમકે નિશ્ચય પ્રાપ્ત કરવો છે. નિશ્ચય આત્મા પ્રાપ્ત કરવો છે. પ્રાપ્ત કરવો છે એટલે અનુભવ કરવો છે. તો ધ્યેય પણ એનું જ હોય. અને એ ધ્યેય રાખવું.

'**વ્યવહારથી નિશ્ચયમાં જવાય નહિ.**' હવે આ એક ધર્મના ક્ષેત્રમાં બહુ વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. વ્યવહાર કરતા-કરતા નિશ્ચયમાં જવાય એવી માન્યતા અણસમજણથી શાસ્ત્ર વાંચનારને પણ થઈ જાય છે. બીજાને તો હોય જ. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ન હોય એને તો એવું હોય જ, પણ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાવાળા વિદ્વાનો, પંડિતો પણ આવી ભૂલ કરે છે.

વર્તમાનમાં જૈનસંપ્રદાય આ રીતે ચાલે છે. વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય. શ્વેતાંબરોમાં પણ એક પ્રચલિત માન્યતા છે. અત્યારે દિગંબરોમાં પણ એવું જ થઈ ગયું છે.

મુમુક્ષુ :- અનાદિથી આમાં જ પક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારનો પક્ષ છે. વળી કેટલાક શાસ્ત્રોની શૈલી એવી છે કે પોતાની માન્યતા પુષ્ટ થઈ જાય, એવી શૈલી છે.

મુમુક્ષુ :- પ્રથમાનુયોગમાં વારંવાર આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રથમાનુયોગમાં છે. આમ તો ચારેય અનુયોગમાં એ શૈલીના શાસ્ત્રો લખાણા છે. એની પાછળ જુદો હેતુ છે, પણ પકડાય જાય છે જુદી વાત. એમ બને છે. એની પાછળ હેતુ એ છે કે તું સંસાર પ્રવૃત્તિથી ઉદાસ થા. પ્રવૃત્તિ અને પ્રવૃત્તિમાં diversion આપે છે. તો પકડી લીધું કે વ્યવહારથી નિશ્ચય થાય, એમ છે - એ ગડબડ છે. અને એ ભૂલ થાય છે. બહુભાગ ત્યાગીઓની અને પંડિતોની આ ભૂલ થાય છે.

મુમુક્ષુ :- જ્યાં સુધી આ વાત ધ્યાનમાં ન આવે ત્યાં સુધી આની આ ભૂલ ચાલે જ ને?

પૂજ્ય ભાઈશ્રી :- મોટા ભાગે શું છે? જ્ઞાનપ્રધાનતામાં આવી ભૂલ સમજણથી કરે છે, ક્રિયા પ્રધાનતામાં ત્યાગનો વ્યવહાર છે અને સ્થૂળ બુદ્ધિવાળાને પણ ત્યાગ કર્યો એ તો સારું જ કર્યું. (એમ છે.) એમાં ખોટું શું કર્યું? ત્યાગ કર્યો છેને? અને ત્યાગ કરવામાં તો પુરુષાર્થ જોઈએ, પરિશ્રમ છે, મનોબળ જોઈએ. એટલે ભ્રમમાં પડે છે જીવો. આનંદઘનજીએ ગાયું કે 'માખણ સો તો વીરલા ખાયા, છાશે જગ ભરમાયા. અબધુ નટનાગરકી બાજી, ક્યા જાણે બ્રાહ્મણ કાજી.' બ્રાહ્મણ અને કાજી એટલે હિન્દુ અને મુસલમાનનું કામ નથી આમાં. જૈન થાવું પડે! એમ કહેવું છે. હિન્દુ-મુસલમાન આમાં સમજી શકે એવું નથી. માખણ એટલે નિશ્ચય. એ તો કોઈ વિરલા જીવો પ્રાપ્ત કરી લે છે. બાકી છાશે જગ ભરમાયા. છાશ એટલે વ્યવહાર. અને પછી લડાઈ એની - છાશની. વ્યવહારની લડાઈ. આમ હોય ને આમ ન હોય, આમ હોય ને આમ ન હોય. વ્યવહારના વાંધા બધા. નિશ્ચય તો એકરૂપ સ્વરૂપ છે, એમાં કાંઈ વાંધો પડે

એવું નથી. વ્યવહારના ભંગભેદ ઝાઝા છે. એટલે ધર્મના સંપ્રદાયોમાં વ્યવહારથી નિશ્ચયમાં જવાય એવી માન્યતા રૂઢ થઈ ગયેલી છે, દૃઢ થઈ ગયેલી છે. જ્ઞાની ચોખ્ખી ના પાડે છે. **'વ્યવહારથી નિશ્ચયમાં જવાય નહિ.'** ત્યારે પેલા લોકો એમ કહે કે તો પછી તમે વ્યવહાર મૂકી દ્યોને! તમે શું કરવા મંદિરમાં પૂજા-ભક્તિ કરવા જાવ છો? અને આ વ્યાખ્યાન એ પણ તમારો વ્યવહાર જ છેને! સત્સંગ-વ્યાખ્યાન, શ્રવણ એ બધો તમારો વ્યવહાર જ છે બીજું શું છે? એ બધું મૂકી દ્યો તમે! તમે જો વ્યવહારમાં માનતા જ ન હોય તો પછી શું કરવા વ્યવહાર કરો છો? આ તો તમે બોલો છે કાંઈક અને ચાલો છો કાંઈક. અને વળી જ્ઞાની એમ પણ કહે કે હા અમારા દેખાડવાના જુદાં છે અને ચાવવાના જુદાં છે. ખાસ કરીને એ કહેવત લૌકિકમાં તો માયાચાર માટેની છે. જ્ઞાનીઓમાં એમ નથી. જ્ઞાનીઓ માટે એમ નથી. જ્ઞાની એમ કહે છે કે અમારી અંતરંગ પરિણતિ નિશ્ચય છે એ જુદી છે અને અમારો વ્યવહાર છે એ વાત જુદી છે. અમે જરાય એવું માનતા નથી કે વ્યવહાર કરતા-કરતા, વ્યવહારથી નિશ્ચયમાં જવાય છે એવું કાંઈ અમે માનતા નથી.

મુમુક્ષુ :- માન્યતા ફેરવવાની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- માન્યતા અને સમજણ બેય.

મુમુક્ષુ :- સમજણ વગરની માન્યતા કેવી હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બાકી સમજણમાં એમ હોય કે મોક્ષમાર્ગમાં અધૂરી દશા છે ત્યાં સુધી વ્યવહાર-નિશ્ચય બંને સાથે રહે છે. એવી સમજણ હોય છે અને એવું આચરણ હોય છે. પણ સમજણમાં એમ નથી અને માન્યતામાં પણ એમ નથી કે વ્યવહારથી નિશ્ચયમાં જવાય છે. અને જો એમ હોય તો દ્રવ્યલિંગી મુનિનો જિનોક્ત વ્યવહાર શુદ્ધ છે. જિનાગમમાં કહેલો પાંચમાં ગુણસ્થાને અને છઠ્ઠા ગુણસ્થાને એવો જે મુનિયોગ્ય વ્યવહાર, ચોખ્ખો વ્યવહાર પાળનારા નીકળે છે અને તેથી કાંઈ એને એ ગુણસ્થાનની પ્રાપ્તિ થઈ નથી કે થતી નથી, (તે તો) પહેલા ગુણસ્થાને હોય. દીક્ષા લઈ પાંચમાં ગુણસ્થાન યોગ્ય ત્યાગ અને વ્યવહાર બરાબર હોય, (પણ) ત્યાગ અને વ્યવહાર બરાબર હોય (છતાં) ગુણસ્થાન પહેલું હોય.

શાસ્ત્રોમાં જિનાગમમાં એ વાત છે પાછી. જે જિનાગમમાં વ્યવહારની વાત છે એ જ જિનાગમમાં આ વાત સ્પષ્ટ છે. એ પહેલા ગુણસ્થાને આવું બનવા યોગ્ય છે. તેથી કરીને કાંઈ ભ્રમમાં પડવા જેવું નથી કે વ્યવહારથી નિશ્ચય થાય છે.

બીજું જેને નિશ્ચયની દૃષ્ટિ નથી, નિશ્ચય પ્રાપ્ત કરવાની વિધિની જેને ખબર નથી અને વ્યવહારને ઘણું મૂલ્ય આપી દીધું છે એને આ વાત અણગમાપૂર્ણ લાગે છે. વ્યવહારથી

નિશ્ચય ન થાય એમ કહે તો રાડ પાડે! શું અમારે વ્યવહાર મૂકી દેવો? તમે પણ મૂકી દોને! અમને મૂકાવો છો તમે પણ મૂકી દો!

મુમુક્ષુ :- નિશ્ચયની જિજ્ઞાસા અને ભાવના જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જિજ્ઞાસા, ભાવના નથી, એનું મૂલ્યાંકન નથી, એની વિધિની ખબર નથી, એની દૃષ્ટિ નથી - કાંઈ નથી. નિશ્ચયના પ્રકરણથી જીવો અજાણ છે. અને વ્યવહારને નિશ્ચય સમજી લીધો છે અથવા એને વ્યવહાર જ એનો નિશ્ચય થઈ પડ્યો છે એટલે એ એનો આત્મા થઈ ગયો. નિશ્ચય તો આત્મા છે. નિશ્ચય તો આત્મા છે એટલે એ એનો આત્મા થઈ ગયો. હવે તમે એના ઉપર પ્રહાર કરો તો એને એમ લાગે કે આ મારા આત્મા ઉપર પ્રહાર કરે છે. અને વીતરાગદેવોએ આ વાત કરેલી છે. કોણે કરેલી છે? વીતરાગદેવોએ આ વાત કરેલી છે અને એ નિશ્ચય પરમ શાંતિ છે એ પ્રાપ્ત કરવા માટે કરેલી છે.

'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ.' શાંતરસના મૂળિયા છે બધા ત્યાં એ વચનોમાં. 'ઔષધ જે ભવરોગના...' ભવરોગના એ ઔષધો છે 'પણ કાયરને પ્રતિકૂળ.' કાયર એટલે કોણ? કે જે નિશ્ચયનો પુરુષાર્થ કરવા માટે અસમર્થ છે, એને અહીંયાં કાયર કહેવામાં આવે છે. એને એ વાત પ્રતિકૂળ પડે છે, ઊલટી પડે છે - આવું હોય જ નહિ, આવું કહેવાય જ નહિ. આવો ઉપદેશ દેવાય જ નહિ.

વ્યવહારનો એ લોકોને આગ્રહ હોય છે અને નિશ્ચયવાળાને વ્યવહારનો આગ્રહ હોતો નથી. એટલે કોઈવાર એનો વ્યવહાર લૂઝ હોય છે. પેલાનો આગ્રહને હિસાબે ટાઈટ હોય છે. એટલે પણ એ ટીકા કરે છે કે વ્યવહારના ઠેકાણા નથી તમારા. નિશ્ચય-નિશ્ચયની વાત કરો છો વ્યવહારના તો ઠેકાણા છે નહિ, એવું બને છે. એ મોટી તકલીફ ચોથા ગુણસ્થાને થાય છે. ચોથા ગુણસ્થાને કોઈ વ્યવહારનું જિનાગમમાં પ્રતિપાદન નથી. અવિરત ગુણસ્થાન લીધું છે. એને કોઈ વ્યવહારનું બંધન નથી અને નિશ્ચય એકદમ સાધે છે. સાધ્યો પણ છે. (એટલે) એ શંકાનું સ્થાન મોટું થાય છે.

જીવને પોતાનું પ્રયોજન નહિ સધાવામાં મુખ્ય કારણ આ બેનું છે. કે એણે શંકા કરી છે. સત્પુરુષમાં, જ્ઞાનીમાં એણે શંકા કરી છે. અનંતકાળમાં, અનંતવાર આવું બન્યું છે. કેમકે ત્યાં નિયમ નથી. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય અને એને એકવાર પણ નમસ્કાર મંત્ર બોલવો જોઈએ આખા દિવસમાં એવું બંધન એને નથી. નમસ્કાર મંત્ર. અરે..! એકવાર ઊઠીને સવારે ઊંઘમાંથી ઉઠે પથારીમાંથી, ત્યારે એકવાર નવકાર મંત્ર તો બોલી લેવો જોઈએ કે નહિ? એ બંધન એને નથી. અને એ ભવે મોક્ષે જનાર હોય પાછા. એટલે વિચિત્ર પરિસ્થિતિ દેખાય. ગ્રંથ ગ્રંથોમાં એમની-જ્ઞાનીની પ્રશંસા કરી હોય.

આચાર્યોએ પ્રશંસા કરી હોય, એ બાહ્ય દૃષ્ટિવાળાને બેસે એવી વાત નથી.

મુમુક્ષુ :- શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પહેલેથી જ અંતર્દૃષ્ટિનો વિષય છે એને અંતર્દૃષ્ટિથી સમજવાનો પ્રયત્ન કરવો. શું કરવું શું? અંતર્દૃષ્ટિથી સમજવું. એમ છે.

'**વ્યવહારથી નિશ્ચયમાં જવાય નહિ. નિશ્ચયની દૃષ્ટિ, નિશ્ચય તરફ પરિણતિ કરે તો નિશ્ચયમાં જવાય છે.**' વચ્ચે વ્યવહાર લાવ્યા જ નહિ જોયું! કેવી શૈલી છે! '**નિશ્ચયની દૃષ્ટિ, નિશ્ચય તરફ પરિણતિ કરે તો નિશ્ચય...**' સ્વરૂપ એવો આત્મા એમાં જવાય. લ્યો! આવો વ્યવહાર કરે તો જવાય એવું કાંઈ ન લીધું. શાસ્ત્ર વાંચે તો જવાય, સત્સંગ કરે તો જવાય, જૈનસિદ્ધાંતનો અભ્યાસ હોય તો જવાય. (એવું) કાંઈ ન લીધું. એકેય વ્યવહારની એક વાત નથી લીધી. વાક્ય જુઓ! પહેલેથી નિશ્ચયનું ધ્યેય. પ્રારંભથી ધ્યેય નિશ્ચયનું અને પછી પુરુષાર્થથી નિશ્ચય તરફના પરિણામ, સ્વરૂપ પ્રત્યેના પરિણામ કરે, સ્વરૂપમાં લીન થવાય. નિશ્ચયમાં જવાય એટલે સ્વરૂપમાં લીન થવાય. આ કરો, પહેલા આ કરો, પહેલા આ કરો - એ કાંઈ વાત વચ્ચે લીધી નથી.

મુમુક્ષુ :- પૂછનારનું વજન ક્યાં છે એના ઉપરથી જવાબ છે. ખોટી જગ્યાએ વજન હોય તો એ રીતે જવાબ આપે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું છે વ્યવહાર ઉપર વજનવાળાને જવાબ દીધો છે. કોને જવાબ દીધો? વ્યવહાર ઉપર વજનવાળાને. કે અમારે ધ્યેય વ્યવહારનું રાખવું કે નિશ્ચયનું રાખવું? પણ તારે પ્રાપ્ત શું કરવું છે? તો કહે નિશ્ચય. તો પછી વ્યવહારનું ધ્યેય રાખીને નિશ્ચય કેવી રીતે પ્રાપ્ત થશે? કે ન થાય. આમ તો સીધીસાદી વાત છે.

મુમુક્ષુ :- ભૂલ થાય છે એ તો વિધિના વિષયમાં જ ભૂલ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ છે. ભિન્ન-ભિન્ન સંપ્રદાયો પડવાનું કારણ પણ એજ છે. કેમકે દરેકને પોતાની કલ્પિત વિધિએ કાર્ય કરવું છે. અને જિનાગમમાં વાત બેય બાજુની આવે નિશ્ચયની અને વ્યવહારની. હવે જો તમે વ્યવહારને સ્થાન આપતા ન હો, તો પછી જિનાગમમાં વ્યવહારને સ્થાન આપ્યું શું કરવા? આ પ્રશ્ન વચ્ચે આવવાનો છે. આઉટલાઈન અને અન્ડરલાઈન, એમ બે રીતે વાત મૂકી છે. કેમકે બહુભાગ જીવો તો સંસારમાં રચ્યા-પચ્યા છે. સંસારની રુચિવાળા છે. ધર્મના ક્ષેત્રમાં આવીને પણ સંસારની રુચિને પોષે છે અને સંસારના પદાર્થોની માગણી કરે છે. પછી શરીરાશ્રિત હોય કે સંયોગાશ્રિત હોય. શરીરાશ્રિતમાં મારો રોગ મટી જાવ, મને રોગ ન થાવ. સંયોગાશ્રિતમાં મારા અમુક સંયોગો મારી ઈચ્છા પ્રમાણે થાવ. તો એને તો કહે છે કે વ્યવહારનું પણ ઠેકાણું નથી.

વ્યવહારને વ્યવહારના સ્થાનમાં સ્વીકારવાની વાત છે. પણ તેથી કરીને વ્યવહારથી નિશ્ચય થાય છે એમ બિલકુલ નથી. કેમકે એમ હોત તો શુદ્ધ વ્યવહાર પાળવાવાળાને નિશ્ચયની પ્રાપ્તિ થઈ ગઈ હોત. માટે એ સિદ્ધાંત નથી. અને એ વસ્તુનું સ્વરૂપ પણ નથી. નિમિત્ત જેવી વાત છે એ. નિમિત્ત વગર પણ નહિ અને નિમિત્તથી પણ નહિ. એમ વ્યવહાર વગર પણ નહિ અને વ્યવહારથી પણ નહિ. આમ તો જો કે વ્યવહાર નિમિત્તના સ્થાને જ મૂક્યો છે શાસ્ત્રમાં. જે સ્થાનમાં નિમિત્ત છે એ સ્થાનમાં જ વ્યવહાર છે. એટલે મુનિદશામાં પંચ મહાવ્રતાદિના પરિણામને નિમિત્ત કહેવાય છે. નિશ્ચયનું એ નિમિત્ત ગણાય છે. પંચમહાવ્રત ન પાળે તો એને મુનિદશા હોય નહિ પાછી. અને પાળે માટે મુનિદશા હોય એમ પણ નથી.

મુમુક્ષુ :- જે ભૂમિકામાં જેટલો વ્યવહાર હોય એ દર્શાવવા માટે..

પૂજ્ય ભાઈશ્રી :- હા બસ! નીચે ન ઉતરી જાય એની માટે વાત છે. નીચેના લેવલ ઉપર પ્રતિબંધ મૂકી દીધો. પણ તેથી ઉપરની પ્રાપ્તિ થઈ જાય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- મર્યાદા બાંધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નીચેની મર્યાદા બાંધી છે. હેતુ એટલો જ છે. પણ લોકોએ પ્રશ્ન બહુ ગૂંચવ્યો છે. આના ઝઘડા છે. ધર્મના ક્ષેત્રમાં તકરાર આની છે. નિશ્ચય-વ્યવહારની જ તકરાર છે. ગુરુદેવે બહુ પ્રકાશ પાડ્યો. આ વિષય ઉપર ગુરુદેવે બહુ પ્રકાશ પાડ્યો. ઘણો! એટલા બધા પડખાથી વાત કરી છે ગુરુદેવે! ગુરુદેવનું મંથન ઘણું હતું. નિશ્ચય-વ્યવહાર ઉપર ગુરુદેવનું મંથન ઘણું ચાલતું. એ તો નજરે જોયેલું એટલે. ગુરુદેવને મંથન બહુ ચાલતું આ વિષય ઉપર. હાલતા-ચાલતા, ખાતા-પીતા એને મંથન ચાલતું હોય અને પછી વાત કરે. હાલતા-ચાલતા પછી બધી વાતું નીકળતી.

મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજીએ પણ બહુ સારા પ્રમાણમાં પ્રકાશ પાડ્યો છે. એમણે પણ ઘણાં પડખાંથી આ વિષય ઉપર પ્રકાશ પાડ્યો છે અને આખું સાતમું પ્રકરણ જૈનાભાસી મિથ્યાદૃષ્ટિઓનું વર્ણન, વિસ્તારથી આ પ્રકરણ લખ્યું છે. એમણે સાતમો અધ્યાય બહુ વિસ્તારથી લખ્યો. અને જૈનોને પકડી પકડીને ચોખવટ લીધી છે એમાં. અને એમાં વ્યવહારાભાસી અને પ્રમાણાભાસી-ઉભયાભાસી એ બેની વાત ચાલી છે. નિશ્ચયાભાસીની વાત શરૂઆતમાં લઈ લીધી. એ પ્રકરણની અંદર ક્ષતિ ન રહે એટલે. કેમકે મુખ્યપણે વ્યવહારાભાસી અને પ્રમાણાભાસીની જ વાત લીધી છે એમણે.

અને ધર્મના ક્ષેત્રમાં આવ્યો જીવ એટલે કાંઈકને કાંઈક વ્યવહાર પાળવાનો જ. અને ભૂલ ત્યાં જ કરવાનો. ત્યાં જ ભૂલ થવાની. એટલે ટોડરમલજીએ એ વાત મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘણી લીધી. ગુરુદેવે પણ એના ઉપર highlight ઘણી કરી છે.

શું કીધું? '**નિશ્ચયની દૃષ્ટિ, નિશ્ચય તરફ પરિણતિ કરે તો નિશ્ચયમાં જવાય છે. જે જીવો વ્યવહારમાં સર્વસ્વ માને છે, વ્યવહારથી ધર્મ થાય છે તેમ માને છે તેને તો કાંઈ અવકાશ જ નથી.**' ગયો ઊંધે રસ્તે પાછો. આ ક્ષેત્રમાં આવીને પણ ઊંધે રસ્તે ગયો. આમ વાત છે. સોગાનીજીને પ્રશ્ન પૂછ્યો છે. ૪૩૯મો પ્રશ્ન 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'ના ત્રીજા ભાગમાં, કે અમે મુમુક્ષુ છીએ એમ સમજીને પ્રશ્ન કરનારે પ્રશ્ન કર્યો છે. મુમુક્ષુ હોવાથી કાંઈ આત્મામાં તો સ્થિર થવાતું નથી, કેમકે હજી આત્મા જોયો જ નથી તો સ્થિર ક્યાંથી થવાય? અને એટલા માટે અમે શાસ્ત્ર સ્વાધ્યાય આદિ કરીએ છીએ. તો બરાબર વાત છેને? અમારો અભિપ્રાય તો બરાબર છે ને? તો કહે નહિ. એમાં તો વ્યવહાર શ્રદ્ધા પણ નથી. એમ જવાબ આપ્યો છે.

અહીં 'જ' શબ્દ વાપર્યોને એના ઉપરથી યાદ આવ્યું. કે વ્યવહારમાં સર્વસ્વ માને છે, વ્યવહારથી ધર્મ માને છે તેને તો કાંઈ અવકાશ જ નથી. એ વિધિની ભૂલ થઈ ગઈ. અભિપ્રાયમાં વિધિની ભૂલ થઈ ગઈ. કઈ રીતે થાય? નિશ્ચય એટલે અનુભવ પ્રાપ્તિ, અનુભવમાં સ્વરૂપની પ્રાપ્તિ. બરાબર? તો તારે અનુભવ કરવો છે ને? તો કહે હા, અનુભવ કરવો છે. તો તારી અનુભવપદ્ધતિ હોવી જોઈએ. વિધિ અથવા કાર્યપદ્ધતિ તારી અનુભવવાળી હોવી જોઈએ. તું શાસ્ત્ર-સ્વાધ્યાય કર એટલે તને શાસ્ત્ર વાંચતા... વાંચતા... વાંચતા.. તને અનુભવ થઈ જાય એમ છે નહિ.

એ વાત રાજમલજીએ ૩૦માં કળશમાં કરી છે કે કોઈ એમ માનશે કે જૈનસિદ્ધાંતનો અભ્યાસ કરતા સ્વાનુભવ થાય છે - તો એમ નથી, એમ તો નથી. જૈનસિદ્ધાંતનો અભ્યાસ કરે માટે એને અનુભવ થાય, સિદ્ધાંત શાસ્ત્રોનો અનુભવ કરે, સ્વાધ્યાય કરે, વાંચન કરે માટે અનુભવ થાય - એ વસ્તુના સ્વરૂપમાં નથી. ભલે વ્યવહાર એવો હોય સિદ્ધાંત વાંચવાનો. તોપણ એનાથી નથી.

બીજું વ્યવહારના જે પરિણામો છે એ બધા બહિર્મુખ છે. અને નિશ્ચય પ્રાપ્તિ અંતર્મુખ પરિણામથી થશે અને બે વિરુદ્ધ છે. બન્ને - અંતર્મુખતા અને બહિર્મુખતા વિરુદ્ધ છે. તો બહિર્મુખ દિશામાં આગળ વધીને કોઈ અંતર્મુખ થાય એ વાત આવે ક્યાંથી? સોનગઢથી ઢસા બાજુ ચાલવા માંડો અને ભાવનગર કે દી' આવે એ કહો? એ તો કોઈ દી' ન આવે. ભાવનગરથી દૂર જ જાય એ. ભાવનગર તો આવે એ સવાલ છે નહિ, પણ ભાવનગરથી દૂર જાય. આવી વાત છે.

આ પ્રશ્ન બહુ જટિલ છે. અને તકરાર જ આની ઊભી થાય છે. શું થાય છે? તકરાર થાય છે. તકરાર તો કોણ કરે? તકરાર કરવાવાળા તકરાર કરે. જ્ઞાનીઓ કાંઈ તકરાર કરે નહિ. પેલા જે સમજતા નથી એ જ્ઞાનીઓનો વિરોધ કરે. શું કરે? જ્ઞાનીઓનો

વિરોધ કરે. એય.. આ લોકો આવું કરે છે.

મુમુક્ષુ :- શું કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ખોટું કરે છે. નિશ્ચયાભાસી છે, ફલાણું છે, ઢીંકણું છે. જ્ઞાની તો સમજે છે કે આને મૂળસ્વરૂપની પ્રાપ્તિ નથી એટલે બીજે ફસાણા છે, તો એના ઉપર એને નિષ્કારણકરુણા આવે છે. એટલી વાત છે. એને દ્વેષ નથી થતો. વ્યવહારાભાસી જીવોને જ્ઞાનીઓ પ્રત્યે દ્વેષ થઈ જાય છે. એટલે મધ્યસ્થ માણસ હોય એ એટલો તો વિચાર કરે. મધ્યસ્થ હોય એ પણ કે, ભાઈ ગમે તેમ વિચારતા હો અને માનતા હો, (પણ) તમારી વિરુદ્ધ માન્યતાવાળા પ્રત્યે તમારે દ્વેષ શું કરવા? એની ભૂલ હશે તો એની ભૂલનું ફળ એને મળશે. એમાં તમારે દ્વેષ કરવાનું કાંઈ કારણ ખરું? પણ એને દ્વેષ આવ્યા વગર રહે નહિ. કેમકે એની એવી અયોગ્યતાવાળી ભૂમિકા છે.

મુમુક્ષુ :- આગ્રહ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આગ્રહ.. આગ્રહ છે. એને શું થાય છે? વ્યવહાર ઉપર સર્વસ્વ માન્યું હોય, વ્યવહારથી નિશ્ચય માન્યો હોય, ધર્મ માન્યો હોય એને એનો આગ્રહ થઈ ગયો હોય. ત્યાગવાળાને ત્યાગનો, ક્રિયાવાળાને ક્રિયાનો, નિયમવાળાને વ્રત-નિયમનો આગ્રહ હોય છે. અને એ આગ્રહ એને કષાયમાં ખેંચી જાય છે. નિશ્ચયવાળાને આગ્રહ નથી. જે પોતે સ્વાનુભવમાં આવ્યા છે એને આગ્રહ નથી. એ વસ્તુનું સ્વરૂપ કહે કે આમાં આમ ભૂલ છે, આ ભૂલ વગરની વાત છે, આ ભૂલવાળી વાત છે તમે સમજો. સમજો તો સુખી થશો, નહિ સમજો તો દુઃખી થશો. બાકી અમારે હિંગ કે ફટકડી! વાત કરીને મૂકી દે છે. આ વાત કરી તમને, સમજો તો સારી વાત છે. ન સમજો તો અમારે શું?

એ સોગાનજીએ લીધું છે ૩૩ નંબરના પત્રમાં કે જ્ઞાની અજ્ઞાનીને કેવી રીતે જોવે? જ્ઞાની અજ્ઞાનીને કેવી રીતે જોવે? કે એને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત થયું નથી, એ વિષયમાં એ ભૂલેલો જીવ છે, ભૂલો પડી ગયેલો છે માટે એ ભટકે છે. એનું એને જ્ઞાન રહે છે, અજ્ઞાનીનું કયા પ્રકારનું અજ્ઞાન છે એનું જ્ઞાનીને જ્ઞાન થઈ જાય છે અને જ્ઞાન જોઈ (લ્યે) છે. આગ્રહ નથી થતો કે તું આમ શું કરવા કરે છો?

મુમુક્ષુ :- આગ્રહ રહે તો દુઃખી થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો આકુળતા થાય જ. એટલે જ્ઞાનીને આગ્રહ ન હોય. જ્ઞાનીને તો આગ્રહ ન હોય. ૫૨૨માં કૃપાળુદેવે એમ કીધું કે જેને જ્ઞાની મળ્યા હોય એને પણ આગ્રહ ન હોય. એને પૂર્વાગ્રહ, મતાગ્રહ, કદાગ્રહ - એ બધા આગ્રહો એને છૂટી જાય. (કેમકે એ) જ્ઞાનીને અનુસરે છે. પછી જ્ઞાનદશા આવે છે એટલે જ્ઞાનીને તો હોય

જ નહિ. જ્ઞાનીની પાસે આવે એને ન હોય તો જ્ઞાનીને તો હોય જ નહિ. એમ છે.

મુમુક્ષુ :- ફરીથી લેશો જ્ઞાની અજ્ઞાનીને કેવી રીતે જુએ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાની અજ્ઞાનીને એમ જોવે છે કે આને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થઈ નથી એટલે ભૂલ્યો છે આ. સ્વરૂપના વિષયમાં ભૂલેલો જીવ છે માટે એ બીજે ફસાણો છે, એમ જોવે છે. એવું એમને એની દશાનું જ્ઞાન રહી જાય છે. મૂળસ્વરૂપે તો એ પોતે પણ ભગવાન આત્મા છે, પણ એ પોતે ભૂલ્યો છે ભગવાન આત્માના વિષયમાં. એટલે એ બીજે ફસાણો છે. એ બિચારો ઊંધે રસ્તે છે અને દુઃખી થાય છે શું કરીએ? સાચી વાત મૂકનારાઓએ મૂકી છે, પણ એનું ધ્યાન ન ખેંચાય અને એનું ધ્યાન ખેંચવા છતાં પણ ન ખેંચાય ત્યારે પછી કોઈ ઉપાય રહેતો નથી. હોનહાર સમજીને મૂકી દે છે જ્ઞાની. કે એનું હોનહાર જ કોઈ એવું છે, એનું ભવિષ્ય જ હાલમાં કાંઈ સારું દેખાતું નથી માટે એ વાતને પોતે મૂકી દે છે. એ શું કરવા આમ કરે છે? એવો આગ્રહ જ્ઞાનીને રહેતો નથી. ગુરુદેવ તો એવા શબ્દો કહેતા. પેલા બધા જે અખબાર આવેને બધા ધાર્મિક જૈન અખબાર, અઠવાડિક ને પખવાડિક ને માસિક ને periodicals બધા આવે. વાંચે પોતે પછી ચર્ચા કરે. કે જુઓ! આ વિદ્વાન! એની અંદર બધા વિદ્વાનોના ભાષણ છપાતા હોય. એટલે એમ કહે જુઓ! આ વિદ્વાન આમ કહે છે. અને એમાં કેટલાક પ્રખ્યાત વિદ્વાનો હોય પાછા. લખ્યા જ કરતા હોય. આ આમ કહે છે. શું થાય? એને એમ બેઠું છેને! એમ કહે. શું કહે? શું થાય કે એને એમ બેઠું છે એટલે એ એમ જ કહેને! એને એમ બેઠું છે!

મુમુક્ષુ :- વાંકો બુરો ન માનીએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'જામે જિતની બુદ્ધિ તાકો દિયો બતાય.' મારવાડી ભાષા છે. 'વાંકો બુરો ન માનીએ, ઔર કહાઁસે લાયે?' જેની જેટલી બુદ્ધિ હોય એટલું એનું બહારમાં પ્રદર્શન થાય. એમાં આપણે ખરાબ લગાડવાનું શું કારણ છે? એમ કહે છે. 'વાંકો બુરો ન માનીએ.' એમાં આપણે એનું બુરું શું કરવા? વા એટલે એનું શું કરવા બુરું માનવું, ખરાબ માનવું જોઈએ, ખરાબ લગાડવું જોઈએ આપણે? એ બિચારો લાવે ક્યાંથી? એમ કહે. 'ઔર કહાઁસે લાયે?' એ લાવે ક્યાંથી? એની પાસે છે જ નહિ બુદ્ધિ. એ લાવશે ક્યાંથી? એવું છે.

'આત્મા સ્વયં અનાદિ-અનંત તત્ત્વ છે,...' આત્મા શાશ્વત તત્ત્વ છે એનું ધ્યેય હોવું જોઈએ એમ કહેવું છે. **'આ વિભાવ (છે) તે મારો સ્વભાવ નથી.'** એ મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ આવું છે અને આવું નથી. એમ અસ્તિ-નાસ્તિથી સ્પષ્ટ હોવું જોઈએ. **'હું ચૈતનતત્ત્વ છું. એવી દૃષ્ટિ-પ્રતીતિ અને એવું ધ્યેય હોવું જોઈએ.'** એવી

દૃષ્ટિ હોવી જોઈએ, એવી પ્રતીતિ હોવી જોઈએ, એવું ધ્યેય હોવું જોઈએ. બધું coordination છે. દૃષ્ટિ અને પ્રતીતિ એકાર્થમાં છે એટલે hyphen કર્યો છે.

'તેવી જાતની ભાવના અને ખટક હોય તો પલટો ખાઈને પુરુષાર્થ ઊપડે છે.' એક વાક્યમાં કેવી હળવેક દઈને વાત મૂકી દીધી પાછી, કે આત્માની ભાવના હોય અને મુમુક્ષુને આત્મપ્રાપ્તિ થઈ ન હોય એટલે ખટક હોય. ભાવના હોય એને ખટક હોય જ એમ કહે છે. કેમકે પ્રાપ્ત નથી થયું હજી. એટલે ભાવના અને ખટક સાથે હોય એનો પુરુષાર્થ ઉપડે.

ઘણાં એમ ફરિયાદ કરે છે કે મારી ભાવના છે પણ પુરુષાર્થ ઊપડતો નથી. કરીએ શું? કે તારી ભાવના કેવી હશે એ તો ભગવાન જાણે. પણ તને ખટકે છે કેટલું એ કહે? ખટકે એ ક્યાંય અટકે નહિ, આ નિયમ છે. ખટકે એ અટકે નહિ. આંખમાં કણું પડ્યું હોય તો કાઢ્યે જ રહે છેને? મૂકી દે છે? કે નથી જડતું જવા દ્યો. એ રહી જ ન શકે. એમ જેની ભાવના હોય અને પ્રાપ્તિ ન થાય એ એને ખટકે. એટલે એ ક્યાંય અટકે નહિ. એટલે એનો પુરુષાર્થ ઊપડે. પુરુષાર્થ કોનો રોકાણો છે? ક્યાંક અટક્યો છે એનો. જેનો પુરુષાર્થ આગળ ચાલતો નથી એ સ્વયંસિદ્ધ કરે છે. સિદ્ધ એટલે સાબિત કરે છે કે એ ક્યાંક અટકેલો છે. બહુ સ્પષ્ટ વાત છે. જ્ઞાની અટકવા માગતા નથી. મુમુક્ષુને તો અટકવાનો સવાલ જ ક્યાં છે? પૂર્ણતાનું લક્ષ છે એનું. પૂર્ણ ન થાય ત્યાં સુધી ઝંપવાળીને બેસે નહિ. જ્ઞાનીને તો સુદર્શનચક્ર હાથમાં આવ્યું. પછી અખંડને સાધ્યા વગર રહે નહિ. ચક્રવર્તીને ચક્ર પ્રાપ્ત થાય એટલે છ ખંડ સાધ્યા વગર રહે નહિ. એમ અહીંયાં દર્શન એટલે શ્રદ્ધા, સુદર્શન એટલે સમ્યક્શ્રદ્ધા, એનું ચક્ર હાથમાં આવ્યું. હવે એ અખંડ સાધ્યા વગર, પૂર્ણ થયા વગર રહે નહિ. સમ્યગ્દર્શન થયું એટલે (હાશ!) એમ નથી. પુરુષાર્થ મૂકી દીધો એમ નથી. ઊલટાનો પુરુષાર્થ ઉપાડે છે.

જુઓ! **'તેવી જાતની ભાવના...'** કેવી? ખટકો આવે એવી જાતની ભાવના હોય **'તો પલટો ખાઈને પુરુષાર્થ ઊપડે છે.'** પુરુષાર્થથી પલટો માર એમ. આ સંસાર એકાંતે ક્લેશ અને દુઃખનું સ્થાન. કોઈ ભોગે મારે જોઈએ નહિ. ગુલાંટ ખાઈ જાય. આખી ચોકડી મૂકી દે. હવે એની ઉપાસના છોડી દેવી છે. એક મારા સ્વરૂપની ઉપાસના જોઈએ, બીજું કાંઈ મારે ઉપાસવું નથી. બાકી જે થવું હશે એ થાશે. થવું હોય એ થાશે અને જે કાંઈ થાશે તો જોયું જાશે. જાવ! એટલી હિંમત હોય. પહેલેથી જ એટલી અભિપ્રાયમાં તૈયારી હોય છે. અને થઈ થઈને આત્માને શું થઈ જવાનું છે? એનો એક પ્રદેશ ખાંગો થાતો નથી. ખાંગો સમજો છો હિન્દીમાં? નહિ સમજે. ખાંગો થાતો નથી. damage. એક પ્રદેશ ઓછો તો થાય નહિ પણ એકેય પ્રદેશ damage (પણ) થતો નથી.

મુમુક્ષુ :- ખાંગા બોલતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- ખાંગા બોલતે હૈં ન! એક ગુણ ખાંગો થાતો નથી, એક પ્રદેશ ખાંગો થાતો નથી. હવે તારે શું વાંધો આવે? તને શું થઈ જવાનું? કાંઈ થઈ જવાનું નથી. સસલા અને હરણીયા દીન-હીન થઈને સિંહનો શિકાર થાય. અને સિંહ એનો શિકાર કરે. તું બેય થયો છો હવે શું છે તારે? તોપણ તને કાંઈ થયું નથી. આત્મા તો અવ્યાબાધ સ્વરૂપ છે. ચૈતન્યવજ્ર છે. થાય શું એને? કાંઈ થાય નહિ! પછી ભય શેનો? અને ભય સંબંધી વિકલ્પ શેનો? પહેલો ભય જાય. આ માર્ગમાં આવનારને પહેલી ભય પ્રકૃતિ જાય. ભય નહિ, કોઈ વાતનો ભય નહિ. પાછું એકેય ભય ન થાય. મૃત્યુનો ભય ન હોય બીજા ભય શેના થાય? ભય ગયો. શાશ્વત છું હું, મૃત્યુ થવાનું નથી. અને થયું હોત તો અત્યારે હું જીવતો ક્યાંથી હોત? ગયા ભવે જો હું મરી ગયો હોત તો અત્યારે જીવતો હોત ક્યાંથી? પણ આ હું બેઠો! એ બતાવે છે કે હું ક્યારેય મર્યો નથી. માટે મૃત્યુ સંબંધીની કલ્પનાથી ભય થાય છે એ કલ્પના તું કાઢી નાખ એમ કહે છે.

મુમુક્ષુ :- આનંદઘનજીએ કહ્યું અબ હમ અમર ભયે ન મરેંગે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમણે એ પદ ગાયું છે. 'અબ હમ અમર ભયે ન મરેંગે.' 'જા કારણ મિથ્યાત્વ દિયો તજ.' પછી એમ કહે દુર્ગતિનો કાંઈક એવો શબ્દ વાપર્યો છે 'ક્યું કર દેહ ધરેંગે. ક્યોં કર દેહ ધરેંગે.' ભવભ્રમણમાં નવા નવા દેહ ધારણ કરે. ક્યોં કર દેહ ધરેંગે? મિથ્યાત્વ ત્યજી દીધો છે હવે દેહ શું કરવા ધારણ કરશું? 'અબ હમ અમર ભયે ન મરેંગે.' એ દિગંબર શાસ્ત્રો વાંચેલા. આનંદઘનજીએ દિગંબર આચાર્યોના શાસ્ત્રો વાંચેલા. અને આત્મા રૂડો એટલે રુચ્યું એમને. રુચ્યું એટલે પછી પોતે પોતાની ભાવનામાંથી બધું પદોમાં ઉતાર્યું છે. એ ગુરુદેવને પૂછ્યું હતું કે, આવ્યું ક્યાંથી આ? ત્યાં તો છે નહિ આ અને આનામાં ક્યાંથી આવે છે?

મુમુક્ષુ :- આપે પૂછ્યું હતું?

પૂજ્ય ભાઈશ્રી :- (હા, મેં) પૂછ્યું હતું. આંટા મારતા હતા તો પૂછ્યું હતું. તત્ત્વ બરાબર આવે છે. આનંદઘનજીનું વાંચીએ છીએ તત્ત્વ બરાબર આવે છે. ક્યાંથી આવ્યું આ? દિગંબર શાસ્ત્રોનો, આચાર્યોનું વાંચેલું એમને બેઠેલું. બેઠેલું (અને) એને પોતાની રચનામાં બધું ઉતાર્યું છે. મૂળ વાત તો ગમે ત્યાંથી પણ તીર્થંકરદેવની છે. છે હજી આગળ લઈશું.

તા. ૧૪-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૮-૨૨૯
પ્રવચન નં. ૧૭૦

પ્રશ્ન-૨૨૮મો ચાલે છે. ધ્યેયપણું હોવું જોઈએ. નિશ્ચયનું કે વ્યવહારનું. વ્યવહારના વિષયનો જીવને અનાદિથી પક્ષ છે. પક્ષ થવાથી આગ્રહ પણ હોય છે. પણ એ ઉપાય નથી, એ માર્ગ નથી. ભલે વ્યવહાર વ્યવહારના સ્થાનમાં હોય, પણ પુરુષાર્થ પલટો ખાઈને ઊપડે. એ શબ્દ માર્મિક વાપર્યો છે.

'**તેવી જાતની ભાવના...**' ૧૪૦માં પાને. છેલ્લેથી બીજી લીટી છે. '**તેવી જાતની ભાવના...**' એટલે યથાર્થ સ્વરૂપ પ્રાપ્તિની ભાવના હોય '**અને ખટક હોય...**' એટલે કે સ્વરૂપ પ્રાપ્ત ન થતું હોય એ ખટકતું હોય. '**તો...**' આટલી શરત છે. યથાર્થ ભાવના હોય. યથાર્થ ભાવના હોય એને ખટક હોય જ. '**અને ખટક હોય તો...**' પુરુષાર્થ પલટો ખાય. પુરુષાર્થ કેવી રીતે ઊપડે? કે '**પલટો ખાઈને પુરુષાર્થ ઊપડે છે.**' પલટો શબ્દ એટલા માટે લીધો છે કે પુરુષાર્થને બે દિશા છે. બહિર્મુખ અને અંતર્મુખ. અનાદિથી બહિર્મુખ ચાલે છે, પુરુષાર્થ વગરનો કોઈ જીવ નથી. પલટો મારે છે તો એને અંતર્મુખનો પુરુષાર્થ ઊપડે છે.

બીજા પ્રકારથી એટલે '**વ્યવહારથી નિશ્ચય થતો નથી.**' જે સંપ્રદાયમાં પ્રચલિત વ્યવહાર છે એનાથી નિશ્ચય થતો નથી. કોઈ પૂજા-ભક્તિ કરે છે, કોઈ વ્રત-નિયમ પાળે છે, દયા-દાન કરે છે, કોઈ સામાયિક-પ્રતિક્રમણ કરે છે - કાંઈ ને કાંઈ કરે છે. એનાથી નિશ્ચય થતો નથી. પણ જે પૂર્વ પર્યાયનો ક્રમ છે એ એક ન્યાયે વ્યવહાર છે પણ પ્રચલિત નથી. એ ક્રમને લોકો જાણતા નથી, અનુસરતા નથી. એક ન્યાયે તો પૂર્વ પર્યાય પણ વ્યવહાર જ છે. પણ એ વ્યવહારની વાત નથી અહીંયાં. એ પૂર્વ પર્યાય છે માટે વ્યવહાર છે એ વાત નથી.

અહીં તો એટલી વાત છે કે પૂર્વ પર્યાયો કેવી હોય? કે ભાવના હોય, સાચી ભાવના હોય, યથાર્થ ભાવના હોય તો ખટકવાનું અને ખટક હોય તો પુરુષાર્થની દિશા બદલાય. એ પ્રકાર છે. એનાથી નિશ્ચય સ્વરૂપની પ્રાપ્તિ, નિશ્ચય મોક્ષમાર્ગની પ્રાપ્તિ (અર્થાત્) સ્વાનુભવ થાય છે.

'**નિશ્ચયનું ધ્યેય,...**' હવે એવી ભાવનાવાળાને શું છે? '**નિશ્ચયનું ધ્યેય,...**' નિશ્ચય ઉપર એની '**દૃષ્ટિ અને ભાવના...**' - વ્યવહારનું ધ્યેય નહિ, વ્યવહાર ઉપર દૃષ્ટિ નહિ, વ્યવહારની ભાવના પણ નહિ. વચ્ચે આવી જાય એ બીજી વાત છે. જાણવાનો વિષય

છે. પણ નિશ્ચયનું ધ્યેય, નિશ્ચયની દૃષ્ટિ અને નિશ્ચયની '**ભાવના રાખે તો પલટાવાનો અવકાશ છે.**' પહેલેથી ઊંધું પલાખું ભાણ્યા હોય કે વ્યવહાર કરતા-કરતા નિશ્ચય થઈ જશે, તો દૃષ્ટિ વ્યવહાર ઉપર રહેશે અને વ્યવહાર સાધ્ય થઈ જશે. સાધન થવાને બદલે સાધ્ય થઈ જશે અને એની જ ભાવના રહ્યા કરશે. એ ઉપાય ભૂલવાળો છે, ખોટો ઉપાય છે.

'**વ્યવહાર તો વ્યવહાર જ છે, બંધરૂપ છે.**' કેમકે એમાં રાગની પ્રધાનતા છે. વ્યવહારમાં રાગની પ્રધાનતા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! 'પ્રયોજન સિદ્ધિ'માં પૂર્ણતાનું લક્ષ જો ન બાંધ્યું તો શું શું થાય એમાં એક લીધું છે કે અલ્પવિકાસવાળી દશાનું લક્ષ રહ્યા કરે. એટલે અહીંયાં આ વાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- અલ્પવિકાસવાળી દશા એટલે શું કે જે કાંઈ ધર્મ સાધન કરે છે એનું લક્ષ રહ્યા કરશે. મેં આ કર્યું... મેં આ કર્યું... આટલું તો કર્યું. આટલા વર્ષથી તો કરું છું. એ આવ્યા વિના નહિ રહે. કેમકે એનું ધ્યેય છે એ બદલાણું નથી. જ્યાં સુધી પૂર્ણતાનું ધ્યેય નથી થતું ત્યાં સુધી. (અહીં) પૂર્ણતા એટલે મોક્ષ છે. મોક્ષનું ધ્યેય નથી થતું ત્યાં સુધી સંસારનું ધ્યેય ચાલુ રહે છે. સંસારના ધ્યેયે સાધન કરો તો સંસાર ફળે. મોક્ષના ધ્યેયથી સાધન કરો તો મોક્ષ ફળે. તમારે જે ધ્યેય એટલે જ્યાં પહોંચવું છે એ નક્કી કરો તો એ બાજુની ચાલ ગોઠવાયને? એવી ચોખ્ખી વાત છે. અહીંથી ઉઠ્યા પછી જ્યાં જવાનું નક્કી કરો એ બાજુ ચાલશો. પણ પહેલા નક્કી તો કરવું પડશે. એમ તું નક્કી તો કર! કે ધર્મસાધન કરે છે તો તારું ધ્યેય શું છે? એમ ને એમ કરે રાખવાનો કાંઈ અર્થ નથી. કેમકે સંસારનું ધ્યેય ઊભું છે.

ધ્યેય બદલાવીને જે કાંઈ સાધન થાય છે, ધ્યેય બદલાયા પછી જે કાંઈ સાધન થાય છે એ ધ્યેયને અનુલક્ષીને થાય છે. તેથી એ બાજુની ગતિ પરિણામની ચાલ્યા કરે. (જેને) પૂર્ણ શુદ્ધ થવું છે એ જ અવલોકનમાં આવે છે એનું કારણ શું છે? કે એને પછી કોઈપણ દોષ જોઈતા નથી. પૂર્ણ શુદ્ધ થવું છે એટલે કોઈપણ દોષ જોઈતા નથી. અને (દોષ) થાય છે એ વર્તમાનમાં થાય છે, પછી નાના-મોટા ગમે તે હોય, પછી એ ચલાવવા માગતો નથી. એટલે કાળજી આવે છે. અવલોકન એટલે ચાલતા પરિણમનમાં થતાં દોષ ઉપરની કાળજી. દરકાર કરી! અત્યાર સુધી એ દરકાર નહોતી કરી. એટલે વાસીદામાં સાંબેલું જાતું હતું તો ખબર નહોતી પડતી. વાસીદામાં સાંબેલું. સંજવારી કાઢે એમાં સોય તો વઈ જાય, સાંબેલું તો સાડા ચાર, પાંચ ફૂટની વજનદાર વસ્તુ હોય એ પણ ભેગું-ભેગું વાળી નાખ્યું? એમ કહે. એમ મોટા દોષ

થાય તો ખબર પડે નહિ, અંધારામાં જાય. જેને અવલોકન નથી, દરકાર નથી એને ગમે તેવડા મોટા દોષ થાય તો એને ખબર પડતી નથી કે આ હું શું કરું છું?

મુમુક્ષુ :- ભાઈશ્રી! વ્યવહાર ઉપર વજન જાય છે તો આ બધી ભૂલ થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એને આગ્રહ થઈ જાય. બાહ્ય ક્રિયાનો આગ્રહ થાય. રાગનો આગ્રહ થાય. રાગની ક્રિયાનો આગ્રહ થાય.

'**સર્વસ્વભૂત તો આત્મા છે.**' આત્માનું સર્વસ્વ તો આત્મસ્વભાવ છે, આત્મસ્વરૂપ છે એ જ એનું સર્વસ્વ છે. '**આત્મામાંથી શુદ્ધ પર્યાય પ્રગટે છે.**' અને જે શુદ્ધ દશાઓ અધ્યાત્મની પ્રગટશે સમ્યગ્દર્શનથી કેવળજ્ઞાનપર્યંતની, એ બધી આત્મામાંથી પ્રગટશે. '**આ શુભ તો શુભ જ છે.**' શુભ છે એ કાંઈ આત્મા નથી અને આત્માની શુદ્ધ દશા પણ નથી. એ તો લોકોને ખબર નથી કે એ દશા કેવી હોય? જ્યારે શુભ-અશુભ બેની ખબર છે - એટલે અશુભ ખરાબ અને શુભ સારું આ સિવાય કાંઈ ખબર નથી. મૂળ દિગંબર સંપ્રદાયમાં છે એને ખબર નથી તો બિચારા બહારવાળાને તો ક્યાંથી ખબર હોય? એને ખબર નથી તો બહારવાળાને ખબર ક્યાંથી હોય? જેમાં એ વાત છે એને ખબર નથી, તો જ્યાં એ વાત જ નથી એને ક્યાંથી ખબર હોય? એટલે એકલા રાગને રગડે છે. શું કરે છે? એકલા રાગને રગડે છે, પણ એ તો શુભ છે. એ કાંઈ આત્મા નથી, એ અનાત્મા છે. અને ભાવ ગણો તો અનાત્મભાવ છે - આત્મભાવ નથી. શુભભાવ તે આત્મભાવ નથી, એ તો અનાત્મભાવ છે.

'**જ્યાં સુધી શુદ્ધતા થતી નથી, ત્યાં સુધી શુભમાં ઊભો છે...**' એટલે શુભ એને આવે છે. પણ '**જ્ઞાન, દર્શન, ચારિત્રની ભાવના કર્યા કરે.**' અથવા રાખે, એમ કે મારે તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપી મોક્ષમાર્ગ પ્રગટ કરવો છે. આ શુભભાવમાં કાંઈ મારે રોકાવું નથી અને એની ભાવના પણ નથી. ભાવના નિશ્ચય ધર્મની છે. વ્યવહારની ભાવના નથી.

'**પણ યથાર્થ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ચૈતન્યને ગ્રહણ કરવાથી પ્રગટ થાય છે.**' શુભ કરતા-કરતા પ્રગટ થાય છે એમ નથી. '**યથાર્થ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ચૈતન્યને ગ્રહણ કરવાથી પ્રગટ થાય છે.**' એ શ્રદ્ધાએ ગ્રહણ થાય, જ્ઞાને કરીને ગ્રહણ થાય અને ચારિત્રએ કરીને ગ્રહણ થાય છે. રાગમાં એ વાત નથી. ચૈતન્યને ગ્રહણ કરવાનું રાગથી બનતું નથી. કેમકે રાગ પોતે આંધળો છે. રાગ ચૈતન્યને ગ્રહણ કરી શકતો નથી. રાગ પરપદાર્થને ગ્રહણ કરે છે. ઊલટું કામ કરે છે. સ્વપદાર્થને ગ્રહણ કરવાનું કામ રાગનું નથી. એ કામ તો જ્ઞાનનું છે. શું? એ કામ જ્ઞાનનું છે. એટલે જ્ઞાનને સાધન કીધું છે.

મુમુક્ષુ :- રાગની દિશા જ બહિર્મુખ છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગની દિશા બહિર્મુખ છે. જ્ઞાનને બેય દિશા છે પણ એક દિશા એણે બંધ કરવી પડે.

અહીં મુદ્દાની વાત શું છે? કે રીત શું? વ્યવહાર કર્યા કરવો? તો કહે નહિ. ચૈતન્યને ગ્રહણ કરવાની વાત છે. પોતાના સ્વરૂપને ગ્રહણ કરવાની વાત છે. એ રીત છે. બીજી કોઈ રીત નથી. અને એ એટલા માટે યથાર્થ છે કે જીવ પોતાના સ્વરૂપને ભૂલ્યો છે, પોતાના સ્વરૂપને ભૂલીને દેહાદિને પોતારૂપે ગ્રહણ કરી લીધું છે. શરીરને પોતારૂપે ગ્રહણ કર્યું છે.

રસ્તામાં વાત થઈ હતીને કે શરીરને બચાવવા દેવું કરીને, લાચારી કરીને, ભીખ માંગીને, દીનતા કરીને દવા કરે. શરીરને બચાવવા ટ્રીટમેન્ટ કરે, મોટો ખર્ચો હોય તો. આત્મા માટે એટલું કરે કે ન કરે? એટલું જોવાનું છે. અભિપ્રાય તપાસવો જોઈએ પોતાનો કે આત્મા માટે હું એવું કરું કે ન કરું? એક દૃષ્ટાંત લીધું હતું કે એક માણસ પાસે પૈસા નહોતા અને રોજનું એક હજાર રૂપિયાનું ઈંજેક્શન ડૉક્ટરે લેવાનું કીધું. કેટલું? એક ઈંજેક્શનના એક હજાર લાગે અને કહે એવા બે મહિના સુધી લેવાના. ૬૦ ઈંજેક્શન. ૬૦ હજારના ઈંજેક્શન થાય. એ પહેલા બધા ઑપરેશનના જુદાં-જુદાં ખર્ચા કરેલા એ જુદાં. લીવર બગડી ગયું. દવા નહિ કરો તો મરી જશો! (તો કહેશે મને) બચાવો! ગૅરંટી તો નથી પાછી એમાં. એટલું બધું કર્યા પછી પણ બીજે દિવસે off થઈ જવાય. આત્મા માટે જો પુરુષાર્થ કરે તો અજર-અમર થઈ જાય એ ગૅરંટી છે. અનંતા તીર્થંકરોની ગૅરંટી છે.

મુમુક્ષુ :- એ તો કરતો જ નથી, અને આ થઈ ગયું... આ થઈ ગયું... બસ શરીરને થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- (આત્મા માટે પુરુષાર્થ) નથી કરતો અને બસ શરીરને થયું (એમ કરે છે.) દેહને આત્મા માન્યો છે ને! દેહાત્મબુદ્ધિ છે. આ તો અભિપ્રાય તપાસવાની વાત છે કે તું શરીર માટે એટલું કર, (તો) આત્મા માટે એટલું કર કે ન કર? અત્યારે પ્રસંગ નથી હજી. એવો ઉદય આવ્યો નથી. પણ તું કર કે ન કર? શું કર તું? ત્યારે કૃપાળુદેવે ૧૨૮ પત્રમાં કહ્યું કે ગમે તેમ થાય, ગમે તે ભોગે આત્માને બચાવવા માગે છે એ જ બચે.

મુમુક્ષુ :- ગમે તે ભોગે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલી તૈયારી ન હોય એને સિદ્ધપદ મળતું નથી. આ તો સિદ્ધપદ લેવાની વાત છે. આમ કહે કે ભાઈ! તમને સોનું આપીએ તો તમારે

ક્યો ભાવ આપવો પડે? તો કહે સોનાનો. એમાં તો કાંઈ લોઢાનો ભાવ તો ચાલે નહિ, ચાંદીનો ભાવ પણ ન ચાલે, લોઢાનો તો ક્યાંથી ચાલે? પણ સોનું થોડું સસ્તું આપીએ તો? તો કહે એ તો ઉછીના લઈને (પણ) લઈ લઈએ. કેમકે સામે ભાવ આવે છે એનો. આ લાવે જ છેને બહારથી લોકો, દુબઈથી ને બધેથી લાવે છે. તો આત્મા સોનું નથી? આત્મા સોનાથી ઓછી કિંમતવાળો છે?

હવે એની (આત્મકલ્યાણ કરવાની) જે રીત બતાવે છે એમાં સોનું સસ્તું કરીને આપે છે. એની રીત બતાવે છે એમાં સુગમ કરીને આપે છે. હવે તને શું વાંધો છે? ત્યાં કેટલું સોનું લે તને સસ્તું આપે તો?

મુમુક્ષુ :- જેટલું લેવાય એટલું.

પૂજ્ય ભાઈશ્રી :- જેટલું લેવાય એટલું લ્યેને!. એમાં કાંઈ લિમિટ રાખ તું? તો કહે નહિ! કેમકે સસ્તું મળે છે. એમ કહે કે ભાઈ ચાંદીના ભાવમાં સોનું લેવું હોય એટલું લઈ જાવ. લ્યો ઠીક! કેટલો ઉત્સાહ આવે?

એમ અહીંયાં સિદ્ધપદ છે એનું foundation એ આ મુમુક્ષુની ભૂમિકા છે. તારી ભૂમિકામાં તું કરી શકે એવું. સિદ્ધપદને પ્રાપ્ત કરી શકે એવું કામ થાય છે તો તને કાં ઉત્સાહ ન આવે? અને એમાં બીજા બહાના ક્યાં કાઢવાના રહ્યાં કે મને આજે તબિયત બરાબર નથી, મને આજે ઊંઘ આવી ગઈ, અને મને આજે.. ફલાણું થઈ ગયું ને ફલાણું થઈ ગયું, મહેમાન આવી ગયા ને.... (એનો અર્થ કે) એ વાતનું મૂલ્યાંકન થયું નથી. મૂલ્યાંકન થાય તો priority આવ્યા વિના રહે નહિ. સિદ્ધપદ મળે છે!! જેવી-તેવી વસ્તુ નથી મળતી, સિદ્ધપદ મળે છે!! તો એની કેટલી મુખ્યતા હોવી જોઈએ? priority એટલે? મુખ્યતા આવવી જોઈએ. બધું ગૌણ થઈ જાય. આખું જગત ગૌણ થઈ જાય. કેમકે સિદ્ધપદની બરાબરીમાં જગતમાં કોઈ વસ્તુ નથી. અનંતકાળે આવો માર્ગ મળ્યો છે. સિદ્ધપદ મળે એવો માર્ગ મળ્યો છે.

જીવે પૂરી શક્તિથી લાગી પડવું જોઈએ. એકવાર બધાને કીક મારી દેવાની. બધું પછી પહેલા આ. બધું પછી અને પહેલા આ. મારું કામ એકવાર મને કરી લેવા દ્યો. પછી તો અમસ્તો પણ પાછું વાળીને જોવાનો નથી. પણ જે તકલીફ છે એ પહેલા જ છે. એવી તૈયારી આવવી જોઈએ.

'**જ્ઞાન, દર્શન, ચારિત્રની ભાવના કર્યા કરે. પણ યથાર્થ દર્શન, જ્ઞાન, ચારિત્ર...**' યથાર્થ એટલે સમ્યક્. યથાર્થ એટલે સમ્યક્. '**યથાર્થ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ચૈતન્યને...**' સ્વરૂપને, પોતાના સ્વરૂપને '**ગ્રહણ કરવાથી પ્રગટ થાય છે.**' પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. શરીરને પોતાનું સ્વરૂપ - એ રીતે ગ્રહણ કર્યું છે એ છોડી દેવાનું છે. ગમે તેટલું

સાચવી-સાચવી ને સાચવે, શરીર સચવાવાનું નથી. ચક્રવર્તીઓ તો હીરા-મોતીઓની ભસ્મો ખાય છે. ચક્રવર્તીના ખોરાકમાં તો બધી ભસ્મો હોય છે. તોપણ એનું શરીર પડે કે ન પડે? કોઈ ચક્રવર્તી અજર-અમર રહ્યો? દેખાણો? એ સંભવ જ નથી. રાજાઓ-મહારાજાઓ ઘરમાં ઔષધશાળાઓ રાખે છે. વૈદ્યો ત્યાં આવીને બનાવે. એની દવાઓ વૈદ્ય પાસેથી લેવાની ન હોય. વૈદ્યો એના ઘરે આવીને દવા બનાવે. એની ઔષધશાળામાં રાત-દિવસ બેસીને. પણ એ શરીર પડવાનું એ પડવાનું.

આત્માને બચાવ! એમ કહે છે. એમાં એમ કહેવું છે કે આત્માને તું બચાવ! શરીરને બચાવવામાં પડ્યો છો, (પણ) નહિ બચે. નહિ બચે. શ્રી કૃષ્ણ અને બળદેવ દ્વારકા સળગી ત્યારે જોયું કે આ તો બધું ભસ્મીભૂત થઈ ગયું. એટલી મોટી ચારેકોરથી આગ લાગી છે કે આમાં કોઈને બચાવાનો સવાલ નથી. ત્યારે એમ થયું કે હવે માં-બાપને છેવટે બચાવી લઈએ. એટલે એક રથમાં માં-બાપને બેસાડીને ભાગ્યા. જે દ્વારકામાં બેઠા-બેઠા ત્રણ ખંડનું રાજ કરતા હતા, દ્વારકામાં બેઠા-બેઠા ત્રણ ખંડનું રાજ ચલાવતા હતા એ દ્વારકા છોડીને ભાગ્યા. આકાશવાણી થઈ, નહિ બચાવી શકો. (પણ) લાગણી હતી. માં-બાપને તો બચાવી લેવા જોઈએ. દ્વારકામાં છેલ્લે રથ દરવાજામાંથી બહાર નીકળતો હતો તો દરવાજો સળગીને પડ્યો. મા-બાપ ખલાસ! એ બે જણા બચવાના હતા એ બચ્યા. શ્રી કૃષ્ણનું મૃત્યુ રસ્તામાં થવાનું હતું. અનાજ, પાણી ભાતું લેવા રોકાઈ શક્યા નહિ. પાણીનો કુંજો (પણ) નહોતો સાથે. ત્રણ ખંડનો ધણી! જેને સોનાની દ્વારકા હતી, ૧૬,૧૦૮ તો એક-એક રાણીઓના સોનાના મહેલ હતા. એક-એક મહેલ પાસે એક-એક રાણીનું એક-એક સોનાનું જિનમંદિર જુદું. એક પૂજા કરે ત્યારે બીજાને disturb ન થાય. એની પાસે છેલ્લે પાણીની વ્યવસ્થા નહોતી!! એક લોટો પાણી સાથે લઈ લઈએ તરસ લાગે તો!! પુણ્ય ખૂટે ત્યારે આમ ખૂટે છે. શું થયું? કે પુણ્ય ખૂટ્યા.

જ્ઞાનદશા હતી. પુણ્ય ખૂટ્યા પણ જ્ઞાનદશા હતી. સમાધિમરણ કર્યું. એટલે કૃપાળુદેવે લખ્યું છે કે શ્રીકૃષ્ણની મૃત્યુ વખતની દશા વિચારવા જેવી છે.

મુમુક્ષુ :- શું કહેવા માગતા હતા?

પૂજ્ય ભાઈશ્રી :- સમાધિમરણમાં હતા! કાંઈ વાંધો નહિ. પુણ્ય ખૂટ્યા એથી મારું કાંઈ ખૂટ્યું નથી. પુણ્ય ખૂટ્યા એમાં મારું કાંઈ ખૂટ્યું નથી. મેં અખંડને સાધી લીધો છે. ત્રણ ખંડ ગયા તો ગયા. મેં અખંડને સાધી લીધો છે. હવે મને વાંધો નથી. ગમે ત્યાં જાવ નહિ, મને વાંધો નથી. આવતી ચોવીસીના તેરમાં તીર્થંકર છે. એ તીર્થંકર થશે ત્યારે અહીંયાં સીમંધર ભગવાન છે એ સિદ્ધાલયમાં પધારશે!! એમ છે.

કહે છે કે '**આત્મામાંથી જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે.**' માટે તું તારા આત્માને ગ્રહણ કર! સુખ-શાંતિ ત્યાંથી પ્રગટ થશે. જ્ઞાન-દર્શન-ચારિત્ર. ચારિત્ર એ સુખ છે. સુખ-શાંતિ પ્રગટ થશે. એ ૨૨૮ થયો.

પ્રશ્ન :- ચૈતન્યને ગ્રહણ કરવા માટે વાંચન, મનન, સત્પુરુષનો સમાગમાદિમાંથી વિશેષપણે શું હોય?

સમાધાન :- બધું સાથે હોવું જોઈએ, વાંચન-મનન આદિ બધું ચૈતન્યની સમજણ માટે હોવું જોઈએ. આત્મા ગ્રહણ કેવી રીતે થાય તે ધ્યેય રાખીને સત્પુરુષનો સમાગમ, વાણી બધું સાથે હોવું જોઈએ. ગુરુદેવે શું કહ્યું છે? માર્ગ શું બતાવ્યો છે? તે રીતે સત્પુરુષના આશ્રયપૂર્વક પોતાની વિચારશૈલીથી પોતે નિર્ણય કરીને આત્મસ્વભાવ ગ્રહણ કરવો. ગુરુદેવે શું કહ્યું છે તેની સાથે મેળ કરીને પોતે આગળ જાય. સમજે છે તો પોતાના જ્ઞાનથી, પણ ગુરુદેવે શું માર્ગ બતાવ્યો છે તે સાથે રાખીને વિચાર કરે છે. ૨૨૯.

પ્રશ્ન ૨૨૯ ઉપર પ્રવચન

ચૈતન્યને ગ્રહણ કરવાની વાત કરીને? એટલે '**ચૈતન્યને ગ્રહણ કરવા માટે...**' હવે એનો પ્રશ્ન ઉઠાવ્યો. ચૈતન્યને ગ્રહણ કરવાનું આપ કહો છો તો ચૈતન્યને ગ્રહણ કરવા માટે '**વાંચન, મનન, સત્પુરુષનો સમાગમાદિમાંથી વિશેષપણે શું હોય?**' વિશેષ એટલે મુખ્યપણે શું હોય? શેને મુખ્યતા આપવી? તો કહે '**બધું સાથે હોવું જોઈએ,...**' મુખ્ય-ગૌણની વાત જુદી. પણ હોવું જોઈએ બધું - પોતાનું વાંચન હોવું જોઈએ, સ્વતંત્ર વાંચન, સ્વતંત્ર વિચાર, મનન અને સત્સમાગમ પણ હોવો જોઈએ - બધું હોવું જોઈએ. સત્સમાગમ કરે અને વાંચન-મનનમાં પછી કાંઈ ચાલતું ન હોય તો કાંઈ થાય નહિ. વાંચ્યા જ કરે... વાંચ્યા જ કરે.. પણ સત્સંગ ન કરે તો કાંઈ થાય નહિ. એટલે કે એ બધું સાથે હોવું જોઈએ.

'**વાંચન-મનન આદિ બધું ચૈતન્યની સમજણ માટે હોવું જોઈએ.**' પહેલા તો સમજણ યથાર્થ કરી લેવી જોઈએ કે વસ્તુનું સ્વરૂપ શું છે? અને વસ્તુના સ્વરૂપ અનુસાર સાધનાનું સ્વરૂપ શું છે? એ બરાબર વાંચન-મનનથી યથાર્થ સમજણ કરી લેવી જોઈએ. યથાર્થ સમજણ કરવાથી એક પ્રેરકબળ ઊભું થાય છે એ સમજણનું અમલીકરણ કરવાનું.

સમજણ-સમજણમાં ત્યાં સુધી ફેર છે કે જે સમજણ પ્રેરક થઈને એનું અમલીકરણ ન કરે તો એ સમજણ તો નિરર્થક થઈ. પહેલા અણસમજણ હતી ત્યારે કાંઈ નહોતો કરી શકતો, હવે સમજણ થયા પછી ન કરતો હોય તો સમજણ અને અણસમજણમાં ફેર શું રહ્યો? કે કાંઈ ન રહ્યો. માટે યથાર્થ સમજણ છે એ અમલીકરણમાં લઈ જાય છે. પ્રયોગમાં લઈ જાય છે. પ્રયોગપદ્ધતિ તે અનુભવપદ્ધતિ છે. અનુભવપદ્ધતિથી અનુભવ સધાય છે. એમ સીધી લાઈન છે એની.

એટલે '**વાંચન-મનન આદિ બધું ચૈતન્યની સમજણ માટે હોવું જોઈએ. આત્મા ગ્રહણ કેવી રીતે થાય તે ધ્યેય રાખીને સત્પુરુષનો સમાગમ, વાણી બધું સાથે હોવું જોઈએ.**' એક વાક્યમાં કેટલી સરસ વાત લઈ લીધી છે. બહુ important વાત કરી છે. એમ કે સત્પુરુષનો સમાગમ હોવો જોઈએ પણ કેવી રીતે? કે આત્મા ગ્રહણ કેવી રીતે થાય છે એ ધ્યેય એટલે એવું લક્ષ રાખીને. સત્સમાગમ રૂટિનથી નથી કરવાનો. રૂટિન નહિ થઈ જવો જોઈએ. જ્યારે-જ્યારે તું સત્સંગમાં બેસ ત્યારે તારું લક્ષ હોવું જોઈએ કે હું મારા સ્વરૂપને કેવી રીતે ગ્રહણ કરું? એ વાત મારે આમાંથી પકડી લેવાની છે. જો એવા લક્ષથી સત્સમાગમ કરે તો સ્વરૂપનું ગ્રહણ થયા વિના રહે નહિ. નહિતર અદ્ધર-અદ્ધર ચાલવાનો. નહિતર સાવ અદ્ધર(થી જ ચાલશે). અદ્ધરથી જ જાવાનું. ગમે તેટલા વર્ષ સત્સંગ કરે (તોપણ).

આમ તો જ્ઞાનીનો યોગ ભાગ્યે જ મળે અને લાંબા કાળ માટે પણ ભાગ્યે જ મળે. ગુરુદેવનો યોગ લાંબા કાળ માટે, ૪૫ વર્ષ સુધી ઘણાં જીવોને મળ્યો. ૧૯૯૧માં સોનગઢમાં સ્થિર થયા પોતે. '૯૧માં સ્વાધ્યાય મંદિરનો પાયો નખાણો. ૧૯૯૧માં સ્થિર થયા. નવ વર્ષ એ અને ૩૭ આ. ૩૬ આ. ૩૭ના કારતકમાં તો દેહ છૂટી ગયો, કારતક વદ સાતમે. એટલે ૩૬ વર્ષ તો પાકા. ઘણાં માણસોએ એમને ખૂબ-ખૂબ સાંભળ્યા. લાભ ન થયો એનું કારણ કે ધ્યેય રાખીને સાંભળ્યા નહિ. અદ્ધરથી ગયું. નહિતર એટલો લાંબો યોગ ન મળે. ૪૫ વર્ષ સુધી - two generation period. માણસને દીકરાને દીકરો બીજી પેઢી ચાલતી હોય, જુવાનીમાં આવ્યો હોય, સાંભળતા-સાંભળતા વૃદ્ધ થઈ જાય અને ઘરે દીકરાના દીકરા થાય. પણ હવે જુઓ લક્ષ ન રાખ્યું હોય, ધ્યેય ન રાખ્યું હોય તો અદ્ધરથી જાય.

બહુ કહેતા ગુરુદેવ. નીચું માથું રાખીને સાંભળી લેવાનું નથી આ. જરા કડક બોલતા. નીચી મુંડી રાખીને સાંભળવાનું નથી આ. આ રોજ ઉઠીને નીચી મુંડી રાખીને સાંભળ્યા કરો એવું ન હોય! એમ કહે. જાગૃત કરવા માટે ઘણી વાતો કરી છે. એકવાર ગુરુદેવની સાથે એકાંતમાં ચર્ચા ચાલતી હતી. સ્વાસ્થ્ય બરાબર નહોતું એટલે વ્યાખ્યાન કાંઈક બંધ

હતું. વ્યાખ્યાન બંધ હોય પછી વ્યાખ્યાનના ટાઈમે ચાર વાગ્યા આસપાસ કોઈ ગુરુદેવ પાસે હોય નહિ. હું એકાંતમાં ગયો હતો. ચર્ચા ચાલતી હતી કાંઈક પુરુષાર્થની. પ્રેમચંદભાઈ આવી ચડ્યા, રાણપુરવાળા પ્રેમચંદ મગનલાલ. એમને આશ્ચર્ય થયું! કારણકે એકલો માણસ ગુરુદેવની સાથે બેઠા-બેઠા. બેય જણા ચર્ચા કરે છે શું છે આ! આવીને બેસી ગયા પહેલા તો છાનામાના ગુરુદેવની રૂમમાં. ત્યારે વાત ચાલતી હતી કાંઈક પુરુષાર્થની. બહુ આશ્ચર્યથી સાંભળતા હતા. ચર્ચા મને યાદ નથી શું ચાલતી હતી. બહુ આશ્ચર્યથી સાંભળતા હતા. બહુ એમને પ્રમોદ થયો. ગુરુદેવે સહેજ એમને કીધું ચર્ચા પછી કે જોયું? પુરુષાર્થ કરવો જોઈએ!! બહુ-ખૂબ ખુશી થતા હતા. બહુ અસર થઈ હતી એમને. સાચી વાત છે કહે. એમ ને એમ સાંભળે રાખીએ છીએ અમે. પુરુષાર્થ કરવો જોઈએ. સાચી વાત છે આપની! હાથ જોડી-જોડીને બહુ અનુમોદન કરતા.

મુમુક્ષુ :- ભાઈશ્રી, આપ હિન્દીમें બતાઈએ, હમારી સમજમें નહિ આયા.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુદેવકે સાથ હમ એકાંતમें કુછ તત્ત્વચર્ચા કર રહે થે. ગુરુદેવકા સ્વાસ્થ્ય ઠીક નહીં થા. દોપહરકા તીનસે ચાર જો નિયમિત પ્રવચન થા વહ બંદ રખા ગયા થા. તો હમ ગુરુદેવકે પાસ ચલે ગયે. વહાઁ કોઈ થા નહીં. હમ અકેલે હી થે. હમ આપસમें ચર્ચા કર રહે થે. ઉસમें વહાઁકે ટ્રસ્ટી થે ઔર ગુરુદેવકે સાથ સંપ્રદાયસે સાથ રહે થે, ગુરુદેવને જબ પલટા ખાયા - દિગંબરમें આયે તો બહુત લોગ છૂટ ગયે. ચાર આદમી નહીં છૂટે થે ઉસમેંસે વે એક થે. ચાર ખંભે જૈસે થે. ઔર હમારે વતનકે-રાણપુરકે થે. હમકો બચપનસે પહચાનતે થે. હમ કિસ પરિવારમેંસે આયે હૈં, હમારે parents કૌન હૈં, કૌન હૈં સબ અચ્છી તરહ જાનતે થે. નાના ગામમાં તો ઓળખતા જ હોયને એકબીજાને.

તો આકર બૈઠ ગયે સુનનેકો. સુનતે રહે. ફીર ગુરુદેવને ઉનકો બોલા કિ, દેખો પુરુષાર્થ કરના ચાહિયે, ઐસે નહીં ચલે. બાત તો ચલેને કિ સુન લેતે હૈં લોગ (લેકિન) ધ્યેય નહીં હૈ. ચૈતન્યકો કૈસે, આત્માકો કૈસે ગ્રહણ કરે વહ ધ્યેય નહીં હૈ તો ૪૫-૪૫ સાલ તક સુના લોગોંને. કુછ નહીં મિલા. ૪૫ સાલ સુનનેવાલેકો કુછ નહીં મિલા. વહાઁ નિવૃત્તિ લેકર રહ ગયે થે. દૂર-દૂરસે લોગ આયે થે. હિન્દીભાષી લોગ ભી વહાઁ અપના મકાન લેકર રહતે હૈં. અભી ભી રહતે હૈં. ઉસવક્ત ભી રહતે થે. કોઈ બંબઈસે, કોઈ મદ્રાસસે, કોઈ કહીંસે, કહીંસે, દૂર-દૂરસે. લેકિન ધ્યેય નહીં હૈ, લક્ષ્ય નહીં કિ મૈં મેરે સ્વરૂપકો કૈસે ગ્રહણ કરું? વહ બાત મુજે પકડની હૈ યહાઁસે. ગુરુદેવકી વાણીમેંસે વહ બાત મુજે પકડની હૈ. વહાઁ ઉસકી દૃષ્ટિ હોની ચાહિયે. નજર વહાઁ ઉસકી હોની ચાહિયે. તો કામ હોગા, વરના ઉપરસે જાયેગા. સબ ઉપરસે જાયેગા. વ્યાખ્યાન કે

વ્યાખ્યાન કંઠસ્થ હો જાયેંગે. ગુરુદેવ ઐસા બોલતે હૈં, ઐસા બોલતે હૈં - ક્યોંકિ વહ સ્મરણમેં, બારબાર સુનો તો સ્મરણમેં તો રહ જાયેગા. એક બાત અનેકબાર સુનનેસે તો સ્મરણમેં વહ તો ફીટ હો જાયેગી. (પરન્તુ) કામ કરનેકા હૈ. બહુ સરસ વાત કરી છે.

આત્મા એટલે પોતાનું સ્વરૂપ કેવી રીતે ગ્રહણ થાય? એમ. આ મુદ્દાની વાત છે. મારે મારું સ્વરૂપ અંદરમાં કેવી રીતે ગ્રહણ કરવું છે એ નજર મારી હોવી જોઈએ. એ ધ્યેય એટલે એ લક્ષ રાખીને, એ નજર રાખીને સત્પુરુષનો સમાગમ અને વાણી બધું સાથે હોવું જોઈએ. જુઓ! સમાગમ આ રીતે કરવો? સીધો પ્રશ્ન આપણે ઉઠાવીએ કે સત્સંગ કેવી રીતે કરવો? તો કહે, પોતાનું સ્વરૂપ કેવી રીતે અંદરમાં ગ્રહણ કરવું? એ મુદ્દા ઉપર જેમ કોઈ ટાંપીને બેસે એમ ટાંપીને બેસવું જોઈએ સાંભળવા. કે આ કેવી રીતે આવે છે? અરૂપીભાવ છે. અરૂપી અંતર્મુખી પરિણામ છે. સ્વરૂપને ગ્રહણ કરવાના પરિણામ તો અંતર્મુખી અરૂપી પરિણામ છે. એની વિધિ એમની વાણીમાં આવે છે. મારે એ વાત પકડી લેવાની છે. ગમે તેમ કરીને એ વાત મારે પકડી લેવાની છે. એની ભાવનામાં આવીને, આતુરતામાં, સંશોધકવૃત્તિમાં આવેને ત્યાં દર્શનમોહ અડધો ગળી જાય. ભાવમાં એવી તૈયારીમાં આવેને ત્યાં દર્શનમોહ ઓગળવા માંડે, જેમ બરફ ઓગળવા માંડે એમ. નહિતર કાળમીંઢ પાણો છે. ઓગળે એવો નથી. કાળમીંઢ પાણો હોયને? કાલાપત્થર (જિસે કહતે હૈં વહ) પિઘલતા નહીં, બરફ હૈ વહ પિઘલતા હૈ.

મુમુક્ષુ :- ક્યા બોલે?

પૂજ્ય ભાઈશ્રી :- વહ કાલાપત્થર આતા હૈ ન? ઉસકા પાની થોડા હોતા હૈ? બરફકા પાની હો જાતા હૈ. ઉતના હી બરફ હોવે, ઉતના હી કાલાપત્થર હોવે તો કાલાપત્થરકા પાની થોડા હોગા? બરફકા પાની હોગા. તો દર્શનમોહ હૈ વૈસે તો કાલેપત્થરકે જૈસા, લેકિન યથાર્થ ભાવનામેં આયે, યથાર્થ તૈયારીમેં આયે તો બરફકી તરહ પિઘલ જાયેગા.

જુઓ! એક વાત કેવી મુદ્દાની છે! અમારે શું કરવું? ચૈતન્યને ગ્રહણ કરવા માટે શું કરવું? તો કહે વાંચન, મનન તો વસ્તુનું સ્વરૂપ સમજવા માટે કરો. સત્સમાગમમાં સ્વરૂપને કેવી રીતે ગ્રહણ કરવું એ લક્ષ રાખીને સત્સમાગમ કરવો. જેમ ચાતકપક્ષી ચોમાસું આવે (ત્યારે) સ્વાતિબિંદુ માટે મોઢું ખુલ્લું રાખીને ટાંપીને બેઠું હોય. એમ જિજ્ઞાસાવૃત્તિ ખુલ્લી રાખીને, એ પ્રકારની તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ ખુલ્લી રાખીને! જેમ કોઈ જીવન-મરણનો સવાલ હોય તો કેવો ટીંગાઈ જાય? જીવન-મરણનો સવાલ હોય તો કેવો ટીંગાઈ જાય? જેનાથી બચી શકાય એમાં કેવો ટીંગાઈ જાય? આ તો અનંતા

જીવન-મરણનો સવાલ છે અને ત્યાં સત્સમાગમાં બચવાનો મોકો છે. અને એવી જિજ્ઞાસામાં આવીને આ વિષયને ગ્રહણ કરી લેવો જોઈએ. તો કામ થઈ જાય!

હવે શું થાય છે? અંદરમાં શું થાય છે? આ થઈ બહારની વાત. એવી તૈયારીમાં કોઈ જીવ આવે છે ત્યારે, જીવનો જે જીવસ્વભાવ છે, આત્મસ્વભાવ છે તે અંદરથી એને મદદ કરે છે. આ હજાર હાથવાળાની મદદ આ છે! આપણે કહે છે ને કે, ભાઈ હજાર હાથવાળો મદદ કરે પછી એને કોઈ મારી શકે નહિ. એ બચ્યો, બચ્યો ને બચી જ જાય. આ અનંત શક્તિવાળો અંદરથી ઊભો થાય છે પછી. એટલી તૈયારી થાય એટલે આત્મા અંદરથી ઊભો થવાનો. અહીં પોતે તૈયારી કરવા માંડવાનો અને ચૈતન્યનો ચમત્કાર થવાનો. જે કામ થાશે તે ચમત્કારિક રીતે થાશે. એવી વાત છે.

'ગુરુદેવે શું કહ્યું છે? માર્ગ શું બતાવ્યો છે?' માર્ગ એટલે ઉપાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વ્યવહારમાં અમુક વાત આપણે ગ્રહણ કરીએ છીએ કેવી રીતે? દાખલો આપોને. અહીંયાં ચૈતન્યને કેવી રીતે ભાવમાં ગ્રહણ કરવો?

પૂજ્ય ભાઈશ્રી :- હવે જુઓ તમને પહેલા રસોઈ કરતા નહોતી આવડતી. ૧૦-૧૨ વર્ષની ઉંમર સુધી રસોઈ કરતા ન આવડતી હોય પછી રસોઈ કરતા શીખે છે ને? તો ગ્રહણ કરી લ્યો છો કે નહિ કેવી રીતે કરવું એ? સાણસી આમ પકડાય, રોટલી આમ વણાય, આમ ચોડવાય. એ ટેક્નિકલ વાત છે કે નહિ બધી? રોટલી ગોળ કરવી એ ૮૦ વર્ષના બુઢ્ઢાને ન આવડે. ૧૫ વર્ષની છોકરી ફટાફટ બનાવે. કેમ? એણે ગ્રહણ કરી લીધું છે કઈ રીતે વણવું એ. તો એ શીખી લે છે કે નહિ? કામ કેવી રીતે કરવું એ ગ્રહણ કરી લે છે ને? એમ અહીંયાં પોતાના સ્વરૂપને કેવી રીતે ગ્રહણ કરવું? એની જિજ્ઞાસામાં આવીને સત્સમાગમ કરે તો એને ગ્રહણ કરવાની રીત આવડી જાય. એમ કહેવું છે. અને એ રીત આપણે કેવી રીતે લઈએ છીએ કે 'જ્ઞાન જ્ઞાનને વેદે છે.' અંદરમાં જો તું કે 'જ્ઞાન જ્ઞાનને વેદે છે.'

એ નથી પકડાતું કેમકે બીજા disturbances છે એટલે નથી પકડાતું. એ બીજા disturbances દૂર કરવા માટે વેદનાથી આખો એનો process આપ્યો છે. પરિભ્રમણની વેદનાથી processમાં દાખલ થાય એટલે બીજા disturbances ન રહે અને બરાબર તૈયારીમાં આવે. પૂર્ણતાનું લક્ષ કરે ત્યારે બરાબર તૈયારીમાં આવી જાય. એટલે એ પોતાને ગ્રહણ કરવાનો scope છે એ ખુલ્લો થઈ જાય છે. અને સહજમાત્રમાં કામ થાય છે. આવડું મોટું કામ સહજમાત્રમાં થાય છે. સહેજે-સહેજે થાય છે. કેમકે જીવસ્વભાવ છે એ તો. એ કાંઈ વિભાવ નથી કે પરાણે કરવો પડે. જીવસ્વભાવ છે. દોડવાવાળાને ઢાળ મળે એના જેવી વાત છે આ તો.

આવે છે સમયસારમાં એક કળશ છે કે પાણીને ઢાળ મળે તો પાણી સ્પીડ પકડે. પાણીનું વહેણ છે એને જો ઢાળ મળે એટલે સ્પીડ પકડે એ તો. એવો સ્વભાવ છે આ. કે પોતાનું સ્વભાવિક કાર્ય કરવામાં પુરુષાર્થ છે એ ઉગ્રતા પકડશે. સ્પીડ પકડશે. અને ચમત્કારિક રીતે પોતાનું કામ થશે. કાલે થોડું વધારે વિસ્તારથી લઈશું.

આશય :- (૨૨૮) :- **સંપ્રદાયની પ્રચલિત માન્યતા ચાલતા રૂઢિગત વ્યવહારથી ધર્મની પ્રાપ્તિ-આત્મકલ્યાણની પ્રાપ્તિ કરવાની છે - તે રીત યથાર્થ નથી. પ્રથમથી નિશ્ચયનું ધ્યેય હોવું જોઈએ અને એ ધ્યેયપૂર્વક નિશ્ચય દૃષ્ટિ પ્રગટ કરવી જોઈએ. કેમકે શુભ તો શુભ જ છે. યથાર્થ દર્શન-જ્ઞાન-ચારિત્ર તો સ્વરૂપને ગ્રહણ કરવાથી જ પ્રગટ થાય છે. અને સ્વરૂપમાંથી જ પ્રગટ થાય છે. માટે પ્રથમથી જ સ્વરૂપ ગ્રહણ થાય તેવી પદ્ધતિ અંગીકાર કરવી જોઈએ.**

❁

ગુણની રુચિ / નિર્દોષતાની રુચિ હોય તેને સ્વભાવની રુચિ પ્રગટે કારણકે સ્વભાવ ગુણમય / ગુણ નિધાન છે. આત્માનો સ્વાભાવિક પુરુષાર્થ આવી રુચિને અનુસરીને ઉત્પન્ન થાય. કરું-કરુંનો કૃત્રિમ ભાવ તે પુરુષાર્થનું સ્વરૂપ નથી. તેમજ ત્યાં હજી સ્વભાવ લક્ષમાં આવ્યો નથી. તેથી અનન્ય રુચિ પણ પ્રગટી નથી. સ્વભાવની રુચિને માત્ર સ્વભાવ જ રુચે છે. અન્ય કાંઈ રુચતું જ નથી. તેથી રુચિવંત પામી જાય છે, ન પામે તે કેવી રીતે બનવા યોગ્ય છે?

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૪૭)

તા. ૧૫-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૨૯
પ્રવચન નં. ૧૭૧

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૧. પ્રશ્ન-૨૨૯મો ચાલે છે. પ્રશ્ન એ પૂછ્યો છે કે ચૈતન્યસ્વરૂપ પોતાનો આત્મા છે એને ગ્રહણ કરવો છે. પોતારૂપે ગ્રહણ કરવો છે, એનો અનુભવ કરવો છે. તો એના માટે વાંચન, મનન, સત્પુરુષનો સમાગમ એ બધા જે સાધન છે એમાં વિશેષપણે કયુ સાધન હોય? એવો પ્રશ્ન કર્યો છે. કહે છે કે '**બધું સાથે હોવું જોઈએ,...**' ઓછા-વત્તા પ્રમાણમાં બધું હોય છે.

'**વાંચન-મનન આદિ બધું ચૈતન્યની સમજણ માટે હોવું જોઈએ.**' આત્માની જે સમજણ કરવી છે દ્રવ્ય-ગુણ-પર્યાયથી અને ઉત્પાદ-વ્યય-ધ્રુવથી, સૈદ્ધાંતિક સમજણ કરવી છે, ઉપદેશની સમજણ કરવી છે એના માટે વાંચન-મનન બધું હોવું જોઈએ. હવે સમજણ ઉપરાંત પછી ગ્રહણ કરવું છે એ પ્રયોગ છે. સમજણ કરવી એ વિચારની ભૂમિકા છે. ગ્રહણ કરવું એ વિચારની ભૂમિકાથી આગળ જવાની વાત છે.

તો કહે '**આત્મા ગ્રહણ કેવી રીતે થાય તે ધ્યેય રાખીને સત્પુરુષનો સમાગમ, વાણી...**' એમની વાણી. સમાગમ અને એમની વાણી એ '**બધું સાથે હોવું જોઈએ.**' પોતાના વાંચન, ચિંતન, મનન ઉપરાંત જે સત્પુરુષનો સમાગમ છે એ સમાગમનો એક criteria નક્કી કર્યો છે કે એ પોતે (જ્ઞાની) સ્વરૂપનો અનુભવ કરે છે, એમણે સ્વરૂપનું ગ્રહણ કર્યું છે, તો મને કેવી રીતે ગ્રહણ થાય? એવું જો ધ્યેય રાખ્યું હોય તો એવું ધ્યાન રહે. નહિતર એ વાત આવતી હોય તોપણ પોતાનું ધ્યાન ન રહે. કેમકે એનું ધ્યેય નથી. લક્ષ બહાર કેમ જાય છે? ઉપરથી કેમ જાય છે? કે પોતાનું એ વિષય ઉપર ધ્યાન નથી કે આ વાત મારે સમજવી છે - એવું ધ્યાન નથી. એટલે એ વાત ઉપર લક્ષ નથી રહેતું. ઉપરથી જાય છે. એટલે જે એને ખરેખર કામ કરવાનું છે એ કામ થતું નથી.

એટલે હવે એ પ્રશ્ન વિચારવો જોઈએ કે સત્સમાગમ મળવા છતાં, અનેકવાર સત્સમાગમ કરવા છતાં પોતે પોતાના સ્વરૂપનું ગ્રહણ કરી અનુભવ કેમ ન કર્યો? કે આ વાત ઉપર ધ્યાન દીધું નથી. મારે મારા સ્વરૂપનો અનુભવ કેમ કરવો? એની જિજ્ઞાસા નથી આવી, એના ઉપર ધ્યાન રાખ્યું નથી. નહિતર એ વાત આવ્યા વિના રહે નહિ.

વાણીનો વિસ્તાર ગમે તેટલો હોય, ઉપદેશનો વિસ્તાર ગમે તેટલો હોય, પણ એ બધાનું કેન્દ્રસ્થાન શું છે? અથવા એ બધા વિસ્તારનો આશય શું છે? કે સ્વાનુભવમાં

આવીને આત્મકલ્યાણ કરવું તે. તો એ વિષય પર ઘણું કહીને એ જ કહેવા માગે છે, એવો જે એમનો કહેવાનો આશય છે એ પોતે પકડતો નથી. પકડવાની પોતાની તૈયારી નથી એટલે પકડતો નથી. આ મુદ્દા ઉપર '**ગુરુદેવે શું કહ્યું છે? માર્ગ** (એટલે ઉપાય) **શું બતાવ્યો?**' રીત શું બતાવી? માર્ગ એટલે રીત. રીત શું બતાવી? એવી જિજ્ઞાસાપૂર્વક. એ રીતે એટલે એવી જિજ્ઞાસાપૂર્વક.

મુમુક્ષુ :- બતાવ્યો એમણે. કીધું એમ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કીધું એમ નહિ, બતાવ્યું છે. કહ્યું પણ છે અને બતાવ્યું પણ છે - બેય વાત છે. ભાષા દ્વારા કહે પણ છે અને ચેષ્ટાથી બતાવે પણ છે. કહે છે ત્યારે મુખમુદ્રા ઉપર અનેક પ્રકારના ભાવોના ફેરફારો આવે છે કે નથી આવતા? ભાવોના ફેરફાર આવે છે, એ સિવાય હાથની ચેષ્ટા થતી હોય છે. બે રીતે તો સ્પષ્ટ નરી આંખે દેખાય એવી વાત છે એ તો. પોતે પ્રત્યક્ષ કરી-કરીને દેખાડે છે. કેવી રીતે દેખાડે છે? પ્રત્યક્ષ કરી-કરીને દેખાડે છે, પોતાના અંદરમાં. જોવું, જોવાનો પ્રયાસ કરવો, જોવાની યોગ્યતા તૈયાર કરવી એ કામ આપણું છે. યોગ્યતા માગે છે.

'**તે રીતે સત્પુરુષના આશ્રયપૂર્વક...**' જુઓ! કેવી વાત લીધી પાછી? આશ્રયભાવનામાં આવવું જોઈએ. આશ્રય થવાથી શું થાય છે? પરમ વિનય અને પરમભક્તિ આવે છે. જ્યાં સુધી એવી દશા ન આવે ત્યાં સુધી એમનો ઉપદેશનો વિષય, એમનો આશય ગ્રહણ થવાની યોગ્યતા હોતી નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આશ્રયભાવનામાં ક્યો ભાવ હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- વિનય અને ભક્તિ. પરમ વિનય અને પરમ ભક્તિ. અને એ પ્રકારનો અભિપ્રાય કે, આમના સાન્નિધ્યથી... કૃપાળુદેવ તો ભાષા બહુ-ખૂબ વિનયપૂર્વક વાપરે છે. સત્પુરુષના ચરણકમળની વિનય ઉપાસનાથી - એવા શબ્દો વાપર્યા છે. સત્પુરુષના ચરણકમળની વિનય ઉપાસનાથી. ચરણકમળની વિનય ઉપાસનાથી.

મુમુક્ષુ :- ઉપાસનાના બળથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બળવાનપણે એ ઉપાસના હોય, ઢીલી-પોચી ન હોય. એને સત્પુરુષનો આશ્રય કહેવામાં આવે છે. એક પત્રનું મથાળું સરસ બાંધ્યું છે. ૨૦માં વર્ષમાં આ વાત લખી છે એમણે. કે આત્માનું ધ્યાન કરવાથી, ધ્યાનની પ્રક્રિયાને ધ્યાવન કહે છે. આત્માનું ધ્યાવન કરવાથી આત્માની પ્રાપ્તિ (થઈ) પરમાત્મા થવાય છે, આત્માની પ્રાપ્તિ થઈને પરમાત્મા થવાય છે, પણ એ પરમાત્મપદની પ્રાપ્તિ સત્પુરુષના ચરણકમળની વિનય ઉપાસના વિના થતી નથી એવું એક નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે. એવું લખ્યું છે. કોને વચ્ચે નાખ્યા? નિર્ગ્રંથોને વચ્ચે નાખ્યા. એ વાત જે આશ્રયભાવનામાં આવે

છે એને સમજાણી છે અને એવો વિવેક એને જાગૃત થયો છે એટલે એનું પરિણામન એવું થાય છે.

મુમુક્ષુ :- વિનય ઉપાસના કેવી હોય?

પૂજ્ય ભાઈશ્રી :- આજ્ઞાકારિતાનો મુખ્ય વિષય છે એમાં. વિનયની અંદર આજ્ઞાકારિતા હોય છે. બહુમાન છે. બહુમાનનો ભાવ આવે છે. ઉપકારબુદ્ધિનો ભાવ રહે છે. એ બધા પ્રકારના પરિણામને લઈને વિનય, નમ્રતા ઘણી રહે છે પોતાને. નહિતર 'હું સમજું છું' એવું આવી જાય છે. 'હું સમજું છું' એવું વચ્ચે આવી જાય છે એટલે એ વિનય સચવાતો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ પરમ વિનયની ઓછપ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરમ વિનયની ઓછપ હોય તોપણ બોધની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાન ચડે જ નહિ. કેમકે વચ્ચે આવરણ છે. વચ્ચે શું છે? આવરણ છે.

મુમુક્ષુ :- આવરણમાં ક્યુ આવરણ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના ભાવનું આવરણ છે. ભાવ આડો આવે છે. પોતાનો ભાવ રસ્તો કરી દેતો નથી. બોધને આવવા માટે રસ્તો ખુલ્લો જોઈએ કે નહિ? એ અવકાશ નથી રહેતો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે કહેલુંને કે એકદમ કૂણો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'હું કાંઈક છું' એવું ભૂલી જવું પડે. હું કાંઈ છું જ નહિ, એવી રીતે આવવું જોઈએ. થાશે ત્રણ લોકનો નાથ. પણ ક્યારે? કે 'હું કાંઈ નથી' ત્યાંથી શરૂ કરશે ત્યારે. કેમકે અન્યથા પ્રકારના અભિમાનના ઘોડે ચડેલો છે. ત્યાંથી નીચે ઉતરે પછી જ બીજા ઘોડે ચડે ને? એક ઘોડે ચડ્યો છે ત્યાંથી ઉતરે, તોફાની ઘોડો છે. સંસારના તોફાન કરાવે છે. એ છોડે પછી આ રસ્તે ચડે. એમ છે.

એટલે એ બધું ધ્યાન રાખે, સત્સંગમાં ધ્યેય રાખે, લક્ષ રાખે, પણ સત્પુરુષના આશ્રયપૂર્વક. આ બીજી condition રાખી. એક ધ્યાન રાખવાની - એ વાતની, બીજું આશ્રયભાવના. કૃપાળુદેવે કહ્યું છે એ જ બધું કહ્યું છે. કાંઈ વાતમાં ફેર નથી.

'**આશ્રયપૂર્વક પોતાની વિચારશૈલીથી...**' એ પાછી પોતાની સ્વતંત્ર વિચારશૈલી છે અને એ સ્વતંત્ર વિચાર કરવાની પોતાની પદ્ધતિ હોવી જોઈએ. સ્વતંત્રતા જુદી વાત છે અને સ્વચ્છંદ તે જુદી વાત છે. બેય એક નથી. બે વચ્ચે ભેદરેખા છે. સ્વચ્છંદમાં અહંભાવ આવે છે અને સ્વતંત્રતામાં પોતે પોતાની શક્તિનો પ્રયોગ કરે છે. '**પોતાની વિચારશૈલીથી પોતે નિર્ણય કરીને...**' જુઓ! કેમ નિર્ણય કરવો એ સત્પુરુષ બતાવે છે પણ નિર્ણય પોતે કરે છે. પોતાનો નિર્ણય સત્પુરુષ કરાવી દે છે એમ તો કેવી

રીતે બને? કોઈના પરિણમનમાં તો કોઈ વચ્ચે આવે નહિ, કે આવવાની કોઈ પરિસ્થિતિ છે નહિ. પોતે જ નિર્ણય કરીને. એટલે શું કે એમણે કહ્યું એનું અનુસરણ કર્યું છે. એમની આજ્ઞાનું સેવન કર્યું. એનો અર્થ એમ છે કે એમની આજ્ઞાનું સેવન કર્યું.

'**આત્મસ્વભાવ ગ્રહણ કરવો.**' પોતે નિર્ણય કરીને આત્મસ્વભાવ ગ્રહણ કરવો. એટલે પોતાનું સ્વરૂપ ગ્રહણ કરવું. ગ્રહણ કરવું કહો, અનુભવ કરવો કહો, એક જ વાત છે. '**ગુરુદેવે શું કહ્યું છે તેની સાથે મેળ કરીને પોતે આગળ જાય.**' tally કરતો જાય. એ એના જેવું છે. કોઈ માણસ અજાણ્યા માર્ગે પહેલો-વહેલો જાય છે અને પહોંચે છે ત્યારે શું કરે છે? કે એ માર્ગનો રૂટ સમજી લે છે. ભાઈ! વડોદરાથી ભાવનગર આવવું છે. તો કહે તમે આ રસ્તે નીકળો, આ રસ્તે શરૂ કરો એટલે પહેલા પેટલાદ ચોકડી આવશે. પેટલાદ ચોકડી તરફથી તમારે તારાપુરનો માર્ગ પકડવાનો છે. બાકીના ત્રણ રસ્તા છોડી દેવાના છે. ચોકડી એટલે ચાર રસ્તા. એટલે તારાપુર ચોકડી આવશે. તારાપુરના રસ્તે તારાપુર ચોકડી આવશે. તારાપુર તમે આવો એટલે તમારે વટામણનો રસ્તો પકડવાનો છે. બાકીના ત્રણ રસ્તા છોડી દેવાના છે. અને વટામણથી પાછા બે રસ્તા પડે છે. એક રસ્તો જાય છે આ બાજુ - અમદાવાદ બાજુ. અને બીજો રસ્તો જાય છે ધોળકા બાજુ. ધોલેરા. ધોળકા નહિ પણ ધોલેરા. તમારે ધોલેરાના રસ્તે જવાનું છે. વાયા ધોલેરા સીધે સીધો રસ્તો ભાવનગરનો છે, પછી વાંધો નથી. તો મેળવતો જાય. વચ્ચે-વચ્ચે જોતો જાય કે પેટલાદનો milestone આવે છે કે નહિ? પેટલાદની ચોકડીએ જવા માટે જોવે કે પેટલાદનો milestone આવે છે કે નહિ? ત્યારપછી તારાપુરનો રસ્તો પકડે ત્યારે તારાપુરનો milestone આવે છે કે નહિ? જોતો જાય કે ન જોતો જાય? કેટલું બાકી રહ્યું? કેટલું ચાલ્યો? મેળ કરતો જાય છેને આગળ વધે ત્યારે? કે એમ ને એમ જાય છે? બહુ સ્પષ્ટ પ્રેક્ટિકલ વાત છે આ તો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં ક્યા milestone છે?

પૂજ્ય ભાઈશ્રી :- આ બધા milestone જ છે. તમને feeling આવ્યા પહેલાં જ કહેવામાં આવે છે કે તમને આવી feeling આવશે, તમને આવી feeling આવશે, તમને મૂંઝવણ થાશે, તમે સહન નહિ કરો શકો એવી પણ તમને વેદના આવશે, અસહ્ય વેદના આવશે. બહુ મૂંઝવણ થશે, પછી મૂંઝવણમાંથી માર્ગ નીકળશે. એ બધા feeling stage છે.

'**ગુરુદેવે શું કહ્યું છે તેની સાથે મેળ કરીને પોતે આગળ જાય. સમજે છે તો પોતાના જ્ઞાનથી,...**' આગળ વધે છે તો પોતાના પુરુષાર્થથી. '**પણ ગુરુદેવે શું માર્ગ બતાવ્યો છે તે સાથે રાખીને વિચાર કરે છે.**' નહિતર એ માર્ગે છે કે ઉન્માર્ગે છે?

સન્માર્ગે છે કે ઉન્માર્ગે છે? એ ખબર નહિ પડે. એ વાત એણે સાથે રાખવી જરૂરી છે. ગુરુદેવની વાતને સાથે રાખે અને ગુરુદેવને માથે રાખે. માથે રાખે એટલે ડરે. ગુરુદેવને માથે રાખે એટલે ડરે. આમ એક પૅરેગ્રાફમાં મુખ્ય-મુખ્ય વાત બધી કવર કરી લીધી છે. એક-એક વાક્ય બહુ ધ્યાન દેવા જેવું છે. ખાસ ધ્યાન દેવા જેવું છે.

આ ૨૨૯ પૂરો થયો છે. આનો આશય લખી લ્યો.

આશય :- (૨૨૯) :- **આત્મસ્વરૂપને ગ્રહણ કરવા માટે વાંચન, સ્વતંત્ર વિચાર અને મનનથી સમજણ કરવી જોઈએ. અને પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમમાં તેમની વાણી અને જાગૃત ચૈતન્યની ચેષ્ટાથી સ્વરૂપ ગ્રહણ કેવી રીતે થાય? તે લક્ષ રાખીને સ્વરૂપ ગ્રહણ કરવાની વિધિ પકડવી જોઈએ. આ ઉપરાંત પ્રત્યક્ષ સમાગમમાં સત્પુરુષની આશ્રયભાવનાપૂર્વક પરમ વિનય, પરમ ભક્તિ અને પરમ ઉપકારબુદ્ધિના ભાવો યોગ્યતાવાન આત્માર્થી જીવને હોય છે. જેથી યોગ્યતા પ્રાપ્ત થવાથી સુગમપણે સ્વરૂપ ગ્રહણ કરવાના ઉપાયમાં જીવ આગળ વધે છે. અને જ્યારે તે આગળ વધતો જાય છે ત્યારે જે માર્ગ બતાવ્યો છે તેની સાથે મેળવણી કરતો જાય છે.**

❁

નોંધ :- બાકીનું પ્રવચન અન્ય ગ્રંથ ઉપર હોવાથી આમાં લીધેલ નથી.

અહો આ આત્મતત્ત્વ, અનંત આશ્ચર્યકારી મહાન અદ્‌ભુત ગુણોનો નિધિ છે; કે જેનું લક્ષ થતાં અન્ય કાંઈ રુચે નહિ. સ્વભાવ અંગેના વિકલ્પથી પણ ખસવાની જેની તૈયારી / યોગ્યતા છે. તે અત્યંત મંદ કષાયમાં પણ અટક્યા વિના સ્વભાવ લક્ષે આગળ વધે છે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૫૬)

પ્રશ્ન :– આ તત્ત્વના પોષણ માટે એકાંત વિશેષ હોવું જોઈએ એવું જરૂરી છે ?

સમાધાન :– એકાંતની ભાવના આવે. એકાંત વધારે હોવું જ જોઈએ એવું નથી, પણ એકાંત હોય તો વિચાર કરવાનું, વાંચન કરવાનું એક જાતનું સાધન બને છે. એકાંત હોવું જ જોઈએ એમ નથી, કોઈને વાંચન ગમે ને કોઈને એકાંતમાં ગમે એમ સૌને પોતાની પરિણતિ પ્રમાણે હોય. એકાંત હોય તો પોતાને વિચારનો–મનન કરવાનો વધારે ટાઈમ મળે. ૨૩૦.

તા. ૧૬-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૦-૨૩૧
પ્રવચન નં. ૧૭૨

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૧. ૨૩૦મો પ્રશ્ન છે. '**આ તત્ત્વના પોષણ માટે એકાંત વિશેષ હોવું જોઈએ એવું જરૂરી છે?**' શું પ્રશ્ન છે? કે આ ઉત્તર તો સમજાણો. હવે એને વધારે પોષણ આપવા માટે એકાંત વધારે હોવું જોઈએ એવું જરૂરી છે? આવો પ્રશ્ન કર્યો છે. એટલે બહારની પરિસ્થિતિનો પ્રશ્ન છે કે બહારની અંદર એકાંત હોય તો પોષણ કરીએ, એકાંત ન મળે તો પોષણ ન થાય એવું કાંઈ થાય? અથવા એકાંત હોય અથવા ન હોય એ વિષયનો યથાર્થ વિચાર શું છે? એકાંત રહે કે ન રહે એ સંબંધી યથાર્થ વિચાર, યથાર્થ અભિપ્રાય કેવો હોવો જોઈએ?

'**સમાધાનઃ–**' કે જેને આ તત્ત્વ રુચ્યું હોય એને '**એકાંતની ભાવના આવે.**' એને કોલાહલમાં, ઘણાં માણસોની વચ્ચે રહેવું એવી ભાવના ન હોય. એવું એને ન રુચે, એકાંતમાં રહીને તત્ત્વનું ઘોલન કરવું, ચિંતન કરવું એવું એને ભાવનામાં આવે છે. એ ગમે એને. અને એ એની અંતર પ્રવૃત્તિ સાથે સુસંગત પણ છે. બહારમાં એકાંત રહે અને એકાંત મળે તો એ અંદરની પ્રવૃત્તિ સાથે મેળ ખાય છે. એટલા માટે એની ભાવના આવે છે.

'**એકાંત વધારે હોવું જ જોઈએ એવું નથી, પણ એકાંત હોય તો વિચાર કરવાનું, વાંચન કરવાનું એક જાતનું સાધન બને છે.**' બાહ્ય સાધન. સાધન બને છે એટલે? બાહ્ય સાધન બને છે. શું કહે છે? '**એકાંત વધારે હોવું જ જોઈએ એવું નથી,...**' કેમકે જો એ રીતે વજન જાય તો બાહ્ય સાધન ઉપર વજન ગયું. બાહ્ય ક્રિયા ઉપર

વજન ગયું. આ weightageની ભૂલ. કાલે ચર્ચા ચાલી હતી રાત્રે. વજન દેવાની ભૂલ થાય છે ત્યાં સાથે-સાથે અભિપ્રાયની ભૂલ થઈ જાય છે. ભૂલ નાની અને સૂક્ષ્મ લાગે છે, પણ આખા પરિણામનો પ્રવાહ છે એ બદલી જાય છે.

એટલે '**એકાંત વધારે હોવું જ જોઈએ એવું નથી,...**' આમાં શું ઉડાડ્યું? વજન ઉડાડ્યું. ભાવના આવે આ બૅલેન્સ (કેવી રીતે છે?). ભાવના આવે પણ બૅલેન્સ રહેવું જોઈએ. (એકાંત) હોવું જ જોઈએ - એમ નથી. જો એવી રીતે વિચારે તો બાહ્ય પરિસ્થિતિ જીવના પરિણામને આધિન છે નહિ. પછી એ શું કરે? કર્તાબુદ્ધિ થાશે. ગમે તેમ કરીને એકાંત મેળવવું... એકાંત મેળવવું... એકાંત મેળવવું... જ્ઞાની છે અથવા આત્માર્થી છે એ જોઈ લે કે એકાંત મળે એવી પરિસ્થિતિ દેખાતી નથી અને કર્તા-હર્તાપણું તો આપણે હોવું ઘટે નહિ, માટે હવે અંદરમાં એકાંત બનાવી લ્યો! બહારમાં નથી મળતું તો અંદરમાં એકાંત કરી લ્યો! ત્યાં તો કોઈની પહોંચ નથી.

મુમુક્ષુ :- પ્રથમથી જ અભિપ્રાયમાં હોય છે. કોઈપણ પરિસ્થિતિમાં કામ ચાલુ રાખવું.

પૂજ્ય ભાઈશ્રી :- મારે ગમે તે પરિસ્થિતિમાં કામ કરવું છે. ઉદય કેવા આવશે એની મને ખબર નથી અને ઉદય મારા હાથની વાત નથી - એ કર્મપ્રસંગ છે, કર્મની બાજી છે એ પ્રસંગે મારે મારા આત્માને સંભાળી લેવાનો છે. બાકી ઉદયનું તો કાંઈ ઠેકાણું છે નહિ. એવી રીતે પોતે ઍડવાન્સમાં-પહેલેથી જ અંતરંગમાં જાગૃત રહે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મહાવીરના બોધને પાત્ર કોણ? એમાં આવે છેને એકાંતવાસને વખાણનાર.. બેય મેળ ખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકાંતવાસને વખાણનાર. એમ છેને? બોલ એવો લીધો છે કે એકાંતવાસને વખાણનાર. એમ કહો કે એકાંતની ભાવનાવાળો કહો - બેય એક જ વાત છે.

'**એકાંત વધારે હોવું જ જોઈએ એવું નથી, પણ એકાંત હોય તો વિચાર કરવાનું, વાંચન કરવાનું...**' અથવા વચ્ચે બીજા કોઈને તકલીફ ન થાય, disturbance ન થાય '**એવું એક જાતનું** (બાહ્ય) **સાધન બને છે.**' એ યોગ્યતા હોય એ પ્રમાણે પરિણામ આવશે. અયોગ્યતા હોય તો એકાંતમાં વિપરીત પરિણામો પણ આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મનમેળાપી સત્સંગ જ મુમુક્ષુને એકાંત નથી?

પૂજ્ય ભાઈશ્રી :- અને સત્સંગ છે એ પણ એક પ્રકારે એકાંત છે. એક સરખા અભિપ્રાયવાળા જીવોનું સાથે મળીને, તત્ત્વવિચારનું કે મહાપુરુષોના વચનોનું પરિચર્યન કરવું - એ પણ એકાંતમાં એમ જ પ્રવૃત્તિ કરવાની છે અને સામૂહિકપણે એ જ

પ્રવૃત્તિ કરવાની છે તેથી તેને પણ એક ન્યાયે એકાંત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બંને પરિસ્થિતિમાં ભાવના જ આવિર્ભૂત કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને ભાવના આવે તોપણ કેવળ એકાંતમાં મુમુક્ષુ ન રહે. સત્સંગનો ત્યાગ કરીને કેવળ એકાંતમાં મુમુક્ષુ ન રહે. (જો) એવી ભાવના એને હોય કે હું કેવળ એકાંતમાં રહી જાવ તો એ એના સ્થાનમાં ઉચિત નથી.

મુમુક્ષુ :- મુનિરાજ પણ કોઈક જ એકલા રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપયોગ બહાર જવાનો તારો. તું બહારમાં એકાંતમાં ગયો પણ અંદરમાં ઉપયોગ ક્યાં અંદર ગયો? ઉપયોગ બહાર જવાનો. બહાર જવા માટે દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષ, સત્સમાગમ - એનો વિવેક હોવો જોઈએ. કેમકે તારી એવી ભૂમિકા નથી કે તું કેવળ એકાંતમાં રહીને આત્મસાધના કરી લે. એ તો સ્વરૂપમાં ઘણાં સ્થિર થયા હોય એની વાત છે. એવા મુનિરાજો ક્ષણે ને ક્ષણે અંતરમાં જતા હોય એની એ વાત છે. એ એકાંતમાં રહે તો એમના માટે વિશેષ ઉચિત છે. છતાં એમના પરિણામ એ રીતે બરાબર ન ચાલતા હોય તો એ પણ બીજા મુનિઓના સત્સંગમાં રહે છે.

મુમુક્ષુ :- આચાર્ય હોય એની સેવા પણ કરે, હાથ-પગ દાબે બધું કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આચાર્યોની સેવા કરે. શું? બીજા મુનિઓની પણ સેવા કરે. આચાર્યની સેવા એ તો એના ગુરુ છે અને સેવા કરે, પણ બીજા સાધર્મી મુનિ હોય એની પણ સેવા કરે. એમાં સવાલ નથી. એમની તબિયત નરમ-ગરમ હોય તો એમની પણ વૈયાવૃત્ત્ય કરે છે. એ તો વૈયાવૃત્ત્ય તો શરીર કરે છે. કોણ કરે છે? આત્માને ક્યાં લઈ જવો? એ વાત જુદી છે આખી.

'**એકાંત હોવું જ જોઈએ એમ નથી,...**' જુઓ! ફરીને એ વાત લીધી. 'જ' મૂકીને. કે '**એકાંત હોવું જ જોઈએ એમ નથી, કોઈને વાંચન ગમે ને કોઈને એકાંતમાં ગમે...**' કોઈને એકાંતમાં ન ગમે અને વાંચન વધારે ગમે. '**એમ સૌને પોતાની પરિણતિ પ્રમાણે હોય.**' પરિણતિ એટલે જેવી યોગ્યતા પરિણતિની થઈ ગઈ હોય એવું હોય. બધાની યોગ્યતા એકસરખી નથી (હોતી), તેથી બધાના બાહ્યસાધન પણ એકસરખા નથી. વિધવિધ બાહ્યસાધન છે એ શું બતાવે છે? કે વિધવિધ પ્રકારની યોગ્યતા બતાવે છે. તો એના માટે કોઈ નિયમ બાંધી લે કે આને એકાંતમાં જ રહેવું જોઈએ, આને વાંચન હોવું જ જોઈએ, આને આમ કરવું જ જોઈએ - તો એવું કાંઈ છે નહિ. સૌને પોતાની પરિણતિ પ્રમાણે હોય એટલે પોતાની યોગ્યતા પ્રમાણે હોય.

'**એકાંત હોય તો પોતાને વિચારનો-મનન કરવાનો વધારે ટાઈમ મળે.**' એટલો

ફેર પડે છે. બીજાનું disturbance હોય તો એટલો ટાઈમ પોતાનો બગડે છે. એકાંત હોય તો વધારે સારું. પણ હોવું જ જોઈએ એમ આગ્રહ રાખીને ચાલવાનું નથી. બે તરફી વાત થઈ ને? ભાવના આવે છતાં હોવું જ જોઈએ એમ આગ્રહ નહિ. ભાવના અને આગ્રહ બે એક નથી. ભાવના અને આગ્રહ બે એક નથી. કેટલાક જીવો (ભાવનાના બહાને આગ્રહને) વ્યક્ત કરે છે. હોય છે પોતાનો આગ્રહ (પણ કહે) કે મારી ભાવના હતી. એવું ન હોય. ભાવના ભાવના છે (એ) જુદી જાતના પરિણામ છે અને આગ્રહ છે એ જુદી જાતના પરિણામ છે. આગ્રહમાં કષાય ભળે છે. આગ્રહમાં કષાય ભળે છે અને તીવ્ર થાય તો દુરાગ્રહ થઈ જાય.

મુમુક્ષુ :- ભાવનામાં?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનામાં તો કષાય અભાવ કરવાનું લક્ષ હોય છે. કષાયનો અભાવ કરવાનું લક્ષ હોય છે. ભાવના ભાવનાના સ્થાનમાં યોગ્ય છે, હોવી જોઈએ, હોય છે, પણ ભાવનાવાળાને આગ્રહ હોતો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દુરાગ્રહ કેવી રીતે થઈ જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- જૈસે કોઈ રાત્રી ભોજન નહીં કરતા હૈ. અબ પરિસ્થિતિ ઐસી હુઈ કિ ઘરવાલે ભોજન ટાઈમ પર બના નહીં સકે. કોઈ ન કોઈ કારણ બના. બના નહીં સકે. તો આગ્રહવાલા ક્યા કરેગા? વહ હો-હલ્લા કરેગા. આપ લોગોંકો ભાન નહીં હૈ? હમકો ટાઈમ પર ખાના મિલના ચાહીયે. (હમ) રાત્રી ભોજન નહીં કરતે. આપ લોગ જાનતે હૈં ફિર ક્યોં નહીં તૈયાર કરતે? ભાવનાવાલા ક્યા કરેગા? અચ્છા નહીં બના હૈ? કોઈ કારણ બના હોગા. વરના આપ તો બના હી દેતે. કોઈ કારણ બના હોગા. કોઈ બાત નહીં. આજ મેરેકો ઈતના સમય જ્યાદા મિલેગા મૈં મેરે કામમેં લગૂંગા ઔર આજકા ખાના મેરા બંદ રખો. વહ ખાના ખાયેગા નહીં ઔર અપને પરિણામકો અપને કામમેં, સ્વકાર્યમેં લગા દેગા - તો ઉસકો ભાવના હૈ, આગ્રહ નહીં હૈ, ઔર આગ્રહવાલા તો હો-હલ્લા કિયે બિના રહેગા નહીં. ક્યોંકિ ઉસકો તો કષાય આયેગા. પરિણામ તો બિગડ જાયેંગે. તુમને નિયમ લિયા હૈ વહ પરિણામ સુધારનેકે લિયે લિયા હૈ? યા પરિણામ બિગાડનેકે લિયે લિયા હૈ? વહ તો બતાવો? કિ જિસકો બાહ્ય ક્રિયા પર આગ્રહ હોતા હૈ ઉસકે પરિણામકા ઠિકાના રહતા નહીં. ઔર ઉસકો પતા હી નહીં ચલતા કિ મેરે પરિણામ બિગડ રહે હૈં. યહ આગ્રહ રખતા હૂઁ તો મૈં નુકસાન કરતા હૂઁ. ઉનકો તો ક્રિયા બરાબર હોની ચાહિયે. વહ આગ્રહવાલી બાત હૈ.

મુમુક્ષુ :- દુરાગ્રહમેં ક્યા હોગા?

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ દુરાગ્રહમેં ફિર ઝઘડા કરેગા. આગ્રહ જિસે હોગા વહ થોડા

મુઁહ ટેઢા-મેઢા કરકે દો શબ્દ સુના દેગા. ઔર દુરાગ્રહવાલા તો તકરાર કરેગા, ઔર આગે બઢેગા. યહ બાત હો જાયેગી.

જ્ઞાનીઓની તો નીતિ એવી છે. એ નીતિ અનુસાર મુમુક્ષુ ચાલે છે.

મુમુક્ષુ :- શું નીતિ છે?

પૂજ્ય ભાઈશ્રી :- કે કોઈપણ ઉદયને આત્મકલ્યાણ બાજુ વાળી લેવો. ગમે તે આવે. જાત તો બે છે ઉદયમાં - એક અનુકૂળતાની અને એક પ્રતિકૂળતાની. અથવા એકમાં શુભ પ્રકૃતિનો ઉદય છે, એકમાં અશુભ પ્રકૃતિનો ઉદય છે. પણ એ તો વ્યવહાર છે. પરમાર્થે અનુકૂળ-પ્રતિકૂળ કાંઈ છે નહિ. પરમાર્થે કહો, નિશ્ચયથી કહો, વાસ્તવિકતાથી કહો તો કોઈ અનુકૂળ-પ્રતિકૂળ છે નહિ. એ કલ્પના છે. ગમે તે હો. આત્મકલ્યાણ બાજુ વળવું. આત્મકલ્યાણના પ્રયત્નમાં જાગૃત અને સાવધાન રહેવું આ જ્ઞાનીઓની નીતિ છે. મુમુક્ષુ એનું અનુસરણ કરીને જ્ઞાની થાય છે. પછી જુઓ તમે કે તમને સંસારના કોઈ પ્રસંગમાં કાંઈ તકલીફ પડે તો કહો! કાંઈ નહિ પડેને! બીજા એમ કહેશે કદાચ તમને કે ભાઈ! તમને બહુ આકરો ઉદય આવ્યો હોં, તમને બહુ આકરો ઉદય આવ્યો. (તમને એમ લાગશે કે) ના! ના! એવું કાંઈ નથી. એ તો આવ્યો એ સારો આવ્યો છે. આવ્યો એ સારો આવ્યો છે. આત્મકલ્યાણ વધારે કરાવવામાં એણે મને મદદ કરી છે. એટલે મારો તો ઉપકારી છે. જે ઉપકારી હોય એને ખરાબ કેમ કહેવાય?

મુમુક્ષુ :- આભાર માનવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- આભાર માનવો જોઈએ.

એટલે ઉદય માટે 'ભલે પધાર્યા'નું બોર્ડ મારી જ રાખવું. ઉતારવું જ નહિ. આંગણે બોર્ડ મારે છે ને? 'ભલે પધાર્યા'. પછી એમાં એમ લખ્યું છે? કે અમુક જણ ભલે પધાર્યા અને અમુક જણ ભલે ન પધાર્યા - એવું આપણે લખીએ? એવું લખાય? અને લખે તો સારું પણ ન લાગે. બધાને માટે ભલે પધાર્યા એમ જ આપણે કહીએ છીએ. એમ બધા ઉદય ભલે પધારે! આવવા દ્યો!

મુમુક્ષુ :- ભાઈશ્રી! બધા કહે છે ને અમને કોઈ મંત્ર આપો અમારું કલ્યાણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- આ મંત્ર લે! આ મંત્ર છે. મંત્ર તો દેવાવાળા દ્યે છે, પણ લેવાવાળા લ્યે ત્યારે થાયને! એવા સંજીવની મંત્રો છે આ બધા! guaranteed. ક્યાંય તકલીફ પડે તો કહી દ્યો. લાવો! કોઈ જગ્યાએ તમને તકલીફ પડે નહિ. કેવો સરસ માર્ગ છે! કેવો સરસ માર્ગ છે!

નસીબદાર હોયને એ તેજીમાં પણ કમાય અને મંદીમાં પણ કમાય. અમારે એક

સગા છે. બહુ સામાન્ય સ્થિતિમાંથી અત્યારે મોટા કરોડપતિ થઈ ગયા. મુંબઈમાં મોટા કરોડો-કરોડોના બંગલા છે. તો એ કહે અમે તો તેજીમાં પણ કમાઈએ ને મંદીમાં પણ કમાઈએ. કેમકે અમે હૉલસેલમાં લઈને રીટેલમાં વેચીએ છીએ. એટલે મંદી આવે ત્યારે રીટેલના ભાવ ઘટાડીએ નહિ. અમારા ગ્રાહક જ એવા, ભાવ પૂછતા જ નથી. માલ મોકલી દ્યો એટલું જ કહે ટેલિફોનથી. રૂબરૂ માણસ ઉઘરાણીએ જાય ત્યારે એને ઓર્ડર લખાવી દે. અને નહીંતર ઓચિંતી જરૂર પડી હોય તો ટેલિફોન આવી જાય. ભાઈ આટલો માલ મોકલી દેજો. એટલે અમે તો બજારમાંથી નીચા ભાવે ખરીદીને એના એ ભાવે ઠપકારતા હોય. એટલે મંદીમાં વધારે કમાઈએ અમે અને તેજીમાં તો છાપું બોલતું હોય એટલે એને પણ ખબર હોય લેનારને કે ભાઈ બજારમાં તેજી બહુ ચાલે છે. અને એમાં એને એમ કહેતા હોય કે પાંચ ગુણ તારે થોડો માલ વધારે લેવો હોય તો લઈ રાખજે. હમણા બજાર ભાગંભાગી છે. તેજીમાં ઊંચા ભાવે મોકલીએ તો કાંઈ ના પાડે નહિ. મંદીમાં એના એ ભાવ રાખીએ તો કાંઈ કહે નહિ. એમ નસીબદાર બેય બાજુ કમાય. આપણે આમાં બેય નસીબદારી કરી રાખવાની છે. બેય બાજુ લાભ આપણે. ક્યાંય નુકસાન નહિ.

મુમુક્ષુ :- બહેનશ્રીના વચનામૃતમાં એક બોલ આવે છે ને પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો પુરુષાર્થના ઢગલા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગુજરાતીમાં કહેવત છે. પંડ રળે તો પેટ ભરાય. ધન રળે તો ઢગલા થાય. એમ ક્રિયાનો-બાહ્ય ક્રિયાનો પરિશ્રમ કરે કાય યોગથી, તો એમાં માંડ-માંડ થોડી ઘણી કમાણી થાય. એ પણ શાંતિ રાખે તો. પરિણામ બગાડે નહિ તો. પરિણામ ન બગાડે તો. બાકી અંદરના પુરુષાર્થની કળ હાથમાં આવી જાય તો નિર્જરા, ઢગલાબંધ નિર્જરા થાય. ઢગલાબંધ શુદ્ધિ આવે. એમ કહેવું છે. કેમકે પુરુષાર્થ સહજ છે અને કળ એટલા માટે કીધી છે કે એમાં આગ્રહ અને જબરદસ્તી નથી. એ દબાણથી કામ નથી લેવાનું આત્મા ઉપર.

તારો સ્વભાવ સુખી થવાનો છે તો સહેજે-સહેજે સુખી થાને! પરાણે-પરાણે સુખી થાવું એવું કેમ હોય? કે હોય જ નહિ. એ આમ તો એકાંતનો વિષય લીધો, પણ બધી બાહ્ય ક્રિયામાં આમ લઈ લેવું. કોઈપણ બાહ્ય ક્રિયા માટે એમ લઈ લેવું. કે બાહ્ય ક્રિયા છે એ અંતર પરિણામને અનુકૂળ છે. એટલે એને બાહ્ય સાધન પણ શાસ્ત્રમાં કહ્યું છે. પણ બાહ્ય સાધન ક્યારે? કે સાધ્યને અનુસરે ત્યારે. પરિણામ બગડે તો સાધ્ય તો રહ્યું નહિ. આ નિયમ બધે લાગુ પાડવો.

૨૩૦ થયો એ.

પ્રશ્ન :- ક્રમમાં આવી પડેલા ઉદયભાવને આઘા-પાછા કરી શકાતા નથી ને તે વખતે આ બાજુના (તત્ત્વના) વિચાર-મનન તૂટી પડે છે તો શું કરવું?

સમાધાન :- પોતાની ભાવના હોય તો પુરુષાર્થ કરીને પરિણામને પલટાવી શકે છે. જો પરિણામ પલટાવી શકાતાં ન હોય તો અનાદિ કાળથી કોઈ જીવ પુરુષાર્થ કરીને, ભેદજ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત જ ન કરી શકે. પર્યાયનો સ્વભાવ જ પલટવાનો છે. સ્વભાવ તરફ ભાવના કરી સ્વભાવને ગ્રહણ કરે તો વિભાવ પર્યાયનો પલટો થાય. જે પર્યાય આ બાજુ (વિભાવમાં) જાય છે તે પર્યાયને સ્વ તરફ વાળવી તે પોતાના હાથની વાત છે. ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું હોય છે. એકલું ક્રમબદ્ધ હોતું નથી, ક્રમબદ્ધની અંદર સ્વભાવ, પુરુષાર્થ બધું જોડાયેલું હોય છે. જેને વિભાવ સર્વસ્વ લાગે છે અને તેમાંથી છૂટવું ગમતું નથી તેનું ક્રમબદ્ધ પણ એવું છે. જેને વિભાવ રુચતો નથી અને સ્વભાવ જ રુચે છે તેનું ક્રમબદ્ધ તે જાતનું હોય છે. તેની પુરુષાર્થની ગતિ સ્વભાવ તરફ હોય છે, તેનું ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું છે. ૨૩૧.

પ્રશ્ન ૨૩૧ ઉપર પ્રવચન

૨૩૧. **'પ્રશ્ન :- ક્રમમાં આવી પડેલા ઉદયભાવને આઘા-પાછા કરી શકાતા નથી ને તે વખતે આ બાજુના (તત્ત્વના) વિચાર-મનન તૂટી પડે છે તો શું કરવું?'** આ મોટા ભાગના મુમુક્ષુની આ હાલત છે. ઉદય તો આવવાના એ આવવાના. એમાં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ ફેરફાર કરવા સમર્થ નથી. કેમકે પરમાં કોઈનું કાંઈ ચાલતું નથી. ઉદયમાં કોઈનું - જ્ઞાની, અજ્ઞાનીનું કે ભગવાનનું કોઈનું પરમાં ચાલતું નથી.

હવે શું છે કે પોતાની અયોગ્યતા છે, પોતાની અયોગ્યતા છે એને લઈને આ દશા ઊભી થાય છે. જે કાંઈ થોડું-ઘણું ચાલતું હોય એ પણ તૂટી જાય, બંધ થઈ જાય. શું કરવું? એ માર્ગદર્શન માગ્યું છે. શું કરવું? એ પ્રશ્ન કરીને માર્ગદર્શન માગ્યું છે. ચર્ચાઓ બહુ સારી - પ્રયોજનભૂત ચાલી છે. મુમુક્ષુએ પોતાના પ્રયોજનભૂત પ્રશ્નો પૂછ્યા છે અને બહેનશ્રીએ પોતાના અનુભવથી માર્ગદર્શન આપ્યું છે. જુઓ! શાસ્ત્ર આધાર બહુ જ ઓછા લે છે. જુઓ! આ શાસ્ત્રમાં આ જગ્યાએ આમ કીધું છે. (એમ આધાર) બહુ જ ઓછા લે છે.

મુમુક્ષુ :- અનુભવથી ગૅરંટી આપતા જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવની વાત કરતા જાય છે અને અનુભવથી ગૅરંટી પણ આપતા જાય છે. એ માત્ર એક જ્ઞાનીની ગૅરંટી નથી, પણ અનંતા તીર્થંકરોની ગૅરંટી છે. એવી મજબૂત વાત લઈ લેવી. એટલે ક્યારેય શંકા પડે નહિ. જ્ઞાનીની વાતમાં ક્યારેય શંકા ન પડે એવી પરિણતિ હોવી જોઈએ. પરિણતિ થઈ જવી જોઈએ કે આ શંકા કરવાની તો જગ્યા જ નથી. મને ન સમજાય અને મને ન બેસે, મને ન પકડાય તો મારે પ્રયત્ન કરવો રહ્યો. મારી ખામી છે એ મારે દૂર કરવી રહી.

શું લીધું જુઓ! ભાવના લીધી. '**પોતાની ભાવના હોય તો પુરુષાર્થ કરીને પરિણામને પલટાવી શકે છે.**' ગમે તેવા ઉદયમાં. આધાર છે ભાવના ઉપર. આત્મકલ્યાણની ભાવના છે કે નહિ? કેટલી છે? જે ખામી છે એ ભાવનાની છે. આપણે પરિણામની ચર્ચા સાંજે ચાલે છે (એમાં) મોટાભાગે આ ગડબડ આવે છે. પરિણામ અહીંયાં બગડ્યા... પરિણામ અહીંયાં બગડ્યા.. પરિણામ અહીંયાં બગડ્યા.. જે બગડ્યા છે એ બતાવે છે, એની વાત છે. કહેવું પડે છે કે ભાઈ! ભાવના વધારો. ભાવનાની ખામીને લઈને આ ગડબડ થાય છે. અને પોતાને પોતાના આત્મકલ્યાણની ભાવનામાં ખામી શું કરવા પણ? એમાં તકલીફ શું છે? વાંધો શું છે? એ ભાવનામાં શું વાંધો છે?

દીકરાના લગન હોય, કંસાર કરે છે, લાપસી કરે છે અને એની માં ઘી રેડે એમાં શું કરવા ખામી રાખે? ઓછું રેડે? એને એમ થાય કે થોડુંક ઓછું રેડું? ઓછું જાય તો સારું, બચે તો સારું એવો કાંઈ વિકલ્પ આવે ખરો? સરખાયની ધાર કરે અધધધધ.. થાય એવી ધાર કરે. કેવી? અધધધ.. કેવી ધાર કરે? અધધધ... અરે..! બસ.. બસ... બસ.. એટલું બધું નહિ એમ કરવું પડે. એમ તારી ભાવના અધધધ.. થાય એવી હોવી જોઈએ. એટલી આત્મકલ્યાણની ભાવના અંદરથી હોવી જોઈએ કે બીજાને, જોનારને અધધધ થઈ જાય. શું ભાવના છે આની! બસ પછી આ ફરિયાદ નહિ રહે કે મારું વિચાર-મનન તૂટી જાય છે. હું જોડાઈ જાવ છું. મારા પરિણામ બગડી જાય છે એ ફરિયાદ નહિ રહે.

સોગાનીજી લખે છે કે, એક ઓર અધિક ઝુકનેસે દૂસરી ઓર અધિક ઝુકતા નહીં હૈ. દૂસરી ઓર ઝુક નહીં સકતા. કૃપાળુદેવે થોડો સહેલો રસ્તો કાઢ્યો કે તું બહારમાં ઝુકે છોને ઉદયમાં? તો બહારમાં તને એક પકડાવી દે. તું અંદરમાં ઝુકી શકતો નથી એટલે આ તારા અંદરના ફેરફાર (નથી થતાં પણ) બહારમાં તો તું ઝુકી જા છો તો બહારમાં તને પકડાવી દઈએ. એટલે બહારમાં એમણે સત્પુરુષને મૂક્યા. કે જો તને બહારમાંને બહારમાં તો ફેરફાર કરવાનો વાંધો નથી, એ તો કાંઈ એટલું અઘરું નથી.

અંદરમાં તને અઘરું લાગે કામ કરવામાં, બહારમાં તો કાંઈ લાગે નહિ. તો ત્યાં પણ પરિણામ જેના વધારે ઝુકે છે એ પણ ઉદયમાં જોડાતો નથી. તો ગમે તેમ કરીને ઉદયના જોડાણને તોડવું છે - કામ તો એ જ છે. (પણ) યથાર્થ પ્રકાર હોવો જોઈએ. આ યથાર્થ પ્રકાર બીજો છે. કાં તું અંદરમાં આત્મામાં જોડાય જા, અને આત્માનો તને પત્તો ન લાગ્યો હોય અને ભાવનામાં વિશેષ ન રહી શકતો હોય, તો બહારમાં સત્પુરુષમાં જોડાય જા. સત્સંગમાં જોડાય જા, સત્પુરુષમાં જોડાય જા. બાકી તો દુનિયામાં અયથાર્થ પ્રકારે જુદાં-જુદાં નુસ્ખા ઘણાં છે - પણ એ બધા અયથાર્થ છે, યથાર્થ નથી.

કોઈ મરણ પાછળ બારમું-તેરમું કરે છે એ ઉદયમાંથી (જોડાણ) તોડાવા માટેની વાત છે. જોડાણને તોડવાની વાત છે. બીજું કાંઈ નથી. બાકી મરી ગયા એની પાછળ મીઠાઈ ખવાતી હશે? દુનિયામાં કાંઈ suitable થાય એવી વાત છે? કોઈ માણસ મરી ગયું હોય તો ભૂખ ન લાગે, ખાવાનું છોડી દે, એના બદલે મીઠાઈ ખાવાની વાત આવી ક્યાંથી? એ નિમિત્તે બધાને ભેગા કરે, બધાની સાથે વાતચીત થાય, હળેમળે અને ખાય-પીવેને એમ કરતા-કરતા પેલો જે ઉદય છે એને મોળો પાડી દે. પણ એ બધા અયથાર્થ નુસ્ખા છે. નુસ્ખા એટલે તરકીબ. નુસ્ખાને તરકીબ કહે છે. અયથાર્થ તરકીબ છે એ બધી. આ યથાર્થ છે - આ પ્રયોગ છે એ બધા યથાર્થ છે.

મુમુક્ષુને બે આધાર - એક ભાવના અને એક ભક્તિ - બે આધાર છે. પછી એને કોઈ ઉદય કાંઈપણ તકલીફ આપી શકે નહિ. અન્યમાં તો આ નુસ્ખો ધાર્મિક દૃષ્ટિએ પણ ઈશ્વરકર્તાનો પકડે છે. રામ રાખે એમ રહીએ આપણે. ભગવાનની આપણને આવી રીતે રાખવાની ઇચ્છા છે. આપણે ભગવાનની મરજીને (સ્વીકારી લેવી) કે, મારો ભગવાન રાજી, તો એના રાજીપામાં મારો રાજીપો. શું કરે? એ એક વખત એ રીતે પણ કૃપાળુદેવે સોભાગભાઈ માટે વાત લીધી છે. કે જેને ઈશ્વરનો આધાર હોય એને (પ્રારબ્ધની શું ચિંતા હોય?) (સોભાગભાઈને) વિશ્વાસ હતો એટલે એમને એ મુદ્દો પકડાવ્યો.

મુમુક્ષુ :- કેટલા વિચિક્ષણ!

પૂજ્ય ભાઈશ્રી :- હા બહુ વિચિક્ષણ. ટ્રીટમેન્ટ એવી આપતા હતા! ગૃહીત મિથ્યાત્વનું પોષણ નહોતા કરાવતા. એમણે જોયું કે હજી આ ઊખડે એમ નથી. ઈશ્વર ઉપરથી આની આસ્થા ઊખડે એમ નથી અને અત્યારે આપણે ઑપરેશન કરવું છે એ હળવેક દઈને કરવું છે. એટલે જોઈ વિચારીને છરી ચલાવતા હતા. આડેધડ નહિ. બહુ સંભાળ લીધી છે. સંભાળ્યા છે ઘણાં. સોભાગભાઈને બહુ સંભાળ્યા છે. ઉપકારી થયેલાને? એટલે બહુ સંભાળી લીધા છે.

મુમુક્ષુ :- એમને કહ્યું ને કે તમને જ્ઞાનની પ્રાપ્તિ કરાવશું.

પૂજ્ય ભાઈશ્રી :- આ ભવમાં જ! આ ભવમાં જ અમે તમને જ્ઞાન પ્રાપ્તિ કરાવશું એવી અમને હરિએ પ્રેરણા કરી છે. એટલે અમારો આત્મા અંદરથી એમ કહે છે કે આ જીવનો આ ભવમાં જે પ્રત્યક્ષ સુયોગ થયો છે એ જવા દેવો નહિ. જેના નિમિત્તે અમને પરમાર્થનું નિમિત્ત પડી ગયું. એ તો પામવો જ જોઈએને? એ કેમ ખાલી જાય? એવું અંદરથી સક્કડ આવેલું. આત્મામાંથી ઉગેલી વાત એમને. એટલે પછી સંભાળ લેતા હતા દરેક વખતે. એ પણ વળગીને રહેતા હતા.

ઘણો સમાગમ, એમણે ૬૨૯ કે ૬૩૯ દિવસ એમણે પ્રત્યક્ષ સમાગમ કર્યો છે. છ, સાડા છ વર્ષના ગાળામાં એમ માનો કે ૨૩માં વર્ષનો ભાદરવો, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦નો જેઠ. અષાઢ, શ્રાવણ અને ભાદરવો પોણા સાત વર્ષ થયા. પોણા સાત વર્ષના દિવસો ગણો, એમાંથી લગભગ બે વર્ષ જેટલો એમણે પ્રત્યક્ષ સમાગમ કર્યો છે. જુદાં-જુદાં ગામ રહેતા હતા તોપણ! અને ઉદયની સાનુકૂળતા નહોતી તોપણ! વૃદ્ધાવસ્થા, ઘરમાં ખાવાના સાંસા. કેવા? ખાવાના સાંસા હતા. તોપણ એમણે એટલો-ઘણો સમાગમ કર્યો. એટલે એમની યોગ્યતા પણ વિશેષ હતી અને કૃપાળુદેવની કૃપા પણ વિશેષ હતી. એમને એવો જ મેળ હોય. યોગ્યતા અને કૃપાને એવો જ મેળ હોય છે. થઈ ગઈ! અનંતભવની કમાણી કરી લીધી!

એમનું જે એટલું devotion, સોભાગભાઈનું જે devotion હતું એની સામે વળતર શું મળ્યું? કે અનંતભવનો છેદ કરી ગયા. કઈ બાજુનું પલ્લું નમે બોલો હવે? નફો વધે કે નહિ? પોતે જે કાંઈ સમર્પણ કર્યું, ભાવના કરી, એની સામે નફો વધ્યો કે ન વધ્યો? કે બહુ મોટો નફો વધ્યો. કેટલો? એનો હિસાબ કરવા બેસો તો એ અનંતી કમાણી કરી. કેટલી? અનંતી કમાણી એક ભવમાં કરી ગયા. તો કોને લાલચ ન થાય કહો? એવી વાત છે. લાલચ એટલે અહીંયાં ભાવના.

મુમુક્ષુ :- સત્પુરુષની ભક્તિ કરવામાં એટલો બધો ફાયદો છે, એમને સત્પુરુષની ભક્તિ હતીને!

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવી વાત છે. દર્શનમોહને ગાળે છેને! દર્શનમોહને ગાળે છે. આ તો શું કરવું એનો જવાબ છે. કહે છે કે કાં ભાવનામાં આવ અને કાં ભક્તિમાં આવ! અને પછી ભાવના અને ભક્તિ બે જુદી-જુદી નહિ રહે. ભાવનાથી જ ભક્તિ ઉત્પન્ન થાય છે. પાયાની વાત તો ભાવનાની છે. બાકી ભક્તિમાં તો કો'ક ભૂલ પણ ખાઈ જાય છે. ભક્તિમાં તો ભૂલ ખાઈ જાય છે. કોઈ સકામ ભક્તિમાં આવી જાય છે. કોઈ દેખાદેખીથી ભક્તિમાં આવી જાય છે. કોઈ ભાવના વિનાની ભક્તિમાં હોય

છે. તો એ બહારનું જે devotion છે એ એને પોતાને કામમાં આવતું નથી. પાયાની વાત તો ભાવનાની છે. બહેનશ્રીએ ભાવનાની વાત લીધી છે. પછી ભક્તિ તો એમાંથી develop થયેલી વાત છે. યથાર્થ પ્રકારની ભાવના હોય તો એનું જે development થાય એમાં ભક્તિનું સ્ટેજ આવી જાય. એમ.

હવે ક્યા શાસ્ત્રમાં ભાવનાની વાત લખી છે? કાંઈ આધાર નથી આપતા. જુઓ આ શાસ્ત્રમાં ભાવનાની વાત લખી છે. પોતાનો પાયો ભાવનાનો હતો. જ્યારથી એમણે એ નિર્ણય કર્યો, નિર્ધાર કર્યો કે બસ આત્મકલ્યાણ કરવું છે જીવનમાં. ઘર છોડ્યું એનો અર્થ એ છે કે સંસાર છોડ્યો હતો! ઘર છોડ્યું હતું ત્યારે શું છોડ્યું હતું એમણે? સંસાર છોડ્યો હતો! નિર્ધારમાં એ વાત હતી કે આ સંસાર હવે આ આત્માને ન જોઈએ તે ન જોઈએ. બસ! એ ભાવના લઈને નીકળેલા અને એ ભાવનાથી પામ્યા. શું કરવું? (તો) એમ નથી કહેતા કે મેં ભાવના કરી હતી માટે તું કર! પણ સમજવાનું એમ છે. ભલે કહેતા નથી એમ કે મેં આમ કર્યું હતું ને તું આમ કર, પણ સમજવાનું એમ છે કે એમણે પોતે પણ જીવનમાં એમ જ કર્યું છે.

'જો પરિણામ પલટાવી શકાતાં ન હોય તો અનાદિ કાળથી કોઈ જીવ પુરુષાર્થ કરીને, ભેદજ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત જ ન કરી શકે.' પરિણામ તો અમસ્તા પણ પલટતી ચીજ છે. પરિણામ તો પલટતી ચીજ છે. એનો ક્યાં શાશ્વત પાયો હતો? એનો કોઈ સ્થાયી પાયો તો છે જ નહિ. એ તો પલટતી ચીજ છે. હવે એ પલટતી ચીજને યથાર્થ પ્રકારે કેમ પલટાવવી? એટલું જ જોવાનું છે. એટલે એ શક્ય છે. બીજા વચનમાં એમ લીધું છે કે એ શક્ય છે કે, આવા વિચાર, મનન તૂટી પડે છે એ ન તૂટે એવું કરવાની શક્યતા છે. જે ઉદયમાં ચાલી જવાય છે એ પરિણામને પલટાવી શકાય છે. અને જો ન પલટાવી શકાતા હોય તો કોઈ સમ્યગ્દર્શન પ્રાપ્ત જ ન કરી શકે, કોઈ પુરુષાર્થ જ ન કરી શકે, કોઈ ભેદજ્ઞાન જ ન કરી શકે. પુરુષાર્થ, ભેદજ્ઞાન, સમ્યગ્દર્શન એ તો એક જ પર્યાયના બધા પાસા છે.

હોંશિયાર વિદ્યાર્થી છે એ એમ વિચારતો હોય છે કે પેલો આટલા માર્કસ લાવી શકે છે ને હું શું કરવા ન લાવી શકું? એ પણ રોટલી, દાળ-ભાત, શાક ખાય છે અને હું પણ રોટલી, દાળ-ભાત, શાક ખાઉં છું. એ કાંઈ સોનાના બિસ્કિટ નથી ખાતો. અને એને પ્રેરણા પણ એવી રીતે આપે એના વડીલો કે, એ પણ ધાન ખાય છે, તું કાંઈ ધૂળ થોડી ખા છો? તું પણ ધાન ખાય છે અને એ પણ ધાન ખાય છે. એ કરી શકે અને તું ન કરી શકે? ચાનક ચડવું જોઈએ. બીજા કરી શકે, બીજા બધા મારાથી આગળ, હું એથી આગળ કેમ ન જાવ? ઈર્ષ્યા નથી કરવાની. મારે પ્રમોદીત

થઈને એથી આગળ જવાનું છે. ઈર્ષ્યા કરે તો પાછળ જાય. પ્રમોદ લાવે તો આગળ જાય. ચાનક ચડવું જોઈએ.

એટલે કોઈ આગળ ગયા હોય એ પ્રેરણાનું સ્થાન બનવું જોઈએ, પ્રેરણાનું નિમિત્ત બનવું જોઈએ. એ કરી શકે અને હું શું કરવા ન કરી શકું? કાંઈ કારણ ખરું? અને કરવા ધારે છે, નિર્ધારિ કરે છે એ જરૂર કરી જાય છે. જીવ કરવા ધારતો નથી માટે થાતું નથી. કેમ થાતું નથી? કરવા ધારતો નથી. બાકી અનંતી શક્તિ પડી છે. અમથો-અમથો રોવાની વાત કરે છે કે મારી તૂટી જાય છે ને છૂટી જાય છે. અનંતી શક્તિ લઈને બેઠો છો. મચ્છરાથી બીવે છે! હાથી થઈને મચ્છરાથી બીવે છે! એના જેવી વાત છે આ.

મુમુક્ષુ :- ઢગા આત્મા છો કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- તો! ગુરુદેવ એમ જ કહેતા, એમ કે આવો મહાન છો! ઢગો એટલે આવો મહાન છો. અનંતગુણનો ઢગલો છો માટે તું ઢગો. તો શું કરવા આવી રીતે તું રોવે છે? એવું બને છે. psychology છે. કેટલાક ગાંડા માણસ હોય, ઓછી બુદ્ધિવાળા હોય ને ગાંડા થઈ ગયા હોય તો નાના-નાના છોકરા એને સતાવે. અને છોકરો આમ કરે તો ભાગવા માંડે ને રોવા માંડે. એ મોટાને કહે કે આને છોકરાને લઈ જાને મને મારે છે, મને મારે છે. પણ તું આવડો મોટો ઢગો છો, તને મારે છે? જરાક આંખ કાઢ તો ભાગી જશે. એવું છે.

મુમુક્ષુ :- આપ કહેતાને રોતલનું કામ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. રોવાવાળાનું કામ જ નથી. રોતા રોતા આવવું જ નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હમણાં આપે વાત કરી કે ઉદયને અયથાર્થપણે મંદ કરી શકાય છે, એમાં કોઈ બીજા પ્રકાર હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- આ બધા ખોટા નુસ્ખા. એટલે ખોટા નુસ્ખા કોઈએ ન લેવા. એમ યથાર્થ પ્રકાર બે જ છે. ભાવના અને સત્પુરુષ. બીજું અવલંબન ન લેવું એમ.

મુમુક્ષુ :- એના સિવાયનું જે કાંઈ થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું કોઈ ખોટું અવલંબન ન લેવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ક્યા કહા સમજમેં નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયમેંસે પરિણામ હટાના હો તો દો અવલંબન લેના - ભાવના ઔર સત્પુરુષકા - દો હી. કોઈ ખોટા તીસરા અવલંબન નહીં લેના. દૂસરા આધાર લેનેસે પરિણામકો ફીરા દેના, ઘુમા દેના વહ નહીં કરનેકા.

મુમુક્ષુ :- અયથાર્થ અવલંબન કિસ પ્રકારસે લેતે હૈં?

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા કોઈ ન કોઈ બાત લે લેતે હૈં. તીસરી કોઈ ભી બાત ઉઠા લેતે હૈં. જૂઠા સમાધાન કરે. જૈસે હોનેવાલા હો ગયા ક્યા કરે? ચલો છોડો! હોનેવાલા હો ગયા યે તુમ્હારે (લિયે) અવલંબન લેનેકા વિષય નહીં હૈ. અપનાપન તો રખે ઔર હોનેવાલા હો ગયા. જૂઠા સમાધાન હૈ. ઐસા નહીં (લેના) હૈ.

મુમુક્ષુ :- આમ લાગે એવું કે સાચી સમજણનો આધાર લીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- આધાર લીધો છે, પણ અંદર ગડબડ હોય છે.

મુમુક્ષુ :- ખરેખર તો પોતાપણું મૂકવાનો પ્રસંગ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- એમ આધાર લે ને 'જે થાય એ સારા માટે'.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનેક પ્રકાર છે એવા.

આશય :- (૨૩૦) :- **કોઈપણ બાહ્યક્રિયા એકાંત આદિ ભાવનાનો વિષય હોવો ઘટે છે, આગ્રહનો નહિ. ભાવના અને આગ્રહમાં તફાવત છે. ભાવનાવાળાનું વજન અંતર પુરુષાર્થ બાજુ જાય છે. તેથી તે આત્મકલ્યાણમાં આગળ વધે છે. આગ્રહ-વાળાને કષાય ઉત્પન્ન થાય છે. અને તે તત્ત્વથી દૂર જાય છે.**

❁

પ્રત્યક્ષ પ્રકાશમાન, પરમ શુદ્ધ, નિરાવરણ, જ્ઞાનાનંદઘન, ધ્રુવ, પરમપદ, પરમ મહિમા સ્વરૂપની આત્મભાવનાથી ઉપાદેયતા થાય છે, ઉપાસના થાય છે અને તે જ જિનેશ્વરની આજ્ઞા છે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(અનુભવ સંજીવની-૫૫)

તા. ૧૭-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૧
પ્રવચન નં. ૧૭૩

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૧. પ્રશ્ન-૨૩૧. સામાન્યપણે બધાને મૂંઝવતો આ પ્રશ્ન છે. ઉદયભાવ થયા કરે છે એમાં તો કાંઈ ફેરફાર કરી શકાતો નથી. અમારું જે તત્ત્વ વિચારનું ચિંતન-મનન છે એ છૂટી જાય છે. ઉદયમાં જોડાઈ જઈએ છીએ. વાત સાંભળવા છતાં સાંભળીને સંમત કરવા છતાં એટલે વાત બેઠી છે એને પણ આ પરિસ્થિતિ છે. કેટલાકને વાત બેસતી નથી. શ્રવણયોગ મળે છે, (પણ) વાત બેસતી નથી, છૂટી જાય છે. કેટલાકને કેટલીક વાત બેસે છે, કેટલીક વાત નથી બેસતી એ પણ છૂટી જાય છે. એમ સત્સંગમાં બે પ્રકારના જીવો ટકી શકતા નથી.

હવે જે સત્સંગમાં ટકે છે એ પણ ભાવનાની ખામીને લઈને અથવા માત્ર ઉપર ઉપરની ભાવનાને લઈને સાંભળે છે ત્યારે સાંભળે છે, ઠીક લાગે છે. ગમે છે એટલે વારંવાર સાંભળે છે, પણ ઉદયમાં એકાકાર થઈ જાય છે. વચ્ચે આ વિચાર આવતો નથી. એવા કેટલાક જીવો હોય છે. કેટલાક જીવોને ઉદયમાં ક્યારેક ક્યારેક વિચાર આવે છે, એવા કેટલાક જીવો હોય છે. કેટલાક જીવો સતત વિચારમાં રહેવાનો પ્રયત્ન કરે છે અને પાછા એને તૂટી જાય છે. આ એનો પ્રશ્ન છે, ત્રીજા ક્લાસનો. ત્રીજા વર્ગનો પ્રશ્ન છે. પેલા બે વર્ગની તો કાંઈ ચર્ચા કરવાની જરૂર નથી.

જે સત્સંગમાં આવ્યા પછી સત્સંગમાં ટકી ન શક્યા એ તો ગયા પાછા સંસારના સમુદ્રમાં આઘે નીકળી ગયા. હવે જે કાંઠે છે એમાં આવા બધા પ્રકાર છે. કે આગળ વધે તો તરી જાય. નહિતર વળી પાછા સંસાર સમુદ્રમાં ધકેલાઈ જાય. તો એમાં કેટલાક સાંભળીને પાછા ઉદયમાં એવા એકાકાર થાય છે કે સાંભળ્યું એ ક્યાંય રહી ગયું અને આખો દિવસ પોતાના ઉદયભાવોમાં રચ્યા-પચ્યા રહી ગયા. વળી પાછું ચોવીસ કલાકે સ્વાધ્યાયનો પ્રસંગ આવ્યો અને વળી પાછા બેઠા, ત્યાં બુદ્ધિ લગાવી, કાંઈક ગમ્યું, પાછું પૂરું થયું એટલે વાત પૂરી થઈ ગઈ જાણે. કોઈ કોઈને થોડો વિચાર ચાલે છે, પણ ઉદયમાં વધારે રહે છે. કોઈ કોઈને ઘણો વિચાર ચાલે છે, સારો એવો વિચાર ચાલે છે, પણ પાછું છૂટી જાય છે. આ ત્રણે પ્રકાર હોવાનું કારણ ઉપર-ઉપરની ભાવના છે. શું છે? ઉપર-ઉપરની ભાવના છે.

જો પોતાની અંદરથી ભાવના હોય તો... હવે ઉત્તર શું આપ્યો બહેનશ્રીએ? કે

જો પોતાની અંદરથી ભાવના હોય તો ભાવનાની સાથે પુરુષાર્થ હોય, ભાવનાની સાથે લગની હોય અને લગનીની સાથે પુરુષાર્થ હોય છે. યથાર્થ ભાવનાનું લક્ષણ શું લીધું છે એમણે? પુરુષાર્થ અને લગની. પુરુષાર્થને કદાચ કોઈ ન સમજી શકે તો લગનીને તો સમજી શકે એવી એ feeling વાળા પરિણામો છે. લગનીની પરિણતિ છે એ જરા feeling વાળી, ઉગ્ર feeling વાળી છે. એને તો સમજી શકે. કે પાછળ લાગ્યા જ કરે, પાછળ લાગ્યા જ કરે. તો એ પરિણામને પલટાવી શકે છે. એટલે ઉદયભાવને આઘા-પાછા નથી કરી શકાતા એવું નથી. ઉદયભાવ ક્રમમાં ચાલ્યા આવે છે. એ ક્રમને તોડી શકાય છે એમ કહે છે. ઉદયને ફેરવી નથી શકાતો.

જે સંયોગોરૂપ ઉદય છે એને નથી ફેરવી શકાતા, પણ એને અનુસરતા પોતાના ભાવો છે એને ફેરવી શકાય છે. લોકો એમ કહે છે કે આપણા જે કાંઈ ઉદય આવવાના હોય એમાં આપણે પુરુષાર્થ કરીએ તો આપણો પુરુષાર્થ કામ લાગે કે ન લાગે? જેમકે વેપાર કરીએ, વધારે વેપાર કરીએ તો વધારે કમાઈએ કે ન કમાઈએ? અથવા માંદગી આવવાની ખબર પડે અને પહેલેથી દવા લઈ લઈએ તો મટે કે ન મટે, આવવાનું બંધ રહી જાય કે ન રહી જાય? અથવા ચાલતી માંદગી હોય એમાં દવા કરીએ તો એ માંદગી મટાડી શકાય કે ન મટાડી શકાય? આપણે પુરુષાર્થ કરીએ તો આ બધો ફેરફાર ઉદયમાં કરી શકીએ કે ન કરી શકીએ? કે ઉદયમાં (ફેરફાર) ન કરી શકીએ.

શરીરના એક રજકણને પણ આપણે ફેરવી ન શકીએ. અને બહારના પુદ્ગલ પરમાણુના જથ્થાને પણ આપણે ન ફેરવી શકીએ. પણ પુરુષાર્થ કરીને આપણા ભાવને ફેરવી શકીએ. ઉદયભાવને ફેરવી શકાય-પલટાવી શકાય, ઉદયને પલટાવી શકાય નહિ. અને જે કાંઈ તકલીફ થાય છે એ ઉદયભાવથી થાય છે, ઉદયથી નહિ. શેનાથી તકલીફ થાય છે? જીવને દુઃખ શેનાથી થાય છે? ઉદયને લઈને કોઈને દુઃખ નથી, ઉદયભાવને લઈને દુઃખ છે.

એક બહુ સારો દૃષ્ટાંત છે. એક માણસ હૉસ્પિટલના જનરલ વૉર્ડના ખાટલા ઉપર હતો. એને બે પ્રકારે ઉદયભાવ ચાલતા હતા. એમાં એક ઉદયભાવમાં એ પોતાને સુખનો અનુભવ કરતો હતો અને એક ઉદયભાવમાં એ દુઃખનો, એ જ સ્થિતિમાં દુઃખનો અનુભવ કરતો હતો. કેવી રીતે? કે કેટલાક દર્દીઓને ખાટલા નહોતા મળ્યા એટલે ભોંયપથારીએ નાખ્યા હતા. નાખે છે કે નહિ હૉસ્પિટલમાં? જગ્યા ન હોય, ખાટલા પૂરા ન હોય તો લોબીમાં નાખી દે, નીચે નાખી દે. એ એના સામું જોવે ત્યારે એમ કહેતો હોય કે આપણે સુખી છીએ લ્યો! આપણને ખાટલો મળી ગયો. આ લોકોને બિચારાને ખાટલો પણ મળ્યો નથી. આપણે સારું છે લ્યો! પણ પાછો સામે પેલા સ્પેશ્યલ રૂમ

હતા. એ.સી.રૂમ અને બધા સ્પેશ્યલરૂમો હતા. ત્યાં જોવે તો એમ લાગે કે આપણે કમનસીબ છીએ. આ લોકો કેવા ભાગ્યશાળી છે! એને સ્પેશ્યલ બધી ટ્રીટમેન્ટ મળે છે. એને બાથરૂમ, લેટ્રીન બધું સુવાંગ, આપણે બધું કોમન. હવે ત્યાંને ત્યાં બેઠો-બેઠો ઘડીકમાં દુઃખી થાય છે અને ઘડીકમાં સુખી થાય. ઉદય એનો એ જ છે. ઉદયમાં કાંઈ ફેરફાર થયો નથી. એક સેકન્ડમાં સુખી અને દુઃખી થાય છે. ઉદયને લઈને જો સુખી-દુઃખી થતો હોય તો આ દશા ન થાય. જે કાંઈ છે એ ઉદયભાવની તકલીફ છે.

મુમુક્ષુ :- ઉદય તો હંમેશા મિશ્ર જ રહેવાના.

પૂજ્ય ભાઈશ્રી :- બધાને આ ઉદય રહેવાનો. ઉપરવાળા પણ હોવાના અને નીચેવાળા પણ હોવાના. તમારો કોઈપણ ઉદય જુઓ તો એથી ઉપરવાળા અને નીચેવાળા બેય ક્લાસ મળવાના તમને.

તમારા ધંધામાં - તમારા વ્યવસાયમાં, તમારાથી અધિક કમાણી કરનારા પણ એ જ વ્યવસાયમાં અને તમારાથી ઓછી કમાણી કરનારા પણ એ જ વ્યવસાયમાં પ્રત્યક્ષ જોવા મળશે તમને. નોકરી કરતો હોય એ એના સાહેબ સામું જોવે એ (તો એમ થાય કે) આને સારું છે. એરકન્ડીશન ઑફિસમાં કલમના જોરે કામ કરે છે અને આપણા ઉપર સત્તા ચલાવે છે અને આપણે મજૂરી કરીએ છીએ. અને એથી વધારે મજૂરી કરતો હોય અને ઓછો પગાર મળતો હોય તો આના કરતા તો આપણે સારું છે. આના કરતા તો આપણે સારું છે. એટલે સંસારમાં તો એક ભંગિયાથી માંડીને રાષ્ટ્રપ્રમુખ સુધીની ડિગ્રીઓ છે બધી. શેરી વાળવાના ભંગિયાથી માંડીને.. આ સવારમાં વાળતા હોય છે ને કે નહિ આપણે સર્કલ પાસે જતા હતા વાળતા હતા કે નહિ સાવરણા લઈને? ત્યાંથી માંડીને રાષ્ટ્રપ્રમુખ સુધીના માણસો છે.

તારા ઉદયભાવમાં તને તકલીફ છે. યથાર્થ પ્રકારે, સમ્યક્ પ્રકારે ઉદયભાવને પલટાવ. એને પલટાવી શકાય છે એમ કહે છે. પ્રશ્ન કરનારની ભૂલ શું હતી આમાં? કે ઉદયભાવને આઘા-પાછા કરી શકાતા નથી અને અમારું વિચાર-મનન તૂટી જાય છે - ખોટી વાત છે. ઉદયને આઘો-પાછો નથી કરી શકાતો (પણ) ઉદયભાવને જરૂર આઘા-પાછા કરી શકાય છે. વેદનામાં આવવાનો અર્થ શું છે? કે જો જીવને સંસાર પરિભ્રમણની ચિંતા થાય કે અરે..! મારા અનંત જન્મ-મરણ છે, એને મટવાનું મેં કોઈ હજી સુધી સાધન કર્યું નથી. અનંતકાળથી જન્મ-મરણ કરીને દુઃખી થઈ રહ્યો છું, હજી સાધન નહિ કરું તો દુઃખી થઈ જઈશ. એ ચિંતામાં આવે ત્યાં પેલા ઉદયભાવ તો બધા ગયા. ગયા કે ન ગયા? પછી લગની ઊપડે. પૂર્ણશુદ્ધિનું ધ્યેય બાંધીને લગની ઊપડે, ભાવના ઊપડે

એટલે બધા ઉદયભાવમાં જોડાવાનું બંધ થઈ જશે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષ આ બધા ઉદયભાવમાંથી (છોડાવા) માટેના જ સાધનો છે. પણ પારમાર્થિક દૃષ્ટિકોણ અપનાવીને. સાધ્ય કરીને. નહિતર રૂટિનમાં આવી જશો. સત્સંગ પણ રૂટિન થઈ જશે. દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા પણ રૂટિન થઈ જશે. એ ધ્યાન રાખવાનું.

કહે છે કે '**ભાવના હોય તો પુરુષાર્થ કરીને પરિણામને પલટાવી શકે છે. જો પરિણામ પલટાવી શકાતાં ન હોય તો...**' બહુ સરસ મોટો તર્ક આપ્યો છે કે '**જો પરિણામ પલટાવી શકાતાં ન હોય તો અનાદિ કાળથી કોઈ જીવ પુરુષાર્થ કરીને, ભેદજ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત જ ન કરી શકે.**' તો તો પછી એને ઉદયમાં જોડાવું જ રહ્યું. આ લોકો સંપ્રદાયમાં એમ કહે છે. રામસુરી સાથે ચર્ચા થયેલી પાલિતાણામાં ત્યાં કે, તમારી કાર્યપદ્ધતિ શું છે? તો કહે જુઓ અમે ઉપવાસ કરાવીએ છીએ. શું કરાવીએ છીએ? ઉપવાસ એક તપ છે અને તપથી કર્મની નિર્જરા થાય છે. જો માણસ તપ ન કરે તો ઉદયમાં નવા કર્મ બાંધશે. એમણે એ નુસ્ખો પકડ્યો.

પછી (મેં) તર્ક આપ્યો કે ઉપવાસ કર્યા પછી એને ભૂખ લાગશે અને પરિણામ બગડશે ત્યારે કર્મ બાંધશે કે નહિ બાંધે? તમે ઉદય ફેરવ્યો છે. ખાવાનો ઉદય ફેરવ્યો છે. ઉદયભાવ ફેરવ્યો નથી. ઉદયભાવને ફેરવવો જોઈએ. અને એ તો તમે માનો છો કે ઉદય અમે ફેરવ્યો છે (પણ) ખરેખર તે કાળે ભોજન આવવાનું નહોતું, (ઉદયમાં) તમે ફેરફાર નથી કરી શક્યા.

મુમુક્ષુ :- ભૂખ્યા રહેવાનો ઉદય હતો એમનો.

પૂજ્ય ભાઈશ્રી :- તમારો ભૂખ્યા રહેવાનો ઉદય હતો. તમારા પરિણામ શું થાય છે? અમારું વજન પરિણામ ઉપર છે. તમારું વજન બાહ્ય ક્રિયા ઉપર છે. આ જ ફેર છે. એ નુસ્ખા પકડે છે. જેને પોતાના ઉપાદાનનો ખ્યાલ ન હોય એ બહારની ક્રિયામાં યુક્તિ-પ્રયુક્તિ યોજીને એવી યોજનાઓથી મને લાભ થશે એવી મિથ્યા માન્યતામાં, ભ્રાંતિમાં પડી જાય છે.

અહીંયાં કહે છે કે ઉદયભાવને યથાર્થ પ્રકારે પલટાવી શકાય છે. ભાવનામાં આવી, ભાવનાપૂર્વક પુરુષાર્થ કરે, પુરુષાર્થપૂર્વક ભેદજ્ઞાનનો પ્રયોગ કરે, ભેદજ્ઞાનપૂર્વક સ્વાનુભવ-સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે. અનેક જીવોએ આ કામ કર્યું છે. તું પણ કરી શકે છો.

વળી '**પર્યાયનો સ્વભાવ જ પલટવાનો છે.**' કોઈ પર્યાય સ્થાયી નથી. રાખવા માગે તોપણ રહી શકે એમ નથી. એનો સ્વભાવ તો પલટવાનો છે અને યથાર્થ કાર્યપદ્ધતિ અંગીકાર કર તો એની સિદ્ધિ થાય! તો એની સિદ્ધિ થાય! '**સ્વભાવ તરફ ભાવના કરી સ્વભાવને ગ્રહણ કરે...**' હવે શું લીધું? આગળની એક વાતનું અનુસંધાન લઈએ

અહીંયાં. ૨૨૯માં ચોથી લીટી છે. '**સત્પુરુષના આશ્રયપૂર્વક પોતાની વિચારશૈલીથી પોતે નિર્ણય કરીને આત્મસ્વભાવ ગ્રહણ કરવો.**' આ સ્વભાવને ગ્રહણ કરવા માટે કેવી-કેવી વાતો ક્યાં-ક્યાં કરી છે એ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. કેમકે એમણે એમ કહ્યું કે સત્સંગમાં સ્વભાવ એટલે આત્મા કેવી રીતે ગ્રહણ થાય એ લક્ષ રાખવાની વાત છે. તો ઉપરમાં સ્વભાવ કેવી રીતે ગ્રહણ થાય? એનો જવાબ આપ્યો છે.

એવા જ પરિણામ વખતે બીજા કેવા પરિણામ હોય એ પાછો અહીંયાં બીજે જવાબ આપ્યો ૨૩૧માં. ૨૨૯માં એક જવાબ આપ્યો. સત્પુરુષના આશ્રય વખતે, પોતાની સ્વતંત્ર વિચાર શૈલીથી નિર્ણય કરતી વખતે સાથે-સાથે કેવા પરિણામ હોય? કે સ્વભાવ તરફની ભાવના હોય. હવે એમ કરો નોટ કરતા જાવ કે સ્વભાવ ગ્રહણ કરવામાં બહેનશ્રી કેવી કેવી વાતો કરે છે? અથવા શું directives આપે છે.

સ્વભાવ ગ્રહણ કરવાના ભાવોના પ્રકારો :- ઠીક! આ બધું એક સાથે હોય છે. કહેવામાં ક્રમ પડે છે. એટલે જુદી-જુદી વખતે જુદી વાત આવે છે. એ તો પોતાના અનુભવથી વાત બતાવતા જાય છે. આમ પણ હોય છે, આમ પણ હોય છે, આમ પણ હોય છે અને હોય છે બધું એક સાથે. એમ સમજવાનું છે. (૧) સત્પુરુષના પ્રત્યક્ષ સમાગમમાં આશ્રય ભાવના, આશ્રયબુદ્ધિ, ઉપકારબુદ્ધિ, પરમ વિનય અને પરમ ભક્તિ. તે દી' બધી વાત ચાલી હતી. બોલ ચાલ્યો ત્યારે આ બધી વાત. સ્વતંત્ર નિર્ણય શક્તિ, સ્વતંત્ર વિચારશૈલી અને પ્રયોગથી નિર્ણય. (૨૨૯ બોલ).

પછી બીજામાં. સ્વભાવની ભાવના :- એમાં બે ભેદ છે. સ્વભાવ ઓળખ્યા પહેલા સ્વભાવ પ્રાપ્તિની ભાવના. અને સ્વભાવની ઓળખાણ-ભાવભાસનપૂર્વક સ્વભાવની ભાવના - (૨૩૧). એટલે હવે સ્વભાવગ્રહણ કરવાની જ્યાં-જ્યાં વાત આવે ત્યારે આ વિષયની ચર્ચા લેવાની. અહીંયાં નવું શું આવ્યું? વિશેષ શું આવ્યું? વિશેષ શું આવ્યું? મળશે ઘણું. subject ઉપર કહેનારની mastery છે. અનુભવ હોવાથી mastery છે. એટલે ક્યારેક ક્યારેક જે જે પડખા જ્ઞાનમાં આવે એ નીકળી જાય.

મુમુક્ષુ :- આશ્રયબુદ્ધિ મતલબ?

પૂજ્ય ભાઈશ્રી :- આશ્રયબુદ્ધિ માને આશ્રયકા અભિપ્રાય. આશ્રયભાવના માને જબ પ્રત્યક્ષ આશ્રય નહીં મિલે તો ક્યા હોગા? કિ ભાવના રહેગી. મુઝે કબ યોગ મિલે? મુઝે કબ પ્રત્યક્ષ યોગ મિલે? પ્રત્યક્ષમેં તો આશ્રય બુદ્ધિ સે આશ્રય કરતા હી હૈ. ઔર પરોક્ષતામેં ભાવના કરતા હૈ. તો આશ્રયબુદ્ધિ નિરંતર રહેતી હૈ constant. ભાવના પરોક્ષતામેં હોતી હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિણામ થાય છે એ તો નિમિત્ત છે. જે કાળે જે થવાના

એ પરિણામ થવાના જ છે તો ...

પૂજ્ય ભાઈશ્રી :- પલટાવી શકાય છે. બેય વાત છે. નિયત પણ છે અને પલટાવી પણ શકાય છે. નિયત છે એમાં સ્થિર રહેવાય તો જીવ પરિણામનો પણ જ્ઞાતા-દષ્ટા થઈ જાય. પરિણામને પરતત્ત્વ તરીકે જોવે છે. એ એક સ્ટેજ છે જ્ઞાનદશામાં કે જ્ઞાની પરિણામને આઘા-પાછા નથી કરતા. રાગ કાઢવો પણ નથી, રાગ મટાડવો પણ નથી. રાગ કરવો તો નથી જ. મટાડવો પણ નથી. ફેરવવો પણ નથી. એ પણ એક સ્ટેજ છે. બેયના જ્ઞાતા-દષ્ટા થઈ ગયા છે. એ પણ જૈન તત્ત્વજ્ઞાનનો બહુ સારો સુંદર વિષય છે. એ પ્રકરણો આપણે નથી ચાલતા અત્યારે. એટલે એ વાત નથી લેતા આપણે.

અહીંયાં નીચેની ભૂમિકામાં મુમુક્ષુ જ્ઞાતા-દષ્ટા થયો નથી અને જો એ અવલંબન લે કે પરિણામ તો નિયત છે, પલટાવી શકાતા નથી તો સ્વચ્છંદમાં ચાલ્યો જાય. એટલે એ અત્યારે જાણવાનો વિષય છે, અવલંબન લેવાનો વિષય નથી. સ્વરૂપના અવલંબનમાં આવીને જ્ઞાતા-દષ્ટા થઈ જાય (પછી) વાંધો નથી. મૂક પર્યાયની પંચાત! હું મારા સ્વરૂપમાં લીન છું, હું મારા સ્વરૂપમાં લીન છું, જ્ઞાતા-દષ્ટા છું. પર્યાયનું મારે કાંઈ કામ નથી. પર્યાયની દુષ્ટચિંતા મારે કરવાની રહેતી નથી. દુષ્ટ ચિંતા કીધી છે એને. પણ એ દ્રવ્યદષ્ટિ પ્રગટ્યા પછી એવી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી ઉપયોગમાં?

પૂજ્ય ભાઈશ્રી :- ભલે બહારમાં હોય તોપણ વાંધો નહિ. તોપણ. સ્વરૂપમાં જ્ઞાતા-દષ્ટાપણું આવી ગયું પછી પરિણામની ચિંતા કરવાની એને જરૂર રહેતી નથી. કેમકે એ જ્ઞાતા-દષ્ટા રહેવાનો positive sideથી જ પુરુષાર્થ કરે છે. જોકે વચ્ચે પેલું આવી જાય છે, પણ મુખ્ય પુરુષાર્થ એનો અસ્તિનો હોય છે, નાસ્તિનો વિષય આવી જાય છે જ્યાં સુધી નાસ્તિના પરિણામો ચાલુ છે ત્યાં સુધી વચ્ચે વચ્ચે આવ્યા વગર એને પણ રહેતો નથી, જ્ઞાનીને પણ રહેતો નથી.

મુમુક્ષુ :- રામચંદ્રજી લક્ષ્મણને ખભે લઈને ફરતા હોય તો એ પરિણામને પણ કાઢવાના નથી?!

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.

મુમુક્ષુ :- અસ્તિના પુરુષાર્થમાં હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અસ્તિના પુરુષાર્થમાં હોય છે. એવી પણ એક વાત છે. એક ભાઈ બહુ કડક શબ્દોમાં આ વાત રજુ કરતા હતા, કે ભાઈ જેમ ઘરે લગ્ન હોય ત્યારે મોકાણ માંડીને ન બેસાય. ઘરે લગ્નપ્રસંગ હોય ત્યારે કાંઈ મોકાણ માંડીને ન બેસાય. મોકાણ સમજ્યાને? કોઈ મર જાતા હૈ તો રોનેકો મોકાણ કહતે હૈં. આપકી

ભાષામાં હોગા. મારવાડીમેં હોગા મોકાણ. એ એમ જ કહે કે, તો હવે અમે દ્રવ્યના લગન લીધા છે, પર્યાયની મોકાણ ન હોય હવે. એટલે કોઈ પર્યાયની વાત કરે તો પર્યાયની મોકાણ માંડોમાં હવે. અહીં દ્રવ્યના લગન લીધા છે અત્યારે. એના ગીત ગાવ. દ્રવ્યના ગીત ગાવ. એમ પણ એક સ્ટેજ છે. અને તત્ત્વજ્ઞાનનો વિષય અને ઉપદેશ અનેક સ્તરે છે. ભિન્ન-ભિન્ન સ્તરનો ઉપદેશ પ્રવર્ત્યો છે. ભગવાન તીર્થંકરદેવની વાણીથી, ગણધરદેવની વાણીમાં, આચાર્યો-શ્રીગુરુઓની વાણીમાં, સત્પુરુષની વાણીમાં ભિન્ન-ભિન્ન સ્તરે ઉપદેશ પ્રવર્ત્યો છે.

આ જીવે પોતાની ભૂમિકાને યોગ્ય શું ગ્રહણ કરવું? મારું પ્રયોજન કેવી રીતે સધાય? એટલું લક્ષમાં રાખીને ઉપદેશને ગ્રહણ કરવા યોગ્ય છે. નહિતર શાસ્ત્ર શસ્ત્ર થઈ પડે. સોનાની છરી સુંદર-બહુ સરસ હોય, ભેટમાં ટીંગાડી હોય તો શોભા થાય પણ પેટમાં મારી હોય તો મરી જાય. બાજુ બાજુમાં જ છે ભેટ અને પેટ. એવું છે આ તો. વાત સુંદર છે. પણ ક્યાં એને રાખવી એમાં ગુરુગમ જોઈએ, એમાં સત્સંગ જોઈએ. નહિતર ઓડનું ચોડ વેતરાઈ જતા વાર લાગશે નહિ.

મુમુક્ષુ :- જો એકાંતે એમ જ હોય કે પરિણામ જેમ થવાના એમ થવાના તો નિર્દોષ થવાનું જ ક્યાં રહે છે?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્દોષ થવાનું રહેતું નથી એમ કહે, પણ એની સામે દલીલ કરે કે ભાઈ તમે સ્વરૂપના આશ્રયમાં આવી ગયા પછી તમારે નિર્દોષ, સદોષનો ક્યાં સવાલ છે? તમારે તો, તમારી દૃષ્ટિ સ્વરૂપ ઉપર છે. સ્વરૂપમાં તો કાંઈ કરવાનું છે નહિ. કેમકે એ તો અનાદિ-અનંત શુદ્ધ જ છે.

મુમુક્ષુ :- સ્વરૂપ ઉપર દૃષ્ટિ લઈ ગયા તે પરિણામને ફેરવ્યાને તે? કે એ પણ ફેરવ્યા નથી?

પૂજ્ય ભાઈશ્રી :- તો કહે એ તો સ્વભાવ છે મારો એટલે એમ થઈ ગયું. સ્વરૂપની દૃષ્ટિ થવી એ દ્રવ્યદૃષ્ટિએ મારો સ્વભાવ છે માટે એમ છે. પરિણામ એમ રહે છે. તો કહે વાંધો નહિ ભાઈ! એમ રહે તો અમારે કાંઈ તકરાર કરવી નથી. અમારે તો પર્યાયનો પક્ષ કરીને તકરાર નથી કરવી. પણ સંભાળજે. કેમ? કે જો એકાંતે એવું હોય તો ઉપદેશ રહેતો નથી, સંસાર અને મોક્ષમાર્ગ અને મોક્ષ જેવું કાંઈ રહેતું નથી. એ સાંખ્યનો ઉપદેશ થઈ જશે. આત્મા એકાંતે શુદ્ધ છે ત્રણે કાળે. દ્રવ્યે શુદ્ધ છે, પર્યાયે અશુદ્ધ છે, પર્યાયની અશુદ્ધિ દૂર કરવાની કોઈ વ્યવસ્થિત યોજના છે જૈનદર્શનમાં. અને એ યોજનામાં પ્રવેશ કરીને યોજનાબદ્ધ રીતે વ્યવસ્થિત રીતે સાધકો સિદ્ધિને પામે છે. હવે તને બધું જાણવા મળશે. પરિણામ ફેરવી શકાતા નથી એ પણ જાણવા મળશે

અને આ પણ જાણવા મળશે. હવે તને શું લાગુ પડે છે એ સમજીને તારી કાર્યપદ્ધતિ તું સમજી લે અને તને લાભ થાય એમ કર. આમાં તો શું વાત છે? તને લાભ થાય એમ કર. કેમકે પરિણામ ફેરવી શકાતા નથી એ પણ લાભ થવા માટેની વાત છે અને પરિણામ ફેરવવાની વાત પણ લાભ થવા માટે છે.

એ સમયે-સમયે પલટાય છે એ પણ વસ્તુસ્વભાવ છે. હવે જો તું તારી સંસાર અવસ્થામાં દુઃખી હો અને દુઃખનો તને પ્રૉબ્લેમ હોય અને એ પ્રૉબ્લેમ મટાડવો હોય તો આ બધી યોજનાની વાતો છે. તું દ્રવ્યદૃષ્ટિથી સુખી હોય તો તારે પરિણામ સામે જોવાની જરૂર નથી એ વાત પણ અમને મંજૂર જ છે. એટલે કોઈ વાત ખેંચીને કરવાનો પ્રશ્ન નથી. ન તો પરિણામ પલટાવાની વાતને ખેંચવાની જરૂર છે કે ન તો પરિણામને નહિ પલટાવાની વાતને ખેંચવાની જરૂર છે - કોઈ વાતને ખેંચવાની જરૂર નથી. કેમકે વ્યવહાર નિશ્ચય પરસ્પર વિરુદ્ધ છે.

આ નિશ્ચય છે. પરિણામ પલટાવી શકાતા નથી એ નિયત છે - એ નિશ્ચય છે. અને પલટાવી શકાય છે એ વ્યવહાર છે. - આ બંને નય છે. નિશ્ચય અને વ્યવહાર બંને નય છે. અને ભગવાનની વાણીનું લક્ષણ શું બાંધ્યું અમૃતચંદ્રાચાર્યે? કે 'ઉભય નય વિરોધ ધ્વંસિનિ સ્યાત પદાંકે'. સ્યાતપદથી ચિહ્નિત એવી જે ભગવાનની વાણી છે એ બંને નયના વિરોધને મટાડનારી છે. તને વિરોધ મટાડીને કામ કરતા આવડવું જોઈએ. 'ઉભય નય વિરોધ ધ્વંસિની સ્યાતપદાંકે જિનવચ સિરવંતે યે સ્વયં વાત મોહાઃ' જે એવા જિનવચનમાં મોહનું વમન કરીને રમે છે, ક્રીડા કરે છે એનો બેડો પાર થઈ જાય છે. આ તો કળા છે. જ્ઞાન છે એ તો એક કળા છે.

મુમુક્ષુ :- બહેનશ્રીએ સ્પષ્ટીકરણ આપ્યું છે, આગળ બોલ છે એમાં ક્રમબદ્ધની વાત બહેનશ્રીએ લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા લીધી છે, ઘણી જગ્યાએ લીધી છે.

મુમુક્ષુ :- નહિ આ પ્રશ્નમાં જ આવશે.

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા ખ્યાલ નહિ. તો તો સારી ચર્ચા થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સત્સંગ વગર આ કાંઈ સમાધાન થાય એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સત્સંગ તો અનિવાર્ય છે. એના વગર કોઈ સમાધાન નથી. છણાય કેવી રીતે વાત? બધા પડખેથી છણાય? સત્સંગ વગર છણાય કેવી રીતે? પ્રશ્ન તો ઊગવાના જ. કોઈને કાંઈ પ્રશ્ન ઉગે, કોઈને કાંઈ પ્રશ્ન ઊગે, કોઈને કાંઈ પ્રશ્ન ઊગે. બધા પ્રશ્નની છણાવટ સત્સંગમાં થાય નિરાંતે, ઉતાવળ કર્યા વગર-શાંતિથી. અને બધાનો નિકાલ આવે. અને બરાબર ચારેય પડખેથી છંછેડીને જ નક્કી કરવું જોઈએ. આપણે

કાંઈ ગાડી ઊપડી જતી નથી કે હડબડાહટ કરવાની જરૂર નથી. બધા પ્રશ્નને બરાબર છણવા જોઈએ, છંછેડવા જોઈએ.

'પર્યાયનો સ્વભાવ જ પલટવાનો છે. સ્વભાવ તરફ ભાવના કરી સ્વભાવને ગ્રહણ કરે...' એટલે જે જીવ સ્વભાવને ગ્રહણ કરે છે એને પહેલેથી સ્વભાવ પ્રાપ્તિની ભાવના છે અને જ્યારે એ ગ્રહણ કરે છે ત્યારે એને સ્વભાવનો નિર્ણય થઈને ભાવભાસન થયેલું હોય છે, ત્યારે એને સ્વભાવની ભાવના ઉગ્ર થઈ જાય છે કે અહો..! આવો મારો સ્વભાવ! આવું મારું સ્વરૂપ! એટલું બધું એને પોતાનું સ્વતત્ત્વ ભાવે છે, સ્વભાવતત્ત્વ ભાવે છે કે પરિણામ ઊછળી-ઊછળીને એ બાજુ જાય છે.

આમ તો શું છે કે અહીંયાં પણ જે એમ કહે છે કે પલટાવી શકાતા નથી, પરિણામને પલટાવી શકાય છે એ તો કર્તાબુદ્ધિમાં, પરિણામની કર્તાબુદ્ધિમાં ઊભો છે એટલે એની ભાષાથી વાત છે. જે જીવ યોગ્યતામાં આવે છે એ પોતાના ઉદયભાવોમાંથી ખસીને આ રીતે સુવિચારણાથી લઈને, પુરુષાર્થ, ભાવનાથી લઈને, ભેદજ્ઞાનથી લઈને સમ્યગ્દર્શન સુધી પહોંચે છે એ સહેજે પહોંચે છે. કર્તાબુદ્ધિએ કોઈ પરિણામ કરતો નથી. પરિણામને પલટાવાની બુદ્ધિથી પરિણામ નથી પલટાવતો ત્યાં અને છતાં પલટાવે છે.

સહેજ પરિણામને પલટાવતો હોવાથી પલટાવાની બુદ્ધિએ પલટાવતો નથી પણ સહેજે એ પરિણામને પલટાવી નાખે છે એમ અહીંયાં બતાવવું છે. એ ઉદયભાવમાં ન ગયો.

મુમુક્ષુ :- અભિપ્રાય ઘડતો ઘડતો એ પ્રમાણે...

પૂજ્ય ભાઈશ્રી :- ઉદય તો આવ્યો. ઉદય આવ્યો પણ એનો કામ કરવાનો અભિગમ બદલાઈ ગયો હોવાથી વલણ ફરી ગયું. પરિણામનું વલણ ફર્યું એટલે ઉદય આવ્યો તોપણ ઉદયને અનુસરીને પરિણામ ન થયા અને બીજા થયા એટલે જ્ઞાનીએ એમ કીધું કે જો આણે પરિણામ પલટાવ્યા. પહેલાની-પૂર્વ પર્યાયની યોગ્યતા જોઈને એમ કહે કે અત્યારે એ દુઃખી થઈ ગયો હોત. પણ એણે પોતાનો અભિગમ બદલાવ્યો છે એટલે એનું વલણ બદલાઈ ગયું છે, એટલે એણે પરિણામને પલટાવી નાખ્યા છે. એ જે ઉદયમાં રાગી-દ્વેષી-મોહી થતો હતો તે જ ઉદયમાં એને એ પ્રકારના પરિણામ થતા નથી, તો એણે પલટાવ્યા એમ એક અપેક્ષાએ કહેવાય છે. પણ એ સહજ જ છે. એ કાર્ય તો સહજ જ છે. અને શુદ્ધ નિશ્ચયથી જોઈએ તો એમ જ એ કાળે પરિણામ થવાના હતા તે થયા છે. એ પરિણામ પણ નિયત એમ જ થવાના હતા, પણ એને ક્યાં એવી ખબર હતી?

જુઓ, આપણે શું કરીએ છીએ? આપણને ખબર છે કે આપણા દીકરાનો સંસાર

જેની સાથે મંડાવાનો છે એ જ કન્યા સાથે મંડાવાનો છે. અને આપણી દીકરીનો સંસાર પણ જે છોકરા સાથે થવાનો છે એ જ છોકરા સાથે થવાનો છે. બરાબર? વાત તો નક્કી જ છે. પણ આપણે કેટલી જગ્યાએ ગોતીએ છીએ? કારણકે એ ખબર નથી આપણને. હવે તમને ખબર છે એટલે જો તમે હાથ-પગવાળીને બેસી રહો તો પરિણામનું ઠેકાણું નહિ રહે તમારું. આકુળતા વધી જશે. જરાક વાર લાગી તો આકુળતા વધી જાશે. માટે તમારી યોગ્યતા શું છે? કે ચાલો કાંઈક પ્રયત્ન કરી વળીએ આપણે. થાવું, ન થાવું એ તો તમને સમાધાન છે કે જ્યારે જે કાળે જેની સાથે જેમ થવાનું તે થવાનું. પણ જો તમે પ્રયત્ન ન કરો તો તમારા પરિણામ બગડી જાય. એટલે પરિણામ ન બગાડવા માટેનો પ્રયત્ન છે.

પેલી વસ્તુ ફેરવવા-કારવવાનો પ્રયત્ન નથી. અને પોતાને ખબર નથી કે ક્યાં શું થવાનું છે એ. જો ખબર હોય કે આ કાળે આ આની સાથે થવાનું છે તો વાત પૂરી થઈ જાય. તો પ્રયત્ન ન કરે. કે ભાઈ એ તો જે થવાનું છે જે એ તો એ જ થવાનું છે. આપણને ખબર છે પછી ક્યાં વાત છે? પણ એ તો ખબર નથી. માટે એ ભૂમિકામાં એને પ્રયત્નનો, પુરુષાર્થનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. નહિતર ગાંડો થઈ જાય. દબાણ કરે તો, પરિણામ ઉપર દબાણ કરે તો ગાંડો થઈ જાય. અંદર મૂંઝાઈને ગાંડો થઈ જાય. મૂંઝવણમાંથી, ટેન્શનમાંથી ગાંડપણ આવે. એટલે દવા પરિણામની કરવાની છે. બહારની પરિસ્થિતિ તો થવાની છે એ થવાની છે એ તો લક્ષમાં રાખવાનું છે. પોતાની યોગ્યતા જોઈને ચાલવું પડે. ક્યારે કઈ દવા કેટલી માત્રામાં લેવી? આ બધો વિષય બહુ સમજણવાળાનો છે.

'**સ્વભાવ તરફ ભાવના કરી સ્વભાવને ગ્રહણ કરે તો વિભાવ પર્યાયનો પલટો થાય.**' સ્વભાવને ગ્રહણ કરે એટલે વિભાવ ન થાય. એટલે વિભાવ પર્યાયનો પલટો થાય. '**જે પર્યાય આ બાજુ (વિભાવમાં) જાય છે તે પર્યાયને સ્વ તરફ વાળવી તે પોતાના હાથની વાત છે.**' જુઓ! ઠીક! લીધું? કેમકે એ જગ્યાએ એ ઊભો છે. જેને જવાબ આપે છે એ એ જગ્યાએ ઊભો છે. એટલે એને એ વાત કરે છે. પછી ક્રમબદ્ધની વાત લીધી છે.

મુમુક્ષુ :- બીજે ઘણી બધી જગ્યાએ મારા હાથની વાત છે એમ માનીને ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અહીંયાં એમ કહે છે કે તને તરસ લાગે છે ત્યારે તું એમ નથી વિચાર કરતો કે પાણીનો પ્યાલો એની મેળે આવીને મારા મોઢામાં પાણી એની મેળે રેડાવાનું છે. મોઢું આપોઆપ ખુલવાનું છે. એવું કાંઈ નથી વિચારતો. ત્યાં

તો ફડાક દઈને ઊભો થઈને ગોળે-(માટલે) બાજીને પાણી પી લે છો. એને એમ કહે છે કે તું આમ કર...! તું આમ કર...! તું આમ કર..! પણ એનો અર્થ એમ લેવાનો કે જો તારી યોગ્યતા હોય તો તને સહજ આમ થવું ઘટે. સહજ જ તને આમ થાય, માટે તું તારી યોગ્યતાનું માપ કાઢી લે. એમ છે. એટલે ભાષા કાંઈક છે, આશય કાંઈક છે. એવું બધું છે.

એ સારું થયું કે અહીંયાં ક્રમબદ્ધનો ન્યાય એમણે ભીડાવ્યો છે. પર્યાયની ક્રમબદ્ધતાનો ન્યાય એમણે ભીડાવ્યો છે. પર્યાય ક્રમબદ્ધ છેને? કે તું ક્રમબદ્ધને ક્યાં ઊભો રહીને જોવે છો? પર્યાય ક્રમબદ્ધ છે એ વાત સાચી, પણ તું અત્યારે ક્યાં ઊભો છો એ જો. ક્રમબદ્ધ તો ક્રમબદ્ધ જ છે. પણ ક્રમબદ્ધને જોવાના કેટલા પડખા છે? એની ચર્ચા આપણે કાલે થોડી વિસ્તારથી કરીશું. ઘણાં પડખા છે ક્રમબદ્ધને જોવાના. અને તો જ યથાર્થ સમાધાન આવે અને રાગ-દ્વેષ-મોહના દોષથી મુક્ત થાય. ક્રમબદ્ધનો ન્યાય પણ દોષથી મુક્ત કરવાનો છે અને તું પુરુષાર્થ કરીને પર્યાયને સ્વભાવ તરફ વાળ એ તારા હાથની વાત છે એ પણ તને નિર્દોષ થવા માટે જ છે. બેય વાત છે. અને એ સારું છે કે ૨૩૧માં બેય વાત કરી છે. એવું છે. વિરુદ્ધ લાગે પણ વિરુદ્ધ છે નહિ. પરમાર્થ બેયનો એક છે, માટે એ અવિરુદ્ધ છે. પરમાર્થ પકડો તો અવિરુદ્ધ છે અને એ પરમાર્થિક દૃષ્ટિકોણ એ ભગવાન જિનેન્દ્રદેવનો દૃષ્ટિકોણ છે. એટલે એમ કહે છે કે 'જિનવચ સિરવંતે સ્વયંવાંત મોહા.' એમ. વિશેષ લઈશું.

મુમુક્ષુ :- આપે કહ્યું ને weightage, weightage ક્યાં કેટલું જવું જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વજન ક્યાં જવું જોઈએ? કેટલું જવું જોઈએ? ક્યારે જવું જોઈએ? ક્યારે વજન પલટો મારીને અહીંયાં જવું જોઈએ? એ બધી બહુ ટેક્નિકલ લાઈન છે જરા.

❁

સ્વરૂપ પરિણતિ સહજ થવા પૂર્વે, 'સર્વ ઉદ્યમથી' સ્વરૂપની સાવધાની તીવ્રપણે આવે, તો જ પરિણતિ સહજ થાય.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(અનુભવ સંજીવની-૪૩)

તા. ૧૮-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૧
પ્રવચન નં. ૧૭૪

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૨. ઉદયભાવને આઘા-પાછા કરી શકાતા નથી. કેમકે એનો પણ કોઈ નિયતક્રમ છે. એનો પણ કોઈ સ્વકાળ છે. અને એ વખતે મારું વિચાર, મનન અટકી પડે છે. ઉદયમાં ચાલ્યું જવાય છે. શું કરવું? એવો એક આ બધાને મૂંઝવતો પ્રશ્ન છે. ત્યારે જે જગ્યાએ પ્રશ્ન પૂછનાર મુમુક્ષુ ઊભો છે, એની યોગ્યતાને અનુલક્ષીને જ્ઞાનીપુરુષ એમ જવાબ આપે છે કે તારી ભાવના હશે તો તારા પરિણામ પલટાઈ જશે. ભાવના હશે તો પરિણામ પલટવાનો પુરુષાર્થ થશે. અને એ પુરુષાર્થથી પરિણામ પલટાઈ જશે અને એ બધું પણ ક્રમમાં જ થવાનું છે. એ બધું પણ ક્રમમાં જ થવાનું છે. પરિણામનું જ્ઞાન કરાવે છે. પરિણામનું જ્ઞાન કરાવતાં જ્ઞાન કરનારની યોગ્યતા અનુસાર પરિણામોમાં ફેરફાર થાય છે. આમ તો પરિણામ પલટતી ચીજ છે. પણ એ પલટનમાં ચોક્કસ પ્રકારના ફેરફારો ઊભા થાય છે. એનું કારણ મૂળમાં જ્ઞાન છે. જ્ઞાનથી ઉત્પન્ન થયેલી ભાવના છે, ભાવનાથી ઉત્પન્ન થયેલો પુરુષાર્થ છે. અને યોગ્યતા હોય તો એવો જ ક્રમ ગોઠવાય એવું વસ્તુનું સ્વરૂપ વિજ્ઞાન છે. એવું વસ્તુનું વૈજ્ઞાનિક સ્વરૂપ છે. એટલે જે વિચાર-મનન કરવાના ભાવમાં ઊભો છે એને એમ કહે છે કે તું પરિણામને પણ પલટાવી શકે છો. પરિણામને પલટવાની શક્યતા છે.

હવે જે ક્રમનો વિષય છે એ ક્રમનો વિષય તું પુરુષાર્થ સાથે સમજ્યો છો? કે પુરુષાર્થ વગર સમજ્યો છો? એ પહેલા કહે. કેમકે જે ક્રમબદ્ધ છે એના પડખાં ઘણાં છે. તો તું ક્યાં ઊભો રહીને ક્રમબદ્ધને સમજ્યો છો? તને જરૂર લાગે જે-જે કાર્યોમાં, ભૂખ લાગે, તરસ લાગે, શ્વાસોચ્છ્વાસ લેવાની જરૂર લાગે, નાક બંધ થઈ ગયું હોય, ચોક-અપ થઈ ગયું હોય. ત્યાં તને ક્રમબદ્ધ પુરુષાર્થસહિત રહે છે? જો ન રહેતું હોય તો અહીંયાં પણ તારે એ વાત લેવાની જરૂર રહેતી નથી. જો જ્ઞાતા-દ્રષ્ટા રહીને ક્રમે થતાં પરિણામો ગૌણ કરીને, પરિણામમાત્રને ગૌણ કરીને (રહી શકે તો) તો પછી એમ જ રહે તું. અને એ વીતરાગભાવસ્વરૂપ છે. એવું પરિણમન છે એ વીતરાગભાવસ્વરૂપ છે. એટલે ક્રમબદ્ધને જે પૂરેપૂરું અંગીકાર કરે છે એ તો વીતરાગ થઈ જાય. એ તો વીતરાગ થઈ જાય. અને એ પુરુષાર્થ વગર જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી શકાય નહિ. અને જેનો પુરુષાર્થ જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવાનો હોય એના પરિણમનમાં શુદ્ધ

પરિણમનનો જ ક્રમ હોય પાછો. એના પરિણમનમાં કદી અશુદ્ધ પરિણમનનો ક્રમ હોય અને એનો પુરુષાર્થ જાગ્યો હોય અને એ જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો હોય અને એણે ક્રમ ફેરવી નાખ્યો હોય - એમ છે નહિ. આવું છે.

બીજી રીતે વિચારીએ તો ક્રમબદ્ધ પર્યાયનું યથાર્થ જ્ઞાન કોને હોય? કે જે જ્ઞાતા-દ્રષ્ટાભાવમાં રહીને પર્યાયને ગૌણ કરી શકતો હોય તેને હોય અને જેને જ્ઞાતા-દ્રષ્ટાભાવનો પુરુષાર્થ વર્તતો હોય તેને હોય. પુરુષાર્થનો અર્થ એવો નથી કે કરું-કરુંનું જોર આવે એનું નામ પુરુષાર્થ. પુરુષાર્થ પણ સહજ છે. વીર્યગુણનું આત્મપ્રત્યયી અંતરંગની દિશામાં થતું સહજ પરિણમન એનું નામ સમ્યક્ પુરુષાર્થ છે. અને વીર્યગુણનું પરપદાર્થ પ્રત્યેનું પરિણમન, ઊલટી દિશાનું સહજ પરિણમન તે ઊલટો પુરુષાર્થ છે અને બેય સહજ છે. બંને સહજ જ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુકો તો ક્રમબદ્ધ પર્યાય લાગુ પડતી નહીં?

પૂજ્ય ભાઈશ્રી :- ક્રમબદ્ધ પર્યાય લાગુ પડતી નહીં મતલબ ક્યા? કિ ક્રમબદ્ધ પર્યાયકા આધાર ઉસકો નહીં લેના ચાહિયે. ક્રમબદ્ધ પર્યાયકા સિદ્ધાંત સમજ લો. ઈસ ભૂમિકામેં વહ જાનનેકા વિષય હૈ, અવલંબન લેનેકા નહીં. તો કૌન-સા સિદ્ધાંત, કબ જાનનેકા? કબ અંગીકાર કરનેકા? વહ બાત તો સત્સંગકે સિવા સમજમેં નહીં આતી.

પુરુષાર્થને અનુસરીને પરિણામ સહજ થાય છે. પુરુષાર્થ પણ સહજ છે, પરિણામના ફેરફારો પણ સહજ છે. ફેરફારો એટલે શું? પહેલા વિભાવરૂપ હતું, પછી સ્વભાવરૂપ થયું તે. એ સહજ છે. ફેરફાર એટલા માટે કહ્યો કે પહેલા આ પ્રકાર હતો, પછી આ પ્રકાર થયો માટે એને ફેરફાર કહ્યો. '**જે પર્યાય આ બાજુ (વિભાવમાં) જાય છે...**' પહેલી લીટી ૧૪૨માં પાને. '**તે પર્યાયને** (સ્વભાવ) **તરફ વાળવી તે પોતાના હાથની વાત છે.**' એટલે શું? કે એ કાર્ય પોતે કરે છે. એમાં ક્રમ તોડીને કરે છે એમ કહેવું નથી. પણ કરે છે પોતે પોતાના પુરુષાર્થ દ્વારા કરે છે, પુરુષાર્થને લઈને કરે છે, ભાવનાને લઈને કરે છે, યથાર્થ સમજણને લઈને કરે છે અથવા કરે છે એને થાય છે એમ કહો. કરે છે એને થાય છે એમ કહો તોપણ કાંઈ એ વાતમાં ફરક નથી.

હવે અહીંથી લઈએ, કે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં ક્રમબદ્ધ પર્યાયને ગુરુદેવશ્રીએ એક મુખ્ય બાબત સાથે જોડ્યું છે અને એક શરત કરી છે ગુરુદેવે. એ વિષયનું બહુ ખોલીને પ્રતિપાદન ગુરુદેવશ્રીએ કર્યું છે. સેંકડો પડખા ખોલ્યા છે. એવું સ્પષ્ટીકરણ ક્યાંય જોવામાં આવતું નથી. એવું સ્પષ્ટીકરણ ગુરુદેવે કર્યું છે કે અન્યત્ર ક્યાંય જોવામાં નથી આવતું. કોઈ શાસ્ત્રોમાં, કોઈ જ્ઞાનીઓના વચનમાં ક્યાંય નહિ. આ વિષય ઉપર એટલું બધું એમણે સ્પષ્ટીકરણ આપ્યું. અંતરજ્ઞાનથી એ વાત ખુબ નીકળી. ચર્ચાણી પણ ખુબ.

કેમકે એનો થોડો વિરોધ થયો હતો. કર્તૃત્વબુદ્ધિવાળા કેટલાક વિદ્વાન અથવા સંપ્રદાયના લોકોએ કહ્યું કે આ ઝેરના ઈંજેક્શન છે. કેવી રીતે (વિરોધ) કરેલો ખબર છે? આ ઝેરના ઈંજેક્શન છે! કાનજીસ્વામી આ ઝેરના ઈંજેક્શન આપે છે! ચેતી જાવ! સમાજ ચેતી જાવ! ગુરુદેવનો વિરોધ છાપાઓમાં બહુ કરતા લોકો.

ગુરુદેવે બહુ જ સંભાળીને આ વિષય મૂકેલો છે અને ઘણાં પડખાં પછી ખોલ્યા એમણે પોતાના જ્ઞાનથી. એમાં એક મુખ્ય વાત એમણે કરી કે ક્રમબદ્ધનો સ્વીકાર એક શરતે કરવાનો છે કે આ આત્મા છે એ સર્વજ્ઞ સ્વભાવી છે. કેવો છે? આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે અને કેવળજ્ઞાનમાં જે સર્વજ્ઞ સ્વભાવ પ્રગટ થાય છે એ સર્વજ્ઞને સ્વીકારીને, પોતાના સ્વભાવને સ્વીકારીને ક્રમબદ્ધને સ્વીકારવાનો છે. સીધું ક્રમબદ્ધને સ્વીકારવાનું અમે કહેતા નથી. એટલે ક્રમબદ્ધનું જે પ્રકરણ છે એ પ્રકરણનો મોનોગ્રામ-ટ્રેડમાર્ક એ છે કે આત્મા જ્ઞાયક સર્વજ્ઞસ્વભાવી છે એ છે, એનો તને સ્વીકાર થયો છે? એમ પહેલા વાત છે, પછી તું ક્રમબદ્ધની વાત કરજે. એ પહેલા કરતો નહિ એમ કહે છે. ઠીક! નહિતર તું નિશ્ચયાભાસીમાં અથવા નિયતવાદીમાં આવી જઈશ. નિયતવાદી જીવ શું કરે છે? કે જ્યાં એને જરૂર લાગે ત્યાં તો ક્રમબદ્ધને મૂકે પડતું અને જ્યાં એને કાંઈ ન કરવું હોય ત્યાં ક્રમબદ્ધનું આડું બહાનું લઈને ઊભો રહે - એ બધું ક્રમબદ્ધમાં થવાનું હશે એ થશે, હું કાંઈ નહિ કરું. કરવું હોય ત્યાં કરે અને ન કરવું હોય ત્યાં ક્રમબદ્ધ લઈ આવે - એમ ન હોય.

એટલે સર્વજ્ઞ સ્વભાવના સ્વીકારમાં શું આવે છે? કે જ્યારે કોઈ જીવનું પરિણમન ક્રમની અંદર સવળું થવાનું હોય ત્યારે એ જીવ કોઈને કોઈ પ્રકારે સત્સમાગમમાં આવે છે. અને એને એની જે સમજણ છે એ યથાર્થતા ધારણ કરે છે. પોતાનું આત્મકલ્યાણ કરવાનો વિષય એની સામે આવે છે, એ વિષયને આત્મકલ્યાણ કરવાના લક્ષે સમજે છે, એ સમજણમાંથી એને સહજ આત્મકલ્યાણની ભાવના ઉત્પન્ન થાય છે. એ ભાવનામાંથી સહજ પુરુષાર્થ ઉત્પન્ન થાય છે. અને એ કારણે એનું આખું પરિણમન છે એ પ્રકારાન્તરે થાય છે. પહેલા એ જે જીવન જીવતો હતો એવું જીવન એ નથી જીવતો. એનું જીવન મુમુક્ષુતામાં પ્રવેશ કરીને જ્ઞાનદશા ધારણ કરે છે અને એવો જ એના પરિણમનનો ક્રમ હતો. એમ નહોતું થવાનું અને થયું છે એમ નથી. પણ ફેરફાર થયો છે એટલે એણે એ ફેરફાર પોતાના પુરુષાર્થ દ્વારા કર્યો છે, એમ કહેવા માટે એમ કહેવાય કે ભાઈ એણે ક્રમને ફેરવ્યો. પહેલા જે ઢબથી ચાલતું હતું એ ઢબથી ન ચાલ્યું. બીજી રીતે એણે કરી નાખ્યું. પણ એનો અર્થ એમ નહોતો કે એમ નહોતું થવાનું ને થયું છે. નહોતું થવાનું અને થયું છે એમ કાંઈ એનો અર્થ નહિ લેવો જોઈએ.

પણ એના હાથની વાત હતી એટલે શું કે એણે પોતે પુરુષાર્થ કર્યો છે. બીજા કોઈએ કાંઈ નથી કર્યું. કોઈએ કાંઈ કરી દીધું નથી. પુરુષાર્થ એણે પોતે કર્યો છે.

એટલે **'ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું હોય છે.'** ક્રમબદ્ધ કહીને પુરુષાર્થ મૂકી દેવાની વાત છે નહિ અને ક્રમબદ્ધ કહેતા પુરુષાર્થ ઊડી જાય છે એમ જે સમજે છે એ આ વિષયને યથાર્થ પ્રકારે સમજ્યા નથી. બહુ સરસ ચોખવટ આપી છે. ક્રમબદ્ધના વિષયની ચોખવટ બહુ.. **'ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું હોય છે એકલું ક્રમબદ્ધ હોતું નથી,...'** ખાલી-એકલું અદ્ધરથી ક્રમબદ્ધ-ક્રમબદ્ધ મૂકી દે એમ નહિ. ક્રમબદ્ધમાં પુરુષાર્થ પણ ક્રમબદ્ધ જ છે એનો. એમ જોવે છે. અને અશુદ્ધ પરિણામ પલટીને શુદ્ધ પરિણામ થયા એવો જ એનો ક્રમ હોય. અને એ પુરુષાર્થપૂર્વક જેને જ્ઞાતા-દ્રષ્ટારૂપ શુદ્ધ પરિણામ થાય એને જ એ ક્રમબદ્ધનું યથાર્થ જ્ઞાન થાય.

અથવા જે ક્રમબદ્ધનો ન્યાય છે એનો જે પરમાર્થ છે એટલે આત્મકલ્યાણકારી દ્રષ્ટિકોણ છે. પરમાર્થ એટલે શું? આત્મકલ્યાણકારી દ્રષ્ટિકોણ છે. એ પારમાર્થિક દ્રષ્ટિકોણ એવો છે કે તું તારા સ્વભાવને, સ્વરૂપને મુખ્ય કર અને પર્યાયમાત્રને ગૌણ કર. સ્વભાવની મુખ્યતા કરાવીને, પર્યાયની ગૌણતા કરાવવા માટેનો આ ન્યાય છે. એવું જેને પરિણમન થાય એ ક્રમબદ્ધ પર્યાયનો વિષય યથાર્થપણે સમજ્યો. નહિતર એ ક્રમબદ્ધની અંદર કાંઈક બીજા ઊંધાં રવાડે ચડી જાશે. આપણે ત્યાંથી તો આના ઉપર આખું પુસ્તક લખાણું છે જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ. એવું કાંઈક પુસ્તક લખાણું છે. જ્ઞાન-જ્ઞેયસ્વભાવ કે એવું કંઈક. અને 'ક્રમબદ્ધ'ના ટાઈટલથી પણ એ વખતે ઘણું બહાર પડેલું.

મુમુક્ષુ :- કર્તાબુદ્ધિ તોડવા માટે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, કર્તાબુદ્ધિ તોડવા માટેની જ વાત છે. સમયસારની સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકારની પહેલી ચાર ગાથા એક સાથે છે. એમાં 'ક્રમ નિયમિત' ટીકામાં શબ્દ પડ્યો છે. એનો અનુવાદ 'ક્રમબદ્ધ' કરેલો છે. એ ગાથાઓનું મથાળું એમ છે કે આત્માના અકર્તૃત્વને અહીંયાં બતાવવું છે. ગાથાનું મથાળું શું છે? આત્માના અકર્તૃત્વસ્વભાવને અહીંયાં બતાવવો છે. દ્રષ્ટાંતપૂર્વક અહીંયાં આત્માના અકર્તાસ્વભાવને કહીએ છીએ એવું મથાળું છે લગભગ. સમયસાર છે ને? આ રહ્યું. મારું જ સમયસાર છે. '**अथात्मनोऽकर्तृत्व**' એટલે આત્માના અકર્તૃત્વસ્વભાવને, અકર્તાપણાને '**दृष्टान्तपुरस्सरमाख्याति**' દ્રષ્ટાંતપૂર્વક એનું અહીંયાં આખ્યાન એટલે વ્યાખ્યાન કરવામાં આવે છે, એટલે કહેવામાં આવે છે. અમૃતચંદ્રાચાર્યના સંસ્કૃત શબ્દ આ છે. '**अथात्मनोऽकर्तृत्व दृष्टान्तपुरस्सरमाख्याति**' '**હવે આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતપૂર્વક કહે છે :-**' એટલે પર્યાયનું કર્તૃત્વ એ મિથ્યાત્વ મૂળમાં છે. મૂળમાં મિથ્યાત્વ ક્યાં છે? કે પર્યાયના કર્તૃત્વમાં. પછી એ મિથ્યાત્વ તીવ્ર થાય

છે, વિકાસ પામે છે, મોટું થાય છે, વધે છે ત્યારે એ રાગના કર્તૃત્વમાં આવે છે. કેમકે પર્યાયમાં રાગ છે. પછી બહુ જાડું થાય છે એટલે રાગના વિષયભૂત પદાર્થો-પુદ્‌ગલ પદાર્થો છે - શરીર, મન, વચન, બીજા બધા કાર્યો, એના કર્તૃત્વમાં આવે છે. એમ એનું કર્તાપણું તગડું થતું જાય છે, બળવાન થતું જાય છે. એનું મિથ્યાત્વ.. કર્તાપણું જેટલું બળવાન થાય છે એટલું મિથ્યાત્વ બળવાન થાય છે.

એટલે એમ અહીંયાં કહેવું છે કે સર્વજ્ઞ ભગવાને જો ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણી લીધા હોય તો દરેક પદાર્થની છએ દ્રવ્યની સમય સમયની, સ્વસમયની પર્યાયને પણ જાણી કે આ સમયે આ પર્યાય થશે. જો એવા સર્વજ્ઞ(ના) કેવળજ્ઞાનને તું સ્વીકારતો હોય, સર્વજ્ઞ સ્વરૂપને સ્વીકારતો હોય તો એ સમજણ તને તારા સ્વરૂપમાં લીન થવા પ્રેરે છે. કાંઈ ન કરવું એનો અર્થ શું કે સ્વરૂપમાં લીન રહી જવું. પર્યાય સામે પણ જોવું નહિ, સ્વરૂપ સામે જ જોવું. કેમકે એ તો એના ક્રમમાં થવાની તે થવાની. પણ સ્વરૂપ સામે જોવું એ પણ પર્યાય છે. એ કાંઈ પર્યાયને છોડીને કોઈ બીજી વાત તો નથી. એટલે એટલું તો પાછું કહેવું પડે છે. પર્યાયમાત્રને ગૌણ કરતા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર દૃષ્ટિ સ્વરૂપ ઉપર રહી જાય છે અને આત્મા કેવળજ્ઞાન સ્વભાવને પ્રાપ્ત કરી લે છે. પર્યાયને કરવાનો કાંઈ વિકલ્પ રહેતો નથી. એમ કહેવું છે.

બીજું, કે જીવમાં પરિણામ શક્તિ છે. જીવમાં પરિણામ શક્તિ છે. એ પરિણામ શક્તિને લઈને જીવ પરિણમી રહ્યો છે. છએ દ્રવ્યમાં આ શક્તિ છે. આપણે મતલબ જીવથી છે. છએ દ્રવ્યમાં પરિણામ શક્તિ છે. આ જીવમાં પણ પરિણામ શક્તિ છે અને તેથી જીવ સમયે સમયે પરિણમી રહ્યો છે. હવે જે સમયે સમયે પરિણમી રહ્યો છે એને પરિણમાવવાનો તો બાકી રહેતો નથી અને ન પરિણમવાનો એનો સ્વભાવ હોત તો એને પરિણમાવી શકાત નહિ. જેમ ધ્રુવને પરિણમાવી શકાતું નથી તેમ. એટલે પરિણમતાને પરિણમાવવાનો સવાલ નથી રહેતો, નહિ પરિણમતાને પણ પરિણમાવવાનો સવાલ રહેતો નથી. માટે હું પરિણામ કરું... પરિણામ કરું... પરિણામ કરું... એ તો મિથ્યાભાવ છે. એ તો ચાલતી ગાડીને, ગાડીના ડબ્બામાં બેસીને ધક્કો મારતા બાળક જેવી વાત છે. બારી પાસે છોકરાને બેસાડ્યો હોય અને આમ કર્યા કરે. બારીને આમ કર્યા કરે. કેવો ધક્કો મારીને હું ગાડી ચલાવું છું! બેઠો છે ગાડીમાં!! પણ તું બેઠો છો તારામાં અને પરિણામ સહજ ચાલે છે એમાં પરિણામ હું કરું છું... હું કરું છું... હું કરું તો થાય, ન કરું તો ન થાય, કરું તો થાય, ન કરું તો ન થાય, - એ તો હાસ્યાસ્પદ વાત છે. એટલે પરિણામ સહજ થાય છે. હવે વાત રહી પરિણામ થાય છે એમાં ફેરફારનું શું પણ? કેમકે જીવને સંસારદશામાં દુઃખ છે. જીવને સંસારદશામાં

દુઃખ છે અને જીવ સુખસ્વભાવી હોવાથી, આત્મા સુખસ્વભાવી હોવાથી જીવ દુઃખને ઈચ્છતો નથી. એટલે એ દુઃખ મટાડીને સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. એવો પરિણામમાં ફેરફાર કરવાનો એનો ભાવ ચાલુ જ છે સંસારમાં. અને એના માટે એ પ્રયત્નવાન પણ રહે છે. કાંઈને કાંઈ પ્રયત્ન કર્યા જ કરે છે સવારથી સાંજ સુધી. ત્યારે એ જીવને એમ કહે છે કે સુખી થવા માટે વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણ કર. આમ પણ તું બીજું તો સુખી થવા માટે કાંઈકને કાંઈક કરે છે તો પછી સાચી સમજણ કર. સાચી સમજણ કરતા તને સહજ તારા આત્મકલ્યાણની ભાવના ઉત્પન્ન થશે. કેમ? કે તારું અકલ્યાણ કેમ થઈ રહ્યું છે? તારું કલ્યાણ કેમ થશે? એ બધી વાતનું સ્પષ્ટીકરણ તને ત્યાં મળશે સાચી સમજણ કરવાના પ્રસંગ ઉપર. એટલે તને આત્મકલ્યાણની સહજ ભાવના ઉત્પન્ન થશે. કરવી નહિ પડે, સહજ ઉત્પન્ન થશે.

જેવી ભાવના ઉત્પન્ન થશે એટલે લગની અને પુરુષાર્થ ચાલુ થશે. કરવો નહિ પડે. અને તું ભેદજ્ઞાન કરી અને સ્વરૂપમાં આવીશ ત્યારે તને ક્રમબદ્ધ પર્યાયનું પણ સાચું જ્ઞાન થશે, યથાર્થ જ્ઞાન થશે. એટલે તને એ વિષયમાં મૂંઝવતો કોઈ પ્રશ્ન પછી રહેશે નહિ કે મારા પરિણમન ક્રમમાં પણ આમ જ થવાનું હતું. નહિતર મને સાચી સમજણનો પ્રસંગ અને અવસર ક્યાંથી આવત? ઘણાંને નથી આવતો. મને કેમ આવ્યો!

અમારે શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક દુકાન ઉપર આવ્યું ત્યાંથી પછી ફેરફાર થયો. તો એ પુસ્તક આવ્યું ત્યારે એક જ જણને કેમ ફેરફાર થવાનું થયું? પુસ્તક તો ગાદી ઉપર પડ્યું. આવીને મૂક્યું મૂકનારે.

મુમુક્ષુ :- ગાદી ઉપર આવીને મૂક્યું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક જણને વાંચવા આપેલું એ પાછું લીધું. મગાવ્યું અને ગાદી ઉપર મૂક્યું. હું બેઠા-બેઠા ચોપડો લખતો હતો એમાંથી એમ થયું કે લાવને પાનું ફેરવું. એટલે પાના ફેરવ્યા. આમ પાનું ફેરવું એટલે એમ થયું કે આ તો કોઈ તત્ત્વજ્ઞાનનું પુસ્તક છે. ઈચ્છા થઈ વાંચવાની. મેં કીધું, હવે હું વાંચવા લઈ જાવ? તો કહે લઈ જાવને ભાઈ. વાંચવા માટે જ આપ્યું હતું. એ બહારગામ ગયા છે એટલે પાછું મગાવ્યું. હવે આવો એક્સીડેન્ટ એ પણ એનો સ્વકાળ હોય ત્યારે થાય છે ને!! એનો પણ કોઈ સ્વકાળ હોય છે. હવે એ કાંઈ કર્યું હતું? મગાવ્યું હતું? કે નહિ. ઈચ્છા પણ સહજ થઈ.

મુમુક્ષુ :- સોગાનીજીને આત્મધર્મ આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા એમના હાથમાં આત્મધર્મ આવ્યું. એ તો શું છે એ પહેલા તલપાપડ હતા. એ પહેલા એ વિષયના એ તલપાપડ હતા. અહીં (મારે) તો એવું

કાંઈ નહોતું. એકાઉન્ટ લખતા-લખતા આવી રીતે થોડાં પાના ફેરવ્યા હતા, ચોપડો લખતા લખતા. ભાષા ઉપરથી ખ્યાલ આવ્યું કે તત્ત્વજ્ઞાનનું પુસ્તક છે એટલે ઈચ્છા કરી કે હું વાંચવા લઈ જાવ. કેમકે દુકાને તો કામ હોય. ઘરે નિરાંતે વંચાય. તો કહે લઈ જાવ. થઈ રહ્યું!!

મુમુક્ષુ :- પહેલેથી વાંચવાનું શરૂ કર્યું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પહેલેથી વાંચવાનું શરૂ કર્યું. એ તો પુસ્તક તો પહેલેથી જ વાંચવું જોઈએ ને! અને ઘણાંય વાંચે છે પાછા. એવું નથી કે જેટલા વાંચે એને બધાને એ જ પ્રકાર બધો થાય - એવું તો કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- બધાને થઈ જાય એવું નથી આપની જેમ?

પૂજ્ય ભાઈશ્રી :- એવું કાંઈ નથી. જેના પરિણામન ક્રમમાં જેમ થવાનું હોય એમ થાય છે. પણ એક ન્યાયે એને એમ કહેવાય કે એણે એમ કર્યું માટે એમ થયું. અને ન કર્યું હોત તો ન થાત. એમ કહેવાય. પણ એવી યોગ્યતા જોઈને એમ કહેવાય છે. એ પણ એક નયનો વિષય છે. સંસ્કારનય અને અસંસ્કારનયની જેમ.

આત્મામાં એક આ ૪૭ નયમાં એવો વિષય ચાલ્યો છે કે એવી યોગ્યતા છે કે કોઈના સંસ્કાર ઝીલે જ નહિ, ખરાબ કે સારા પછીની વાત છે. અને એક એવી પણ યોગ્યતા છે કે એ સંસ્કાર ઝીલે ખરાબ કે સારા બેય.

મુમુક્ષુ :- બેય યોગ્યતા છે?

પૂજ્ય ભાઈશ્રી :- બેય યોગ્યતા છે અને એ બેય પ્રકારની યોગ્યતારૂપ ધર્મને એ ધારણ કરીને રહેલો આત્મા છે. અને બેય પરસ્પર વિરુદ્ધ યોગ્યતા છે અને એક જ સમયે બધા જીવમાં છે, પાછી વારાફરતી નથી. એક જ સમયે બધા જીવમાં છે. આવા વિરુદ્ધ ધર્મોને ધારણ કરવાની યોગ્યતા અને શક્તિ આત્મામાં પદાર્થમાં રહેલી છે. એટલે આવી વાતો ઘણાંને સમજાતી નથી અને જૈનદર્શનનો વિષય જરા અઘરો થઈ જાય છે, પણ વસ્તુસ્વરૂપ જ એવું છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

જૈનશાસ્ત્રોનું ઊંડું અધ્યયન કરનારા, ઘણું અધ્યયન કરનારા જૈનદર્શનને, જૈન શાસ્ત્રોને નથી સમજી શક્યા. તે નહિ કાળ પાક્યો હોય, એમ જ લેવું જોઈએ ને. અને થોડું અધ્યયન કરનારા એના તળિયા સુધી પહોંચી ગયા. એટલું બધું ન વાંચ્યું હોય, એટલું બધું ન વિચાર્યું હોય, શું કારણ? કે મતિની સરળતા. હવે તારે દુઃખથી છૂટું થવું હોય અને સુખી થવું હોય તો તારે આના ઉપરથી જે ધડો લેવો હોય, બોધ લેવો હોય એ લઈ લેવાનો. સીધી વાત છે. દરેકને પોતાની યોગ્યતા અનુસાર ઉપદેશ ગ્રહણ કરવાનો એ પણ ઉપદેશ છે. ઉપદેશ ગ્રહણ કરવાનો પણ ઉપદેશ છે. અહીં શું કહે છે બહેનશ્રી?

કે ક્રમબદ્ધ જે પરિણમન થાય છે એમાં જે-તે દિશાનો પુરુષાર્થ સાથે હોય જ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મતિની સરળતામાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- મતિની સરળતામાં જીવ પોતાના આત્મકલ્યાણની વાત સીધે સીધી સ્વીકાર કરે છે. અને મતિની અસરળતા છે એમાં પોતાના કલ્યાણની વાત પણ સ્વીકાર કરવામાં એ આડોડાઈ કરે છે - એનું નામ અસરળતા. સીધો નથી ચાલતો. વાત ભગવાનની, જિનેશ્વર પરમાત્માની ચોખ્ખી એકાંતે આત્મકલ્યાણ થાય તેવી જ છે. કેવી? એકાંતે આત્મકલ્યાણ થાય તેવી જ છે. છતાં પણ જીવ આત્મકલ્યાણનો રસ્તો એ વાત સાંભળીને ન પકડે તો એ જીવની અસરળતા નથી? એ જીવની અસરળતા છે.

મુમુક્ષુ :- કોઈ ગાળ આપી દે તો તરત પોતાને involve કરી દે છે. ભગવાન કહીને વખાણ કરે ત્યાં involve નથી થાતો તો અસરળતા જ ને?

પૂજ્ય ભાઈશ્રી :- અપમાન કરે તો એને હાડોહાડ લાગે છે. એમાં બધાની વચ્ચે અપમાન કરે ત્યારે એને વધારે લાગી આવે છે. પણ કેવળજ્ઞાની પરમાત્મા કરોડો જીવોની સભાની મધ્યમાં તને માન આપે છે કે તું સર્વજ્ઞ સ્વભાવી છો, તું તારા સ્વરૂપના રાજ્યનું રાજ કર. સ્વરૂપના રાજ્યનું રાજ કર! લે હું તને તિલક કરું છું! ત્યાં તને માન ન ચડે તો પછી તને પેલાપણે અપમાનનું લાગી આવે છે (તો) અહીંયાં તું શું કરવા સ્વીકાર નથી કરતો? ત્યાં involvement થઈ જાય છે તારું, અહીંયાં કેમ નથી થતું? વિચાર કર તું. ભગવાને તને રાજગાદીએ બેસાડ્યો, પછી તને શું વાંધો છે? પછી ઉં..હું... ઉં..હું.. શેનો કરે છે તું? નકાર શેનો કરે છે તું? એમ કહે છે. એવી વાત છે. ના! ના! હું પામર ને હું દીન, મારા પરિણામ બગડી જાય, મને આવું થઈ જાય, મને તેવું થઈ જાય. રોતલની જેમ રોદણાં રોવે છો?! એટલે કૃપાળુદેવે કીધુંને? બહુ સરસ ગુજરાતી કહેવત લીધી છે. કહેવત તો જરા અગંભીર લાગે. શબ્દો જરા અગંભીર છે, પણ એનો આશય ઘણો ગંભીર છે. કે 'રાંડી રોવે, માંડી રોવે પણ સાત ભરથારવાળી શું કરવા રોવે છે?' કોઈ બાઈ રાંડે અને એણે ધણીનો આધાર લઈ રાખ્યો હોય કે મારે તો મારા ધણીનો આધાર હતો. હવે રળશે કોણ? અને મારા ખાવા-પીવાનું શું થાશે? મારું શું થાશે? એ તો રોવે. કોઈ માંડી એટલે પરણેલી. સંસાર માંડ્યો હોય એને માંડી કીધી. પરણેલી પણ રોવે (ધણી) નમાલો હોય તો. આ કાંઈ રળતો નથી, કમાતો નથી, આવો છે ને તેવો છે. દૈવત વગરનો છે. તો એ પણ રોવે કે આવો ક્યાં મળ્યો? પણ હવે તારે તો સાત-સાત ભરથાર છે. એટલે સાત-સાત ધણી છે.

એ કહેવા શું માગે છે? કે તું મનુષ્ય થયો, જૈનધર્મ તને મળ્યો, આવું સમજવાનું તને ટાણું મળ્યું, તું પુરુષાર્થ કરી શકવાને યોગ્ય છો, - એમ તારે સાતેય ધણી છે. હવે તું શેનો રોદણાં રોવે છો કે મારાથી ન થાય.. ન થાય.. ન થાય.. હું ન કરી શકું. હવે હું નથી કરી શકતો, હું નથી કરી શકતો. એને પુરુષાર્થની પ્રેરણા ઉપાડવા માટે એ વાત સમજાવી છે કે સબ અવસર આ ચુકા હૈ. તને તો બધોય અવસર મળી ગયો છે. તું ખોટું રોવે છો. રોવાનો તારે પ્રસંગ નથી, તારે કામ કરવાનો અવસર છે. એમ કહેવું છે. કેડ બાંધીને તૈયાર થઈ જા! અને બધું આખા સંસારનું પોટલું વાળીને એક કીક માર જોરથી કે ફરીને એની મુખ્યતા આવે નહિ. તું સંસારની મુખ્યતામાં તારા આત્મકલ્યાણની ગૌણતા કરી જા છો ને? તો એકવાર (સંસારની) એટલી ગૌણતા કર! જોરથી લાત માર! સામે મુખ્ય થઈને આવે જ નહિ. જે થવાનું હશે તે થાશે. જોયું જાશે. અત્યારે આ કરી લઉં. આ ટાઈમ મળ્યો છે, આવો ટાઈમ ફરીને નહિ મળે. અત્યારે આ જ કરી લઉં બસ! કાલની વાત વિચારવી નથી. કાલની સામે જોવું નથી અને વર્તમાનની સામે પણ, સંયોગની સામે - વર્તમાન સંયોગની સામે જોવું નથી. એટલી મુખ્યતામાં આવે. એટલે પછી પેલું લ્યેને ક્રમમાં થવાનું હશે એ થાશે, અહીંયાં પુરુષાર્થ ઉપાડ ત્યારે બાકીનું લઈ લે તું. કે એ બધું ક્રમમાં થવાનું હશે એ થાશે. મારે પુરુષાર્થમાં લાગી જાવું છે.

મુમુક્ષુ :- તો એની ભૂમિકામાં ક્રમબદ્ધ લાગુ કર્યું?

પૂજ્ય ભાઈશ્રી :- તો એણે યથાર્થ પ્રકારે લાગુ કર્યું. એમ છે. આ તો પોતાના પરિણામનની વાત આવે ત્યારે ક્રમબદ્ધ અને પરનું કરવામાં પાછો કરવું-કરવું કરીને લાગી જાય - એ તો વિપરીત છે.

શું કહે છે? '**ક્રમબદ્ધની અંદર સ્વભાવ, પુરુષાર્થ...**' ક્રમબદ્ધ એકલું હોતું નથી. '**ક્રમબદ્ધની અંદર સ્વભાવ, પુરુષાર્થ બધું જોડાયેલું હોય છે. જેને વિભાવ સર્વસ્વ લાગે છે અને તેમાંથી છૂટવું ગમતું નથી તેનું ક્રમબદ્ધ પણ એવું છે.**' જેને વિભાવ રુચે છે અને સંસાર રુચે છે એ છોડવો ગમતો નથી એનું ક્રમબદ્ધ એવું જ છે અને '**જેને વિભાવ રુચતો નથી અને સ્વભાવ જ રુચે છે...**' આત્મકલ્યાણ રુચે છે જેને, આત્મા રુચે છે '**તેનું ક્રમબદ્ધ તે જાતનું હોય છે.**' બસ, આવી રીતે ક્રમબદ્ધને સમજીને તું તારું માપ કાઢી લે કે તને શું રુચે છે? પણ તારા ક્રમબદ્ધનો વિચાર કરી લે તું. તને એમ લાગે કે નહિ મને તો સંસાર ને વિભાવ રુચે છે, મારું ક્રમબદ્ધ એવું છે, પછી હું શું કરું? ત્યાં તું કરું.. કરું.. કર્યા વગર નહિ રહે. ત્યાં તારું ક્રમબદ્ધ નહિ સચવાય. ત્યાં જરાક દુઃખી થઈશને ત્યારે એ દુઃખ છોડવા માટે ધમાધમ કર્યા વગર

નહિ રહે અને તારું ક્રમબદ્ધ પડ્યું રહેશે. અને એમ જ થવાનું એને. એ વખતે એ ક્રમબદ્ધના ભાવમાં રહી શકશે નહિ. બાકી તો ક્રમબદ્ધનો ન્યાય જાણીને યથાર્થ પ્રકારે પર્યાયોને ગૌણ કરે, એ તો વીતરાગતામાં આવી જાય. એટલે એ ઝેરના ઈંજેક્શન નથી પણ અમૃતના ઈંજેક્શન છે. વીતરાગતામાં આવી જાય!!

લોકોએ એક વખત તો બહુ વિરોધ કરેલો. એની સામે ગુરુદેવે એટલા જ ઉખળી-ઉખળીને ન્યાયો આપેલા છે કે, આ પડખેથી જુઓ તોપણ આમ ન્યાય છે, આ પડખેથી જુઓ તોપણ આમ ન્યાય છે, આ પડખેથી જુઓ તોપણ આમ ન્યાય છે. ૧૪૪ જેટલા ન્યાય કાઢેલા હતા. પુસ્તક આખું બન્યું છે આપણે ત્યાં.

મુમુક્ષુ :- વાદળા જોઈને સૂર્ય પાછો ફરતો નથી. ગુરુદેવનું એવું..

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો ઔર જોરમાં આવી જાય એ તો.

શું કહે છે? '**જેને વિભાવ રુચતો નથી અને સ્વભાવ જ રુચે છે તેનું ક્રમબદ્ધ તે જાતનું હોય છે. તેની પુરુષાર્થની ગતિ સ્વભાવ તરફ હોય છે,...**' સહજ. સહજ જ એનો સ્વભાવ પુરુષાર્થ તરફ ચાલે છે અને '**તેનું ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું છે.**' પછી પ્રકાર ફર્યો એટલે એણે ફેરવ્યું એમ કહેવાય. પણ એ બધું સહજ જ છે અને એ સહજતાનો પુરુષાર્થ કરનારને સ્વીકાર હોય છે. પુરુષાર્થ કરનારને કર્તૃત્વનું જોર હોતું નથી પણ સહજતાનો સ્વીકાર હોય છે અને એ સહજ પરિણમનમાં જ વર્તે છે. એવી વાત છે. છતાં એ વિષયમાં કાંઈ પ્રશ્ન હશે તો આપણે વિશેષ કાલે ચર્ચશું. ૨૩૧ અહીં પૂરો થાય છે. પ્રશ્નની અંદર વિરુદ્ધતા છે. પ્રશ્ન એમ કર્યો છે કે '**ક્રમમાં આવી પડેલા ઉદયભાવને...**' એ તો આઘા-પાછા થાય નહિ અને મારું વિચાર-મનન તૂટી પડે છે. એટલે મારે તો ફેરફાર કરવો છે એનું શું કરવું? તો તેં ક્રમને ક્યાં સ્વીકાર્યો? એ પ્રશ્ન જ અસ્થાને છે.

આશય :- (૨૩૧) :- **જે જીવનું હોનહાર સારું હોય છે, તે જીવને સત્સમાગમનો અવસર મળે છે ત્યારે યથાર્થ સમજણ કરીને પુરુષાર્થ જાગૃત કરીને આત્મકલ્યાણને સાધી લ્યે છે. સમ્યક્ પ્રકારે જેનો પુરુષાર્થ વર્તતો હોય છે તેને પરિણામની ક્રમબદ્ધતાનું યથાર્થ જ્ઞાન થાય છે. અને તે જ્ઞાન દ્વારા તેનો પુરુષાર્થ પણ વર્ધમાન થાય છે. ક્રમબદ્ધ પર્યાયનું અયથાર્થ પ્રકારે અવલંબન લઈને આત્મકલ્યાણના પુરુષાર્થથી વિમુખ ન થવું તેવો પરમાર્થ સમજવા યોગ્ય છે.**

પ્રશ્ન :– સમકિતીને શુભભાવનો નિષેધ વર્તે છે, છતાં જ્ઞાની પ્રત્યે સાચી અર્પણતા તેને જ હોય છે એ વિચિત્રતા લાગે છે!!

સમાધાન :– સ્વભાવમાં શુભભાવ નથી એટલે તેની દૃષ્ટિમાં શુભભાવનો આદર નથી. એવી વસ્તુસ્થિતિ છે. સમકિતી એક ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરે છે પણ વચ્ચે શુભભાવ આવ્યા વિના રહેતા નથી. ચૈતન્યતત્ત્વ જ સર્વસ્વપણે અંગીકાર કરવા જેવું છે. ચૈતન્યતત્ત્વ વિના જગતમાં બીજું કંઈ સારભૂત નથી. આ વિભાવ આત્માનો સ્વભાવ નથી, તે દુઃખરૂપ છે, આકુળતારૂપ છે. જેમણે જ્ઞાયક સ્વભાવને સંપૂર્ણપણે ગ્રહણ કર્યો છે અર્થાત્ જેઓએ પુરુષાર્થ કરીને સ્વરૂપમાં લીન થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તથા જેઓ વારંવાર સ્વરૂપમાં લીન થાય છે એવા મુનિવરો, તે બધાનો સમ્યગ્દૃષ્ટિને આદરભાવ આવે છે કારણ કે તેને પોતાના સ્વભાવનો આદર છે. મારો સ્વભાવ જ આદરણીય છે, વિભાવ છે તે હેયરૂપ જ છે–એમ યથાર્થ દૃષ્ટિ–પ્રતીતિ થઈ છે છતાં જેણે આવી દશા પ્રગટ કરી છે તેનો મહિમા પણ આવે છે. મારો સ્વભાવ જુદો છે અને આ વિકલ્પ જુદા છે. પોતે શુભભાવને આદરણીય નથી માનતો, તો પણ શુભભાવમાં ઊભો છે તેથી શુભભાવનાં જે નિમિત્તો દેવ–શાસ્ત્ર–ગુરુ, તેની મહિમા પણ એટલી જ આવે છે, તેને સ્વભાવની મહિમા છે ને વિભાવ તુચ્છ લાગે છે. છતાં જેણે આ પ્રગટ કર્યું છે–જે તેની સાધના કરે છે–તેની મહિમા આવે છે. સમકિતીને પોતાના સ્વભાવની મહિમા છે, તેથી સ્વભાવને જેણે પ્રાપ્ત કર્યો છે તેવા જ્ઞાનીઓ પ્રત્યે યથાર્થ મહિમા આવે છે.

અંતરદૃષ્ટિમાં શુભભાવ મારો સ્વભાવ નથી એમ તે માને છે અને તે ક્ષણે ભેદજ્ઞાનની ધારા પણ વર્તે છે. આમ તેને શુભભાવ આદરણીય નથી, છતાં શુભભાવનો રસ ઘણો પડે છે અને સ્થિતિ ઓછી પડે છે. ૨૩૨.

તા. ૧૯-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૨
પ્રવચન નં. ૧૭૫

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૨. પ્રશ્ન-૨૩૨. '**સમકિતીને શુભભાવનો નિષેધ વર્તે છે, છતાં જ્ઞાની પ્રત્યે સાચી અર્પણતા તેને જ હોય છે...**' જ્ઞાની કહો, મુનિ કહો

(એમને શુભભાવનો નિષેધ વર્તે છે.) '**એ વિચિત્રતા લાગે છે!!**' એટલે વિચિત્રતા લાગનારને નિશ્ચય-વ્યવહારની જે સંધિ છે એ સંબંધીની પોતાની સમજણ સ્પષ્ટ નથી. એ એમકે સમ્યગ્દૃષ્ટિ હોય એટલે એ કાંઈ કેવળજ્ઞાનીની જેમ સ્વરૂપમાં લીન રહે છે એમ તો નથી. ઉપયોગ બહાર જાય ત્યારે એ ઉપયોગ યથાસ્થાને કેવી રીતે બહાર જાય? અને એ બહાર જાય તો એનો આદર છે એમ નથી અને બહાર જાય તો એનો વિવેક નથી એમ પણ નથી. ઉપયોગ બહાર જાય અને શુભભાવ થાય તો એનો આદર છે એમ નથી. એમ ઉપયોગ બહાર જાય તો એ યથાસ્થાને જાય એનો એમને વિવેક હોય છે, અવિવેક નથી હોતો. એ રીતે બંને પડખેથી સમજવું જોઈએ.

'**સમાધાન :- સ્વભાવમાં શુભભાવ નથી એટલે તેની દૃષ્ટિમાં શુભભાવનો આદર નથી.**' સ્વભાવમાં શુભભાવ નથી અને દૃષ્ટિ એકલા સ્વભાવનો જ આદર કરતી હોવાથી, સ્વભાવ સિવાય બીજાનો આદર નહિ કરતી હોવાથી દૃષ્ટિમાં શુભભાવનો આદર નથી. આદર નથી એટલે નિષેધ વર્તે છે એમ કહેવામાં આવે છે. વિકલ્પ નથી કાંઈ. કેમકે દૃષ્ટિ પોતે જ નિર્વિકલ્પ છે. આદર પણ નિર્વિકલ્પ છે, સ્વભાવનો આદર પણ નિર્વિકલ્પ છે અને વિભાવનો નિષેધ પણ નિર્વિકલ્પ છે. '**એવી વસ્તુસ્થિતિ છે.**' શુભભાવનો આદર નથી એવી વસ્તુસ્થિતિ છે. એટલે સહજ જ એમ હોય છે. સમ્યગ્દૃષ્ટિને સહજ જ એમ હોય છે.

'**સમકિતી એક ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરે છે...**' ચૈતન્યતત્ત્વ એટલે પોતાનું સ્વરૂપ. માત્ર એક એટલે માત્ર પોતાના સ્વરૂપને દૃષ્ટિમાં ગ્રહણ કરે છે. આ સિવાય કાંઈ ગ્રહણ કરતા નથી. અને દૃષ્ટિ બીજે હોતી નથી. '**પણ વચ્ચે શુભભાવ આવ્યા વિના રહેતા નથી.**' ચારિત્રગુણ અધૂરો હોવાથી અને અલ્પવિકસિત હોવાથી, ચોથા ગુણસ્થાને તો બહુ જઘન્ય દશાએ હોવાથી એમને શુભભાવ આવ્યા વિના રહેતા નથી. આવે છે માટે આદર છે એમ નથી, એમ સમજવા યોગ્ય નથી. બિમાર માણસ કોઈ દવા લે એટલે એને દવાનો પ્રેમ જાગી ગયો છે એમ કેમ કહેવાય?

મુમુક્ષુ :- દવા સાવધાનીપૂર્વક લેતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા બહુ કાળજીથી લે. ચાટવાની દવા હોય અને બહુ કિંમતી હોય તો વાટકીમાં જરાય ચોંટી ન રહે એવી રીતે ચાટે. કેવી રીતે ચાટે? કે જરાય એ દવાનો બગાડ ન થાય એટલે એને દવા ઉપર બહુ પ્રેમ છે એમ થયું? એવું નથી કાંઈ. પણ ત્યાં સમજ પડે છે. ત્યાં સમજ પડે છે કે ભાઈ સાજો થશે એટલે એ જરાય દવા લેવાનો નથી. એનો અર્થ કે એને દવા લેવી પડે છે. લેવી છે એમ નથી પણ લેવી પડે છે. એમ શુભભાવ અનિવાર્યપણે આવે છે. કરવા છે અને આવે છે

એમ નથી પણ અનિવાર્યપણે પૂર્ણ વીતરાગતા નહિ હોવાને લીધે ચારિત્રગુણમાં રાગની ઉત્પત્તિ થયા વિના રહે જ નહિ. પણ થાય છે માટે એને પ્રેમ છે એનો, એની રુચિ છે, એનો એને આદર વર્તે છે - એમ માનવું જોઈએ નહિ.

થાય છે શું? પોતાના માપથી માપે છે બીજા લોકોને. હું હોંશથી કરું છું, હું ભક્તિ કરું છું ત્યારે મને ભક્તિની ઘણી હોંશ ચડે છે અને જ્ઞાનીનો પણ ભક્તિમાં ઉત્સાહ દેખાય છે. તો પછી એમાં ફેર ક્યાં રહ્યો? તો પછી એમાં ફેર ક્યાં રહ્યો? કે એમાં ફેર છે. જ્ઞાનીની દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી દેવ-ગુરુ-શાસ્ત્રની વીતરાગતાનો એને ઉત્સાહ છે. શું જોઈને ઉત્સાહ આવ્યો છે એને? એને વીતરાગતા જોઈને ઉત્સાહ આવ્યો છે અને બીજાને વીતરાગતાના દર્શન નથી ને એમ ને એમ કેવળ રાગ થાય છે, આંધળો રાગ થાય છે. ઓઘસંજ્ઞાએ રાગ થાય છે. બે રાગ રાગમાં ફેર છે. અને એટલો રાગ પણ અનિવાર્યપણે આવે છે. એમાં પણ સ્વભાવનું દર્શન છે, એવા જ્ઞાન અને સ્વભાવનો આદર છે, રાગનો આદર નથી.

અંદરની અંડર લાઈન તો જુદી જ છે સાવ. કે એનું જ્ઞાન જે સ્વભાવને જોવે છે... સામે ભગવાનની મૂર્તિ છે, ભક્તિ કરે છે. અને અનેક માણસો બેઠા છે અને જ્ઞાની પણ વચમાં બેઠા છે, તો એ ભગવાનની વીતરાગતા એમના જ્ઞાનમાં છે કે પૂર્ણ વીતરાગતા ઉપાદેય એમને હોવાથી એમણે જે પૂર્ણ સ્વભાવ પ્રગટ કર્યો છે એ સ્વભાવ અને એની ઉપરની દૃષ્ટિની ઉપાદેયતા હોવાથી એ જ્ઞાનમાં એનું બહુમાન ઊભું થાય છે અને ચારિત્રગુણ અધૂરો છે, એમાં જે રાગ રહી ગયો છે એ રાગ પણ એ જ્ઞાન પાછળ ઘસડાય છે. એટલે એ રાગ પણ મહિમા કરે છે. ખરેખર તો એનું જ્ઞાન મહિમા કરે છે. અંડરલાઈન એ છે. પણ આઉટલાઈન એની એ દેખાય છે કે એનો રાગ મહિમા કરે છે એટલે જ્ઞાની પણ રાગ કરે છે અને હું પણ રાગ કરું છું. અમે બેય સરખા છીએ. એ પોતાની દૃષ્ટિએ જ્ઞાનીનું તોલન કરે છે. અને આજ તો એમના કરતા પણ આપણને વધારે ભાવ હતો ભક્તિનો. ઠીક! પાછું કોઈવાર એવી રીતે કરી નાખે. એ (જ્ઞાની) તો થોડા ધીમે ધીમે બોલતા હતા, પણ આપણને તો એવી ધૂન ચડી હતી ને! એવા ભાવ આવતા હતાને! એમ પોતાની દૃષ્ટિએ માપે ત્યારે પછી કો'ક વખત આગળ પણ પોતે નીકળી જાય!! - આવી બધી ગડબડ થાય છે.

મુમુક્ષુ :- પેલાને ભક્તિ કરતા કરતા કષાયરસનો આવિર્ભાવ થતો હોય. જ્ઞાનીપુરુષને અકષાયરસનો આવિર્ભાવ થતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનીને ભક્તિ કરતા કરતા સ્વભાવરસ ચડે છે. પેલાને રાગરસ ચડે છે, વિભાવરસ ચડે છે. બે વચ્ચે મોટો ફેર છે. એટલું જ નહિ એ સ્વભાવરસ

ચડતા ચડતા સાથે જે રાગનો અંશ છે અને એમાં જે જાતિના પુણ્યના પ્રકાર અને પુણ્ય બંધ છે એવો આને તીવ્ર રાગરસ હોય તોપણ હોતો નથી. ભક્તિ તીવ્ર હોય તો એવો પ્રકાર એને ન હોય. ક્વૉલિટી ફેર છે. આખી ક્વૉલિટી ફેર થઈ જાય છે. એટલો બધો ફરક છે.

મુમુક્ષુ :- પરિણમનની ક્વૉલિટીમાં તો ફેર છે જ, પણ કષાયની ક્વૉલિટીમાં પણ ફેર છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, રાગની ક્વૉલિટીમાં પણ ફેર છે. પુણ્યબંધની ક્વૉલિટીમાં ફેર છે. અરે..! જ્ઞાની-જ્ઞાની વચ્ચે ફરક હોય છે. પ્રભાવનાનો રાગ બધા જ્ઞાનીને હોય. કેમકે પ્રભાવના અંગ છેને! સમ્યગ્દર્શનના આઠ અંગમાં પ્રભાવના અંગ બધા જ્ઞાનીને છે. અને તીર્થંકરને પણ પ્રભાવનાનો ભાવ હોય અને જ્ઞાનીને પણ પ્રભાવનાનો ભાવ હોય. તીર્થંકરને તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય અને બીજા જ્ઞાનીને ન થાય લ્યો!

ગોમ્મટસારમાં નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ એની ચર્ચા ઉપાડેલી છે. ગોમ્મટસારમાં એની ચર્ચા કરી છે કે આમ કેમ? પ્રભાવના તો બેય કરે છે અને બેય જ્ઞાની છે. તો કહે તીર્થંકરના જે તથા પ્રકારના શુભભાવ છે એની વિશુદ્ધિ કોઈ ખાસ પ્રકારની છે - specific છે, માટે એને તીર્થંકર પ્રકૃતિ બંધાય અને બીજાને ન બંધાય, જ્ઞાની હોય તોપણ. એવી સૂક્ષ્મતા તો ઘણી છે. વિભાવના વિષયમાં પણ આવી સૂક્ષ્મતા ઘણી છે. એને વિશુદ્ધિ કીધી છે. ખાસ પ્રકારની વિશુદ્ધિ કીધી છે. એને રાગની અશુદ્ધિ નથી કીધી. વિશુદ્ધિ કીધી છે ત્યાં. કેમકે ત્યાં એને તીર્થંકર પ્રકૃતિની પ્રશંસા કરવી છે. નિંદા નથી કરવી ત્યાં. પ્રશંસા કરવી છે. નિંદા કરવી હોય ત્યારે એમ કહે કે એ પણ ઝેર છે. એ જ્ઞાનીઓ, તીર્થંકર પણ એમ કહે પાછા કે એ ઝેર છે. ત્યાં ગોમ્મટસારમાં એને વિશુદ્ધિ કહી. ખાસ પ્રકારની વિશુદ્ધિ કહી છે.

'**સમકિતી એક ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરે છે પણ વચ્ચે શુભભાવ આવ્યા વિના રહેતા નથી. ચૈતન્યતત્ત્વ જ સર્વસ્વપણે અંગીકાર કરવા જેવું છે.**' ગુરુદેવ અને બહેનશ્રીના વચનોમાં આવી ચોખવટ વધારે છે. આ પ્રકારની ચોખવટ ગુરુદેવશ્રી અને બહેનશ્રીના વચનોમાં વધારે છે. '**ચૈતન્યતત્ત્વ જ સર્વસ્વપણે અંગીકાર કરવા જેવું છે. ચૈતન્યતત્ત્વ વિના જગતમાં બીજું કંઈ સારભૂત નથી.**' ચૈતન્યતત્ત્વ એટલે પોતાનું આત્મસ્વરૂપ. પોતાનું આત્મસ્વરૂપ એક જ ઉપાદેય છે, એ એક જ સારભૂત છે. એ સિવાય બીજા કોઈનો આશ્રય લેવાય નહિ, આધાર લેવાય નહિ.

'**આ વિભાવ આત્માનો સ્વભાવ નથી,...**' જેટલો કોઈ વિભાવ છે, અંશે. જેટલા અંશે. એ કોઈ આત્માનો સ્વભાવ નથી. તે દુઃખરૂપ છે. કેવું છે? '**તે દુઃખરૂપ છે,**

આકુળતારૂપ છે.' દુઃખરૂપ છે અને આકુળતારૂપ છે. '**જેમણે જ્ઞાયક સ્વભાવને સંપૂર્ણપણે ગ્રહણ કર્યો છે અર્થાત્ જેઓએ પુરુષાર્થ કરીને સ્વરૂપમાં લીન થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે...**' એવા સર્વજ્ઞદેવ. '**તથા જેઓ વારંવાર સ્વરૂપમાં લીન થાય છે એવા મુનિવરો, તે બધાનો સમ્યગ્દૃષ્ટિને આદરભાવ આવે છે...**' એમની સ્વભાવ સાધના જોઈને આદરભાવ આવે છે. આદરભાવ આવવાની પાછળ કાંઈક હેતુ તો છે કે નહિ? કે એમનો સ્વભાવ પ્રગટ થયો છે એ જોઈને આદર આવે છે. તો રાગની અંદર સ્વભાવનો અનુરાગ ઉત્પન્ન થયા વિના રહે નહિ. સ્વભાવને અનુસરીને થતો રાગ તે અનુરાગ. એ રાગની દશા રહી ગઈ છે, રાગ રહી ગયો છે તો એમાં એ પ્રકાર આવ્યા વિના રહે નહિ. આવે છે માટે ઉપાદેય છે એ વાત નથી. કેમકે એ દુઃખરૂપ છે એમ એ બરાબર જાણે છે. જાણે છે એટલે અનુભવ કરે છે.

રાગના અંશમાં આકુળતા અને દુઃખ છે એનો પણ બરાબર અનુભવ કરે છે. બરાબર અનુભવ કરે છે એટલે કેવો અનુભવ કરે છે? કે દેવાદિક પ્રત્યે ઉપયોગ જાતા હૈ ઉસમેં ભટ્ઠી જૈસા દુઃખ લગતા હૈ. એવું લીધું. આ નયના પ્રકરણમાં ક્યાંક ક્યાંક શેઠિયાજીને સંભાર્યા છે. આપણે ('પ્રવચન નવનીત'ના) ત્રીજા ભાગમાં નયનો વિષય ચાલે છે એમાં ક્યાંક ક્યાંક યાદ કર્યા છે. સોગાનીજીને યાદ કર્યા છે, શેઠિયાજીને યાદ કર્યા છે અને એમને 'આ ભટ્ઠી જેવું દુઃખ છે' એ બેઠું નહોતું એ પણ યાદ કર્યું છે. કેમકે નયનો વિષય છે ને? તો એક નયથી એ જોવે છે કે જે વિભાવભાવ છે એનું દુઃખ છે. એ પણ જ્ઞાનનો એક નય છે. સ્વભાવનું સુખ છે એ પણ જ્ઞાનના એક નયથી જણાય છે. જેટલા અંશે વિભાવ છે એનું દુઃખ છે એ પણ જ્ઞાનના એક નયે જણાય છે. બે વાતની ચોખવટ કરે છે ત્યારે યાદ કરે છે.

સુખની વાત કરે ત્યારે એમ કહે કે 'બાહ્ય નારકી કૃત દુઃખ ભોગે અંતર સુખરસ ગટાગટી.' એટલું બધું સુખ બતાવે કે જાણે એને દુઃખ જ નથી. દુઃખ બતાવે ત્યારે તો કહે સર્વજ્ઞનો અનુરાગ થાય એમાં ભટ્ઠી જેવું દુઃખ આવે - જાણે સુખી જ નથી. ત્યાં (નરકમાં) દુઃખી જ નથી! - વાત એક જ સમ્યગ્દૃષ્ટિની ચાલે છે. સાંગોપાંગ સમજણ ન હોય તો એને-જીવને વિરુદ્ધતા લાગ્યા વગર રહે નહિ.

મુમુક્ષુ :- સમ્યગ્જ્ઞાન છે એટલે ક્યાંય વિરોધાભાસ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અને બે અંશ છે એ જેમ છે એમ જાણે છે. અનુભવ કરે છે. પછી અસમાધાન રહેવાનું કારણ નથી.

મુમુક્ષુ :- એક જ્ઞાનીને બીજા જ્ઞાની પ્રત્યે ખૂબ પ્રેમ અને આદરભાવ હોય જ ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોય જ. ખૂબ જ હોય. હોય નહિ (શું) ખૂબ જ હોય. 'શાંતદશા તિનકી પહિચાની કરે કર જોડી બનારસી વંદન.' છે કે નહિ? જેણે મિથ્યાત્વનું નિકંદન કાઢ્યું છે અને જે જિનેશ્વરના લઘુનંદન છે. છેલ્લે બધો પ્રાસ મેળવ્યો છે. નિકંદન-લઘુનંદન-વંદન એ બધો પ્રાસ મેળવ્યો છે. એવી રીતે પોતે વંદન કર્યા છે.

'તે બધાનો સમ્યગ્દૃષ્ટિને આદરભાવ આવે છે કારણ કે તેને પોતાના સ્વભાવનો આદર છે.' જો એમ ન હોય તો એને પોતાના સ્વભાવનો આદર નથી. એમ નીકળે છે. એને સ્વભાવનો જ આદર નથી. એમ છે. શેઠિયાજી તો (ગુરુદેવશ્રીના) વહેલા પરિચયમાં આવેલા, એમના વિષે (ગુરુદેવશ્રીએ) પ્રશંસા પણ કરેલી. સોગાનીજી તો પાછળથી આવેલા અને એટલો પરિચય નહિ પાછો. પ્રત્યક્ષમાં તો પરિચય થયો જ નથી, પરોક્ષ થયા પછી, સ્વર્ગમાં ગયા પછી, પુસ્તક ('દ્રવ્યદૃષ્ટિપ્રકાશ') બહાર પડ્યા પછી એમના અક્ષરદેહનો પરિચય થયો છે. એ અક્ષરદેહથી એમણે એમના ભાવ વાંચ્યા. તો પછી જો જ્ઞાની પક્ષપાત કરતા હોય તો તો પહેલાનો થવો જોઈએ. (પણ) એવું નથી. જેમ છે એમ બરાબર જોઈ શકે છે. મધ્યસ્થ જ્ઞાન છે. કેવું જ્ઞાન છે? મધ્યસ્થ જ્ઞાન છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપને તો ત્રણ-ત્રણ જ્ઞાની પ્રત્યક્ષ મળ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

શું કહે છે? **'તેને પોતાના સ્વભાવનો આદર છે.'** કેમ સમ્યગ્દૃષ્ટિને આદર આવે છે? **'કારણ કે તેને પોતાના સ્વભાવનો આદર છે.'** એટલે બહારમાં જેણે સ્વભાવ પ્રગટ કર્યો હોય એનો આદર થયા વિના રહે નહિ. અંદર સ્વભાવનો આદર છે એટલે બહાર પણ સ્વભાવનો આદર છે. અંદર અને બહાર એક થયું કે નહિ? બસ! એમાં વિરુદ્ધતા ક્યાં આવી તને? તું રાગને જોવે છો, એના જ્ઞાનને જોતો નથી. એટલે વિરુદ્ધતા લાગે છે.

'મારો સ્વભાવ જ આદરણીય છે, વિભાવ છે તે હેયરૂપ જ છે-...' શું કહે છે? મારો જે સ્વભાવ છે, મારું સ્વરૂપ છે એ મને આદરણીય છે. અવસ્થામાં વિભાવ થાય છે તે હેયરૂપ જ છે **'એમ યથાર્થ દૃષ્ટિ અથવા પ્રતીતિ થઈ છે, છતાં જેણે આવી દશા પ્રગટ કરી છે તેનો મહિમા પણ આવે છે.'** સહજ જ આવે છે. એમ છે. દૃષ્ટિમાં પણ એમ જ છે. સ્વભાવ આદરણીય છે, વિભાવ બિલકુલ આદરણીય નથી. છતાં જેણે સ્વભાવ પ્રગટ કર્યો છે એના પ્રત્યે જે ભાવ થાય છે એમાં ભલે વિભાવ છે એ આવ્યા વિના રહેતો નથી. અને તે સ્વસ્થાનનો રાગ છે. કેવો છે? અસ્થાનનો રાગ નથી પણ સ્વસ્થાનનો રાગ છે. એટલે તે રાગ ચાલતા સ્વભાવ પરિણામને હાનિ પહોંચાડી નહિ શકે. તો એ રાગ ચાલતા સ્વભાવ પરિણામને હાનિ પહોંચાડશે

નહિ. નુકસાન નહિ કરે.

'**મારો સ્વભાવ જુદો છે અને આ વિકલ્પ જુદા છે.**' જેટલા વિકલ્પ ચાલે છે દેવ-ગુરુ-શાસ્ત્રના, ભક્તિના એ વિકલ્પ જુદાં અને હું જુદો. જુદે જુદો પોતે પોતાના જ્ઞાનથી તારવે છે. શું કરે છે? જુદો પોતાને તારવે છે. એવો અનુરાગ આવી જાય છે તોપણ પોતાને જ્ઞાનમયપણે જુદો તારવતા જાય છે અને એ ભિન્ન જ્ઞાનથી એની ઉપાસના કરતા જાય છે. એ ઉપાસના કરતા કરતા રાગને ટાળી નાખશે. એકલા રાગને પણ ટાળી નાખશે.

'**મારો સ્વભાવ જુદો છે અને વિકલ્પ જુદા છે. પોતે શુભભાવને આદરણીય નથી માનતો, તો પણ શુભભાવમાં ઊભો છે તેથી શુભભાવનાં જે નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુ, તેની મહિમા પણ એટલી જ આવે છે,...**' એટલે જોરદાર આવે છે. એના જેવી મહિમા બીજાને ન આવે પાછી. એના જેવી કેમકે એને ઓળખાણ છે. એટલે એના જેવી મહિમા બીજાને ન આવે. ઈન્દ્રો નાચે છે. સમવસરણમાં ઈન્દ્રો, ઈન્દ્રાણીઓ બધા નાચતા હોય ભગવાનની વીતરાગતા જોઈને. વચ્ચે દિવ્યધ્વનિ બંધ પડી જાય તો પછી આ લોકોના ભક્તિના પ્રોગ્રામ ચાલુ થઈ જાય. ભગવાનની વાણી બંધ થઈ ગઈ. હવે છાના-માના બેસી રહે એમ કાંઈ હોય? એના ભક્તિના પ્રોગ્રામ ચાલુ થાય. વીતરાગતા જોઈને ભક્તિ કરે, નાચે. ભગવાનની વીતરાગતા જોઈને એવો ભાવ આવે. એની ભક્તિ પણ એવી જ હોય છે પાછી. અંદરમાં વીતરાગતા વધે અને બહારમાં ભક્તિ પાછી વધે, એમ લાગે. બહુ ભક્તિ આવે છે... બહુ ભક્તિ આવે છે - એમ થાય. એ વીતરાગતા પ્રત્યેનો આદર વધી ગયો છે. એમ છે. વીતરાગતા પ્રત્યેનો આદર વધી ગયો છે. તો અંદરમાં સ્વભાવનો આદર વધી જાય છે. એમ મેળ છે. દુમેળ નથી. વિરોધપણું નથી એમાં. વિરુદ્ધતા નહિ લેવી. મેળ ક્યાં છે એ જુઓ તમે.

ફરીથી '**પોતે શુભભાવને આદરણીય નથી માનતો,...**' નહિતર તો રાગનો રાગ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. '**તો પણ શુભભાવમાં ઊભો છે..**' એટલે યોગ્યતા એવી છે. શુભભાવમાં ઊભો છે એનો અર્થ શું છે કે શુભભાવ થાય એવી યોગ્યતામાં ઊભો છે. એટલું લાંબું ન લખવાના બદલે એમ લખ્યું કે એ શુભભાવમાં ઊભો છે. શુભભાવમાં ઊભો છે એટલે કે પોતાને રાગ, શુભભાવ થાય એવી યોગ્યતામાં ઊભો છે. એ યોગ્યતા, એ પ્રકારની યોગ્યતામાં ફેરફાર હજી નથી થયો, પૂર્ણ વીતરાગ નથી થયો એટલે એ જાતની અયોગ્યતા છે. એ અયોગ્યતામાં પોતે ઊભો છે. '**તેથી** (એને) **શુભભાવનાં જે નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુ, તેની મહિમા પણ એટલી જ આવે છે,..**'

અને એમાં નીચેની મર્યાદા એ છે. બાઉન્ડ્રી કહેવી છે કે જે શુભભાવના નિમિત્તો

છે એ વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર જ હોય પાછા. કોઈ રાગી દેવ-ગુરુ-શાસ્ત્ર હોય નહિ. એની એ પાછી અંદર એની મર્યાદા બાંધેલી છે. આ જે બધા લાગી પડે છે ને? ગમે તેના વખાણ કરવા. એમ નહિ. વીતરાગતા સંપન્ન કરી છે એના જ વખાણ કરે છે. એની જ ભક્તિ અને એની જ પ્રશંસા કરે છે. ગમે તે દેવ, ગમે તે ગુરુ, ગમે તે શાસ્ત્ર એની પ્રશંસા જ્ઞાની કરતા નથી. નહિતર દોષ લાગે. મિથ્યાત્વનો દોષ લાગે, ગૃહીત મિથ્યાત્વનો દોષ લાગી જાય. એમ છે. નાની-સૂની વાત નથી પાછી. નીચે એ મર્યાદા બાંધી છે. ઉપરમાં સ્વભાવને જોઈને થાય છે એમ વાત છે.

મુમુક્ષુ :- અમૂઢદૃષ્ટિ અંગ છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અમૂઢદૃષ્ટિ. મૂઢપણું નથી કે ગમે તેના વખાણ કરે.

મુમુક્ષુ :- મુમુક્ષુ પણ ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- ના, ન કરે. મુમુક્ષુ કરે તો એને પણ ગૃહીત મિથ્યાત્વ લાગે. જેને કરે એને લાગે. ગૃહીત મિથ્યાત્વમાં ચાલ્યો જાય.

(એક મુમુક્ષુભાઈ) છે ને એ મળ્યા હતા લોનાવાલામાં. તેની રૂમમાં અમે ગયા હતા. રમણમહર્ષિનું પુસ્તક પડેલું હતું. અધ્યાત્મ બહુ સારું છે. આપણા જૈનદર્શન જેવું જ અધ્યાત્મ છે. કદાચ કેટલુંક અધ્યાત્મ જે છે એ સમ્યગ્દર્શનના વિષયમાંથી નીકળેલું છે. એ વિષયને એ લોકોએ મુખ્ય કર્યો છે એટલે અધ્યાત્મ બહુ સારું લાગે. પ્રશંસા કરતા હતા. મેં કીધું એમ નહિ, વીતરાગ સર્વજ્ઞ જૈન પરમેશ્વર એનો એમને અસ્વીકાર કેમ હતો? એનો તમે કાંઈ વિચાર કર્યો? એમણે એમને સ્વીકાર્યા નથી. જિનેન્દ્રદેવ કાંઈ અપ્રસિદ્ધ નથી કે ખબર નહોતી એમ કહી શકે. મોટા-મોટા મંદિરો છે એમના. મોટા-મોટા મંદિરો થયેલા છે.

મુમુક્ષુ :- સાઉથમાં તો વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા અને સાઉથમાં તો ઘણો જૈનનો વૈભવ છે. અને લાખોની વસ્તી છે અને એવા જે વિદ્વાન પુરુષો હોય એને જૈનદર્શનના સાહિત્ય ન વાંચ્યા હોય એવું બને નહિ. છતાં એ વીતરાગી સિદ્ધાંતો, વીતરાગી શાસ્ત્રો અને વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો આદર ન કર્યો, એમને સ્વીકાર્યા નહિ, તો એમનો અસ્વીકાર થયો એનું શું કારણ? એના ઊંડાણમાં કોઈ દી' ગયા છો? એનો વિચાર કર્યો છે? કારણ કે એ તો કોઈ દી' વિચાર જ નથી આવ્યો. આ બધું સારું-સારું લાગે છે. અધ્યાત્મની વાતો લખી હોય તો બધું સારું-સારું લાગે છે કહે. (પરંતુ ખરેખર) વિચાર કરવો જોઈએ, પ્રશંસા કરતા પહેલા વિચાર કરવો જોઈએ.

મુમુક્ષુ :- આપે કહ્યું હતું ને આ વિશ્વમાં બે જૈન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કૃપાળુદેવ કહે છે કે આ જગતમાં બે જૈન નથી. જૈનમાં આટલા વાડા પડ્યા છે એ ખોટું થયું છે. એક જ દિગંબર જે છે મૂળ છે એ જ બરાબર છે. બાકી બે જૈન છે જ નહિ. બધી વિકૃતિ આવી. બધી ગડબડ થઈને સૌ પોતપોતાની રીતે ચાલવા માંડ્યા. ભગવાનનો માર્ગ છોડીને જુદો ચીલો ચાતરવા માંડ્યા. બહુ મોટો અપરાધ થાય. કુંદકુંદાચાર્યદેવે તો અષ્ટપાહુડમાં બહુ પ્રહાર કર્યા છે એના ઉપર. કેમકે એ કાળમાં પોતે હતા. આ બાજુ શ્વેતાંબર શરૂ થયો અને આ બાજુ એમનો ઉદય હતો. એટલે એ બાબતમાં ઉકળાટો આવ્યા વગર રહે નહિ. એટલે (કોઈ) ગડબડ કરે એ મૂળ માર્ગની સામે તો એક વખત તો લાકડી ઊપડ્યા વગર રહે નહિ. હાથમાં દંડો લ્યે જ. જ્ઞાની હોય તોપણ લ્યે અને આચાર્ય હોય તોપણ લ્યે. એવું છે. ગુરુદેવે (પણ) પ્રહાર કર્યા છે. એ સંક્રાતિકાળમાં જરા એને વધારે લાગે પોતાને. સંક્રાતિકાળ હોય ત્યારે પોતાને વધારે લાગે. એ દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા છે એટલે આવે છે. જેને મહિમા હોય એને સુરક્ષાનો વિકલ્પ પણ આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- વૉરંટ લઈને આવે તો આડા ઊભા રહી જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- રહી જાય. શું કરવા ન રહી જાય?

'**તેને સ્વભાવની મહિમા છે ને વિભાવ તુચ્છ લાગે છે.**' સ્વભાવની મહિમા છે એને વિભાવ તુચ્છ લાગે છે. ભલે પોતાનો શુભભાવ છે અને બીજા કરતા વિશિષ્ટ પ્રકારનો, ખાસ પ્રકારનો, ઊંચા પ્રકારનો better qualityનો છે તોપણ એને એ તુચ્છ ગણે છે. કેવું ગણે છે? તુચ્છ ગણે છે. એનો અહંભાવ કરતા નથી અને રાગનો રાગ એમને થતો નથી કે આ રાગ સારો આવ્યો લ્યો! આ રાગ સારો આવ્યો! - એવું કદી થતું નથી. એ આખરમાં રાગ છે એ રાગ છે.

'**છતાં જેણે આ પ્રગટ કર્યું છે-**' એટલે સ્વભાવ પ્રગટ કર્યો છે. '**જે તેની સાધના કરે છે-**' વીતરાગી સાધના. '**તેની મહિમા આવે છે.**' કેમકે પોતાને સાધનામાં આગળ વધવું છે. એ બીજા સાધકને, આગળના સાધકને જોઈને એમના પ્રત્યે એને શુભભાવ આવ્યા વિના રહે નહિ. કેમકે રાગની યોગ્યતામાં રહ્યો છે એ રાગ કામ ક્યાં કરશે? કે આ જગ્યાએ કરશે. એમ કહેવું છે.

'**સમકિતીને પોતાના સ્વભાવની મહિમા છે,...**' સમકિતીને અંદરમાં તો પોતાના સ્વભાવની મહિમા છે. '**તેથી સ્વભાવને જેણે પ્રાપ્ત કર્યો છે તેવા જ્ઞાનીઓ પ્રત્યે યથાર્થ મહિમા આવે છે.**' કેવો મહિમા આવે છે? કે યથાર્થ મહિમા આવે છે.

મુમુક્ષુ :- યથાર્થ મહિમા એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમના સ્વરૂપને ઓળખીને મહિમા આવે છે. ઓઘે-

ઓઘે નથી આવતો. પુરુષાર્થનું એમનું પરાક્રમ જોઈને મહિમા આવે છે. આખા જગતને એમણે પીઠ દીધી છે એનો મહિમા આવે છે. એવી વાત છે. એમનો પુરુષાર્થ જોઈને, એમની જ્ઞાનદશા જોઈને, જ્ઞાનદશાના અનેક સુંદર સુશોભિત પડખા જોઈને, એમની શોભા જોઈને એમનો મહિમા આવ્યા વિના રહે નહિ.

આપણે ક્યા-ક્યા લખાણા ડાયરીમાંથી?

મુમુક્ષુ :- ભાવના અને જ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મભાવના અને જ્ઞાનદશા.

મુમુક્ષુ :- સત્સંગ ઉપર લખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઠીક છે. સત્સંગનું લાંબું છે? પછી સ્વાધ્યાય પદ્ધતિ લેજો.

શું કહે છે? '**સમકિતીને પોતાના સ્વભાવની મહિમા છે, તેથી...**' તેને લઈને. તેથી એટલે તેને લઈને, તે કારણથી. તેથીનો અર્થ એમ છે તે કારણથી. એમ. એ બધા સમાસ છે. વચ્ચે શબ્દોને સમાવી દેવા એને સમાસ કહે છે. '**સ્વભાવને જેણે પ્રાપ્ત કર્યો છે તેવા જ્ઞાનીઓ પ્રત્યે યથાર્થ મહિમા આવે છે.**' જ્ઞાનીઓ પ્રત્યે યથાર્થ મહિમા આવે છે એમ નહિ; જેણે સ્વભાવને પ્રગટ કર્યો છે, પ્રાપ્ત કર્યો છે, અનુભવ કર્યો છે એવા જ્ઞાનીઓ પ્રત્યે મહિમા આવે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગુરુદેવશ્રીએ એમના પુસ્તકમાં લખ્યું હતું કે કોઈ જ્ઞાનીપુરુષનું ચરિત્ર વાંચતા હોય એમાં ઉપસર્ગ આવે તો વાંચતા-વાંચતા રડી પડતા હતા. અંજનાસતીનું કે કંઈક એનું વાંચતા હશેને તો વાંચતા વાંચતા રડી પડે... આવું ન હોવું જોઈએ એમ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોઈ ઉપસર્ગ કરતા હોયને? એમ. એમાં શું છે કે જગતમાં તો કોઈને કોઈ પ્રતિકૂળતા આપે ત્યારે એ સામે શીંગડાં ભરાવે, (જ્યારે) જ્ઞાની છે એ મૂંગા પ્રાણીની જેમ માર ખાઈ લે. મૂંગું પ્રાણી એટલે જે અવાજ ન કરી શકતો હોય, અબોલ પ્રાણી હોય એને કોઈ મારે તો એ શું કરે? માર ખાઈ લે મૂંગો-મૂંગો. એટલે એમને થોડું એ બાબતમાં વિશેષ કોમળ, એમનું જે હૃદય હતુંને એ કોમળ હતું. અરર..! આવું કરે છે! એ એક એમની કોમળતાની પ્રકૃતિ હતી.

મુમુક્ષુ :- વાંચતાં-વાંચતાં રડી પડે. પ્રત્યક્ષ હોય તો શું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- તો વધારે લાગે. વધારે અસર આવે. પ્રત્યક્ષની અસર વધારે આવે. એ તો છે જ ચોક્કસ.

'**અંતરદૃષ્ટિમાં શુભભાવ મારો સ્વભાવ નથી એમ તે માને છે...**' અંતરંગમાં. આ શુભભાવ પણ મારું સ્વરૂપ નથી. જે શુભભાવ મને જ્ઞાનીઓ પ્રત્યે કે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે આવે છે એવું પણ મારું સ્વરૂપ નથી. એમ તે માને છે, શ્રદ્ધામાં સ્વીકારે છે.

'અને તે ક્ષણે ભેદજ્ઞાનની ધારા પણ વર્તે છે.' એટલે એ વિભાવથી પણ ભિન્ન હું જ્ઞાનમય સ્વરૂપે છું, એવું ભેદજ્ઞાનનું અનુભવન પણ ચાલુ છે એમનું. એ શુભભાવમાં બીજા રાગીની જેમ એટલા તન્મય થઈ ગયા છે એવું નથી. ત્યારે પણ ભિન્ન રહે છે, એ રાગથી પણ ભિન્ન રહે છે. એટલે એની ક્વૉલિટી સુધરે છે. ભિન્ન રહે છે માટે ક્વૉલિટી બીજી જાતની છે.

ક્યારેક રસ વધે તોપણ ભિન્નતા છૂટીને નહિ. ભક્તિભાવ વધી જાય અને ઘણાં ભક્તિભાવમાં દેખાય. પગે ઘુઘરા બાંધીને ઈન્દ્રો નાચે. કેવી રીતે? જેમ નાચનારી પગે ઘુઘરા બાંધીને નાચે એવી રીતે પગે ઘુઘરા બાંધીને નાચે ઈન્દ્રો. અને એમને ઘણો ભક્તિનો રસ વધ્યો છે એવું લાગે તોપણ અંદર ભેદજ્ઞાનથી ભિન્નતા વર્તે છે અને એ ભક્તિના રાગાંશને એ દુઃખભાવ જાણે છે, અનુભવે છે. એ વાત સોગાનીજીએ તો સ્પષ્ટ કરી છે કે ઈન્દ્રો પણ એ ભક્તિના ભાવને દુઃખભાવ અનુભવ કરે છે. એટલે જ્ઞાન ઢીલું નથી પડતું. કે પોતાનો ભક્તિભાવ છે માટે એમાં સુખ અને બીજાનો ભક્તિભાવ છે માટે આકુળતા - એમ નથી. એમાં પણ જે દુઃખ છે એમાં દુઃખનો જ અનુભવ કરે છે. દુઃખમાં સુખનો અનુભવ કરે તો વિપર્યાસ થઈ જાય. એ વિપર્યાસ સમ્યગ્જ્ઞાનીને હોતો નથી.

મુમુક્ષુ :- એકાંતે બહિર્મુખ પરિણમન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ભેદજ્ઞાનની ધારા વર્તે છે ને! અંતર્મુખતા સાથે છે એક જ પર્યાયમાં. અને એ મુખ્ય પરિણતિ છે. એ અંતર્મુખ પરિણતિ છે એ બળવાન અને મુખ્ય પરિણતિ છે. આ તો ગૌણપણે ચાલે છે. ભલેને ઠેકડા દેખાય. (પણ) ખીલો ધરબાયેલો છે.

'આમ તેને શુભભાવ આદરણીય નથી, છતાં શુભભાવનો રસ ઘણો પડે છે અને સ્થિતિ ઓછી પડે છે.' છતાં શુભભાવનો રસ ઘણો પડે છે અને સ્થિતિ ઓછી પડે. નહિતર એવું છે કે રસ છે એને અનુસાર સ્થિતિ વધારે પડે. આને સ્થિતિ ઓછી પડે.

મુમુક્ષુ :- એમ કેમ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે બે પ્રકૃતિ છે - ઘાતિ અને અઘાતિ. ઘાતિની સ્થિતિ ઓછી પડે અને અઘાતિની સ્થિતિ લાંબી પડે. એટલે આયુષ્ય મોટા બંધાય દેવલોકના. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય - એની સ્થિતિ ઓછી પડે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચારની સ્થિતિ ઓછી પડે અને આયુષ્ય સાથે જોડાયેલા છે નામ, ગોત્ર અને વેદનીય - એની સ્થિતિ મોટી પડે. અને

શાતાવેદનીય હોય એટલે લાંબોકાળ શાતાવેદનીય સ્વર્ગમાં ભોગવે. એમ. એટલે સ્થિતિ ઓછી પડે છે ત્યાં ઘાતિની લેવી. અઘાતિની તો મોટી પડે.

એટલે શુભભાવનો નિષેધ છે છતાં એ શુભભાવમાં આવે છે, એનો રસ દેખાય છે, એમાં કાંઈ વિરોધતા નથી. એ એમનો વ્યવહાર છે, આ નિશ્ચય છે અંદરમાં દૃષ્ટિ છે એ. નિશ્ચય-વ્યવહારનો અહીંયાં સુમેળ છે. નિશ્ચય-વ્યવહારનો સુમેળ છે - સંધિ છે. સુમેળને સંધિ કહેવામાં આવે છે. એટલે વિરુદ્ધતા નથી એમ સમજવું જોઈએ. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૩૨) :- **સમકિતીને દૃષ્ટિમાં એકાંતે, સર્વસ્વપણે સ્વરૂપની ઉપાદેયતા વર્તતી હોવા છતાં પણ અનિવાર્યપણે યોગ્યતાવશાત્ શુભભાવ આવે છે. જે વિભાવ છે, દુઃખરૂપ છે, આવી મિશ્રદશા સાધક સમકિતીને હોય છે. તેમાં વિરુદ્ધતા નથી. પરંતુ નિશ્ચય-વ્યવહારની સંધિ છે. અને બંને જાતના આંશિકભાવોનું સ્વરૂપ સમજીને જ્ઞાનીની ઓળખાણ કરવી જોઈએ. એવો પારમાર્થિક દૃષ્ટિકોણ અહીંયાં સમજવા યોગ્ય છે.**

❁

દુઃખ - એ કલ્પનામાંથી ઉત્પન્ન થયેલ ભાવ છે. વસ્તુના સ્વરૂપજ્ઞાનના આધારે દુઃખની ઉત્પત્તિ થતી નથી. વળી, નિજસ્વરૂપમાં તો દુઃખ છે જ નહિ. તે તો અનંત આનંદમય છે. પરંતુ જીવ, આનંદમય - એવા સ્વ-સ્વરૂપના વિસ્મરણથી - બેભાનપણાથી - કોઈપણ પ્રકારે કલ્પનામાં ઘેરાઈ જઈને દુઃખનો અનુભવ કરે છે. અર્થાત્ ભ્રમથી પોતાને દુઃખી માનીને દુઃખનો અનુભવ કરે છે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૯૧)

પ્રશ્ન :– જેટલું થઈ શકે તેટલું વાંચન, મનન પ્રયત્નથી કરીએ છીએ. છતાં વ્યવહારિક જીવનમાં અવારનવાર જૂઠું બોલવાના કે માયાચારીના ભાવ થઈ જાય છે, કોઈ જીવને દુઃખ થશે એવું જાણવા માટે દરકાર રહેતી નથી. જોકે એ બધું બાહ્ય છે, છતાં શું તે પરિણામથી આત્મસાધનામાં કે તેની પાત્રતામાં નુકસાન ન થાય?

સમાધાન :– પોતે સમજી લેવાનું કે કઈ જાતના ભાવ આવે છે. મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે. આત્માર્થીને ન શોભે એવી જાતના–મર્યાદા તોડીને જે–વિચારો થાય તેવા આત્માર્થીને હોય નહિ, તેવાં કાર્યો પણ આત્માર્થીને હોય નહિ. જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને હોય છે. પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી. પોતાનાં પરિણામ કઈ જાતનાં છે તે વિચારીને, તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી. મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે. આત્માર્થતાને ક્યાંય નુકસાન પહોંચે તેવા મર્યાદા રહિતનાં પરિણામ આત્માર્થીનાં હોય નહિ. ૨૩૩.

તા. ૨૧-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૩
પ્રવચન નં. ૧૭૬

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૩. પ્રશ્ન-૨૩૩. '**જેટલું થઈ શકે તેટલું વાંચન, મનન પ્રયત્નથી કરીએ છીએ.**' પ્રશ્નકાર એને પ્રયત્નમાં ખતવે છે. વાંચવાનો પ્રયત્ન કરીએ છીએ, મનન કરવાનો પ્રયત્ન કરીએ છીએ. શું છે કે ખેંચી-ખેંચીને કરતા હોય એટલે એને એમ લાગે કે મારે વાંચન કરવાનો, મનન કરવાનો પ્રયત્ન કરવો પડે છે. '**છતાં વ્યવહારિક જીવનમાં અવારનવાર જૂઠું બોલવાના કે માયાચારીના ભાવ થઈ જાય છે, કોઈ જીવને દુઃખ થશે એવું જાણવા માટે દરકાર રહેતી નથી.**' આટલું નિવેદન કર્યું એ ઘણું સારું કહેવાય. '**જોકે એ બધું બાહ્ય છે, છતાં શું તે પરિણામથી આત્મસાધનામાં કે તેની પાત્રતામાં નુકસાન ન થાય?**' બાહ્ય તો કાંઈ નથી. અંદરના પરિણામ છે. બાહ્ય છે એમ કરીને એને હળવું કરાય નહિ. કોઈપણ દોષને હળવો જાણવો એ નીતિ નથી, એ નીતિ નથી. નીતિની બહારની વાત છે. પૉલિસી તો એકપણ દોષને રાખવાની

હોય શકે નહિ.

મુમુક્ષુ :- એ દોષનો પક્ષ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પક્ષ થઈ જાય છે. જે દોષને હળવો કરીને બતાવે, હળવો કરીને કહે એ દોષનો બચાવ છે. આડકતરી રીતે એ દોષનો ખુલ્લો બચાવ છે!

મુમુક્ષુ :- આમ દોષનું નિવેદન કરે અને આમ દોષને બચાવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દોષનું નિવેદન કરે છે છતાં બચાવ કરી લે છે. જુઓ કેવું થઈ જાય છે!

મુમુક્ષુ :- ભાઈશ્રી અમારાથી પણ થઈ જાય. આમ જરાક-જરાક થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જરાક આમ થઈ ગયું. હળવેક દઈને હળવું કરી નાખે. એમ ન કરવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કાલે ઘરેથી એસ.ટી.સ્ટેન્ડ જતા હતા તો ઑટો કર્યોને તો એ કહે પંદર રૂપિયા લઈશ. અમે કીધું અમે તો રોજ દસ રૂપિયામાં જઈએ છીએ, જતા નથી રોજ. પછી વિચાર આવ્યો, બેનને કીધું કે આપણે માયાચારી કરીને? પણ દિલમાં પાપ નથી. પણ એમ બોલ્યા તો એ દોષ કહેવાય કે નહિ? એ નાનો દોષ નથી પાછો. એ દોષ કહેવાયને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો દોષ તો કહેવાય. એના બદલે બીજું કહી શકાય કે દસમાં તો ઘણાં લઈ જાય, તમારે આવવું હોય તો આવી શકો છો. બાકી તો બીજા ઘણાં લઈ જશે અમને તો. આપણે જે ધારણા હોય એ પ્રમાણે બોલી શકીએ. આમેય બોલવું ને આમેય બોલવું. ચોક્કસ નુકસાન થાય એમાં.

'**સમાધાન :- પોતે સમજી લેવાનું કે કઈ જાતના ભાવ આવે છે.**' મને. '**મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે.**' મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે. '**આત્માર્થીને ન શોભે એવી જાતના-મર્યાદા તોડીને જે-વિચારો થાય તેવા આત્માર્થીને હોય નહિ,...**' એટલે ત્યાં સમજવું કે આત્માર્થીપણું ત્યાં નથી.

મુમુક્ષુ :- મર્યાદામાં શું કહેવા માગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત બહેનશ્રીએ તો ગોળ-ગોળ રાખી છે. ખુલ્લી વાત નથી કરી. પણ સામાન્ય રીતે ઘણાં જ્ઞાનીપુરુષની વિરાધના કરતા હોય છે, અભક્તિ કરતા હોય છે, અવિનય કરતા હોય છે, ભૂલ કાઢતા હોય છે - સ્વચ્છંદ પ્રવૃત્તિ. આત્માર્થીપણું ક્યારે ચાલ્યું જાય? કે સ્વચ્છંદ કરે તો. અને પોતાના દોષને ઢાંકવા, હળવા કરવા, બચાવ કરવો એ સ્વચ્છંદના ખાતામાં જાય છે. એ સ્વચ્છંદનો પ્રકાર

છે. એ એની મર્યાદામાં નથી પછી.

એમાં એમ ન કીધું કે તું જૂઠું બોલતો નહિ કે માયાચારી તને ન થવી જોઈએ. કેમકે એ આમ ચારિત્રમોહમાં જાય છે. એ ચારિત્રમોહમાં જાય છે અને સાવ કાંઈ એવા પરિણામ માયાચારીના થાય જ નહિ કે સાવ ક્રોધના થાય જ નહિ કે સાવ લોભના થાય જ નહિ એ અશક્ય અને અસંભવિત છે. મુમુક્ષુની ભૂમિકામાં ક્રોધ, માન, માયા, લોભની જે ચાર પ્રકૃતિ છે ચારિત્રમોહની, એ થાય જ નહિ એ તો અશક્ય અને અસંભવિત છે. જ્ઞાનીને પણ થાય, પણ એને અનંતાનુબંધીના ન થાય, બાકી જ્ઞાનીને પણ થાય. પણ એને અનંતાનુબંધીના ન થાય. ત્યાં જાત ફરી. મુનિને થાય પણ તેને પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન અને અનંતાનુબંધી એ ત્રણ પ્રકારના ન થાય, સંજ્વલનના થાય. પણ એ પ્રકૃતિ આગળ, આઠમા ગુણસ્થાન પછી જાય છે, ઉપરના ગુણસ્થાને લોભ જાય, માયા જાય, માન જાય, ક્રોધ જાય એવી રીતે જાય છે. ત્યાં સુધી એની જાત બદલાયા કરે છે.

એટલે મુમુક્ષુની ભૂમિકામાં કોઈ એમ કહે કે મને થાય જ નહિ અને થવા જ ન દઉં એ તો અસંભવિત છે. પણ જો પોતે દોષનો બચાવ ન કરે તો અનંતાનુબંધી અને દર્શનમોહ ઢીલા પડે, નહિતર એ મજબૂત થાય. ચારિત્રમોહની સાથે-સાથે દર્શનમોહ હોય એટલે એ મજબૂત થઈ જાય. કારણકે એને એકલો ચારિત્રમોહ નથી, સાથે-સાથે દર્શનમોહ (પણ) છે. એટલે સીધું એમ ન કીધું કે તને એ જૂઠું બોલવાના પરિણામ ન થવા જોઈએ, તને માયાચારીના પરિણામ ન થવા જોઈએ - એમ સીધું ન કીધું. એમ કીધું કે મર્યાદામાં થવા જોઈએ. શું કીધું? મર્યાદામાં થવા જોઈએ એમાં સ્વચ્છંદપૂર્વક થાય તો મર્યાદા ન રહે અને રસ ઘણો હોય તોપણ મર્યાદા ન રહે. એટલે મર્યાદાનો અર્થ એમ કરી શકાય કે સ્વચ્છંદ મટાડવો જોઈએ, એ દોષના અવલોકનથી મટે. પરિણામના અવલોકનથી મટે અને રસ મંદ થવો જોઈએ, એ પણ અવલોકનથી મંદ થાય. જો તીવ્ર રસે કરીને થાય તો મર્યાદા નથી રહેતી. પણ પોતે જાગૃતિમાં રહે. મંદ રસે થાય તો મર્યાદામાં થાય. એમ મર્યાદા લેવી.

મુમુક્ષુ :- પ્રશ્ન તો બીજાના સાથે વ્યવહારિક જીવનની બાબતનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વ્યવહારિક જીવનમાં અવાર-નવાર જૂઠું બોલવાના કે માયાચારી, એટલે વ્યવહાર-જીવનવ્યવહાર જે ચાલતો હોય એની અંદર એ થાય છે. અને કોઈને દુઃખ રહે-દુઃખ થાય તો એની પણ એને દરકાર નથી રહેતી. એવો જે પોતાનો દોષ છે એના માટે મારી પોતાની મુમુક્ષુતામાં કે આત્મસાધનામાં નુકસાન થશે? એમ પૂછે છે. તો કહે તીવ્ર રસે કરીને સ્વચ્છંદે થશે તો નુકસાન થાશે. એમ કહેવું

છે. '**જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને હોય છે.**' તો ઑટોમેટિકલી જે ક્રોધ, માન, માયાની પ્રકૃતિ છે એનો રસ મંદ પડે. કેમકે આત્માર્થીને પરલક્ષમાં ફેર પડે છે, ઓછું થઈ જાય છે અથવા આત્માર્થી પરલક્ષ મટાડે છે. મટાડવાના પ્રયત્નમાં રહે છે. એ બધા પ્રકાર જે છે એને લઈને કેટલાક પરિણામો ઉત્પન્ન થતા નથી.

'**પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય...**' એટલે પોતાનો આત્માર્થ જેમાં ઘવાતો હોય, એને હાનિ થતી હોય, આત્માર્થને હાનિ થતી હોય '**તેવા ભાવ આત્માર્થીને હોતા નથી.**' તો એ પ્રકારના પરિણામ આત્માર્થી નથી કરતો. એમ થાય જ નહિ. હોતા નથી એટલે સહેજે થતા નથી એમ કહેવું છે. ખાસ કરીને કૃપાળુદેવના વચનામૃતમાં આત્માર્થીતાનો વિષય ઘણો સારો આવ્યો. ઘણો આવ્યો. એના માટે એમણે સ્વચ્છંદ છોડવાનો અને પ્રતિબંધ તોડવા માટેની બે ખાસ વાત કરી. કેમકે જીવને પ્રતિબંધને લઈને પણ આત્માર્થીતાનું નુકસાન ઘણું થાય છે. તો એ પ્રતિબંધ છે એમાં પરમાં પોતાપણું છે. સમાજ મારો, કુટુંબ મારું, શરીર મારું. એ બધા જે પ્રતિબંધ છે એમાં પરમાં પોતાપણાને લઈને દર્શનમોહ તીવ્ર થાય છે. એ પોતાપણાને મૂકવાનો પ્રયત્ન કરે તો જ દર્શનમોહનો અનુભાગ ઘટે. અને તો જ એનો આત્માર્થ પોષાય. નહિતર આત્માર્થ ન પોષાય. એમ.

મુમુક્ષુ :- સ્વચ્છંદ થોડો મોળો પડ્યા પછી પ્રતિબંધ હળવો થાયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તીવ્ર સ્વચ્છંદવાળાને તો પ્રતિબંધ તૂટવાનો કોઈ અવસર છે જ નહિ. '**જેમાં આત્માર્થતાનું પોષણ થાય,..**' આત્માર્થતાનું પોષણ થાય એટલે કે અર્થ એટલે કલ્યાણકનું પ્રયોજન. અર્થ એટલે પોતાનું જે આત્મકલ્યાણ કરવું છે એવું પ્રયોજન એને અર્થ કહે છે. જે પ્રાપ્તિ માટેનો અભિલાષી હોય, જેની પ્રાપ્તિ માટેનો અભિલાષી હોય એને અર્થ કહે છે. તો આત્માર્થ એટલે આત્મા અને આત્મકલ્યાણની પ્રાપ્તિનો અભિલાષી છે એ પોતાના આત્મકલ્યાણને પોષણ થાય, પોતાનું આત્મકલ્યાણ મુખ્ય રહે '**તેવા ભાવો આત્માર્થીને હોય છે.**' હવે એ પોઝીટીવ approach લઈને ઑટોમેટિક નેગેટીવ approach બંધ થઈ જાય, આપોઆપ બંધ થઈ જાય. એમ વાત છે.

મુમુક્ષુ :- અહીંયાં positiveની મુખ્યતાથી વાત કરે છે....

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ હોય ને! આમાં તો શું છે બે સાઈડ છે - પોઝીટીવ અને નેગેટીવ અને એમાં ફરક પડે તો simultaneously જ ફરક પડે. આપણે એમ માનીએ કે શાસ્ત્રજ્ઞાન ઘણું કરીએ એટલે જ્ઞાન થાય છે, એવું નથી. સામે નેગેટીવ

સાઈડ જોતા ન હોય તો શું કરો? કે હું ક્યા રસ લઉં છું? કેટલો રસ લઉં છું? મારા ઉદયમાં ક્યાં ક્યાં હું ખૂંચેલો છું? એ નેગેટીવ સાઈડ જોતા જ ન હોય અને વાત શુક્લધ્યાનની ચર્ચા સુધીની પહોંચી જાય!! ભાઈ અમે તો બહુ સૂક્ષ્મ તત્ત્વચર્ચા કરીએ છીએ. પણ આનું શું? એ સાઈડને ન સંભાળે તો ન કામ આવે. એટલે આમાં શું છે જે આપણો ક્રમ છે એની અંદર તો પહેલેથી-પહેલે પગથિયે જ ઉદાસીનતા શરૂ થાય છે. જેવો વેદનામાં આવે એટલે ઉદાસીનતાનો ક્રમ ચાલુ થાય. કેમકે વેદનાવાળાને ક્યાંય રસ લેવામાં ચેન પડે નહિ. ખાવું-પીવું-ઊંઘવું સુકાઈ જાય. બીજે ક્યાં રસ લેવાનો હતો? એટલે એ નેગેટીવ સાઈડ ઑટોમેટિક જેને સરખી કરવી છે એ પહેલાં નુકસાનને (બંધ કરશે.) નુકસાનને wipe off કર્યા વિના નફાનું બૅલેન્સ આવે ક્યાંથી? માઈનસ બૅલેન્સ ઊભું હોય એમાં પ્લસ બૅલેન્સ આવે ક્યાંથી? માઈનસને તો બંધ કરતા જવું પડે કે ન કરવું પડે? એ મુમુક્ષુતાની ભૂમિકા છે, આત્માર્થીની એ ભૂમિકા છે.

'**જેમાં આત્માર્થતાનું પોષણ થાય,...**' આ સવાલ છે કે આત્માર્થતાનું પોષણ શેમાં થાય? કે સત્સંગમાં!! સૌથી વધારે ક્યાં થાય? સત્સંગમાં થાય. એટલે કૃપાળુદેવે લખ્યું કે આત્મકલ્યાણ માટેનું સત્સંગ જેવું સાધન અમે કોઈ કદી જોયું નથી, જાણ્યું નથી અને સાંભળ્યું નથી, એવા શબ્દો છે! અમે કદી જોયું નથી, જાણ્યું નથી અને સાંભળ્યું નથી. કેમકે એમાં આત્માર્થનું પોષણ થાય છે અને આત્માર્થ વિરુદ્ધ જતો હોય તો એની ચર્ચા થઈને અટકવાનો એનો નિકાલ થાય છે. એટલે ક્યારેય પણ આત્માર્થને માટે સત્સંગને ગૌણ કરવો ન જોઈએ - એ ગાંઠ મારી દેવાની! એ ગાંઠ મારી દેવાની!

સત્સંગમાં પણ ફલાણા કારણે સત્સંગ ગૌણ કરવામાં વાંધો નહિ એ પ્રકાર ન આવવા દેવો. નહિતર પછી એનો મેળ નહિ પડે ક્યાંય. મર્યાદા નહિ રહે. પણ કોઈ એમ કહે કે ભાઈ શું થાય? એવું કોઈ કામ આવી પડે તો સત્સંગ મૂકી દેવો પડે છે. તો કહે એ adjustment પ્રવૃત્તિનો, અભિપ્રાયનો નહિ. પ્રવૃત્તિમાં adjustment હોઈ શકે, થઈ શકે - અભિપ્રાયમાં નહિ. અભિપ્રાયમાં સત્સંગને ગૌણ કરવાનો અભિપ્રાય બિલકુલ હોઈ શકે નહિ. પછી કોઈ અનિવાર્ય કારણ આવી પડે (તો) પહોંચે નહિ એ બીજી વાત થઈ ગઈ. એ વખતે એને અભિપ્રાય વિરુદ્ધ પરિસ્થિતિ ઊભી થતી હોય ત્યારે એને ખેદ થયા વિના રહે નહિ. મારો સત્સંગ ગયો..! મારો સત્સંગ ગયો..! મારો સત્સંગ ગયો..! અંદરથી જીવ બળ્યા કરે! જેમ કોઈને નુકસાન થાય અને જીવ બળ્યા કરે કે મારો દસ હજારનો સોનાનો ચેઈન ખેંચી ગયું કોઈ (તો) જીવ બળ્યા કરે. એવું સત્સંગમાં થાવું જોઈએ. (સત્સંગ) ન થાય ત્યારે એ તો ચાલે! - એમ ન હોય. કેમકે આત્માર્થીએ એક એવી નીતિ બનાવી છે કે ગમે તે પરિસ્થિતિમાં મારે

મારા આત્માર્થનું કાર્ય ચાલુ રાખવાનું છે. ગમે તેવા સંયોગ-વિયોગની પરિસ્થિતિ ઊભી થાય - હું મારા આત્માર્થને ચૂકીશ નહિ. એવો નિર્ધાર કરીને એ નીતિ ઉપર, એ નિયમ ઉપર એ ચાલવા માગે છે. એમ હોવું જોઈએ.

'**જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે...**' બેય વાત લઈ લેવી. '**તેવા ભાવો આત્માર્થીને હોય છે.**' સહેજે સહેજે એવા જ ભાવો એને હોય છે. '**પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી.**' હવે એ judgement પોતાને લેવાનું છે. એટલે ગોળ-ગોળ રાખ્યું છે. કેમકે એમાં અયોગ્યતાના પ્રકારો બધાયના જુદાં-જુદાં. મુમુક્ષુમાં શું છે? યોગ્યતા, અયોગ્યતાનું મિશ્રણ છે. કેટલીક યોગ્યતા આવી છે એટલે સત્સંગ કરે છે. સત્સંગ કરવાનો ભાવ આવ્યો એ એની યોગ્યતા ગણીએ આપણે. અને એમાં આત્માર્થને હાનિ પહોંચે એવા જે પરિણામો તે એની અયોગ્યતા. હવે એ દરેકના પ્રકાર અને ડિગ્રી જુદી-જુદી. એટલે નિયમ કેવી રીતે બાંધે એનો? એક મુમુક્ષુની ભૂમિકા એવી વિશાળ છે યોગ્યતા-અયોગ્યતાની, એટલી બધી વિશાળ છે કે એને પહેલે પગથિયે પગ મૂકવામાં એ બધી યોગ્યતા-અયોગ્યતાના મિશ્રણમાં આ લાઈન હાથમાં આવવામાં તકલીફ પડે છે. અનંતકાળમાં લાઈને જ ચડ્યો નથી. જે મુમુક્ષુતાના ઉન્નતિ ક્રમની લાઈને ચડવો જોઈએ એ લાઈને ચડતો નથી. અનંતકાળ બીજા બીજા સાધન અક્રમે કર્યા. ક્રમવિપર્યાસથી કર્યા. મૂળ લાઈનની ખબર પડી નહિ અને ખબર પડી તોપણ લાઈન હાથમાં આવી નહિ પોતાની અયોગ્યતાને લીધે. તો એને એ લાઈન ઉપર લાવવા માટે શું? આત્માર્થીતામાં લાવવા માટે શું? એ દરેકની જુદી-જુદી વાત. એટલા માટે પ્રત્યક્ષ યોગની જરૂર પડે છે અને પોતાને શું કરવું? શું કરવું? શું કરવું? એ વાત ઊભી થાય છે.

(કેમકે) દરેકના ભૂતકાળ જુદાં, ઈતિહાસ જુદો. એટલે યોગ્યતા-અયોગ્યતાનું મિશ્રણ જ જુદું આખું. એકના એક પ્રશ્ન માટે બે જણને જુદાં-જુદાં જવાબ આપવા પડે. કેમકે બેયની વાત જુદી-જુદી છે. પેલાને એમ થાય કે મારો એ જ પ્રશ્ન હતો ને મને તો આમ કીધું. બીજો કહે મારો પણ એ જ પ્રશ્ન હતો તો મને તો આમ કીધું. એ જેમ કીધું એમ. એ તારો વિષય નથી. (તને) કીધું એમ તું કર! એવું personal guidance ભાગ્યે જ કોઈ માગે છે અને ભાગ્યે જ કોઈ જ્ઞાની આપે છે. આવી પરિસ્થિતિ લગભગ રહે છે. અત્યાર સુધી જે જોયું. ગુરુદેવ હતા, બહેનશ્રી હતા. personally કોઈ જતા નહિ. કેમકે એમાં તો પોતાની યોગ્યતા-અયોગ્યતાને ખુલ્લી કરવી પડે અને ખુલ્લી કર્યા પછી એનું માર્ગદર્શન માગવું પડે કે ભાઈ આ પરિસ્થિતિમાં મારે શું કરવું જોઈએ? એટલી તૈયારી હોય નહિ. અને એટલી તૈયારી હોય તો જ્ઞાનીને

પણ ફુરસદ હોવી જોઈએ. કહે કે મારે ટાઈમ નથી તો તમે શું કરો? (પરંતુ) બહુભાગ જિજ્ઞાસુ હોય, આત્માર્થી હોય તો વાંધો આવતો નથી. કેમકે જ્ઞાની સમજે છે કે આ જીવને હવે દરકાર જાગી છે માટે એને આંગળી ચીંધીએ કે તું આ રસ્તે ચાલ્યો જા! એને ક્યાં કાંઈ દેવાનું છે? દેવાનું તો કાંઈ છે નહિ. ખાલી આંગળી ચીંધવાની છે કે આમ કર... આમ કર.. આમ કર..

મુમુક્ષુ :- એમ નથી ભાઈશ્રી!

પૂજ્ય ભાઈશ્રી :- કેમ?

મુમુક્ષુ :- એમ નથી કહેવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- ના, પણ એમાં વાત જ કરવાની છે બીજું શું કરવાનું છે?

મુમુક્ષુ :- એનું મૂલ્ય કેટલું!

પૂજ્ય ભાઈશ્રી :- એ જુદી વાત છે. પણ સમયનો સવાલ છે તો જિજ્ઞાસુ હોય, ભાવનાવાળો જીવ હોય, આત્માર્થી જીવ હોય તો એને અવશ્ય ટાઈમ આપે. એમ. '**પોતાની આત્માર્થતાની મર્યાદા...**' એટલે પ્રયોજનને નુકસાન થાય. આત્મકલ્યાણના પ્રયોજનને નુકસાન થાય એવા પ્રકારના ભાવો '**આત્માર્થીને હોતા નથી.**'

મુમુક્ષુ :- તો મુમુક્ષુને પોતાને એટલી જાગૃતિ હોય તો જ એ judge કરી શકે કે મને આ નુકસાનકારક છે, આ ફાયદાકારક છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો છે જ. જાગૃતિ વગર મુમુક્ષુતા નહિ અને જેટલી જાગૃતિ એટલી જ મુમુક્ષુતા સમજવી. '**પોતાનાં પરિણામ કઈ જાતનાં છે તે વિચારીને, તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી.**' પાત્રતા ઉપર તો આપણે ઘણું લખાણ આવી ગયું છે, 'સત્પાત્રતા'નો આર્ટિકલ પણ આવી ગયો છે અને ઘણો વિષય ચાલી ગયો છે. પાત્રતા વધારવી! બાકી ઉન્નતિક્રમમાં તો પાત્રતા વધતી જ જાય. એમાં તો કોઈ બીજો સવાલ કે વાદવિવાદનો પ્રશ્ન ઊભો રહેતો નથી. એ તો જ્ઞાનીઓએ અનુભવથી આખી લાઈન choke out કરેલી છે. જેમ ૨૫૪મો પત્ર કૃપાળુદેવનો એ એમના અનુભવનો પુરાવો છે. અને વિચારતા એમ લાગે કે બધા જ જ્ઞાનીઓ આની સાથે સંમત છે. કેમકે બધી મેળવાળી વાત બીજા જ્ઞાનીઓમાં પણ જુદી-જુદી છૂટક-છૂટક રીતે મળે છે. એમણે બરાબર વ્યવસ્થિત કરી છે. ક્રમને વ્યવસ્થિત કર્યો છે. બીજા જ્ઞાનીઓ છૂટક-છૂટક કરે છે. છૂટક-છૂટક કરે એમાં તો coordination કરતા આવડે એનું કામ છે. નહિતર સારું લાગે અને કાંઈ કામ ચાલે નહિ. એમણે એ વિષયને વ્યવસ્થિત કર્યો છે.

શું કહે છે? '**પોતાનાં પરિણામ કઈ જાતનાં છે...**' જુઓ! હવે જોયા વગર કેમ

ખબર પડે? તપાસ કર્યા વગર કેમ ખબર પડે? અને માનો કે ખબર ન પડે તો ચર્ચાની એરણ ઉપર એને ટીપવા માટે લે. જેમ દાગીનાને એરણ ઉપર મૂકીને ટીપે છે કે નહિ? લોઢાને એરણ ઉપર મૂકીને ટીપે છે કે નહિ? એરણ અને હથોડી દાગીના અથવા વસ્તુને ઘડવાના સાધનો છે. તો ચર્ચાની એરણ ઉપર લે કે ભાઈ મને આવા પરિણામ થાય છે. કાં તો પોતે સ્વયં વિચારે, કાં તો પોતે ન વિચારી શકે તો બીજા વિચારકોને સાથે લ્યે, એની મદદ લ્યે. ચર્ચાનો અર્થ શું છે? એની મદદ લેવાની વાત છે કે ભાઈ! મને આટલા પરિણામ થાય છે, મારે આમાંથી બહાર નીકળવું છે. મારે શું કરવાનું?

'**તેમાં કચાશ હોય તો પોતે પોતાની...**' પરિણામથી વિચારીને, ચર્ચા કરીને '**તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી.**' એટલે સુધારો-વધારો કરવો. કહી દીધું એટલે એમ નહિ. એમાં સુધારો-વધારો કેવી રીતે કરવો એ વાત એમાંથી સમજી લેવાની છે અને એ વાતનો અમલ પણ કરવાનો છે. જ્ઞાનીની ઓળખાણ માટે કૃપાળુદેવે ત્રણ વાત લીધીને? એમાં મુમુક્ષુતા લીધી, દૃઢ મુમુક્ષુતા. એટલે પૂર્ણતાનું લક્ષ લીધું અને ઉપદેશને, પ્રાપ્ત ઉપદેશને અવધારણ કરવો એટલે અંગીકાર કરવો. અંગીકાર કરવામાં શું છે કે પોતાના જે દોષની ચર્ચા ચાલે એ દોષને કેવી રીતે સુધારવો? અને એ સુધારવા માટે શું શું પ્રકારે અમલીકરણ કરવું? એવી તૈયારીવાળો જીવ હોય અને યથાશક્તિ અમલીકરણ કરતો હોય. એ બે પ્રકારની યોગ્યતા ઉપરાંત પાછો અંતરાત્મવૃત્તિ જાગી હોય કે હવે મારે અંતર્મુખ થવું છે અને એ અંતર્મુખતાનો માર્ગ હું શોધું છું. જ્ઞાની અંતર્મુખ થયા છે, એ અંતર્મુખ થવાની વિધિ બતાવી રહ્યા હોય છે (પણ) મારી અયોગ્યતાને લીધે મારી નજર પડતી નથી.

હવે હું જો એ વિષયની આટલી યોગ્યતામાં આવ્યા પછી જિજ્ઞાસામાં રહું તો એ મને દેખાય. અને દેખાય તે દી' એ ઓળખાય. એ વિધિ એવી ચીજ છે કે જ્યારે એ વિધિને કહે ત્યારે એ વિધિમાં આવીને એ કહે છે. એટલે એમના પરિણમનની ઝલક એમની વાણી અને ચેષ્ટામાં બહાર આવે છે. ભલે એ સાંકેતિક ભાષા છે. કેવી ભાષા છે એ? સાંકેતિક ભાષા છે. સાંકેતિક ભાષા જાસૂસ લોકો વાપરતા હોય છે અને આ ટેલિગ્રામમાં વપરાય છે. કરકટ... કરકટ.. કરકટ... કોડવર્ડ જેને કહેવાય છે. તારમાં એનો કોડ છે. સામે એ પ્રમાણે એ.બી.સી.ડી. ઉપર એ ગોઠવેલું હોય. અહીંયાં બટન દાબે અને અવાજ કરે એ પ્રમાણે ત્યાં અવાજ થાય એ પ્રમાણે લખતો જાય.

એ સંકેતને સમજવા માટેની યોગ્યતામાં આ ત્રણ પ્રકારની તૈયારી થઈ જવી જોઈએ. દૃઢ મુમુક્ષુતા! મને લાગુ પડે એ વાતને મારે સુધારવાની-અમલીકરણની મારી તૈયારી. અને ત્યારપછી તીવ્ર જિજ્ઞાસા કે અંતર્મુખ કેમ થવાય? ત્યારે જ્ઞાની ઓળખાય કે વીતરાગ

ઓળખાય. જ્ઞાની ઓળખાય ત્યારે વીતરાગ ઓળખાય. સમકિતનું બીજ અહીંયાં પડે છે. બીજ વાવવાનું છે એ આ જગ્યાએ વાવવાનું છે. આટલી તૈયારી કરીને. પાત્રતાની જમીન ખેડાણ કરવાની છે, પછી બી વાવે. જમીન ખેડીને બી વાવે છેને? જમીન શું કરવા ખેડે છે? પોચી થઈ જાય એટલે, એ જમીનનો જે પોચારો થયો એ જે બી વાવે એમાંથી બે કોટા નીકળે, ફણગા ફૂટે. કોટા એટલે ફણગા ફૂટે. એક ઉપર જાય અને એક નીચે જાય. નીચે જાય એને મૂળ કહે છે અને ઉપર જાય એને થડ કહે પછી. પછી થડ કહે છે જાડું થાય ત્યારે. થશે એમાંથી થડ, પછી ડાળીઓ ફૂટે. પણ એ જમીનનો પોચારો થયો હોય તો. કેમકે એ તો કુમળા હોય છે એ વખતે. જ્યારે એમાંથી ફણગો ફૂટે ત્યારે તો સાવ કોમળ હોય. હવે જો જમીન કઠણ હોય તો એ જાય ક્યાં? એનું development અટકી જાય. જાય ક્યાં એ? એટલે જમીનને પોચી કરી હોય તો એ ઊગી શકે છે. એટલી બીજ વાવતા પહેલા તૈયારી લૌકિકમાં કરવી પડે છે.

તો અહીંયાં સમકિતનું બીજ વાવવું છે કે આગળ જતાં પરમાર્થ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થઈને પ્રગટ થાય. એના માટે આ ત્રણ ભૂમિકાથી જમીન ફેરવવી જોઈએ. પરિણામની જે ભૂમિ છે એને આ ત્રણ દાતાળી હોય છેને? એને દાંતા હોય છે. આ ત્રણ દાંતા છે આ જમીન ખેડવાના. આટલી તૈયારી આવવી જોઈએ. દૃઢ મુમુક્ષુતામાં આવ્યો એટલે એને સંસાર જોઈતો નથી હવે મોક્ષ જ જોઈએ છે. એને હવે સંસાર જોઈતો નથી. કોઈ ભોગે સંસારી જોઈએ નહિ, સંસાર જોઈએ નહિ. બસ! હવે મારે મારા રસ્તે પડી જાવું છે. મારે કામ કરી લેવું છે. પ્રયોજનની પાછળ, આત્માર્થના પ્રયોજનની પાછળ લાગી જાય. અને એને એ દૃષ્ટિ જ રહ્યા કરે, બધે એની એ જ દૃષ્ટિ રહ્યા કરે. એવો દૃષ્ટિકોણ સાધ્ય થઈ જાય. એટલે પછી એને પ્રાપ્ત ઉપદેશને અવધારણ કરવાનું સહજ બને છે. એટલે પાત્રતા વધારવી. સમકિતનું બીજ વાવવા સુધીની પાત્રતા વધારવી. આ બીજ પડ્યું એ concrete કામ થયું. પછી એ બીજું સમકિત થવાની યોગ્યતા પ્રગટ થશે. અથવા બીજા સમકિત પ્રગટ થવાની યોગ્યતામાં એ જીવ આવ્યો.

જેણે પહેલું સમકિત પ્રાપ્ત કર્યું, એ સ્વરૂપની ઓળખાણ, ભાવભાસનની યોગ્યતા થવાની ભૂમિકામાં એ આવ્યો. પછી એનો પ્રયત્ન બાકી છે, પણ ભૂમિકા એણે તૈયાર કરી. પછી આગળનું કામ કરવાનું હજી બાકી છે. અને એ આગળનું કામ કરે ત્યારે થાય અને ન કરે ત્યાં સુધી ન થાય. એમ લેવું. પણ અહીંથી જે કામ છે એનો પાયો બરાબર નખાણો. શિલાન્યાસ થયું એ બરાબર. ચાંદીના પાયે શિલાન્યાસ થયું. એમ કહે છેને ભાઈ! અમે મકાન ચાંદીના પાયે બાંધ્યું છે. હલે નહિ હવે અમારું મકાન.

અહીંથી ન હલે. એ પહેલા પાત્રતા થોડી આવે ને ચાલી જાય, આવે ને ચાલી જાય એ બધું થવાની શક્યતાઓ ખરી. ઓળખાણ થયા પછી વાત બીજી બને છે. એના ઉપર પણ આપણે એક આર્ટિકલ તો આવી ગયો છે - 'સમકિતનું બીજ'.

'**પોતે પોતાની પાત્રતા વધારવી. મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે.**' આત્મકલ્યાણ કરવું એ મુખ્ય પ્રયોજન છે અને પ્રયોજનને વળગી રહેવું. પ્રયોજનને એવી રીતે વળગી રહેવું કે ક્યારેય એમાં ઢીલાશ ન આવવા દેવી. એવો અભિપ્રાય તો મજબૂત કરી નાખવો જોઈએ. પાત્રતાના વિકાસનો આધાર માત્ર પ્રયોજનની પક્કડ ઉપર જ છે. આ એની એક જ લાઈન છે લ્યો! મુમુક્ષુને પાત્રતા વધારવી એવી અહીંયાં જ્ઞાનીપુરુષની આજ્ઞા છે.

શું કીધું? આગળ એમ કીધું ને '**પોતાનાં પરિણામ કઈ જાતનાં છે તે વિચારીને,...**' માર્ગદર્શન આપ્યું આટલું. પછી આપણે વધારે વિચારની અંદર ચર્ચા સુધી એ વાતને લઈ જવી. અને ચર્ચામાં ત્યાં સુધી લઈ જવી કે એમાં જરાય અચકાટ રાખવો નહિ. પોતાના પરિણામની ચર્ચા કરવામાં અચકાટ રાખવો નહિ. આપણે લખીને આવીએ છીએ એમાં થોડો અચકાટ છે. લખીને આપવામાં અચકાટ છે. તો એમાં શું કરવું જોઈએ? ખુલ્લી ચર્ચા કરવી હોય તો? એમાં થોડીક નાજુકતા એ જાતની છે કે મુમુક્ષુ મુમુક્ષુ વચ્ચે પ્રસંગ બન્યો હોય અને એ જ મુમુક્ષુની ચર્ચા કરો ત્યારે પાછા એના repercussion અવળા-સવળા આવવાની પરિસ્થિતિ ઊભી થાય. ઘરના પરિવારના સભ્યો સાથે પરિણામો થયા હોય એની ખુલ્લી ચર્ચા કરો તો એમાં પણ થોડાં repercussion આડાઅવળા ઊભા થવાની શક્યતા છે. પણ એનો રસ્તો છે, એનો પણ રસ્તો છે કે ભાઈ અમુક મુમુક્ષુ સાથે આવા પરિણામ થયા હોય ત્યારે શું કરવું? અમુક ઘરના સભ્ય સાથે આમ થતું હોય ત્યારે શું કરવું? નામ ન દેવું. આમાં તો શું છે કે નામ લખે છે. નામ લખે છે એટલે હું વાંચતો નથી. કેમકે એમાં તો ગડબડ થવાની બીજાને. આની ગડબડ શાંત કરવા જતાં બીજાની ઊભી થાય પાછી. અને એને ત્યાંથી ચાલુ થઈ જાય. આવું ક્યાં હતું? એ સમજ્યો નથી. પછી એને આવું થયું એમાં હું શું કરું? આ તો અમથું મારું વચ્ચે લીધું એણે, એવું થાય. એટલે એ વાત ગોળ-ગોળ રાખવી. નામ-ઠામ ન દેવું. ન નામ દેવું, ન ઠામ એટલે સ્થાનનું નામ દેવું. (ઘરના) સાથે કે મુમુક્ષુ સાથે (આમ થાય) ત્યારે મારા પરિણામ આમ થાય તો એનું શું? એમ પણ થઈ શકે. પણ જેટલું ખુલ્લું થાય એટલું સારું. પછી મુમુક્ષુઓ બધા અંદરોઅંદર યોગ્યતાવાન થાય તો એમ પણ કહે કે તમતમારે મારી વાત હોય તો ખુલ્લી કરજો હોં. હું અવળું નહિ લઉં, હું સવળું લઈશ અને કદાચ એમાં મારો દોષ નહિ

હોય તોપણ હું એમ જ લઈશ કે ભાઈ કાંઈ વાંધો નહિ. એ એને સુધારવા માટે વાત કરે છેને, પોતાનો સુધાર કરવાના પ્રયોજનથી વાત કરે છેને. એમાં હું અવળું નહિ લઉં. પણ એ તો ક્યારે? કે સરળાઈ બધાની સામસામે હોય ત્યારે. અસરળતા હોય તો પાછી નવી મુશ્કેલીઓ ઊભી થાય. આપણે તો મુશ્કેલી ટાળવાની વાત છે, વધારવાની નથી. પણ ચર્ચાની એરણ ઉપર તો આવવું જ પડશે. કેમકે પોતે પોતાનું બધું બરાબર સમજી શકે એવી જો પરિસ્થિતિ હોત તો આટલો સમય ગાળ્યો ન હોત. પોતે પોતાની રીતે એકલા હાથે સુધાર નથી કરી શકતો એ વાત સાબિત થઈ ચુકી છે. જે સમય આયુષ્યનો ચાલ્યો ગયો, નીકળી ગયો એ બતાવે છે કે પોતે પોતાની મેળે પોતાનો સુધાર કરી શકતો નથી. એટલે સામૂહિક સત્સંગની આજ્ઞા કરી છે જ્ઞાનીઓએ એ સમજીને કરી છે. જ્ઞાનીઓએ સત્સંગ કરવાની આજ્ઞા શું કરવા કરી? અને જો આપણે ચર્ચા નથી કરતા તો સત્સંગ નથી કરતા. અથવા આજ્ઞાનું આપણે અનુસરણ કરતા નથી. એ વાત થઈ ગઈ. એવી રીતે પાત્રતા વધારવી, એવી રીતે પાત્રતા વધારવી.

'**મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે.**' બહુ સરસ વાત કરી છે. '**મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે.**' અને એને બરાબર વળગી રહેવું. મુમુક્ષુતાની ભૂમિકામાં પ્રયોજનની દૃષ્ટિ બહુ તીક્ષ્ણ, તીખી દૃષ્ટિ રાખવી. એવી તીખી કે મારા પ્રયોજનની આડે આવે એને ધડાધડ ઉડાડું. અને એવી સૂક્ષ્મ દૃષ્ટિ રાખવી કે પ્રયોજન સૂક્ષ્મ રીતે પણ હાનિ પામે તો મને ખબર પડી જાય. અંધારામાં ન ચાલુ હું. આ બે પાસા પ્રયોજનની દૃષ્ટિને ચોખ્ખા હોય. પ્રયોજનની દૃષ્ટિ સૂક્ષ્મ અને તીક્ષ્ણ, એ મુમુક્ષુને પાત્રતાનો વિકાસ થયા વગર રહે નહિ અને એ પામ્યા વગર રહે નહિ એ guaranteed વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દો બાત કૌનસી કહી?

પૂજ્ય ભાઈશ્રી :- એક તો પ્રયોજનકી પક્કડ રખના ઔર ઉસમેં તીખાશ હોના માને તેજી હોના. આપ નહીં કહતે કે ઈસકી પ્રકૃતિ બહુ તીખી હૈ, ગરમ હૈ. ગરમકો ક્યા બોલતે હૈં? અમારે ગુજરાતીમાં (કહે છે કે) તીખો માણસ છે હોં જરા! તેજ છે. તો ઐસે જરા powerful જિસકો બોલતે હૈં. ઔર દૂસરી ઉસમેં સૂક્ષ્મતા હોની ચાહિયે, સ્થૂલતા નહીં હોની ચાહિયે. સૂક્ષ્મરૂપસે ભી હમારે પ્રયોજનકો હાનિ પહુંચે વહ નહીં ચલે. એવી દૃષ્ટિ ચોખ્ખી હોય, પ્રયોજનની દૃષ્ટિ ચોખ્ખી હોય એ કામ સાધી લ્યે. આ એક જ એનો ઉપાય છે.

પૂર્ણતાનું લક્ષ થયા પછી એ દૃષ્ટિ સાધ્ય થાય છે. 'નિર્ભ્રાંતદર્શનની કેડીએ'માં એ વાત લીધી છે. પૂર્ણતાના લક્ષ પછી એ દૃષ્ટિ સાધ્ય થાય છે અને પછી બરાબર મુમુક્ષુની જેટલી તીખાશ અને જેટલી સૂક્ષ્મતા એટલું એ કામ સાધે છે અને આગળ વધે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ 'નિર્ભ્રાંતદર્શનની કેડીએ' મારા માટે પ્રયોજનભૂત છે?

પૂજ્ય ભાઈશ્રી :- બધાને માટે, બધા મુમુક્ષુને માટે આ પ્રયોજનભૂત છે.

મુમુક્ષુ :- એ 'નિર્ભ્રાંતદર્શનની કેડીએ' બુક માટે પૂછે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નથી આપી તમને? નથી આપી? પહેલું પ્રકરણ ખાસ વાંચવું. પહેલું-બીજું વાંચવું. છે ત્યાં આપણે સત્સંગભુવનમાં તો છેને? અહીંયાં પણ હોવી જોઈએ.

'**આત્માર્થતાને ક્યાંય નુકસાન પહોંચે...**' જુઓ! એ સૂક્ષ્મતા બતાવવા માટે વાત કરે છે. '**આત્માર્થતાને ક્યાંય નુકસાન પહોંચે તેવા મર્યાદા રહિતનાં પરિણામ આત્માર્થીનાં હોય નહિ.**' એવી સૂક્ષ્મતા એને આવી જાય. ક્યાંય નુકસાન પહોંચે એ નહિ ચાલે મને. બીજું બધું પોષાસે. મારા પ્રયોજનનું નુકસાન મને નહિ પોસાય. અને એનું કામ થયા વગર રહે નહિ. વાત તો એક માયાચારીના જૂઠું બોલવાના પરિણામથી લીધી છે અને બીજાને દુઃખ દેવાનો. એ ત્રણ વાતને અડ્યા નથી. ત્રણ વાતને પ્રશ્નમાં મૂકી છે એ ત્રણ વાતને નથી અડ્યા જુઓ! ઉત્તર કેવો સરસ આપ્યો છે! બધાને કામ લાગે એવી વાત છે.

બહેનશ્રીએ મુમુક્ષુની ભૂમિકા ઘણી ચર્ચી છે. વચનામૃતમાં પણ ઘણાં બોલ આવ્યા છે અને એને લઈને જ ગુરુદેવે 'બહેનશ્રીના વચનામૃત'ની વધારે પ્રશંસા કરી એનું કારણ કે મુમુક્ષુને કામ આવે એવી ચીજ એમાં આવી છે. એટલે ગુરુદેવને વિશેષ ભાવ આવેલો. ચર્ચા તો આ બધી પાછળથી પ્રગટ થઈ, પણ ઘણી સારી વાતો આમાં પણ આવી છે. ખુલીને આવી છે. પ્રશ્નોત્તરરૂપે ગ્રંથ કર્યો છેને એટલે ખુલીને આવી છે. સમજાય એવી રીતે. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૩૩) :- **મુમુક્ષુજીવે આત્મકલ્યાણનું પ્રયોજન મુખ્ય રાખવું. અને એ મુખ્યતા સહિત પ્રયોજનની દૃષ્ટિ તીક્ષ્ણ અને સૂક્ષ્મ જેટલી હોય તેટલા પ્રમાણમાં પ્રયોજનની પક્કડ રહે છે.** (પકડવામાં બે હાથા આવે છે ને? સાણસી હોય, ચીપિયો હોય. બે હાથા હોય છેને? આમાં પણ બે છે. તીક્ષ્ણતા અને સૂક્ષ્મતા. પ્રયોજનની પક્કડના આ બે પાસા છે - બે હાથા છે. અમુક પક્કડ રહે છે.) **અને પોતાને આત્માર્થતામાં ક્યાંય નુકસાન પહોંચે તેવું મુમુક્ષુને પોસાતું નથી. આ પ્રકારે પાત્રતા વર્ધમાન થાય છે અને પ્રયોજનની સિદ્ધિ અવશ્ય થાય જ છે.**

પ્રશ્ન :– સ્વાધ્યાય કરતી વખતે જ્ઞાતા–દ્રષ્ટાપણું રાખવું જોઈએ તો તે કેવી રીતે રાખવું?

સમાધાન :– પોતાને અંદર જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ હોય તો તે કાળે જ્ઞાતા–દ્રષ્ટાપણું રહે છે. હજી જેને જ્ઞાતાપણું પ્રગટ જ થયું નથી તેને તો જ્ઞાતા–દ્રષ્ટાપણું રાખવું મુશ્કેલ પડે છે. જ્ઞાયકને ઓળખી ભેદજ્ઞાન કરી જ્ઞાતાની–ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરી હોય તો દરેક શુભભાવ અને અશુભભાવમાં જ્ઞાતાપણું સહજપણે રહે છે. ક્ષણે ક્ષણે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ સહજપણે જ્ઞાતાના અસ્તિત્વ તરફની પરિણતિ રહ્યા જ કરે છે. શ્રુતના ચિંતવનના કાળે, કે શાસ્ત્ર–અભ્યાસ વખતે જ્ઞાતાધારા જુદી ને જુદી રહે છે. જેને એકત્વબુદ્ધિ છે, જિજ્ઞાસુની ભૂમિકા છે તેને જ્ઞાતાપણું હોતું નથી. તેને માત્ર ભાવના રહે છે કે હું જ્ઞાયક છું, પણ પરિણતિ પ્રગટ કરવાની બાકી છે.

જેને જ્ઞાયકની દશા પ્રગટ થઈ છે; સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સવિકલ્પમાં આવે ત્યારે પણ તેને ભેદજ્ઞાનની ધારા રહે છે. દર્શન કરે, પૂજા કરે, ગમે તે કરે તોપણ તેને ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે.

જ્ઞાનીને બહારથી ભગવાનની ભક્તિ ઘણી દેખાય, શ્રુતનું ચિંતવન ઘણું દેખાય તો પણ ક્યાંય એકત્વબુદ્ધિ થતી નથી. જ્ઞાયકની ધારા જુદી ને જુદી વર્તે છે. કર્મમાં અમુક જાતનો રસ ઘણો પડે છે, પણ તેને ભેદજ્ઞાનની ધારા વર્તે છે તેથી સ્થિતિ લાંબી પડતી નથી. ૨૩૪.

તા. ૨૨-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૪
પ્રવચન નં. ૧૭૭

સ્વાનુભૂતિદર્શન. પાનું-૧૪૩. પ્રશ્ન-૨૩૪. '**સ્વાધ્યાય કરતી વખતે જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું જોઈએ તો તે કેવી રીતે રાખવું?**' એવો પ્રશ્ન કર્યો છે. પ્રશ્ન કરનારની ભૂમિકા છે કે કેમ એ જુદી વાત છે. નહિતર તો પ્રશ્ન એમ કરવો જોઈએ કે સ્વાધ્યાય કરતી વખતે કેવા ભાવ રાખવા જોઈએ? અથવા સ્વાધ્યાય ચાલતો હોય ત્યારે સ્વાધ્યાયની આત્મા ઉપર અસર થાય, એ વખતે કેવી પૂર્વ તૈયારી હોવી જોઈએ? એવું ઉપરના પ્રશ્નમાં પણ થયું છે કે આવા પરિણામ થાય, આવા પરિણામ થાય છે. જોકે એ બધું

બાહ્ય છે. એમ પોતેને પોતે પ્રશ્નકાર કહે છે. એ judgement પોતાને લેવાની જરૂર નથી. તો એનો અર્થ કે દોષને હળવો કરે છે. બાહ્ય છે એમ કરીને દોષને હળવો કરે છે. એ સ્વચ્છંદ થયો. એમ પ્રશ્ન નહિ થવો જોઈએ.

મુમુક્ષુ :- દોષને હળવો કરવાથી તો દોષ વધે છે.

પૂજ્ય ભાઈશ્રી :- દોષને હળવો કરે તો દોષને પોષણ મળે. અજાણતા અનુમોદન મળે. કેમકે નીતિ એવી છે કે નાનો હોય તો મોટો કરવો જોઈએ. એના બદલે મોટાને નાનો જોવે એટલે વિપર્યાસ થયો ને? એમ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કોઈ દોષ આમ નાનો જોવાતો હોય કે નાનો લાગતો હોય આપણને પણ એના પાછળ અભિપ્રાય તો મોટો જ હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અથવા નાનો શું કરવા જોવો? એને મોટો જોવામાં શું વાંધો? આપણે ગુજરાતીમાં એક કહેવત છે કે રોગ અને દુશ્મનને હંમેશા ઓછો ન આંકવો, underestimate નહિ કરવો અને એને ઉગતા ડામી દેવો. આ શિખામણના વાક્યોમાં આવું બધું હોય છે. લૌકિક શિખામણના વાક્યમાં પણ આવું આવે કે એને ઉગતો ડામી દેવો. એના બદલે આ તો પોષણ મળે.

મુમુક્ષુ :- કરતો હોય દોષનું નિવેદન પણ આમ પોષણ આપતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :- પોષણ મળે એટલે બળવાન થાય અને ફરી ફરીને થવા યોગ્ય થાય. એમ બને. એ ફરીને થવાનો જ. કેમકે એને કાઢવા માટે જે નિષેધ આવવો જોઈએ એ પ્રકાર આવ્યો નહિ.

'**પ્રશ્ન :- સ્વાધ્યાય કરતી વખતે જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું જોઈએ તો તે કેવી રીતે રાખવું?**' એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે '**સમાધાન :- પોતાને અંદર જ્ઞાયકની પરિણતિ થઈ** (ગઈ) **હોય તો...**' કયા સ્ટેજની વાત છે? 'હું જ્ઞાયક છું' એવી પરિણતિ થઈ ગઈ હોય તો. એ પરિણતિ ભાવભાસન પહેલા કોઈને થતી નથી. ભાવભાસન પછીના સ્ટેજમાં થાય છે. કેમકે એ વખતે એણે જ્ઞાયકને જોયો, ભાસ્યો એને. અને એનો અત્યંત મહિમા પણ આવ્યો. એટલે ત્યાંથી સ્વરૂપરસ શરૂ થયો, સ્વરૂપ ભાવનાનો તબક્કો પણ બદલાણો, સ્વરૂપરસ પણ શરૂ થયો અને સ્વરૂપ પરિણતિ ત્યાંથી ચાલુ થવાની.

'**પોતાને અંદર જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ હોય તો...**' આ condition બાંધી. 'તો' ની વાત છે. '**તે કાળે જ્ઞાતા-દ્રષ્ટાપણું રહે છે.**' અથવા જ્ઞાનદશા હોય તો એ સત્શ્રવણ કરે ત્યારે પણ એને જ્ઞાતા-દ્રષ્ટાપણું પરિણતિથી ચાલુ ને ચાલુ રહે છે. રાખવું એ પ્રશ્ન નથી. સ્વાધ્યાય શરૂ થયો છે અહીંયાં પણ મારે જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું છે એ પ્રશ્ન નથી. જ્ઞાતા-દ્રષ્ટાપણાની પરિણતિ થઈ ગઈ હોય તો સહજ રહે. એટલી વાત

છે. હું જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખું એવો વિકલ્પ કરે એટલે જ્ઞાતા-દ્રષ્ટાપણું રહે નહિ કાંઈ. અને એવો એ વખતે પ્રયત્ન કરવા જાય તો સાંભળવાનું પણ જાય અને આ પણ જાય.

જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું હોય તો ક્રમથી તું આગળ વધીને જ્ઞાતા-દ્રષ્ટાના સ્ટેજ સુધી પહોંચ. યથાર્થ વાત તો એમ છે. અથવા તારે જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું જ હોય, એટલે એવો પુરુષાર્થ કરવો જ હોય તો શરીરમાં પીડા થાય ત્યારે, પ્રતિકૂળતાઓ આવે ત્યારે, ઘણો અનુકૂળતાનો ઉદય આવે ત્યારે, એટલે ધાર્યા કરતા વધારે અનુકૂળતા થઈ જાય ત્યારે ત્યાં જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખને! ત્યાં જ્ઞાતા-દ્રષ્ટાપણાનો પુરુષાર્થ કરીને પ્રયોગ કરને! અહીંયાં સ્વાધ્યાય વખતે ક્યાં કરવા બેઠો? અહીંયાં તો ઘણી બીજી વાતું તારે સમજવાની આવશે. એ રહી જશે પાછી.

શું કહે છે? '**પોતાને અંદર જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ હોય તો તે કાળે જ્ઞાતા-દ્રષ્ટાપણું રહે છે.**' એટલે સહજ રહે છે. '**હજી જેને જ્ઞાતાપણું પ્રગટ જ થયું નથી...**' બહુ ચોખ્ખો જવાબ દીધો છે કે એ સ્ટેજે પહોંચ્યો જ નથી. '**તેને તો જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું મુશ્કેલ પડે છે.**' એ સહજદશા છે. એ કાંઈ વિકલ્પ કરી કરીને કે ખેંચી-તાણીને કરે તો જ્ઞાતા-દ્રષ્ટાપણું રહે એવું છે નહિ. આ તો એમકે બહેનશ્રીના વચનામૃતમાં આવે કે પહેલાં ઉપર ઉપરથી જ્ઞાતા રહેવાનો પ્રયત્ન કર, પછી અંદરથી કર. એ પકડી લ્યે, પકડી લ્યે એટલે હવે સ્વાધ્યાય વખતે મારે (જ્ઞાતા-દ્રષ્ટા) રહેવું છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ યોગ જાય એમ ને એમ.

પૂજ્ય ભાઈશ્રી :- પાછો ખાવા બેસે ત્યારે ન રહે. ત્યારે સબડકા લેવા માંડે! આજ માળી દાળ બહુ સરસ થઈ છે. ક્યાંથી લાવ્યા હતા આપણે? રસ લ્યે, સબડકો લ્યે એટલે સાથે સાથે રસનો પણ સબડકો લ્યે. સબડકા સમજ્યા કે નહિ સમજ્યા? આવાજ આતી હૈ ને? રસસે ખાતે હૈં તો ઐસા હોતા હૈ. આખો આત્મા ડૂબી ગયો. એક સબડકામાં, દાળના એક સબડકામાં આખો આત્મા સ્વાહા થઈ ગયો. આવું છે.

અમથો કોઈ પૂછે કે અમારે તમને ખરીદવા છે કેટલામાં બોલો? (તો ગુસ્સો કરે) શું વાત કરી? શું બોલ્યા? અમને ખરીદવાની વાત કરો છો? હિંમત કેમ કરી તમે બોલવાની? હવે એવી વાત કરશો તો અમે તમને ખરીદવાની વાત કરશું એમ કહે. પણ અહીંયાં તને દાળના, એક ચમચી દાળના એક સબડકામાં, એક અડધી ચમચી દાળના પરમાણુએ તને ખરીદી લીધો અને તું ખરીદાઈ ગયો!! એનું શું? આવી વાત છે.

મુમુક્ષુ :- એક કુલમાળામાં વેચાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ફુલમાળા તો હજી બધાની વચ્ચે હોય એટલે એમ થાય કે ભાઈ કે મને બધા વચ્ચે માન મળ્યું. પણ અહીંયાં તો ઘરમાં એકલો એકલો ખાતો હોય તો દાળના પરમાણુ પાસે વહેંચાય જાય. દાળના હોય કે પછી ખીરના હોય. જેને જે ભાવતું હોય એ. જેમાં જેની સારાપણાની કલ્પના થાય એમાં.

મુમુક્ષુ :- જ્ઞાતા-દ્રષ્ટાપણું એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાતા-દ્રષ્ટાપણું એટલે રાગ ભી નહીં હોના, દ્વેષ ભી નહીં હોના. માત્ર પ્રેક્ષક હો જાના. જૈસે નાટકકે સ્ટેજ પર કોઈ રોતા હૈ, કોઈ હસતા હૈ. દેખનેવાલેકો કુછ લેના-દેના હૈ હી નહીં. વહ તો દેખતા હૈ કિ યહ નાટક કર રહે હૈં. એક્શન બતા રહે હૈં અપના કિ દેખો હમકો કૈસી એક્શન આતી હૈ. તો દેખનેવાલેકો તો કોઈ લેના-દેના હૈ નહીં. ઐસા કિસી ભી ઉદયસે લેના-દેના છોડકરકે માત્ર જાનના, ઐસા ભાવ રહ જાના ઉસકો કહતે હૈં જ્ઞાતા-દ્રષ્ટાપના. વહ જ્ઞાનદશામેં હોતા હૈ. જ્ઞાની ઉદયકે કાલમે જ્ઞાતા-દ્રષ્ટા રહતે હૈં.

'**જ્ઞાયકને ઓળખી...**' જુઓ આ ભાવભાસન આવ્યું. '**જ્ઞાયકને ઓળખી ભેદજ્ઞાન કરી...**' ઓળખાણ પછીનું સ્ટેજ. '**જ્ઞાયકને ઓળખી...**' ઓળખ્યા પછી, ત્યારપછી ભેદજ્ઞાનનો પુરુષાર્થ કરી '**જ્ઞાતાની-ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરી હોય...**' બેય એક જ વાત છે પછી. જ્ઞાતાની પરિણતિ કહો કે સહજ ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ થઈ ગઈ હોય, એવી પરિણતિ ચાલુ થઈ ગઈ હોય '**તો દરેક શુભભાવ અને અશુભભાવમાં જ્ઞાતાપણું સહજપણે રહે છે.**' આ સ્ટેજની આ વાત છે. ચોખ્ખી વાત કરી છે. એ પહેલાની એ વાત નથી.

ભ્રાંતિ ક્યાં થઈ હોય છે? કે શાસ્ત્રો વાંચ્યા, શાસ્ત્રો સાંભળ્યા અને ગુરુદેવ જેવા સમર્થ પુરુષ પાસેથી સાંભળ્યા. બૌદ્ધિક સ્તર ઉપર નિર્ણય કર્યો કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મારો આત્મા અનંતગુણનું એકરૂપ એવું શાશ્વત ધ્રુવસ્વરૂપ છે, અપરિણામી તત્ત્વ છે. તો મને આત્માનો નિર્ણય થયો છે. અને નિર્ણય અને ઓળખાણ એક વાત છે. માટે હવે મારે જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખવું છે. હજી વેદનાના પહેલા સ્ટેજમાં આવ્યો ન હોય અને કલ્પના કરતો હોય જ્ઞાતા-દ્રષ્ટાપણાની! પછી કાંઈ ચાલે તો નહિ. ચાલે તો નહિ, રહી શકે તો નહિ. પછી સમસ્યા લાગે કે આમ કેમ થાય છે? પણ એમ જ થાય ને! કેમ થાય શું? એ તો એમ જ થાય. એ કોઈ કાર્યની વિધિ અને પદ્ધતિ નથી.

શું કીધું? '**જ્ઞાયકને ઓળખી ભેદજ્ઞાન કરી જ્ઞાતાની-ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરી હોય તો દરેક શુભભાવ અને અશુભભાવમાં જ્ઞાતાપણું સહજપણે રહે છે.**' અહીંયાં

સહજપણે નાખ્યું. ઉપરમાં પણ સહજપણે સમજી લેવું. સહજપણે રહે છે. રહે છે એટલે સહજપણે રહે છે. **'ક્ષણે ક્ષણે હું જ્ઞાયક છું,** (હું) **જ્ઞાયક છું એમ સહજપણે જ્ઞાતાના અસ્તિત્વ તરફની પરિણતિ રહ્યા જ કરે છે.'** પરિણતિ છે એ continue રહે. પરિણતિ ચાલુ રહે કેમકે એ રસથી ઉત્પન્ન થયેલી એક અંતરંગ સ્થિતિ છે. પરિણતિ શું છે? પરિણતિ એટલે શું? કે રસથી ઉત્પન્ન થયેલી જીવની સહજદશા, સહજસ્થિતિ કે જે સહજપણે ચાલુ રહે, એને પરિણતિ કહેવામાં આવે છે. એ સંસારીઓને સંસારની હોય છે. મોક્ષમાર્ગીઓને આત્માની હોય છે. પરિણતિ તો બધાને છે. પરિણતિ વિનાનો કોઈ જીવ નથી પાછો. સૌને પરિણતિ છે. જેને જેનો રસ લીધો છે એને એની પરિણતિ વર્તે છે.

ઘણીવાર આપણે મુમુક્ષુ મૂંઝાય છે કે જુઓ અત્યારે અમે કુટુંબ છોડીને આવ્યા. અહીંયાં સ્વાધ્યાય માટે આવ્યા છીએ એટલે અમને કુટુંબ સાંભરતું પણ નથી. કોઈનો વિકલ્પ પણ આવતો નથી. અહીંની પ્રવૃત્તિમાં બરાબર જોડાયેલા રહીએ છીએ, (છતાં) પણ કાંઈ થતું નથી. તો કહે અહીંયાં આવ્યા પણ પરિણતિ સાથે લઈને આવ્યા છો. પરિણતિ ત્યાં મૂકીને આવ્યા હોત તો વાંધો નથી. અથવા અહીંયાં આવીને પરિણતિ મૂકી દીધી હોત તોપણ વાંધો નહિ. એટલે વર્તમાન કારણ કાંઈ ન દેખાય. વર્તમાન અવરોધક કારણ અને બાધક કારણ કાંઈ ન દેખાય, પણ પૂર્વે કરેલા પરિણામોની પરિણતિ છે એ એને બાધક છે અને એની પોતાને ખબર હોતી નથી. એ પરિણતિ સુધી એની સમજ હોતી નથી, એનું પરિણતિ સુધીનું અવલોકન હોતું નથી.

જ્યારે જીવ અવલોકનના સ્ટેજમાં આવે ત્યારે ચાલતા પરિણામોને જોવે અને એ પરિણામોનું અવલોકન સૂક્ષ્મ થાય ત્યારે એ પરિણતિને પણ જોઈ શકે. એટલે પરિણતિ જરા સૂક્ષ્મ છે. ઉપયોગના પરિણામ સ્થૂળ છે. પરિણતિના પરિણામ સૂક્ષ્મ છે. એ અવલોકન સૂક્ષ્મ થાય ત્યારે પરિણતિ પકડાય. અને પરિણતિ પકડાય ત્યારે એને ખબર પડે કે ઓહોહો..! કેટલી બધી ગડબડ કરી હશે મેં ત્યારે આ પરિણતિ થઈ હશે. પછી એને તોડી શકાય. કેમકે પછી તો જ્ઞાનનો ચોકીદાર બરાબર આવી ગયો. પછી એને ઘરમાં પેસી ગયેલી મિંદડી છે આ. ઘરમાં પેસી ગયેલી મિંદડી છે. મિંદડી means બિલ્લી. હાંકી કાઢે પછી. પછી ન રહેવા દ્યે. ઊંઘતો હતો તો પેલી ગરી ગઈ. એની પાસેથી જ ગઈ. દરવાજે જ બેઠો હતો. એ પણ દરવાજેથી જ ગઈ પણ આ ઊંઘતો હતો. (એમ) પરિણતિ દાખલ થઈ ગઈ.

'હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ સહજપણે જ્ઞાતાના અસ્તિત્વ તરફની પરિણતિ રહ્યા જ કરે છે. શ્રુતના ચિંતવનના કાળે, કે શાસ્ત્ર-અભ્યાસ વખતે...' કે શાસ્ત્રના

શ્રવણ વખતે, ગમે તે વખતે. '**જ્ઞાતાધારા જુદી ને જુદી રહે છે.**' એ સહજ જ રહે છે. ઉપયોગ બહાર જાય, પરિણતિ બહાર જાય નહિ. કેમકે એ અંતરાત્મપરિણતિ છે. અંતરાત્માને વળગેલી, અંતરાત્મા તરફ એના રસથી ઉત્પન્ન થયેલી આત્મરસની પરિણતિ છે એ આત્મા બાજુ રહે છે અને એ પરિણતિ દ્વારા તે જીવ આત્માનું સેવન કરે છે, આત્માની સેવા કરે છે. આત્માની સેવા કરશે એટલે આત્મા રાજી થાશે, કૃપા કરશે એના ઉપર. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ પરિણતિ .. અવસ્થામાં કે અજ્ઞાન અવસ્થામાં? એટલે એક મેઈન પરિણતિ..

પૂજ્ય ભાઈશ્રી :- ભલે પરિણતિ અનેક પ્રકારની હોય. પણ એની જાત બે છે. એક અનાત્મા અને એક આત્મા. આપણે આત્માની જાતની પરિણતિ પ્રગટ કરવાની છે. કેમકે રસ બે જાતના છે. એક અનાત્મરસ અને એક આત્મરસ. પછી અનાત્મરસમાં અનાત્મા ઘણાં છે. વિભાવો અસંખ્ય પ્રકારના અને વિભાવના વિષયો પણ અનેકવિધ પ્રકારના. એટલે એ વાત જુદી છે કે કેમાં શું પ્રકાર છે? પણ એ બધાને આપણે એક ખાતામાં નાખીએ કે એક આત્મપરિણતિ અને એક અનાત્મપરિણતિ. આપણે અનાત્મપરિણતિ નથી જોઈતી, આત્મપરિણતિ ઉત્પન્ન કરવાની છે. ખબર કેમ પડે? કે અવલોકન કરે તો. એ પણ અવલોકન સૂક્ષ્મ થાય તો. નહિતર એમ ને એમ કહેવા માગે તો કાંઈ પકડાય નહિ.

મુમુક્ષુ :- ભલે ન પકડાય.. પરિણતિ સૂક્ષ્મ જ્ઞાન ન હોય તો ન પકડાય, પણ એના વિશેષ લક્ષણો તો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોય જ છે. વારંવાર એ પાછું થયા કરે - ઉપયોગ વારંવાર થયા કરે, સંભારવો ન પડે. ઘરના સભ્યને સંભારવા પડતા નથી. ભવિષ્યના અને ભૂતકાળના ઉદયને સંભારવા પડતા નથી. નહિ ધારેલું આવી જાય છે અંદર. અહીં વિચાર કરવા બેસે આત્માનો અને અંદર બીજા પેસવા માંડે. કેમ થવા માંડ્યું? તમે ન કીધું કે અમે આમ કરીએ છીએ છતાં આમ થઈ જાય છે અમારે. આવ્યુંને?

એ પ્રશ્ન આવી ગયોને? તૂટી પડે છે... ૨૩૧. વિચાર-મનન અમારું તૂટી પડે છે. ક્યાંથી તૂટી પડે છે? પરિણતિ બીજી થઈ ગઈ છે એટલે તૂટી જ જવાનું છે. એ કાંઈ ચાલવાનું નથી. પહેલો તીવ્ર વેદનામાં આવે, અસહ્ય વેદનામાં આવે ત્યારે એની પરિણતિ ઉપર ઘા પડે છે. એ પહેલા પરિણતિ ઉપર ઘા ક્યાંથી પડશે? પહેલો ઘા તો એ છે એનો.

જીવ પરિભ્રમણની વેદનામાં અને ચિંતનામાં આવે ત્યારે એની સંસાર પરિણતિ

ઉપર પહેલો પ્રહાર કરે છે અને મોળી પાડે છે એને. શું કરે છે હજી? હજી કાંઈ બદલાતી નથી કાંઈ. હજી તો દિલ્હી દૂર છે, પણ મોળી પડે. પણ process ત્યાંથી શરૂ થયો પરિણતિનો. બાકી કાંઈ પત્તો લાગે એવું નથી. બીજું ગમે તે કરે નહિ, જે કરશે એની પરિણતિ થઈ જશે. એમાં ચડી જાશે. જે કાંઈ બૌદ્ધિક લેવલે કરવા જાશે અને રસ ઝાઝો લેશે તો એ પરિણતિ થઈ જશે. એમાં કાંઈ આત્મપરિણતિ નહિ થાય એ તો ઉલમાંથી ચૂલમાં (જેવું થાય). એવું છે.

'**જેને એકત્વબુદ્ધિ છે,...**' હવે જુઓ નીચેના લેવલવાળાની-મુમુક્ષુની વાત લીધી. '**જેને એકત્વબુદ્ધિ છે, જિજ્ઞાસુની ભૂમિકા છે...**' હજી તો મુમુક્ષુને જિજ્ઞાસુની ભૂમિકા છે. '**તેને જ્ઞાતાપણું હોતું નથી.**' જ્ઞાતાપણું હોય નહિ અને અવિધિએ કામ કરવા માગે તો કાંઈ જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવાય નહિ. એટલે એવો કોઈ પ્રયત્ન કરતા હોય તો એ વિધિસરનો પ્રયત્ન નથી. સારું થયું આ બધી લાઈન choke out થઈ ગઈ. નહિતર અંધારામાં જ આથડવાનું છે. કરવું શું? એમ થાય કરવું શું?

મુમુક્ષુ :- બધું સારું છે પણ કરવું શું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપદેશ તો બધો સારો જ છે. પણ કરવું શું? કરવા (કંઈક) જાય અને કોઈ વાતમાં બીજે જ ચડી જાય. કરવા જાય અને ચડી જાય બીજે રસ્તે. ઉપદેશ તો એમ આવે કે જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવું. ચડી જાય વિકલ્પે. જ્ઞાતા-દ્રષ્ટાના વિકલ્પે ચડી જાય. બહુ ચોખ્ખું કીધું છે. સ્પષ્ટ વાત કરી છે. ઓળખાણ પછીની જ વાત છે આ બધી.

'**જેને એકત્વબુદ્ધિ છે, જિજ્ઞાસુની ભૂમિકા છે...**' હજી ભાવનામાં આવ્યો છે શરૂઆતમાં '**તેને જ્ઞાતાપણું હોતું નથી. તેને માત્ર ભાવના રહે છે...**' ભાવના કહો કે જિજ્ઞાસા કહો. એને ભાવના રહે છે '**કે હું જ્ઞાયક છું,...**' એવી ભાવના એને આવે. એનો નિષેધ નથી. ભાવના આવે એનો નિષેધ નથી. '**પણ પરિણતિ પ્રગટ કરવાની બાકી છે.**' એમ એને પોતાને બરાબર સમજણમાં હોવું જોઈએ.

ભાવનામાં તો કોઈવાર એવી સરસ પરિસ્થિતિ ઊભી થાય છે. કોઈ જીવ એવી યોગ્યતા લઈને આવ્યો હોય, એનામાં કોઈ એવી ગર્ભિત યોગ્યતા પડી હોય અને એ ગર્ભિત યોગ્યતાનો જન્મ થવાનો કાળ હોય અને એ વખતે એને કોઈ જ્ઞાનીપુરુષનો સમાગમ થાય અને એ જ્ઞાનીપુરુષ એને આત્મા સંભળાવે કે આ આત્મા છે એ જ્ઞાનાનંદસ્વરૂપ છે, નિર્મળાનંદ છે, નિત્યાનંદ છે. અને પેલાને એવું રુચે.. એવું રુચે... ને એવી ભાવના થાય, અતિશય રુચવા માંડે. સાંભળે અને જ્ઞાનીપુરુષના ભાવો અને વચનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધે આ આત્મા, આ જીવ ઉપર એટલી બધી અસર કરતા

હોય! એવા પ્રકારો બને છે હો. સાવ new comer હોય એ જીવને જ્ઞાનીપુરુષનો સ્વીકાર થઈ ગયો. એ (વાત) રુચિ, એને જે રુચ્યા આત્મભાવો, એમાં એને જ્ઞાનીપુરુષનો સ્વીકાર થઈ ગયો લ્યો! કેવડી મોટી વાત થઈ ગઈ? કામ થઈ જાય. આવું ઝડપથી થઈ જાય છે. એવા દાખલાઓ બને છે. એવું બને. એવી કોઈ યોગ્યતા પડી હોય, ભૂતકાળ એનો એવો જ કોઈ એવી રીતે પસાર થયો હોય અને એ કોઈ યોગ્યતાનો સંગ્રહ થઈ ગયો હોય.

મુમુક્ષુ :- સંગ્રહ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જેને જન્મવાનો અહીંયાં સ્વકાળ પાક્યો હોય અને અહીંયાં સમાગમ થાય એને તો ગાડી સીધી પાટા ઉપર ચડી જાય, એવા પ્રકારો બને. એટલે આ વિષય થોડો વિશાળ છે, ઊંડો છે. નવો સવો આવ્યો એટલે જલ્દી કોઈનો આંક ન મૂકી દેવાય. જો કે આંક મૂકવાની પદ્ધતિ બંધ કરી દેવી. એ તારું કામ નથી.

મુમુક્ષુ :- જૂના મુમુક્ષુ હોયને એને બીજા માટે એવું કરવાની વધારે ભૂલ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ટેવ પડી હોય. માપ્યા જ કરે.. માપ્યા જ કરે. તું તારું કે દી' કરીશ? બીજાનું માપ્યા કરીશ તો તારી માપણીનું શું પછી? એ રહી જશે. બીજાને માપવા જતાં તું તને પોતાને માપવાનું ભૂલી જઈશ. આવું થાશે.

'તેને માત્ર ભાવના રહે છે કે હું જ્ઞાયક છું,...' આ તો એના ઉપરથી યાદ આવ્યું કે ભાવનામાં આવી રુચિ પ્રગટ થઈ જાય છે કોઈ-કોઈ જીવને. એમાં શું થયું? બહુ સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો, કે એ જીવનું જ્ઞાન અને જ્ઞાનીપુરુષના આત્મભાવો, આત્મભાવોથી વ્યક્ત થતાં વચનામૃતો, એ જ્ઞાન એણે ગ્રહણ કર્યું. જ્ઞાનમાં ગ્રાહક શક્તિ છે, ગ્રહણ કરવાની શક્તિ છે. એ શક્તિનો ત્યાં એને ઉપયોગ થઈ ગયો. અને એ ઉપયોગ થતાં તત્કાળ એની અસર થઈ, અતિશય રુચવા માંડ્યું. સંસ્કારી જીવને આવું થવાનો વધારે પ્રસંગ બને છે. લગભગ એવું બને છે. સંસ્કારી જીવ હોય તો એ તો એક વચન વાંચે તો એને અસર થઈ જાય, કાં ભગવાનના દર્શન કરીને એને અસર થઈ જાય, કાં એકાદ વચન સાંભળે ત્યાં એને અસર થઈ જાય.

અને સંસ્કાર ન હોય પણ કાંઈક એવું ભૂતકાળમાં કોઈ એવું ગમે તે કારણ પડી ગયું હોય અને કોઈ યોગ્યતા ગર્ભમાં આવી ગઈ હોય, તો આવા પ્રકારે પાછું એની લાઈનનું અનુસંધાન થઈ જાય છે. પછી વ્યવસ્થિત પાછો આવે પછી જ્યારે લાઈન વ્યવસ્થિત પકડાય ત્યારે પાછો વેદનાથી ઊપડે. પછી એને શું એ ઉપદેશમાં રસ પડે!! એ ઉપદેશમાં રસ પડે એટલે એના બધા પડખાં સામે આવે ત્યારે એને ખ્યાલ આવી

જાય કે અરે.. મારા સ્વરૂપથી હું દૂર છું, આવા જ્ઞાનીઓથી હું દૂર છું. અપરાધો ઘણાં થયા છે. પછી વેદના અને ચિંતનાનો ક્રમ પાછો એને શરૂ થઈ જાય. એને ખબર ન હોય તોપણ પ્રવેશ થઈ જાય એનો. પણ આવું કોઈવાર આગળ-પાછળ આવા બનાવો પણ બને છે.

સામાન્ય રીતે જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું હોય એને આ સ્પષ્ટ માર્ગદર્શન છે. તું તારી ભૂમિકા જોઈ લે, તારી પરિણતિ તપાસી લે અને સમજીને જ્ઞાતા-દૃષ્ટાપણાના પ્રયત્નમાં આવ તું. એમ ને એમ અદ્ધરથી લઈ લેતો નહિ.

'**જેને જ્ઞાયકની દશા પ્રગટ થઈ છે;...**' એટલે જ્ઞાનદશા થયા પછી. આ તો જ્ઞાનદશાની વાત છે. '**સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સવિકલ્પમાં આવે ત્યારે પણ તેને ભેદજ્ઞાનની ધારા રહે છે.**' એટલે સહજ જ રહે છે. એને યાદ કરવું પડતું નથી. '**દર્શન કરે, પૂજા કરે,..**' કે શાસ્ત્ર શ્રવણ કરે, વાંચન કરે, '**ગમે તે કરે તોપણ તેને ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે.**' સહેજે જ ચાલુ રહે છે. અને પરિણતિનો એ સ્વભાવ છે. સહજ ચાલુ રહેવું એ પરિણતિનો સ્વભાવ છે. ચાહે ઊલટી હોય કે ચાહે સૂલટી હોય. એટલે ઉદયમાં તીવ્ર રસે કરીને ક્યારેય પણ પરિણમવું કે પ્રવેશ કરવો નહિ એમ જ્ઞાનીઓએ ભલામણ કરી છે. ઉદય આવે ત્યારે સાવધાન થઈ જજે, જાગૃત થઈ જજે, તીવ્ર રસ લઈશ નહિ, નહિતર જો તારી પરિણતિ બંધાઈ ગઈ, પછી એને તોડતા પરસેવો ઉતરી જાશે તને. અને અત્યાર સુધી રસ લઈને બાંધી છે. હવે એમાં ઉમેરો, નુકસાનનો ઉમેરો કરવા જેવું નથી. હવે એને મોળી પાડવાનો પ્રયત્ન કર. એ તારા લાભની વાત છે.

'**જ્ઞાનીને બહારથી ભગવાનની ભક્તિ ઘણી દેખાય,...**' વીતરાગતા જોઈને. '**શ્રુતનું ચિંતવન ઘણું દેખાય...**' એ પ્રકાર હોય '**તો પણ ક્યાંય એકત્વબુદ્ધિ થતી નથી.**' એ ઉદયભાવોમાં જ્ઞાનીને એકત્વબુદ્ધિ થતી નથી. કેમકે પછી આખો ખ્યાલ આવી ગયો કે મારું જે સ્વરૂપ છે એની પાસે પૂર્ણદશા અનંતમાં ભાગે છે. કેવળજ્ઞાન અને પરમાનંદ પ્રગટ થયા હોય તોપણ તે અનંતમાં ભાગે છે. તો હજી જે આ જ્ઞાનદશા છે એ કાંઈ બહુ મોટી વાત નથી.

જ્ઞાનીઓ એની પ્રશંસા કરે છે, મુનિઓ પ્રશંસા કરે છે પણ એ બીજો દૃષ્ટિકોણ છે એમાં. તારે બીજી રીતે લેવાનું છે. નહિતર તો પર્યાયદૃષ્ટિ થઈને અહંભાવમાં આવી જાય. એને તો એમ જ લેવાનું છે કે આ કાંઈ છે નહિ. હજી મારું સ્વરૂપ જોતા આમાં તો કાંઈ દેખાતું નથી. એટલું મારું સ્વરૂપ મહાન છે કે એની પાસે આ જ્ઞાનદશા પ્રગટ થઈ એનું કાંઈ મૂલ્ય છે નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનીને આવી રીતે હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા એમ જ છે. કાલે આપણે દેરાસર ગયા ત્યારે પેલા બહાર નહોતા ઊભા, એક (મુમુક્ષુભાઈ) ઊભા હતા. તમારા બોરીવલીવાળા. એ સાંજે એક વખત અમે ફરતા હતા, ગુરુદેવની સાથે આંટા મારતા હતા. સાંજે સાથે હતા. ગુરુદેવ કાંઈક બોલ્યા કે આટલો વખત તો સ્વાધ્યાયમાં જાય છે. એમ કાંઈક વખતની વાત કરી કે વખત ક્યાં મળે છે? આપણી પાસે વખત ક્યાં છે? આપણો તો સ્વાધ્યાયમાં વખત... તો એ આમ જરા એ વખતે બાળક જેવા એમણે પ્રશ્નો કર્યા હતા, તો કહે ગુરુદેવ! હજી પણ આપને વાંચવું પડે? (ગુરુદેવશ્રી) કહે, હા અમે તો કલાકો વાંચીએ છીએ. કેટલું? કલાકો સુધી વાંચીએ છીએ. તો આપને તો અગાધ જ્ઞાન છે. હવે આપને કેમ વાંચવાનું હોય? ગુરુદેવ કહે કે, ભાઈ! આ તો હજી અનંતમાં ભાગે છે. આ તો હજી અનંતમાં ભાગે છે.

જે સર્વજ્ઞશક્તિમાં જ્ઞાન ભર્યું છે એની પાસે કેવળજ્ઞાન અનંતમાં ભાગે છે. અને કેવળજ્ઞાનથી દિવ્યધ્વનિ ઉત્પન્ન થઈ એ એનાથી અનંતમાં ભાગે જ્ઞાન બહાર આવ્યું. દિવ્યધ્વનિથી ગણધરે ગ્રહણ કરીને બાર અંગમાં ઉતાર્યું એ દિવ્યધ્વનિથી અનંતમાં ભાગે છે. અને અત્યારે તો બાર અંગનો લાખમો ભાગ પણ નથી કોઈની પાસે. પણ સ્વાનુભૂતિ છે એ બાર અંગનો સાર છે. એ લઈ શકે છે અત્યારે. ઉઘાડમાં તો લાખમો ભાગ પણ ન આવે અત્યારે હાથમાં. પણ ઉઘાડની કાંઈ કિંમત નથી આ માર્ગમાં. સ્વાનુભવ કરે તો એણે બાર અંગનો સાર લઈ લીધો. પેલી બાહ્ય જ્ઞાનની ચર્ચા થતી હતી, પણ જવાબ એમ દીધો કે આ તો કાંઈ નથી કહે! અનંતમાં ભાગે છે આ તો!

એમ કહેતા એમ વિચાર ન આવે કે આ મારો આંક શું મૂકશે? આને આવું લાગશે, તેવું લાગશે, આ તો મારું બહુ અગાધ જ્ઞાન જાણતો હતો, હવે એને એમ લાગશે કે મારું જ્ઞાન ઓછું છે એવું જાણવા માંડશે. એને સમજવું હોય એ સમજે. કેમકે જ્ઞાનીઓને કોઈના સર્ટિફિકેટ સાથે કાંઈ સંબંધ નથી. સર્ટિફિકેટથી વેચાવાવાળા જગતમાં ઘણાંય છે, એ બધા માનપત્રમાં-કાગળિયામાં વેચાય છે. જ્ઞાનીઓને કોઈના માનપત્રની જરૂર નથી.

મુમુક્ષુ :- ભગવાને માન આપી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :- એને ભગવાને-ત્રણ લોકના નાથે એને માન આપ્યું. પછી એને બીજાની કાંઈ જરૂર નથી.

'જ્ઞાયકની ધારા જુદી ને જુદી વર્તે છે.' કોને? જ્ઞાનીને. **'કર્મમાં અમુક જાતનો રસ ઘણો પડે છે, પણ તેને ભેદજ્ઞાનની ધારા વર્તે છે...'** કર્મમાં એટલે આ ભક્તિ

છે, શ્રુત છે, શ્રુતચિંતવન છે એમાં રસ પડે છે અમુક જાતનો. પણ એને ગૌણ કરે છે '**પણ તેને ભેદજ્ઞાનની ધારા વર્તે છે...**' એ રસ પડે છે ત્યારે પણ ભેદજ્ઞાનની ધારા વર્તે છે. એ રસની પરિણતિ નહિ થાય, અનાત્મપરિણતિ નહિ થાય હવે. આત્મપરિણતિ અનાત્મપરિણતિને આવવા દેશે નહિ, એવું છે. '**તેથી** (તેની) **સ્થિતિ લાંબી પડતી નથી.**' મંદ રસને લઈને એની લાંબી સ્થિતિ પડતી નથી.

મુમુક્ષુ :- સીતાજી પાછળ રોતા હોય તોપણ પરિણતિ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અને પરિણતિ થઈ હોય તો કાઢી મૂકે નહિને એને. પરિણતિ થઈ હોય તો કેવી રીતે કાઢી મૂકે? એની સાબિતી છે. ભરત-બાહુબલી લડે પણ એ દ્વેષની પરિણતિ ન થાય. ખાત્રી શું? કે દીક્ષા લીધી એ એની ખાત્રી. વાર લાગી? એક સેકન્ડમાં ગુલાંટ ખાઈ ગયા. એવી વાત છે. અહીં સુધી રાખીએ...

આશય :- (૨૩૪) :- **મુમુક્ષુજીવે પોતાની ભૂમિકા સમજી-વિચારીને યથાર્થ ક્રમથી આગળ વધવું જોઈએ. સ્વાધ્યાય આદિ સત્ શ્રવણકાળે જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવાનો પ્રયાસ અવિધિસરનો પ્રયાસ હોવાથી તે પ્રકારે ઉન્માર્ગે ચડી જવાય છે. જ્ઞાનીની વાત જુદી છે. એમને તો જ્ઞાતાભાવની સહજ પરિણતિ ધારાવાહીપણે સહજ ચાલુ જ રહે છે. તે કાંઈ નકલ કરવાનો વિષય નથી. પરંતુ યથાક્રમે આગળ વધીને પોતાના સ્વરૂપને ઓળખીને સ્વરૂપ મહિમા પ્રગટ થતાં ભેદજ્ઞાનની સહજ પરિણતિ થાય છે. અહીંયાં યથાર્થક્રમનો નિર્દેશ છે.**

ક્રમ શબ્દ નથી વાપર્યો, પણ જિજ્ઞાસુને આમ હોય.. આમ હોય.. એમ કરીને ક્રમની વાત કરી નાખી છે.

મુમુક્ષુ :- ત્રણેય ભૂમિકાની વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- ભૂમિકાની વાત કરી એટલે તું ક્રમે કર. એમ ને એમ કરીશ નહિ એમ એનો અર્થ થઈ ગયો ને? એમ.

❁

પરપદાર્થમાં સુખના અનુભવને 'ભ્રાંતિ' જાણવી, તે ભ્રાંતિરૂપદશાને રોગ - મહારોગ જાણવો.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૯૦)

પ્રશ્ન :- જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે તે વિશેષ સમજાવવા કૃપા કરશો.

સમાધાન :- ગુણ અને ગુણી અભેદ છે. જે આ જ્ઞાનલક્ષણ દેખાય છે તેટલો આત્મા છે. જ્ઞાન સિવાયનું બધું વિભાવ અને પર છે. જે આ જ્ઞાનલક્ષણ દેખાય છે તે જ્ઞાનલક્ષણથી તું આત્માને ઓળખી લે. જે જ્ઞાનલક્ષણ દેખાય છે તેટલો આત્મા છે. લક્ષ્ય-લક્ષણ એક જ છે-અભેદ છે. તેને ગ્રહણ કર. તું જ્ઞાયકને ગ્રહણ કરી લે. ૨૩૫.

તા. ૨૩-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૫
પ્રવચન નં. ૧૭૮

સ્વાનુભૂતિદર્શન, પાનું-૧૪૪. પ્રશ્ન-૨૩૫. **'જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે તે વિશેષ સમજાવવા કૃપા કરશો.'** આ વિષય સમયસારના નિર્જરા અધિકારમાં લીધો છે 'કુંદકુંદઆચાર્યદેવે' અને 'અમૃતચંદ્રાચાર્યદેવે'. ૨૦૩ ગાથાથી ૨૦૬ ગાથા સુધીમાં આ વિષય ચાલ્યો છે. ત્યારપછી એ વિષય ઉપર continuity તો રહી છે પણ ૨૦૩થી શરૂ કર્યો છેને ૨૦૬માં તો એટલું લીધું છે જેટલું આ જ્ઞાન છે એટલો જ આત્મા અનુભવ કરવા યોગ્ય છે. એટલું જ સત્ય કલ્યાણ છે ને એટલો જ સત્ય આત્મા છે એમ કરીને. ત્રણ બોલ લીધા છે.

આત્માને અંતરમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવને પહોંચવા માટે આ એક જ ચેનલ છે 'જ્ઞાન છે તે આત્મા છે.' હવે ધર્મના ક્ષેત્રમાં પણ જ્ઞાનના વિષયમાં સમજણ જુદી જુદી છે. સામાન્ય લૌકિક સમાજમાં તો જ્ઞાનનો વિષય અજાણ્યો હોય એ સ્વાભાવિક છે. પણ જ્યાં જ્ઞાનની ચર્ચા થાય છે ત્યાં પણ એ વિષયમાં અજાણપણું ઠીક-ઠીક પ્રમાણમાં છે. અન્ય મતોમાં તો ક્યાંય નથી. વેદાંતમાં એક વેદનું, ચાર વેદમાંથી એક વેદનું એ સૂત્ર છે. **'प्रज्ञानम् ब्रह्म'** જ્ઞાન છે તે બ્રહ્મ છે અથવા આત્મા છે એવું એક મુખ્ય સૂત્ર છે આખા વેદનું, પણ વિધિનો વિષય (એ લોકોને) જૈન પરમેશ્વરના અસ્વીકારને લઈને સમજાણો નહીં. અન્ય રાગી દેવોને સ્વીકાર્યા, વીતરાગ પરમેશ્વરને ન સ્વીકાર્યા. રાગ અને વીતરાગતાની તુલના ન કરી શકે એ 'જ્ઞાન તે આત્મા' એ ક્યાંથી પામી શકે? બુદ્ધિ તો ઘણી હતી એ લોકોમાં, પણ કેવળ બુદ્ધિનો વિષય હોત તો તો એ

પણ પામી ગયા હોત. વિષય યોગ્યતાનો છે. મૂળમાં વાત એ છે કે બુદ્ધિ ચલાવવી છે કે તારે પોતાને પૂર્ણ નિર્દોષ થવું છે? જો તારે નિર્દોષ થવું હશે તો જ તું નિર્દોષ થવાના પાયા ગોતીશ, નહિતર તારી બુદ્ધિ ચલાવીશ અને બુદ્ધિ વિપર્યાસ તો અનાદિનો તારો ચાલુ છે. એવા વિપર્યાસ સહિતની બુદ્ધિમાં તારી બુદ્ધિ તને વિપરીતતામાં જ ખેંચી જવાની છે.

હવે અહીંયાં **'આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે...'** એમાં પ્રગટ જ્ઞાનની વાત છે અને આત્મા છે તે આત્મસ્વભાવ છે. આત્મા છે તે આત્મસ્વભાવ છે તો પ્રગટ જ્ઞાનમાં આત્મસ્વભાવ કેવી રીતે છે? તે અંતર સંશોધનનો વિષય છે, અંતર અવલોકનનો વિષય છે. જે જ્ઞાન બધાને પ્રગટપણે અનુભવગોચર છે, એ જ્ઞાનમાં અનેકવિધતા છે અને એકવિધતા પણ છે, અથવા અનેકરૂપતા પણ છે અને એકરૂપતા પણ છે. આત્મસ્વભાવ છે તે અનેકરૂપ નથી, આત્મસ્વભાવ ત્રણેકાળે એકરૂપે છે. તેથી જ્ઞાનનું જે એકરૂપ છે તે આત્મસ્વભાવને દર્શાવે છે તે જ જ્ઞાનનું અનેકરૂપ છે તે આત્માના એકરૂપ જ્ઞાન સ્વભાવ સાથે મેળ ખાતું નથી, સુસંગત નથી, વિસંગત છે. એક અને અનેક વિરુદ્ધ છે. માટે જ્ઞાનની અનેકરૂપતા અહીં આત્મસ્વભાવને પહોંચવા માટે, સમજવા માટે, પામવા માટે સાનુકૂળ નથી, રાગ તો સાનુકૂળ નથી પણ જ્ઞાન છે એમાં જ્ઞાનની અનેકરૂપતા છે તેને શાસ્ત્રભાષામાં જ્ઞેયાકાર જ્ઞાન કહેવામાં આવે છે. તે જ્ઞેયાકાર જ્ઞાન છે એવો આત્મા નથી. એવો આત્મા નથી કેમકે એ તો અનેકરૂપે છે પછી એ જ્ઞાન શાસ્ત્રના આધારે અનેકરૂપતા ધારણ કરતું હોય, શાસ્ત્ર વિસ્તારને લીધે, તો એ શાસ્ત્રજ્ઞાન પણ આત્મજ્ઞાન નથી. ભલે એ બાર અંગનું હોય તોપણ. એ જ્ઞાન તે આત્મા નથી. બાર અંગનું એ જ્ઞાન તે આત્મા નથી.

રાજમલજીએ 'સમયસાર'ના તેરમા કળશની ટીકા કરતા કહ્યું કે, 'બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ નથી. તે વિકલ્પોનો વિસ્તાર છે. એક નિર્વિકલ્પ સ્વાનુભૂતિ છે તે જ્ઞાન છે અને બાર અંગનો આશય તે છે.' બાર અંગમાં તે સ્વાનુભૂતિનું વિધાન છે 'એટલે વિધિને કહેનાર તે વિધાન.' આ મંદિરમાં પૂજાનું માંડલું કરે તે વિધાનની વાત નથી અહીંયાં. વિધિ છે એ ક્રિયા છે અને એ ક્રિયાવાચક નામને વિધાન કહેવામાં આવે છે. કેટલાક નામો ક્રિયાવાચક હોય છે, કેટલાક વિશેષણવાચક હોય છે-વિશેષતાવાચક હોય છે. કેટલાક ખાસ નામ હોય છે જેને એમ કહેવાય કે specific નામ હોય છે. એમ નામ પાડવામાં અનેક વ્યાકરણોમાં અનેક વાતો છે, શું? તો અહીંયાં જે જ્ઞાનાકાર જ્ઞાન છે એટલે સામાન્ય જ્ઞાન છે તે આત્મા છે. કેમકે આત્મસ્વભાવ તેમાં પ્રગટ છે. આત્માનો સ્વભાવ દ્રવ્યમાં વ્યાપક છે, ગુણમાં વ્યાપક છે અને પર્યાયમાં વ્યાપક છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સામાન્યપણે વ્યાપક છે એટલે દ્રવ્યની વિશેષતારૂપે પણ આત્મા નથી, ગુણની વિશેષતારૂપે પણ આત્મા નથી અને પર્યાયની વિશેષતારૂપે પણ આત્મા નથી. ત્રણેયમાં સામાન્ય આત્મા છે. અને આમ તો દ્રવ્ય-પર્યાયનું જોડકું તે આખી વસ્તુ છે એમ પ્રમાણનો વિષય છે, પણ અહીંયા જે આત્મસ્વભાવ છે એ દ્રવ્ય-પર્યાયમાં સામાન્યરૂપે છે. દ્રવ્ય-પર્યાયનાં ભેદરૂપે નથી, નિર્ભેદરૂપે છે. તેથી દ્રવ્ય-પર્યાય સ્વરૂપે આત્મા છે એમ નહીં કહેતા એ બેના બે એટલે ઉભય છે, બે એટલે ઉભય છે. આત્મા અનઉભય સ્વરૂપે છે એવો શબ્દ પ્રયોગ 'પંચાધ્યાયીમાં' કર્યો છે.

મહાવીરજીની શિબિરમાં આ વિષય બહુ ચાલ્યો. કેટલાક વિદ્વાનો આવેલા હિન્દીભાષી. શાસ્ત્રો તો બધા વાંચે પણ અનઉભય સ્વરૂપથી અજાણ હતા. બહુ ચર્ચાઓ ચાલી પછી તો સ્વાધ્યાય કૅન્સલ કરીને ચર્ચાનો પ્રોગ્રામ છેલ્લા દિવસમાં રાખ્યો કે આ વિષય ઉપર અમારે ઘણું પૂછવું છે. ખૂબ પ્રશ્નો આવ્યા, ખૂબ પ્રશ્નો આવ્યા. શાસ્ત્રના આધારો પણ છે એની અંદર. 'પંચાધ્યાયી'માં તો એ સ્પષ્ટ વાત છે, પરંતુ 'સમયસાર'માં આ વાત ક્યાં છે? કેમકે બધા 'સમયસાર'ના અભ્યાસી વધારે આપણા લોકો અને 'સમયસાર'માં અમૃતચંદ્રાચાર્યે સૌથી (વધારે) વજન આ એક વિષય ઉપર આપ્યું છે, પણ ધ્યાન જવું જોઈએ. આખા 'સમયસાર'માં એક જ વિષય ઉપર એમણે ઘણો રસ લઈને કાવ્યોની, શ્લોકોની, કળશોની રચના કરી હોય તો આ એક જ વિષય ઉપર કરી છે. તો બધા ચોંક્યા કે આટલી મોટી વાત છે તો આપણા ધ્યાનમાં કેમ ન આવી? ૧૪૨ ગાથા પછી ૨૬ કળશ લખ્યા છે. કેટલા?

મુમુક્ષુ :- ૨૬.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ ગાથા ઉપર ૨૬ કળશ નથી લખાણા. ૫ કળશ, ૭ કળશ લખે પછી બીજી ગાથા શરૂ થઈ જાય. આ એક જ વાત ઉપર એમણે ૨૬ કળશ લખ્યા છે કે આત્મા એકરૂપ પણ નથી, અનેકરૂપ પણ નથી, ભેદરૂપ નથી, અભેદરૂપ નથી, શુદ્ધરૂપ નથી, અશુદ્ધરૂપ નથી, અસ્તિરૂપ નથી, નાસ્તિરૂપ નથી. - એમ કરીને કહેવા શું માંગે છે? કે અનઉભય સ્વરૂપે છે. ભેદરૂપે નથી પણ અભેદરૂપે નથી એનું શું? તો કહે, અભેદ એવો ભેદ છે એ અનઉભયમાં નથી. કેમકે એ તો સામે પ્રતિપક્ષમાં જાય છે, અનઉભય તો પક્ષ વગરનો વિષય છે ને ત્યાં પક્ષાંતિક્રાંતનો વિષય ઉપાડ્યો છે એવું જે આત્મસ્વરૂપનું લક્ષણ છે, સ્વરૂપ છે એ જ્ઞાન સામાન્યમાં પ્રગટરૂપે છે અથવા જ્ઞાન સામાન્ય તે જ રૂપે છે તેથી તેને આત્મા પણ કહેવામાં આવે છે કે **'જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે.'** અથવા જેવું આ જ્ઞાન છે તેવો જ આત્મા છે. જેટલું ને જેવું એકાર્થમાં લેવું. જેવું આ જ્ઞાન છે એવો આત્મા છે. મતિની

નિર્મળતાએ કરીને અંતર અવલોકનમાં પોતાનું ચાલતું જે સામાન્ય જ્ઞાન ધારાવાહી છે એ જ્ઞાનધારા - એ આત્મધારા - એ અનુભૂતિ સ્વરૂપ આત્મા આબાળ-ગોપાળ બધાને પ્રગટ છે. અનુભવ ગોચર થઈ રહ્યો છે. એમ ૧૮મી ગાથામાં, ૧૭-૧૮ ગાથાની ટીકામાં આચાર્ય મહારાજે એ વાત 'સમયસાર'માં શરૂઆતમાં કરી છે. પણ પર સાથેના, રાગ સાથેના, દેહ સાથેના એકત્વપણાના નિશ્ચયને લીધે એ જ્ઞાન સામાન્ય કે જે સંવેદનરૂપ છે, તે સ્વસંવેદનપણે અનુભવગોચર થતું નથી. છે સંવેદનરૂપ, વેદનરૂપ છે પણ સ્વપણે વેદાવું જોઈએ તો સ્વસંવેદનનો અનુભવ થાય, તેને આત્મસાક્ષાત્કાર કહેવાય છે એ રીતે થતું નથી. અનુભવાતું હોવા છતાં માલૂમ પડતું નથી કે આ મારો આત્મા આવો છે! આમ વાત છે. હવે બહેનશ્રી શું ઉત્તર આપે છે એ જોઈએ આપણે, વાત મૂળ આમ છે.

જેટલું આ જ્ઞાન છે, જેવું આ જ્ઞાન સામાન્ય છે, એકાકાર જ્ઞાન છે, એકરૂપ જ્ઞાન છે એવું જ સ્વસંવેદન સ્વરૂપે આત્મસ્વરૂપ છે. આત્મા અનુભૂતિનો પિંડ છે. અને તે પ્રત્યક્ષ સ્વસંવેદનથી એની પ્રત્યક્ષતા અનુભવગોચર છે કે જે પ્રત્યક્ષતા પુરુષાર્થને ઉછાળવાનું કારણ છે. એ આપણે ૧૫૭૧ ('અનુભવ સંજીવની')નો હમણાં સ્વાધ્યાય ચાલી ગયો. **'સમાધાન :- ગુણ અને ગુણી અભેદ છે.'** આત્મા છે એ ગુણી છે, જ્ઞાન એનો ગુણ છે. ગુણ-ગુણીનો ભેદ હોવા છતાં તે અભેદતા રાખીને છે. અભેદતા છોડીને એ ભેદ નથી. અથવા સર્વથા ભેદ નથી. ગુણ-ગુણી ભેદ અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ એ વસ્તુનું બંધારણ-constitution સમજવા માટે છે. બંધારણ શું છે? એને સમજવા માટે એ વાત છે. ગ્રહણ કરવા માટે એ વાત નથી, જાણવા માટે છે. ગ્રહણ કરવા માટે તો ગુણ-ગુણીના ભેદ અથવા બંધારણના બધા ભેદને ગૌણ કરીને જે ત્રિકાળ અભેદ તત્વ છે એ ગ્રહણ કરવાનો વિષય છે. **'ગુણ અને ગુણી અભેદ છે. જે આ જ્ઞાન લક્ષણ દેખાય છે...'** જ્ઞાન સામાન્યરૂપે કેમકે વસ્તુ એકરૂપ છે તો એનું લક્ષણ પણ એવું જ હોવું જોઈએને. તો જ એનું લક્ષણ કહેવાયને? અનેકરૂપ છે એને લક્ષણમાં ન લેવાય કેમકે એવું તો સ્વરૂપ નથી અને લક્ષણનો બીજો અર્થ સ્વરૂપ જ થાય છે. **'જે આ જ્ઞાન લક્ષણ દેખાય છે...'** એટલે કે પ્રગટપણે દેખાય છે. વિચારાય છે એમ નથી લેવું. દેખાય છે એમાં ઈ જોવાનું છે કે મને દેખાય છે. જ્યારે જ્ઞાની એમ કહે છે કે આ જ્ઞાન લક્ષણ દેખાય છે, એટલે એ એમને દેખાય છે એટલે દેખાય છે એમ કીધું. ભાષા સહેજે એમ આવી. સાંભળનારે દેખાતું હોય તો દેખાય છે એમ લેવાનું છે, પણ ન દેખાતું હોય તો? હવે પ્રશ્ન આ ઊભો થાય કે જ્ઞાનીને તો દેખાય છે એટલે એમ લીધું. તો ન દેખાતું હોય એટલે વિચારાય છે

એમ લઈ જવાનું નથી. ઈ રસ્તો બંધ કર્યો. ન દેખાય ત્યાં સુધી દેખવાનો પ્રયત્ન કરવો. આ બાબતની, આ વિષયની સુવિધા એ છે કે એ પોતે પ્રકાશસ્વરૂપ છે. કેવું છે? પ્રકાશસ્વરૂપ. લક્ષણ પ્રકાશસ્વરૂપ છે. જેમ હીરો ખોવાય જાય પણ હીરો ચમકતી ચીજ છે એટલે જડવાની સુવિધા છે એમાં. અંધારું હોય કે અજવાળું હોય પણ ઈ ચમક આપે છે એટલે હીરો ખોવાણો હોય તો જડવાની સગવડ છે એમાં કે એની ચમકથી પકડાય. કોઈ એવી કિંમતી ચીજ ચમકવાળી ન હોય તો ખોવાઈ ગયા પછી મળવી મુશ્કેલ પડે. ત્યારે આ જ્ઞાન પોતે પ્રકાશસ્વરૂપ છે, એનું તેજ પ્રગટ છે, જ્ઞાનનું તેજ પ્રગટ છે એટલે એમ કહે છે કે તું અંતર અવલોકનમાં તારા સ્વભાવની ખોજ કર. તારા સ્વરૂપની ખોજ કર. તને જ્ઞાન જણાય છે કે વિચારાય છે? તને દુઃખ થાય છે તો તને દુઃખ જણાય છે, અનુભવાય છે કે વિચારાય છે? તને સુખ થયું ત્યારે સુખ તે વિચાર્યું કે અનુભવ્યું? તો કહે કે અનુભવ્યું. તો જ્ઞાન સુખસ્વરૂપ છે અને અનુભવનો વિષય છે. જ્ઞાન વિચારનો વિષય નથી. તે એને વિચારના વિષયમાં અત્યાર સુધી રાખ્યું છે એટલે વિચારની કક્ષાને ઓળંગીને આગળ વધી શકતો નથી. એટલે કે છતી ચીજને તે અણછતી કરીને રાખી છે. 'દીપચંદજી કાસલીવાલ'ની 'અનુભવ પ્રકાશ'ની આ ભાષા છે, કે છતી ચીજને તે અણછતી કરી છે. જ્યાં સુધી તને તે દેખાય નહિ ત્યાં સુધી તું એને ગોત અને તે તારા જ્ઞાનમાં જ ગોત. જે જગ્યાએ હીરો ખોવાણો છે ત્યાં ગોતવાનો છે. ઘરમાં પડી ગયો હોય તો આંગણે જઈને વાળવાની જરૂર નથી. ત્યાંથી ધૂળ ભેગી કરીને જોઈએ કે એમાં છે કે નહિ? ઘરમાં ને ઘરમાં પડી ગયો છે અને ઘરમાં ને ઘરમાં ગોતવાનો છે.

એક દૃષ્ટિકોણ અહીંયાં અંગીકાર કરવાનો છે કે મારે જ્ઞાનને જોવું છે એટલું જ નહિ જ્ઞાનને એના સ્વભાવ સ્વરૂપે જોવું છે, સ્વભાવરૂપે જોવું છે. દેખાતું નથી એ વાત ચોક્કસ છે. જ્ઞાનીને દેખાય છે એટલે એમ કહે છે કે દેખાય છે. (તને) દેખાતું નથી એ વાત જ્ઞાની પણ સમજે છે અને એમને ખબર છે કે શું કરવા દેખાતું નથી. કે તે દેખવા જનારને આવરણ છે. શેનું આવરણ છે? કે અનુભૂતિનું આવરણ છે. 'પંચાધ્યાયી'માં એને અનુભૂત્યાવરણ કહ્યું છે. કેવું નામ આપ્યું છે? અનુભૂત્યાવરણ. એવી કોઈ પ્રકૃતિ નથી. જ્ઞાનાવરણની પ્રકૃતિ છે, દર્શનાવરણની પ્રકૃતિ છે, મોહનીયની પ્રકૃતિ છે પણ એ મોહનીયમાં જે દર્શનમોહ છે તે અનુભૂત્યાવરણ છે. દર્શનમોહનું બીજું નામ શું? અનુભૂત્યાવરણ છે. એ બહુ ઓછાને ખબર છે અને એ શબ્દનો પ્રયોગ 'પંચાધ્યાયી' સિવાય કોઈ શાસ્ત્રમાં જોવામાં નથી આવ્યો. બહુ મહાન શાસ્ત્ર છે દિગંબર સાહિત્યનું. લગભગ ૧૭૦૦-૧૮૦૦ શ્લોક છે, ગાથાઓ છે. ઘણો સૂક્ષ્મ વિષય ચર્ચ્યો

છે એમણે. દ્રવ્યાનુયોગ પણ એવો ચર્ચ્યો છે અને અધ્યાત્મની પણ એવી જ ચર્ચાઓ કરી છે.

આ જીવને અનુભવ કરવામાં એક આવરણ છે. એ ક્યાંથી ઊભું થયું હવે? આ તો એનું root cause ગોતવું પડે, નિદાન કરવું પડે એ રોગનું કેમકે એ એક રોગ છે. કે તું જે પરતત્ત્વનો અનુભવ કરે છો કે જે થઈ શકતો નથી - મને ઠંડું લાગ્યું, મને ગરમ લાગ્યું, મને દુઃખાવો થયો, મને શાતા રહી, મને ખારું લાગ્યું, ખાટું લાગ્યું, ગળ્યું લાગ્યું, કડવું લાગ્યું, - એવું જે પરવેદન છે એનાથી આ આવરણ ઊભું થયું છે. એ પરવેદનમાં એકાકાર થવાને લીધે, એ પરવેદનને શ્રદ્ધાએ, જ્ઞાને પોતાપણે સ્વીકાર્યું હોવાને લીધે અને એ સ્વીકારથી એકાકારતા થઈ હોવાને લીધે. તને પોતાને તારા જ્ઞાનના વેદનનું આવરણ આવે છે. આવરણ ઊભું થાય છે કે જે તને તારા જ્ઞાનવેદનને ગ્રહણ કરી શકવા દેતું નથી, પ્રગટ હોવા છતાં દેખાવા દેતું નથી. નહિતર જ્ઞાનીની સીધી આજ્ઞા છે કે તું જો! વિચાર એમ નહિ, કે તું જો! જે તારા આત્મપ્રદેશો છે એમાં સમયે સમયે જ્ઞાનોપયોગ સ્ફુરાયમાન થઈ રહ્યો છે અને એ જ્ઞાનલક્ષણથી તારો આત્મા જ સ્ફુરાયમાન થઈ રહ્યો છે. (શ્રીમદ્ રાજચંદ્ર) ૯૧૩ પત્રમાં. 'જ્ઞાન લક્ષણે સનાતન સ્ફુરિત એવો આત્મા.' સનાતન એટલે ત્રણે કાળે સ્ફુરાયમાન થઈ રહ્યો છે. 'કૃપાળુદેવે' ૯૧૩ પત્રમાં એ વાત લીધી. કેમકે વેદનાનો વિષય ચાલ્યો છેને! અશાતા વેદનીયનો. એ પ્રગટ વેદન હોવા છતાં આવરણને લઈને ગ્રહણ થતું નથી. જ્ઞાની ભલે આજ્ઞા કરે કે તું જો! તું જો! પણ આવરણ આડું છે એટલે દેખાતું નથી. હવે એ આવરણ ક્યારે ખસે? કે જે જે પરવેદનના પ્રસંગો ઉદયમાન થાય ત્યારે ભિન્નતાનો પ્રયોગ કરે તો. એ ભિન્નતાનો પ્રયોગ કરવા સુધી ન પહોંચ્યો હોય તો અવલોકનના પ્રયોગથી એની શરૂઆત કરે અને યથાર્થ અવલોકન તો પૂર્ણતાના લક્ષ અને ભાવના વિના આવશે નહિ. પૂર્ણતાનું લક્ષ વેદના વિના, પરિભ્રમણની ચિંતના વિના આવશે નહિ. એટલે એ બધા ક્રમથી આગળ વધેલો જીવ હોય, અંતર અવલોકનમાં આવેલો હોય, સારી રીતે અંતર અવલોકન ચાલ્યું હોય, અવલોકન કરતા-કરતા આવરણ એનું ઘટ્યું હોય. જેમ-જેમ આવરણ ઘટે તેમ-તેમ એનું અવલોકન સૂક્ષ્મ થતું જાય. અવલોકન સૂક્ષ્મ થાય એટલે આ સૂક્ષ્મ વેદન છે અથવા સૂક્ષ્મ સ્વભાવ છે એ ગ્રહણ થવાને યોગ્ય પરિસ્થિતિ ઊભી થાય. આમ એનો વ્યવસ્થિત કાર્યપદ્ધતિનો આ પ્રકાર અને આ રીત છે.

એટલે કહે છે કે જ્ઞાન લક્ષણ દેખાય છે, અમને તો જ્ઞાન લક્ષણ દેખાય છે. તારે પણ દેખવાનું છે. વિચાર...વિચાર...વિચાર કરીને તો ઘણો વિચાર કર્યો તે હવે

એ વાતથી તું આગળ ચાલ. વિચારની ભૂમિકાથી તો તું આગળ ચાલ હવે અને જોવાના, અવલોકનના stageમાં તારું કામ શરું કર. કેટલો આત્મા છે? **'આ જ્ઞાનલક્ષણ દેખાય છે તેટલો આત્મા છે. જ્ઞાન સિવાયનું બધું વિભાવ અને પર છે.'** કોઈ વિભાવ છે ને કોઈ પર છે એટલું આ જ્ઞાન સામાન્ય છે જે વેદનભૂત લક્ષણે છે, વેદન સ્વરૂપે છે એટલો જ આત્મા છે ને એવો જ આત્મા છે. એટલો જ સત્ય આત્મા છે, એટલો જ કલ્યાણ સ્વરૂપ આત્મા છે અને એટલો જ અનુભવનીય, અનુભવને યોગ્ય એવો આત્મા છે. આ ત્રણ બોલ નિર્જરા અધિકારની ૨૦૬ ગાથાની ટીકામાં ત્યાં ચાલ્યા છે. નિર્જરા અધિકાર એટલે જ્ઞાનદશા સમજાવવા માટેનો અધિકાર. જ્ઞાનીનું સ્વરૂપ સમજાવવા માટેનો અધિકાર. એ નિર્જરા અધિકાર છે. એ એમકે અવિરત સમ્યક્‌દૃષ્ટિ હોવા છતાં પણ એની અંતરમાં સ્થિતિ આવી છે. એટલે ઘણી વાતો... એમણે બહુ વિસ્તારથી અધિકાર લખ્યો છે.

એ **'જ્ઞાન સિવાયનું બધું વિભાવ અને પર છે. જે આ જ્ઞાનલક્ષણ દેખાય છે...'** પાછું દેખાય છે ફરીને લીધું. **'જે આ જ્ઞાનલક્ષણ દેખાય છે તે જ્ઞાનલક્ષણથી તું આત્માને ઓળખી લે.'** એવું જ સ્વરૂપ છે, એવો જ આત્મા છે એને તું ઓળખી લે. પહેલું સ્ટેજ ભાવભાસનનું છે. જે અનુભૂતિનું કારણ છે. આત્માનુભવ-આત્મજ્ઞાન આત્માની ઓળખાણ વિના કોઈ રીતે થઈ શકે નહિ. subject to condition છે. શુદ્ધોપયોગની દશા આત્માની ઓળખાણપૂર્વક છે. આત્માની ઓળખાણ ન થઈ હોય તેને કોઈ દી' શુદ્ધોપયોગ આવે નહિ. એ ઓળખાણનો વિષય જ અન્યમતમાં નથી પછી અનુભૂતિ-અનુભૂતિ એ લોકો કૂટે છે વેદાંતમાં. અનિર્વચનીય અનુભૂતિ કેવી? અનિર્વચનીય અનુભૂતિ. શાતાનો-શાંતિનો અનુભવ થોડોક થાય. તો કહે અહીંયાં બ્રહ્મરંધ્રમાં શાંતિ...શાંતિ...શાંતિ લાગે છે. ચડી જાય કલ્પનાએ. પહેલા ઓળખાણ કેવી રીતે થાય? એ ઓળખાણ અવલોકનપૂર્વક ભેદજ્ઞાન શરૂ થાય ત્યારે એ ભેદજ્ઞાનના processમાં ઓળખાણ આવે છે. અને એવો અવલોકન અને એવો ભેદજ્ઞાનનો process સતપુરુષની ઓળખાણ વિના કોઈ દી' નથી, કોઈને નથી. તો ઓળખાણનું chapter લઈએ તો સ્વભાવની ઓળખાણ સતપુરુષની ઓળખાણ વિના કદી નથી. એટલે 'કૃપાળુદેવે' ૭૫૧માં એ view pointથી પત્ર લખ્યો. એ આખા 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નો અર્ક કાઢીને મૂક્યો ૭૫૧ પત્રમાં. આત્મસિદ્ધિ વાંચ્યા પછી સોભાગભાઈને જે પ્રશ્ન ઊઠ્યો એ પ્રશ્ન કેટલાને ઊઠ્યો? એ જો પોતે વિચારે તો પછી ખબર પડે કે આપણા અને સોભાગભાઈમાં શું ફેર છે? એમને પ્રશ્ન ઊઠ્યો કે આપની આત્મસિદ્ધિ વાંચી, મારું ધ્યાન તો સમકિત ઉપર છે (અને) આત્મસિદ્ધિમાં તમે મને સમકિત પમાડવા માંગો છો એટલે સ્વાભાવિક છે કે

તમે સમકિતની વાતો લખી જ છે, લખી હોય અને લખી છે. પણ આપે તો સમકિતના અનેક પ્રકારો લખ્યા છે. 'સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ, સમકિત તેને ભાખ્યું, કારણ ગણી પ્રત્યક્ષ.' તો આ સમકિત વળી કેવું? આવી બધી સમકિતની વાતો છે તો કૃપા કરીને કાંઈક ચોખવટ કરો. હજી એમાં કાંઈ અમને સીધી સળ સૂઝે એવું નથી. એટલે (૭૫૧ પત્રમાં) વ્યવસ્થિત ત્રણ સમકિત લખ્યા એમણે. સ્વરૂપની ઓળખાણ થાય તો એને સત્પુરુષના વચનની પ્રતીતિ આવે, એની આજ્ઞારુચિ ઉત્પન્ન થાય અને સ્વચ્છંદ નિરોધ ભક્તિ ઉત્પન્ન થાય, ત્યારે એ જીવ સ્વભાવને ઓળખવાને લાયક બને એટલે એનું અવલોકન અને ભેદજ્ઞાન ત્યારપછી યોગ્ય હોય, યથાર્થ હોય કે જે સ્વભાવને ઓળખવાનું કાર્ય કરી શકે. એ સ્વભાવને ઓળખ્યા પછી જે સ્વભાવનો મહિમા અંદરથી ઊછળી-ઊછળીને, ઊમટીને આવે, સમાય નહિ પર્યાયમાં એવો આવે. કેવો આવે? આવે પર્યાયમાં પણ સમાય નહિ એવો આવે. ઘટ અંતર ન સમાયે, ફાટમફાટ આવે, એ મહિમાનો એક તબક્કો તે સમ્યગ્દર્શન છે. એ આપણે સમ્યક્‌ત્વના આર્ટિકલમાં એ વાત લીધી છે. સ્વરૂપ મહિમાનો એક પર્યાય તે પોતે જ સમ્યક્‌દર્શન છે. એક ડિગ્રીએ વધી વધીને કોઈ એક ડિગ્રીએ પહોંચેલો સ્વરૂપ મહિમા તે જ પરમાર્થ નિર્વિકલ્પ સમ્યક્‌દર્શન છે.

એટલે **'જે આ જ્ઞાનલક્ષણ દેખાય છે તે જ્ઞાનલક્ષણથી તું આત્માને ઓળખી લે. જે જ્ઞાનલક્ષણ દેખાય છે તેટલો આત્મા છે.'** અને તેવો જ આત્મા છે. આ તને અમારા હૃદયની વાત ખુલ્લી કરીને બતાવી છે. આ જ્ઞાનીઓનું હૃદય છે અને બાર અંગનું આ top secret - ગુપ્ત રહસ્ય છે કે સ્વાનુભવ આ રીતે થાય. જ્ઞાન છે તે.. જેટલું આ જ્ઞાન છે એટલો જ આત્મા છે અને જેવું આ જ્ઞાન છે એવો જ આત્મા છે. હવે તું પકડવાનો પ્રયત્નવાન થા! યથાર્થ વિધિએ એને ગ્રહણ કરવાનો તું પ્રયત્નવાન થા! લક્ષ્ય, લક્ષણ એક જ છે અને અભેદ છે. હવે એ જ્ઞાન લક્ષણ પર્યાયમાં છે અને મારે તો સ્વભાવને ગ્રહણ કરવો છે. આ વચ્ચે પર્યાય ક્યાં આવી? આવું જે તારું ભેદનું જાણપણું છે એવી ગડબડ વચ્ચે લાવીશ નહિ. લક્ષ્ય, લક્ષણ અભેદ છે. એક પ્રશ્ન ચાલ્યો છે અમૃતચંદ્રાચાર્યે આ વિષય ક્યાંય ટીકામાં ન ચર્ચ્યો અથવા ચર્ચવાનો કોઈ વિકલ્પ ન આવ્યો તો પરિશિષ્ટમાં ચર્ચ્યો, એ એમ કે આમાં લક્ષણ અને લક્ષ્ય એમ બે શબ્દો તો તમે વાપરો જ છો. બે શબ્દો વાચક છે એનું વાચ્ય પણ બે જ થાય. આ વાત અમને મૂંઝવે છે, વાત અમને મૂંઝવે છે. તો કે ભલે અમે સમજાવવા માટે બે શબ્દોનો પ્રયોગ કર્યો પણ લક્ષ્ય, લક્ષણ અભેદ છે. તો કે લક્ષ્ય, લક્ષણ અભેદ છે એમ આપ કહો છો પણ અમારે એ કેવી રીતે પકડવું અને

સમજવું એ કહો સાથે-સાથે. અભેદ કીધું એ આપ કહો એટલે માનવું જોઈએ અમારે, એટલી તો અમે હિંમત ન કરીએ નહિ માનવાની. પણ સમજીને માનીએ તો કામનું છે નહિતર તો હા માં હા મેળવવાનો કાંઈ અર્થ નથી, નિરર્થક છે. તો કહે, દ્રવ્યપણે અભેદ છે. શું જવાબ દીધો? દ્રવ્યપણે અભેદ છે. દ્રવ્યપણે અભેદ છે એટલે શું? કે પર્યાય છે એ દ્રવ્યનું અંગ છે. પર્યાય લક્ષણ છેને! પર્યાયમાં લક્ષણ છેને ઉપયોગમાં! તો કે એ દ્રવ્યનું અંગ છે, તો દ્રવ્યના અંગને તું દ્રવ્યરૂપે જોને! દ્રવ્યનું અંગ ખરું કે નહિ? તો કહે ખરું. તો એને તું દ્રવ્યપણે જો! અથવા તો આ નય જ્ઞાન અહીંયાં કામ આવે છે. પર્યાયને દ્રવ્યપણે પણ જોઈ શકાય, ગુણને પણ દ્રવ્યપણે જોઈ શકાય ને દ્રવ્યને પણ દ્રવ્યપણે જોઈ શકાય. દ્રવ્યને દ્રવ્યપણે પણ જોઈ શકાય, દ્રવ્યને ગુણપણે પણ જોઈ શકાય, અને દ્રવ્યને પર્યાયપણે પણ જોઈ શકાય. અને ગુણને હવે ગુણપણે પણ જોવાય, ગુણને દ્રવ્યપણે પણ જોવાય અને ગુણને પર્યાયપણે પણ જોવાય. જોવાનો દૃષ્ટિકોણ આપણી પાસે હોવો જોઈએ. એ પણ એ જોવાની, સમજાવવાની વાતને વિવિક્ષા કહે છે અને એ 'વિવિક્ષા છત્રીસી'નો આર્ટિકલ આપણે 'તત્ત્વાનુશીલન'માં આવી ગયો. રાંધ્યું તો ઘણુંય છે. રસોઈ તો જુદી-જુદી રીતે તૈયાર કરી છે. તો એ જે દ્રવ્ય-ગુણ-પર્યાયના નવ ભેદ જોવાના છે એ સમજાવવામાં એને વિવિક્ષા કહે છે.

વિવિક્ષા એટલે કહેવા ધારેલી વાત, પણ આપણે તો એને પરિણમનમાં લેવાની છે કે એને જોવું કેવી રીતે? તો એક દૃષ્ટાંત લઈએ કે એક વૃક્ષ છે એને મૂળ છે, થડ છે, ડાળીઓ છે, પાંદડાં છે, પુષ્પો છે અને ફળ છે. એ બધું થઈને આખું એક વૃક્ષ છે. ફરીથી, મૂળ, થડ, ડાળીઓ, પાંદડાં, પુષ્પ અને ફળ, એક વૃક્ષની અંદર આટલા અંગો ઉત્પન્ન થાય છે. બધું થઈને એક ઝાડ છે. હવે એ વૃક્ષત્વ બધામાં છે કે નહિ? ડાળીમાં વૃક્ષપણું ખરું કે નહિ? મૂળમાં વૃક્ષપણું ખરું કે નહિ? થડમાં વૃક્ષપણું ખરું કે નહિ? પાંદડાંમાં વૃક્ષપણું ખરું કે નહિ? કે હા! છે. કેમકે બધું થઈને વૃક્ષ છે તો એને ડાળીરૂપે નહિ જોતાં, વૃક્ષપણે જુઓ એમ કહે છે. એમ પર્યાયને પર્યાયરૂપે નહિ જોતાં દ્રવ્યપણે જુઓ. દ્રવ્યપણે અભેદ છે. એવો જવાબ આપ્યો છે. તો કહે વાત તો બરાબર સમજાણી. પણ અમારે તો પરિણમનમાં ઉતારવાની છે, સમજાણી તો વિચારનો વિષય થયો, વિચારમાં સમજાણી. હવે પ્રાપ્તિ કેવી રીતે? પરિણમનમાં તો પ્રાપ્તિ થાય. પરિશિષ્ટમાં બહુ સરસ ચર્ચા ચાલી છે. ઊંડાં ઊતરવા જેવી ચર્ચા ચાલી છે. કે પ્રાપ્તિ કેવી રીતે? તો કે જો એ પણ તને કહી દઈએ કે '**ज्ञानमात्रस्य**' એટલે માત્ર જ્ઞાન એટલે સામાન્ય જ્ઞાન, એ જ્ઞાનમાત્રની એટલે કે સ્વભાવની, આત્માની. '**स्वसंवेदन सिद्धत्वात।**' '**ज्ञानमात्रस्य स्वसंवेदन सिद्धत्वात।**' સ્વસંવેદનથી એની સિદ્ધિ

એટલે પ્રાપ્તિ છે. આ રીતે એની પ્રાપ્તિ છે. અને એ તો પોતે જ્ઞાનમાત્ર વેદનરૂપે છે. વેદનમાં સ્વપણું, સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા છે. 'ગુરુદેવે' સાદી ભાષામાં 'પરમાગમસાર'માં ૭૩૩માં એ વાત કરી. અને એ બોલ 'અનુભવ પ્રકાશ'ના પ્રવચનોમાંથી ખેંચાણો છે. ક્યાંથી? 'અનુભવ પ્રકાશ'ના પ્રવચનોમાંથી. એટલે વેદન બધાને છે પણ સ્વપણું અન્ય સ્થાનમાં, અન્ય ભાવમાં હોવાથી તે વેદન સ્વસંવેદનરૂપે અનુભવગોચર થતું નથી અને પરવેદન થયા કરે છે, એ પરવેદન પોતાના સ્વસંવેદનને અવરોધ કરનારું, રોકનારું આ એક જ સ્પષ્ટ કારણ છે. એ જ આવરણ કરે છે, રોકે છે એટલે આવરણ કરે છે એટલે **'લક્ષ્ય-લક્ષણ એક જ છે-અભેદ છે. તેને ગ્રહણ કર.'** ગ્રહણ કરવાની યોગ્યતામાં આવીને યોગ્યતા પ્રાપ્ત કરીને એને તું ગ્રહણ કર. **'તું જ્ઞાયકને ગ્રહણ કરી લે.'** ઠીક! પ્રેરણા આપે છે, **'તું જ્ઞાયકને ગ્રહણ કરી લે.'** ગ્રહણ કરવાની ભાવનામાં આવ. ભાવનામાં આવીશ એટલે બધું શરૂ થશે તારું. ક્રમ શરૂ નથી થતો એનો અર્થ એ તને અંતરથી ખરી ભાવના હજી આવી નથી. ચોખ્ખી વાત છે, સ્વીકાર આવે કે ન આવે. પોતે સ્વીકાર કરીને બોલે કે ન બોલે હકીકત આ સ્પષ્ટ છે કે તું વેદનામાં આવતો નથી તો તને ભાવના થઈ નથી. ભાવના થાય અને એ ભાવના સાર્થક થતી ન દેખાય તો અંદરથી વેદના ઊપડ્યા વિના રહે નહિ, અરે! ઘરમાં ધાર્યું ન થતું હોય કે સંસ્થામાં ધાર્યું ન થતું હોય, સર્કલમાં ધાર્યું ન થતું હોય, ધંધામાં ધાર્યું ન રહેતું હોય તો ત્યાં તાતો-ઉનો કેમ થાય છે? થઈ જાય છે કે નહિ? એમ અહીંયાં ભાવનામાં ધાર્યું ન થાય તો એનું કાંઈ થાય નહિ? અરે! થયા વગર રહે નહિ. એ તો વસ્તુ સ્વભાવ છે, થઈ જ જાય. કરવું ન પડે પણ થઈ જ જાય. ભાવનાના મુદ્દાને-પ્રકરણને એ રીતે બરાબર સમજે તો બધું ઑટોમેટિક છે. પછી આગળની વાત બધી ઑટોમેટિક છે. પ્રશ્ન સારો ચાલ્યો છે. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૩૫) :- **આ વચનામૃતમાં જ્ઞાયક સ્વભાવને ગ્રહણ કરવાની વિધિ અને પ્રેરણા છે. વેદનભૂત સામાન્યજ્ઞાન - તે રૂપ લક્ષણ દ્વારા લક્ષ્ય-લક્ષણની અભેદતા સાધીને સ્વરૂપ ગ્રહણ કરવાનું અહીં વિધાન છે. મુમુક્ષુજીવે તથા પ્રકારની યોગ્યતા સંપન્ન થઈને આ પ્રકારે - દેખત જ્ઞાન લક્ષણ દ્વારા આત્માને ઓળખવાનો પુરુષાર્થ કર્તવ્ય છે.**

પ્રશ્ન :- આ સિદ્ધાન્તથી આચાર્યદેવને જ્ઞાયક ગ્રહણ કરાવવાનો હેતુ છે?

સમાધાન :- હા, જ્ઞાયકને ગ્રહણ કરાવવો છે. જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે. બાકી જે દેખાય છે તે બધો વિભાવ છે. એક જ્ઞાનલક્ષણ આત્માને તું ઓળખી લે, એક જ્ઞાયકને ઓળખી લે. તેના ઉપર દૃષ્ટિ કર. ગુણ-ગુણી અભેદ છે તેના ઉપર દૃષ્ટિ સ્થાપી દે, તેમાં સંતોષ કર, તેમાં રુચિ કર, તેનાથી તૃપ્ત થા, તેમાં જ સર્વસ્વ છે, બહાર કંઈ નથી. તેના ઉપર દૃષ્ટિ સ્થાપીને તેનું જ્ઞાન કર, તેની પરિણતિ કર, તેમાંથી સંતોષ મળશે, તેમાંથી તૃપ્તિ આવશે ને તેમાંથી જ અપૂર્વ સુખ પ્રગટ થશે. ભગવાન-સ્વરૂપ આત્મામાં જ બધું ભરેલું છે.-જ્ઞાયકમાં જ બધું ભર્યું પડ્યું છે.

કોઈને એમ થાય કે એકલા જ્ઞાનમાં શું છે? જ્ઞાનમાંથી શું મળવાનું છે? પણ તે જ્ઞાનમાં અનંત-અનંત ભરેલું છે. જેટલું આ જ્ઞાન છે તેટલો આત્મા છે તેને તું ગ્રહણ કર. ૨૩૬.

તા. ૨૪-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૬
પ્રવચન નં. ૧૭૯

સ્વાનુભૂતિદર્શન. ૧૪૪-પાનું. પ્રશ્ન-૨૩૬. '**આ સિદ્ધાન્તથી આચાર્યદેવને જ્ઞાયક ગ્રહણ કરાવવાનો હેતુ છે?**' ઉપર જે પ્રશ્ન ચાલ્યો ૨૩૫માં કે '**જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે...**' જેટલું સામાન્યજ્ઞાન વેદનરૂપ છે એ સ્વપણે વેદાય તો એટલો જ આત્મા છે. એમાં ત્રિકાળી આત્માનું જ્ઞાન આવી જાય છે. તો એ વખતે એવું કહેવા પાછળ આચાર્ય મહારાજનો હેતુ જ્ઞાયકને ગ્રહણ કરવો એટલે પોતાના સ્વરૂપને ગ્રહણ કરાવવાનો હેતુ છેને? એમ પ્રશ્ન કર્યો છે.

'**સમાધાન :- હા,..**' કેમકે એ એક જ રીત છે. રીત તો એક જ છે કે જ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવમાં લીન થવું. કે '**હા, જ્ઞાયકને ગ્રહણ કરાવવો છે.**' ગ્રહણ કરાવવો કહો, લીન થવું કહો, અનુભવ કરાવવો કહો, એક જ છે. '**જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે. બાકી જે દેખાય છે તે બધો વિભાવ છે.**' તો કહે પણ બાકી તો જ્ઞેયાકાર જ્ઞાન તો દેખાય છે. એ પણ જ્ઞાનનું અંગ છે. તો કહે એ જ્ઞેયોને અવલંબતું હોવાથી વિભાવિક જ્ઞાન છે.

જ્ઞેયની સન્મુખ તેટલો અંશ હોવાથી તે વિભાવજ્ઞાન છે. પરસત્તાવલંબી હોવાથી તે આત્માને સાધતું નથી. આત્માને નહિ સાધતું થકું તે બંધને સાધે છે. વિભાવ કોને સાધે છે? બંધને સાધે છે. તો પછી રાગ છે એ તો બંધને સાધે જ છે એ સમજાવવાની જરૂર રહેતી નથી. એટલે એમ કહ્યું કે જેટલું આ જ્ઞાન છે તેટલો આ આત્મા છે, એ સિવાયનું બાકી જે કાંઈ છે તે બધો વિભાવ છે. ભાવો પોતાના હોવાથી એ વિભાવ છે. એ આત્માનું સ્વભાવભૂત તત્ત્વ એમાં ક્યાંય નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમાં જે દેખાય છે એ શબ્દ પ્રયોગ કર્યો છે.. જ્ઞાન છે અને દેખાય છે એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- જે (ત્યાં) જ્ઞાન લક્ષણ દેખાય છે એ સ્વપણે દેખાય છે. અહીંયાં જે વિભાવ દેખાય છે એ સ્વભાવપણે દેખાતા નથી પણ વિભાવપણે, પરપણે દેખાય છે. એટલે એ પરના ખાતામાં ખતવાય છે અને જ્ઞાનસામાન્યમાં પોતાના ખાતામાં ખતવણી થાય છે. એમ બે વાત વિરુદ્ધ છે. દેખાવા-દેખાવામાં બે વાત વિરુદ્ધ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુને આ કેવી રીતે લાગે? અમને તો નથી લાગતું કે આ?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુને પહેલા અવલોકનમાં આવવું પડે પછી લાગે. અને અવલોકનથી આગળ ચાલ્યો હોય તો એને લાગે. ભેદજ્ઞાનના સ્ટેજમાં ચાલ્યો હોય તો એને લાગે. પણ જે વેદનામાં પણ ન આવ્યો હોય તો ક્યાંથી લાગે? તો ન લાગે.

'**એક જ્ઞાનલક્ષણ આત્માને તું ઓળખી લે,...**' જ્ઞાનલક્ષણ આત્મા એટલે જ્ઞાનલક્ષણવાળા આત્માને ઓળખી લે. પહેલા તું એને ઓળખી લે. એવા જ્ઞાયકને એટલે પોતાના સ્વરૂપને તું ઓળખી લે. પહેલું સ્ટેજ ઓળખવાનું છે. ઓળખ્યા પછી તારી દૃષ્ટિ ફરી જશે. તું ઓળખી લે! '**તેના ઉપર દૃષ્ટિ કર.**' દૃષ્ટિ કર એટલે પછી તારી દૃષ્ટિ ફરી જશે. પછી દૃષ્ટિ રાગ ઉપર, પર્યાય ઉપર કે પર ઉપર દૃષ્ટિ નહિ રહે. તારી દૃષ્ટિ તારા સ્વરૂપ ઉપર જ રહેશે. બીજે નહિ રહે.

'**ગુણ-ગુણી અભેદ છે તેના ઉપર દૃષ્ટિ સ્થાપી દે,...**' ગુણગુણી અભેદ છે એના ઉપર તું દૃષ્ટિ સ્થાપી દે. સ્થાપી દે એટલે પોતાપણે દૃષ્ટિથી શ્રદ્ધામાં એનો સ્વીકાર કરી લે. શું કહે છે? '**ગુણ-ગુણી અભેદ છે તેના ઉપર દૃષ્ટિ સ્થાપી દે, તેમાં સંતોષ કર, તેમાં રુચિ કર,...**' તેમાં સંતોષ કર અને તેમાં રુચિ કર '**તેનાથી તૃપ્ત થા.**' આ ૨૦૬ ગાથામાં આ ત્રણ બોલ છે પછી. એટલો જ આ સત્ય આત્મા છે, જેટલું આ જ્ઞાન છે. તેનાથી તું સંતુષ્ટ થા કે મને બધું મારું સર્વસ્વ મળી ગયું.

પછી એટલો જ સત્ય અનુભવનીય આત્મા છે. અનુભવવા યોગ્ય આત્મા છે. અથવા એટલું જ સત્ય કલ્યાણ છે એમ લીધું છે. તો તારા કલ્યાણની તું રુચિ કર

કેમકે તને એની જરૂર છે અને એટલો સત્ય અનુભવવા યોગ્ય, અનુભવનીય આત્મા છે એમ સ્વરૂપને અનુભવીને તું તૃપ્ત-તૃપ્ત થા. તારી શાંતિથી તું તૃપ્ત-તૃપ્ત થા. તને તૃપ્તિ થશે જ. અને એ ત્રણે પ્રકારના પરિણમન થતાં તને કોઈ વચનાતીત આનંદનો અનુભવ થશે. અને એ વચનાતીત આનંદનો અનુભવ થતાં તારે કોઈને પૂછવું નહિ પડે કે મને મારો ભગવાન મળી ગયો. એવી રીતે એ ગાથાની ટીકા ચાલી છે. 'મા અન્યાન પ્રાક્ષી.' હવે તું બીજાને પૂછીશ નહિ. સંસ્કૃતમાં એવા શબ્દો પડ્યા છે. 'મા અન્યાન પ્રાક્ષી.' અન્યને તું મા એટલે નહિ, પ્રાક્ષી એટલે પૂછીશ નહિ. પછી તારી એવી દશા થશે કે તારે બીજાને પૂછવું પડશે નહિ. મને આ શું થયું? એ તારે પૂછવું નહિ પડે.

જે જીવોને એવો સ્વરૂપનો સાક્ષાત્કાર નથી થતો અને મંદકષાયની શાંતિ થાય છે એને ઊંડે-ઊંડે શંકા રહે છે, એટલે એવા જીવો બીજે પૂછે છે કે અમે ધ્યાનમાં બેસીએ છીએ ત્યારે અમને આવો અનુભવ થાય છે તો એને આત્માનો અનુભવ ગણાય કે ન ગણાય? કહેવાય કે ન કહેવાય? તો કહે તું પૂછે છે એ બતાવે છે કે એ આત્માનો અનુભવ નહોતો. પેલાને પૂછવું પડે નહિ. તિર્યંચ હોય તોપણ ન પૂછવું પડે. ઓછામાં ઓછો ઉઘાડવાળો હોય અને શાસ્ત્રજ્ઞાન ન હોય તોપણ એને પૂછવું પડે નહિ.

સાક્ષાત્ અનુભવમાં વાત જ ક્યાં રહી બીજી? પેલાને શું છે? અહીંયાં-મનમાં શાંતિ થઈ હોય છે, માનસિક શાંતિ છેને? મન અહીંયાં છે. એટલે એને અહીંથી શાંતિ લાગતી હોય, પછી સાક્ષાત્કાર તો છે નહિ એટલે નિઃશંક હોઈ શકે નહિ, નિઃશંક રહી શકે નહિ. અને જે વચનાતીત આનંદ છે, આખો જે ચૈતન્ય પિંડ છે એના પ્રદેશે-પ્રદેશે ઉપયોગ પ્રસરી જાય છે, આનંદ પણ પ્રદેશે-પ્રદેશેથી વેદાય છે. એટલે જ્ઞાન અને આનંદના દીવડા સર્વપ્રદેશે પ્રગટ્યા હોય એને પૂછવાનું ક્યાં રહે કે મને જ્ઞાન થયું કે નહિ? આનંદ થયો કે નહિ? પ્રદેશે-પ્રદેશેથી થયો છે.

જે આત્મશાંતિને, જે આત્માના આનંદને પહેલા એના સર્વ પ્રદેશો ઈચ્છતા હતા, એની એને જરૂરિયાત લાગી હતી, સર્વપ્રદેશેથી જરૂરિયાત લાગી હતી. ખાલી એકલા મનોરંજનથી જરૂરિયાત નહોતી લાગી કે મારે મનને મનોરંજનમાં રાખવું છે, મનને રાજી કરવું છે એવું નથી. આખા આત્માને એણે રાજી કરવો હતો અને થયો. પછી ક્યાં સવાલ છે? મોઢામાં સાકરનો ગાંગડો હોય પછી ફેર પડે? કે નહિ. એમ પ્રથમ સ્વાનુભવ છે એ ગૂંગાનો ગોળ છે. ભલે એ ન કહી શકે. અનુભવી છે એ તો બરાબર વાત છે.

'તેમાં સંતોષ કર, તેમાં રુચિ કર, તેનાથી તૃપ્ત થા. તેમાં જ સર્વસ્વ છે, બહાર

કંઈ નથી.' એ જ પોતાનું સર્વસ્વ છે. સ્વરૂપને અનુભવથી પ્રાપ્ત કર્યું બસ! એણે સર્વસ્વને પ્રાપ્ત કર્યું. હવે કાંઈ એને માટે બહાર છે નહિ. જગત એના માટે સડેલા તરણા જેવું છે, કે મરેલા મીંદડાં જેવું છે. બહારનું જે આકર્ષણ છે એ તૂટી જવાનું કારણ છે કે પછી સડેલા તરણા જેવું છે કે મરેલા મીંદડાં જેવું છે. ઈન્દ્રનું ઈન્દ્રાસન હોય તોપણ. એમાં એને ક્યાંય સુખનો આભાસ થતો નથી. એ પરમાણુ છે એ પર્યાયે પરિણમ્યા છે, એમાં આ આત્માને શું? આ આત્માને શું સંબંધ છે? કે 'નાસ્તિ સર્વો અપિ સંબંધ'. કોઈ સંબંધ નથી. કોઈ પરમાણુ સાથે તે કોઈપણ પર્યાય ધારણ કરીને પરિણમતા હોય તો એથી આ આત્માને કાંઈ સંબંધ નથી. એ સારા છે એ વાત પણ નથી અને એ ખરાબ છે એ વાત પણ નથી. જેવા છે એવા એ એનામાં છે અને મારું સર્વસ્વ મારામાં છે. એમાં સુખ, શાંતિ અને આનંદ બધું ભર્યું છે. પરમાત્મા સર્વગુણસંપન્ન છે! પરમાત્મા સર્વગુણસંપન્ન છે! સર્વાંગ સુંદર છે. એટલે હવે એને ક્યાંય પોતાનું સ્વરૂપ છોડીને બહાર જવાનું મન થાય એવું નથી.

બહેનશ્રીની ભાષા એવી હતી કે આત્મા પોતે પોતાના ચૈતન્યબાગમાં ક્રીડા કરે છે. જેમ કોઈ બગીચાની અંદર ચારેકોર ફુવારા અને ફુલઝાડ ને સુગંધ, ઠંડકને બધું એક સાથે હોય અને એ એમાં પડ્યા રહેતા હોય તો એને બળબળતા ઉનાળામાં બહાર જવું કાંઈ ગમે નહિ. એમ બહાર નીકળે ત્યાં બળબળતો ઉનાળો છે, સ્વરૂપની બહાર નીકળે ત્યાં બળબળતી વાત છે. ઉપયોગ બહાર નીકળ્યો કે ભઠ્ઠી જેવું દુઃખ લાગે. એવી અંદરની શાંતિ એવી છે! બહાર નીકળવાનો, પાણીથી બહાર નીકળે તો માછલી કેવી તરફડે! એવું ઉપયોગનું છે. એટલે ખેંચાઈ-ખેંચાઈને અંદરમાં આવે છે.

ઉપમાઓ તો બહુ સરસ-સરસ જ્ઞાનીઓએ આપી છે કે આત્મા તો શાંતરસનું સરોવર છે. આત્મા તો શાંતરસનું સરોવર છે! જોયું હતુંને આપણે? તમે નહોતા, અહીંયાં શિકાગોમાં તમે નહોતા બરાબર? શિકાગોમાં અમે એક દિવસ down townમાં ગયા હતા. મોટું ૧૧૦ માળનું બિલ્ડીંગ છેને એ જોવા લઈ ગયા હતા. તો પછી થોડુંક કહે ચાલો આપણે કાંઈક માર્કેટિંગ કરી લઈએ. અને કેસરને બદામને... ઈન્ડિયન સ્ટોર હતો એમના ઓળખીતાનો, ત્યાં જવાનું હતું. એણે ગાડી લેવડાવી સરોવરના કાંઠેથી. સરોવરના કાંઠે છે આખું શિકાગો શહેર જ છે. એવા એ બાજુ પાંચ મોટા-મહાન સરોવરો છે. કેવા? દરિયા જેવા. આમ તમે નજર નાખો એટલે સામે કાંઠો ન દેખાય. જેમ દરિયાનો કાંઠો ન દેખાય એમ સામે સરોવરનો કાંઠો ન દેખાય. છે સરોવર લાગે દરિયા જેવું. ત્રણે બાજુ. એક કાંઠે ઉભા રહીએ બાકીનો કોઈ કાંઠો ન દેખાય જેમ દરિયામાં ન દેખાય એવી રીતે. તો કહે છે અહીંયાં આત્મા શાંતરસનું સરોવર છે. કાંઠે

ઊભો રહ્યો હોય તોપણ ઠંડી હવા આવે, અંદર પડે એની વાત બીજી જ છે. પણ કાંઠે ઊભો રહે તોપણ એને શીતળ... શીતળ... શીતળ હવા આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ અસ્તિનો પુરુષાર્થ છેને? તો નાસ્તિનો પુરુષાર્થ પહેલા થાય પછી જ અસ્તિનો થાય એવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પહેલા નાસ્તિનો પુરુષાર્થ થાય કેમકે નાસ્તિમાં ઊભો છે. ત્યાં એમ ને એમ રહે અને અસ્તિનો પુરુષાર્થ કેવી રીતે થાય? બે જગ્યાએ તમે હાજરી આપી શકો? તમારી અહીંયાં પણ હાજરી હોય અને તમે નોકરી કરતા હોય ત્યાં પણ હાજરી હોય એવું બને? કે ન બને. એટલે કોર્ટમાં તો એની L.E.B. સાબિત કરે એટલે વાત પૂરી થઈ જાય છે. કે ભાઈ ફલાણો તમારા ઉપર આરોપ છે, આ જગ્યાએ આ ઘટના બની છે. બોલો તમારે શું કહેવું છે? એટલે પેલો માણસ કહે કે સાહેબ એ સમયે મારી હાજરી ફલાણા ક્ષેત્રમાં હતી, હું ફલાણી જગ્યાએ હતો. એનો આ પુરાવો છે. ત્યાં આટલા આટલા માણસો હતા, એ બધાને તમે પૂછી લ્યો કે હું ત્યાં હતો કે નહોતો? એ બતાવે છે કે હું આ જગ્યાએ નહોતો. માટે એ ઘટના સાથે મારે કાંઈ સંબંધ રહેતો નથી. એને અંગ્રેજી ભાષામાં L.E.B. કહે છે. L.E.B. સાબિત કરે એટલે વાત પૂરી થઈ ગઈ. એમ તમે નાસ્તિમાં ઊભા છો એટલે અસ્તિમાં ઊભા નથી. અને નાસ્તિમાં ઊભા રહીને અસ્તિમાં ઊભા રહેવા જવાનું તો બે વાત તો બનવાની નથી. બે જગ્યાએ તો તમારી મોજૂદગી રહે નહિ, હયાતી રહે નહિ, નાસ્તિથી ખસ્યા વગર અસ્તિમાં આવવું એ પ્રશ્ન જ નથી. એટલે તો પહેલા પરિભ્રમણના (કારણરૂપ) દોષથી નીકળવાની પહેલી ચર્ચા ચાલે છે. દોષમાં ઊભો છે, પરિભ્રમણના કારણમાં ઊભો છે. ત્યાંથી ખસવા માટે તો આ વેદના છે. ખસવા માટે તો.

એ ઘણાં ભૂલ કરે છે આવી. સમયસાર અને જ્ઞાયકની વાત સાંભળ્યા પછી નાસ્તિમાં ત્યાં ને ત્યાં હોય - રૂપિયાની પક્કડ, કુટુંબની પક્કડ, બૈરા-છોકરાની - બધી એમ ને એમ હોય અને હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું.. હું જ્ઞાયક છું... હું મહાન છું, મારામાં અનંતગુણ ભર્યા છે, હું અનંતગુણનો સાગર છું, હું આનંદનો સાગર છું, હું જ્ઞાનનો સાગર છું.

મુમુક્ષુ :- દેવ-શાસ્ત્ર-ગુરુ હેય છે.

પૂજ્ય ભાઈશ્રી :- દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર છે, મોક્ષપર્યાયની મારે જરૂર નથી. પણ તું નાસ્તિમાં ઊભો છો એનું શું? અને પાછું એવી વાત છે કે નાસ્તિના પરિણામ સ્થૂળ છે અને અસ્તિ સૂક્ષ્મ છે. હવે સ્થૂળની ખબર નથી અને સૂક્ષ્મમાં હું ઊભો છું એમ કહે છે!! આવું અંધારું ચાલે કાંઈ? મોટા આવડા આવડા અક્ષર દેખાય નહિ

(અને) હું ઝીણા અક્ષર વાંચી શકું છું - વાત ખોટી છે. બની શકે નહિ.

'**તેમાં જ સર્વસ્વ છે, બહાર કંઈ નથી.**' જુઓ કેવું લીધું છે! એટલે જ્ઞાનીને ઉદાસીનતા સહજ છે. બહાર કાંઈ નથી. અનંતવાર આ બધા સંયોગો આવ્યા અને ગયા. આથી ઉત્કૃષ્ટ પણ આવ્યા અને ગયા, આથી હીણા પણ આવ્યા અને ગયા - તું એમ ને એમ રહ્યો. તારામાં કાંઈ આવ્યું ગયું નહિ! હવે એ આવ્યા-ગયા સાથે તારી માથાફોડ છે એ તો સમજણ વગરની વાત છે, બીજું કાંઈ નથી. શેમાંથી સુખ આવે? ચાલો સાબિત કરો! કોઈ ચીજમાંથી સુખ આવે છે? નથી આવતું.

'**તેમાં જ સર્વસ્વ છે, બહાર કંઈ નથી. તેના ઉપર દૃષ્ટિ સ્થાપીને તેનું જ્ઞાન કર,...**' એ સર્વસ્વ પોતાનું સ્વરૂપ છે એના ઉપર દૃષ્ટિ સ્થાપીને. દૃષ્ટિ સ્થાપે ત્યારે શું થાય છે? અભેદતા સધાય છે. દૃષ્ટિ જેના ઉપર જાય ત્યાં અભેદતા સાધવાનો એનો ગુણ છે. એનું કામ જ એવું છે. રાગ ઉપર દૃષ્ટિ હોય, પર્યાય ઉપર દૃષ્ટિ હોય, પર ઉપર દૃષ્ટિ હોય એટલે ત્યાં બધે અભેદતા સાધી લે છે. ત્યાંથી ઉખાડીને નાસ્તિ છોડાવી. સ્વરૂપ જે સર્વસ્વ છે એના ઉપર દૃષ્ટિ આવી એટલે ત્યાં અભેદતા સધાય છે. પછી દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય બે ભેદ ત્યાં રહેતા નથી. ભાવે અભેદતા સધાય જાય છે. ભલે દ્રવ્ય દ્રવ્ય રહે છે, પર્યાય પર્યાય રહે છે, પણ એ તો જાણવાનો વિષય છે. એ અનુભવવાનો વિષય નથી. અનુભવ તો અભેદ અનુભવ રહે છે. સ્વરૂપ સાથે અભેદ અનુભવ રહે છે.

બહેનશ્રીએ જે અનુભવનું (લખાણ કર્યું છેને તે) વાંચ્યું હતુંને તે દિવસે (વાંચનકારે)? કે ચૈતન્ય ભગવાન પછી પોતાના સ્વરૂપ જ્ઞાન અને આનંદમાં રમતા હતા. પછી મારી પર્યાય ત્યાં જાતી હતી એમ ન લીધું, હું ત્યાં જાતો હતો એમ ન લીધું, હું રમતો હતો બસ! હું જ્ઞાન અને આનંદમાં રમતો હતો. એમ પછી 'હુંપણું' આવે છે. દૃષ્ટિ સ્થાપતા 'હુંપણું' સ્વરૂપમાં આવે છે અને સ્વરૂપ સિવાય ક્યાંય પછી 'હુંપણું' રહેતું નથી. એ હતું એ ઊઠી ગયું. ઊઠી ગયું. એ બધા અન્ય સ્થાનો હતા. અસ્થાન હતા આત્મા માટે અને પોતાનું સ્વરૂપ છે તે જ સ્વસ્થાન છે. એ સ્વસ્થાનમાં દૃષ્ટિ સ્થપાતા સ્વસ્થાનમાં હતો પણ નહોતા જેવું હતું, એ હવે આવ્યો એમ કહેવાણો. બાકી હતો તો ખરો જ.

મુમુક્ષુ :- વેદ્ય-વેદકભાવે ત્યાં વેદાય જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- પોતે પોતાને અભેદપણે વેદી લે છે.

'**તેના ઉપર દૃષ્ટિ સ્થાપીને તેનું જ્ઞાન કર, તેની પરિણતિ કર,...**' જુઓ! પરિણતિ ઉપર આવ્યા. આમ તો શું છે કે જ્યારે દૃષ્ટિ સ્થપાય છે, અભેદતા સધાય છે એ

સ્વરૂપના અપૂર્વ અત્યંત મહિમાના કારણે સ્થપાય છે. દૃષ્ટિ ક્યારે સ્વરૂપ ઉપર સ્થપાય છે? કે એની પૂર્વ પર્યાયોમાં સ્વરૂપની મહિમાનો ઘણો ઉછાળો હતો, અને અપૂર્વ અને અત્યંત મહિમાને લીધે એ દૃષ્ટિ એમાં અભેદપણે આવી ગઈ. અને સ્વરૂપરસ, ભલે એ પા-અડધી સેકન્ડ પણ સ્વરૂપરસ છે એ એટલો રેડાણો, એટલો રેડાણો કે એક ન્યાયે એની અનંતતા લીધી છે. કેમકે અનંતભવને એ તોડે છે. ભવની અનંતતાને એ તોડે છે. માટે એમાં અનંતતા છે. ભલે જઘન્યભાવે - ચોથે ગુણસ્થાને છે તોપણ એની અનંતતા લીધી છે જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં. અને છે પણ એમ. એટલે એની પરિણતિ ઊભી થાય છે.

પરિણતિ બનવાનું કારણ શું? સવળી કે અવળી? કે તીવ્ર રસ. હવે વિભાવ છે એ ગમે તેટલો તીવ્ર થાય તોપણ મર્યાદિત છે અને સ્વભાવ છે એની તીવ્રતા આવે તો તે અમર્યાદિત છે. એટલે વિભાવ પરિણતિ મર્યાદિત છે અને તૂટી શકે એવી છે માટે તે તૂટે છે. સ્વભાવ પરિણતિ અમર્યાદિત છે એ વધતી... વધતી... વધતી... વધતી પૂર્ણ થાય છે. પછી બીજું કાંઈ એમાંથી થવાનું કારણ રહેતું નથી. પછી સંસારનો કોઈ પ્રકાર એમાંથી ભજવો, ઊપજવો કે ઉદ્‌ભવવો એવું કાંઈ પછી બની શકતું નથી. માટે મુક્ત આત્માઓને કદી જન્મ-મરણ થતા નથી.

ઘણાં વર્ષ પહેલાની વાત છે. ભાવનગરના ટાઉનહૉલમાં કોઈ સંન્યાસીઓ આવેલા. એની સાથે એક બહેન હતા. યુવાન ઉંમરના હતા, નામ હતું ગીતાભારતી. અને પ્રભાવશાળી વ્યક્તિ લાગે. નાનપણથી કાંઈક ગીતાના શ્લોકો મોઢે હશે. પછી આ લોકોએ એને સંન્યાસી બનાવી દીધેલી બાઈને. પણ ગીતા ઉપર fluent સ્પીચ આપતી હતી. ટાઉનહૉલમાં એનું લેક્ચર હતું, (એમાં) કીધું મુક્ત આત્માઓને જન્મ-મરણ હોતા નથી. પાછા એ ચોવીસ અવતારને સ્થાપે. રામાવતાર ને કૃષ્ણાવતાર ને નરસિંહ અવતાર ને મચ્છાવતારને, કચ્છાવતારને. એ માછલી રૂપે એક અવતાર લીધો છે, એક કાચબા રૂપે અવતાર લીધો છે. મચ્છ-કચ્છ એ બધા ચોવીસ અવતાર છે.

પછી એ વખતે અમારા ભાગીદાર છે એ લઈ જતા પરાણે ખેંચીને. આવા કો'ક આવેને, એને બહુ એવો શોખ હતો. મેં કીધું એમાં શું છે જવા દોને. તો કહે, ના! ના! તમે આવો. પછી કાંઈ તમે એમાંથી કહો કે આમાં અમને સારું લાગે છે એમાં શું વાંધો છે અને આમાં શું સારું નથી. એ બહુ સારું બોલે છે. અમને સાંભળીએ ત્યારે એવું સારું લાગે. અને આમાં શું સારું નથી એ કહો? મેં કીધું આ સારું નથી લ્યો! મુક્ત આત્માઓને જન્મ-મરણ હોતા નથી પછી આ અવતારની વાત ક્યાંથી આવી? તો તો આપણે એના ઘરે જઈને પૂછીએ. લઈ ગયા મને પરાણે ઘરે. મને કહે તમે

દલીલ કરી શકશો વાત કરો. એ જે એના મકાનમાં ઉતારો આપેલો. એને જે લોકોએ invite કર્યા હોય એને સારા મકાનમાં ઉતારો આપેને! મકાન મોટું હતું. (અમે) ગયા. પછી કહેવડાવ્યું કે ભાઈ! થોડીક તમારી સાથે ચર્ચા કરવી છે એટલે આવ્યા છીએ. (તો કહે) ચર્ચાનો ટાઈમ નથી. ચર્ચા નહિ કરીએ. બસ! પતી ગયું? ન કરે આ લોકો. પોતે નિઃશંક હોય નહિને! એ પોતે ગમે તેટલું લેક્ચર આપે પણ અંદરથી નિઃશંકતા ન હોય. પાયો તો છે નહિ એની પાસે. વગર પાયે બધું ચણતર કર્યું છે અને મકાન ડોલે છે એ એને ખબર છે. નિઃશંકતા આવે નહિ.

મુમુક્ષુ :- પડી જવાનો ભય હોયને.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પહેલા જ દડાએ clean bowled થઈ જાય. બીજો નાખવો ન પડે. પણ એ કોઈ એવી તક આપે નહિ.

શું કહે છે? '**તેની પરિણતિ કર,...**' વાત એમ છે મૂળ તો. એની પરિણતિ કર! આત્મપરિણતિ એને કહે છે, એને જ્ઞાનધારા કહે છે. એને જ્ઞાનધારા કહે છે, આત્મપરિણતિ કહે છે. ચૈતન્યધારા કહે છે. અને સ્વાદની અપેક્ષાએ એને અમૃતધારા પણ કહેવામાં આવે છે. લાલચ થાય એવી વાત છે. અમૃતધારા છે. એ અંદરથી અમૃતની ધાર પ્રવાહરૂપે ચાલી આવે. મુનિઓને જરા વિશેષપણે આવે. તોપણ મુનિઓ એમ કહે કે આ હજી ધીમી ધાર છે. આવું અમને પોસાય નહિ. લક્ષ પૂર્ણતા ઉપર છે ને! આટલો મોટો મહાસાગર ભર્યો છે એમાંથી (માત્ર) ધાર આવે!!

મુમુક્ષુ :- દંદૂડી. દંદૂડી કહેવાયને?

પૂજ્ય ભાઈશ્રી :- દંદૂડી શું કામ આવે? અમારે ધોધબંધ જોઈએ. ધોરિયા જોઈએ. અને કોઈ મુમુક્ષુ કહે કે પણ સાહેબ તમે તો જ્ઞાનના ધોરિયા અને આનંદના ધોરિયા વહેવડાવો છોને!! તો કહે એ હજી અમને દંદૂડી જેવા લાગે છે. તારી અપેક્ષાએ તને એમ લાગે, પણ અમારી અપેક્ષાએ ઓછું છે. ઓછું પડે છે - એવું છે. એટલે જ્ઞાની, મુનિ કદી પોતાના પરિણમનમાં over estimateમાં આવતા નથી. એને આખી વસ્તુ લક્ષમાં છે. આખી વસ્તુ એના જ્ઞાનમાં છે બરાબર. એટલે comparison થઈ જ જાય.

'**તેની પરિણતિ કર, તેમાંથી સંતોષ મળશે, તેમાંથી તૃપ્તિ આવશે...**' તૃપ્તિ આવશે એનો અર્થ એમ નથી કે હવે વધારે આનંદ નથી જોઈતો - એમ નહિ. પેલી જે અતૃપ્તિ હતી અત્યાર સુધી અનાદિની એ બંધ થઈ જશે એમ કહે છે. તૃપ્ત દશા પ્રગટ થવાની શરૂઆત થશે. પૂર્ણ તૃપ્તિ તો પછી કૃતકૃત્યદશા થાય ત્યારે છે. પણ દૃષ્ટિ અપેક્ષાએ કૃતકૃત્યતા છે, તૃપ્તિ છે. દૃષ્ટિ છે એ અધૂરાને સ્વીકારતી નથી, પર્યાયને સ્વીકારતી નથી.

'**તેમાંથી તૃપ્તિ આવશે ને તેમાંથી જ અપૂર્વ સુખ પ્રગટ થશે.**' વચનાતીત, સર્વોત્કૃષ્ટ અને ચિંતવનથી પહેલે પાર એવું અચિંત્ય. અચિંત્ય, અનંત અને અવ્યાબાધ. દસ ભાવનામાં આ લીધું છે. સર્વોત્કૃષ્ટ, અચિંત્ય, અનંત અને અવ્યાબાધ સુખસ્વરૂપી હું પોતે જ છું. એમ ભાવના ભાવે. '**તેમાંથી જ અપૂર્વ સુખ પ્રગટ થશે. ભગવાન-સ્વરૂપ આત્મામાં જ બધું ભરેલું છે.**' શું કહે છે? કે ભગવાનસ્વરૂપ આત્મામાં જ બધું ભરેલું, પોતે જ ભગવાન છે. ભગવાનમાં પછી શું ખામી રહી? કે ભગવાન તો સર્વગુણ સંપન્ન છે.

બહેનશ્રીએ એક વચનામૃતમાં લીધું છે કે તારામાં બધું ભર્યું છે અને તારે કાંઈપણ બહાર લેવા જવું પડે એવું નથી. એવું બધું જ તારામાં ભર્યું છે. એટલે કે તારે જોઈએ એવું બધું તારામાં ભર્યું છે. તને સુખ, શાંતિ અને આનંદ જોઈએ. આથી બીજું શું જોઈએ? એ તો બધું ભર્યું છે અને માપ નહિ એટલું ભર્યું છે. બાધા ન પહોંચાડી શકાય એવું ભર્યું છે. કદી ખૂટે નહિ એવું ભર્યું છે. અક્ષયપાત્ર છે! અક્ષયપાત્ર છે! ગમે તેટલું એમાંથી નીકળે તો એ એટલું ને એટલું જ રહે. ઓછું પણ ન થાયને! ખાલી થવાનો તો ક્યાં પ્રશ્ન છે? આટલું બધું નીકળ્યા પછી કોઈ એક અંશે ઓછું થાય? કે નહિ. intact. એટલું ને એટલું ભર્યું છે.

મુમુક્ષુ :- ચમત્કાર.

પૂજ્ય ભાઈશ્રી :- ચમત્કારિક વાત છેને! પ્રવાહ અનંતકાળ સુધી અંદરથી નીકળ્યા જ કરે.. નીકળ્યા જ કરે.. અંદરથી વહ્યા જ કરે.. વહ્યા જ કરે... અનંતો પ્રવાહ વહે (છતાં) વસ્તુ જ્યારે જુઓ અનંતકાળ પછી તોપણ એમ ને એમ, એટલી ને એટલી. એની ઓથ અને એનો આધાર છે. જ્ઞાનીઓને એની ઓથ અને એનો આધાર છે. પછી વિકલ્પ શો? ભય શો? ચિંતા શી? કાંઈ વાત રહેતી નથી. કોઈ કહે પણ બહારમાં આમ થયું! તો કહે એ થયું બહારમાં થયું. બહારમાં થયું ને? પતી ગઈ વાત. કો'કના ઘરમાં વાસણ ખખડ્યા, એમાં આપણે શું? 'વાસણ ખખડ્યા'નો અર્થ સમજો છો? કહેવત છે એ કે ઝઘડો થયો. એવું જોર જોરથી બોલે છે પાડોશમાં આપણા ઘરે સંભળાય એવું. વાસણ ખખડતા લાગે છે એમ કહે. ઘરમાં વાસણ હોય એ ગોઠવવા જાય તો અવાજ તો થાયને? એમ ઘરમાં બધા ગોઠવાતા ન હોય સરખા ત્યારે (કેમકે) સીધે સીધું ગોઠવાય જાય ત્યારે અવાજ ન થાય, પણ ન ગોઠવાતા હોય ત્યારે અવાજ થાય કે ન થાય? એટલે એને સાંકેતિક ભાષામાં, idiomatic language માં વાસણ ખખડ્યા એમ કહેવાય છે કે ભાઈ ઘર હોય તો વાસણ ખખડે. સાથે રહે ત્યારે કાંઈક તો ખટખટ થઈ જાય.

એનું કારણ શું છે? પ્રકૃતિ ભિન્ન-ભિન્ન હોય છે. કરોડો મનુષ્યમાં બેની એક સરખી પ્રકૃતિ હોય એવું ગોતવું મુશ્કેલ છે. એટલે પ્રકૃતિફેરે ફેર તો હોય જ તે. એટલે એ વાસણ ખખડ્યા વિના રહે નહિ. કેમકે બે ગોઠવાય નહિ ને. એટલે થાય જ તે. અહીંયાં પ્રકૃતિને મારવાનો ઉપાય છે. અહીંયાં જે વાત છે એ પ્રકૃતિને મારવાનો ઉપાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને બહારમાં વાસણ ખખડે છે એમ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ કાંઈક આમ થયું તો કહે વાસણ ખખડ્યા પાડોશમાં. ક્યાં ખખડ્યા? પાડોશમાં. એટલે એનો અર્થ એમ છે કે પાડોશમાં ઝઘડો થાય તો આપણે કાંઈ લેવા-દેવા નથી. એના ઝઘડામાં આપણે શું કરવા પડવું? અને પાડે તોપણ પડવું નહિ. એટલું શાણપણ કેળવવું કે કોઈ પાડવા આવે તોપણ પડવું નહિ. કેમ? કે તમે ઘરવાળા છો. કાલે એક થઈ જશો. દુશ્મનાવટ અમારી સામે ઊભી થશે. તમે તે દી' આમ કર્યું. જે કાંઈ થાય એ બહારમાં. જે કાંઈ થાય એ બહારમાં. પછી એની ઉપાધિ નહિ આવે, પછી એનું કોઈ ટેન્શન નહિ આવે.

'**તેમાંથી જ અપૂર્વ સુખ પ્રગટ થશે. ભગવાન-સ્વરૂપ આત્મામાં જ બધું ભરેલું છે.-જ્ઞાયકમાં જ બધું ભર્યું પડ્યું છે.**' અનાદિથી ભર્યું પડ્યું છે. તારા ખજાને કાંઈ ખોટ નથી. એમ કહેતા ગુરુદેવ. ગુરુદેવની ભાષામાં કહીએ તો તારે ખજાને કાંઈ ખોટ નથી. શું કરવા ભીખ માગે છો? એમ કહે છે. '**કોઈને એમ થાય કે એકલા જ્ઞાનમાં શું છે?**' પણ હવે આ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... કરે છે પણ એકલા જ્ઞાનમાં શું છે? અને '**જ્ઞાનમાંથી શું મળવાનું છે?**' એને પેલું શું છે અટકતું જ્ઞાન છેને? અને અધૂરું છે, પાંગળું છે? એટલે કહે એકલા જ્ઞાનમાં શું છે? જ્ઞાનમાંથી શું મળવાનું છે? પણ કહે છે કે '**પણ તે જ્ઞાનમાં અનંત-અનંત ભરેલું છે.**' આ તો તને ભરેલા ચરુનો કાંઠો દેખાણો. આખો ચરુ છલોછલ ભર્યો છે. જોઈશ તો અધ..ધ..ધ.. થઈ જશે. એવડો મોટો છે. અને એટલું બધું અંદર ભર્યું છે.

એ કહે છે જ્ઞાનીઓ કે આ ચૈતન્ય તત્ત્વ મહાઆશ્ચર્યકારી છે. આશ્ચર્યકારી છે એમ નથી કીધું. મહા આશ્ચર્યકારી છે. અમૃતચંદ્રાચાર્યે તો કળશમાં લખ્યું 'અદ્‌ભુતાત અદ્‌ભુતમ્'. અદ્‌ભુતથી પણ અદ્‌ભુત છે. નથી કહેવાતું તોપણ આટલું આટલું કહી જાય છે પાછા. કોઈ રીતે જીવને પ્રેરણા ઉત્પન્ન થાય. પ્રેરણા મળે. પ્રેરણા મળે પછી એમાંથી નિર્ધાર આવવો જોઈએ. લાલચ થાય એવી તો વાત ચોક્કસ છે. સામાન્ય મુમુક્ષુને પણ લાલચ થાય એવી વાત તો ચોક્કસ છે. પણ પછી એમાંથી નિર્ધારમાં આવી જાય. કે હવે ગમે તેમ કરીને લીધે છૂટકો છે. હવે ગમે તેમ કરીને લીધે છૂટકો. હવે પાછળ પડી જવું. એક વાર એની પાછળ પડી જવું બસ! પછી બધો રસ્તો મોકળો છે. એ નિર્ધાર

કર્યા પછી રસ્તો મોકળો છે. જ્યાં સુધી એ કરવા ધારતો નથી ત્યાં સુધી બધી વિટંબણા છે. પછી રસ્તો મોકળો છે.

'તે જ્ઞાનમાં અનંત-અનંત ભરેલું છે. જેટલું આ જ્ઞાન છે તેટલો આત્મા છે તેને તું ગ્રહણ કર.' બસ અહીંથી પકડી લે. આ એને પગ મૂકવાની જગ્યા થઈ. એક વખત કો'ક ઊભો રહેવા દે ને, પછી છલાંગ મારે. પગ મૂકવા દે ને! તો કહે આ પગ મૂકવાની જગ્યા છે. હવે માર ઠેકડો તારે તાકાત હોય એટલી. એ બહુ કહી દીધું છે આમાં. **'જેટલું આ જ્ઞાન છે તેટલો આત્મા છે...'** આખો સમયસાર કહી દીધો જાવ! સમયસારનો સાર મૂકી દીધો. રહસ્ય ભરી દીધું. ઉકેલ પોતે જાતે કરી અને ચાલ્યો જાય એ બાજુ. ૩૫ અને ૩૬ બેય અનુસંધાનમાં છે હોં! આ સિદ્ધાંતથી એમ લીધું ને? આ એટલે ઉપરની વાત હતી. અને એ સ્વરૂપને ગ્રહણ કરવાનો અનુભવ કરવાનો આ જ પ્રકાર છે, બે પ્રકારે કોઈ કામ આમાં થતું નથી. એક જ પ્રકારે થાય છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એ સૂત્ર આત્મસિદ્ધિમાં મૂકી દીધું. અહીં સુધી રાખીએ...

મુમુક્ષુ :- આશય.

પૂજ્ય ભાઈશ્રી :- હા આશય. આશય તો કાલે લખાવ્યો છે. વાત તો એક જ છે. એ જ ચાલ્યું છે. એમાં ૨૩૫-૨૩૬ બેયનો (એક જ) લઈ લ્યો એ આશયમાં.

❁

અનંત (ચૈતન્ય નિર્વિકાર) સામર્થ્ય સ્વરૂપના ભાસનમાત્રમાં વિકારનું બાષ્પીભવન થવા માંડે છે; વિભાવની જડ કપાવા માંડે છે; તો સાક્ષાત્ અનુભવમાં - વેદનમાં મુક્તિ અનન્યભાવે હોય તેમાં શું આશ્ચર્ય ?

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૮૨)

પ્રશ્ન :- વ્યવહારના ઘણા ભેદ પડે પણ મુખ્યતા તો અભેદની છે ને?

સમાધાન :- ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક અભેદને ગ્રહણ કરવાનો છે. એક અભેદને ગ્રહણ કરતાં ભેદનું જ્ઞાન વચ્ચે આવી જાય છે, પણ ભેદ ઉપર તેને દૃષ્ટિ રાખવાની નથી. બીજું બધું જ્ઞાન કર અને દૃષ્ટિ અભેદ ઉપર કર. દૃષ્ટિ તેમાં સ્થાપ્યા પછી તેમાંથી શુદ્ધ પર્યાયો સ્વયં પ્રગટ થશે. પહેલાં તું યથાર્થ નિશ્ચય કર કે જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ હું છું. યથાર્થ દૃષ્ટિ પ્રગટ કર, દૃષ્ટિ જ મુખ્ય છે. દૃષ્ટિ એક અભેદ આત્મા ઉપર કર. ૨૩૭.

તા. ૨૫-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૭
પ્રવચન નં. ૧૮૦

પાનું-૧૪૪. નીચે પ્રશ્ન-૨૩૭મો. '**વ્યવહારના ઘણા ભેદ પડે પણ મુખ્યતા તો અભેદની છે ને?**' પોતાના વિચારોની સંમત્તિ મેળવી છે. પ્રશ્નની અંદર confirm કરો કે અભેદની મુખ્યતા હોયને? વ્યવહારના ભેદો છે, નિશ્ચય અભેદ છે તો વ્યવહારની ગૌણતા અને નિશ્ચયની મુખ્યતા. એમ હોવું જોઈએ ને? બરાબર છે. એમ જ હોવું જોઈએ.

'**સમાધાન :- ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક અભેદને ગ્રહણ કરવાનો છે.**' અભેદ સ્વરૂપ પોતાનો આત્મા. ભેદ અને અભેદ એ બંને વસ્તુનું સ્વરૂપ છે. અર્થાત્ વસ્તુનું સ્વરૂપ ભેદ-અભેદાત્મક છે. એમ હોવા છતાં પણ ભેદ ગૌણ કરવા લાયક છે અને અભેદ મુખ્ય કરવા લાયક છે. ભેદો માત્ર જાણવાનો વિષય છે, અભેદ છે તે આદરવાનો વિષય છે. એટલે વસ્તુના સ્વરૂપમાં હોવા છતાં પણ ત્યાં પણ મુખ્ય-ગૌણ કરવાથી સાધના છે, આરાધના છે. જો મુખ્ય-ગૌણ ન કરાય તો વિપર્યાસ થાય. આ પ્રકારે મુખ્ય-ગૌણ ન કરાય તો વિપર્યાસ થાય. કેમકે બે મુખ્ય થઈ શકે નહિ. બેમાંથી એકની જ મુખ્યતા રહે, જો નિશ્ચય મુખ્ય ન થાય, અભેદ મુખ્ય ન થાય તો ભેદ અને વ્યવહાર મુખ્ય થયા વિના રહે નહિ. અને તેથી સાધના થતી નથી.

વસ્તુમાં અને વસ્તુમાં વસ્તુનું સ્વરૂપ છે. એમાં પણ મુખ્ય-ગૌણની આવી કાર્યપદ્ધતિ છે. જે વ્યવસ્થિત છે અનાદિ-અનંત. તો પછી રાગને અને પુણ્યને ગૌણ કરવું પડે

અને એ જીવને ન પસંદ પડે તો આ વાત તો એને પસંદ ક્યાંથી પડશે? અને એ પસંદ નહિ પડવામાં એક વિપરીત અભિપ્રાય (એવો) બાંધેલો છે કે એનું મૂલ્ય ઘણું આંક્યું છે. મોક્ષમાર્ગે કાંઈક પણ એની મદદ છે, કાંઈક પણ એનું કાર્યક્ષેત્ર છે, કાંઈક પણ એનો આધાર છે - એવો જે વિપરીત અભિપ્રાય છે એ એને અભેદ નિશ્ચય સ્વરૂપ સુધી પહોંચવા દેતો નથી. ત્યાં ને ત્યાં રોકી રાખે છે.

રાગનું અને પુણ્યનું મૂલ્ય છે એ એમાં રોકાય છે અને ક્ષયોપશમ જ્ઞાનનું મૂલ્ય છે એ ભેદોમાં રોકાય છે. કેમકે એને ઘણાં ભેદ સમજવા મળે છે, સમજેલા હોય છે અને એ ભેદોને એ મુખ્ય કરીને ગાય છે.

જ્ઞાની તો અથવા પરમાર્થનો દૃષ્ટિકોણ છે એવા મુમુક્ષુ તો ગમે તેટલા ભેદોનું એને જ્ઞાન હોય તોપણ એનું મૂલ્ય આંકતા નથી. એનું મૂલ્ય આંકતા નથી અને અભેદની મુખ્યતામાં જ વર્તે છે. એથી આગળ વાત લઈએ તો અધ્યાત્મની પર્યાય સમ્યગ્દર્શન, મુનિદશા, કેવળજ્ઞાનાદિ એ પણ એક સમયની પર્યાય એ રૂપ એક ભેદ છે. એ પણ એક ભેદ છે કે જે એક સમયની પર્યાયરૂપે છે.

સોગાનીજી એક પત્રમાં લખે છે કે 'મોક્ષમાર્ગી જીવ અલ્પકાલીન ભાવોંકા, ક્ષણિક ભાવોંકા મૂલ્ય નહીં આંકતે'. એને એનું મૂલ્ય નથી હોતું. કેમકે એ ક્ષણવર્તી છે. એને ત્રિકાળી ભગવાનનું મૂલ્ય આવી ગયું છે. હવે એની બરાબરીમાં કોઈ નહિ હોવાને લીધે બીજા કોઈનું મૂલ્ય એને આવતું નથી.

મુમુક્ષુ :- weightageની ભૂલ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વજનની ભૂલ. મુખ્ય-ગૌણ એટલે વજનની ભૂલ. જ્યાં વજન ન દેવું જોઈએ ત્યાં વજન દેવાઈ જાય અને જ્યાં વજન દેવું જોઈએ ત્યાં વજન ન દેવાય એવું એક સાથે બને. વિપરીતમાં કે અવિપરીતમાં. એક સાથે બે ઉપર વજન જવાના નહિ. વિપરીતમાં વજન ન દેવું હોય ત્યાં દેવાય છે. અવિપરીતમાં વજન દેવું હોય ત્યાં દેવાય છે. બાકી બધું ગૌણ થાય છે. વજન દેવાની ભૂલ થઈ એટલે પરિણામનું વલણ આખું બદલાઈ જવાનું. પ્રવાહ જ બદલાઈ જવાનો. એટલે એ ભૂલ છે એ સામાન્યપણે લેવાની નથી. હળવી કરીને લેવાની નથી.

આપણે પરિણામની ચર્ચામાં રસ ફૅક્ટરની ચર્ચા મુખ્ય કેમ કરીએ છીએ? કેમકે જ્યાં રસ છે ત્યાં વજન છે. ક્યાં વજન છે? કે જ્યાં રસ છે ત્યાં વજન છે અને જે પરિણામની અંદર શક્તિ છે, પ્રગટ શક્તિ છે, વ્યક્ત શક્તિ છે એ પરિણામમાં રહેલા રસમાં છે. એટલે જો ઊલટો રસ હોય તો શક્તિ ઊલટી ખર્ચાઈ છે. વજન ઊલટું જાય છે. સૂલટો રસ હોય તો શક્તિ સૂલટી ખર્ચાય છે અને વજન યથાર્થ જાય છે.

એટલે મુખ્ય-ગૌણ, વજન દેવું-નહિ દેવું, રસ-નિરસ એ બધાનું co-ordination છે. એ બધાનું co-ordination એકસાથે થાય છે. એમ છે.

શું કહે છે કે **'ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક અભેદને ગ્રહણ કરવાનો છે.'** એટલે એનો અર્થ એમ થયો કે જ્યાં સુધી જીવની દૃષ્ટિ ભેદ ઉપર રહેશે ત્યાં સુધી અભેદને ગ્રહણ કરવાનો એટલે કે અનુભવ કરવાનો અવસર નહિ આવે. એ પ્રસંગ જ નહિ આવે, એમ થાશે. આ વિષય પણ દિગંબર શાસ્ત્રો સિવાય ક્યાંય નથી. એટલે દિગંબર શાસ્ત્રો છોડીને બધાના શાસ્ત્રોમાં વ્યવહાર ઉપર વજન છે. આનંદઘનજીએ ગાયું કે 'વ્યવહારે લખ દોહ્યલો કાંઈ ન આવે હાથ' જા! 'વ્યવહારે લખ દોહ્યલો કાંઈ ન આવે હાથ' - તને કાંઈ હાથમાં નહિ આવે. એમણે દિગંબરનું વાંચ્યું હતું. એમાંથી લીધું છે. ભલે પોતાને રુચ્યું હતું. એ સારી વાત છે.

દેવચંદજી, આનંદઘનજી અને યશોવિજયજી - ત્રણેય શ્વેતાંબરના સાધુ થયા. એમણે દિગંબર સાહિત્યનો સારો એવો અભ્યાસ કર્યો, પોતાના આત્મામાં કેટલીક વાતો રુચિ એ એમણે પોતાની જે કૃતિ છે એમાં મૌલિકપણે એનું પ્રતિપાદન કર્યું છે. બીજું, કે જીવ અનાદિનો ભેદબુદ્ધિમાં ઊભો છે, પ્રવર્તી રહ્યો છે, હવે જો એનાથી કલ્યાણ થવાનું હોત તો કેટુનું (ક્યારનું) થઈ ગયું હોત. એટલે એ સ્થાન છોડવાનું છે. ભેદબુદ્ધિમાં ઊભો છે એ સ્થાન એણે છોડવાનું છે. એ વાત જ્યાં સુધી ધ્યાન ઉપર ન આવે ત્યાં સુધી ભેદોમાં પ્રવર્તતી બુદ્ધિ ક્ષયોપશમવાળી હોવાને લીધે (જેને) બાહ્ય ક્ષયોપશમનો મહિમા આવે એને અંતર અધ્યાત્મનો પત્તો લાગે નહિ.

ગુરુદેવ એમ કહેતા હતા.. 'પરમાગમસાર'માં એવી વાત લીધી છે આપણે, ખેંચી છે કે જે મુમુક્ષુને અથવા પંડિતને કે વિદ્વાનને બાહ્ય ક્ષયોપશમજ્ઞાનનો રસ ચડી જાય એને આત્માનો રસ નહિ ચડે. એને આત્માનો રસ નહિ ચડે. કેમકે આગળ જઈને જ્ઞેયાકાર જ્ઞાનને જ ગૌણ કરવાનું છે. અધ્યાત્મમાં પ્રવેશ જ ત્યાંથી થવાનો છે કે તું તારા જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કર. પુણ્ય-ફુણ્ય તો રહી ગયું એકકોર. ભેદોનું જાણપણું તો રહી ગયું એકકોર. હવે જે જ્ઞાન અનેકાકાર ધારણ કરે છે ત્યાં આંખ મીંચી દે, એને ગૌણ કર! જ્ઞાનનો સ્વચ્છત્વ સ્વભાવ હોવાથી અનેક જ્ઞેયોનું પ્રતિબિંબ થશે અને અનેકાકારતા ધારણ કરશે. તોપણ એને ગૌણ કરવાથી જ એકાકાર એવું જે પોતાનું સ્વરૂપ છે એની મુખ્યતા આવશે. ત્યાં સુધી મુખ્યતા નહિ આવે અને એની મુખ્યતા નહિ આવે ત્યાં સુધી એનો આધાર અને અવલંબન નહિ લેવાય, એનો રસ નહિ આવે અને એની સાધના અને આરાધના નહિ થાય. એમ સ્વરૂપ આરાધનાના પ્રકરણમાં આ પ્રકારની નીતિ-રીતિ છે. નીતિની રીત એને નીતિ-રીતિ કહેવામાં આવે છે. આ પૉલિસી

matter છે.

આ જે રાજ્ય ચાલે છે, શાસન ચાલે છે - government, એમાં કાયદા હોય છે. કાયદા સિવાય over and above, પૉલિસી choke out કરવી પડે છે કે આ બધા કાયદા તો ખરા પણ આપણી પૉલિસી શું? નીતિના ધોરણ ઉપર રાજ ચાલે છે. એકલા કાયદા ઉપર રાજ નથી ચાલતું. ત્યાં પણ આ વાત છે. કેમ? કે એ રાજ ચલાવવા પાછળ કોઈને કોઈ motive હોય છે, કોઈને કોઈ હેતુ હોય છે. એટલે નીતિ-રીતિ છે એ કામને accordingly પૉલિસી પ્રમાણે કામ કરાવે છે.

તો અંદર-અંદર ચર્ચામેં યહ હોતા હૈ... જ્ઞાની હૈ, આચાર્ય હૈ, મુનિ હૈ - કોઈ કહેંગે કિ, તુમ્હારી ગલતી હો રહી હૈ. નહીં! મૈં માનતા હૂં (ઈતના) નહીં યે સબ (ભી) મેરે માનતે હૈં. ચલાતે હૈં ફિર ઉનકો. મેરેવાલેસે દુકાનદારી ચાલૂ હો જાતી હૈ. ભગવાન કુછ નહીં કહતે હૈં. વે ઐસે હી બૈઠે રહતે હૈં. ચલે જાયેંગે સિદ્ધાલયમેં. કૌન જ્યાદા ઉપકારી? કૃપાલુદેવને સોચસમજકરકે બાત કહી હૈ. ક્યા? સોચસમજકરકે બાત કહી હૈ. કોઈ વીતરાગ હૈ ઉનકો તો વિકલ્પ આયેગા નહીં. તેરા વ્યક્તિગત વિકલ્પ ભગવાનકો નહીં આયેગા. તેરી જિજ્ઞાસા હોગી તો તુમ્હારી સમસ્યાકા ઉત્તર મિલ જાયેગા તુમકો. લેકિન તુમ ઉલટા ચઢ જાયેગા તો વે કહનેકો નહીં આયેંગે કિ, તુમ ઉલટા ચઢ ગયા હૈ, તુમ છોડો ઉસ બાતકો. વહ છદ્મસ્થ જ્ઞાનીગુરુ કહેંગે. ઈસલિયે ઉનકો એક ન્યાયસે ભગવાનસે ભી જ્યાદા ઉપકારી માના હૈ, કુછએક ન્યાયસે માના હૈ - જો યથાર્થ હૈ. જબ યે જ્યાદા ઉપકારી હૈં તો કિસકી જ્યાદા ભક્તિ આયેગી?

મુમુક્ષુ :- દૂસરે આચાર્ય વગેરે કહતે યા બતાતે હૈં કિ તુમ્હારી ગલતી હૈ, તો

સમવસરણમેં ઐસા સમાધાન નહીં કરતે કિ વાસ્તવમેં મેરી ગલતી હૈ યા નહીં?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ કરતે હૈં, કોઈ નહીં કરતે. ઉસમેં ભી દો પ્રકારકે જીવ હોતે હૈં. જો કર લેતે હૈં વહ સલટતે હૈં. સલટ જાતે હૈં તો બચ જાતે હૈં. હંમેશા ઐસા બનતા હૈ કિ કુછ બચતે હૈં, કુછ નહીં બચતે હૈં. ચાહે સમવસરણ હો, ચાહે સમવસરણ નહીં હો. દો યોગ્યતાવાલે જીવ હંમેશા-હંમેશા હોતે હૈં. સમવસરણમેં સલટનેવાલેકી સંખ્યા જ્યાદા હોતી હૈ. ઔર હીનકાલમેં વિપરીતતાકી સંખ્યા, વિપરીત સમજનેવાલેકી સંખ્યા બઢતી જાતી હૈ. શ્વેતાંબર બઢ ગયા કિ નહીં બઢ ગયા? કિતની ધમાલ-ધમાલ, મંદિર-મંદિર, વહ-વહ, સમ્મેદશિખર ઈસકે હાથમેં હૈ. થા. અભી તો નહીં હૈ. થા! અભી તો governmentકા ડખા હો ગયા. લેકિન વે લોગ આ ગયે કિ નહીં આ ગયે? યહ હોનેવાલા હૈ કાલ અનુસાર હોગા, જૈસા હીનકાલ હૈ તો ઐસે પરિણામવાલે જીવ અધિક હોંગે ઈસકા નામ કાલ હૈ.

ક્યા કહા? '**શુભભાવ આતે હૈં ઉનકે સાથ જિજ્ઞાસુકી શ્રદ્ધા ઐસી નહીં હો જાતી કિ ઈસ શુભભાવસે મુઝે લાભ હૈ.**' ઐસા વહ સમજતે નહીં. યથાર્થ સમજવાલે વહ બાત ઐસે સમજેંગે નહીં. '**જિજ્ઞાસુકી શ્રદ્ધા ઔર રુચિ ઉસમેં એકાકાર હો નહીં જાતી.**' ઉસકે સાથ મિલ જાતી નહીં. શુભભાવમેં શ્રદ્ધા ઔર રુચિકી મિલાવટ નહીં હોતી. ઉસકી રુચિ અલગ રહતી હૈ. શુભભાવકી રુચિ ઉસકો નહીં હૈ. યથાર્થતામેં શુભભાવકી રુચિ હોતી હી નહીં. ઉસને તો ધ્યેય નક્કી કિયા હૈ અપના, પૂર્ણ શુદ્ધતાકા. વહ શુભભાવકી રુચિ ક્યોં કરેગા? સવાલ હી પૈદા નહીં હોતા.

ઔર મુમુક્ષુ હી આગે જાકરકે જ્ઞાની હોતા હૈ. તો કૌનસા ઐસા મુમુક્ષુ હૈ કિ જો આગે બઢકરકે જ્ઞાની હોગા? મોક્ષમાર્ગમેં પ્રવેશ કર લેગા? ઐસા કૌન હૈ? કિ જો જ્ઞાનીકે પરિણામકા અનુસરણ કરનેવાલે હૈં વહ. જ્ઞાનીકો ઐસા નહીં હોતા તો મુમુક્ષુકો ભી ઐસા નહીં હોગા, ક્યોં હોગા? થોડા અનુપાતમેં ફરક રહેગા. અનુપાત માને પ્રમાણ. percentageમેં ફરક પડેગા. તીવ્ર-મંદતામેં ફરક પડેગા, હો સકતા હૈ. લેકિન અભિપ્રાય વિપરીત હો તો વહ તો જ્ઞાનદશામેં આને લાયક મુમુક્ષુ ભી નહીં હૈ. અભિપ્રાયકી વિપરીતતા તો નહીં ચલે. પરિણામ ચલે, વિપરીત પરિણામ ચલે (લેકિન) અભિપ્રાયકી વિપરીતતા નહીં ચલતી. વહ બાત હૈ.

'**જિજ્ઞાસુકો બુદ્ધિપૂર્વક ઐસા નિર્ણય હોતા હૈ કિ ગુરુને કહા હૈ કિ તેરા શુદ્ધાત્મા વિકલ્પરહિત નિર્વિકલ્પ તત્ત્વ હૈ;...**' ક્યા કહતે હૈં? ગુરુ તો બહુતસી બાતેં કરતે હૈં. સ્વસ્થાનકે રાગ-દ્વેષકી બાત ભી કરતે હૈં. ઐસા હોના ચાહિયે, ઐસી સમર્પણબુદ્ધિ આની ચાહિયે, ઐસા હોના ચાહિયે, વૈસા હોના ચાહિયે. ફિર યહાઁ વહ સબ બાત

નહીં લી હૈ. ગુરુને કહા હૈ કિ તેરા શુદ્ધાત્મા વિકલ્પ બિનાકા નિર્વિકલ્પ તત્ત્વ હૈ. વહ બાત પર ઉસકા ધ્યાન ગયા હૈ. બાકી જાનકારી કી, બહુતસી બાતેં જાન લી હૈ. અબ જો ઉપાદેય બાત હૈ ઉસપર ઉસકા ધ્યાન ગયા હૈ. અરે..! મેરા સ્વરૂપ ઐસા બતાતે હૈં. બુદ્ધિપૂર્વક ઐસા નિશ્ચય કરતા હૈ. મેરા સ્વરૂપ નિર્વિકલ્પ હૈ, ઈસલિયે નિર્વિકલ્પ શાંતિ મુજે હોની ચાહિયે. વહ સ્થિતિ જહાઁ તક આતી નહીં હૈ મુજે ઉસકે લિયે પ્રયત્ન કરના ચાહિયે. વહ મંદકષાયકી શાંતિમેં રુકતા નહીં હૈ, રુકેગા ભી નહીં. યહ બાત હૈ.

'**જિજ્ઞાસુકો બુદ્ધિપૂર્વક ઐસા નિર્ણય હોતા હૈ કિ ગુરુને કહા હૈ કિ તેરા શુદ્ધાત્મા વિકલ્પરહિત નિર્વિકલ્પ તત્ત્વ હૈ;...**' અબ પહિચાન કરનેવાલેકો તો લક્ષણ ભી નિર્વિકલ્પ ચાહિયે. જૈસા આત્મા નિર્વિકલ્પ જ્ઞાનસ્વભાવી હૈ, ઐસા જ્ઞાન ભી નિર્વિકલ્પ ચાહિયે. તો મોટી સમજમેં ક્યા કહતા હૈ? કિ નિર્વિકલ્પ જ્ઞાન તો સ્વાનુભૂતિમેં હોતા હૈ. શુદ્ધોપયોગ હુએ બિના તો નિર્વિકલ્પ જ્ઞાન હોતા નહીં. હમ ક્યા કરેં? હમારે પાસ તો હૈ હી નહીં. વિકલ્પવાલા હી જ્ઞાન હૈ, વહી હમારા સાધન હૈ. વિચાર કરતે હૈં મનસે કિ ક્યા કરેં?

કિ દેખ! તુમ્હારે પાસ ભી નિર્વિકલ્પ જ્ઞાન હૈ. હૈ કિ નહીં હૈ? તુમ્હારા જો પ્રગટ જ્ઞાનસામાન્ય હૈ, વહ નિર્વિકલ્પ હૈ, વહ સ્વસંવેદનાત્મક હૈ. ઉસી લક્ષણસે તુમ અપને નિર્વિકલ્પ સ્વરૂપકો પહિચાનો. જાતિપરખ તો ઐસે હી આતી હૈ. સેમ્પલસે હી આતી હૈ. જાતિપરખ તો સેમ્પલસે હી આતી હૈ. યહ તો કહીં ભી દેખો વ્યવહારમેં ભી સેમ્પલસે જાતિપરખ આતી હૈ કિ નહીં આતી? તો યહ સેમ્પલ હૈ, તુમ્હારી પર્યાયમેં યહ સેમ્પલ હૈ. તુમકો પતા નહીં હૈ વહ અલગ બાત હૈ, લેકિન શ્રીગુરુ બતાતે હૈં કિ, હૈ!

તો સિર્ફ બૌદ્ધિક નિર્ણયમેં વહ નહીં રહતા. ક્યા? કહનેકા અભિપ્રાય યહાઁ વહ હૈ, આશય વહ હૈ કિ બૌદ્ધિક નિર્ણય હોતા હૈ કિ શ્રીગુરુ કહતે હૈં કિ તુમ્હારા શુદ્ધાત્મા નિર્વિકલ્પ તત્ત્વ હૈ તો પહિચાનનેકે લિયે વહ અપને જ્ઞાનમેં નિર્વિકલ્પ જ્ઞાનકો ખોજેગા. જ્ઞાનસામાન્ય જો નિર્વિકલ્પ હૈ તો ઉસકો પકડનેકે લિયે જ્ઞાન વિશેષમેં એક ઉદ્દેશકો ધારણ કરના પડતા હૈ. જૈસે હમ દાલ યા સબ્જી નમકીન પદાર્થમેં નમકકો પકડના ચાહતે હૈં. ચખતે હૈં ન? સેમ્પલ ચખતે હૈં. પૂરા ટોપિયા ખાનેકી જરૂરત નહીં હૈ. ઔર ખાયેગા તો બાકીકા ક્યા હો જાયેગા? પુરસગારી કિસકી હોગી? વહ તો સવાલ હી નહીં. સેમ્પલ ચખતે હૈં ઉસમેં ઉદ્દેશ ધારણ કરતે હૈં કિ ઉસમેં ખારાપનકા પ્રમાણ કિતના હૈ. કમી-બેસી હો તો દેખ લે. બરાબર હૈ તો કોઈ સવાલ નહીં. વહ કબ પતા ચલતા હૈ? ઉદ્દેશકો ધારણ કરતે હૈં તબ. ક્યોં? કિ ઉસમેં જો નમક ડાલા હૈ વહ સામાન્યરૂપ હો ગયા હૈ. ખુલ્લા નમક નહીં હૈ. સામાન્ય હો ગયા હૈ. દૂસરે-દૂસરે વિશેષ-વિશેષ સ્વાદ

હૈ ઉસમેં. ઉસમેં એક નમક ભી હૈ. તો ઉસકો સમજનેકે લિયે ઉદ્દેશ પકડના પડતા હૈ. વહ દૃષ્ટાંત સમયસાર ૧૫ ગાથામેં લિયા હૈ.

તો યહાઁ પર ભી અપને જ્ઞાન સામાન્યકો સમજનેકે લિયે, અભી તક તો યહ માના કિ મેરા તો વિકલ્પવાલા જ્ઞાન હૈ, શુદ્ધોપયોગ મુજે હુઆ નહીં. તો નિર્વિકલ્પ તત્ત્વકા અનુભવ મુજે કૈસે હોગા? (તો કહતે હૈં કિ) તુમ્હારેમેં ભી નિર્વિકલ્પ જ્ઞાન મોજૂદ હૈ, પ્રગટ હૈ. પ્રગટ હૈ, મૌજૂદ હૈ ઔર અનુભવગોચર ભી હૈ. ક્યોંકિ વેદનાત્મક હૈ. વહ કૈસા હૈ? વેદનાત્મક હૈ. ઈસલિયે તુમકો નિર્વિકલ્પ સ્વરૂપ કૈસા હોતા હૈ ઉસકી પહિચાન હો સકતી હૈ. તુમ અપને પરિણમનમેં પ્રયોગ કરકે દેખો. ક્યા? પ્રયોગ કરકે દેખો. તો બૌદ્ધિકસ્તર પર જિસને નિર્ણય કિયા હૈ વહ પ્રયોગકે સ્તર પર ઉસકા નિર્ણય કરનેકે પ્રયાસમેં આયેગા, ઉસકો સ્વરૂપકી પહિચાન હોગી ઔર જિસકો સ્વરૂપકી પહિચાન હોગી ઉસકો હી સ્વરૂપકા અનુભવ હોગા, દૂસરેકો હોનેવાલા હૈ હી નહીં. વહ બાત યહાઁસે નિકલતી હૈ. યહાઁ તક રખતે હૈં. વિસ્તારસે લેંગે જરા લંબા ચલા હૈ.

❁

અન્ય જીવો અને પુદ્ગલોની ચિત્ર-વિચિત્ર અવસ્થાનું નિમિત્ત પામીને જગતમાં જીવો રાગ-દ્વેષ / ઈષ્ટ અનિષ્ટરૂપ ભાવો કરે છે. - જ્યારે સમ્યક્જ્ઞાનમાં, અંતર્મુખનું ધ્યેય (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિ) વર્તતું હોવાને લીધે તે તે પરદ્રવ્યની પર્યાયો માત્ર જ્ઞેયરૂપે પ્રતિભાસે છે. જ્ઞાન તટસ્થ - જ્ઞાતા ભાવે રહે છે. ધ્યેયની અર્થાત્ ધ્રુવ સ્વરૂપની મુખ્યતા રહે છે. તેથી અન્ય જ્ઞેયો ગૌણપણે જણાય છે. - આ વીતરાગી જ્ઞાનકળા છે - અબંધ પરિણામ છે, પરિણામની આવી ચાલ થવી / ઢળક થવી, પરિણમનશીલતા થવી, એવો જ જેનો મૂળ સ્વભાવ છે; તેવા ગુણ નિધાન મહા પવિત્ર નિજ આત્મદેવને અભેદ ભક્તિએ નમસ્કાર !!

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૯૩)

તા. ૨૮-૮-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૯
પ્રવચન નં. ૧૮૩

સ્વાનુભૂતિદર્શન. પેજ-૧૪૫. ૨૩૯ પ્રશ્ન ચલતા હૈ. પ્રશ્ન કરનેવાલેકો ઐસા લગતા હૈ કિ દેવ-ગુરુ-શાસ્ત્રકે પ્રતિ અગર હમ પરિણામ કરેંગે તો હમકો શુભભાવકી ઉપાદેયતા હો જાયેગી યા શુભભાવકા પક્ષ હો જાયેગા, વ્યવહારકા પક્ષ હો જાયેગા. વહ હમકો ભય લગતા હૈ. તો હમ ક્યા કરેં? જો યથાર્થ ભૂમિકામેં નહીં હૈ ઉસકી યહ ઉલજન હૈ. જ્ઞાનીકો ઔર યથાર્થ ભૂમિકાવાલે મુમુક્ષુકો ઈસ પ્રકારકી ઉલજનમેં આના નહીં હોતા. એક પેરેગ્રાફ હુઆ હૈ.

દૂસરે પેરેગ્રાફસે. '**જિજ્ઞાસુકો બુદ્ધિપૂર્વક ઐસા નિર્ણય હોતા હૈ કિ ગુરુને કહા હૈ કિ તેરા શુદ્ધાત્મા વિકલ્પરહિત નિર્વિકલ્પ તત્ત્વ હૈ; શુભભાવ તેરા સ્વરૂપ નહીં હૈ;...**' તો વહ ઉસકી શ્રદ્ધા કરતા હૈ. શ્રીગુરુને જૈસા કહા હૈ ઐસી શ્રદ્ધા વહ કરતા હૈ. સ્વરૂપકી શ્રદ્ધા કરતા હૈ, અશુભભાવ આતા હૈ તો ઉસકી શ્રદ્ધા નહીં કરતા હૈ. યહ તો મેરા સ્વરૂપ નહીં હૈ. શ્રદ્ધાનમેં ઐસા લેતા હૈ.

'**ઐસા ગુરુને જો કહા હૈ વહ ઉસને વિચારપૂર્વક દઢ કિયા હૈ;...**' શ્રદ્ધાન કરનેકે લિયે ક્યા કિયા હૈ? વિચારસે દઢ કિયા હૈ. '**ઈસલિયે શુભભાવ આનેપર ઉસમેં વ્યવહારકા પક્ષ આકર વૈસી શ્રદ્ધા નહીં હો જાતી.**' ક્યોંકિ વહ તો ઉસ તરહસે દઢ કરતા હૈ કિ મેરા સ્વરૂપ તો નિર્વિકલ્પ તત્ત્વ હૈ, વિકલ્પ બિનાકા. શુભભાવ જો વિકલ્પરૂપ હૈ વહ મેરા સ્વરૂપ હૈ હી નહીં. ઉસ બાતકો દઢ કી હૈ તો શુભભાવમેં શ્રદ્ધા કહાઁસે કરેગા? ઉસને તો વહ દઢ કિયા હૈ કિ મેરા સ્વરૂપ નહીં હૈ ઔર વહી ગુરુકા ઉપદેશ થા.

'**શુભભાવસે મુઝે લાભ હોગા,...**' શુભભાવસે મુજે લાભ હોવે. '**દેવ-શાસ્ત્ર-ગુરુ મુઝે લાભ કર દેંગે, વે કરેં વૈસા હોગા, મૈં અપને પુરુષાર્થસે કુછ નહીં કર સકતા--ઐસી માન્યતા જિસે નહીં હૈ, ઉસે વ્યવહારકા પક્ષ નહીં આતા.**' દેખો! વહ નાસ્તિસે બાત કર દિયા. અસ્તિસે પહલે બાત કહી. મૈં એક શુદ્ધાત્મા હૂઁ. અબ નાસ્તિસે કહતે હૈં કિ જો શુભભાવકી શ્રદ્ધાકે કારણભૂત પરિણામ હૈં ઉસકો વહ સ્વીકાર નહીં કરતા. ઉસકો વહ માન્યતામેં સ્વીકાર નહીં કરતા. કૈસે-કૈસે સ્વીકાર નહીં કરતા? કિ શુભભાવસે મુજે લાભ હો, ઉસકા સ્વીકાર નહીં હૈ. દેવ-ગુરુ-શાસ્ત્ર મુજે લાભ કર દેંગે ઉસકા ભી સ્વીકાર ઉસકો નહીં. ઔર મૈં પુરુષાર્થસે કુછ નહીં કર સકતા, વહ મેરા કામ કર

દેંગે - ઐસી માન્યતા ઈસકી નહીં હૈ. (જબ) ઉસકી માન્યતા ઐસી નહીં હૈ તો ઉસકો વ્યવહારકા પક્ષ આયેગા નહીં. કહાઁસે આયેગા? કિ નહીં આ સકતા.

'જિસે ઐસી શ્રદ્ધા હૈ કિ મૈં અપનેસે કરું તભી હોગા,...' મૈં પુરુષાર્થ કરું તભી મેરા કાર્ય હોગા. યહ ઉનકો સમજમેં આયા. તો આવશ્યકતા લગેગી તો પુરુષાર્થ ચાલૂ હોગા. આવશ્યકતા નહીં લગે ઉસકો પુરુષાર્થ ચાલૂ હોતા નહીં હૈ. કભી-કભી યહ પ્રશ્ન હોતા હૈ કિ પુરુષાર્થ તો કરના હૈ લેકિન હોતા નહીં ક્યા કરે? કિ પુરુષાર્થ નહીં હોતા હૈ, કરના ચાહતે હૈં ફિર ભી નહીં હોતા હૈ, - ઈસકા મતલબ યહ હૈ કિ મૂલમેં આવશ્યકતા લગી નહીં હૈ, જરૂરત નહીં લગી. જરૂરત સમજના એક બાત હૈ, જરૂરત લગના દૂસરી બાત હૈ. યહ લગનેકી બાત હોતી હૈ. વિચારમેં તો સબ બાત સંમત કર લેતે હૈં લોગ. લગતા ક્યા હૈ વહ સવાલ હૈ. સવાલ વહ હૈ કિ ક્યા લગતા હૈ? સમજ તો લિયા. અબ ક્યા લગતા હૈ?

જિસકી આવશ્યકતા લગે ઉસકા પુરુષાર્થ ચાલૂ હુએ બિના રહે હી નહીં. વહ ઑટોમેટિક હૈ. પાનીકી પ્યાસ લગતી હૈ યા પ્યાસકા વિચાર આતા હૈ? પાનીકી પ્યાસ ઐસી હોતી હૈ, વૈસી હોતી હૈ, ગલા સુખતા હૈ, બોલનેમેં દિક્કત હોતી હૈ, કભી ખાંસી આ જાતી હૈ - દેખો પાનીકી પ્યાસકા હમકો જ્ઞાન હો ગયા! યહ વિચાર કરનેકી ચીજ નહીં હૈ. પાનીકી પ્યાસ લગેગી (તો) પાની જુટાનેકા પુરુષાર્થ હુએ બિના રહેગા નહીં. જૈસે આત્મા શાંતસ્વરૂપ હૈ, આત્માકી શાંતિ ઐસી હૈ, સુખ ઐસા હૈ, આનંદ ઐસા હૈ, વૈસા હૈ - ઐસા નહીં ચલે. તુમકો આવશ્યકતા લગતી હૈ કિ નહીં લગતી? વહ દેખો. આત્મશાંતિકી જરૂરત હૈ ક્યા? જરૂરત હૈ તો પુરુષાર્થ ચલેગા. બિના જરૂરત કોઈ ભી પુરુષાર્થ કર સકતા નહીં ઔર બિના જરૂરત કે કોઈ કરેગા ભી નહીં. યહ વસ્તુસ્વરૂપ હૈ. વસ્તુકા યહ સ્વરૂપ હૈ.

'જિસે ઐસી શ્રદ્ધા હૈ કિ મૈં અપનેસે કરું તભી હોગા,...' મેરા આત્મકલ્યાણ. **'તથાપિ ગુરુ મુજે ઉપકારરૂપ હૈં,...'** વહ બાત છૂટતી નહીં હૈ. ઉપકારકી બાત છૂટ ગઈ તો સ્વચ્છંદ હો જાયેગા. ઔર સહી યોગ્યતામેં ઉપકારબુદ્ધિ કભી હુએ બિના રહતી નહીં, તો વહ સ્વચ્છંદમેં નહીં જાયેગા. ઉપકારબુદ્ધિ છૂટ જાયેગી તો સ્વચ્છંદમેં જાયેગા, જાયેગા ઔર જાયેગા.

યહાઁ પર ઐસા હી જીવ લિયા હૈ કિ ગુરુ કુછ કરતે નહીં. ગુરુ અંગુલીનિર્દેશ કરતે હૈં. કુછ કરતે નહીં હૈ. ઐસે અંગુલીનિર્દેશ કરતે હૈં કિ તુમ્હારે જાનેકા માર્ગ ભીતરમેં હૈ, બહાર મત જાઓ. અંગુલીનિર્દેશ કરતે હૈં. જો પાત્રતાવાન જીવ હૈ, વહ અંગુલીનિર્દેશ કરનેવાલેકા ભી ઉપકાર ભૂલતે નહીં. અગર વહ ઉપકારકો ભૂલ ગયા તો સ્વચ્છંદમેં

ચઢ જાયેગા. ઉસકા આત્મહિત કભી હોનેવાલા નહીં હૈ. યહ બાત હૈ.

મુમુક્ષુ :- નિશ્ચય-વ્યવહારનો સુમેળ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વહ સહજ હૈ. અપની ભૂમિકાકા વ્યવહાર હોના સહજ હૈ. યહ વચન તો બહિનશ્રીકે હૈં. જ્ઞાની થે, સમર્થ જ્ઞાની થે. ફિર ભી ગુરુકા ઉપકાર કિતના આતા હૈ ઉનકે વચનામૃતમેં! ઉપકારબુદ્ધિસે તો વહાઁ તક બોલતે થે કિ હમારી પ્રત્યેક પર્યાય પર શ્રીગુરુકા ઉપકાર હૈ. ક્યા? સમય-સમયકી પ્રત્યેક પર્યાય પર શ્રીગુરુકા ઉપકાર હમકો દિખતા હૈ. અગર હમકો વે નહીં મિલતે ઔર ઉનસે હમકો બોધ નહીં મિલતા તો હમારી યહ દશા હોતી નહીં. હમારી યહ વર્તમાન દશા હોતી નહીં. તો વે જ્ઞાનદશામેં ભી ઉનકા ઉપકાર નહીં ભૂલતે. ઉસકા મતલબ યહ નહીં હૈ કિ ઉનકો વ્યવહારકા પક્ષ હૈ, શુભભાવકા પક્ષ હૈ, વહ બાત હોતી નહીં. યહ ચીજ આયે બિના રહતી નહીં. બહુત સ્વાભાવિક હૈ, બિલકુલ અસ્વાભાવિક નહીં હૈ. ઐસી બાત હૈ.

'तथापि गुरु मुजे उपकाररूप हैं, मुझे गुरुने ही सब कुछ दिया है...' દેખો! માન્યતામેં વહ બાત નહીં હૈ કિ ગુરુ કુછ દેતે હૈં, કરતે હૈં, ઈસસે લાભ હોતા હૈ. લેકિન ભક્તિભાવમેં, ભાવનામેં 'તે તો પ્રભુએ આપિયો વર્તુ ચરણાધીન. તે તો ગુરુએ બતાવીયો વર્તુ ચરણાધીન' ઐસા નહીં લિખા. 'આપિયો' ઐસા લિખા. તો ક્યા હમારા આત્મા ઉસકી જેબમેં થા કિ દે દિયા? ચલો લે જાઓ આપકા આત્મા! લેકિન અંગુલીનિર્દેશ કરકે બતાયા હૈ ઔર ગુજરાતીમાં આંગળી ચીંધી એમ કહે છે. આંગળી ચીંધી. ઉનકા વહ ઈતના ઉપકાર માનતા હૈ કિ હમકો આત્મા દે દિયા!! ક્યા? આત્મા દે દિયા! હમ હમારે આત્માકો ખો બૈઠે થે. જૈસે હમ હમારી કોઈ કિંમતી ચીજ ખો બેઠે હો ઔર ઘરમેં હી ઐસી જગહ વહ રખ દી હો કિ અગર બતાનેવાલે નહીં બતાતે તો સારી જિંદગી ઉસકે બિના હી ચલાના પડતા. તો જિસને બતાયા ઉસને દિયા કે બરાબર હૈ. દિયા કે બરાબર હુઆ કિ નહીં હુઆ? ભાવ તો બરાબર આયા હૈ. ઉપકારભાવ તો ઐસા હી આના ચાહિયે. વહ યથાર્થ હૈ.

તો ક્યા હૈ કિ ઉપકારકા અનુભવ હોતા હૈ. ઉપકારબુદ્ધિ હોતી હૈ ઉપકારકે અનુભવકે સાથ. વહ ઉપકારકે ભાવોંમેં, બહુમાનકે ભાવમેં, ભક્તિકે ભાવમેં, વિનયકે ભાવમેં દ્રવ્યાનુયોગ કી ટાંગ નહીં અડાતે. ક્યા? દ્રવ્યાનુયોગકી ટાંગ વહાઁ નહીં અડાતે. ક્યોં? કિ ભક્તિ ભક્તિકે તરીકેસે હોતી હૈ. દ્રવ્યાનુયોગકે તરીકેસે નહીં હોતી. ચરણાનુયોગકા સિદ્ધાંત ચરણાનુયોગકે સિદ્ધાંતસે હી ચલતા હૈ, ઉસમેં દ્રવ્યાનુયોગ નહીં ચલતા. યહાઁ તો મન-વચન-કાયાકી ક્રિયાએં હોતી હૈ ચરણમેં તો. આત્મા કે પરિણામ ઔર મન-વચન-કાયાકી ક્રિયા. ઐસા વ્યવહાર નિશ્ચયમેં ઐસા હોતા હૈ. વહાઁ દ્રવ્યાનુયોગ લગાયે કિ આત્મા

શરીરકા કુછ નહીં કર સકતા, તો ચરણકી બાત ખતમ હો જાયેગી.

ઈસલિયે સ્વાધ્યાય પદ્ધતિમેં સિદ્ધાંત અપને-અપને સ્થાનમેં રહના જરૂરી હૈ. એક અનુયોગકા સિદ્ધાંત દૂસરે અનુયોગમેં લે જાઓગે તો જિનવાણીકી વિરોધાભાસી પરિસ્થિતિ ઉઠેગી. જબકિ અવિરોધ હૈ. પારમાર્થિક હેતુ સબસે નિકલતા હૈ. ભક્તિસે ભી, ચરણસે ભી, દ્રવ્યાનુયોગસે ભી, કરણાનુયોગસે ભી, કથાનુયોગસે ભી. સબસે પરમાર્થ તો નિકલતા હી હૈ. હમારા મતલબ પરમાર્થસે હૈ. સિદ્ધાંતકી લડાઈ કરનેસે નહીં હૈ. ઉસમેં તો પરમાર્થકા હેતુ ખતમ હો જાયેગા. રહેગા હી નહીં.

બડે-બડે આચાર્યોંને તીર્થંકરોંકે સ્તોત્ર લિખે હૈં, સ્તુતિ કી હૈ. સ્તોત્ર માને સ્તુતિ. ઉસમેં અન્યમતિકી તરહ હી લિખા હૈ સબ. આપ હી હમારે તારણહાર હૈ, આપને હી હમકો તિરાયા. ઔર જબ-જબ હમકો તકલીફ હોતી હૈ, આપ હમારી તકલીફ દૂર કરતે હી હૈ. હમ તો અંધે થે, આપને હમારી આંખમેં અંજન ડાલ કરકે હમકો દેખતા કર દિયા. હમ તો પંગુ થે, આપને ચલાયા હમકો. હમ તો ગુંગે થે, આપને બોલના સિખાયા - ઐસી સ્તુતિ કરતે હૈં! આચાર્યદેવ ઐસી સ્તુતિ કરતે હૈં!! તો સ્તુતિ સ્તુતિકે ઢંગસે હોતી હૈ, ભક્તિ ભક્તિકે ઢંગસે હોતી હૈ. દ્રવ્યાનુયોગકે ઢંગસે ભક્તિ નહીં હોતી. ઔર જિન આચાર્યોંને ઐસા લિખા હૈ વે સિદ્ધાંતકે ખેરખાં થે, કોઈ મામૂલી નહીં થે. સિદ્ધાંત સીખનેકે લિયે લોગ ઈનકે પાસ જાતે થે. ઉન આચાર્યોંકે પાસ જાતે થે, જિન્હોંને ઐસી સ્તુતિ કી હૈ ઉનકે પાસ જાતે થે.

અધ્યાત્મમેં ભી ઐસા હૈ. અધ્યાત્મમેં ભી દ્રવ્યાનુયોગકો સાઈડમેં રખના પડતા હૈ કભી. કુંદકુંદાચાર્ય કારણપરમાત્માકી ભાવના ભાતે હૈં નિયમસારમેં. તો કહેંગે 'ક્ષાયિક પર્યાય પરદ્રવ્યં પરભાવં હેયં ઈતિ'. ક્ષાયિકભાવ તો કેવલજ્ઞાન હૈ, પરમાનંદ હૈ, ક્ષાયિક સમ્યગ્દર્શન હૈ. ક્ષાયિક ચારિત્ર હૈ. સબ પરદ્રવ્ય હૈ, પરભાવ હૈ ઔર હેય હૈ. અભી તો પહુઁચે નહીં વહાઁ, ઈસકે પહલે વે ઐસી બાત કરતે હૈં. જબ લિખા તબ તો પહુઁચે નહીં થે. અભી ભી સ્વર્ગમેં હૈ, અભી ભી નહીં પહુઁચે હૈં.

મુમુક્ષુ :- લક્ષ પાછું પૂર્ણતાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ પૂર્ણતાકા હૈ. ઔર દ્રવ્યાનુયોગકે સિદ્ધાંતકે master હૈં. દેખો પ્રવચનસાર! ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્. કિતની સૂક્ષ્મ ચર્ચાએં કરતે હૈં. તો ઉનકો ક્યા દ્રવ્ય-ગુણ-પર્યાયકા જ્ઞાન નહીં થા ક્યા? એક ક્ષાયિક પર્યાયકો પરદ્રવ્ય બોલે, પરભાવ બોલે. લેકિન તબ હી ભાવના સહી આતી હૈ. ઈસ પ્રકારસે હી ત્રિકાલિક સ્વરૂપકી, કારણ પરમાત્માકી, પરમપારિણામભાવકી ભાવના ઉત્કૃષ્ટ હોતી હૈ. તો ઉસમેં બીચમેં દ્રવ્યાનુયોગ લાના જરૂરી નહીં હૈ.

આગમકા વિષય ઔર અધ્યાત્મકા વિષય અપને-અપને સ્થાનમેં હૈ. એક દૂસરેમેં ટાંગ અડાઓગે તો દોનોંમેંસે જાઓગે. એકકો ભી અંગીકાર કર સકોગે નહીં. યહ બાત હો જાયેગી. તો ઐસી બહુતસી બાતેં હૈં. વિવાદસે તો કભી નિવેડા આનેવાલા હૈ હી નહીં. સભી બાતેં પરમાર્થ સધનેકે લિયે કહી ગઈ હૈ. મૈં મેરા પરમાર્થ કૈસે સાધુ? ઈસ બાતસે, ઉસ બાતસે, સભી બાતોંસે યહ દૃષ્ટિકોણ હમારા હોના ચાહિયે. તભી તો હમ જિનવાણી પઢનેકે અધિકારી હૈ. વરના હમારા કોઈ અધિકાર નહીં હૈ.

એક હી પ્રશ્ન જ્ઞાનીકે પાસ, ગુરુકે પાસ દો જીવ કરતે હૈં, ક્યા? પ્રશ્ન એક હી હૈ પર દોનોંકો અલગ-અલગ જવાબ મિલતા હૈ. ક્યોં ઐસા? એક પ્રશ્નકા તો એક હી ઉત્તર હોના ચાહિયે. દોનોંકો અલગ-અલગ જવાબ ક્યોં દેતે હૈં? કિ ઈસકી યોગ્યતામેં ઐસા જવાબ દેના વહી ઉસકે આત્મકલ્યાણકે લિયે બરાબર હૈ, યોગ્ય હૈ. ઉસકો ઐસા જવાબ દેના વહી ઉસકે આત્મકલ્યાણકે લિયે યોગ્ય હૈ ઔર વહ બાત હમને પ્રત્યક્ષ દેખી હૈ.

એક દફા એક મુમુક્ષુકો ક્યા હુઆ કિ સ્વરૂપકે નિર્ણય પર બહુત જોર જાતા થા. નિર્ણયવાલી બાત પર. બહિનશ્રીકો પૂછને લગે, કિ પહલે તો જ્ઞાનસ્વભાવી આત્માકા નિશ્ચય કરનેકો ૧૪૪ ગાથામેં બોલા હૈ તો પહલે તો નિર્ણય કરના ઠીક હૈ ન? તો પહલે તો નિર્ણય કરના... પહલે તો નિર્ણય કરના.. ઉસપર ઉસકા વજન જાતા થા. બહિનશ્રી વહ વજન ઉડાનેકે લિયે કોઈ ઔર જવાબ દેતે થે. બાત તો સહી થી ઉસકી. ઉસકી સમજ સહી થી લેકિન weight સહી નહીં થા, વજન સહી નહીં થા. તો બાત સહી હોનેસે સહી હૈ ઐસા નહીં બોલ દેંગે, ઉસકા વજન નહીં જાયે ઐસી બાત કરેંગે. ઐસી બાત હૈ. બાત સહી હોને પર ભી વજન ઉલટા જાતા હૈ (તો) સહી બાતસે (ભી) પારમાર્થિક લાભ હોગા નહીં. ક્યા ફાયદા સહી બાતકા? યહ બાત હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે મુમુક્ષુ હોય એ ગુરુની સામે જોઈને જ એના પરિણામો આગળ ચાલતા હોય કે વધતા હોય તો સમય-સમયના પરિણામમાં એમનો ઉપકાર તો વર્તે જ છે તો ખાલી અંગુલીનિર્દેશ કેમ કહો છો? એનો આદર્શ તો ગુરુની સમક્ષ-સામે રાખીને જ પરિણામ ચાલતા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જુઓ! હવે એમાં એમ છે કે એના પરિણામ - એ પોતે પોતાનો પુરુષાર્થ કરે છે. જોનારો (ગુરુ) પોતાની યોગ્યતાથી જોવે છે. એ પોતે એમ કહે છે કે આમાં મેં શું કર્યું? મેં તો મારું કામ કર્યું. તમારું થોડું કર્યું છે? તો કામ આમ થાય છે એમ મારા અનુભવથી હું તમને કહું છું. તો એ પોતાની સાઈડથી એમ કહે છે કે હું અંગુલીનિર્દેશ કરું છું. પાત્રતાવાળો એમ કહે છે કે તમે આખો આત્મા

જ અમને આપો છો! 'તે તો પ્રભુએ આપ્યો!' પ્રભુ કહતે હૈં ઉનકો, ગુરુ નહીં કહતે ઉસ વક્ત. ક્યા કહતે હૈં? પ્રભુ કહતે હૈં.

યહ લિયા ન 'યમ નિયમ સંયમ આપ કિયો...' પીછે લિયા હૈ. 'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં સબ આગમભેદ સુઉર બસેં.' તો ક્યા હૈ કિ ગુરુકે પરિણામનકો દેખતે હુએ, દેખકરકે ઉનકે પર પ્રેમ આતા હૈ, ભક્તિ હોતી હૈ, ઉપકારબુદ્ધિ હોતી હૈ. તો ઉસ દેખનેમેં ઉસને પરમાર્થકો દેખા કિ શ્રીગુરુ કૈસે આત્મકલ્યાણકો સાધતે હૈં. તો આત્મકલ્યાણ સાધનેકે લિયે જો શાસ્ત્રકા ભેદ માને મર્મ હૈ, ભેદ માને રહસ્ય હૈ વહ રહસ્ય ઉસને વહાઁ ખુલ્લા દેખા. શાસ્ત્રમેં તો છિપા હુઆ હૈ, ખુલ્લા કહાઁ હૈ? મર્મ તો જ્ઞાનિયોંકે હૃદયમેં હૈ. વહ તો કહતા હૈ શાસ્ત્ર (લેકિન વહાઁ) મર્મ નહીં હૈ. મર્મ દેખ લિયા ઉધર જ્ઞાનિયોંકે હૃદયમેં. તો જો બાત શાસ્ત્ર પઢકરકે ભી સમજમેં નહીં આતી, વહ બાત બિના શાસ્ત્ર પઢે સમજમેં આ જાતી હૈ. યહ સત્સંગતીકા માહાત્મ્ય હૈ.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ યોગનું મહત્ત્વ એટલા માટે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- યહી પ્રત્યક્ષ યોગકા રહસ્ય હૈ ઔર મહત્ત્વ ભી હૈ. તો બાત યહી હૈ કિ શબ્દાર્થસે હમેં કોઈ લેના-દેના નહીં હૈ. હમકો હમારે પ્રયોજનસે સંબંધ હૈ. 'તે તો પ્રભુએ આપિયો...' આપ્યો કે ન આપ્યો? બતાવ્યો કે આપ્યો? કિ છોડ જંજટકો! ઈસ જંજટકો તુમ છોડ દો! તુમ અનુભવ કરો તુમકો ક્યા હોતા હૈ. તુમ અપને અનુભવકો દેખો ઔર તુમકો લગતા હૈ કિ મુજ પર ઉપકાર (હુઆ) હૈ તો તુમ્હેં કુછ સિખાના નહીં હૈ. અગર તુમકો ઉપકાર હોતા હૈ ઐસા નહીં લગતા હૈ તબ ભી તુમકો કુછ સિખાના નહીં હૈ. જાઓ! સહજ હોતા હૈ, ઉલટા ભી સહજ, સૂલટા ભી સહજ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમ આવે છે ને કે ઉપાદાન-નિમિત્તનો વિવેક આવે, પણ અહીંયાં તો પાત્ર જીવને એમ કહે છે કે એ જ ઉપાદાન છે! શ્રીગુરુ જ ઉપાદાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, વહ બાત એક અલગ સ્તરકી હૈ. ગુરુદેવ કહતે થે કિ ઐસે સહી નિમિત્તકા ઉપકારબુદ્ધિસે વિવેક આયા તો નિમિત્તકા વિવેક નહીં હૈ, આત્માકા વિવેક હૈ. પરમાગમસાર-૮૩૧ નંબરમેં વહ બાત કહી ઉન્હોંને. આત્માકા વિવેક હૈ, નિમિત્તકા વિવેક નહીં હૈ. ભેદરૂપસે કહે તો ઉસકા મતલબ યહ હુઆ કિ indirectly આત્માકો કલ્યાણકા કારણ હૈ. અભેદરૂપસે કહે તો? તો નિમિત્ત ઔર ઉપાદાનમેં કોઈ અંતર નહીં હૈ. ઐક્ય હો ગયા. ભક્તિભાવસે ઐક્ય હો ગયા. વહ અલગ સ્તરકી બાત હો ગઈ ફીર. સ્તર હી અલગ હો ગયા કિ હમ તો ભેદ દેખતે હી નહીં હૈ.

મુમુક્ષુ :- જે અંતર જોવે છે એને માર્મિકવાતથી..

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો ક્યા હૈ કિ જ્ઞાની ઔર પરમાત્મામેં અંતર દેખતે હૈં. લેકિન યહાઁ અપને આત્મા ઔર ઉનકે આત્માકે અંતરકી બાત ચલતી હૈ. ઐસી બાત હૈ. વહ સ્તર હી બદલ જાતા હૈ.

મુમુક્ષુ :- ૨૧૩ પત્રમાં કીધું છે ને.. તારી કરતા તો અમને અધિક લાગે છે, કારણકે પૂછીએ ત્યારે જવાબ આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! આ ત્યાં સુધી હજી જુદો રાખ્યોને? અહીં તો બેય એક જ છે. પરાભક્તિની છેવટની હદ લીધીને! એવી વાત છે. સ્તર જ આખું જુદું છે. '**મુજે ગુરુને હી સબ કુછ દિયા હૈ ઐસી શુભભાવના આતી હૈ, પરંતુ ઉસસે વ્યવહારકા પક્ષ નહીં આ જાતા. ઉસકી શ્રદ્ધા તો જુદી હી રહતી હૈ.**' શ્રદ્ધામેં તો જો સ્વરૂપ હૈ વહી હૈ. ફીર ભી ભક્તિમેં ઐસા હી ભાવ આયેગા. ઔર ઐસી ભક્તિ જ્ઞાની હી કર પાયેંગે. વહી બાત હૈ. '**યથાર્થ શ્રદ્ધાકી તો બાત કુછ ઔર હી હૈ,...**' યથાર્થ શ્રદ્ધાકી બાત અલગ હૈ. ઉપકારબુદ્ધિકા ભાવ આયે વહ બાત અલગ હૈ. દોનોં અપને સ્થાનમેં ઠીક હૈ. વિરોધ નહીં હૈ. ઉસમેં કોઈ વિરોધ નહીં હૈ. ઐસી શ્રદ્ધાવાલેંકો ઐસા હી ભાવ આયેગા. ઐસા ભાવ આયા તો ઐસી શ્રદ્ધા હોગી. ઐસા હૈ.

'**યથાર્થ શ્રદ્ધાકી તો બાત કુછ ઔર હી હૈ, વહ સહજરૂપસે જ્ઞાનીકો-ભેદજ્ઞાનીકો વર્તતી હૈ.**' જ્ઞાનીકો ઔર ભેદજ્ઞાનીકો દોનોંકો સહજરૂપસે ઐસી શ્રદ્ધા હોતી હૈ ઔર ઐસી ઉપકારબુદ્ધિ ભી હોતી હૈ. દોનોં સાથમેં હોતા હૈ. યહી વ્યવહાર-નિશ્ચયકી સંધિ હૈ, સુમેલ હૈ. અગર ઐસા નહીં હૈ તો નિશ્ચયાભાસ, સ્વચ્છંદ હુએ બિના રહેગા નહીં. જો ભી મુનિ હૈં, જ્ઞાની હૈં, જિસને આત્મસ્વરૂપકી શ્રદ્ધાનકી ઉગ્ર બાતેં કી હૈં, તીખી બાતેં કી હૈં. વહ મહાત્માઓને ભક્તિ ભી તીખી હી કી હૈ. ઉનકી ભક્તિમેં કભી મોળપ નહીં આયી. ઈસકે દો સબૂત હૈ હમારે પાસ. એક નિયમસાર!

ક્ષાયિક પર્યાયકો પરદ્રવ્ય કહનેવાલે ભગવાનકી ઔર ગુરુકી ભક્તિ ઈતની જોરસે કરતે હૈં, જબ ભક્તિકા ભાવ આતા હૈ તો બહુત જોરસે કરતે હૈં. તો ઈસકી ભક્તિ ભી અવ્વલ નંબરકી હોતી હૈ ઔર દૂસરા જીવંત ઉદાહરણ હૈ સોગાનીજીકા! વે શ્રદ્ધાકે વિષયભૂત આત્માકી બહુત તીખી-તીખી બાત કરતે થે ઔર ગુરુભક્તિ ભી તીખી હી કરી ઉન્હોંને કિ મેરે ગુરુ ચતુર્થગુણસ્થાનવર્તી નહીં હૈં! વસ્ત્રવાલે નહીં હૈં! મેરે ગુરુ તો અનંત તીર્થંકરસે અધિક હૈં!! ઓવરબાઉન્ડ જાતે હૈં વે! સ્વરૂપકે-શ્રદ્ધાકે વિષયકી બાત કરેંગે તો ભી ઐસે હી કરેંગે. સબ બાઉન્ડ્રી છૂટ જાયેગી. ઔર ભક્તિ કી બાત કરેંગે તો વહ ભી લિમિટકે બાહર જાયેંગે.

આગ્રામેં પહલે ૮૪મેં શિબિર લગી, કરીબ ૧૨-૧૩ સાલ હો ગયે. તો (વહાઁકે મુમુક્ષુ)ને વહ ચાકળા - અનંત તીર્થંકરોસે અધિકવાલા સ્ટેજ પર લગા દિયા. તો સબ શ્રોતાજનોંકો પઢનેમેં આયા. હમલોગોંકે પીછે. દોપહરકી ચર્ચા રખી થી. વહાઁ તો દિગંબર સમાજ બડા હૈ. અપના સમાજ બહુત છોટા હૈ. લોગ ૪૦૦-૫૦૦જન આતે થે. એક જવાન આદમી ખડા હો ગયા, ગરમ હો ગયા. યહ ક્યા લિખા હૈ? હમારે અનંત તીર્થંકરોંકી અવમાનના હોતી હૈ. યહ કૈસે બરદાશ્ત હો સકતા હૈ? ઔર બોલે ઔર ઉન્હેં કહા કિ બેઠો-બેઠો. થોડા શાંતિસે બાત કરો. હમ હી ચલાતે થે પ્રશ્નકા દૌર. હમ બોલે કિ (અગર) આપ દરિદ્રી હો, જગતમેં કરોડપતિ-અરબપતિ ભી બહુત હૈં, લેકિન જો લખપતિ તુમકો લાખ રૂપિયા દે દે ઔર તુમ હો જાઓ અરબપતિ, તો દુનિયાકે અરબપતિસે વહ લખપતિ તુમ્હારે લિયે જ્યાદા-અધિક હૈ કિ નહીં હૈ? તો ઉસને કહા, હા હૈ! તો યહ બાત વૈસી હૈ. વહ પૂરા પઢો. લિખતે હૈં કિ હમારા પ્રયોજન ગુરુસે સિદ્ધ હુઆ ઈસલિયે હમ વહાઁ ઐસા કહતે હૈં. વહાઁ તો કારણ ભી લિખા હૈ. અધૂરી બાત નહીં લિખી હૈ, પૂરી લિખી હૈ. ઔર ક્યા લિખા હૈ? 'મેરે લિયે' અનંત તીર્થંકરસે અધિક હૈ. સારે જગતકે લિયે યહ કાનજીસ્વામી અનંત તીર્થંકરોંસે અધિક હૈં ઐસા ઉન્હોંને બોલા ભી નહીં ઔર કહા ભી નહીં. બાત ઉનકી વ્યક્તિગત ઉપકારબુદ્ધિકી હૈ. ઉસમેં આપકો ક્યા આપત્તિ હૈ? આપ ઉસકો સિદ્ધાંતમેં ક્યોં ખીંચ જાતે હો? ઉસકી ખુદકી ભક્તિ હૈ. આપ અડાતે હો સિદ્ધાંતવાલી બાત ઉસમેં. બાત ભક્તિકી આપકો સમજમેં ભી આયેગી નહીં. ભક્તિ કૈસે હોતી હૈ વહ બાત ભી આપકી સમજમેં નહીં આયેગી. તો ફિર આદમી કાફી શાંત હો ગયા. ઐસી બાત હોતી હૈ.

મુમુક્ષુ :- મહાવીરજીમેં ભી આપને બહુત અચ્છી બાત કહી થી. શ્રીમદ્‌જીકા પત્ર ચલ રહા થા ન? તબ કહા થા કિ સોગાનીજી સરીખી યોગ્યતા આયે તુમ્હારેમેં તબ તુમકો પતા પડે કિ કિતના ઉપકાર હુઆ ગુરુદેવકા. યોગ્યતાકે બિના વહ ખબર નહીં પડતી કિ જ્ઞાનીકા કિતના ઉપકાર હૈ. બહુત અચ્છી બાત કહી થી.

પૂજ્ય ભાઈશ્રી :- જો રાસ્તે પર વે લોગ ગુજરે હૈં ઉસ રાસ્તે પર ગુજરે બિના અનુભવજ્ઞાન કભી નહીં હોતા ઔર અનુભવ જ્ઞાન હી બલવાન હૈ, પ્રમાણ હૈ, બલવાન પ્રમાણ હૈ, બાકી તર્ક લડાનેસે કોઈ ફાયદા નહીં હૈ. વહ કલ્પના હો જાયેગી.

સ્વરૂપકે વિષયમેં ભી સ્વરૂપકા વિશેષણ, વિશેષતાએ સુનકરકે, પઢકરકે કલ્પનામેં નહીં ચઢના. વહ અનુભવકા વિષય હૈ. વિચાર, કલ્પનાકા વિષય નહીં હૈ. સ્વરૂપ તો અનુભવકા વિષય હૈ. અનુભવકા પ્રયાસ કરો ઔર અનુભવમેં આકરકે માનો. માન્યતા તો અનુભવસે હોતી હૈ. બિના અનુભવસે માન્યતા હોતી હી નહીં કભી.

'યથાર્થ શ્રદ્ધાકી તો બાત કુછ ઔર હી હૈ, વહ સહજરૂપસે જ્ઞાનીકો-ભેદજ્ઞાનીકો વર્તતી હૈ. જિજ્ઞાસુકો ભી...' માને મુમુક્ષુકો ભી **'બુદ્ધિપૂર્વક જો શ્રદ્ધા હૈ ઉસ શ્રદ્ધામેં ભૂલ નહીં આતી.'** યથાર્થ શ્રદ્ધાનમેં ભૂલ નહીં હોતી ઔર યથાર્થ ભક્તિમેં ભી ભૂલ નહીં હોતી. દોનોં જગહ ઉસકો ભી ઐસા હોતા હૈ, ઈસકો ભી ઐસા હોતા હૈ.

'ગુરુકી ભક્તિ કરે ઉસમેં શ્રદ્ધાકી ભૂલ નહીં આતી,..' આતી હી નહીં. ગુરુકી ભક્તિ કરે ઉસમેં કોઈ શ્રદ્ધાકી ભૂલ હો જાતી હૈ, ઐસા કહે તો વહ સમજતા હી નહીં ઉસ બાતકો. **'ઉસમેં વ્યવહારકા પક્ષ નહીં આતા.'**

મુમુક્ષુ :- ઉલટાનો દર્શનમોહ ગળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દર્શનમોહ ગલતા હૈ.

'જિજ્ઞાસુ દેવ-શાસ્ત્ર-ગુરુકી ભક્તિ કરતા હૈ...' ઉસકો આતી હી હૈ, હોતી હી હૈ. **'તથાપિ વ્યવહારકા પક્ષ નહીં આ જાતા.'** વ્યવહારકા પક્ષ આતા નહીં હૈ. વહ ભય રખના ગલત હૈ. રખના હી નહીં ચાહિયે. **'ઉસમેં સર્વસ્વ માને તબ વ્યવહારકા પક્ષ** (આ જાતા) **હૈ.'** વહ તો હોતા હી નહીં હૈ. શ્રદ્ધા શ્રદ્ધાકે સ્થાનમેં હૈ, ભક્તિ ભક્તિકે સ્થાનમેં. દોનોં પરિણામ હૈ ઉસકો. ઈસલિયે ઉસકો એક બાત હોતી તો એકાંત હો જાતા. દોનોંમેસે એક હી હોતા ઔર દૂસરા નહીં હોતા તો એકાંત હો જાતા. શ્રદ્ધાવાલેકો ભક્તિ નહીં હોતી તો શ્રદ્ધા યથાર્થ નહીં રહતી, એકાંત હો જાતા. ઔર ભક્તિવાલેકો શ્રદ્ધા નહીં હોતી તો ભક્તિકા એકાંત હો જાતા. શ્રદ્ધા નહીં રહતી. યહ દોનોં સાથમેં હી રહતે હૈં. ઔર જિતના ઉગ્ર શ્રદ્ધાકા પરિણમન, ઉતના હી ભક્તિકા ઉગ્ર પરિણમન આયેગા. યહ સબૂત હૈ ઈસ બાતકા. ઐસી બાત હૈ.

'જિનકો ભેદજ્ઞાન પ્રગટ હુઆ હૈ ઐસે આચાર્ય ધવલાદિ શાસ્ત્રોંકી રચના કરતે હૈં,..' દેખો! વીરસેનસ્વામી. ભગવાન વીરસેનસ્વામી. બહુત સમર્થ આચાર્ય હુએ. કલિકાલ સર્વજ્ઞ બોલે જાતે થે. ક્યા બોલતે થે લોગ? કિ કલિકાલકે સર્વજ્ઞ હૈં. દેખો!

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિશેષ સર્વસ્વ માને ત્યારે..

પૂજ્ય ભાઈશ્રી :- સર્વસ્વ માને એટલે એકાંત કરે એમ. એકાંત કરે. ઈસલિયે સર્વસ્વ શબ્દકી જગહ અપને ઉસકા અર્થ એકાંત કર દિયા. બાકી બોલનેમેં તો સર્વસ્વ હી બોલેગા. કિ ગુરુ મેરા સર્વસ્વ હૈ, મૈં તો કુછ નહીં હૂઁ, મેરા અસ્તિત્વ હી કહાઁ હૈ? શ્રીગુરુમેં મેરા અસ્તિત્વ આ જાતા હૈ - ઐસા બોલેગા! બોલનેમેં આયેગા. શ્રદ્ધા અપને સ્થાનમેં હૈ, ભક્તિ અપને સ્થાનમેં હૈ, યહ બાત હૈ.

'જિનકો ભેદજ્ઞાન પ્રગટ હુઆ હૈ ઐસે આચાર્ય ધવલાદિ શાસ્ત્રોંકી રચના કરતે હૈં, કોઈ અધ્યાત્મ-શાસ્ત્ર રચતે હૈં,...' કુંદકુંદાચાર્ય જૈસે. ઉન્હોંને કરણાનુયોગકી રચના

કી. **'તો ઉસમેં પક્ષ આ જાતા હૈ?'** ઉનકો કોઈ કરણાનુયોગકા શાસ્ત્ર લિખનેસે વ્યવહારકા પક્ષ આતા નહીં હૈ. ઔર **'પદ્મનંદી આચાર્યને ભક્તિકે શાસ્ત્ર રચે હૈં,...'** પંચવિંશતિ ૨૬ અધિકારમેં કઈ સ્તોત્રકે અધિકાર હૈં. ઐસી ભક્તિ કરે કિ પ્રભુ! આપમેં તો ઉતના મીઠાપન હૈ, ઉતના મીઠાપન હૈ કિ યહ જો ગન્ના-શેરડી હૈ ચિચોડેમેં પીલાને લગ ગઈ કિ મેરેમેં ક્યા હૈ? ઔર દ્રાક્ષ શરમ ખા કરકે જંગલમેં ચલી ગઈ. ક્યા આપકા મીઠાપન હૈ! આપ તો બહુત મીઠે લગતે હૈં હમકો. ઉસકે આગે ગન્ના ઔર દ્રાક્ષ કુછ લગતે નહીં હૈ.

આચાર્ય મહારાજ, મહાન આચાર્ય છઠે-સાતવેં ગુણસ્થાનમેં ઝુલતે હૈં. કૈસી-કૈસી બાત કરતે હૈં! ભક્તિ-ભક્તિકે ઢંગસે હોતી હૈ. ભગવાનકી ભક્તિ કરનેકો બૈઠે ઔર તબ - આપ મેરા કુછ નહીં કર સકતે! આપ ભિન્ન હૈ! મૈં ભિન્ન હૂઁ! મૈં ભી સર્વજ્ઞ હૂઁ! મૈં ભી આપકે બરાબર હૂઁ! આપ મેરે બરાબર હૈં! - વહ કોઈ ભક્તિકા તરીકા નહીં.

હમારે એક મુમુક્ષુકો સ્વચ્છંદ બહુત હો ગયા, મુંબઈમેં હૈ. પેન્ટ-શર્ટ ઈનસર્ટ કરકે આયા મંદિરમેં. પેન્ટકી દો જેબમેં ઐસે હાથ રખ દિયા. ઐસે ખડા હો ગયા! નમસ્કાર નહીં કરુંગા! નહીં કરના હૈ! - ખ્યાલા ફટ જાતા હૈ - મૈં ભી સર્વજ્ઞ હૂઁ! મૈં ભી પરમાત્મા હૂઁ! મૈં વંદન નહીં કરુંગા! ઠીક હૈ! ભગવાન તો વીતરાગ હૈ. ઉનકો ક્યા લેના-દેના. કોઈ સ્વચ્છંદ કરો! કોઈ ભક્તિ કરો! ઉનકો કોઈ લેના-દેના હૈ હી નહીં. ઐસા હોતા હૈ! ઐસા ભી હોતા હૈ! પરિણામકા કોઈ ઠિકાના નહીં રહતા.

વહી આદમી હમારે પાસ આયા. હમકો જિનમંદિર કરના હૈ, હમકો સ્વાધ્યાય હોલ કરના હૈ, હમ ૧૫ લાખ દેંગે, હમ ઈતને લાખ દેંગે. ઠીક હૈ ચલો. દેખો! ક્યા જીવકે પરિણામ હોતે હૈં. વહ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' પઢકરકે ફિર ખ્યાલા ફટ ગયા, ફટ ગયા. ઐસા હોતા હૈ. ઈસલિયે ગુરુદેવને પહલે સીમિત કર દિયા થા યહ. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'કો સીમિત કર દિયા થા.

તો ભક્તિકા શાસ્ત્રકી રચના કરતે હૈં તો ઉસમેં વ્યવહારકા પક્ષ આતા નહીં હૈ. **'વહાઁ ભી ભેદજ્ઞાનકી ધારા સાથમેં વર્તતી હૈ.'** જ્ઞાનીકે દૃષ્ટાંતસે ફિર યહ મુમુક્ષુકી બાત કરેંગે. દૃષ્ટાંત લિયા હૈ. સિદ્ધાંતકો સમજના હૈ. જિજ્ઞાસુકા-મુમુક્ષુકા. તો વહ બાત કરેંગે થોડા. ખોલ કરકે બાત કરેંગે. સમય હો ગયા હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આલોચનાકે પાઠમેં આતા હૈ એક જો હોવે.. તુમ તીનલોકકે સ્વામી મૈં તો.. આપણને એમ લાગે કે આ વ્યવહારનું કથન છે એટલે કર્તાબુદ્ધિવાળો થઈ ગયો છે. એક રાજા હોય, ગાઁવકા જો મુખિયા હોવે, વહ ભી જનતાકા દુઃખ

દૂર કરતા હૈ તો કહે હે ભગવાન! આપ તો તીનલોકકે નાથ હૈં. યદિ આપ મેરા દુઃખ દૂર નહીં કરો તો આપ તો એક ગાઁવકે મુખિયાકે બરાબર ભી નહીં રહોગે.

પૂજ્ય ભાઈશ્રી :- તો ક્યા હૈ કિ અન્યમતિ જૈસી ભક્તિ કરતે હૈં જ્ઞાની. આચાર્ય કરતે હૈં કિ આપ હમારે કામ કરો, કરતે હૈં, આપને બહુત કિયા હૈ. અભી ભી કરો.

મુમુક્ષુ :- એમાં શું સમજવું?

પૂજ્ય ભાઈશ્રી :- વહ અર્થ કરનેકી બાત નહીં હૈ, ભક્તિ કરનેકી બાત હૈ. અર્થ કરનેકી બાત નહીં હૈ. હમારી આદત બન ગઈ હૈ હર બાતોંકા અર્થ કરનેકી. વહાઁ અર્થ નહીં કરનેકા, વહાઁ ભક્તિ કરનેકી હૈ - ઐસી બાત હૈ. ભક્તિભાવમેં ઐસા હી હોતા હૈ. વહાઁ અર્થ-બર્થકે સવાલ નહીં હૈ. હમકો ભક્તિકે પદ સુનકરકે અર્થ નહીં કરના. ભક્તિકે પદમેં ભક્તિ હી કરની હૈ. ભક્તિ કરનેકે લિયે ભક્તિકે પદ હૈં. અર્થ કરનેકે લિયે નહીં હૈ. અર્થ કરનેકે લિયે દૂસરે બહુત શાસ્ત્ર હૈં.

❁

જે જીવને સંયોગની પ્રતિકૂળતાનો ડર - ભય છે, તે સંયોગની અનુકૂળતાનો ઇચ્છુક છે. જે જીવને અપમાન / અપકીર્તિનો ભય છે; તે જગતની આબરૂ - કીર્તિનો કામી છે.

પરમાં ઇષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિથી - જીવ ઉદયમાં સાવધાન રહ્યા કરે છે. તેથી ઉદયભાવથી નિવૃત્ત થઈ શકતો નથી, છતાં બાહ્યમાં સંયોગ-વિયોગ તો પૂર્વ કર્મના ઉદય અનુસાર છે. જેનું કારણ પૂર્વે કરેલાં જીવના (પોતાના) શુભાશુભ પરિણામ છે. જે પરમાર્થે દુઃખરૂપ છે. વિચારવાન જીવ તો તેનાં (શુભાશુભના) નાશનો ઉપાય કરે છે, તે વાસ્તવિક દીર્ઘ દૃષ્ટિ છે અથવા સત્ય દૃષ્ટિ છે. ટુંકી દૃષ્ટિમાં જીવ માત્ર વર્તમાન પ્રવૃત્તિમાં (ઉદય ફેરવવામાં) રત રહે છે. તેથી શાશ્વત તત્ત્વ પ્રત્યે તેનું ધ્યાન જતું નથી.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૧૦૧)

તા. ૧૦-૧૦-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૯
પ્રવચન નં. ૧૮૪

સ્વાનુભૂતિદર્શન. પ્રશ્ન-૨૩૯. '**સાધકની ભૂમિકામાં શુભરાગ આવે તેને સાધક હેયરૂપે જાણે છે તે બરાબર છે.**' સાધક એટલે જ્ઞાની અહીંયાં લેવા છે. '**જિજ્ઞાસુની ભૂમિકામાં...**' એટલે મુમુક્ષુ. '**આપ કહો છો તેમ, અંદરમાં જ્ઞાયક અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ બંને રહે છે,...**' (જો કે) એ તો જ્ઞાનીને પણ બન્ને રહે છે. જિજ્ઞાસુને પણ બન્ને રહે છે. '**પણ અમને એમ લાગે છે કે દેવ-ગુરુને જો સાથે રાખવા જઈએ તો અનાદિનો જીવને વ્યવહારનો પક્ષ છે, તેની રુચિ છે, તેથી વ્યવહારની રુચિ થવાની શક્યતા નથી લાગતી?**' અથવા તો પોતાને શક્યતા લાગે છે એમ.

સાથે-સાથે એમ પ્રશ્ન નથી ઉઠતો કે એકલું જ્ઞાયકનું કરવા જશો તો નિશ્ચયાભાસ થવાનો ભય નથી લાગતો? એ નથી લીધું. અવળું નથી પૂછ્યું. કેમકે શક્યતા તો બેયની છે - વ્યવહારાભાસની અને નિશ્ચયાભાસની. ઠીક છે. ચાલતા વિષય ઉપર પ્રશ્ન છે. ચર્ચા ચાલતી હશે એના ઉપર પ્રશ્ન છે.

'**સમાધાન :- રુચિવાળા જીવને દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે આવ્યા વગર રહેતા નથી.**' શું કહે છે? રાખવાનો સવાલ નથી, આવ્યા વગર રહેતા નથી. કેમકે સિદ્ધાંતમાં રાગ કરવો એ વાત નથી. વીતરાગ માર્ગની અંદર રાગ કરવાનો ક્યાંય ઉપદેશ નથી કે તમે રાગ કરજો અને તમે જે રાગ કરશો એનાથી તમારું કલ્યાણ થશે, તમને શાંતિ મળશે - એવી વાત નથી. તેમ છતાં પણ અપવાદ છે આ. મોક્ષમાર્ગમાં સિદ્ધાંતમાર્ગ અને અપવાદમાર્ગ એ બંનેનો સ્વીકાર છે. સિદ્ધાંતમાર્ગ એવો છે, એક સમયમાં પૂર્ણ-વીતરાગ થવાતું હોય તો બીજો સમય જોતો નથી, પણ ચારિત્રમોહ ક્રમે કરીને પૂર્ણ થતો હોવાથી વચ્ચે અધૂરી દશામાં રાગ આવ્યા વગર રહેતો નથી. અને એ રાગનો પણ એવો સિદ્ધાંત છે કે ભૂમિકા અનુસાર રાગ આવે અને ભૂમિકા બહારનો રાગ ન આવે, એમ.

બીજું, ભૂમિકા અનુસારનો રાગ આવે એટલે ભૂમિકા અનુસારનો રાગ ન હોય તોપણ એ યથાર્થતા નહીં રહે, સમ્યક્‌તા નહીં રહે. એમ બીજા પડખેથી પણ એ વિષય જેમ છે એમ સમજવો જોઈએ. એટલે શું કહે છે? યથાર્થ જિજ્ઞાસા, યથાર્થ મુમુક્ષુતા અથવા યથાર્થ રુચિવાળા જીવને દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. એટલે એને વચ્ચે એ રાગ આવ્યા વગર રહે જ નહિ. રાગી જીવ છે, હવે સંસારનો રાગ તો કરે છે, (પણ) આત્માની રુચિ થયા પછી એના રાગમાં ફેર પડે છે એમ કહેવું

છે. રાગ પહેલાના જેવા એવા ને એવા રહે અને અહીંયાં મુમુક્ષુતા પ્રગટે એમ પણ નથી. એમાં પણ ફેર પડે. કે એનો જે કુટુંબ-પરિગ્રહ પ્રત્યેનો રાગ હતો એ ઘટી અને એની અર્પણતા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે આવે છે. એવો ફેરફાર મુમુક્ષુતામાં પણ થઈ જાય છે. એટલે આવ્યા વગર રહેતો નથી. કરો એમ કહેવું નથી, સહજ આવ્યા વગર રહે નહિ. એમ છે.

'**મને મારું સ્વરૂપ કેમ ઓળખાય,...**' પોતાને ભાવના તો-જિજ્ઞાસા તો રહે છે ને કે મને મારું સ્વરૂપ કેમ ઓળખાય? તો સીધું તો ઓળખાય એવું નથી. '**ગુરુ મને શું માર્ગ બતાવે છે,...**' ગુરુ આનો કાંઈ ઉપાય બતાવે છે? તો વચ્ચે ગુરુ આવે છે. ગુરુ બતાવે છે તો એના પ્રત્યેનું બહુમાન પણ આવે છે. રાગમાં ઊભો છે. '**ગુરુ મને શું માર્ગ બતાવે છે, ગુરુએ શું કહ્યું છે, એવા વિચારો તેને આવ્યા વગર રહેતા નથી.**' વચ્ચે ગુરુનો વિષય આવ્યા વિના રહેતો નથી.

'**પણ તેથી તેને વ્યવહારનો પક્ષ આવી જાય છે તેમ નથી.**' એવી રીતે વચ્ચે ગુરુનો મહિમા આવે એટલે એને વ્યવહારનો પક્ષ થઈ જાય એવું માનવાની જરૂર નથી અને એ તો સ્વરૂપનો મહિમા આવે છે તો સ્વરૂપનો પક્ષ એકવાર આવે છે. પેલો વ્યવહારનો પક્ષ બદલીને નિશ્ચયનો પક્ષ આવે છે. એ પક્ષ આવે જ નહિ એવું નથી. ક્રમમાં આવે જ છે, આવ્યા વગર રહે નહિ. પછી પક્ષાંતિક્રાંત થાય. વ્યવહારના પક્ષવાળાને કોઈ પક્ષાંતિક્રાંત થાય એવું બને નહિ. વ્યવહારના પક્ષવાળો નિશ્ચયના પક્ષમાં આવ્યા પછી નિશ્ચયનો પક્ષ મટી અને પક્ષાંતિક્રાંત થાય એટલે અનુભવ થાય એને. જે ક્રમ છે એ ક્રમ પણ સમજવો જોઈએ. અનેક પ્રકારે ક્રમ બોધેલો છે એને સમજવો જોઈએ. સમજીને કૃત્રિમ કરવાનો સવાલ નથી, એમ.

'**તેને ભાવના રહે છે તેથી ભક્તિ આવ્યા વગર રહેતી નથી.**' ભાવનાવાળાને ભક્તિ આવ્યા વિના રહે નહિ. ભક્તિ પોતે એક ભાવનાનું સ્વરૂપ છે. એટલે એ કાંઈ આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં જે જિજ્ઞાસુ જીવ છે એને વ્યવહારમાં સહજતા હોય, એવું લઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- અને નિશ્ચય માટે પ્રયત્ન કરવો પડે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન કરે છે પણ એમાં પણ સરવાળે વાત તો સહજતાની છે. કારણકે નિશ્ચયદશા પણ સહજ આવે છે, કૃત્રિમતાથી આવતી નથી. એટલે મૂળ એ વાત સહજ છે. પુરુષાર્થ એટલે કરું.. કરું.. એમ નહિ. વીર્યગુણનો સહજ ઉછાળો,

સહજ ઉછાળો એનું નામ પુરુષાર્થ છે. ખરો પુરુષાર્થ એનું નામ. પુરુષાર્થ કરવાનો વિકલ્પ તે પુરુષાર્થ નથી. પણ પહેલા આવે છે કોઈને. પુરુષાર્થનો ઉછાળો આવ્યા પહેલા એને પુરુષાર્થ કરવાનો વિકલ્પ આવે ખરો. એ કૃત્રિમ વિકલ્પ એ કોઈ પુરુષાર્થનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- કૃત્રિમ નહિ એટલે પ્રયત્ન તો રહેને?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન એટલે એ બાજુનો સંવેગ રહે, વેગ રહે. તેમાં સહજતા હોવી જરૂરી છે. શરૂઆતમાં સહજ ન હોય તો ભલે એ વિકલ્પથી જરા જોર કરે. પણ સરવાળે તો જે સહજતા છે એ જ એની અસલિયત છે. જે વિકલ્પ કરી કરીને ઉઠાવવો પડે ત્યાં સુધી હજી નકલ છે, અસલ નથી. અસલિયત તો સહજ જ છે. આપણને એમ કહે કે ભાઈ ઘરમાં બાળકનો જન્મ થાય તો એના પ્રત્યે વહાલ કરવાનો પુરુષાર્થ કરવો પડે? કે સહજ થાય. હવે કોઈને મગજનું ચિત્‌ભ્રમ થયું હોય, સામાન્ય રીતે માને તો બાળક પ્રત્યે વાત્સલ્ય હોય, હોય અને હોય જ. પણ કોઈ મગજની ખરાબી થઈ ગઈ અને એ બાળકને વહાલ ન કરતી હોય એવું જોવામાં આવે, તો ઘરના માણસો ચિંતિત થાય કે આની કાંઈક માનસિક સ્થિતિ બરાબર નથી. એટલે એને શું કહે? કે તું તારા દીકરાને વહાલ કેમ કરતી નથી? પોતાના દીકરા પ્રત્યે તને વહાલ હોવું જોઈએ. તો બહુ ખરાબી ન થઈ હોય તો એમ કહે કે પણ હવે મને સહેજે ભાવ ન આવતો હોય તો મારે શું કરવું? તો કહે, તું પ્રયત્ન કર. પણ પરાણે પ્રેમ કરવો પડે એ પ્રેમનું અસલી સ્વરૂપ નથી.

એમ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે.. એ ગુણવાન છે, ગુણીયલ આત્માઓ પ્રત્યે સહેજે પ્રેમ આવે, વાત્સલ્ય આવે. ન આવે તો એને એમ કહેવું પડે કે ભાઈ! આ તારી ખામી છે. પ્રયત્ન કર એ દિશામાં! એમ કહેવું પડે. પણ પરાણે તો કાંઈ થાય નહિ અને પરાણે થાય એ યથાર્થ હોય નહિ. એવી રીતે પોતાના આત્માનું છે. એ ગુણભંડાર છે. તને ગુણનો પ્રેમ હોય તો આ ગુણનિધાન છે. તને તારા આત્માનો પણ પ્રેમ આવવો જોઈએ. ન આવે તો તું પ્રયત્ન કર એ દિશામાં. એમ કહે. પણ અસલ તો સહજ જ છે. અસલ જે છે એ સહજ છે. એમ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પણ ભેદજ્ઞાન માટે પ્રયત્ન કરે, એ પ્રકારનો પ્રયત્ન લઈએ... સહજ પ્રયત્ન...

પૂજ્ય ભાઈશ્રી :- હા એ શરૂઆતમાં બધે વિકલ્પ કરીને સહજ ન થતું હોય ત્યાં સુધી વિકલ્પ ઊઠે અને ઉઠાવે મુમુક્ષુ. પણ મૂળ વાત તો એ છે કે સહજ આવવું જોઈએ. એટલે એમ કહે છે કે આવ્યા વગર રહેતા નથી. ભક્તિ પણ આવ્યા વગર રહેતી નથી એમ વાત આવી. ભાષા કેવી આવી? કે '**દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે આવ્યા**

વગર રહેતા નથી.' અને તેમની ભક્તિ પણ આવ્યા વગર રહેતી નથી.

'**ગુરુ એમ કહે છે કે તું તારા શુદ્ધાત્માને ઓળખ, બધા શુભભાવથી તારો શુદ્ધાત્મા જુદો છે.**' તું શુદ્ધાત્માને ઓળખ અને શુભભાવથી તારો આત્મા જુદો છે. એમ ઓળખાવા માટે પણ એવી જ વાત કરે છે ભિન્ન આત્માની. '**છતાં જિજ્ઞાસુને શુભભાવ આવ્યા વગર રહેતા નથી,...**' આ વચ્ચે એક અનિવાર્ય પરિસ્થિતિ છે કે રાગનું પડખું પણ બદલી જાય છે. પહેલા સંસારનો તીવ્ર રાગ હતો, સંસારીઓનો તીવ્ર રાગ હતો. હવે એણે સ્થાન બદલ્યું દેવ-ગુરુ-શાસ્ત્રમાં, પછી એ પરિણામ આત્મામાં આવશે. સીધા નહિ આવે. કોઈને સીધા આવે પણ નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરની રુચિવાળા..

પૂજ્ય ભાઈશ્રી :- ના. ના. પરની રુચિવાળા નહિ. આત્માની રુચિવાળા લેવું. જેને આત્મકલ્યાણ કરવાની રુચિ અને જરૂરત લાગી છે એની વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! તો આ દેવ-ગુરુ-શાસ્ત્ર વચમાં કેવી રીતે આવે?

પૂજ્ય ભાઈશ્રી :- કોણ સમજાવે એને આત્મકલ્યાણ? કોઈ સમજાવે ત્યારે એને આત્મકલ્યાણ કરી શકેને? તો ગુરુ એને સમજાવે છે. ગુરુ વચ્ચે આવ્યા કે ન આવ્યા? એમ.

'**છતાં જિજ્ઞાસુને શુભભાવ આવ્યા વગર રહેતા નથી, પણ તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી.**' એનો પક્ષ ક્યારે આવે? વજન જવામાં ફરક પડે ત્યારે. એમ. લક્ષમાં એ વાત હોય કે ખરેખર તો મારે મારા શુદ્ધ પરિણામ કરવાના છે ત્યારે મારું આત્મકલ્યાણ થશે, પણ એવું સમજાવનાર પ્રત્યે પણ એને ભક્તિભાવ આવ્યા વગર રહે નહિ. એ ભક્તિભાવ આવે માટે એને ત્યાં વ્યવહારનયનો પક્ષ બંધાઈ જાય છે એમ પણ નથી.

મુમુક્ષુ :- વજન ફેર એટલે ત્યાં કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- વજન ફેર એટલે શું છે? કે પોતાના અંતર પુરુષાર્થને ભૂલી જાય. એ વાત વિસ્મરણ કરી જાય અને રાગની લાઈને ચડી જાય અને પછી ભક્તિ ને વિધાન ને પૂજા, એ બધા એના બહારના વિષય ઉપર જાય પછી રાગ અને રાગના વિષયો.. રાગ અને રાગના વિષયો.. ટૂંકમાં એમાં જ લાગી પડે. એવા જીવો પણ હોય છે.

મુમુક્ષુ :- એ જ સર્વસ્વ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જાણે એને કરતા બધું થઈ ગયું. એમ નહિ.

પક્ષ કરવામાં શું કરે છે? કે જીવ એકત્વ કરે છે. જે યથાર્થ છે એમાં જીવને

અનાદિનો વ્યવહારનો પક્ષ તો છે જ. વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્ર આવ્યા માટે એણે પક્ષ કર્યો એમ નથી. એ તો છે જ. હવે યથાર્થતા હોય ત્યારે એ રાગ આવે ત્યારે એ પક્ષ નબળો પડે. એવી જ રીતે નિશ્ચયમાં છે કે નિશ્ચયનો ખોટો પક્ષ આવે ભાવભાસન વગર તો એકાંતે નયાભાસથી સ્વચ્છંદ થાય, નિશ્ચયાભાસ થાય. એ એમ માને કે મને નિશ્ચયનો પક્ષ છે. યથાર્થ આવે ત્યારે એને નિશ્ચયના વિકલ્પો પ્રત્યેનું એકત્વ મોળું પડવા માંડે. તો અતિક્રાંત થાય. નિશ્ચયનયનો પક્ષ આવે, એમાં વિકલ્પો આવે એમાં એકત્વ થાય, પણ એ મોળું પડતું-પડતું તૂટી જાય. એમ થાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જિજ્ઞાસુને નિશ્ચય અને વ્યવહારમાં વજન કઈ બાજુ વધારે હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે પ્રસંગ ઉપર (આધારિત) છે. જેમકે ગુરુદેવનો વ્યાખ્યાનનો સમય થયો હોય, તો પૂજા કરવા બેસે અથવા પૂજા કરીને મોડું કરે તો એને ત્યાં વ્યવહાર ઉપર વજન વધારે પડતું છે, ખોટું વજન છે. એ જ વ્યાખ્યાનનો સમય થયો, તો કહે મારે એકાંતમાં બેસીને ચિંતવન કરવું છે, મારા આત્માનું કરવું છે મારે. વ્યાખ્યાનમાં શુભભાવ આવે છે - તો એનું નિશ્ચય ઉપરનું વજન ખોટું છે. (ત્યાં) વ્યવહાર ઉપરનું વજન ખોટું છે, અહીંયાં નિશ્ચય ઉપરનું વજન ખોટું છે. એટલે તો ભૂલે છે લોકો. બૅલેન્સ કેમ રાખવું? એની સમજણ ન હોય એટલે યથાર્થતા ન આવી હોય, જેને આપણે યથાર્થતા કહીએ. યથાર્થતા ન આવી હોય તો ભૂલે, અયથાર્થતામાં ભૂલે, યથાર્થતાવાળો ન ભૂલે. એટલે એ તો આપણે મોટું પ્રકરણ ઊભું કર્યું છે - યથાર્થતા-અયથાર્થતાનું તો.

સમયસાર વાંચે છે. શાસ્ત્ર તો ઊંચું છે. યથાર્થ છે કે અયથાર્થ? એ કહો. વાંચન યથાર્થ છે કે અયથાર્થ છે? સમયસાર વાંચે એનો વાંધો નથી, વાંધો અયથાર્થતા સામે અમારે જરૂર છે. પણ સમયસાર સંભળાવનાર હોય છે. સાંભળવું કે ન સાંભળવું? એમ પૂછે. એમ નહિ. એ વાંચે છે એ યથાર્થ વાંચે છે તો સાંભળવું. યથાર્થ ન વાંચે તો સમયસાર પણ ન સાંભળવું. એની પાસેથી ન સંભળાય. મોટાભાગે એવું થતું હોય છે કે વાંચન કરનારાઓ અને શ્રોતાઓ ઊંચામાં ઊંચું શાસ્ત્ર પસંદ કરે, ઊંચામાં ઊંચી ગાથા પસંદ કરે અને ક્ષયોપશમમાં અહંભાવની પુષ્ટિ કરે. વક્તા હોય તો એ દેખાડો કરે કે જુઓ બીજા કરતા કેવું આવે છે મારું! કેવું સરસ પ્રવચન આપી શકું છું! તો આપણે એનો અહંભાવ પોષવાનું નિમિત્ત થવાની પણ જરૂર નથી. ભલેને સમયસાર વાંચે એટલે શું થઈ ગયું?

એ પ્રશ્ન આગ્રાની પહેલી શિબિરમાં નીકળ્યો હતો. પછી એટાથી એક વિદ્વાન આવ્યા

હતા. ગુજરી ગયા. વૃદ્ધ હતા. એણે આ પ્રશ્ન પોતાના સ્વાધ્યાયમાં ઉપાડ્યો હતો કે સમયસાર બધા પાસેથી ન સંભળાય, એમ કરીને. એમાં એણે બહુ સરસ દૃષ્ટાંત આપ્યો હતો કે ગંગાજળ પીવું કે ન પીવું? કેમકે જ્ઞાન ગંગાજળ છે. કોઈ સીધો પ્રશ્ન કરે કે ભાઈ! ગંગાજળ પીવું કે ન પીવું? તો કહે ગંગાજળ ન પીવાનો સવાલ જ હોય નહિ, પીવાય. પણ કોઈએ દારૂ જે ગ્લાસમાં પીધો હોય એ ગ્લાસ પછી એમ ને એમ પડ્યો રહ્યો હોય, સાફ ન થયો હોય એટલે ભલે અત્યારે એ ગ્લાસ દારૂવાળો દેખાતો નથી. (કારણકે) આલ્કોહોલ છે એટલે સુકાઈ જાય, થોડી મિનિટમાં સુકાઈ જાય. હવે એમાં ગંગાજળ નાખીને પીવું કે ન પીવું?

તો સામાન્ય માણસની બુદ્ધિ પણ ના પાડશે. સામાન્યમાં સામાન્ય બુદ્ધિ(વાળો) માણસ શું કહેશે? આમાં ન પીવાય હો! જે ગ્લાસમાં માણસ દારૂ પીતા હોય એ દારૂની પ્યાલીમાં ગંગાજળ ન પીવાય. એ દારૂ પીવાની પ્યાલી એ દારૂ પીવાની પ્યાલી, એ ગંગાજળ પીવાની પ્યાલી ન હોય. એમ સત્શાસ્ત્રો, ઊંચાશાસ્ત્રો પણ યથાર્થ વક્તા પાસેથી સંભળાય. ગમે તેની પાસેથી સાંભળવા બેસી જવાય નહિ.

મુમુક્ષુ :- સારો દૃષ્ટાંત એકદમ બેસી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતે દૃષ્ટાંત આપ્યું, સરસ દૃષ્ટાંત આપ્યું. આમ માણસ ઠીક હતા, ઠરેલ માણસ હતા. અત્યારે એનો દીકરો છે એ પણ વિદ્વાન છે, પણ આપણને એનો પરિચય નથી. આનો કોઈ પરિચય નહોતો પણ શિબિરમાં બીજા કરતા એનો સ્વાધ્યાય ઠીક ચાલતો હતો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વ્યવહારનું આપે કીધું, નિશ્ચયનું કીધું પણ પેલા વચલા છે ને ઉભયાભાસી...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બેયમાં ભૂલ કરતા હોય છે. વ્યવહાર વખતે વ્યવહાર ઉપરનું ખોટું વજન દેતા હોય, નિશ્ચય વખતે નિશ્ચય ઉપરનું ખોટું વજન. બેય જગ્યાએ ખોટું વજન દેતા હોય. પેલો એક ભૂલ કરે છે, આ બે ભૂલ કરે છે. એક બાજુ વજન આપે છે એ એક ભૂલ કરે છે અને બે બાજુ ખોટું-અયથાર્થ વજન આપે છે એ બે ભૂલ કરે છે, બેવડી ભૂલ છે ત્યાં. બેવડી ભૂલ જલ્દી ન નીકળે. હિસાબમાં પણ બેવડી ભૂલ થઈ હોય તો જલ્દી ન નીકળે.

તમે એક માણસના ૫૦૦ લીધા અને જમે ન કર્યા અને ૫૦૦ આપ્યા એ ઉધાર પણ ન કર્યા. પણ તમારું બૅલેન્સ મળી જાય, ભૂલ બેવડી હોય. બેયના ખાતામાં ફેર પડવાનો. બેવડી ભૂલ જલ્દી ન નીકળે. એમ ઉભયાભાસી વધારે ફસાય છે. એની ભૂલ નથી નીકળતી.

'**તે જીવ વ્યવહારથી લાભ માને,...**' હવે ક્યારે તીવ્ર પક્ષ થાય? તીવ્ર પક્ષ ક્યારે થાય? એ શુભભાવથી લાભ માને. '**તેમાં સર્વસ્વ માને, તેનાથી મને મોક્ષ મળશે...**' આત્મકલ્યાણ થશે '**તેમ માને તો તેમાં વ્યવહારનો પક્ષ આવે છે.**' અથવા વ્યવહારનો પક્ષ છે એ તીવ્ર થઈ જાય છે. '**બાકી જે શુભભાવ આવે તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી.**' શુભભાવ આવે માટે એમાં વ્યવહારનો પક્ષ આવે છે એવું કાંઈ આવી જતું નથી.

'**શુભભાવ આવે છે તેની સાથે જિજ્ઞાસુની શ્રદ્ધા એવી થઈ જતી નથી કે આ શુભભાવથી મને લાભ છે.**' શુભભાવ થયા એ ચારિત્રમોહનો પર્યાય. દર્શનમોહમાં શું છે? એ ચેક કરો. એના ઉપર એની યથાર્થતા છે. જો એનાથી એ લાભ માને તો ગૃહીત મિથ્યાત્વ થઈ અને દર્શનમોહ તીવ્ર થશે. અને છતાં એમાંથી સમજે કે આ તો શુભભાવ છે, વચ્ચે આવે છે. સમજણ થયે તેનાથી કાંઈ આત્મકલ્યાણ થાય એમ હું માનતો નથી. બસ! તો દર્શનમોહ પાતળો પડે. એ જ દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે. દર્શનમોહ વધે પણ ખરો અને દર્શનમોહ ઘટે પણ ખરો. એ આપણે 'પ્રયોજનસિદ્ધિ' એના ઉપર લખી છે કે મુમુક્ષુની ૬૦-૭૦ જેટલી પ્રક્રિયાઓ છે, જેમાં દર્શનમોહ વધે પણ છે અને ઘટે પણ છે - બેય વાત લીધી છે.

મુમુક્ષુ :- બધાનું મૂળ તો ભાઈશ્રી લક્ષ યથાર્થ હોય તો બધે બૅલેન્સ બરાબર રહે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, યથાર્થ સમજણ ઉપર આધાર છે. યથાર્થ સમજણ ઉપર દર્શનમોહ ઘટે છે, અયથાર્થ સમજણ ઉપર દર્શનમોહ વધે છે. સામે નિમિત્ત તેનું તે હોય. તેનું તે નિમિત્ત હોય તોપણ.

મુમુક્ષુ : ભાઈશ્રી! અહીંયાં એને સર્વસ્વ માને એમ લીધુંને? એટલે જેમકે સત્પુરુષ જ મુમુક્ષુનું સર્વસ્વ થાય એ એક સ્ટેજ છે. એમાં અને આમાં કઈ રીતનો બેયમાં ફેર હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- આમાં બાહ્યક્રિયા ઉપર વજન હોય છે. જેમકે પૂજા કરતો હોય. એ વિધિ, વિધાન, ધમાલ ને આ ને તે બધું આમ. એમાં ને એમાં રચ્યો-પચ્યો રહી અને એ જ સર્વસ્વ માનીને કરતો હોય. (ત્યાં) છે ભગવાનની પૂજા, જિનેશ્વરની પૂજા છે. પણ છતાં ગડબડ છે. સત્પુરુષના પ્રત્યક્ષ યોગમાં, સજીવનમૂર્તિમાં વજન પૂરેપૂરું જાય તોપણ ત્યાં દર્શનમોહ વધતો નથી. પણ યથાર્થ હોય તો. એના નિમિત્તે ઝઘડા કરે. જેને બાહ્યક્રિયા સાથે માથાકૂટ હોય. આમ થવું જ જોઈએ. આનું આમ થવું જ જોઈએ... આનું આમ થવું જ જોઈએ.. અયથાર્થ હોય તો ભક્તિનો અહંભાવ

કરે. પોતાને વધારે યોગ રહેતો હોય તો સમીપતાનો અહંભાવ કરે. સત્પુરુષની વિદ્યમાનતામાં એ બધા પાછા અયથાર્થતાના પ્રકારો છે. પણ સત્પુરુષની સમીપ જતાં સરળ થઈને, નમ્ર થઈને, મધ્યસ્થ થઈને, ભક્તિવાન થઈને, વૈરાગી થઈને એ બધા પડખા ઊભા થયા હોય, કે એમના ઉપર વધારે વજન જતાં, તો યથાર્થ છે એ બધું. એમ.

મુમુક્ષુ :- આગ્રહ અને પક્કડ ન કરે એમ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પક્કડ ન આવે. બાહ્ય ક્રિયાની પક્કડ ન આવે. શુભભાવ આવે એટલે વ્યવહારનયનો પક્ષ આવી જાય એમ હોય તો તો જ્ઞાનીને પણ થઈ જાય! પણ એ કાંઈ પ્રશ્ન નથી.

'શુભભાવ આવે છે તેની સાથે જિજ્ઞાસુની શ્રદ્ધા એવી થઈ જતી નથી કે આ શુભભાવથી મને લાભ છે.' કે મારું કલ્યાણ છે એમ એની ઊંધી સમજણ કે ઊંધી શ્રદ્ધા થતી નથી. **'જિજ્ઞાસુની શ્રદ્ધા અને રુચિ તેમાં ભેગાં ભળી જતાં નથી.'** એને ખોટી શ્રદ્ધા પણ થતી નથી અને એ શુભભાવ આવે તો એની એને રુચિ પણ નથી. ઠીક! એને રુચતા નથી માટે મટશે. રુચતા હોય તો ન મટે. એટલે રુચિમાં એનું પોષણ એ આપતો નથી. રાગનું પોષણ રુચિથી નથી કરતો. એમ.

તો શું હોય છે? કે **'જિજ્ઞાસુને બુદ્ધિપૂર્વક એવો નિર્ણય હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા વિકલ્પ વગરનું નિર્વિકલ્પ તત્ત્વ છે.'** પહેલાં તો બુદ્ધિમાં બધું આવે છે કે તારું જે સ્વરૂપ છે એ નિર્વિકલ્પ તત્ત્વ છે, કેમકે એ તો સામર્થ્યરૂપે છે. વિકલ્પ તો પર્યાયમાં થાય. શક્તિમાં વિકલ્પ થવાનો પ્રશ્ન નથી. એ તો શક્તિરૂપે છે. દિવાસળીના ટોપકામાં અગ્નિ છે અને સળગતી દિવાસળીમાં પણ અગ્નિ છે. સળગતી દિવાસળીની ઝાળ પીળી પણ હોય, કેસરી પણ હોય અને વાદળી પણ હોય. પણ ટોપકામાં એકેય ન હોય. ટોપકામાં એકેય કલર ન હોય. કેમકે ત્યાં શક્તિરૂપ અગ્નિ છે. એમ વિકલ્પ કે નિર્વિકલ્પ - એ અવસ્થામાં હોય. વસ્તુમાં ન હોય. કેમકે વસ્તુ તો સામર્થ્યરૂપે છે, શક્તિરૂપે છે. શક્તિરૂપમાં કાંઈ વિકલ્પ-નિર્વિકલ્પનો પ્રશ્ન રહેતો નથી. એટલે નિર્વિકલ્પ જ છે એમ કહેવાય છે. કે તારું જે શુદ્ધાત્મતત્ત્વ છે એ વિકલ્પ વગરનું નિર્વિકલ્પ તત્ત્વ છે અને તેથી વિકલ્પ છે શુભભાવ એ તારું સ્વરૂપ નથી. કેમકે તારા સ્વરૂપમાં એવું કાંઈ છે નહિ. તારું સ્વરૂપ નથી. એની સાથે મેળ નથી ખાતો.

એમ ગુરુએ જે કહ્યું, અને એને ગુરુ પણ એવું કહેવાવાળા મળ્યા છે. ગુરુ એવું કહેવાવાળા મળ્યા નથી કે તું શુભભાવ કરીને મારો વિકલ્પ કર્યા કરજે, તને લાભ થાશે! એ પણ એમ જ કહે છે (કે) તારું સ્વરૂપ નિર્વિકલ્પ છે. તું સ્વરૂપમાં નિર્વિકલ્પ થા! અમે પણ અમારા સ્વરૂપમાં નિર્વિકલ્પ થવાના પુરુષાર્થમાં છીએ. તું પણ તારા સ્વરૂપમાં

નિર્વિકલ્પ થા! એમ ઉપદેશ છે. એટલે તો મોટા ભાગના જ્ઞાનીઓએ સત્પુરુષનું પ્રકરણ હાથમાં જ નથી લીધું અને હાથમાં ન લીધું ત્યાં લોપ થઈ ગયો. એ પ્રકરણ જ આખું સમજણ બહાર ગયું. વળી કૃપાળુદેવે એના ઉપર ધ્યાન ખેંચ્યું કે આ પાછું રહી ન જાય!

મુમુક્ષુ :- જરૂર લાગી.

પૂજ્ય ભાઈશ્રી :- જરૂર લાગી એટલે કીધું. એમ.

'જિજ્ઞાસુને બુદ્ધિપૂર્વક એવો નિર્ણય હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા વિકલ્પ વગરનું નિર્વિકલ્પ તત્ત્વ છે.' તારું સ્વરૂપ નથી એમ ગુરુએ જે કહ્યું. વિકલ્પ છે એ તારું સ્વરૂપ નથી - એ ગુરુએ જે કહ્યું તે તેણે સમજણથી દૃઢ કરેલ છે. એની સમજણમાં એ બરાબર, યથાર્થ બેસી ગયું છે કે જે શુભભાવના વિકલ્પો આવે છે એવું આત્માનું સ્વરૂપ નથી. પછી એના ઉપર અયથાર્થ વજન નહિ જાય. (શુભભાવ) આવ્યા વગર રહેશે નહિ અને છતાં એનો પક્ષ થશે નહિ.

'તેથી શુભભાવ આવે એટલે તેમાં વ્યવહારનો પક્ષ આવીને એવી શ્રદ્ધા થઈ જતી નથી. શુભભાવથી મને લાભ થાય, દેવ-શાસ્ત્ર-ગુરુ મને લાભ કરી દેશે,...' ભૂલ ક્યાં થાય છે? **'તેઓ કરે તેમ થાય, હું મારા પુરુષાર્થથી કાંઈ કરી શકું નહિ એવી જેને માન્યતા નથી તેને વ્યવહારનો પક્ષ આવતો નથી.'** પેલું સ્થાપ્યા પછી આ નથી એવી માન્યતા ન થાય એમ લખે તો ઊલટું પડી જાયને! બહેનશ્રીના વચનામૃતમાં આમ છે. અધૂરું વાક્ય તો લેવાય નહિ.

'શુભભાવથી મને લાભ થાય,...' એટલે મારું કલ્યાણ થાય. **'દેવ-શાસ્ત્ર-ગુરુ...'** મારું કલ્યાણ કરી દેશે. તેઓ મારું કાર્ય કરે તો થાય, હું ન કરી શકું. કોઈ કોઈનું કરી તો ન શકે પણ છતાં એ વિપરીતતામાં એવું બધું આવે. **'હું મારા પુરુષાર્થથી કાંઈ કરી શકું નહિ એવી જેને માન્યતા નથી...'** આવા બધા પ્રકારની જે માન્યતા છે એ જેને નથી. **'તેને વ્યવહારનો પક્ષ આવતો નથી. જેને એવી શ્રદ્ધા છે કે હું મારાથી કરું ત્યારે જ થવાનું છે, છતાં ગુરુ મને ઉપકારરૂપ છે...'** પુરુષાર્થ મારો, પણ માર્ગની આંગળી ચીંધી એ પણ એમનો ઉપકાર છે. વકીલો શેના પૈસા લે છે? ખાલી consultation કરે છે. તમે એને appoint ન કરો કોર્ટમાં લડવા માટે. તોપણ કેટલાક વકીલોનું એવું હોય છે કે appoint બીજાને કરેલા હોય અને સલાહ બીજાની લેવાતી હોય, એવા સારા વકીલો હોય જે એની સલાહના પૈસા આપે, (કેમકે પોતે) લડે તો ઘણા પૈસા લાગે. એમ કહે આ consultation ચાર્જ છે. તો ત્યાં આપે છે કે નથી આપતો? એમ કોઈ મફત થોડી સલાહ દ્યે? અને એ લડે તો બેયનો

ચાર્જ કરે. consultation ચાર્જ આટલો અને લડવાનો ચાર્જ આટલો. બે ભાગ ન પાડે તો લડવાનો ચાર્જ બહુ મોટો હોય, બે ભાગ ન પાડે તો. પણ ટાઈમ તો એનો બેય જગ્યાએ ગયોને! એને તો ટાઈમના જ પૈસા છેને! સીધી વાત છે.

એટલે આમાં શું છે કે '**જેને એવી શ્રદ્ધા છે કે હું મારાથી કરું ત્યારે જ થવાનું છે,...**' એટલે પુરુષાર્થ મારે જ કરવાનો છે. હું કરીશ તે દી' થાશે. નહિ કરું ત્યાં સુધી નહિ થાય. '**છતાં ગુરુ મને ઉપકારરૂપ છે...**' કેવી રીતે પુરુષાર્થ કરવો એ ગુરુ બતાવે છે. પુરુષાર્થ ભલે મારે કરવાનો હોય પણ મને ક્યાં ખબર છે કે કેવી રીતે કરવો મારે?

મુમુક્ષુ :- પોતાની ઈચ્છાએ તો અનંતકાળ રખડ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાની ઈચ્છાએ અનંતકાળથી રખડ્યો. ૨૦૦ નંબરમાં છેને? વચનામૃતમાં. એવું છે. બે વાત જુદી-જુદી છેને? કામ પોતે કરવું છે. અજાણ્યો છે તો એને માર્ગદર્શનની જરૂર છે. એટલે એમનો ઉપકાર છે. પછી એ ઉપકાર વિશેષ પ્રમાણમાં ગાય છે કે '**ગુરુએ જ મને બધું આપ્યું છે,...**' મારો આત્મા પણ એમણે મને આપ્યો. 'તે તો ગુરુએ આપ્યો. વર્તુ ચરણાધીન.' એમ વિનય કરે, અતિ વિનય કરે માટે એને પક્ષ બંધાય છે એમ પણ નથી. અતિ વિનય કરે લ્યો! સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે. ખોટે ખોટું વજન જાય છે કે સાચું જાય છે? તો કહે સાચું જાય છે.

મુમુક્ષુ :- મોક્ષ કરતા અમને સંતચરણની સમીપતા વધુ વ્હાલી...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પણ લીધું છે. એવી વાત છે.

મુમુક્ષુ :- પક્ષ થવાનો આધાર માન્યતા થઈ ગઈને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, માન્યતા ઉપર આધાર છે. પણ આમાં શું છે? વજન વધારે જાય છે ત્યારે માન્યતામાં ફરક પડે છે એવું પણ ક્યારેક બને છે. અયથાર્થ પ્રકારે વજન વધારે જાય તો માન્યતામાં ફરક પડે છે એવું બને છે.

મુમુક્ષુ :- એ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- આ જે એકસાથે લાગી પડે છે દેવ-ગુરુ-શાસ્ત્ર પાછળ, એમાં વજન જ વધારે જાય છેને? એમાંથી થઈ જાય છે કે આ મારું કરી દેશે, એનાથી થશે, શુભભાવ કરતા થાશે.

મુમુક્ષુ :- એટલે પેલી માન્યતા છે એ મજબૂત થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા મજબૂત થાય છે. મુમુક્ષુને જે મોળી પડવી જોઈએ એ મજબૂત થાય. પણ જ્ઞાની છે એ પ્રતિમાની સ્થાપનાને કોઈ ઉડાડતા હોય (તો) ન

ચલાવે, બિલકુલ નહિ. ગુરુદેવે સંપ્રદાય છોડ્યો, તો ત્યારે કોઈ કહે કે પરદ્રવ્ય ઉપર એટલું બધું વજન શું કરવા દ્યો છો? સ્વદ્રવ્ય ઉપર દ્યોને! તો કહે નહિ! અહીંયાં પ્રસંગ બીજો છે. અહીંયાં પ્રતિમાને જે લોકો ઉડાડે છે, નિષેધ કરે છે ત્યારે અહીંયાં પ્રતિમા સ્થાપવા ઉપર પૂરું વજન જવું જોઈએ. એમાં પક્ષ બંધાય જાય છે એ વાત વચ્ચે હોય નહિ. ભલે વજન વધારે જતું હોય તોપણ. દાખલો લઈએ આપણે. ગુરુદેવની ભાવિ પ્રતિમાનું સ્થાપન કરવાનું હતું, એમાં તોફાન થયું. ત્યારે કોઈ જ્ઞાનીને સલાહ આપે. આપેને જ્ઞાનીને પણ કોઈ સલાહ આપે. ન આપે એમ નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનીને સલાહ આપે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહેનશ્રી પાસે જતા હતા લોકો. delegation આવતા હતા હિન્દુસ્તાનમાંથી. એમ કહે કે આ તો હવે બાહ્ય ક્રિયા છેને! શુભભાવની વાત છે. આપણે તો અંદરમાં પુરુષાર્થ કરવાનો હોય, માટે આ માથાફોડ મૂકી દ્યોને! આપણે અંદરમાં જામી જાવને! આ બધા ઝઘડાં થાય ને ક્લેશમાં ઉતરવું પડે.

મુમુક્ષુ :- આપણે અંદર પુરુષાર્થ કરવાનો છે એમ કહે પાછા!

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો ચડાવીને તો એમ કહે કે આપ તો ઘણો અંદર પુરુષાર્થ કરો છો, આપ તો અંદર જામી ગયેલા છો, તો આ બધું ના પાડી દ્યોને! કે ભાઈ આપણે બધાએ અંદર (સ્થિર થવાનું) છે. આપણે બહારની ધમાલ થતી હોય તે ન કરવું. (પરન્તુ) બહુ મક્કમ રહ્યા છે.

મુમુક્ષુ :- બહેનશ્રી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખાલી એક જ વાક્ય એમની પાસે બોલાવવું હતું. શ્રેયાંસપ્રસાદ આવ્યા હતા. મિટિંગ દોઢ કલાક ચાલી હતી. હું હતો. ખાલી અમને લોકોને ખ્યાલ છે કે આપના આદેશ વિરુદ્ધ અહીંયાં કોઈ ચાલવાનું નથી. તો આપ એક વાક્ય કહી દ્યો. ૧૩૫ પ્રતિમા છે એમાં આ એક પ્રતિમાની પ્રતિષ્ઠા આપણે બંધ રાખીએ છીએ. બાકી ૧૩૪ એમ ને એમ કરોને! એક ટકાનો ક્યાં એમાં ફેર પડે છે? સો હોય તો એકમાંથી એક ટકો ફેર પડે. આ તો ૧૩૫માંથી એક જાય છે.

મુમુક્ષુ :- એટલું એને બોલાવડાવવું હતું એમ?

પૂજ્ય ભાઈશ્રી :- હા એટલું આપ કહી દ્યો.

મુમુક્ષુ :- બહેનશ્રી પાસે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! કે આ ભાવિ તીર્થંકરની એક પ્રતિમાની આપણે પ્રતિષ્ઠા નથી કરવી. બાકી બધા જિનેન્દ્રો જ છેને ૧૩૪ એ ૧૩૪. જિનપ્રતિમા જ છેને? તમને શું ફરક પડે છે? બહેનશ્રીએ મક્કમતાથી કીધું કે હું મારા મોઢેથી, મારી જીભેથી

એમ નહિ બોલું. એમાં કાંઈ ત્યાં મારી જીભ અને મારું મોઢું એમ કહેતા કાંઈ દેહનું એકત્વ એમને નથી થતું.

મુમુક્ષુ :- એમ કીધું બહેનશ્રીએ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટ! મક્કમતાથી! પણ પેલાએ કહ્યું એમાં બહુ તોફાન થાય એવું છે. આપને પણ તકલીફ પડે એવું છે. એમના ઉપર પણ વૉરંટ આવ્યું હતુંને? એવી ધમકી જેવી વાત હતી, પણ મીઠી ભાષામાં. ગુસ્સો કરીને નહિ. ધમકી જ કહેવાયને? આમ કહેવાય કે સમજાવે છે કે ભાઈ! તમને તકલીફ પડશે, એવી તૈયારી થયેલી એને ખબર બધી. એ કાંઈ ખોટું નહોતું. સાચું જ હતું. ખોટી ધમકી નહોતી, સાચી હતી. પણ મક્કમ હોય એ મક્કમ જ રહે, કાંઈ એનાથી કાંઈ બીજો ફેર ન પડે. બહેનશ્રી કાંઈ જવાબ ન દ્યે એનો. હા-નામાં કાંઈ જવાબ ન દીધો. વાતચીતમાં જીદ શું કરવા કરવી? આપણે કરવું એ કરવું. એમાં આપણે મક્કમ છીએ. વાદવિવાદમાં શું કરવા ઉતરવું? પોતાના વિચારોમાં મક્કમતા. આમ સ્વભાવના નરમ. મક્કમતા એટલે ગજબની મક્કમતા. ભલભલા ઝૂકી જાય, નરમ પડી જાય. પણ એમાં કાંઈ ફેર પડે નહિ. એ તો બધા બેઠા હતા ને જોયું કે બહેનશ્રી તો કાંઈ જવાબ દેવાના નથી આવી વાતનો. ખબર તો હોય જ તે. અને આપણે જે કરવાનું છે એ તો કરવાનું છે પછી કીધું બહુ સારું ચાલો! હવે તમારી વાત થઈ ગઈ બહેનશ્રીને આરામ કરવા દ્યો.

મુમુક્ષુ :- એમ કીધું?

પૂજ્ય ભાઈશ્રી :- હા બીજા મીટિંગ બરખાસ્ત કરવાની જ વાત કરેને! પછી વાદવિવાદમાં શું કરવા ઉતરે? એવી વાત છે. એમ વજન ઘણું આપે માટે વધારે પડતું છે એમ નથી પાછું. પ્રસંગ ઉપર આધાર છે. ઘણું વજન આપે.. ગુરુને એમ કહે કે 'તે તો પ્રભુએ આપિયો વર્તુ ચરણાધીન.' માટે કાંઈ પક્ષ આવી જાય છે એમ પણ નથી.

'પરંતુ તેનાથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેની શ્રદ્ધા તો જુદી જ રહે છે.' એમ છે. એટલે વજન વધારે આપે તો ખોટું પણ અપાય અને ખોટું ન પણ અપાય. વિષય થોડો ટેક્નિકલ છે. બરાબર યથાર્થતામાં આવવું જોઈએ. એટલે તો યથાર્થતાનું પ્રકરણ જરા ઊંડું છે.

મુમુક્ષુ :- સોભાગભાઈ ક્યાં આગળ વધવાની વાત ઉપર ધ્યાન જ દેતા હતા?

પૂજ્ય ભાઈશ્રી :- હા નહોતા દેતા, પણ એની નિર્મળતા વધતી જતી હતી. એમ છે.

તા. ૧૧-૧૦-૧૯૯૭, પ્રશ્ન- ૨૩૯ થી ૨૪૧
પ્રવચન નં. ૧૮૫

સ્વાનુભૂતિદર્શન. ૨૩૯મો પ્રશ્ન. પાનું-૧૪૬. બીજો પેરેગ્રાફ. '**યથાર્થ શ્રદ્ધાની વાત તો જુદી છે,...**' જ્ઞાનીને સમ્યક્ શ્રદ્ધા થઈ ગઈ છે એની વાત તો જુદી છે. એમાં એમ લેવું છે. પ્રશ્ન એ ઉઠ્યો છે કે મુમુક્ષુને શુભભાવ આવે, તો એને શુભભાવ આવે એમાં શુભભાવનો પક્ષ થઈ જાય એનું શું કરવું? જ્ઞાનીને તો વાંધો નથી જુદાં પડી ગયા છે, પણ જે જુદાં ન પડ્યા હોય એને તો શુભભાવ આવે તો પક્ષ થઈ જાય ને? ખરી રીતે તો એમ છે કે જ્ઞાની જુદાં પડ્યા છે એટલે એને વાંધો નથી અને મુમુક્ષુ જુદો પડ્યો નથી પણ જુદાં પડવાનો પ્રયત્ન તો કરે છેને? પછી એને શું વાંધો? પ્રયત્ન ન કરતો હોય એને વાંધો છે. જુદાં પડવાનો પ્રયત્ન કરતો હોય એને એ પ્રશ્ન અસ્થાને છે.

'**યથાર્થ શ્રદ્ધાની વાત તો જુદી છે, તે સહજરૂપે જ્ઞાનીને-ભેદજ્ઞાનીને હોય છે.**' જ્ઞાનીને એટલે? ભેદજ્ઞાનીને. કે જે ભેદજ્ઞાનના સ્ટેજે પહોંચ્યો હોય એને એ વાતનો વાંધો નથી હોતો. ... થઈ ગયુંને એ તો. '**જિજ્ઞાસુને પણ બુદ્ધિપૂર્વકની જે શ્રદ્ધા છે તે શ્રદ્ધામાં ભૂલ આવતી નથી.**' એટલે સમજણ નથી ફરી જતી. શુભભાવથી લાભ નથી એ સમજણ નથી ફરી જતી કે શુભભાવથી લાભ છે. અને શુભભાવથી લાભ નથી એવી સમજણમાં દર્શનમોહ પણ મંદ પડ્યો જ છે. કેમકે એવું માનવું પણ એને નથી. ભલે માન્યતા નથી બદલી, પણ બદલવા માટે એને માનવું નથી એમ બુદ્ધિમાં આવ્યું છે. એટલે દર્શનમોહ પણ એનો મંદ પડ્યો છે.

એટલે એમાં ફેર નથી પડતો. ગુરુની ભક્તિ કરે તેમાં શ્રદ્ધાની ભૂલ આવતી નથી. ભક્તિ કરે માટે શ્રદ્ધાની ભૂલ થાય એમ વિચારવા યોગ્ય નથી. તેને વ્યવહારનો પક્ષ આવતો નથી અને ભક્તિ કરે માટે ભક્તિની પક્કડ છે એમ નથી. ખરેખર તો ગુરુની ભક્તિમાં એને ગુરુના આત્માનો આદર છે એટલે એમાં આત્માનો આદર આવ્યો કે ન આવ્યો? પક્કડ તો એકાંત રાગ હોય એને કહેવાય. પણ ગુરુના ઉપકારવશ છે એટલે એમાં એ કાંઈ વાત રહેતી નથી. ગમે તેટલું વજન જાય તોપણ વાત પક્કડવાળી નથી આવતી, એમ. સોગાનીજીનું કેટલું વજન ગયું ગુરુભક્તિમાં? કે અનંત તીર્થંકરોથી અધિક છે, તો એને પક્ષ થઈ જાય કાંઈ? કે ન થાય.

મુમુક્ષુ :- એવું વજન ન જાય તો જિજ્ઞાસુ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, યથાર્થતામાં તો જાય જ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે એકાંત રાગ કીધો એમાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- એકાંત રાગ એટલે શું છે કે એ જાતના રાગને પોષતો હોય છે જીવ. જગતમાં અમુક-અમુક પ્રકારના રાગના પોષણ કરવાનું નિમિત્ત હોય છે. એમ અમુક જાતના રાગ પોષવાનું એને નિમિત્ત હોય. બીજી કાંઈ ખબર કે ભાન ન હોય. તો એમાં શું છે કે ઓઘસંજ્ઞામાં એવું ઘણીવાર બને છે, પછી એ ઠેકાણા વગરના હોય છે. આજે આમ કરે અને કાલે શું કરે એનો કાંઈ પત્તો ન લાગે. પણ એમ ચાલતું હોય છે. રાગ ખસે ત્યાં દ્વેષ આવી જાય એને. એવું પણ બને! ભલે ઓળખાણ ન થઈ હોય અને ઓઘસંજ્ઞામાં હોય, પણ પોતાના આત્મા ઉપર અસર થઈ હોય, કાંઈક ઉપકાર થયો હોય, એને એમ લાગ્યું હોય કે મને આ નિમિત્ત ન મળ્યું હોત તો મારું તો બહુ મોટું નુકસાન થઈ ગયું હોત. અનંતકાળ મારો બગડ્યો હોત. એ પ્રકારે જેને આત્મા ઉપર અસર થઈ હોયને, ભલે હજી ઓળખાણ ન થઈ હોય. તોપણ એને વિશેષ બહુમાન આવે, પણ એને પક્ષ થાય કે એની શ્રદ્ધાની ભૂલ થાય એવું ન બને. એને એ નુકસાન નથી થતું એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ત્યાં તો એમ કીધુંને કે માત્ર જ્ઞાનીને ઈચ્છે છે, ઓળખે છે અને ભજે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો શું છે કે માત્ર ઈચ્છે છે એને ઓળખાણ થાય છે. બે વાત જેને ભેગી હોય એને ઓળખાણ નથી થતી. હવે મારે સત્પુરુષ જ જોઈએ, પણ માત્ર જોઈએ એમાં શું છે કે એક દાખલા તરીકે ગુરુદેવ હતા, તો આજુબાજુનું સર્કલ જ એવું હતું કે કોઈ જો એકદમ આત્માર્થી માણસ આવ્યો હોય તો એકવાર ભડકી જાય.

મુમુક્ષુ :- ભડકી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા! ભડકી જાય કે આ લોકોનું આવું છે! તત્ત્વજ્ઞાનની ચર્ચામાં મશ્કરી કરતા હોય, પછી આમ જરા શુષ્કતા લાગતી હોય એવી રીતે બધી તત્ત્વની વાત ચાલતી હોય. સાધર્મી પ્રેમ તો બિલકુલ દેખાતો ન હોય. એ તો તે દી' પણ નહોતો અને અત્યારે પણ નથી. અને અમસ્તુ જે સામાન્ય રીતે હોવી જોઈએ એવું કાંઈ ન દેખાય. નવા માણસ તો ભાગી જાયને! અથવા કોઈ માણસ કાંઈ પ્રશ્ન પૂછે તો બીજા લોકો જાહેરમાં હસવા માંડે. તો માણસ નવો આવ્યો હોય, ન સમજતો હોય તો એવો પણ પ્રશ્ન પૂછી લે. નવો માણસ તો ગમે તે પ્રશ્ન કરે, તો બધા હસવા

માંડે. એક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન છે એ તો વાત બહુ ચાલે ગુરુદેવની. તો કહે ભગવાનની વાણી પણ કાંઈ ન કરે, ભગવાન પણ કાંઈ ન કરે. તો પછી નવા માણસ આવનારને તો ભક્તિથી આવતા હોય એ જરા પ્રશ્ન પણ કરે એવો, તો બીજા લોકો હસે. હસે એટલે એમકે આને કાંઈ સમજણ નથી પડતી એવી રીતે હસે! એમ. જાણે બધા સમજીને બેઠા હોય. એવા ઘણાં પ્રકારો બનતા. અને ઘણાં આવીને ભાગી ગયેલા પણ છે. સોનગઢ આવીને ઘણાંય ભાગી ગયા છે. કેમકે ત્યાંનું વાતાવરણ અમને suit નથી થતું. ગુરુદેવની વાત તો ગમે તેવી હશે, આપણે ગુરુદેવને ન કહી શકીએ મહાપુરુષ છે એટલે આપણે ઓળખતા નથી, આપણને પરિચય નથી. ગુરુદેવ ઉપર blame ન કરીએ આપણે. પણ ત્યાંનું વાતાવરણ!! ત્યાં રહેવાય એવું નથી. પરલક્ષ બહુ. એકબીજાની ચર્ચા કરતા હોય, ખોદણી કરતા હોય એવું બધું પણ ચાલતું હોય. નિંદાનો એ બધો પ્રકાર પણ ચાલતો હોય. નવો માણસ આવે તો એ ભાગી જાય.

હવે ક્યાં વાત લાગુ પડે છે કે એક માત્ર સત્પુરુષને ઈચ્છે છે એ ઓળખે છે. એટલે એ બધું avoid કરે. બધું સાઈડ ઉપર મૂકી દે ત્યારે વારો આવે.

મુમુક્ષુ :- એ ટકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ટકી શકે. ટકી શકે તો એ ઊંડો ઉતરે. કાં તો એના જેવો થઈને ભળી જાય એ ટકે. કાં એના જેવો ન થાય, પણ માત્ર સત્પુરુષને ઈચ્છતો હોય તો જ ટકે. એનું નામ માત્ર સત્પુરુષને ઈચ્છે છે. એટલે પોતાની અનુકૂળતાને પણ ઈચ્છે, કે મારી psychology પ્રમાણે એ વાતાવરણ હોવું જોઈએ અથવા મારી અનુકૂળતાઓ અહીંયાં સચવાય એવા દેશકાળ હોવા જોઈએ. જેમકે ઘણાંને સોનગઢનું પાણી નહોતું ફાવતું, એટલે સોનગઢ અમે નથી રહી શકતા. અમને પાણી જ માફક નથી આવતું. તો કહે નહિ માત્ર સત્પુરુષને ઈચ્છે છે? એમ વાત છે. એ ઓળખે છે અને એ ભજે છે. એમાં એ વાત છે. જો કે અહીંયાં એ વાત નથી. અહીંયાં તો શું કહે છે કે જે જીવ ભક્તિ કરે છે, ઉપકારબુદ્ધિથી ભક્તિ કરે છે, પોતાના આત્માને કાંઈક અસર પહોંચી છે માટે એને ભક્તિભાવ આવ્યો છે. એને એ ભક્તિ નુકસાન નથી કરતી એમ કહેવું છે. તો એને પક્ષ નથી બંધાતો. એની શ્રદ્ધામાં ભૂલ નથી થતી.

'**જિજ્ઞાસુ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે છે; છતાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેમાં સર્વસ્વ માને ત્યારે વ્યવહારનો પક્ષ આવે છે.**' એટલે પછી પૂજાની પાછળ લાગ્યા એ પૂજાની પાછળ લાગ્યા. પછી એ પૂજાની જગ્યા માટે ઝઘડો કરે, કેમકે એને પૂજા જ કરવી છે, ત્યાં જ બેસીને કરવી છે. એ બધું પછી એમાં રાગના શું ઠેકાણા હોય? '**જેને ભેદજ્ઞાન પ્રગટ થયું છે એવા આચાર્યો...**' મહાન આચાર્યો.

'ધવલાદિ શાસ્ત્રો રચે છે,...' વીરસેનસ્વામીએ ધવલ શાસ્ત્ર રચ્યું. બહુ મહાન આચાર્ય થયા વીરસેનસ્વામી. એમનો ક્ષયોપશમ એટલો બધો હતો કે એમની (માટે) લોકોની એવી બોલણી થઈ ગઈ હતી કે જૈનમાં સર્વજ્ઞ છે એની ખાતરી કરવી હોય તો વીરસેનસ્વામીને મળો. તમને ખાતરી થઈ જશે કે જો છદ્મસ્થ આવા હોય તો કેવળજ્ઞાની (કેવા) હોય! એવા જબરદસ્ત આચાર્ય હતા. ધવલના ૩૧ પુસ્તકો લખ્યા છેને! માગધીમાં લખતા- લખતા સંસ્કૃતમાં લખવા માંડે અને સંસ્કૃતમાં લખતા-લખતા માગધીમાં લખવા માંડે. કેટલાક પાના સંસ્કૃતમાં આવે તો વળી કેટલાય પાના માગધીના આવે. એવી રીતે લખાણું છે. બાકી કેટલાક તો **'ધવલાદિ શાસ્ત્રો રચે છે,...'** એટલે કરણાનુયોગના શાસ્ત્રો છે. વિષય કરણાનુયોગનો છે. તો **'કોઈ** (આચાર્યો) **અધ્યાત્મનાં શાસ્ત્રો રચે છે. તો તેમાં પક્ષ આવી જાય છે?'** કે આમને અધ્યાત્મનો પક્ષ છે, આમને કરણાનુયોગનો પક્ષ છે - એમ નથી. **'પદ્મનંદી આચાર્ય ભક્તિનાં શાસ્ત્રો રચે છે,...'** પદ્મનંદીઆચાર્યએ પંચવિંશતિમાં સ્તોત્રો મૂક્યા છે. આમ ૨૬ પ્રકરણ છે. **'તો તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી, ત્યાં પણ સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે.'** એનું કારણ શું છે પક્ષ નથી આવતો કે જે રાગ ઉત્પન્ન થાય છે એનો નિષેધ ચાલુ છે. માટે પક્ષ આવવાનો સવાલ રહેતો નથી. પક્ષ તો અનુમોદનાથી આવે. જેને જેની અનુમોદના વર્તે એને એનો પક્ષ થયો એમ કહી શકાય, પણ જેને એનો નિષેધ વર્તે એને એનો પક્ષ ક્યાંથી આવ્યો? એ સવાલ ત્યાં ઊભો થતો નથી.

'જિજ્ઞાસુએ નક્કી કર્યું છે કે આ બધા વિભાવથી છૂટો હું ચૈતન્ય દ્રવ્ય છું,...' એ એણે નક્કી કર્યું છે કે હું ભિન્ન છું. પરદ્રવ્ય અને પરભાવથી ભિન્ન છું - એમ એણે નક્કી કર્યું છે. **'ભલે બુદ્ધિથી નક્કી કર્યું છે. છતાં તેને ભક્તિના ભાવ આવે અને તે કાર્યમાં જોડાય તેથી કંઈ ભક્તિના કાર્યથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી.'** મૂળ વાત એ છે કે એને ઉપકાર થયો છે એટલે ભક્તિ સહજ આવવા યોગ્ય છે અને ઉપકારને કારણે સહજ ભક્તિ આવે એનું નુકસાન હોય નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ત્યાં સુધી બુદ્ધિથી નક્કી કર્યું કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ ભૂમિકાના જીવને લીધો કે ભલે હજી એણે બુદ્ધિથી નક્કી કર્યું હોય, ઓળખાણ ન થઈ હોય - એમ. પણ બુદ્ધિથી નક્કી કર્યું હોય કે આ જ સત્પુરુષ છે અને એના સત્સંગમાં, એના પ્રત્યક્ષ યોગમાં મારા આત્મા ઉપર અસર થાય છે એટલે એને સહેજ ભક્તિ આવે છે. એ સહેજ ભક્તિ એનો દર્શનમોહ મંદ કરે છે. એની શ્રદ્ધાને નુકસાન તો નથી કરતી પણ શ્રદ્ધાને લાભ કરે છે. દર્શનમોહની મંદતા થાય છે. એમ વાત છે ખરેખર તો.

મુમુક્ષુ :- મુમુક્ષુતામાં ભાઈશ્રી મુમુક્ષુ જે છે એને તો કૃપાળુદેવે લખ્યું ને અપક્ષપાતપણે પોતાના દોષને જોવે છે. એટલે એને પક્ષ થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રશ્ન જ નથી. એને ખ્યાલ છે કે હજી હું શુભભાવમાં છું. એકત્વ થાય છે એટલે અટકું છું. અને મારે ગમે ત્યારે પણ આ એકત્વ તોડવાનું છે. અને એ તોડવામાં મને આ મદદગાર નિમિત્ત થશે. એમ એ બધી બુદ્ધિમાં પણ વ્યવસ્થિત વાત છે કે નહિ? એમ ને એમ અદ્ધરથી થોડું છે?

મુમુક્ષુ :- ક્યાં ઊભા રહીને વાત છે એ બહુ મુખ્ય વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- કયા જીવ માટેની વાત છે એ સ્ટેજમાં શું મુખ્ય છે..

પૂજ્ય ભાઈશ્રી :- એ મુખ્ય વાત છે.

મુમુક્ષુ :- ફરતી-ફરતી વાત હોય. જેને કુટુંબનો ને એનો પક્ષ હોય એના માટે આ પક્ષમાં આવવું જરૂરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જરૂરી છે. હાસ્તો. જેને કુટુંબની આસક્તિ અને ભક્તિ છે એને ફરવું પડે, પછી વારો આવે. કુટુંબની આસક્તિ અને પ્રતિબંધ એમ ને એમ રહે અને તત્ત્વની ચર્ચા કર્યા કરે, એને જે ભક્તિભાવ આવવો જોઈએ એ આવે નહિ. એ તત્ત્વચર્ચાથી કોઈ લાભ એને થવાનો નથી. કેમકે પ્રતિબંધ બધું ખાય જશે એનું. તત્ત્વજ્ઞાનના અભ્યાસને જેમ પરલક્ષ ખાય જાય છે એમ તત્ત્વજ્ઞાનના અભ્યાસને પ્રતિબંધ પણ ખાય જાય છે.

એટલે કૃપાળુદેવે એ વાત લીધી છે કે સ્વચ્છંદ અને પ્રતિબંધ એ બંને પરિભ્રમણના કારણ છે. સ્વચ્છંદ પરલક્ષમાં જાય છે. પ્રતિબંધ છે એ એક પ્રકારનું એનું એવું attachment છે કે એ એના સત્સંગને ધોઈ નાખે છે. નોર્મલ એવું લાગે કે એમાં શું?

મુમુક્ષુ :- સત્પુરુષને નહિ ઓળખી શકવાના કારણમાં એ લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એના કારણમાં એ જ છે કે ત્યાં વજન વધારે જાય છે. એની ભક્તિ ત્યાં વધી ગઈ છે. પતી ગયું! એમ છે. એટલે પ્રતિબંધ છે એ ઓળખાણ પણ થવા ન દે. ઓળખાણ તો ન થવા દે, (પણ) તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે તો એને દર્શનમોહ પણ મંદ ન થવા દે. કેમકે ત્યાં દર્શનમોહ તીવ્ર કરે છે ઘરે જઈને. અહીંયાં કલાક બેસે, (બાકીના) ત્રેવીસ કલાક ઘરનો સહવાસ છે.

મુમુક્ષુ :- બહેનશ્રીનું આપણે વાંચ્યુંને વચનામૃતમાં એક વાત લીધી હતીને કે જ્ઞાની કરતા જેને પરિગ્રહ પ્રત્યે વિશેષ પ્રેમ હોય તે લાયક જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે એમ જ છે. એ ૨૩૯ થયો.

પ્રશ્ન :– જિજ્ઞાસુ શુભભાવને હેય સમજે છે અને આવ્યા વગર રહેતા પણ નથી તેમ કેવી રીતે બંને વાત સમજે છે?

સમાધાન :– હા, જિજ્ઞાસુ એમ સમજે છે. તેને શ્રદ્ધા છે કે શુભભાવ તો હેય છે, તો પણ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. શુભભાવ આવે તો શ્રદ્ધામાં ભૂલ પડે છે એમ નથી. બહુ ભક્તિ કરે તો તેને વ્યવહારનો પક્ષ થઈ ગયો છે તેમ નથી. જિજ્ઞાસુ અંતરમાં પોતે જાણતો હોય છે, તેની શ્રદ્ધામાં હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા જુદો છે, શુભભાવ તારું સ્વરૂપ નથી. આ તેણે સ્વયં પણ નક્કી કરેલું છે તેથી તેની શ્રદ્ધામાં ભૂલ થતી નથી. ૨૪૦.

પ્રશ્ન ૨૪૦ ઉપર પ્રવચન

૨૪૦મો પ્રશ્ન પણ લગભગ એને અનુસરીને છે. '**જિજ્ઞાસુ શુભભાવને હેય સમજે છે...**' બુદ્ધિપૂર્વક જે હેય સમજે છે એની વાત છે. એને આવ્યા વગર પણ રહેતા નથી. '**શુભભાવને હેય સમજે છે અને આવ્યા વગર રહેતા નથી. તેમ કેવી રીતે બંને વાત સમજે છે?**' બંને વાતનો મેળ કેવી રીતે કરે છે? એવો પ્રશ્ન છે.

'**સમાધાન :– હા, જિજ્ઞાસુ એમ સમજે છે. તેને શ્રદ્ધા છે...**' બુદ્ધિપૂર્વકની હોં, વિકલ્પવાળી શ્રદ્ધા છે. '**શુભભાવ તો હેય છે, તો પણ વચ્ચે આવ્યા વગર રહેતા નથી.**' એ તો દરેકને આવે. જ્યાં સુધી છદ્મસ્થ હોય ત્યાં સુધી આવે. નિગોદમાં આવે છે પછી ક્યાં સવાલ છે? નિગોદનો જીવ ક્યારે નિગોદની બહાર નીકળે છે? શુભ(ભાવ) આવે ત્યારે. ઉપરની ગતિમાં તો શુભનું ફળ છેને! તો એ તો નિગોદમાં પણ આવે છે તો હવે અહીંયાં આવે એમાં ક્યાં મોટી વાત છે? એ તો આવે જ. એકલા અશુભ કોઈને આવે એ વસ્તુસ્થિતિ નથી. એકલા શુભ આવે એ પણ વસ્તુસ્થિતિ નથી. સંસારીને હોં. છઠ્ઠા ગુણસ્થાન (પછી) એકલું શુભ જ છે, પછી ત્યાંથી અશુભ ગયું. પાંચમાં સુધીની વાત છે.

'**તેને શ્રદ્ધા છે કે શુભભાવ તો હેય છે, તો પણ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. શુભભાવ આવે તો શ્રદ્ધામાં ભૂલ પડે છે એમ નથી.**' ચારિત્રગુણમાં તો અશુભ પણ આવે છે. જો એને કારણે ભૂલ થતી હોય તો શુભ કરતા તો અશુભ વધારે ખરાબ છે. બેની comparisionમાં. તો એની શ્રદ્ધામાં ભૂલ પડી જવી જોઈએ. એવું કાંઈ નથી. શુભ અને અશુભથી શ્રદ્ધામાં ભૂલ પડવાનું કોઈ કનેક્શન નથી. રસની સાથે

કનેક્શન છે. શુભાશુભના રસની સાથે દર્શનમોહનો સંબંધ છે. શુભ-અશુભભાવ સાથે નહિ.

'**બહુ ભક્તિ કરે તો તેને વ્યવહારનો પક્ષ થઈ ગયો છે તેમ નથી.**' બહુ ઉપકાર થયો હોય તો બહુ ભક્તિ કરે. બહુ પોતાના આત્મા ઉપર અસર થતી હોય તો બહુ ભક્તિનો ભાવ આવે એટલે એની શ્રદ્ધાની સાથે કાંઈ લેવા-દેવા નથી. અને એ તો દર્શનમોહને ગાળશે. એનો જો અંદરમાં આશય એ છે કે મારા આત્માને લાભ થાય છે, તો એ દર્શનમોહને ગાળશે. ભક્તિ તીવ્ર આવશે અને એ તો દર્શનમોહને ગાળશે.

'**જિજ્ઞાસુ અંતરમાં પોતે જાણતો હોય છે, તેની શ્રદ્ધામાં હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા જુદો છે, શુભભાવ તારું સ્વરૂપ નથી. આ તેણે સ્વયં પણ નક્કી કરેલું છે...**' તેણે સ્વયં પણ નક્કી કરેલું છે. માત્ર ગુરુ કહે છે એમ નહિ. પોતે પણ સંમત કરેલું છે. '**તેથી તેની શ્રદ્ધામાં ભૂલ થતી નથી.**' માટે એની શ્રદ્ધામાં ભૂલ થતી નથી.

હવે જુઓ એ વાત લીધીને, કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા જુદો છે અને શુભભાવ તારું સ્વરૂપ નથી. એ વાતનો ઉપકાર એને થયો છે. અને એ ઉપકારબુદ્ધિની સાથે-સાથે શુભભાવ વર્તે છે પણ વિષય ઓલો છે. એ તારું સ્વરૂપ જુદું છે. એમ છે. ભક્તિમાં કારણ શું પડ્યું પણ? કે અત્યાર સુધી હું શુભભાવથી અને શુભ ક્રિયાથી મારા આત્માને લાભ માનતો હતો. એમણે મને સમજાવ્યું કે એમ નથી. અને એ વાતની મને આત્મા ઉપર અસર થાય છે. માટે એમનો ઉપકાર આવે અને ભક્તિ આવે તો એથી કાંઈ નુકસાન થાય નહિ. કેમકે વાત તો ઓલી છે, શુભભાવથી હટવાની વાત છે એમાં. શુભભાવથી હટવાની વાતને એણે અનુમોદ્યું ભક્તિ દ્વારા. પછી શ્રદ્ધામાં ભૂલ ક્યાંથી પડે? અંદરની વાત એમ છે. એટલે એ ૨૩૯, ૨૪૦માં એક જ વિષય ચાલ્યો છે. પ્રશ્ન અંદર વચ્ચે જુદો ઊઠ્યો છે એટલું જ છે.

મુમુક્ષુ :- બહેનશ્રીએ જવાબ કેવી વિચિક્ષણતાથી આપ્યો છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો perfect જ હોયને! એમાં સવાલ ક્યાં છે? પોતાને ભક્તિ હતી. મુમુક્ષુની ભૂમિકામાં પણ ભક્તિ હતી, જ્ઞાનદશામાં પણ ભક્તિ વધીને ચાલુ રહી છે, કાંઈ ઘટીને ચાલુ નથી રહી. આ બાજુ મુમુક્ષુતાથી દશા વધીને જ્ઞાનદશામાં આવ્યા અને ભક્તિ પણ વધીને ચાલુ રહી.

મુમુક્ષુ :- એમની ભક્તિ પ્રધાન જ્ઞાનદશા હતીને!

પૂજ્ય ભાઈશ્રી :- હા, **બહુ ભક્તિપ્રધાન જ્ઞાનદશા હતી. આમ તો ખરેખર એ ભક્તિની જ મૂર્તિ હતા એમ કહીએ તો ચાલે.** વાતે-વાતે એમને વચ્ચે ગુરુદેવ આવે.

અને સ્પષ્ટ કહે, મને તો પર્યાયે પર્યાયે ગુરુદેવનો ઉપકાર વર્તે છે!! અત્યારની મારી જે એક-એક પર્યાય પરિણમે છે એમાં હું ગુરુનો ઉપકાર જોઉં છું. ઉપકાર ભલે પહેલા થયો છે, અત્યારે પુરુષાર્થ ચાલે છે. તો કહે નહિ, હજી પણ એ ચાલ્યું આવે છે. એ તે દી' ન બન્યું હોત તો આજે આ ન હોત. માટે એનો સંબંધ તૂટી નથી જતો.

કોઈ માણસે લાખ રૂપિયા આપ્યા. ચાલો વેપાર કરો. મુંઝાશો નહિ, જોઈએ તો બીજા લઈ જજો. બીજા લેવાની જરૂર ન પડી. લાખમાંથી જ કરોડ થઈ ગયા. ઓલાને તો લાખ વ્યાજશીખે પાછા આપ્યા. પછી તો પતી ગયુંને હવે? નહિ. લાખ અને લાખનું વ્યાજ દૂધે ધોઈને સામે ચાલીને પાછું આપ્યું હોય તોપણ એનો ઉપકાર, પ્રતિઉપકાર ન થાય. એમ વાત છે.

મુમુક્ષુ :- એ પતે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એ કોઈ દી' પતે જ નહિ એવું છે! કૃપાળુદેવે લખ્યુંને? 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' એમાં એ વાત છે. એ કેવળી થયા તો ઉપકાર પતી ગયો કે ન પતી ગયો? તો કહે નહિ. કેવળજ્ઞાનમાં એ ઉપકાર ઝળકે છે એટલે એ પતે જ નહિ, એનો અર્થ એમ છે. કેમકે કેવળજ્ઞાન પણ તેને આભારી છે. એમ ખબર નથી કેવળજ્ઞાનીને કે આ જે કેવળજ્ઞાન થયું એ શું કરવા થયું? અંદર આશય ઊંડો છે. પછી ઓલો શબ્દાર્થ કરીને વિરોધ કરે એ ખોટું છે. આશય ઊંડો છે એની અંદર.

મુમુક્ષુ :- કમાણી વધતી જાય એમ ઉપકાર પણ વધતો જાયને? પેલામાં જેમ-જેમ કમાણી વધતી જાય એમ ઉપકાર વધતો જાયને સાથે-સાથે?

પૂજ્ય ભાઈશ્રી :- હા! કેમકે તે દી' લાખ ન મળ્યા હોત તો આ દશા ક્યાંથી હોત?

મુમુક્ષુ :- મૂળમાં જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ મૂળની મજબૂતાઈ ઉપર તો ઝાડ ઊભું રહે છે. કેમકે પહેલાં તો મૂળ થયું, પછી ઉપર અંકુર ફૂટ્યો, એમાંથી ઝાડ થયું, એમાં થડ જાડું થયું, ડાળીઓ ઘણી થઈ, ફળ-ફૂલ બહુ આવવા માંડ્યા માટે ઝાડ નથી ટકતું, મૂળ સાજા છે માટે ઝાડ ટકે છે. એમ છે કે નહિ? મૂળની વાત કેમ ભૂલાઈ જાય? કે છૂટી જાય એ કેવી રીતે છૂટી જાય? પ્રશ્ન જ નથી રહેતો. મૂળની વાત ગઈ તો બધું ગયું સમજી લેવું. એ આખું ઝાડ પડી જવાનું. એવી વાત છે.

મુમુક્ષુ :- મૂળ દેખાતું નથી પણ મહત્વ સૌથી વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સૌથી વધારે છે. લોકોને ૨૫-૫૦ માળનું મકાન દેખાય છે.

અમેરિકામાં ૧૧૦ માળનું મકાન શિકાગોમાં જોયું અને ૧૦૮ માળનું મકાન ન્યુયોર્કમાં છે. બધા sight seeing હોયને, બધે worth seeing place, એમાં એ બધાને દેખાડે, બધા જોવા જાય. તો ટોળા બંધ માણસો હોય ત્યાં. લાઈનો લાગી હોય મોટી. બધા મકાન જોવે.. ઓહોહોહો..! નીચે ઊભો રહે, નીચે રસ્તાથી ઉપર જોવે એટલે એને આમ જોવું પડે હોં! પણ એનો પાયો કેવો હશે મજબૂત કે આ હલતું નથી. વાવાઝોડા, તોફાન, પવન સૌથી વધારે એને લાગે. એક માળના મકાનને પવન લાગે એના કરતા ઊંચું હોય એને વધારે લાગે કે નહિ? છતાં એમાંથી કાંકરી ખરતી નથી. શું છે આ? કે પાયો મજબૂત છે. પાયો નથી દેખાતો એટલે શું થઈ ગયું?

મુમુક્ષુ :- ધરતીકંપ થાય તોપણ ન હલે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પડે નહિ એ. એવું છે. વીજળી, ધરતીકંપ બધું ઘણું થાય. એ ૨૪૦ થયો.

પ્રશ્ન :- જિજ્ઞાસુ મહિમા તો એમ જ કરે છે કે ગુરુદેવ! આપે જ બધું-સર્વસ્વ આપ્યું છે.

સમાધાન :- ગુરુદેવ! આપ જ સર્વસ્વ છો; આપે જ અમને બધું આપ્યું છે; આપ અહીં પધાર્યા-આપે માર્ગ બતાવ્યો તો અમે જાગૃત થયા; આપે પુરુષાર્થ કરતાં શીખવ્યું છે;- તે પ્રમાણે બધી વિનયની ભાષા બોલે પણ અંતરથી સમજે છે કે કરવાનું તો મારે છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે એમ તે સમજે છે, અમારી દિશા બદલી હોય તો આપે જ બદલાવી છે એમ ઉપકારબુદ્ધિમાં તેને આવે છે, શુભભાવમાં એમ જ આવે છે. ૨૪૧.

પ્રશ્ન ૨૪૧ ઉપર પ્રવચન

૨૪૧. '**પ્રશ્ન :- જિજ્ઞાસુ મહિમા તો એમ જ કરે છે કે ગુરુદેવ! આપે જ બધું-સર્વસ્વ આપ્યું છે.**' જે યથાર્થ છે એ તો એમ જ મહિમા કરે છે. એટલે પ્રશ્ન પૂછનારને આટલા ઉત્તર પછી એ વાત બેઠી છે. એટલે કહે હા! બને છે તો એવું જ. બહેનશ્રી થોડા વાક્યો વધારે બોલ્યા હશે. subject એ જ ચાલ્યો છે. ૩૯, ૪૦, ૪૧ ત્રણેમાં એક જ વિષય છે.

'**સમાધાન :- ગુરુદેવ! આપ જ સર્વસ્વ છો; આપે જ અમને બધું આપ્યું છે;...**' એ તો આ વચનામૃતમાં લીધુંને એમણે? આત્મા બોલતા શીખ્યા છીએ એ

ગુરુદેવનો ઉપકાર છે! પહેલો એકડો શીખ્યા છીએ. એનો અર્થ એમ છે કે પહેલો એકડો શીખ્યા એ પણ એમનો ઉપકાર છે. એ વાત બહુ strike ક્યારે થઈ? કે કોઈ-કોઈ વિદ્વાનલોકોમાં આવવા માંડ્યુંને કે ગુરુદેવે અહીંયાં ભૂલ કરી, ગુરુદેવ આમ ભૂલ કરતા હતા, પણ બાપુ! તું આવ્યો તે દી' તારી શું દશા હતી? જે લોકો પહેલા-વહેલા ગુરુદેવ પાસે આવ્યાને ત્યારે એને આ લાઈનની એ.બી.સી.ડી.ની ખબર નહોતી. પણ ગુરુદેવ પાસેથી સમજી.. સમજી.. સમજીને એટલું બધું સમજ્યા કે ગુરુદેવની ભૂલ (કાઢવા માંડ્યા)!! એનો ભૂતકાળ ભૂલી જાય છે કે હું આવ્યો ત્યારે ક્યાં હતો?! મારું કોઈ ઠેકાણું નહોતું.

એટલે એમ કહે છે '**આપ જ સર્વસ્વ છો; આપે જ અમને બધું આપ્યું છે; આપ અહીં પધાર્યા-આપે માર્ગ બતાવ્યો તો અમે જાગૃત થયા;...**' જાગૃત થયા એનો અર્થ શું કે ઉપકાર આવ્યો. ઉપકારની શરૂઆત ત્યાંથી થાય છે. જાગૃતિથી થાય છે. ઉપકારની શરૂઆત જાગૃતિથી થાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપની ડાયરીમાં એક બોલમાં લખ્યું છે કે ધર્માત્મારૂપ પરમાત્માની કૃપા વિના પોતાના દોષ દેખાય નહિ. એ આ કેવી રીતે જાગૃતિ આવે એ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- જાગૃતિ આવેને! એના નિમિત્તે જાગૃતિ આવે એટલે પોતાના દોષ દેખાય. નહિતર સાંભળે પણ પુરુષાર્થ ક્યાં કરતો હતો? વાંચ્યું. વાંચવા તો મળે પુસ્તક. સાંભળ્યું. જાગૃતિ આવે ત્યારે જ એને ખબર પડે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શું છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભજે ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન થાય. નહિતર ન થાય. નહિતર ભિન્ન છું... ભિન્ન છું... ભિન્ન છું... ગાયા કરે અને કાં પછી પક્ષ કરી લે તોપણ કાંઈ એનું ઠેકાણું નહિ.

'**આપ અહીં પધાર્યા-આપે માર્ગ બતાવ્યો તો અમે જાગૃત થયા; આપે પુરુષાર્થ કરતાં શીખવ્યું છે;...**' લ્યો ઠીક! આમ ગુરુદેવે કોઈ દી' personal treatment કોઈને નથી આપી, પણ પુરુષાર્થ કરતા શીખવ્યું છે એમ કીધું લ્યો ઠીક! આ તો અંદરની વાત છેને? એ કેવી રીતે બને? જેને વ્યક્તિગત treatment આપતા હોય એ વાત જુદી થઈ ગઈ. ગુરુદેવને એવો ઉદય જ નહોતો. સમષ્ટિગત ઉપદેશનો ઉદય હતો. કોઈ વ્યક્તિગત વાત નહિ કે કોઈને એમ કહે કે જો હું આમ પુરુષાર્થ કરું છું તું કર. તો પછી કેવી રીતે શીખવ્યું હશે? કે એ પોતે જ્યારે શુદ્ધાત્મસ્વરૂપનો વિષય હાથમાં લે એટલે નિશ્ચય તત્ત્વની, નિશ્ચય સ્વરૂપની વાત કરે ત્યારે એ નિશ્ચયમાં પુરુષાર્થ સાથે કરે, નિશ્ચયના પુરુષાર્થ સાથે કરે. પુરુષાર્થ વગર ન હોય એ વાત એમની. એ ચીજ બીજા જીવોને દેખાય, એના દર્શન થાય! એમના પુરુષાર્થના! ત્યારે એને પણ પુરુષાર્થ આમ કરાય એમ આવડે. એટલે એમ કહેવાય કે એમણે પુરુષાર્થ કરતા શીખવ્યો છે.

એવી વાત છે.

'આપે પુરુષાર્થ કરતાં શીખવ્યું છે;-તે પ્રમાણે બધી વિનયની ભાષા બોલે પણ અંતરથી સમજે છે કે કરવાનું તો મારે છે.' એ બેય વાત સાથે છે એમની. વિરુદ્ધ નથી, અવિરુદ્ધ છે. ઉપકાર ગાય અને પોતે પાછો પુરુષાર્થ કરે પોતાથી. અમે આંધળા હતા તમે દેખતા કર્યા! અમે લંગડા-લૂલા હતા તમે ચાલતા કર્યા! 'પંગુ લંઘયતે ગિરિ.'

મુમુક્ષુ :- મૂકં કરોતિ વાચાલં.

પૂજ્ય ભાઈશ્રી :- હા! મૂકં કરોતિ વાચાલં. મૂંગા હતા એને તમે બોલતા કર્યા. પંગુ લંઘયતે ગિરિ. અમે પાંગળા હતા.. તમે તો અમને પર્વત ઉપર ચડાવી દીધા! એવા ચાલતા કર્યા કે અમે પર્વત ચડવા માંડ્યા! 'યત્કૃપા તમહં વંદે.' એવી જેની કૃપા છે એને હું વંદું છું. પેલા લોકોએ શ્રીકૃષ્ણમાં ઉતાર્યું 'પરમાનંદં માધવં'. આપ તો પરમાનંદ માધવ સ્વરૂપ છો. આપની અમારા ઉપર કૃપા થઈ માટે આપને વંદન કરીએ છીએ. એ લોકોએ ભક્તિ તો બહુ કરી છે. એમના ભક્તોએ જે ભક્તિ કરી છે એ જ્ઞાનીઓ અનુમોદે છે. એવી ભક્તિ કરી છે એ લોકોએ. આમ તો આખરમાં તો આત્મા છેને? પરિણમન કરનારો તો આત્મા ખરોને! એટલે કોઈ વિશેષ વાત થઈ હોય તો એના આત્મામાં ઊગી ત્યારે થઈ છેને? એમ. એટલે યથાર્થ ભક્તિભાવ ઊગે ત્યારે ગમે તેમ બોલવાની છૂટ છે. એમાં વાંધો નથી. પરિણમનમાં યથાર્થ છે પછી શું!

'ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે એમ તે સમજે છે,...' ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે એમ તે સમજે છે. એ તે સમજે છે એટલે પોતે સમજે છે. **'અમારી દિશા બદલી હોય તો આપે જ બદલાવી છે એમ ઉપકારબુદ્ધિમાં તેને આવે છે,...'** ઉપકારબુદ્ધિમાં કોને આવે? કે ઉપકાર થયો હોય એને આવે. ઉપકાર ન થયો હોય તો થઈ રહ્યું. કૃપાળુદેવમાં આવે છે. ચાર પ્રકારના જીવ હોય છે. કોઈ પત્થર જેવા, કોઈ ખારેક જેવા અથવા બોર જેવા. એટલે અંદરથી કઠણ હોય અને ઉપરથી કૂણા હોય એમ. કોઈ ઉપરથી કઠણ હોય અને અંદરથી કૂણા હોય. એવી પણ ચીજ હોય છે. નામ હું ભૂલી ગયો, પણ એની ઉપમા છે કે અંદરથી કૂણા હોય, ઉપરથી કઠણ હોય. નાળિયેર! નાળિયેર જેવા, નાળિયેરને ઉપર બધા છાલાને એ કઠણ હોય. અને કોઈ માખણ જેવા હોય, ચારેકોર કૂણા. કોઈ પત્થર જેવા હોય તો ચારેકોર કઠણ એમ. એમ ચાર પ્રકારની યોગ્યતા હોય છે.

જેને ઉપકારબુદ્ધિ થઈ છે એ અંદરથી કૂણો પડી ગયો. બહારમાં કોઈને કેમ લાગે એ બીજી વાત છે. એ યોગ્યતા જુદી-જુદી હોય, પણ અંદરથી કૂણો પડી ગયો એ જીવ.

મુમુક્ષુ :- ભાઈશ્રી એટલે શું?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એને અંદર આત્મામાં જે અસર થઈ છે, એ જીવ ઉપકારબુદ્ધિ હોવાથી એનો ભક્તિભાવ નહિ જાય. જ્ઞાનદશા થશે તો ભક્તિ વધશે. જ્ઞાનદશા થશે તોપણ ભક્તિ વધશે. હવે આચાર્યોએ ભક્તિ કરી છે, જ્ઞાનદશાની શી વાત કરવી?! મહાન આચાર્યો છઠ્ઠે ગુણસ્થાને, સાતમે ગુણસ્થાને ઝૂલતા-ઝૂલતા ભક્તિ કરી છે. એમાં કાંઈ વાંધો નથી આવી જતો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે કહ્યું ને બહારમાં કોઈને કેમ દેખાય એ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કો'કની પ્રકૃતિ એવી હોય બહારમાં એવું ન લાગે. બીજાને એમ લાગે કે આને શું ભક્તિ હશે? આને ભક્તિ કહેવાતી હશે? આ આવા છે - એમ લાગે, પણ અંદરમાં ભક્તિ હોય છે. ઉપકારબુદ્ધિ ઘણી હોય છે. એમ અંદર જોવાનું હોય છે.

'અમારી દિશા બદલી હોય તો આપે જ બદલાવી છે એમ ઉપકારબુદ્ધિમાં તેને આવે છે, શુભભાવમાં એમ જ આવે છે.' અને એ જ પ્રકારે ભક્તિના શુભભાવમાં આવે. એમાં કાંઈ શંકા કરવા જેવી નથી. ભક્તિ તો ભક્તિ છે. ફેર ઉપકારથી પડે છે. ભક્તિના મૂળમાં ઉપકાર રહેલો છે. ભક્તિના મૂળમાં ઉપકાર રહેલો છે અને ઉપકાર થાય છે એના આત્મામાં ફેર પડ્યો છે અને એ ફેરનું એક નામ આપ્યું જાગૃતિ. એને જાગૃતિ આવી. એની જાગૃતિ એમ બોલે છે કે આ જાગૃતિ અત્યાર સુધી કેમ ન આવી? માટે જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભજ્યો છે એ વસ્તુ હવે everlasting છે. એ વસ્તુ જવાની નથી.

મુમુક્ષુ :- નિષ્કારણ કરુણા છે એ નિત્ય પ્રતિ સ્તવવામાં પણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, (સ્તવવામાં) પણ એને સ્વભાવ પ્રગટે છે. આત્મસ્વભાવ પ્રગટે છે એમ લીધું છે. કેમકે દર્શનમોહ ગળતો ગયો.. ગળતો ગયો... ગળતો ગયો.. તો સ્વભાવ પ્રગટવાનો અવસર આવ્યો કે ન આવ્યો? બસ! એ રીતે. એ તો લખ્યું છે એ બધું યથાર્થ લખ્યું છે. એ એમને ભૂતકાળમાં એ જ બન્યું છે.

મુમુક્ષુ :- કોને?

પૂજ્ય ભાઈશ્રી :- કૃપાળુદેવને.

મુમુક્ષુ :- શું?

પૂજ્ય ભાઈશ્રી :- એમણે પણ લખ્યું છેને ૧૯૪માં 'જ્ઞાનદશા તેથી અમને થઈ હતી'. એટલે એમને પણ એ જ બન્યું છે. આમને (પૂજ્ય બહેનશ્રીને) આ ભવની વાત છે. એટલે બધાને એકવાર એ બન્યા પછી બધું બને છે આગળની દશા. એકવાર

સત્પુરુષ મળે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધે એ સત્પુરુષનો જીવને ઉપકાર થાય, પછી ગાડી આગળ ચાલવાની છે. નહિતર એ ગાડી ક્યાં જઈને ઍક્સિડન્ટ કરશે એનું ઠેકાણું નહિ રહે.

મુમુક્ષુ :- બ્રેક વિનાની ગાડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બ્રેક વિનાની ગાડી છે હજી. બ્રેક નાખવાની બાકી છે.

મુમુક્ષુ :- સ્પીડવાળી બહુ છે પણ બ્રેક નથી!

પૂજ્ય ભાઈશ્રી :- બ્રેક નથી એટલે ગમે ત્યાં ભટકાઈ પડે. સ્ટીયરીંગ ઉપર બેઠો હોય એ કહે અરે.. ભટકાવા દઉં નહિને! હું બરાબર સ્ટીયરીંગ સાચવું છું. પણ નહિ રહે ભાઈ. બ્રેક જોઈએ જ. એ આ ગુરુ ઉપકાર છે!! અહીં સુધી રાખીએ.

મુમુક્ષુ :- આશય લખી લઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા આશય લખી લ્યો. એ તો ૨૩૯, ૨૪૦, ૨૪૧ ત્રણેયનો એક જ આશય લખાશે. ૨૪૧ સુધી. ૨૩૯, ૨૪૦ અને ૨૪૧.

આશય :- (૨૩૯, ૨૪૦, ૨૪૧) :- **મુમુક્ષુજીવને ભક્તિ આવે છે તે તે ભૂમિકાનો સ્વસ્થાનનો રાગ છે. આત્મકલ્યાણના હેતુને છોડીને અન્યથા પ્રકારે, જેમકે કોઈ દેખાદેખી કરતા હોય, એમ અન્યથા પ્રકારે અયથાર્થપણે ભક્તિ થવા યોગ્ય નથી. જે જીવ ઉપર શ્રીગુરુના વચનોની અસર થઈ હોય છે, ત્યાંથી લઈને સત્પુરુષની ઓળખાણ થઈ હોય અને તેથી ઉપરની બધી દશાઓમાં શ્રીગુરુનો ઉપકાર ભાસે છે. અને એવી ઉપકારબુદ્ધિવશ ભક્તિ આદિના શુભભાવ દર્શનમોહને ગળવાનું કારણ હોવાથી તે શ્રદ્ધાનમાં કે જ્ઞાનમાં નુકસાનકારક થતા નથી.**

યદ્યપિ અહીં આ સ્થળે શુભભાવની ઉપાદેયતા સ્થાપવી નથી. પરંતુ યથાસ્થાને વિનય, બહુમાન આદિના ભાવોનું અનુમોદન...

❁

આત્માર્થીને દેહ છૂટવા સંબંધી વિષાદ હોય નહિ; તેની સ્વભાવની રુચિ આ વિષાદને ટાળે છે અથવા તે પોતાના પ્રયત્નમાં પડેલો છે; ત્યાં દેહની ચિંતાનો કોઈ પ્રકારે અવકાશ નથી.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૩૧)

પ્રશ્ન :– સમયસારની ૩૮મી ગાથામાં અપ્રતિહતની વાત આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રી અવારનવાર કહેતા હતા કે બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનમાં જોડણી ક્ષાયિકની વાત હતી, તો કૃપા કરીને જોડણી ક્ષાયિક સમકિત એટલે શું? તે કોને પ્રગટ થાય? તેનો ખુલાસો કરશોજી.

સમાધાન :– જોડણી ક્ષાયિક તો જેને અપ્રતિહત ધારા હોય છે તેને પ્રગટ થાય છે. શુદ્ધાત્માની સાધનાની વિશેષ વિશેષ પર્યાયો જોડાતી જાય તો અપ્રતિહત ધારાએ જોડણી ક્ષાયિક પ્રગટ થાય છે.

મુમુક્ષુ :– હજુ સ્પષ્ટ થયું નથી તો વધારે ખુલાસો કરવા કૃપા કરશોજી.

બહેનશ્રી :– તે ક્ષયોપશમ (ક્ષયોપશમ સમકિત) એવું અપ્રતિહત હોય છે કે જે પડવાનું નથી. તેની બધી પર્યાયો અપ્રતિહતભાવે પ્રગટ થાય છે. જોડણી ક્ષાયિકમાં ધારા જ એવી અપ્રતિહત ધારાએ પ્રગટ થાય છે. ૨૪૨.

તા. ૧૨-૧૦-૧૯૯૭, પ્રશ્ન- ૨૪૨-૨૪૩
પ્રવચન નં. ૧૮૬

સ્વાનુભૂતિદર્શન. પ્રશ્ન-૨૪૨. પાનું-૧૪૭. '**સમયસારની ૩૮મી ગાથામાં અપ્રતિહતની વાત આવી હતી.**' અપ્રતિ-હતમાં હત એટલે પડવું, હણાવું. પ્રતિ એટલે સારી રીતે પડવું. અપ્રતિ એટલે બિલકુલ નહિ પડવું, એટલે પાછા ન પડવું. મોક્ષમાર્ગમાં ચડ્યા પછી પાછા ન પડવું. એને અપ્રતિહત કહેવામાં આવે છે. અપ્રતિહતભાવ - પાછો ન પડે એવો મોક્ષમાર્ગનો ભાવ. એ સમયસારની ૩૮મી ગાથામાં અપ્રતિહતની વાત આવી હતી.

'**પૂજ્ય ગુરુદેવશ્રી અવારનવાર કહેતા હતા કે બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનમાં જોડણી ક્ષાયિકની વાત હતી, તો કૃપા કરીને જોડણી ક્ષાયિક સમકિત એટલે શું? તે કોને પ્રગટ થાય? તેનો ખુલાસો કરશોજી.**' જેમકે અત્યારે ક્ષાયિક સમકિત હોતું નથી. ઉપશમ સમકિત તો લઘુ અંતર્મુહૂર્ત હોય, fraction of the second. પછી ક્ષયોપશમ સમકિત હોય બધાને અત્યારે. તો ક્ષયોપશમ સમકિતમાં પડે પણ ખરો અને ન પણ પડે. ઉપશમ અને ક્ષાયિકમાં પડવાનો અવકાશ નથી. ક્ષયોપશમ સમકિતમાં પડવાનો અવકાશ છે. તો એમ કે અપ્રતિહતભાવે જે ઊપડ્યા હોય એ ન પડે. તો પછી શું છે કે એનું ક્ષયોપશમ

સમકિત છે એ ક્ષાયિકસમકિતમાં જોડાઈ જાય. એને જોડણી સમકિતની વાત કરી. જોડણી ક્ષાયિક એટલે ક્ષયોપશમથી જોડાઈને ક્ષાયિકમાં આવ્યું એટલે જોડણી ક્ષાયિક, એમ. એટલે કેટલાક મોક્ષમાર્ગી જ્ઞાનીનું સમકિત જ એવું હોય છે કે ક્ષાયિક સાથે જોડાવાનું હોય અને પડવાનો સવાલ હોય જ નહિ. એ બાબતમાં સ્પષ્ટીકરણ માગ્યું છે કોઈએ.

'**સમાધાન :- જોડણી ક્ષાયિક તો જેને અપ્રતિહત ધારા હોય છે તેને પ્રગટ થાય છે.**' અપ્રતિહત ધારા એટલે પાછું ન પડે એવી જોરદાર ધારા હોય મોક્ષમાર્ગની જ્ઞાનધારા. બહુ જોરદાર હોય એ જીવને ક્ષયોપશમ સમકિત ક્ષાયિકમાં જોડાઈ જાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એકાવતારી જીવો હોય અત્યારે....

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમ તો શું છે કે specific quality લીધી છે એમણે. specific quality લીધી છે. પછી એકાવતારી જ હોય એવું કાંઈ નહિ. વધારે હોય તો સવાલ નથી એનો. ભવ સાથે સંબંધ નથી.

'**જોડણી ક્ષાયિક તો જેને અપ્રતિહત ધારા હોય...**' આ એમણે પોતે specify કર્યું કે '**અપ્રતિહત ધારા હોય...**' તેને જોડણી ક્ષાયિક થઈ જાય. '**તેને પ્રગટ થાય છે. શુદ્ધાત્માની સાધનાની વિશેષ વિશેષ પર્યાયો જોડાતી જાય...**' પોતાના સ્વરૂપની સાધનાની વિશેષ-વિશેષ પર્યાયો. એમ. આગળ વધતી વિશેષ-વિશેષ પર્યાયો એક પછી એક જોડાતી જાય '**તો અપ્રતિહત ધારાએ જોડણી ક્ષાયિક પ્રગટ થાય છે.**' કોઈ એવી ધારામાં ને ધારામાં ક્ષાયિક સુધી પહોંચી જાય છે.

'**મુમુક્ષુઃ-**' કોઈએ પ્રશ્ન વચ્ચે કર્યો છે. '**હજુ સ્પષ્ટ થયું નથી તો વધારે ખુલાસો કરવા કૃપા કરશોજી.**' એટલામાં-અઢી લીટીમાં કાંઈ હજી બહુ સ્પષ્ટીકરણ નથી આવતું. ફરીને એમણે બે-ત્રણ લીટીની વાત કરી છે કે '**તે ક્ષયોપશમ (ક્ષયોપશમ સમકિત) એવું અપ્રતિહત હોય છે કે જે પડવાનું નથી. તેની બધી પર્યાયો અપ્રતિહતભાવે પ્રગટ થાય છે.**' આગળ એકેએક પર્યાયો. '**જોડણી ક્ષાયિકમાં ધારા જ એવી અપ્રતિહત ધારાએ પ્રગટ થાય છે.**' એ બહુ ખાસ-વિશેષ બીજો ખુલાસો નથી આપ્યો. કોને પ્રગટ થાય છે એ ખુલાસો નથી કર્યો. જોડણી ક્ષાયિક એટલે શું કે અપ્રતિહત ધારાએ ઊપડેલો ભાવ. એમ.

મુમુક્ષુ :- આ ગુરુદેવના અનુભવથી વાત આવી છે કે શાસ્ત્રમાં પણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, શાસ્ત્રમાં નથી પણ બહેનશ્રીના જાતિસ્મરણમાં આવેલી છે. અપ્રતિહતધારાની વાત શાસ્ત્રમાં આવે. જોડણી ક્ષાયિકની વાત બહેનશ્રીને જ્ઞાનમાં આવી છે.

મુમુક્ષુ :- બહેનશ્રીના અંકમાં જે એમને વિષે લખ્યું હતું ત્યારે આવી જોડણી

ક્ષાયિકની વાત આપે કરી હતી.

મુમુક્ષુ :- બહેનશ્રીબહેનને એ પ્રકાર હશે?

પૂજ્ય ભાઈશ્રી :- બનવાજોગ છે. એમને પોતાના જ્ઞાનમાં આવ્યું છે એટલે બનવાજોગ છે. આ જાણવાનો વિષય છે. જોડણી ક્ષાયિક કેવું હોય એ બધું જાણવાનો વિષય છે. બહુ ખાસ પ્રયોજન નથી. મુમુક્ષુને કોઈ એનું પ્રયોજન નથી.

પ્રશ્ન :- પાત્ર શિષ્યનાં મુખ્ય લક્ષણો સંબંધી થોડું માર્ગદર્શન આપો.

સમાધાન :- પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે. આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે. શુભભાવનાં કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે, બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કોઈ પ્રયોજન હોતું નથી.---લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે; લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય તેવી તેને પ્રીતિ હોય છે. જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે, બીજો કોઈ અન્ય હેતુ તેનો હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે. ૨૪૩.

પ્રશ્ન ૨૪૩ ઉપર પ્રવચન

પ્રશ્ન-૨૪૩મો. **'પાત્ર શિષ્યનાં મુખ્ય લક્ષણો સંબંધી થોડું માર્ગદર્શન આપો.'** આ આપણે મને એમ છે કે ત્યાં મુંબઈ ચાલ્યો હતો કે પછી કલકત્તા ચાલ્યો છે.

મુમુક્ષુ :- અહીંયાં (ભાવનગરમાં) પણ ચાલી ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીં વચ્ચે લીધેલો. ઠીક.

મુમુક્ષુ :- બોમ્બે પણ ચાલ્યો હતો. તમે ફોનમાં કહેતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર હમણા ચાલી ગયો એ ખ્યાલ છે.

'સમાધાન :- પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય...' પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય **'કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'** બસ! આ લગની ઉપર લઈ જાય છે પોતે. પોતાને અનુભવ છેને લગનીનો? એટલે પાત્રતામાં મુખ્ય વાત લગનીની લે છે. આ લય કહો. લય શબ્દ પણ એવો જ છે. એને કૃપાળુદેવ લય શબ્દ વાપરે છે, લગની. પછી એ વચ્ચે ક્યાંય રોકાતો નથી. ઊપડ્યો એ ઊપડ્યો પછી. એકધારું કામ ચાલે છે. લયથી અને લગનીથી એકધારું કામ ચાલે છે અને વગર વિક્ષેપે એકધારું જો કામ ચાલે તો થોડા સમયમાં ઘણું અંતર કપાઈ જાય. ઘણો આગળ નીકળી જાય. એવો આ માર્ગ છે. એકધારો ઊપડ્યો તો કામ થોડા વખતમાં જાજું થઈ જાય.

મુમુક્ષુ :- અપ્રતિહતધારાએ...?

પૂજ્ય ભાઈશ્રી :- અપ્રતિહતધારા તો આ મોક્ષમાર્ગની ગણાય. અહીંયાં તો મુમુક્ષુનો વિષય છે.

'પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.' બસ, મારો આત્મા અને હું, મારે (બીજું) કાંઈ જોઈતું નથી. આત્માનો વિયોગ મને પોસાતો નથી. મારે મારો પરમાત્મા જ જોઈએ. એ જ મારું સર્વસ્વ છે. બીજું કાંઈ જોઈએ તો મને મળે એવું પણ છે નહિ. આત્માને શું મળે છે? આત્માને રોટલી, દાળ, ભાત, શાક મળે છે? શરીર મળે છે? પૈસા મળે છે? બીજા પદાર્થો મળે છે? આબરૂ-કીર્તિ મળે છે? તો કહે, કાંઈ મળતું નથી. એ તો નિર્લેપ તત્ત્વ છે.

એટલે બીજું કાંઈ જોઈતું નથી એમાં એ જ્ઞાન આવી જાય છે કે, બીજું મળવાનો સવાલ પણ નથી. મારું સ્વરૂપ પ્રાપ્ત છે પણ એનાથી હું અજાણ છું, મને એનો અનુભવ નથી. એટલે પાત્રતાવાળાને એવી લગની લાગે છે કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. ચૈતન્ય કહો કે પોતાનો આત્મા કહો!

'તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે.' એટલે લગનીની સાથે પ્રયોજનની દૃષ્ટિ સંકળાયેલી થઈ ગઈ. શું થયું? જેને લગની લાગે છે એને પ્રયોજનની દૃષ્ટિ સાથે ઊભી થઈ જાય છે. એટલે એ દરેક કામમાં એ પોતાના પ્રયોજનને જ જોવે છે. પ્રયોજન નથી એ ગૌણ થઈ જાય છે. એટલે કે સંસારના કાર્યો ઉદયમાં આવે છે એમાં આત્માનું પ્રયોજન નહિ હોવાથી એ

બધા ગૌણ થઈ જાય છે. આમાં મારા આત્માને શું પ્રયોજન છે? ઠીક છે, ઉદય આવ્યો છે પૂર્વે નાખેલું છે એટલે. પતાવો જાવ! એટલે જેમ વેઠ ઉતારવી હોય, એ કૃપાળુદેવે લખ્યું છે કે, વેઠની જેમ પ્રવૃત્તિ કરીએ છીએ. વેઠિયાને કાંઈ મળે નહિ. વેઠિયાને કાંઈ મળે નહિ એણે મફત જ કામ કરવાનું હોય. એટલે અમે વેઠિયા છીએ! આ બધા કામમાં અમે વેઠિયા છીએ! અમને કાંઈ આમાંથી મળે છે એવી કોઈ અપેક્ષા કે આશા છે નહિ.

એક પરની અપેક્ષાવૃત્તિ તૂટી જાય એટલે હજારો વિકલ્પમાં થતી આકુળતાઓ બંધ થઈ જાય. મુમુક્ષુતાનો અથવા પાત્રતાનો વિકાસ પ્રયોજનની દૃષ્ટિ ઉપર છે. પ્રયોજનની દૃષ્ટિ જેટલી તીખી અને સૂક્ષ્મ એટલો વિકાસ જલ્દી થાય, વધારે થાય અને એ લગની સાથે જોડાયેલી છે. પ્રયોજનની દૃષ્ટિ શેની સાથે જોડાયેલી છે? લગની સાથે જોડાયેલી છે. બીજું બધું તેને ગૌણ થાય છે.

'**આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે.**' દરેક કાર્યમાં આત્મા મુખ્ય રાખે છે. જેમકે રળવું પડે છે. તો કહે ગમે ત્યારે રળવું બંધ કરી દેવું છે. કમાવું પડે છે, પરિસ્થિતિ કોઈ એવી છે ઠીક છે, (પણ) રળવા ખાતર રળવું નથી. કે દી' રળવાનું બંધ થાય અને નિવૃત્તિ લઉં? એના માટે એને રળવું છે. એમ. જમે છે માણસો તો જમતી વખતે એને એવો ભાવ રહે છે કે, આ જમવું પડે છે, બાકી આત્માને શું પ્રયોજન? આમાં આત્માને શું મળે છે? એક રજકણ કાંઈ આત્માને મળતો નથી. ઠીક છે. ચાલશે નહિ. પરિણામની દવા કરવી છે એટલે જમી લેવું પડે બાકી મારા આત્માને આમાં કાંઈ પ્રયોજન નથી. શું થયું? ફાવવું-ન ફાવવું, ભાવવું-ન ભાવવું બધા ટાયલા બંધ થઈ ગયા. કેમકે વેઠ જ ઉતારવાની છે! (પેટમાં) નાખી દ્યો ભાઈ. ૨૦૦-૪૦૦ ગ્રામ. જેનો જેટલો ખોરાક. પેટનો ખાડો પૂરવાનો છે. પધરાવી દ્યો. કાંઈ એનો ઉપયોગ ખેંચાય જ નહિને! ઉપયોગ ખેંચાય તો વિક્ષેપ ઊભો થાયને? આંખ મીંચીને ખાઈ લે. નાખી દ્યો ફટાફટ જાવ! એમ દરેકમાં. આત્માને એકને મુખ્ય રાખીને દરેક કાર્ય હોય છે. આવી રીતે વાત છે. નહિતર ચીકાશ થયા વગર રહે નહિ.

એક પાણી પીવે ત્યારે ખ્યાલો ચોખ્ખો છે કે નહિ? અંદર કસ્તર નથીને પાણીમાં? એવું બધું ધ્યાન ગયા કરે. તરસ લાગી તો નાખી દે તરસ છીપાય એટલું. બીજું શું? એમાં ઉપયોગ શું પરોવવો? આખે આખો રોકાઈ જાય છે. વાત નાની છે પણ આખેઆખો પરમાત્મા ત્યાં રોકાઈ જાય છે. તમને કોઈ એમ કહે કે ભાઈ આ એક મડદું છે એની તમે સેવા કર્યા કરો. સવાર, બપોર, સાંજ એની સેવા કર્યા કરો. તમને રસ કેટલો આવે એ કહો? તો પછી આ શું છે? મડદાની સેવા. અને એમાં જીવ રસ લે છે

પાછો. રસ લે છેને? બાકી છે તો મડદાની સેવા કરવાનું. અને તે પણ પાછો પરમાત્મા થઈને. પરમાત્મા પાસે મડદાની સેવા કરાવે છે. ઠીક! હવે એ સેવામાં રસ પડે તો પછી પરમાત્મા કે દી' સૂઝે એને?

મુમુક્ષુ :- એટલે જ પામર થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ જડત્વને પામે છે. જડના પરિચયથી અને જડના પ્રેમથી અને રુચિથી એ જડત્વને એટલે અબોધદશાને પામે છે. એક જગ્યાએ આવે છે જડત્વને એટલે અબોધદશાને પામે છે. ૫૫મો પત્ર.

મુમુક્ષુ :- મુંબઈમાં લીધો હતોને.

પૂજ્ય ભાઈશ્રી :- મુંબઈમાં લીધો હતો ૫૫મો પત્ર છે. અહીંયાં કલકત્તામાં પણ લેવડાવ્યો હતો. અબોધદશાને પામે છે એટલે શું? કે જે જડની રુચિ વધી જાય છે જેને, શરીરની રુચિ વધી જાય છે એને બોધ જલ્દી અસર ન કરે એવી દશા પામે છે. એને આત્માનો બોધ સાંભળવા મળે કે જો ભાઈ! તું જ્ઞાનસ્વરૂપી છો! સુખ તારા અંતરમાં છે, સુખ ક્યાંય બહાર નથી, તોપણ એના આત્માને અસર ન કરે. એ જડની રુચિને લઈને અબોધદશા થઈ ગઈ છે. બોધ સ્પર્શ ન કરે એને. બોધને સ્પર્શે નહિ. એની અસર જ ન આવે.

મુમુક્ષુ :- એ રુચિને ફેરવવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ રુચિને તોડી નાખવી. ઘણાંને એવી દશા જોવામાં આવે છે. એટલો ધંધા-પાણીમાં અને રળવામાં ને ખાવા-પીવામાં એટલો બધો રસ હોય. ખાવા-પીવામાં પણ એવો રસ. સ્વાદ પાછળ ગાંડા. ગાંડા એટલે શું? કે તબિયત ખરાબ હોય તોપણ ખાય એમ. એટલે એને ગાંડા જ કહેવાયને? આત્માની વાત રુચે નહિ. આત્માની વાત રુચે નહિ એને. એવી દશા થઈ જાય. અને કોઈ આત્માની વાત સાંભળવા મળે તો એને કાંઈ જરાય સ્પર્શે નહિ. ઠીક છે! આ લોકો એવું બધું કર્યા કરે છે. એને તો જે રસ પડ્યો છે!! અહીંયાં બરાબર રસ અને રુચિ જામેલા રહે છે.

મુમુક્ષુ :- પપ્પા કહેતા હતા કે એક ધંધાના રસિયા ભાઈ છે ને એ લોકો રોજ વૉકિંગમાં મળતા તો પપ્પાને એ કહે આત્માની વાત નહિ કરતા. કાંઈ એ સિવાયની વાત કરવી હોય તો કરજો. આત્માની વાત ન કરતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ન રુચે એને. ઘણાંય એવા હોય છે. આત્માની વાત સાંભળવી રુચે નહિ. અને સાંભળવા મળે તો એને કોઈ જાતની અસર પહોંચે નહિ. માજી હતા તો બેસાડતા હતા કો'ક વખત. પણ કાંઈ (રુચે નહિ). એનું કારણ શું

છે કે આખી જિંદગી જ બીજી જાતની કલ્પનાની. એના ફાધર એ જમાનાના કરોડપતિ, એમાંથી એકદમ દેવાદાર થઈ ગયા. જે દી' પાઈની બે-ત્રણ ચીજ મળતી હતી તે દી' કરોડપતિ. અને એનો વેપાર જામસાહેબ સાથે ચાલે ભેગો ભાગીદારીમાં. એટલે કાયદા બધા ફેરવે જકાતના ને બીજા ને ત્રીજા. કોઈ ચીજની ભાવમાં વધઘટ કરવી હોય ત્યારે.

જામનગરમાં તો ધંધો કરી કરીને ખુબ પૈસા થઈ ગયા. કરોડો રૂપિયા થઈ ગયા. પછી માણસને લિમિટ તો હોતી નથી. પછી મુંબઈમાં ખેલવા મંડ્યા. મુંબઈમાં અને કલકત્તાની બજારમાં. એકવાર કાંઈક ખેલો કરવા ગયા ચાંદી-બાંદીનો. બધું જેટલું આવ્યું હતું એ ગયું. માથે દેવું. મકાનો-બકાનો બધું વેચી નાખવું પડ્યું. મકાનો-બિલ્ડિંગો ઘણાં હતા જામનગરમાં. આ મનમોહનમાર્કેટ મનમોહનભાઈના નામની જ છે જામનગરમાં. ગ્રીનમાર્કેટની અંદર મોટી બિલ્ડિંગ છે મનમોહનમાર્કેટ. એ આ મનમોહનભાઈ આપણા ભાવનગરવાળા. તે દી' નાના હશે એટલે એ નામનું બનાવ્યું હશે. મકાન પણ બહુ મોટા મોટા હતા. બધો રાજાશાહી ઠાઠ હતો. ફુલચંદભાઈ ગુરુદેવને બહુ ગાળો દેતા. બહુ દ્વેષ.. બહુ દ્વેષ.. પરિણામ બહુ બગાડેલા.

હવે આ લોકો શ્રીમંતાઈમાંથી ગરીબીમાં આવી ગયા એટલે કુદરતની થપાટ મોટી લાગી. તો ફુલચંદભાઈ જીવ્યા ત્યાં સુધી ઊંચા ન આવ્યા. પછી આ સ્ટીલકાસ્ટ કર્યું એમાં પણ શરૂઆતમાં બહુ તકલીફ હતી, બહુ તકલીફ હતી. એ તો અમને ખબર છે. પગાર ચૂકવવાના પૈસા ન હોય. જયંતિભાઈ કામદાર ગઢડાવાળા એમાં એકાઉન્ટન્ટ હતા. એટલે એ અમારે ત્યાં ૧૦-૨૦ હજાર વ્યાજે મૂકતા. એટલે મને ફોન કરે. એક પાંચ હજાર રૂપિયા સ્ટીલકાસ્ટની જણસે મૂકીને આપજોને માણસ મોકલું છું. આપણે જોખમ ન હોય કેમકે પેલાના પૈસા પડ્યા હોય. એટલે મોકલી દઈએ. એ એક-બે-ત્રણ અઠવાડિયે adjustment કરીને પાંચ હજાર પાછા આવે. પેલા લોકો સીધો ફોન ન કરે. જરાક આબરૂનો સવાલ હોય એટલે. માણસ પાસે ફોન કરાવે. એને બધી ખબર હોય કે કોણ મદદ કરે છે. વાત તો કરે જને! આમ respect ઘણું રાખે છે. એ પાછું બધું ફર્યું તો પાછા કરોડો થઈ ગયા. જુઓ! એક ભવમાં બે ભવ જેવું. પછી પેલું જે ડિપ્રેશનમાં આવ્યા હોય અને કરોડો હતા એમાંથી બબ્બે-પાંચ-પાંચ હજાર માટે લાચારી કરવી પડી હોય એ પછી એટલી બધી એની અસર લીધી હોય, પક્કડ આવી હોય પૈસાની, આર્થિક સ્થિતિની પક્કડ એટલી આવી હોય કે આત્માની વાત સાંભળી શકાય નહિ પછી. એ વાત કરશો નહિ. એનું કારણ છે. એના જીવનનું ઘડતર એવું થઈ ગયું હોય છે.

આત્માર્થીને તો '**દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે,...**' દરેક કાર્યમાં એને એનો આત્મા સાંભરે. આમાં મારા આત્માને શું? આમાં મારા આત્માને શું? એટલે (બધે) સરળતા પણ આપોઆપ આવી જાય. જે મોટો ગુણ છે એ સરળતા પણ આપોઆપ જ આવી જાય. ભાઈ મારા આત્મા પૂરતો જ મતલબ છે, મારે બીજો શું મતલબ છે? હું શું કામ માથાકૂટ કરું? બધી માથાકૂટમાંથી નીકળી જાય.

મુમુક્ષુ :- બહેનશ્રીના વચનામૃતમાં છેને? કુટુંબ-પરિવારની વચ્ચે બેઠો હોય ત્યારે પણ મને મારી બા... મને મારી બા..

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું જ છે.

મુમુક્ષુ :- ખટક અંદર રહ્યા કરે, મને મારો આત્મા...

પૂજ્ય ભાઈશ્રી :- આત્મબા જોઈએ. મને મારી આત્મબા જોઈએ. એમ.

'**શુભભાવનાં કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે, બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી.**' શુભભાવના કાર્યમાં હું ભક્તિ વધારે સારી કરું છું કે મારી પૂજા વધારે સારી કે મારું ફલાણું - (એવા) કોઈ આગ્રહ, કોઈ દુરાગ્રહ કાંઈ ન રહે. આત્માનું પ્રયોજન છે, બીજું કાંઈ પ્રયોજન મારે નથી. લોકો શું ગણશે? ગણતરી ગણશે કે નહિ ગણે? આવ્યા છે કે નથી આવ્યા એની નોંધ લેશે કે નહિ લે? કાંઈ નહિ. મારે મારા આત્માનું પ્રયોજન છે. કોઈની સાથે કાંઈ કામ નથી. પુદ્ગલો અને જીવો એની યોગ્યતા પ્રમાણે પરિણમ્યા કરશે. મારે કોઈની સાથે કાંઈ નિસ્બત નથી.

'**કોઈ પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે...**' દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના થાય એવા ભાવ આવે છે. કેમકે એની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધે કોઈને કોઈ આત્માના કલ્યાણનું નિમિત્ત રહેલું હોય છે માટે. એટલે એ ભાવ આવે છે. '**અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કોઈ પ્રયોજન હોતું નથી.**' એટલે કે '**લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે.**' દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કરે એટલે પાછું સામાજિક-સોશ્યલ સ્ટેજ આવી ગયું. સામાજિક સ્ટેજ આવ્યું. કેમકે પ્રભાવના ક્યાં કરવાની? કે સમાજમાં. તો એ સામાજિક સ્ટેજ આવ્યું. તો કહે એમાં '**લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે.**' એમાં કોઈ લૌકિક પ્રયોજન નહિ. બસ! આ પવિત્ર ધર્મ છે, આ પવિત્ર દેવ-ગુરુ-શાસ્ત્રો છે. જગતના પાત્ર જીવોને એનો લાભ મળો! જલ્દીથી જલ્દી એનો લાભ મળો અને જે જીવો આત્મકલ્યાણ થવાને પાત્ર છે એ પોતાનું આત્મકલ્યાણ કરો! એ સિવાય મારે કાંઈ લેવા-દેવા નથી, કોઈની સાથે કાંઈ લેવા-દેવા નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના થાવ. એટલે એ સોશ્યલ સ્ટેજ ઉપર કામ કરતાં સમાજની પ્રતિષ્ઠાનો પણ કોઈ પ્રશ્ન બનાવે

નહિ. અને પ્રતિષ્ઠા મળે એવા પ્રસંગોથી આઘો રહે, દૂર ભાગે. કેમકે એ લપસણી જગ્યા છે. એટલે લોકોની નજરથી ઓઝલમાં રહેવું. લોકોની નજર આડે ઓઝલમાં રહેવું એ એક એની સાવધાની છે. અને પછી લોકસંજ્ઞાનો કોઈ અવકાશ એમાં રહેતો નથી. નહિતર લોકસંજ્ઞા આવતા શું વાર લાગે? લોકસંજ્ઞા આવતા વાર ન લાગે.

'**બીજું કોઈ પ્રયોજન હોતું નથી.-લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે;...**' હું મારા આત્માનું કરવા નીકળ્યો છું અને જલ્દી-જલ્દી કરી લઉં. વચ્ચે કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રના પ્રસંગોના ઉદયો આવે, એ પણ ઉદય છે. જેમકે અહીંયાં સ્વાધ્યાય થતો હતો, પણ મંદિર નહોતું. મંદિર પેલું (મૂળ દિગંબરોનું) હતું. પણ વિસપંથી રહ્યું અને બધાને અનુકૂળ તો નહિ. આપણે ઉપકારી હોય તોપણ ગુરુદેવની જય બોલાવવી હોય તો ત્યાં બોલાવાય નહિ. અમુક લિમિટેડ પ્રવૃત્તિ થાય, તમે દર્શન-પૂજન કરી લ્યો, બાકી એથી વધારે તો કાંઈ પ્રવૃત્તિ ન થાય. એમાં પાછા ઓલા મુનિ-બુનિ કોઈ ત્યાગી આવ્યા હોય ને તમે એના પગે ન લાગો તો બધાની આંખમાં આવવા જેવું થાયને? જુઓ! આ દર્શન કરીને વયા જાય છે. મુનિને માનતા નથી. મુનિ સામા મળી જાય, મંદિરમાં ભેગા થઈ જાય તો.. આપણું મંદિર હોય એનો ફેર પડે. આપણે એનો ભાવ થાય એટલે એક ઉદય આવ્યો. એ મંદિરમાં આપણે પ્રભાવના થતી હોય એટલે સમર્પણ પૂરેપૂરું કરીએ. પણ એ ઉદય આવ્યો, તો ઉદયની અંદર શું? કે ભાઈ પ્રભાવના ખૂબ થાવ! પણ મારું પ્રયોજન? તો કહે મારા આત્માનું કલ્યાણ કરવું. આ સિવાય મારે બીજું કોઈ પ્રયોજન નથી.

'**એક આત્માની જ લગની લાગી છે; લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી.**' કે આમાં મોટાઈ મળશે, લોકો જાણશે, બહાર પડવાનું થાશે એ કાંઈ પ્રયોજન હોતું નથી. '**મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે.**' મંદિર થયું ત્યારે ઘણીવાર એવો વિકલ્પ આવતો હતો કે અહીં આખો દિવસ ભગવાનની સામે બેસી રહીએ, ઘરે જ ન જાવું! એટલે બે ટાઈમ ઘરે જમવા જાવું એમ, બાકી અહીંયાં બેસી રહેવું.

મુમુક્ષુ :- આપને એવો ભાવ આવતો હતો?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ possible ન હોય. તે દી' તો વ્યવસાયમાં જોડાયેલા હતા.

મુમુક્ષુ :- ક્યારેક તો આપ બેસતા હશોને?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યારેક બેસીએ જુદી વાત છે. કોઈ વખત સાંજના કે એવી રીતે નિવૃત્તિનો ટાઈમ હોય તો. ઉપર જ બેસી જતો. નીચે તો કોઈને કોઈ આવે

જાય.. આવે જાય.. એમાં શું કે એ ઘર છે એમ જ લાગે. ઓલું માણસને ઘરે રહેવાનું મન થાયને? (મને) ઘર છોડીને અહીંયાં રહેવાનું મન થાતું એમ.

'**લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે.**' મારે મારો લાભ જોવાનો છે. મારે બીજાની સાથે (કાંઈ લેવાદેવા નથી.) બીજા બધા શટર બંધ. કોઈ શટર ખુલ્લું નહિ. મારા આત્માને લાભ! એક (જ) મારું પ્રયોજન, બીજું કાંઈ નહિ. બસ! પછી તો નુકસાન થતું તો બંધ થઈ જ જાય. નુકસાન થતું બંધ થાય એટલે આત્મા તો અંદરથી હજાર હાથવાળો, અનંતશક્તિવાળો છે. સવાલ જ નથી કે ફાયદો ન થાય, લાભ ન થાય. (ફાયદો થાય જ.)

'**શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ...** ' શ્રી જિનેન્દ્રદેવ એટલે દેવ, દેવ પછી ગુરુ. જેણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુદેવ. એમ. '**અને શાસ્ત્ર...**' એમની વાણી. દેવ-ગુરુની વાણી તે શાસ્ત્ર. '**તેની કેમ પ્રભાવના થાય તેવી તેને પ્રીતિ હોય છે.**' એની પ્રભાવનાની પ્રીતિ હોય છે, રુચિ હોય છે. અંતરમાં પ્રભાવના કરવી છે એટલે બાહ્ય પ્રભાવનાની પણ પ્રીતિ હોય છે. અંતર પ્રભાવના તે નિશ્ચય, બાહ્ય પ્રભાવના તે વ્યવહાર. સમ્યગ્દર્શનની સાથે આ જોડાયેલી વસ્તુ છે. અંગ છેને? એનું અંગ લીધું છે. પ્રભાવના અંગ. આઠમું અંગ લીધું ને વાત્સલ્ય અને પ્રભાવના. પ્રીતિ હોય છે. પ્રભાવનાની પ્રીતિ હોય છે.

લોકો એમ સમજે ભાઈ આબરૂ મેળવવી હશે કે પોતાની ખ્યાતિ કરવી હશે એટલે કરતા હશે, પણ ધર્મની પ્રભાવના કેમ થાય? એ હેતુ હોય છે. અને કોઈને એવી બહારની દૃષ્ટિવાળાને એવું પણ હોય છે, પ્રભાવનાને બહાને આબરૂ-કીર્તિ મેળવવામાં પણ પડી જાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પ્રીતિ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રીતિ એટલે પ્રેમ. પ્રીતિ એટલે પ્રેમ, ગમવું. liking.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમ ન હોય કે જે આત્માને વધારે પ્રભાવનાનું અંગ હોય એ તીર્થંકર થવાના હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને વિશેષ પ્રકારે હોય. તીર્થંકર ભગવાનને પ્રભાવનાનો વિકલ્પ જરા જોરથી આવે છે. આવે છે તો બધા સમ્યગ્દૃષ્ટિને, પણ તીર્થંકર દ્રવ્ય હોય એને જોરથી આવે છે.

મુમુક્ષુ :- સોનગઢને લગતી બધી જૂની વાતો સાંભળીએ છીએ ત્યારે આમ બહારમાં આપનું ક્યાંય નામ નથી અને આમ આપશ્રીએ અંદરમાં બધા કામ કરેલા છે!!

પૂજ્ય ભાઈશ્રી :- એ આ પરમાગમ મંદિરથી. એ પહેલા નહોતું. એ પહેલા તો માનસ્તંભનો ઉત્સવ હતો ત્યારે તો મારો પ્રવેશ નહોતો. પહેલોવહેલો પરમાગમ મંદિરનો ઉત્સવ આવ્યો ત્યારે પરિસ્થિતિ થોડી ખરાબ હતી. આર્થિક સ્થિતિ પણ ટ્રસ્ટની નબળી હતી. સિમેન્ટની acute shortage હતી. કારીગરો જોઈએ એટલા મળતા નહોતા. કામ મોટું હતું. અને કૉન્ટ્રાક્ટર આ ધામી હતા. આપણે રમેશભાઈ ધામી હતા. એને અને વજુભાઈને વાંધો પડી ગયો હતો એટલે કામ અટકી ગયું હતું. અને ગુરુદેવને વિકલ્પ આવતો હતો. ગુરુદેવ એકવાર સવારે અમે ગયા ત્યારે એવું બોલ્યા કે, મારી ઊંઘ ક્યારેક ઊડી જાય છે રાત્રે. મને વિકલ્પ આવે છે કે આ વર્ષ, દોઢ વર્ષથી ખંડેરની જેમ મંદિર પડ્યું છે. કામ બંધ પડ્યું છે. એમ કેમ થાય છે? પોતે તો કાંઈ બહુ માથું મારે નહિ. કોઈને એમ ન કહે કે તમે આમ કરો ને તેમ કરો. કોઈને ન કહે.

પછી મેં હીરાલાલજીને વાત કરી કે આ ગુરુદેવને ઊંઘ ઊડી જાય છે એવો વિકલ્પ આવે છે કેમ કરશું? મને કહે હું તો બે લાખ રૂપિયા આપું અત્યારે, એમની એવી શક્તિ નહિ. કહે, હું તો બે લાખ આપું કામ ચાલુ થતું હોય તો. એટલે શું કે રમેશભાઈ ધામીને કાંઈ નુકસાન જતું હોય તો આપણે એને ખાનગીમાં કહી દઈએ કે, ભાઈ બે લાખ સુધીની નુકસાની અમે તને ખાનગીમાં આપી દઈશું, તું કામ ઉપાડી લે. પણ મૂળ ઓલા બેયને બને નહિ એનું શું કરવું? બેયનો અહમ્ કાંઈક ટકરાણો હશે. બને નહિ એનું શું કરવું? એનો તો કોઈ ઉપાય નહિ. બીજું આપણે કાંઈ technician નહિ કે માથું મારી શકીએ. સિવિલ એન્જિનિયરિંગની ટેક્નિક તો આવડતી નથી કે ભાઈ આમાં આમ કરવું ને તેમ કરવું. આપણો વિષય નથી. સિમેન્ટની acute shortage છે. કારીગરો બધા ચાલ્યા ગયા છે. આ તો કાંઈ બે લાખ રૂપિયાથી કાંઈ કામ ચાલે એવું નથી. આમાં તો બધા પડખેથી સંપન્ન માણસ હોય એનું કામ છે.

પછી મુંબઈ મંડળના ચીમનલાલ હિંમતલાલ પ્રમુખ હતા એ વખતે. એના પાડોશમાં architect રહેતા હતા, બીજા ચીમનભાઈ આપણા જામનગરવાળા - સી.સી. શેઠ. અહીંયાં પારેખ છેને? એના બનેવી થાય. પારેખ બ્રધર્સ નથી? કેમિકલવાળા, થિયેટરવાળાને એ બધા પારેખ છેને? એના બનેવી છે. બહુ હોશિયાર માણસ. મુંબઈમાં એણે architect તરીકે મોટા કામ કરેલા. એટલે આ કામ એને બહુ નાનું એવું એના પ્રમાણમાં ગણાય. એ બેયએ નક્કી કર્યું. ઓલો કહે હું technician તરીકે તમને મદદ કરું. દર મહિને એક આંટો મુંબઈથી મારા ખર્ચે આવીશ. તમે કામ ઉપાડી લ્યો! એટલે એણે કામ ઉપાડવાનું માથે લીધું. ગુરુદેવને વિનંતી કરી કે અમે આ કામ ઉપાડી લેવા માગીએ છીએ.

મુમુક્ષુ :- કોણે વિનંતી કરી?

પૂજ્ય ભાઈશ્રી :- ચીમનભાઈએ. અને એમ કે આ ચીમનભાઈ છે એ વજુભાઈની જગ્યાએ ટેક્નિકલ માણસ છે જે વજુભાઈ કરતા વધારે જ્ઞાન ધરાવે છે. architect એટલે સિવિલ એન્જિનિયરથી થોડું વધારે જ્ઞાન ધરાવે છે. સિવિલ એન્જિનિયર થયા પછી architect થાયને? તેની ડિગ્રી વધારે છે. વધારે ભણેલા છે. અમે કામ ઉપાડી લઈએ છીએ. ઠીક! પછી અમે ચીમનભાઈને ખાનગી મળવા ગયા કે ભાઈ તમારે અમારી મદદ જોઈતી હોય તો કહેજો. રૂપિયા જોઈતા હોય તો કહેજો અને બીજું કોઈ કામ હોય તો અમને બતાવી દેજોને! એટલે એણે અમને કામ સોંપી દીધું કે આ મંદિર તમે પૂરું કરાવી દ્યો. ટ્રસ્ટમાંથી રૂપિયા ઉપાડજો, તમારે તમારા નાખવા હોય તો ઠીક. અમે પણ અમુક તૈયારી કરી છે. હસમુખભાઈ વોરાના ફાધર એના વેવાઈ થાય. ચીમનભાઈએ દિકરી આપેલી છે એક ભાઈમાં. પોપટભાઈના એક દીકરા વેરે. એટલે એ બેય પૈસાવાળા. ચીમનભાઈ પાસે પણ પૈસો ખરો, પોપટભાઈ પાસે પૈસો ખરો. એટલે એ લોકોએ પણ વિચાર કરેલો કે આપણે ખૂટતા પૈસા આમાં નાખીને પરમાગમ મંદિર ઊભું કરી નાખશું.

મુમુક્ષુ :- કેટલું કામ થયું હતું?

પૂજ્ય ભાઈશ્રી :- કામ તો હજી સ્લેબ સુધી પહોંચ્યું હતું. આરસનું તો બધું કામ બાકી હતું, લખાવાનું બધું. કામ તો ઘણું બાકી હતું. ૨૬ લાખમાં થયું છે, એમાં ૬ લાખનું કામ થયું હતું. ૨૦ લાખનું કામ બાકી હતું. એટલે એ તો બિચારા બહુ હોંશમાં આવી ગયા. કહે અમારા ટાંટિયામાં નવું લોહી આવ્યું કહે. અમે જોરથી કામ ઉપાડશું! કીધું ઉપાડો! પછી તો એણે અમને જ સોંપી દીધું પાછળથી. પ્રતિષ્ઠાને દોઢ મહિનો બાકી હતો તો કહે તમે પૂરું કરાવો ગમે તેમ કરીને. (અમે કીધું) કાંઈ વાંધો નહિ. બે હજાર થેલી સિમન્ટ લઈ આવ્યા. acute shortage હતી એમાંથી ઉપાડીને! હીરાલાલજીને કીધું રાજસ્થાનમાંથી આરસના કારીગર લઈ આવો, રાત દી' કામ કરે એવા. ત્રણ પાળી કામ ચાલે. ચોવીસે કલાક! આરસ ચોડવાનું કામ. રાત્રે બાર વાગે, એક વાગે બૅટરી લઈને નીકળીએ કેટલા કારીગર કામ કરે છે અને ક્યાં-ક્યાં કામ ચાલે છે? શું કરે છે? પ્રતિષ્ઠાનું કામ જુઓને તમને સોંપ્યું હતું. આવાસનું કામ-ઉતારાનું કામ સુમતિભાઈને સોંપ્યું હતું. ઉતારા કમિટીમાં એમને રાખ્યા હતા. યાદ છે કે નહિ? પછી વળી પ્રતિષ્ઠાનું બધું કામ ઉપાડી લીધું હતું. એ બાબુભાઈને અને પાટણીજીને સોંપ્યું હતું. મેં કીધું તમે શું કરશો? તમે તો પરદેશી છો. અહીં કોઈને ઓળખતા નહિ હોય. અમારે બધી લાગવગ છે. અહીંયાં હમણા અમારે ભાવનગરની પ્રતિષ્ઠા ગઈ '૨૬ની

સાલમાં અને આ '૩૦ની સાલમાં આ મંદિર થયું. એટલે અમને બધો અનુભવ છે. અને અમે બધે પહોંચી વળશું. નામ તમારું અને કામ અમારું! અમારું ક્યાંય નામ ન લેતા! એટલે એને સોંપાણું તો એ કહે બહુ સરસ! બહુ સરસ! અને બધું પ્રતિષ્ઠાનું કામ અમે ઉપાડી લીધું હતું.

મુમુક્ષુ :- નામ તમારું કામ અમારું!!

પૂજ્ય ભાઈશ્રી :- હા. એણે સોંપ્યું હતું એટલે એનું જ નામ કહેવાયને કે આ લોકોએ બધું બહુ સરસ કર્યું. થઈ ગયું! બહુ સારું કામ થઈ ગયું! એટલે એ કામની પ્રીતિ હોય છે.

'જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે,...' ના! ના! મારે મારા આત્માનું કરી લેવું છે, મારે એમાં કાંઈ કરવું નથી - એમ ન હોય. ત્યાં એમ ન હોય. એ કામ માટે એને ભાવ આવ્યા વગર રહે નહિ. **'બીજો કોઈ અન્ય હેતુ તેનો હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે.'** એ રીતે પાત્ર જીવના લક્ષણમાં બે વાત લીધી - એક અંદર આત્માની લગની અને (બીજું) બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના.

આશય લઈ લઈએ. ૨૪૨નો તો કાંઈ લખવા જેવો છે નહિ.

આશય :- (૨૪૩) :- **પાત્રતાવાન જીવનું સ્વરૂપ અહીંયાં બતાવવું છે. અંતરંગમાં શીઘ્રપણે આત્મકલ્યાણ કરી લેવાની લગની અને તાલાવેલી હોય છે. જેથી પ્રયોજનની તીક્ષ્ણ અને સૂક્ષ્મ દૃષ્ટિ નિરંતર રહે છે. અને તદ્નુસાર દરેક કાર્યમાં મુખ્યતા અને ગૌણતા યથાર્થ પ્રકારે થાય છે.**

બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવનાના કાર્યોમાં પ્રીતિ હોય છે અને જેણે મોક્ષનો માર્ગ બતાવ્યો, તે સંબંધી માર્ગદર્શન આપ્યું એવા પરમ ઉપકારી શ્રીગુરુની પ્રભાવના વિશેષ થાય તેવો અભિપ્રાય પણ હોય છે. અને પોતાને થયેલા ઉપકારનો યત્કિંચિત્ ઋણ ચૂકવવાનો અવસર સમજીને સર્વાર્પણબુદ્ધિએ વર્તે છે.

પ્રશ્ન :- ધાર્મિક સંસ્થાનાં કાર્યો કરવામાં પ્રયોજનમાં શું લેવું? જોડાવું કે નહિ?

સમાધાન :- ધાર્મિક કાર્યોમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના થતી હોય, પોતાને તેનો વિકલ્પ આવતો હોય તો તેમાં જોડાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના અર્થે અને પોતાના આત્માના અર્થે તેમાં જોડાય છે. બીજું કોઈ પ્રયોજન હોતું નથી. ૨૪૪.

તા. ૧૩-૧૦-૧૯૯૭, પ્રશ્ન- ૨૪૪-૨૪૫ પ્રવચન નં. ૧૮૭

સ્વાનુભૂતિદર્શન. પ્રશ્ન-૨૪૪. '**ધાર્મિક સંસ્થાનાં કાર્યો કરવામાં પ્રયોજનમાં શું લેવું? જોડાવું કે નહિ?**'

'**સમાધાન :- ધાર્મિક કાર્યોમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના થતી હોય, પોતાને તેનો વિકલ્પ આવતો હોય તો તેમાં જોડાય છે.**' એમાં શું છે કોઈને વિકલ્પ ઓછો હોય છે, કોઈને વિકલ્પ વધારે હોય છે - એમ ફેર પડે છે. સાવ વિકલ્પ ન હોય એની વાત નથી. કે જો વિકલ્પ ન હોય તો ન જોડાવું - એવી વાત નથી. કેમકે મુમુક્ષુ વિકલ્પમાં તો ઊભો જ છે, કાંઈ નિર્વિકલ્પ નથી. અને (જ્ઞાની પણ) નિર્વિકલ્પ તો કેટલો ટાઈમ હોય? બાકીનો સમય જ્ઞાનીને પણ વિકલ્પ છે. એટલે વિકલ્પવાળી તો સ્થિતિ છે. તો એમાં બીજા વિકલ્પો હોય અને આ ન હોય એમ ન બને. ઉપકારી એવા દેવ-ગુરુ-શાસ્ત્ર, એની પ્રભાવનાનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. ઓછો-વત્તો આવે એ જુદી વાત છે. અથવા જ્યારે વિકલ્પ આવે ત્યારે જોડાય, વિકલ્પ ન હોય ત્યારે તો ન જોડાય એ સ્વભાવિક છે, એ વખતે બીજો વિકલ્પ હોય અને બીજા કામમાં જોડાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં એમ લઈએ શ્રીગુરુની આજ્ઞાથી સંસ્થામાં જોડાય અને આજ્ઞા ન હોય તો ન જોડાય એ બરાબર છે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે જે સિદ્ધાંત છે એ આજ્ઞા જ છેને? એનો જે સિદ્ધાંત છે એ આજ્ઞા જ છે! વ્યક્તિગત આજ્ઞા ન પણ કરે કોઈને. કેમકે ગુરુદેવની પદ્ધતિ જ નહોતી કે વ્યક્તિગત કોઈને કાંઈ કહેવું, છતાં પ્રભાવના થાય તો એની પ્રશંસા પણ કરે. પ્રભાવના કોઈ સારી કરે તો એની પ્રશંસા કરે. એ હુકમચંદજીની પ્રશંસા કરતા

હતા એમાં પ્રભાવનાનો દૃષ્ટિકોણ હતો. તો એવી રીતે કોઈ વ્યક્તિ પ્રભાવના કરે તો એની પ્રશંસા પણ ગુરુ કરે તો કરે.

પણ સિદ્ધાંત તો એ છે કે ઉપકારી હોય એમના પ્રત્યે પ્રીતિ હોય છે, રુચિ હોય છે અને એની પ્રભાવના થાય એવો વિકલ્પ આવ્યા વિના વચ્ચે રહેતો નથી. ત્યાં શુભભાવથી લાભ છે એમ એમાં માન્યતા નથી. વળી, એવો વિકલ્પ આવે માટે એને ભલે ચારિત્રમાં રાગ થાય છે, પણ શ્રદ્ધા-જ્ઞાનની અંદર નિર્મળતા થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટે છે. એટલે હોય. ન જ હોય એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- દર્શનમોહ ઉપર પ્રહાર પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા દર્શનમોહ ઘટે છે, અનુભાગ ઘટે છે.

'**દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના અર્થે અને પોતાના આત્માના અર્થે તેમાં જોડાય છે.**' એમાં પોતાના આત્માર્થનું પણ પ્રયોજન છે કે એમનો મહિમા કરવા જતાં, એમના ગુણગ્રામ કરવા જતાં, એમના ગુણાનુવાદ કરવા જતાં પોતાને પણ દર્શનમોહ ઘટે છે એટલે એમાં પોતાનો આત્માર્થ પણ છે. બન્ને વાત છે. વ્યવહાર પણ છે અને પરમાર્થ પણ છે.

'**બીજું કોઈ પ્રયોજન હોતું નથી.**' આ સિવાયનું. આ એની લિમિટ બાંધી દીધી કે એક પ્રભાવના અર્થે અને બીજું પોતાના આત્મા અર્થે. આ સિવાયનું કોઈ પ્રયોજન નહિ. પ્રભાવનાના કારણે કાંઈ પોતાનું નામ પ્રસિદ્ધ થાય, પોતાને મોટાઈ મળે, સમાજમાં પ્રસિદ્ધિ મળે, કોઈ સોશ્યલ સ્ટેજ મળે કે આબરૂ વધે - આવું કોઈ પ્રયોજન હોતું નથી. કે કોઈપણ પ્રકારના ભૌતિક લાભનું, દુનિયાદારીના લાભનું પ્રયોજન ન હોય. એવી રીતે પ્રયોજનની મર્યાદા છે અને એ મર્યાદામાં રહીને જોડાવું જોઈએ અને જોડાય છે. સાધક પણ જોડાય છે અને મુમુક્ષુ પણ જોડાય છે - બેય જોડાય. ન જોડાવું એ પ્રશ્ન નથી એટલા માટે કે એ તો આવ્યા વિના રહે જ નહિ. નહિ જોડાવાનો પ્રશ્ન નથી. એટલે કોઈ મુમુક્ષુની ભૂમિકામાં એમ કહે કે ભાઈ! આપણે ક્યાંય જોડાવું નહિ. આપણે તો એકલું આત્માનું કરવું - આમ ઘણાં લઈ લે છે, આપણે તો એકલું આત્માનું કરવું, આપણે કાંઈ જોડાવું નહિ. પણ એ વિકલ્પ આવ્યા વિના રહે નહિ અને એનું સમર્પણ પણ આવ્યા વિના રહે નહિ. ભલે કોઈ સોશ્યલ સ્ટેજ ઉપર ન આવે તો એનું સમર્પણ બીજી રીતે કરે, પણ એને વિકલ્પ આવે અને સમર્પણનો ભાવ પણ આવે જ. પછી જેવી પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની પરિસ્થિતિ. એ અનુસાર. અને એ અનુસાર બધાયનો પ્રકાર જુદો-જુદો દેખાય, પણ કોમન ફૅક્ટર એ છે કે વિકલ્પ આવે અને સમર્પણબુદ્ધિ પણ હોય જ. એ કોમન ફૅક્ટર છે. પછી બહારની

પરિસ્થિતિ યોગ્યતા અનુસાર ભજે. એમાં બધાનું એકસરખાપણું ન હોય.

કોઈ ધનથી સમર્પણ કરે, તો કોઈ ક્ષયોપશમથી સમર્પણ કરે, તો કોઈ શરીર - તન-મન-ધનથી, ત્રણેયથી. કોઈ શરીરના પરિશ્રમથી સમર્પણ કરે. કોઈ એમ કહે કે ભાઈ કોઈ મહેનતનું કામ હોય તો મને સોંપી દ્યો. પૈસાવાળો હોય તો કહે ભાઈ એ તમે ચિંતા કરોમાં! એ હું સમર્પણ કરી દઈશ, મારી પાસે તૂટો નથી. તો કોઈ બુદ્ધિવાન હોય તો કહે હું પ્રચાર-પ્રસારમાં મારી બુદ્ધિ લગાડીશ. એમ.

મુમુક્ષુ :- બધામાં કોમન આ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમર્પણ કોમન છે. અને વિકલ્પ આવવો એ કોમન છે, સામાન્ય છે. એ સમર્પણના પ્રકાર પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને યોગ્યતા અનુસાર હોય છે.

મુમુક્ષુ :- સામાજિક કાર્યમાં પ્રશ્ન ન પૂછે કે મારે જોડાવું કે નહિ? સામાજિક કાર્યમાં જોડાવું હોય તો જોડાઈ જાય. ત્યારે ગુરુને પ્રશ્ન ન પૂછે.

પૂજ્ય ભાઈશ્રી :- શેમાં?

મુમુક્ષુ :- સામાજિક કાર્યોમાં. લગનમાં હોય કે એ બધું અને અહીંયાં પૂછવા રોકાય!

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્યાં એને કુટુંબનું કામ છે ત્યાં કાંઈ પૂછવા રોકાય છે? કે મારે મારી દીકરીના લગન કરવા કે ન કરવા? એના માટે ખર્ચો કરવો કે ન કરવો? કેટલો ખર્ચો કરવો.

બીજો પ્રશ્ન લેવાની જરૂર નહોતી કે જોડાવું કે નહિ? પ્રશ્ન જોકે એટલા માટે લીધો છે કે કેટલાક મુમુક્ષુ એવી ભૂલ કરે છે. આપણે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રભાવના ને એ બધી પંચાતમાં આપણે પડવું જ નહિ, એ માથાકૂટમાં ઊતરવું જ નહિ. આપણે આપણું કરી લ્યો! એ વાત ખોટી છે. અને એને માથે આવે તોપણ ના પાડી દે. એમ કહે કે ભાઈ જરાક આટલું કરી દેશો તમે? ના હો! આપણે ક્યાંય પડતા જ નથી. આપણું કામ નહિ એમાં. એ બધું જે કરતા હોય એને કહો. આપણે નહિ કરીએ.

અત્યારે શું બીજી વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે? કે જે કાંઈક ને કાંઈક એની જુદી અપેક્ષા એમાં હોય છે, પ્રયોજન ઊલટું, બીજું પ્રયોજન હોય છે - માનનું કે લોભનું. એ લોકો કામ કરવામાં મોખરે થવામાં હરિફાઈ કરે છે. આગળ આવવામાં હરિફાઈ કરતા હોય છે. એટલે જે ખરેખર નિઃસ્વાર્થપણે, નિષ્કામપણે કરવા માગતા હોય એનો વારો પણ એ લોકો ન આવવા દે અને આવે તો એને ટકવા ન દે. એને કાઢી મૂકે કોઈને કોઈ આરોપ કરીને. અત્યારે જરા પરિસ્થિતિ બગડેલી ઘણી છે. એમાં પણ રાજકારણ

અને રાજનીતિ ચાલી ગઈ છે.

જેમ સરકારી ખાતામાં પ્રમાણિક માણસને કાઢી મૂકે એમ ધર્મના ક્ષેત્રમાં પણ પ્રમાણિક માણસને કાઢી મૂકે. અપ્રમાણિક માણસો ભેગા થઈને પ્રમાણિક માણસને કાઢી મૂકે, કે આ નડશે આપણને! આ હશે તો આપણને લાભ નહિ લેવા દે. અથવા અંતરાય પડશે આપણા કામમાં.

મુમુક્ષુ :- દેશકાળ પ્રમાણે ચાલવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા પછી બીજું શું? એમાં આગ્રહ થોડો રખાય છે? વિકલ્પ આવે અને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ પ્રમાણે પ્રભાવના કરે. કોઈની સાથે માથાકૂટમાં જઈને એટલે તકરાર કરીને કોઈ ક્ષેત્રમાં પ્રવર્તવું એવું શું કરવા કરવું? કોઈ એમ કહે કે, આ અમારે કરવું છે, તો તમે કરો. અમે બીજું કરશું. અમે અમારા ઘરે, તમે તમારા ઘરે કરો, અમે અમારા ઘરે કરીએ. પતી ગઈ વાત. ઝઘડો શું? તકરાર શું? કષાયની પ્રવૃત્તિ તો ન જ હોવી જોઈએ.

મુમુક્ષુ :- આપે કીધુંને કે નામ તમારું ભલે રહે અમે તમારા પેટા વિભાગમાં કામ કરીશું. નામ ગમે તેનું રહે આગળ પડતા માણસોનું.

પૂજ્ય ભાઈશ્રી :- હા એમાં કાંઈ વાંધો નહિ. નામ ક્યાં? જેને નામની મુખ્યતા હોય એને તો નિઃસ્વાર્થતા રહી જ નહિ.

પ્રશ્ન :- તેમાં આત્મા જ મુખ્ય હોય?

સમાધાન :- આત્મા જ મુખ્ય છે. મારા આત્મામાં સંસ્કાર કેમ પડે, તે સંસ્કાર દૃઢ કેમ થાય, હું ચૈતન્ય ન્યારો છું, એવું જ તેનું પ્રયોજન છે. પોતાને ધર્મની પ્રીતિ છે, તેથી ધર્મની પ્રભાવના કેમ થાય, ગુરુદેવની પ્રભાવના કેમ થાય, ગુરુના ધર્મની શોભા કેમ વધે, કોઈ આ માર્ગ જાણે તેવો શુભભાવનો વિકલ્પ આવે છે. જેને પોતાના સ્વભાવની પ્રીતિ છે, તેને ગુરુએ જે માર્ગ બતાવ્યો છે તેની અને ગુરુની ભક્તિ આવ્યા વગર રહેતી નથી, તેથી શુભ કાર્યોમાં જોડાય છે પણ તેમાં તેનો હેતુ આત્માનો છે. ૨૪૫.

પ્રશ્ન ૨૪૫ ઉપર પ્રવચન

પ્રશ્ન કર્યો '**તેમાં આત્મા જ મુખ્ય હોય?**' એમ. તેની અંદર આત્મા જ મુખ્ય હોય?

'સમાધાન :- આત્મા જ મુખ્ય છે.' આત્મા જ મુખ્ય હોય એટલે શું કે પ્રભાવના કરે છે એમાં પણ પોતાનો લાભ છે. દર્શનમોહ ઘટે છે એ પારમાર્થિક લાભ છે પોતાનો. નિષ્કામપણે પ્રભાવનાના પરિણામમાં પણ પોતાને દર્શનમોહ ઘટે એ જાતનો આત્મલાભ થયો તો એમાં આત્મા મુખ્ય થયો કે ન થયો? આત્માનું પ્રયોજન મુખ્ય થયું એની અંદર. એટલે આત્મા જ મુખ્ય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દાખલા તરીકે આ પત્રિકા આપણે બહાર પાડીએ છીએ એમાં ઘણી વખત મને એવા ભાવ આવી જાય છે કે આપણી પત્રિકા ધી બેસ્ટ હોવી જોઈએ. બીજી બધી પત્રિકાની comparisonમાં. એટલે એમ એ લક્ષે પણ ઘણી વખત સિલેક્શન થાતું હોય છે. એમકે આપણે સારામાં સારું સિલેક્શન કરીએ. તો એમાં દોષ ક્યા પ્રકારનો લાગે અથવા ન લાગે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે જે લૌકિક આબરૂ મેળવવી છે એ દોષ છે. પણ અધ્યાત્મનું સ્તર ઊંચું હોવું જોઈએ એ દોષ નથી. આપણી પત્રિકાનો જે વિષય છે એનું લેવલ ગુણવત્તાની દૃષ્ટિએ ઉચ્ચકોટીનું હોય એ દોષ નથી. અને એનાથી, ઊંચા લેવલને કારણે બીજા જીવોને પારમાર્થિક લાભ થાય એ ભાવમાં દોષ નથી. પણ બીજામાં-લોકોમાં આપણી પ્રશંસા થાય એ વિકલ્પમાં દોષ છે, એ દૃષ્ટિકોણમાં દોષ છે. એટલે અભિપ્રાય શું છે એની પાછળ એટલું તપાસી લેવું જોઈએ. આવા પ્રકારના અભિપ્રાયો ભિન્ન-ભિન્ન હોય છે. એમાં ક્યા અભિપ્રાયથી વિકલ્પ-વિચાર આવે છે એ તપાસવું જોઈએ. કેમકે જે સમાજ છે, સમાજનું એવરેજ સમજણનું લેવલ છે એ બહુ જ સામાન્ય અને સાધારણ છે. આમજનતા જે છે, બે-ચાર હજાર પત્રિકા જતી હોય તેમાં સમજદાર કેટલા? આપણે તો પહેલેથી ગણતરી હોય છે કે એક જીવને વર્તમાનમાં કે ભવિષ્યમાં લાભ થાય તો આની કિંમત આંકી ન શકાય એટલી છે. વિષય એવો પારમાર્થિક છે માટે, અલૌકિક વિષય છે માટે. ટોળાબંધ - ઘણાં જીવોને લાભ થઈ જશે એ અપેક્ષા પહેલેથી રાખવી અસ્થાને છે અથવા અવાસ્તવિક પણ છે. એ બની શકે નહિ. સમવસરણમાં બધા પામતા નથી. અથવા અલ્પ પામે છે અને ઘણાં નથી પામતા. સંખ્યાની પરિસ્થિતિ તો સમવસરણમાં એવી છે. જ્યાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે ત્યાં એ સ્થિતિ છે. કારણ પ્રભાવનાનો ઉત્કૃષ્ટ યોગ એ છે, એથી તો હીન પુણ્યવાળા યોગ છે બધાય. એટલે એમાં કોઈ બીજી મોટી અપેક્ષાનો સવાલ રહેતો નથી. પણ એક પોતાની ભાવના છે કે 'સન્માર્ગની પ્રભાવના થાવ'! જે કોઈ પાત્ર અથવા હોનહાર સારું હશે તેને લાભ થવો હશે તે થશે. આપણે છૂટે હાથે ઉડાડો. આ દીક્ષામાં પૈસા ઉડાડે છે કે નહિ બે હાથે? એમાં સંક્ષેપ કરવાનો નથી રહેતો. એવી વાત છે.

અમે દૃષ્ટાંત દેતા કે ક્રિશ્ચન લોકો આજે એવો પ્રચાર ક્રિશ્ચયન ધર્મનો કરે છે કે બાઈબલ મફત મોકલે, વગર મગાવ્યે. ટેલિફોન ડિરેક્ટરી લઈ લે એ લોકો ગામની અને એમાંથી પોસ્ટ કરી નાખે. મારે ત્યાં આવેલું છે. થોડા વખત પહેલાં, ઘણાં વખત પહેલાં. પછી એની અંદર પાછું એક કાર્ડ હોય. એમાં લખ્યું હોય. એમાં પોસ્ટની ટિકિટ ચોડવાની ન હોય. ખાલી તમારે સરનામું જ આપવાનું હોય કે, if you like this book - અંગ્રેજીમાં. એટલે તમે એમ ઈચ્છતા હો કે તમારા મિત્રોને કે કોઈ સગા સંબંધીઓને આ પુસ્તક મોકલવા જેવું છે તો એમકે આમાં ખાલી જગ્યા છે ત્યાં પ્લીઝ એડ્રેસ લખજો. અને આ કાર્ડ પોસ્ટના ડબ્બામાં નાખી દેજો. કેટલો ખર્ચો કરતા હશે! તો અમે એને પણ મોકલી દઈશું વગર મૂલ્યે. એટલો બધો એ લોકો પ્રચાર કરે છે.

આપણે free of charge 'સ્વાનુભૂતિપ્રકાશ' કે 'આત્મજાગૃતિ' free of charge મોકલવાની પાછળ એ કારણ હતું કે સમાજમાં જે-જે મુમુક્ષુઓને એવો વિકલ્પ આવે પ્રભાવનાનો એના સમર્પણથી મોકલવું. અને જ્યાં સુધી સમર્પણ ચાલુ રહે ત્યાં સુધી કામ કરવું. સમર્પણ કરવાવાળા બંધ થાય તો કામ આપોઆપ બંધ થાય તો આપણે એનો આગ્રહ રાખવો નહિ કે આ કેમ નથી થાતું? આપણી ભાવના અનુસાર આપણે કર્યે જાવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પ્રભાવનાના કાર્યમાં જોડાવા સાથે આર્થિક પ્રયોજન હેતુ પણ આવી જતો હોય તો કેવી રીતે લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- આર્થિક પ્રયોજનમાં તો કોઈ આર્થિક લાભ લઈ લેતા હોય. ઘણાં કમિશન રાખે છેને એવું બધું નથી કરતા ખોટું કામ? ત્યાં બીજાને કામ સોંપે એમાં તમે મને, તમને બાર મહિના આટલા કમાવા દઉં છું તો તમે મને એમાંથી થોડાક આપજો. હોય છે કે નહિ? દલાલી લેવાવાળા લ્યોને! કમિશન લેવાવાળા. એમ હોય છે. અથવા તો જેની સાથે કામ આપ્યું એની સાથે સંબંધ થયો, ઓળખાણ થઈ, પછી કોઈ એની પાસેથી પોતાનું કામ કઢાવી લે, સીધા પૈસા ન લે તો આડકતરા લે. ભાઈ! અમે તને કામ આપ્યું, આટલો મોટો કૉન્ટ્રેક્ટ આપ્યો, આટલું મોટું કામ આપ્યું, થોડુંક અમારું કામ આટલું કામ કરી દ્યો! પેલો કહે મફત ન કરું, તો મફત ન કર તો કાંઈ નહિ પણ ઓછા કેટલા લઈશ એમ કહે? કહે બીજાના હું પચ્ચીસ લઉં છું, તો મારા કેટલા લઈશ? તો કહે તમારા વીસ લઈશ. તો પાંચ લીધા જ કહેવાયને? એમ. એવી રીતે - સીધી કે આડકતરી રીતે આર્થિક લાભ લેનારા હોય તો લ્યે છે. એમ નહિ કરવું જોઈએ.

થોડાં વખત પહેલા એક જણે અહીં પ્રેસનું કામ શરૂ કર્યું હતું. પ્રિન્ટિંગ પ્રેસ.

તે દી' આપણી પાસે વીતરાગ ટ્રસ્ટનું, સોનગઢ ટ્રસ્ટનું અને એક બીજું આ ટ્રસ્ટ શરૂ થઈ ગયું હતું બનતા સુધી - ત્રણ ટ્રસ્ટનું પ્રકાશન હતું. મને કહે ભાઈ! મારે નવો પ્રેસ નાખવો છે એમાં મારે તમને ભાગીદારીમાં લેવા છે. મેં કીધું શું કરવા? તો કહે તમારા ત્રણે ટ્રસ્ટનું કામ આપણા પ્રેસમાં થાય. મેં કીધું કોઈ દી' આવતા નહિ મારા ઘરે. આવી વાત કરવાની હિંમત પણ કરતા નહિ અને વાત કરવા આવતા પણ નહિ. કહે, ના ના ના તમારું સીધું નામ નહિ, તમારા વાઈફનું કે તમારા છોકરાનું એવું આપણે કોઈ નામ નાખીએ. મેં કીધું ફરીને પાછા વાત કરવાની હિંમત નહિ કરો તમે. રવાના થઈ જાવ. એવી રીતે લોકો આવે. એટલે એમાં આર્થિક લાભના લોકો temptation પણ આપતા હોય છે. કદાચ તમને એ વિકલ્પ ન હોય તો તમને વિકલ્પ થઈ જાય. એવો પણ પ્રકાર ભજે. તમારી સમજણ હોય તો વાંધો ન આવે. ન સમજણ હોય તો લપસી જાય માણસ.

મુમુક્ષુ :- આડકતરી રીતે નહિ, સીધી રીતે જ હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- સીધી કે આડકતરી બેયનો નિષેધ જ હોયને! એમાં સવાલ ક્યાં રહે છે? બેયનો નિષેધ જ હોય.

'આત્મા જ મુખ્ય છે. મારા આત્મામાં સંસ્કાર કેમ પડે, તે સંસ્કાર દૃઢ કેમ થાય,...' શું પ્રયોજન હોય છે? **'મારા આત્મામાં સંસ્કાર કેમ પડે, તે સંસ્કાર દૃઢ કેમ થાય, હું ચૈતન્ય ન્યારો છું,...'** ન્યારો છું એટલે ભિન્ન છું, **'એવું જ તેનું પ્રયોજન છે.'** પહેલી વાત શું લીધી એમણે? પ્રયોજનમાં ભિન્નતા લીધી. કેમકે આ જે પ્રવૃત્તિ છે એ પ્રવૃત્તિમાં બીજા પદાર્થો જડ અને ચેતન, બીજા દ્રવ્યો સાથેનો વ્યવહાર છે. તો વ્યવહારની અંદર ભિન્નતા મુખ્ય છે. ભિન્નતા રાખીને વ્યવહાર થાવ તે થાવ. એ પ્રયોજન છે એની અંદર. એમાં પણ પ્રયોજન એ છે. આત્મામાં પણ પ્રયોજન ભિન્ન પડવાનું છે અને પ્રભાવનાના કાર્યોમાં પણ પ્રયોજન ભિન્ન પડવાનું છે. કેમ? કે જેની તારે પ્રભાવના કરવી છે એવા જે દેવ, ગુરુ અને શાસ્ત્ર એ ભિન્ન પડ્યા છે અને ભિન્ન પડવાનો ઉપદેશ આપે છે, તો તારે એમના ઉપદેશને અનુસરીને તારું જે પ્રયોજન છે એની પક્કડ રાખીને પ્રભાવના કરવી છે? કે એ પ્રયોજનની વિરુદ્ધ જઈને તારે પ્રભાવના કરવી છે? કેવી રીતે કરવી છે? એમ લીધું છે.

કામ કરે પ્રભાવનાનું અને પોતે અંદર પોતાનું પ્રયોજન ચૂકી જાય તો પોતે બને અપ્રભાવનાનું કારણ - નિમિત્ત. કારણ એટલે નિમિત્ત. વિચિત્ર ઢંગ થઈ જાય છે. એક માણસના બે રૂપ થઈ જાય. એક બાજુ એ પ્રભાવનાના કાર્ય કરતો દેખાય, બીજી બાજુથી પોતે જ - એના જ નિમિત્તે અપ્રભાવના થાય. કેમ? એના નિમિત્તે કેમ અપ્રભાવના

થાય? કે પોતે પ્રયોજન સાધતો નથી માટે. પોતે પ્રયોજન પોતાનું નથી સાધતો તો એનો અર્થ કે પોતે પોતાનું અપ્રયોજન તો સાધે જ છે. કાંઈ સાધતો નથી એવું તો છે જ નહિ. કાંઈક તો સાધે જ છે. એટલે એને પ્રયોજન સાધવું રહ્યું. જો પ્રભાવના કરવી હોય તો પ્રયોજન સાધવું રહ્યું. અથવા પ્રયોજન સાધતા-સાધતા જ પ્રભાવના થાય એટલી કરવી. ન થાય એટલી નહિ, થાય એટલી ભલે થાય. એમ.

કાયદો એ છે. ભગવાનની આજ્ઞા એ છે કે તું તારું પ્રયોજન સાધતા-સાધતા પ્રભાવના થાય. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રમાણે, એ ભાવ તને હોવો ઘટે. પછી થવું ન થવું એ તારા હાથની વાત નથી. પણ એકાંતે પ્રભાવનામાં લાગે અને પોતાનું પ્રયોજન પડ્યું રહે, તો કામ દેખાશે પ્રભાવનાનું, પોતે થશે અપ્રભાવનાનું નિમિત્ત. તમે કહો કે અપ્રભાવનાનું નિમિત્ત કેવી રીતે થાય? કે જ્યારે એને પોતાના પ્રયોજનનું લક્ષ નથી તો એની પાસે કષાયના પરિણામ તો છે જ. પોતાનું સ્વલક્ષ જ નથી અને પરલક્ષ તો છે જ. એટલે પરલક્ષે પરના દોષ દેખાશે, કામની ખામીઓ દેખાશે. કાંઈ પણ પ્રકૃતિગત રીતે ગરમ-નરમ પરિણામ બગડવાના જ છે. એ બધો પ્રકાર અપ્રભાવનાનું નિમિત્ત થાય. કેમ? કે જેને-જેને એ પ્રકારનો પ્રસંગ પડશે એને એમ લાગશે કે આ પ્રભાવના કરે છે અને પાછો આમ કેમ કરે છે? આ તો પ્રભાવના કરે છે ને પાછો આમ કેમ કરે છે? તો એ અપ્રભાવનાનું, પોતે અપ્રભાવનાનું નિમિત્ત થાશે. પોતાનું જે વિપરીત પરિણમન છે એ અપ્રભાવનાનું નિમિત્ત થાશે અને વિકલ્પ છે એ પ્રભાવનાનું નિમિત્ત થાશે. આમ છે. પોતાને શું લાભ? નુકસાન છે એ નુકસાન છે. નુકસાનમાં નફો નથી હોતો. આવું બને છે. પ્રભાવના કરનારમાં પણ આવો પ્રકાર ઊભો થાય છે. એ ન થવો જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હમલોગ-મુમુક્ષુકા બાહરમેં વર્તન ખરાબ હોગા તો અપ્રભાવના હોગી?

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ! હાઁ! ઠીક બાત હૈ. હમારા વર્તન બરાબર નહીં હોગા તો અપ્રભાવના હો જાયેગી. ઈસલિયે હમકો હમારા જો વ્યવહાર હૈ (વહ) હમારા જો ઉચ્ચ સ્તરકા ધર્મ હૈ ઉસકે અનુકૂલ હોના ચાહિયે. જિસકા નિશ્ચયધર્મ ઉચ્ચકોટીકા ઉસકા વ્યવહારભી ઉચ્ચકોટીકા. ઐસા મેલ હૈ. જૈન ધર્મના સાધુ અને જૈન ધર્મના શ્રાવક અન્ય ધર્મ કરતા વ્યવહારમાં ઊંચા છે કે નથી? શાસ્ત્રોક્ત પ્રમાણે તો ઊંચા છે. હવે અત્યારે નથી એ જુદી વાત છે. પણ શાસ્ત્રમાં જે સાધુનું સ્વરૂપ છે અને એના વ્યવહારનું સ્વરૂપ છે, શ્રાવકનું સ્વરૂપ છે અને એના વ્યવહારનું સ્વરૂપ છે એ અન્યમત કરતા ઊંચું છે. અન્યમતમાં એટલો ઉપદેશ નથી સાધુને અને શ્રાવકને. એવો ઉપદેશ પણ

નથી અને એવો વ્યવહાર પણ નથી.

અત્યારે તો આખી લાઈન જુદી થઈ ગઈ છે. એ લોકો પણ જૈનધર્મને ઊંચો ધર્મ માને અને એવો સ્વીકાર કરે એવી પરિસ્થિતિ રહેવા દીધી નથી. અન્યમતમાં (જૈન સાથે કોઈને) બહુ ખરાબ કડવા અનુભવ થયા હોય તો એમ કહે કે ભાઈ! આ લોકો પાણી ગાળીને પીવે છે અને લોહી અળગણ પીવે છે. શું કહે? કહેવત એ લોકોએ કરી નાખી. કોઈનું ખરાબ કરવામાં, કોઈની પાછળ પડવામાં બહુ ચીકણા અને કષાયવાળા પરિણામ, વેર-વિરોધના, વૈમનસ્યના બહુ પરિણામ કરતા હોય, તો કહે ભાઈ આ તો ઘણાંનું લોહી પીવે છે આ માણસ. તો કહે પાણી એ લોકો અળગણ (ન) પીવે, આ જૈન છેને? આ જૈન છેને? એ પાણી ગળી ગળીને પીતા હશે, લોહી અળગણ પીવે એમ કહે. એવી બધી પરિસ્થિતિ દેખાવમાં બગડી છે. ત્યાંથી માંડીને મુમુક્ષુઓમાં પણ ક્યારેક જે ગડબડ હોય છે એ પણ અપ્રભાવનાનું કારણ થાય છે. કોઈ ઝઘડા-ટંટા, કોઈની સાથે છેતરપિંડી, કોઈ કાંઈ, કોઈ કાંઈ, એવા પ્રકાર હોય તો એને લઈને એ થાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ખરેખર તો યથાર્થ પ્રભાવના શ્રીગુરુ જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો છે જ. બાકી તો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે. કૃપાળુદેવે ૫૫૧ પત્રમાં આ વાત લખી છે. મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે - એક જ્ઞાનીની-સત્પુરુષની અને એક સત્પુરુષના આશ્રયવાનની. એની આજ્ઞામાં જે પ્રભાવના કરતો હોય એ મોક્ષમાર્ગની પ્રભાવના કરી શકે, એની પ્રવૃત્તિ બરાબર હોય. આજ્ઞા બહાર જઈને કરતો હોય તો એનાથી અપ્રભાવના, એના અંગત રીતે એનાથી અપ્રભાવના થાય, ભલે બહારમાં એનું કાર્ય પ્રભાવનાનું દેખાતું હોય, તોપણ એને લઈને વ્યક્તિગતરીતે અપ્રભાવના થવાની. થાય, થાય ને થાય જ. કેમકે એ બીજાની સાથેનો વ્યવહાર બગડે, બગડે ને બગડે. કેમકે એને પોતાના ઉપર કંટ્રોલ તો રહી શકે નહિ. સ્વલક્ષ હોય નહિ. આત્માની મુખ્યતા હોય નહિ. એટલે.

મુમુક્ષુ :- આપણે અહીંયાં એ પ્રશ્ન લઈએ કે 'સ્વાનુભૂતિપ્રકાશ' સત્પુરુષના સાન્નિધ્યમાં નીકળ્યું, 'આત્મજાગૃતિ' પહેલા સત્પુરુષના સાન્નિધ્યમાં હતું, હવે નથી તો અપ્રભાવના થવાનું કારણ નથી બનતું?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો તે દી' અમે કહેતા હતા. ભાઈ! તમે કામ પ્રભાવનાનું કરો છો, પણ તમારી વ્યક્તિગત પરિસ્થિતિથી અપ્રભાવના થાય છે. તે દી' ટકોર કરેલી છે. વ્યક્તિગત પરિસ્થિતિ યોગ્ય નથી એ વાત કરેલી. પણ એમ થતું કે શું થશે આવું કામ હાથમાં છે, સમાગમ રહે છે, સત્સંગ રહે છે. સુધરવાની તો કોઈને પણ જગ્યા

તો છે જ.

એટલે પોતાનું ભિન્નપણું કેળવાય એવું જ એનું પ્રયોજન છે. '**પોતાને ધર્મની પ્રીતિ છે, તેથી ધર્મની પ્રભાવના કેમ થાય,...**' ધર્મની પ્રીતિ છે માટે ધર્મની પ્રભાવના.. જુઓ! આમાં કારણ શું લીધું? ધર્મની પ્રભાવનામાં પોતાને ધર્મની પ્રીતિ છે, પોતાને આબરૂની પ્રીતિ છે એમ નહિ. પોતાને મોટાઈની કે social statusની પ્રીતિ છે એમ નહિ. '**પોતાને ધર્મની પ્રીતિ છે, તેથી ધર્મની પ્રભાવના કેમ થાય, ગુરુદેવની પ્રભાવના કેમ થાય, ગુરુના ધર્મની શોભા કેમ વધે, કોઈ આ માર્ગ જાણે તેવો શુભભાવનો વિકલ્પ આવે છે.**' કે કોઈને કોઈ, બને તેટલા વધારે જીવો આ માર્ગને જાણે, સમજે, એમાં પ્રવેશ કરે અને એમાં આત્મકલ્યાણ કરે. '**તેવો શુભભાવનો વિકલ્પ આવે છે.**'

'**જેને પોતાના સ્વભાવની પ્રીતિ છે,...**' કેવી રીતે? '**જેને પોતાના સ્વભાવની પ્રીતિ છે,..**' એટલે ગુણની પ્રીતિ છે, '**તેને ગુરુએ જે માર્ગ બતાવ્યો છે તેની અને ગુરુની ભક્તિ આવ્યા વગર રહેતી નથી,...**' એ પણ એક ભક્તિ છે. ગુરુની પ્રભાવના થાય એ પણ ગુરુની ભક્તિ જ છે. એ આવ્યા વગર રહે જ નહિ. '**તેથી શુભ કાર્યોમાં જોડાય છે પણ તેમાં તેનો હેતુ આત્માનો છે.**' એટલે આત્મકલ્યાણનો હેતુ છે. પ્રભાવનાના કાર્યોમાં પણ પોતાના આત્મકલ્યાણનો હેતુ છે. સિવાય બીજો હેતુ નથી. આ એની મર્યાદા છે, તો એની પ્રભાવનાનો આશય સાચો છે. નહિતર આશય ખોટો છે. બસ, આખો આધાર જીવના આશય ઉપર છે.

ઠીક છે! બહેનશ્રી પાસે પ્રાસંગિક વાતો બધી નીકળી છે. પ્રસંગોપાત કાંઈ ને કાંઈ નીકળી છે. માર્ગદર્શન ચોખ્ખું આપેલું છે. પ્રતિષ્ઠા થતી ત્યારે પોતે બહુ વિધિવિધાનના જાણકાર હતા અને એમના guidance પ્રમાણે બધા પ્રતિષ્ઠાના કાર્યો ચાલતા હતા. પણ બહેનશ્રી પોતે social statusના લેવલ ઉપર નહિ આવેલા. એ સાધનામાં ગુમ રહી ગયા. આમાં અનિવાર્યપણે આવવું પડે તો એ કામ એમણે બાજુમાં શાંતાબહેનને સોંપી દીધું. પોતે સાધનામાં રહી ગયા. જુઓ! કોઈ social contact એમને નહોતા રહ્યા. બધા આમને જ હતા. સામાજિક પરિસ્થિતિમાં ગુરુદેવના સ્વર્ગવાસ પછી જે change આવ્યો એમાં એકવાર (પૂજ્ય બહેનશ્રી) તો બહુ જ કફોડી પરિસ્થિતિમાં મુકાઈ ગયા. એ ખ્યાલ આવ્યો પછી આપણે leading લીધું છે.

મુમુક્ષુ :- એટલે ભાઈશ્રી?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એક બાજુ બહેનશ્રી અને એક બાજુ આખો સમાજ વિરુદ્ધમાં આવી ગયો. એવી પરિસ્થિતિ ઊભી થઈ.

મુમુક્ષુ :- સામાજિક contact નહોતોને!

પૂજ્ય ભાઈશ્રી :- કારણકે કોઈ contact હતો જ નહિ. રાખ્યો જ નહોતો પોતે. કોણ એમની પડખે આવે? હવે contact બધો જે મુખ્ય-મુખ્ય માણસો, પંડિતો, વિદ્વાનો, શેઠિયાઓ, કાર્યકર્તાઓ એ બધા એક જ પક્ષમાં સામે આવી ગયા. સમાજ તો એને જ અનુસરવાનો. એવી કફોડી પરિસ્થિતિ ઊભી થઈ એકવાર તો. પછી leading લીધું છે. એવી વાત છે. પણ એમને કાંઈ પડી ન હોય. એ તો કહે આપણે સોનગઢ છોડીને બીજે ચાલ્યા જાશું. અહીંયાં રાગ-દ્વેષ થતા હોય તો અહીંયાં આપણું શું કામ છે? બધી જ તૈયારી પોતાની. એમ કહે આમ પણ આપણે તો એકલા જ સાધતા હતા, આ ટોળા હતા ત્યારે પણ આપણે એમાં ભળતા નહોતા. હવે એ ટોળા આઘા વયા ગયા તો આપણને તો માર્ગ મોકળો થઈ ગયો. આપણે તો એકલાપણે આપણું સાધી લ્યો. જાવ! એમને કોઈ એ જાતનો વિકલ્પ નહોતો.

મુમુક્ષુ :- આમ તો સોનગઢ ક્યારેય છોડવું નહિ એવો હતોને વિકલ્પ?

પૂજ્ય ભાઈશ્રી :- આમ સોનગઢ છોડવું નહિ એ તો ગુરુદેવની સાધનાભૂમિ એટલે ન છોડવું, પણ આ પરિસ્થિતિમાં કદાચ છોડી પણ દે! એવો આગ્રહ ન રાખે કે ગમે તે ધમાલ થાય હું તો અહીંયાં જ રહીશ. મારે મારા આત્માનું કરવું છે. ઘડીકમાં છોડી દે! એ તો મુનિરાજ પાસે કોઈ શાસ્ત્ર માંગે એટલે તરત જ આપી દે. મારે વાંચવું છે પછી લઈ જજે એમ નહિ. એવું છે!! નહિતર શાસ્ત્ર તો બીજી ચીજ નથી કાંઈ. એ તો ઉપકરણમાં જાય છે, તોપણ. સાધન થઈ ગયું એટલે શું થઈ ગયું? બીજાને જરૂર છે એની મારે જરૂર નથી, જાવ!!

આ તો શું છે કે ચારેય પડખેથી નિર્દોષ થવાનો માર્ગ છે. અહીં સુધી રાખીએ.

આશય :- (૨૪૫) :- **સત્ધર્મની પ્રભાવનાના ભાવો મુમુક્ષુજીવને આવે છે. તેમાં સત્ધર્મની પ્રભાવનાથી કોઈપણ પાત્ર જીવને સત્ધર્મની પ્રાપ્તિ થાઓ તેવી વિશાળ ભાવના હોય છે. ઉપરાંત પોતાના ઉપકારી એવા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ તેની પણ પ્રભાવના ઉપકારબુદ્ધિવશ થાય એવા ભાવો સહજ છે અને ભાવવા યોગ્ય છે. બાહ્ય પ્રવૃત્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર વિવેકપૂર્વક કરે. ઉપરોક્ત બંને પ્રકારના પરિણામથી દર્શનમોહનો અનુભાગ ઘટે છે અને મતિશ્રુત જ્ઞાન નિર્મળ થાય છે. તેથી પોતાને મોક્ષમાર્ગ સમીપ જવાના કારણનું કારણ ઉત્પન્ન થાય છે. એટલે ઉપરોક્ત પરિણામોમાં પોતાના આત્મકલ્યાણની મુખ્યતા હોય છે. એ જ પ્રયોજન હોય છે અને એ સિવાય બીજું પ્રયોજન હોવું ઘટે નહિ.**

પ્રશ્ન :– એક સમયની જ્ઞાનની પર્યાયને કોઈવાર શાસ્ત્રમાં જ્ઞેય તરીકે કહે છે, કોઈવાર પર્યાય છે માટે હેય છે તેમ કહેવાય છે ને કોઈ વખત પ્રગટ કરવા માટે તેને ઉપાદેય કહેવાય છે. એક પર્યાય સંબંધી શાસ્ત્રમાં ઘણા પ્રકાર આવે છે તો ભેદજ્ઞાનની જ્યોતિ પ્રગટ કરવા માટે કઈ વાત મુખ્ય કરવી? હેય–જ્ઞેય–ઉપાદેય કઈ રીતે કરવું? તે ફરમાવશોજી.

સમાધાન :– અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં જે પર્યાયો પ્રગટે છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, માટે દૃષ્ટિ અપેક્ષાએ તેને હેય કહે છે. જ્ઞાનની અપેક્ષાએ તેને જાણવાયોગ્ય કહેવાય છે, પણ જે અધૂરી સાધનાની પર્યાય છે તે વચ્ચે આવ્યા વગર રહેતી નથી. તે જ્ઞાનમાં જાણવાયોગ્ય છે અને તે પ્રગટ કરવાની અપેક્ષાએ આદરવાયોગ્ય છે. જ્ઞાન–દર્શનની જે અધૂરી પર્યાયો છે તે એક સમયમાં પૂર્ણ થતી નથી, ચારિત્ર પણ એકસાથે પરિપૂર્ણ પ્રગટ થતું નથી. તેથી તેને સાધના કરવાની રહે છે, સ્વરૂપમાં લીનતા કરવાની રહે છે. તેથી તે પર્યાયને જ્ઞાન આદરણીય પણ જાણે છે.

નિશ્ચય–વ્યવહારની સંધિ જેમ છે તેમ સમજે તો સાધનામાં આગળ જાય છે. દૃષ્ટિમાં જ્ઞાયકને એકને મુખ્ય રાખીને અધૂરી–પૂર્ણ પર્યાયને પણ ગૌણ કરવામાં આવે છે. અધૂરી–પૂર્ણ પર્યાય જેટલો હું નથી, હું તો અખંડ જ્ઞાયક છું. કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય તોપણ તે પર્યાય છે. હું તો અખંડ એક દ્રવ્ય છું. સમ્યગ્દર્શનથી માંડીને જે નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે તે બધી સાધનામાં વચ્ચે આવે છે, તેથી તે પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે. સાધના કરતાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે, તે અપેક્ષાએ તે ઉપાદેય છે. પણ દૃષ્ટિની અપેક્ષાએ તેને હેય કહેવામાં આવે છે. ૨૪૬.

તા. ૧૪–૧૦–૧૯૯૭, પ્રશ્ન– ૨૪૬
પ્રવચન નં. ૧૮૮

પ્રશ્ન-૨૪૬. પાનું-૧૪૮. '**એક સમયની જ્ઞાનની પર્યાયને કોઈવાર શાસ્ત્રમાં જ્ઞેય તરીકે કહે છે, કોઈવાર પર્યાય છે માટે હેય છે તેમ કહેવાય છે ને કોઈ વખત પ્રગટ કરવા માટે તેને ઉપાદેય કહેવાય છે.**' જ્ઞાનની પર્યાયની વાત છે. જ્ઞાનની પર્યાય જ્ઞેય

પણ છે, હેય પણ છે, ઉપાદેય પણ છે. '**એક પર્યાય સંબંધી શાસ્ત્રમાં ઘણા પ્રકાર આવે છે તો ભેદજ્ઞાનની જ્યોતિ પ્રગટ કરવા માટે કઈ વાત મુખ્ય કરવી? હેય-જ્ઞેય-ઉપાદેય કઈ રીતે કરવું?**' આવો પ્રશ્ન છે. પ્રશ્ન તો સરસ છે અને અપેક્ષા જ્ઞાન પણ ચોખ્ખું થાય. એ એક જ પર્યાય માટે ત્રણ વાત. એમાં હેય અને ઉપાદેય તો પરસ્પર વિરુદ્ધ વાત પાછી. તો કહેતી વખતે કહેવાનો દૃષ્ટિકોણ અલગ-અલગ છે. પરમાર્થ તો બધામાં એક છે. પારમાર્થિક અવિરુદ્ધતા છે. કથન વિરુદ્ધતા ભલે દેખાય, પણ પારમાર્થિક અવિરુદ્ધતા છે. પરમાર્થ એટલે શું? આત્મકલ્યાણ.

આપણે કાલે દિલ્હીવાળા રૂપચંદજીને કાગળ લખાવ્યોને? રૂપચંદજી કટારિયા એ તો સુભાગમલજીના ભાઈને? આપણને જે અમદાવાદમાં મળ્યા હતા અને સોનાગીરમાં મળ્યા હતા. અનેકાંત નામનું એક periodical નીકળે છે. એમાં એનો લેખ આવ્યો હતો. એણે મને પત્ર લખ્યો હતો કે તમારો અભિપ્રાય લખજો. એમાં એમણે અમૃતચંદ્રાચાર્યે ગાથાનું અર્થઘટન બરાબર નથી કર્યું (એમ લખ્યું છે) અને એની સામે સપોર્ટમાં શાસ્ત્ર આધારો મૂક્યા હતા. મેં કીધું કે ભાઈ તમારી વાત બરાબર તો નથી. અને કુંદકુંદાચાર્યની ગાથાને અમૃતચંદ્રાચાર્ય વધારે સમજી શકે કે બીજા કોઈ સામાન્ય માણસ વધારે સમજી શકે? એ પણ એક વિચારવા જેવો વિષય છે.

લખ્યું કે આમાં જાણ્યે-અજાણ્યે તમારાથી આચાર્ય મહારાજની અભક્તિ, અવિનય, અશાતના થઈ જાય છે - એવું નહિ થવું જોઈએ. એમાં દૃષ્ટિકોણ આખો બીજો છે. કુંદકુંદાચાર્ય કહેવા કાંઈક ધારે છે, તમે કાંઈક (બીજું) સમજો છો. એટલે કુંદકુંદાચાર્ય જે કહેવા ધારે છે એ અમૃતચંદ્રાચાર્ય કહે છે એના સપોર્ટમાં છઠ્ઠી અને સાતમી ગાથા છે. છઠ્ઠી-સાતમી ગાથામાં એમણે એ વાત કહી છે. પણ એમાં ભૂલ થાય એવું સ્વભાવિક એટલા માટે છે કે નય શબ્દ વાપર્યો છે.

'**भूदत्थो शुद्धनयो।**' શુદ્ધનય ભૂતાર્થ છે. '**ववहारोऽभूदत्थो भूदत्थो सुद्धणओ।**' શુદ્ધનય ભૂતાર્થ છે. તો ખરેખર ત્યાં નય એટલે જ્ઞાનની પર્યાય નથી, અભેદ વિવિક્ષાથી નય એટલે નયના વિષયરૂપ, શુદ્ધનયના વિષયરૂપ શુદ્ધ પરમાત્મા છે. એ ભૂતાર્થ છે. અને એની સામે બધા વ્યવહારો અભૂતાર્થ છે. એ પછી સમ્યગ્દર્શનની હોય કે કેવળજ્ઞાનની પર્યાય હોય. એ શુદ્ધનયનો વિષય નથી. અહીંયાં આશ્રય કરાવવો છે. હેતુ શું છે? '**भूदत्थमस्सिदो**' બીજા ચરણમાં વાત સ્પષ્ટ છે કે ભૂતાર્થનો આશ્રય કરનાર સમ્યગ્દૃષ્ટિને પામે છે, ભૂતાર્થનો આશ્રય કરનાર કેવળજ્ઞાનને પામે છે. કોઈ પર્યાયનો કે ગુણભેદનો આશ્રય કરનારને એ દશા થતી નથી. એમ સ્પષ્ટ વાત છે. એ તો પછી ઊતરી પડ્યા છે બીજી બાજુ. પણ આવી રીતે લોકો વ્યવહારનો નિષેધ કરે છે અને તો એમાં બધા

વ્યવહારનો નિષેધ થતાં શિથિલાચારપણું વધી જશે, આમ થશે, તેમ થશે. સમાજે વિચાર કરવા જેવું છે. એવું બધું થોડું સામાજિક દૃષ્ટિથી લખ્યું છે. પછી કાલે જવાબ લખાવ્યો છે. ઝેરોક્ષ રાખી છેને? ઝેરોક્ષ રાખી છે.

મુમુક્ષુ :- હજી પોસ્ટ નથી કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- આજે પોસ્ટ કરવાના છો? ઠીક. હીરાલાલજીને આપજોને એ કરાવી નાખશે વાંચીને.

આમાં પણ એક જ્ઞાનની પર્યાયની વિવિક્ષા શાસ્ત્રોની અંદર અનેક પ્રકારે આવે છે. કહેનાર કોણ છે? શાસ્ત્ર છે. અને એવી રીતે જોવા જાય તો આગમ અને અધ્યાત્મનો જો મેળ પારમાર્થિક રીતે ન કરી શકે તો વિરોધાભાસ આવે જ. નિયમસારની ૩૮ ગાથા. પછી આધાર આપ્યા છે. નિયમસારની ૩૮ ગાથામાં નવેય તત્ત્વને હેય કહ્યા છે. એમાં મોક્ષ તત્ત્વનો સમાવેશ છે. પચાસમી ગાથામાં ક્ષાયિકભાવને પરદ્રવ્યંપરભાવં હેયં કહ્યું છે. આ બધું આગમની સાથે કેવી રીતે મેળ ખાય?

જીવના પાંચ ભાવ. પરમપારિણામિકભાવ સિવાયના જીવના ચાર ભાવ. કહે કે પરદ્રવ્ય લ્યો! અને પરભાવ. જીવના ચાર ભાવને પરદ્રવ્ય અને પરભાવ કહે તો આગમ સાથે મેળ ખાય? કે ન ખાય. પણ અહીંયાં અધ્યાત્મનું પ્રકરણ છે. અધ્યાત્મનું લેવલ જુદું છે. આગમ પણ પરમાર્થ પમાડવા માટે છે અને આ વાત પણ પરમાર્થ પમાડવા માટે છે. એમાં એને પરમાર્થમાં વિરોધ નથી. કથનમાં વિરોધ દેખાય એટલે શું થયું? બહેનશ્રી આમાં શું કહે છે જોઈએ.

'**સમાધાન :- અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં જે પર્યાયો પ્રગટે છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, માટે દૃષ્ટિ અપેક્ષાએ તેને હેય કહે છે.**' શું કહે છે? '**અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં...**' શ્રદ્ધા કરતાં. શ્રદ્ધામાં અખંડ સ્વભાવનું ગ્રહણ કરતાં, થતાં જે પર્યાયો પ્રગટે છે, સમ્યગ્દર્શન આદિથી માંડીને કોઈપણ ઉપરની પર્યાયો, તે પણ આત્માનું મૂળસ્વરૂપ નથી. પ્રગટે છે શુદ્ધ પર્યાય. અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન પ્રગટે છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી એમ કહે છે.

અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. કેમકે મૂળ સ્વરૂપ છે એ અનાદિઅનંત છે અને સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન સાદિ અનંત છે. માટે એ મૂળસ્વરૂપ નથી. પાછળથી ઉત્પન્ન થયેલી દશા છે. એ મૂળસ્વરૂપ નથી. સ્વરૂપ જેવી સ્વરૂપાકારે એ દશા જરૂર છે, એની ના નથી. તોપણ એ મૂળસ્વરૂપ તો નથી જ. બીજું શું છે કે મૂળસ્વરૂપ ઉત્પન્ન ન થાય, મૂળસ્વરૂપનો નાશ ન થાય. આ બધી પર્યાયો સમયે સમયે ઉત્પન્ન થાય અને સમયે સમયે નાશ થાય છે. માટે

એ મૂળસ્વરૂપ નથી. અને મૂળસ્વરૂપ નથી માટે દૃષ્ટિ મૂકવા યોગ્ય નથી. દૃષ્ટિ કરવા યોગ્ય તો મૂળસ્વરૂપ જ છે. એ અપેક્ષાએ તેને હેય કહી છે. દૃષ્ટિની ઉપાદેયતામાં એ વાત નથી.

દૃષ્ટિ તો સર્વસ્વપણે પોતાના મૂળ સ્વરૂપને જ ઉપાદેય તરીકે ઉપાસે છે, ઉપાદેય તરીકે ઉપાસે છે. દૃષ્ટિ ઉપાસના છે. દૃષ્ટિ છે એ એક ઉપાસના છે. શ્રદ્ધા છે એ ઉપાસનાનું અંગ છે. તો એ શું ઉપાસે છે? કે મૂળસ્વરૂપને, કોઈ પર્યાયને નહિ. જૈન સંપ્રદાયમાં આ વાત અજાણી છે. સમ્યગ્દર્શન ઉપાદેય નહિ, કેવળજ્ઞાન ઉપાદેય નહિ, હવે તમારે કરવું છે શું? કહે. તો કહે અમારે સ્વરૂપની ઉપાદેયતા કરવી છે લ્યો ઠીક! અમારે શું કરવું છે? સ્વરૂપની ઉપાદેયતા! એ ઉપાદેયતા કરવા જતાં સમ્યગ્દર્શન, કેવળજ્ઞાનાદિ પ્રગટો તો પ્રગટો. અમારી નજર એના ઉપર નથી. અમારી નજર જે પરમાત્મા ઉપર છે એની આગળ આ બધી ઉત્પન્ન થતી પર્યાયો કાંઈ વિસાતમાં નથી. અમારે કાંઈ ગણતરીમાં નથી. એવી ગણતરી અમને અમારા પરમાત્માની છે. દૃષ્ટિમાં આમ વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં જિજ્ઞાસુજીવ હોય એને તો બૅલેન્સ રાખવું પડે. નહિતર એકાંતમાં આવી જાય

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું છે. આ બધી કાચા પારા જેવી વાત છે.

મુમુક્ષુ :- મોક્ષની અમને તમા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી વાત છે. જૈન શાસ્ત્રોમાં દૃષ્ટિની અપેક્ષાની વાતો જ આખી એવી છે. મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શનનું પ્રકરણ જૈનશાસ્ત્રો સિવાય ક્યાંય છે નહિ. એટલે આવી દૃષ્ટિની ચર્ચા અને આવો વિષય જૈનશાસ્ત્રો સિવાય ક્યાંય ચાલ્યો નથી. આ ટોપ લેવલનો વિષય છે. આથી આગળ પછી કોઈ વિષય નથી.

સોગાનીજીના પત્રો પહેલાંવહેલાં વાંચ્યા. એ લોકોએ પૂછ્યું મને કે કેમ લાગે છે? ગુલાબબહેનને એ લોકો ચર્ચા બહુ કરતાને, મારી સાથે બહુ ચર્ચા કરતા. એમણે કાગળો વંચાવ્યા. કેમ લાગે છે? જૈનદર્શનની ટોપલેવલની વાતો છે - આ પહેલો જવાબ આમ આપ્યો હતો કે જૈનદર્શનમાં જે ટોપ લેવલની વાતો છે એ વાતો છે આ. આ વાત અંદાજે ૨૦૧૫ની સાલની હશે લ્યો. કેમકે ૧૬માં તો એ આવ્યા હતા. ૧૪-૧૫માં મારું જવાનું ૧૪થી શરૂ થયું રેગ્યુલર. તો ૧૪-૧૫ આસપાસની વાતો છે ૨૦૧૪-૧૫માં. ૪૮ વર્ષ લગભગ થઈ ગયા. ૪૮-૪૯. એ પહેલાં આ વાત કરી હતી. આ જૈનદર્શનની ટોપ લેવલની વાત છે. આથી આગળ કોઈ વાત જૈનદર્શનમાં નથી જે આ પત્રમાં છે એ. તો કહે તો પછી જ્ઞાની ગણાય? આ લોકો તો બધા ખોદી ખોદીને

પૂછવાવાળા. મેં કીધું એ મળ્યા પછી નક્કી થાય. વાતોથી નક્કી ન થાય.

મુમુક્ષુ :- એ પહેલા મળ્યા નહોતા? પછી મળ્યા?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ પહેલા એ ૨૦૦૯માં આવેલા. તે દી' મારો પ્રવેશ નહિ. પછી સાત વર્ષ નથી આવ્યા વચ્ચે.

મુમુક્ષુ :- હમણાં તો એવી વાતો કરનાર બહુ મળે છે. તો પછી એ જ્ઞાની કહેવાય કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વાતો કરે માટે જ્ઞાની કહેવાય એમ નહિ. જો કે તે દી' એવી વાતો કરનારા નહોતા. તે દી' એવી વાતો કરનારા સોનગઢમાં પણ નહોતા. બીજે તો નથી પણ સોનગઢમાં પણ નહોતા. અને એ વાતો બહાર પડી ત્યારે સોનગઢમાં પણ પચવામાં જરા તકલીફ થઈ હતી. વાતો તો એવી છે. પછી અત્યારે તો ગુરુદેવે બધું પચાવી-પચાવીને મૂકી દીધું એટલે વાંધો નથી આવતો. નહિતર તે દી' તો ત્યાં પણ થોડી વાત કઠણ પડી ગઈ હતી.

કેમકે એ તો ધડાકાબંધ વાત કરે. દેવ-ગુરુ-શાસ્ત્ર અનાયતન છે. ધર્મના અનાયતન છે એમ કહે. ધર્મના અનાયતન! (લોકો) ભડક્યા. કોણ બોલે છે આવું? પાછું લખ્યું છે કે એક પોતાનું ત્રિકાળી સ્વરૂપ જ ધર્મનું આયતન છે. અને નિશ્ચયે તો હંમેશા વ્યવહારનો નિષેધ જ કર્યો છે. જે નિશ્ચય છે... આખો પંચાધ્યાયી ગ્રંથ એના ઉપર ચાલ્યો છે. વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. વ્યવહાર જેટલી વાત કરે ન ઈતિ... ન ઈતિ... ન ઈતિ... એમ પણ નહિ... એમ પણ નહિ... એમ પણ નહિ... એમ પણ નહિ... નેતિ... નેતિ... નેતિ... નેતિ... એમાંથી આ વેદાંત નીકળ્યું. નેતિ-નેતિ કરીને જેને પોકારે છે એવું પરમબ્રહ્મ છે. એ લોકો શું કહે? પરમબ્રહ્મનું સ્વરૂપ કેવું છે? એ લોકો શાસ્ત્રોને શ્રુતિ કહે છે. શાસ્ત્રોને શ્રુતિ કહે. શ્રુતિ જેને નેતિ-નેતિ કહીને પોકારે છે એવું પરમબ્રહ્મનું વચનમાં ન આવે - અનિર્વચનિય. એવું સ્વરૂપ છે. એ વાત મૂળ જૈનદર્શનની છે. આખા પંચાધ્યાયી ગ્રંથમાં એ પદ્ધતિ ચાલી છે. એટલે જ અનુભયસ્વરૂપ કીધાને? અનિત્ય તો નથી, અનિત્ય તો વ્યવહારનયનો વિષય છે પણ નિત્ય છે એ પણ વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનો વિષય અનુભયસ્વરૂપ છે. જાવ! એવી વાતો કરી છે.

કૃપાળુદેવના સમાજમાં પણ આ વિષય નથી. ત્યાં જાવ તો આ વિષય ક્યાંય નથી પાછો. કારણ કે એમણે મુમુક્ષુને ઉપદેશ આપ્યો એમાં મુમુક્ષુના ઉપદેશની મર્યાદામાં આ વિષય આવે નહિ પાછો. એને તો પરિભ્રમણ કેમ ટાળવું? એની વેદના આવે, દૃઢ મુમુક્ષુતા આવે, એ બધી વાત ચાલે. પોતાના દોષોનું અપક્ષપાતપણે અવલોકન

કરે, એ વિષય ત્યાં ચાલે. અહીં તો શુદ્ધપર્યાયની વાત છે. જ્ઞાનની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, સમ્યગ્જ્ઞાનની પર્યાય એમ પાછી. શુદ્ધનયની પર્યાય લ્યો ઠીક!

મુમુક્ષુ :- સોગાનીજીનું આ બધું forceવાળું વાંચીને ગુરુદેવે એકાવતારી છે જાવ! એમ કહી દીધું, એટલે કેટલો ખ્યાલ આવી ગયો!!

પૂજ્ય ભાઈશ્રી :- હા!

'જ્ઞાનની અપેક્ષાએ તેને જાણવાયોગ્ય કહેવાય છે,...' જ્ઞાનની અપેક્ષાએ તે જણાય છે માટે જાણવાયોગ્ય પણ છે. **'પણ જે અધૂરી સાધનાની પર્યાય છે તે વચ્ચે આવ્યા વગર રહેતી નથી. તે જ્ઞાનમાં જાણવાયોગ્ય છે અને તે પ્રગટ કરવાની અપેક્ષાએ આદરવાયોગ્ય છે.'** અનંતકાળથી સંસારમાં રખડે છે એવા જીવને મોક્ષમાર્ગની સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટ કરવા યોગ્ય છે તો તે આદરણીય છે, હેય પણ છે, ઉપાદેય પણ છે અને જ્ઞેય પણ છે.

દરેક વાત પોતપોતાના સ્થાનમાં, યથાસ્થાને યોગ્ય છે. એમ લેવાનું છે. મુમુક્ષુની ભૂમિકાની વાતો મુમુક્ષુની ભૂમિકામાં યથાયોગ્ય છે. જ્ઞાનદશામાં જ્ઞાનદશાની વાતો યથાસ્થાને છે. એમાં દૃષ્ટિની અપેક્ષાની વાતો દૃષ્ટિની અપેક્ષાએ એના યથાસ્થાને છે. જ્ઞાનની પ્રધાનતાની વાતો પાછી એના સ્થાને યથાયોગ્ય છે. આચરણની પ્રધાનતાની વાતો એના સ્થાનમાં યથાયોગ્ય છે. પોતપોતાનું સ્થાન છે. દરેક વાતને પોતપોતાનું સ્થાન છે અને તે યોગ્ય જ છે. એમાં એમ ન કહેવાય કે અહીંયાં આમ કેમ લખ્યું છે? બરાબર છે. ત્યાં જે લખ્યું છે એમ જ છે. જે કહેવા ધારે છે જે વાત એ બરાબર છે.

નહિતર આચાર્યોના કથનમાં પણ વિરોધાભાસ લાગ્યા વગર રહેશે નહિ. મોટાભાગના વિદ્વાનોને કોઈ તકલીફ થાય છે તો આ થાય છે કે અહીંયાં આમ કહે છે! અહીંયાં આમ કહે છે! કાં એક જ શાસ્ત્રમાં વિરોધાભાસ લાગે, કાં જુદાં-જુદાં શાસ્ત્રોમાં વિરોધાભાસ લાગે. એ એમ બતાવે છે કે મતિ સરળ થઈ નથી. મતિ સરળ થાય તો એ સ્વરૂપને સાધે. અને સ્વરૂપને સાધે તો સાધતા-સાધતા બધું સમજાય જાય. કેમકે એને પોતાને દૃષ્ટિ પરિણમી છે એટલે દૃષ્ટિની વાત સમજાઈ જાય. એનું જ્ઞાન સમ્યક્ પરિણમે છે એટલે એને જ્ઞાનની વાત સમજાય જાય. પોતે આચરણ કરે છે એટલે એનું પરિણમન કરે છે એટલે એની વાત પણ એને સમજાય જાય. એને અસમાધાન નથી થતું. એ તરત પોતાના પરિણમન સાથે tally કરી લે છે. જે શાસ્ત્રની વાત આવે છે એ (માટે) તો સમજે છે કે કહેનાર કોઈ જ્ઞાનીપુરુષ છે. સાધતા સાધતા કહે છે. તો અત્યારે એ સાધતા-સાધતા ક્યા અંગને કહે છે? સાધનાના અંગ છે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. તો સાધનાના ક્યા અંગની વાત ચાલે છે? જે અંગની વાત ચાલે છે એવું કોઈ પરિણમન

મારું છે કે નહિ? કે, છે! તો બરાબર, યથાર્થ છે જાવ. એને શાસ્ત્ર પ્રમાણ મેળવવું પડતું નથી, અનુભવ પ્રમાણ મેળવે છે. શાસ્ત્ર પ્રમાણ મેળવવા જાય તો ગોથા ખાવા પડે અને બાર ગાથાઓ સપોર્ટમાં મૂકી છે ભાઈ! નયચક્રની, સમયસારની અને નિયમસારની. એટલે મને એમ છે કે કાંઈ વિદ્વતામાં આવ્યા લાગે છે.

મુમુક્ષુ :- હા, એ તો આપની સાથે ચર્ચા કરતા હતાને. તે વખતથી એ ઘૂંટાય છે કે અમૃતચંદ્રાચાર્ય બરાબર નથી અને એમને કાષ્ટાસંઘી તરીકે ગણાવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે કાષ્ટાસંઘ અજ્ઞાનીઓનો હતો કાંઈ?

મુમુક્ષુ :- ભાઈશ્રી! શું છે કાષ્ટાસંઘ?

પૂજ્ય ભાઈશ્રી :- મને પણ ખબર નથી કાષ્ટાસંઘ એટલે શું છે. પણ આમાં છે આપણે જે પહેલો ભાગ લીધો ને આચાર્યોની સૂચિમાં. એમાં ઈતિહાસ છે. ઈતિહાસમાં જિનેન્દ્ર શબ્દકોષ છે એમાં એ ઉપર ઈતિહાસ છે. ઈતિહાસમાં એમણે જૈનદર્શનનો ઈતિહાસ લખ્યો છે. એમાં આચાર્યોની પટ્ટાવલી લખી છે. આચાર્યોના ગ્રંથોની સૂચિ પણ લખી છે અને કેટલા-કેટલા ક્યારે-ક્યારે સંઘોના ફાટા પડ્યા દિગંબરની અંદર... ઘણાં સંઘ લીધા છે. પાંચ-સાત સંઘની વાતો લખી. કાષ્ટાસંઘ અને બીજા સંઘ પણ લીધા છે. એ બધી વાત લીધી છે એમણે. એ તો તમે લખી લ્યો પછી જોવું છે, કે વાંચવું મારે બાકી છે. આપ્યું છે ઉતારવા કે આચાર્યોની યાદી કરી નાખો અને શાસ્ત્રોની યાદી કરી નાખો. એટલે એ જે શાસ્ત્રો અને જે આચાર્યો છે એ નીકળે catalogueમાં એટલે એ inclusive થઈ ગયું. એ ન નીકળે એટલે exclusive થઈ ગયું. એટલે એ સંશોધનનો વિષય એ વિભાગ રહે પછી. વાત ચોખ્ખી થઈ ગઈ કે શું research કરવું છે એ વાત નક્કી થઈ ગઈ એમાં.

'**જ્ઞાન-દર્શનની જે અધૂરી પર્યાયો છે તે એક સમયમાં પૂર્ણ થતી નથી,...**' જ્ઞાન-દર્શનની જે અધૂરી પર્યાયો છે તે એક સમયમાં પૂર્ણ નથી થતી. '**ચારિત્ર પણ એકસાથે પરિપૂર્ણ પ્રગટ થતું નથી.**' આ દર્શનમાં અહીંયાં દર્શન ઉપયોગ લેવો. '**ચારિત્ર પણ એકસાથે પરિપૂર્ણ પ્રગટ થતું નથી. તેથી તેની સાધના કરવાની રહે છે,...**' એની સાધના કરવાની રહે છે. '**સ્વરૂપમાં લીનતા કરવાની રહે છે. તેથી તે પર્યાયને જ્ઞાન આદરણીય પણ જાણે છે.**' જે પર્યાયો પ્રગટ કરવાની બાકી છે તેને જ્ઞાન આદરણીય પણ જાણે છે. જ્ઞાન આદરણીય જાણે, દૃષ્ટિ હેય કરે. એક જ સમયમાં દૃષ્ટિ નિષેધે, અવગણે. જ્ઞાન એને આદરણીય ગણે. જ્ઞેય પણ જાણે અને ઉપાદેય પણ જાણે.

મુમુક્ષુ :- એક સાથે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક સાથે. એટલે તો આ વિષય સામાન્ય માણસોને નથી

સમજાતો કે આમાં આમ કેમ? એક જ જીવ, એક જ જીવનું પરિણમન, એમાં એક આમ કરે ને એક આમ કરે! તો કહે હા. વાત તો એમ જ છે.

હવે જે જ્ઞાન છે એ જે ઉપાદેયતા કરે છે, ભેદજ્ઞાનકાળે ભેદજ્ઞાનની, શુદ્ધોપયોગ કાળે શુદ્ધોપયોગની અને ઉપર ઉપરના આચરણકાળે આચરણની. એ વાત મર્યાદિત છે. મર્યાદિત એટલે સાધક અવસ્થા પૂરતી એની મર્યાદા છે. તેમ છતાં જ્ઞાન ચોખ્ખું જાણે છે કે એ પર્યાયો આદરણીય હોવા છતાં એના અવલંબને એ પર્યાયો ન પ્રગટે. માટે એ જ્ઞાન શ્રદ્ધાને સપોર્ટ કરે છે. એ જ્ઞાન શ્રદ્ધાને સપોર્ટ કરે છે. માટે શ્રદ્ધા જ્ઞાનની મૈત્રી છે, દુશ્મનાવટ નથી.

શ્રદ્ધાનો સીધો એટેક આત્મા ઉપર છે. છલાંગ મારીને જાય. ધીમે-ધીમે ચાલે નહિ. અને જ્ઞાન છે એ વ્યૂહાત્મક ચાલથી ચાલે છે. પણ સરવાળે શ્રદ્ધા જ્યાં જાય છે ત્યાં એને જાવું છે. પણ થોડો વ્યૂહચક્રમાં ચાલે છે, પ્લાનિંગ કરીને ચાલે છે. એવી એની વિશિષ્ટતા છે. આની આ પ્રકારની વિશેષતા છે. આની આ પ્રકારની વિશેષતા છે. તેમ છતાં કોઈ સાધકનું જ્ઞાન છલાંગ મારે તો એને સાધક કાંઈ રોકતા નથી.

(જેમ)કે ભરતચક્રવર્તી થયા. જ્ઞાન તો હતું જ. શ્રદ્ધા-જ્ઞાન તો હતું જ. હવે એમાં ઓચિંતો વૈરાગ આવ્યો. દેખી આંગળી એક અડવી. વૈરાગ્ય વેગે ગયા. વૈરાગ્ય નહિ વૈરાગ્ય વેગે ગયા. વેગથી વૈરાગ્ય આવ્યો. તો જ્ઞાને સીધી છલાંગ મારી. સીધું જામ થયું અંદર. કપડા ઉતાર્યા અને દીક્ષા લીધી. ધ્યાનમાં બેઠા એ બેઠા. જાવ! બહાર નીકળે એ બીજા.

મુમુક્ષુ :- એ જ્ઞાને છલાંગ મારી?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાને એમ કર્યું કામ. એવી શક્તિ જ્ઞાનમાં છે ખરી. પણ બહુભાગ એમ થતું નથી. એવા સાધકો કોઈક (જ હોય છે.) એટલે સોગાનીજી એમ કહેતા કે સાધકો તો અનેક થાય છે, પણ તીવ્ર દશા હોય એવા સાધકો બહુ અલ્પ થાય છે. બાકી જે કાંઈ સાધકો છે, બાકીના જે મોટાભાગના સાધકો છે એ શાસ્ત્રાદિમાં રોકાતા-રોકાતા, પ્લાનિંગ કરતા... કરતા... કરતા.. આગળ વધે છે. એટલે કોઈ શાસ્ત્ર રચે, કોઈ શાસ્ત્ર વાંચે.

મુમુક્ષુ :- બીજાને લેતા જાય સાથે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજાને સમજાવે. એમ કરતા-કરતા આગળ વધે છે. એ બધાને ઢીલા ગણ્યા છે એમણે. ઠીક!

મુમુક્ષુ :- એમાં વીર્યગુણનો રોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- એમાં મુમુક્ષુને ફાયદો થઈ જાય છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અપેક્ષાએ બધું કહેવાય. બાકી જ્ઞાની કર્તા-હર્તા પર્યાયના છે નહિ. આ તો જાણવાનો વિષય છે કે કોઈની આવી પર્યાય હોય છે, કોઈની આવી પર્યાયો હોય છે. અને કોઈ તીવ્રતાવાળા જલ્દી પામી જાય. તીવ્રતા ન હોય એને થોડીવાર લાગે. પણ થોડીવાર લાગે એ immaterial વાત છે. એ કોઈ importance દેવા જેવી, કોઈ વજન દેવા જેવી વાત નથી. એ તો જાણવાનો વિષય છે. આમ પણ થાય અને આમ પણ થાય. એમાં કાંઈ વચ્ચે શંકા કરવી કે આમ કેમ? કે અસમાધાન થવું કે આમ કેમ? એવું હોવું ન જોઈએ. એ વાત સાથે-સાથે લેવી.

મુમુક્ષુ :- જ્ઞાનીપુરુષને પ્રભાવનાનો રાગ છે એ તો મુમુક્ષુને ઉપકારી થાય એટલે એને તો ક્યાં એ જોવાનો પ્રશ્ન છે? વિચાર પણ ન કરાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા એને પ્રશ્ન જ નથી. એને કાંઈ જ્ઞાનીઓની શિથિલતા જોવાનું કારણ નથી. અથવા એને એ શટર તો બંધ રાખવું જોઈએ.

મુમુક્ષુ :- ત્યાં (તો) ઉપકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. એ ગુરુદેવ એમ કહેતા અમારી ભૂલ થઈ તેથી અહીંયાં આવી ગયા. પોતે એમ કહેતા કે ભૂલ થઈ એટલે અહીંયાં આવી ગયા. મુમુક્ષુ સાંભળનાર બધા એમ કહેતા કે, સાહેબ આપની ભૂલ થઈ આપ જાણો, પણ આપ તો અમારા માટે આવી ગયા એટલે અમારે તો સોનાની વાત થઈ ગઈ. અમારા તો ભાગ્ય ખૂલી ગયા. આપ ભલે કહો કે અમારી ભૂલ થઈ, પણ અમારા તો ભાગ્ય ખૂલી ગયા. એવી રીતે જવાબ દેતા. એટલે અપેક્ષાએ વાત છે બધી જુદી-જુદી. એ જ વાત જે હેય ગણે છે એ જ વાત બીજા ઉપાદેય ગણે છે. ઠીક! થયું કે ન થયું? પોતપોતાના સ્થાનમાં બેય વાત બરાબર છે. બેય વાત પોતપોતાના સ્થાનમાં બરાબર છે.

મુમુક્ષુ :- અમારા માટે તો એક જ સ્થાન છે. બીજા સ્થાનને જાણતા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા એટલે એનું આપણે કામ નથી. આ તો પ્રશ્ન પૂછનારે પ્રશ્ન પૂછ્યો છે કે એને હેય કેમ કરવો ઉપાદેયને? તો કહે ભાઈ દૃષ્ટિ તો એમ જ કરવાની છે.

લખે છે આગળ કે '**નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ સમજે તો સાધનામાં આગળ જાય છે.**'

મુમુક્ષુ :- સંધિ લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મેળ કરતા આવડવો જોઈએ. એટલે એને પરમાર્થ બેય જગ્યાએથી કાઢતા આવડવો જોઈએ. અને કયા લેવલની, કઈ ભૂમિકાની વાત છે એમાં

મારું સ્થાન ક્યાં છે? મને કઈ લાગુ પડે? આ બધું સંધિમાં આવે છે. મેળ કરવામાં આ બધી વાત આવે છે. જો મેળ કરતા ન આવડે તો અસમાધાન રહે. સમજણમાં જ અસમાધાન રહે. હવે જેને સમજણમાં અસમાધાન રહ્યું એ પ્રયોગ કેવી રીતે કરે? પ્રયોગ તો સમજણ અને સમાધાન પછીનો વિષય છે. મોટાભાગના તત્ત્વજ્ઞાનના અભ્યાસ કરનારાઓને coordination નથી આવડતું.

મુમુક્ષુ :- એટલે જ પેલું સ્યાદ્વાદ સંશયવાદ ક્યારે લાગ્યો હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શંકરાચાર્ય જેવાને લાગ્યો, પણ આ તો જૈનો. જૈનના વિદ્વાનો, જૈનના ત્યાગીઓ, તત્ત્વનો અભ્યાસ કરનારાઓ coordination નથી કરી શકતા. મેળ ન કરી શકે, સંધિ ન કરી શકે તો સમાધાન થાય નહિ. ઊંડે-ઊંડે અસમાધાન રહે એ પ્રયોગ તો કરી જ ન શકે. પ્રયોગ કરવાનું બળ જ ન આવે. કારણકે પ્રયોગ તો નિઃશંકતા આવ્યા પછી નિઃશંકતાના બળ ઉપર પ્રયોગ થાય છે. એમ ને એમ નથી થતો. એટલે જે આ મેળ કરી શકાય છે, મેળ કરવાની જ્યાં વાત છે એનું મૂલ્ય બહુ મોટું છે. નહિતર આગળ ગાડી જ નહિ ચાલે. પ્રયોગ જ નહિ થાય. પ્રયોગ વગર પરિણમન નહિ થાય અને સમજણમાં તો સમાધાન થયું નથી, સમાધાન રહ્યું નથી. આ પરિસ્થિતિ થાય.

મુમુક્ષુ :- નિશ્ચય અને વ્યવહારને એકાંતે વિરોધાભાસ છે એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.

મુમુક્ષુ :- સંધિ પણ છે સાથે.

પૂજ્ય ભાઈશ્રી :- સંધિ છે. અને ભગવાનની વાણી એ વિરોધનો નાશ કરનારી છે. સમયસારમાં એ કળશ લખ્યો છે 'उभयनयविरोधधवंसिनि स्यातपदामडके जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।. જિનવચ સિરવંતે યહ સ્વાંત મોહાહા.' જે ઉભયનય એટલે નિશ્ચય અને વ્યવહાર બે. એના વિરોધનો નાશ કરનારી છે ભગવાનની વાણી. ભગવાનની વાણી નિશ્ચય-વ્યવહારને કહેનારી છે. નિશ્ચય-વ્યવહારનો વિરોધ પ્રદર્શિત કરનારી છે એમ ન લીધું. નિશ્ચય અને વ્યવહાર વિરોધાભાસી દેખાવા છતાં એનો ધ્વંસ કરનારી છે. એમ. ધ્વંસિની. ધ્વંસ કરવો એટલે એનો નાશ કરવો.

પણ એમ થાય કે આવું બધું ગૂંચવાડાવાળું કીધું શું કરવા? પણ ભાઈ! આ આત્મા જે પદાર્થ છે એની અંદર વિરોધી ધર્મો છે, માટે એને કહેવા પડે છે. આત્મા છે એ સ્વરૂપે નિત્ય પણ છે અને પર્યાયે અનિત્ય પણ છે. તો એક પદાર્થ પોતે જ વિરુદ્ધધર્મનો ધારક છે. એને વિરુદ્ધ ધર્મત્વશક્તિ કહેવામાં આવી છે. એવી શક્તિ છે એનામાં કે વિરુદ્ધ ધર્મોને પણ ધારણ કરે. તો વિરુદ્ધ ધર્મોને ધારણ કરે તો વિરુદ્ધ

ધર્મોને કહેનારી વાણીમાં પણ વિરોધ ઊભો થાય. તો કહે પદાર્થમાં અવિરોધતા છે માટે એ અવિરોધતા એ જ વાણીમાં આવે છે. આમ વાત છે. એટલા માટે બુદ્ધિવાળાઓને, કારણ અન્ય દર્શનમાં બુદ્ધિવાળા ઘણાં થયા છે. જૈનદર્શનમાં પણ બુદ્ધિવાળા ઘણાં થયા છે તો બુદ્ધિવાળાને આંટા મારવા પડે એવી વાત છે. એ ફરતા આંટા માર્યા જ કરે. એને અંદર પ્રવેશ ન મળે જ્યાં સુધી મેળ ન કરી શકે ત્યાં સુધી. મેળ કરતા આવડવો જોઈએ. આની અંદર coordination એ બહુ મહત્ત્વનો factor છે.

સાધના અટકતી હોય, સાધના શરૂ ન થઈ શકતી હોય તો આ એક જ કારણે કે મેળ નથી કરી શકતો. મેળ કરે તો જ સાધના થઈ શકે. નહિતર ન થઈ શકે. મુમુક્ષુની ભૂમિકા એવી છે. ચાલો ચૌદ ગુણસ્થાનમાં તો પ્રસિદ્ધ વાત કરી દીધી કે આ આનો ક્રમ છે. મુમુક્ષુતાનો કોઈ ક્રમ ક્યાંય પ્રસિદ્ધ નથી. આ કૃપાળુદેવે કર્યો એ બીજી વાત છે. એ ક્યાંય પ્રસિદ્ધ નથી. કેમ? કે મુમુક્ષુતાની અયોગ્યતાની વિચિત્રતાનો પણ પાર નથી. એ તો પરિભ્રમણની વેદનામાં આવે પછી ક્રમ શરૂ થાય. એ પહેલા મોટી વિટંબણા છે વેદનામાં આવવાની. અને એ પહેલાની અયોગ્યતાની વિચિત્રતાનો પાર નથી. એને કેવી રીતે લાઈન ઉપર લાવવો? એ સત્પુરુષ વિના કોઈ રીતે સંભવ નથી.

કૃપાળુદેવના (પત્રાંક) ૪૬૬માં લીધું છે કે કોઈ એમ કલ્પે કે ધ્યાન, યોગ આદિ અનેક પ્રકારના સાધનોથી આત્મકલ્યાણ થાય. પરંતુ તેથી આત્મકલ્યાણ કાંઈ થતું નથી. આત્મકલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં છે. એ નિશ્ચયથી નિશ્ચય અર્થની યોજના જ્ઞાનીઓના હૃદયમાં રહી છે. એ એમણે ૨૨-૨૩ વર્ષે આ વાત લખી છે. એટલે કોઈપણ જીવને કેવી રીતે લાઈન ઉપર લેવો? એમાં સત્પુરુષ જ જોઈએ. એમાં મુનિ અને કેવળી પણ ન કામ આવે એટલા માટે કે એને એટલી નવરાશ નથી વીતરાગતા આડે. એ સ્વરૂપ લીનતામાં એવા પડ્યા છે એ માથાફોડમાં એ ઊતરવા તૈયાર નથી. (જેમકે) મોટાભાગના મુનિઓએ મુમુક્ષુના શાસ્ત્રો જ ન લખ્યા. શાસ્ત્રો તમે જુઓ. મુમુક્ષુના શાસ્ત્રો લખાયેલા હોય તો બતાવો. જ્ઞાનીપુરુષ એ પંચાતમાં(!) પડે છે કે ભાઈ! તને આ તકલીફ છે લે તું આમ કરજે. તને આ તકલીફ છે તું આમ કર. મુનિઓને એ નવરાશ નથી, કેવળીઓને એ નવરાશ નથી જરાય. એ વીતરાગતામાં પડ્યા છે.

મુમુક્ષુ :- એમનો ઉપકાર છે, કૃપા છે, વીતરાગી કરુણા છેને!

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ રીતે જે કૃપાળુદેવે સત્પુરુષને વધારે મહત્ત્વ આપ્યું છે એ મુમુક્ષુના દૃષ્ટિકોણથી મહત્ત્વ આપ્યું છે, જ્ઞાનીઓના કે મુનિઓના દૃષ્ટિકોણથી નહિ. મુમુક્ષુઓના દૃષ્ટિકોણથી એમણે એ મહત્ત્વ આપ્યું છે કે જો ભાઈ! તારા માટે

તો આમ વાત છે! તારા માટે તો આમ વાત છે! તારા માટે તો કેવળી પણ પછી છે. ૨૧૩ પત્રમાં ન લીધું? કે હે પરમાત્મા! તમે ખોટું લગાડશો નહિ. કેમ? કે તમે વીતરાગ છો. અમારી ગૂંચવણ ઉકેલવા તમે કાંઈ સ્વરૂપમાંથી બહાર નીકળીને ઉકેલવા આવો નહિ. અને અમારે તો અમને...

મુમુક્ષુ :- પૂછીએ ત્યારે જવાબ આપે.

પૂજ્ય ભાઈશ્રી :- પૂછીએ ત્યારે જવાબ મળે છે. એમ છે. પ્રયોજન વખતે, જરૂર વખતે ખરે ટાણે કામમાં આવે એની વાત છે એ. એ એનો પરમાત્મા. જરૂર વખતે, ખરે વખતે કામમાં આવે એ એનો પરમાત્મા. એમ લઈ લીધું પછી એમણે. કેટલી ઊંડાણથી વાત લીધી છે!

મોટી તકલીફ coordinationની છે. મોટાભાગના મુમુક્ષુઓ coordination નથી કરી શકતા. અને જે કરી શકે છે એ જ્ઞાની થઈ જાય છે. એ વાત છે આમાં. મુદ્દો એ છે. પ્રશ્ન-ઉત્તરમાં મુદ્દો એ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ સમજાય તો સાધનામાં આગળ જાય. નહિતર સાધના જ શરૂ ન થાય, આગળ જવાની વાત પછી. એવો વિષય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુ coordination કેવી રીતે કરે છે એનો દાખલો આપોને!

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કરે છે એવી રીતે કે એ પોતાને લાગુ પડતી વાત કેવી રીતે છે એ ગોઠવતો થાય છે.

મુમુક્ષુ :- પોતાના પ્રયોજનની.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાના પ્રયોજનને સ્પર્શીને એ ગોઠવતો જાય છે કે આ મારા કામની... આ મારા કામની... આ મારા કામની... આ મારા કામની વાત. દરેકને જુદું-જુદું. એ એને આવડવું જોઈએ અંદરમાં. એ રીતે એનું અમલીકરણ ચાલુ કરે. પોતાને વાત મળતી જાય અને અમલીકરણ ચાલુ કરે. પોતાના કામની વાત મળતી જાય ને અમલીકરણ ચાલુ કરે. તો મેળ કરી શકે. અને એમાં ક્યાંય ભૂલચૂક ન થાય, થાય એના માટે સત્સંગ જરૂરી રહ્યો, એમ. કે એમાં ગોથું ન ખાય જાય. પછી લેશું આગળ.

તા. ૧૫-૧૦-૧૯૯૭, પ્રશ્ન- ૨૪૬-૨૪૭
પ્રવચન નં. ૧૮૯

સ્વાનુભૂતિદર્શન. ૨૪૬ પ્રશ્ન ચાલે છે. પાનું-૧૪૮. પ્રશ્ન એ છે કે શાસ્ત્રમાં એક જ વાત ઉપર વિરોધાભાસી કથનો આવે છે. કોઈ તો એ વિરોધાભાસ મટાડી શકતા નથી એટલે એમાં ગૂંચવાય છે. અહીંયાં આમ કહ્યું ને વળી અહીંયાં આમ કહ્યું. આમ કેમ છે? કોઈ અપેક્ષાઓ સમજે છે. સમાધાન કરે છે કે, ત્યાં દૃષ્ટિ અપેક્ષાએ આમ કીધું છે, અહીંયાં જ્ઞાન અપેક્ષાએ આમ કીધું છે માટે વિરોધ નથી. બૌદ્ધિકસ્તર ઉપર સમાધાન કરી અને સંતુષ્ટ થઈ જાય છે. પણ ત્યાં અટકી જાય છે કે સમજાઈ ગયું! ખરી રીતે તો બૌદ્ધિકસ્તર ઉપર સમાધાન થયું હોય તો પછી પોતાના પ્રયોજન સાથે એને શું સંબંધ છે? એ પ્રયોજનની દૃષ્ટિથી એની સંધિ કરતા આવડવી જોઈએ. જો પ્રયોજનની દૃષ્ટિથી સંધિ કરતા ન આવડે તો પેલું અપેક્ષાજ્ઞાન છે એ કાંઈ સફળ ન થાય. અટકવાનું કારણ થાય. સફળ તો ન થાય પણ અટકવાનું કારણ થાય છે. એટલું અહીંયાં ધ્યાન રાખવાનું છે.

૧૪૯ પાને હવે. '**નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ સમજે તો સાધનામાં આગળ જાય છે.**' નિશ્ચય-વ્યવહારની સંધિ એટલે શું? કે વીતરાગતા! નિશ્ચય સ્વરૂપ પોતાનો આત્મા એને નિશ્ચય કહે છે અને એને અનુસરતા દર્શન-જ્ઞાન-ચારિત્ર પુરુષાર્થના પરિણામને પણ નિશ્ચય કહે છે. વ્યવહાર એટલે શુભરાગ. યથાસ્થાને ભૂમિકા અનુસાર ઉત્પન્ન થતો રાગ તેને વ્યવહાર કહે છે. એ ક્યારે કેવો નિશ્ચય હોય, ક્યારે કેવો વ્યવહાર હોય એ પણ સમજવું જોઈએ. ભૂમિકાનું જ્ઞાન હોવું જોઈએ. નહિતર સમાધાન ન થાય.

જેમકે સમ્યગ્દૃષ્ટિ અવિરતિ છે. તો એને અનેક પ્રકારના રાગ-દ્વેષ હોય. જો એનું - એ ભૂમિકાનું જ્ઞાન ન હોય તો એને આવો રાગ કેમ થયો? એ સવાલ ઊભો થાય. એવી રીતે મુનિ છે. મુનિ છે એમની પાસે બીજું તો કાંઈ નથી, પણ કમંડળમાં પાણી છે. એ સિવાય તો બીજું કાંઈ નથી. શૌચ માટે પાણી રાખે છે. હવે કોઈને પાણી ન પાય. તો ભૂમિકાના રાગનું જ્ઞાન ન હોય તો એમ થાય કે મુનિ નિર્દય છે? કોઈ પ્રાણી તૃષાથી તરફડતું હોય તો એને પાણી પાવું જ જોઈએને! લૌકિકમાં તો એમ જ છે. સામાન્ય દયા હોય એ પણ પાણી પાય. તો આ તો વિશેષ દયાળુ છે, મુનિરાજ તો વિશેષ દયાળુ છે! કરુણાના સાગર છે! તો શું પાણી ન પાય? વાત જરા વિચિત્ર દેખાય. પણ ભૂમિકાના વ્યવહારની ખબર ન હોય તો એને અસમાધાન થાય, અભક્તિ

થાય. અસમાધાન થાય ત્યારે અવિનય અને અભક્તિ પણ થાય. પણ એ ભૂમિકામાં એવો રાગ ન હોય. એ ભૂમિકામાં એવો સ્થૂળ રાગ ન હોય. એટલે નિશ્ચય-વ્યવહાર એમ મુમુક્ષુને મુમુક્ષુની ભૂમિકામાં સમજવાનું છે. એને દેવ-ગુરુ-શાસ્ત્રનો વિરોધ ન હોય, એને સત્પુરુષનો વિરોધ ન હોય. પછી વર્તમાનના હોય કે ભૂતકાળના હોય. એ એનો વ્યવહાર છે. એ વ્યવહાર છૂટે તો એની ભૂમિકા પણ છૂટી જાય.

'**નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ સમજે તો સાધનામાં આગળ જાય છે.**' એ ન સમજાય તો ભૂલ કરે તો સાધનામાં જવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. આરાધનનો વિષય છે. હજી તો સમજણનું ઠેકાણું નથી તો આરાધન ક્યાંથી આવે? સાધના તો આરાધન છે. '**દૃષ્ટિમાં જ્ઞાયકને એકને મુખ્ય રાખીને અધૂરી-પૂર્ણ પર્યાયને પણ ગૌણ કરવામાં આવે છે.**' જ્યારે સ્વરૂપની દૃષ્ટિ થાય છે ત્યારે પર્યાયમાત્ર ગૌણ થાય છે. પછી અધૂરી શુદ્ધ પર્યાય હોય કે પૂર્ણ શુદ્ધ પર્યાય હોય. એ બધું ગૌણ કરવામાં આવે છે. શુદ્ધ પર્યાયને ગૌણ કરવામાં આવે છે તો અધૂરી અશુદ્ધ પર્યાય હોય તો ગૌણ કરવાની જ છે, એનો તો સવાલ રહેતો નથી. પર્યાયમાત્રને ગૌણ કરવામાં આવે છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં પર્યાયમાત્રની ગૌણતા છે. એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ જિજ્ઞાસુની કઈ ભૂમિકામાં ગૌણ કરવામાં આવે?

પૂજ્ય ભાઈશ્રી :- આ તો દૃષ્ટિ પ્રગટી હોય એની વાત છે. જે દૃષ્ટિની વાત લીધી એમાં તો જેની દૃષ્ટિ સ્વરૂપની થઈ છે એની વાત છે. મુમુક્ષુને તો મુમુક્ષુની ભૂમિકા પ્રમાણે આગળ ચાલવું પડે. કેમકે એને હજી દૃષ્ટિ પ્રગટી નથી. તો એને તો આત્મકલ્યાણની ભાવના હોય, અને સ્વરૂપ કેવું છે એની અંતરખોજ હોય. એને પરલક્ષ ગૌણ કરવાનું છે, સ્વલક્ષમાં આવવાનું છે. એટલે એને અહીંયાં પર્યાયની ગૌણતા નથી થતી. પણ પર્યાયની એવી મુખ્યતા ન કરે કે દ્રવ્યદૃષ્ટિ પ્રગટવામાં બાધા થાય. એવું ન કરે પાછો. એ એની પાછી મર્યાદા ખરી. ભલે પોતાના પર્યાયના બગાડ-સુધાર ઉપરની મુખ્યતા છે, સ્વલક્ષ છે, અપક્ષપાતપણે દોષ જોવે એ વગેરે વાત છે. પણ પર્યાયદૃષ્ટિ મુખ્ય થઈ જાય, પર્યાયબુદ્ધિ તીવ્ર થઈ જાય અને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરવામાં મુશ્કેલી આવે કે એ કઠણ પડે એવી ભૂમિકા ન કરે. એવી ભૂમિકા થઈ જાય તો વળી તકલીફ છે. સમ્યગ્દર્શન પ્રગટવામાં તકલીફ છે. એટલે એ વિષય જે નથી સમજતા એ એવી ભૂલ પણ કરે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ કેવી રીતે કરે?

પૂજ્ય ભાઈશ્રી :- જેમકે આપણે દૃષ્ટાંત તરીકે લઈ શકીએ કે કૃપાળુદેવનો અનુયાયી વર્ગ છે એમાં દ્રવ્યદૃષ્ટિનો વિષય નથી. તો એ લોકો ઉપદેશબોધમાં એટલા છે કે એ

રીતે પર્યાયનું લક્ષ છોડી અને દ્રવ્યદૃષ્ટિમાં આવવું એને મુશ્કેલ પડે. અથવા દ્રવ્યદૃષ્ટિની વાત ન સુહાય એવું પણ બને. એમ પણ બને. એટલે એવું પણ ન થવું જોઈએ. મુમુક્ષુને પોતાની ભૂમિકાની ઉપરની અને નીચેની એમ દરેક ભૂમિકામાં ઉપરની અને નીચેની મર્યાદા છે લ્યો! બીજી રીતે કહીએ તો દરેક ભૂમિકામાં ઉપર-નીચેની મર્યાદા છે. પોતાના લેવલથી નીચે પણ ન જાય ભૂમિકામાં અને પોતાના લેવલથી ઉપર પણ ન જાય. અને ખ્યાલ બધો હોય.

પૂર્ણતાનું લક્ષ એટલા માટે કરાવ્યું છે કે ખ્યાલ તો છેક સુધીનો રાખવાનો. પાયો નાખનારને નક્શો ઉપલા માળ સુધીનો પહેલા જોઈએ. ઉપલા માળનું ચણતર છેલ્લે થાશે, પણ પાયો નાખતી વખતે નક્શો તો જોવે કે આટલી ઉંચાઈ જાશે માટે આટલો પાયો. એમ એને અનુસંધાન છે. પાયાને અને છેલ્લા માળને અનુસંધાન છે. એવું છે આની અંદર. આ પણ સાયન્સ છેને! એ જેમ સાયન્સ છે એમ આ પણ એક સાયન્સ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં એમ લઈએ તો અધિકાંશ જ્ઞાનીઓ દૃષ્ટિપ્રધાનનો જ ઉપદેશ આપે. જ્યારે મુમુક્ષુની ભૂમિકા માટે જે કાંઈ ખુલાસો આપશ્રીએ કર્યો છે એ બીજાએ લગભગ લગભગ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, કૃપાળુદેવે ઘણો કર્યો. કૃપાળુદેવને શું છે કે વ્યક્તિગત રીતે બધા મુમુક્ષુઓ જ મળ્યા. એટલે એમણે વ્યક્તિગત ઉપદેશમાં એ વાતો વધારે આવી, એમના પત્રોમાં. અને મુખમાં પણ આવી જ હોય. પત્રોમાં આવી એટલે વાતચીતમાં પણ આવી જ હોય. ગુરુદેવને સમષ્ટિગત ઉપદેશમાં એ પ્રકાર નહોતો. એટલે એ તો શું છે કે પોતાનો સ્વાધ્યાય કરતા હતા. એવી રીતે સોગાનીજી પોતાનો સ્વાધ્યાય કરતા હતા. તો એ લોકોને દૃષ્ટિપ્રધાન આવ્યું. દૃષ્ટિપ્રધાન આવે કે મુમુક્ષુતાની ભૂમિકા પ્રધાન આવે બેય વાતને જેમ છે એમ સમજવી જોઈએ અને 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.'

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુ એકદમ નવો-નવો છે એ કઈ રીતે સમજે?

પૂજ્ય ભાઈશ્રી :- હવે એમાં શું છે કે ભલે નવો-નવો હોય તોપણ સમજવા માગે તો સમજાય એવું છે. સમજવા માગે તો સમજાય એવું છે.

મુમુક્ષુ :- જરૂરત રસ્તો ગોતી લે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જરૂરત રસ્તો ગોતી લે.

મુમુક્ષુ :- સોગાનીજી નવા-નવા જ હતાને! સોગાનીજી આવ્યા ત્યારે નવા-નવા હતા જ ને?

પૂજ્ય ભાઈશ્રી :- બધા એકવાર તો નવા હોય જને! કોઈ પણ એકવાર તો નવા હોય જ. જેટલા જે જ્ઞાની થયા એ બધા જ્ઞાનીઓ એકવાર તો નવા જ હોયને! એવું કાંઈ નથી, નવા છીએ માટે એમાં કાંઈ ન થાય એવું કાંઈ નથી. મૂળ શું છે કે પોતે ઊંધાં લાકડા વધારે નાખ્યા હોય તો એટલો વધારે પરિશ્રમ પડે. જેમ સંસ્કારી જીવને ઓછો પરિશ્રમ પડે છે, અલ્પપ્રયાસે થાય. જે અભ્યાસ અતિપરિશ્રમે થવો ઘટે તે અલ્પ અભ્યાસે થાય. તો એમાં શું છે કે એણે ઊંધું ઓછું નાખ્યું છે અને સવળું વધારે નાખ્યું છે તો એને સહેલું પડે છે. ઊંધું વધારે નાખ્યું હોય તો કઠણ પડે. પણ કરવા ધારે એને થાય. કેમકે એનો સ્વભાવ છે. જે કાંઈ પ્રગટ કરવું છે એ તો પોતાનો સ્વભાવ છે. એટલે ન થાય એવું નથી. પણ બધાનું એકસરખું નથી. બધાની યોગ્યતા એકસરખી નથી. એટલે વહેલું-મોડું થાય. વહેલું-મોડું થાય એનો વાંધો નહિ. થોડું પણ યથાર્થ થવું જોઈએ, પછી ચિંતા નથી. થોડું પણ યથાર્થ હોવું જોઈએ.

મુમુક્ષુ :- અહીંયાં જે વાત આવીને કે જ્ઞાનીપુરુષના નિશ્ચય અને વ્યવહારની બંને ભૂમિકાનું જ્ઞાન હોવું જોઈએ. એમાં નિશ્ચય આવો હોય અને વ્યવહાર આવો હોય. પછી એમાં દૃષ્ટાંત આપ્યું ને આપે કે મુનિરાજને આવો વ્યવહાર હોય, તો એનું જ્ઞાન ન હોય તો એને અભક્તિ થવાની શક્યતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ થાય.

મુમુક્ષુ :- એટલે આ વાત અત્યારે જે ચાલે છે એ તો જ્ઞાનદશાની અને ઉપલી ભૂમિકાની વાત ચાલે છે, પણ પોતાને અભક્તિના પરિણામ ન થાય એ દૃષ્ટિકોણથી પોતાને આ રીતે પોતાના પ્રયોજન સાથે સાંકળી શકે?

પૂજ્ય ભાઈશ્રી :- હા દરેક વાતને પોતાના પ્રયોજન સાથે તો સાંકળવાની છે જ. જેને પ્રયોજનની દૃષ્ટિ સાધ્ય કરવી હોય એને એ પદ્ધતિ હોવી જોઈએ.

'**અધૂરી-પૂર્ણ પર્યાય જેટલો હું નથી, હું તો અખંડ જ્ઞાયક છું. કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય તોપણ તે પર્યાય છે.**' તોપણ એ પર્યાય છે. એમ પહેલેથી લક્ષમાં હોવું જોઈએ. લક્ષની અંદર શું છે બે પ્રકાર છે - સ્વરૂપલક્ષ અને પૂર્ણતાનું લક્ષ. એ બે લક્ષમાં સાથે હોય તો જ સંતુલન રહે, નહિતર સંતુલન ન રહે. કાં નિશ્ચયાભાસ થાય અને કાં વ્યવહારાભાસ થાય. એટલે દ્રવ્ય, પર્યાય બન્ને પૂર્ણ છે અને બેયમાં પૂર્ણતાનું લક્ષ છે. તો જ બૅલેન્સ રહે નહિતર બૅલેન્સ ન રહે. કાં પર્યાય પ્રધાનતા આવે, કાં દ્રવ્યની કલ્પના થઈને પ્રધાનતા આવે. યથાર્થ પ્રધાનતામાં તો એવું બને નહિ.

'**હું તો અખંડ એક દ્રવ્ય છું. સમ્યગ્દર્શનથી માંડીને જે નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે...**' આ બધી અધ્યાત્મની. '**તે બધી સાધનામાં વચ્ચે આવે છે,...**' પૂર્ણતા

થાય, કેવળજ્ઞાન પ્રગટ થાય એ પહેલાં વચ્ચે સાધનામાં બધી પર્યાયો ક્રમે-ક્રમે આવે છે. '**તેથી તે પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે.**' પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે, પણ દૃષ્ટિની અપેક્ષાએ કોઈ પર્યાય ઉપાદેય નથી. સ્વરૂપ જ ઉપાદેય છે.

'**સાધના કરતાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે,...**' સાધના કરતા કરતા છેવટે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. '**તે અપેક્ષાએ તે ઉપાદેય છે; પણ દૃષ્ટિની અપેક્ષાએ તેને હેય કહેવામાં આવે છે.**' એવો વિષય છે. આપણે આ રૂપચંદજીને પત્ર લખ્યો એમાં એ વાત લીધી છે કે પર્યાયમાત્રની દૃષ્ટિ નથી ત્યાં શું થાય? તમે વ્યવહારની વાત કરો કે વ્યવહાર આમ હોવો જોઈએ, વ્યવહાર આમ હોવો જોઈએ. શિથિલાચાર ન હોવો જોઈએ. બધી વાત એના સ્થાનમાં બરાબર છે. પણ જ્યાં જે કહેવા માગે છે ત્યાં તો તે વાતને ગ્રહણ કરવી જોઈએને? વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે એમ લઈ લીધું છે.

એ સમસ્ત વ્યવહાર જે અભૂતાર્થ છે એ લીધું છે એ જરા વ્યવહારના પક્ષવાળાને આકરું પડે, આ તો આપણો બધો વ્યવહાર ઉડાડી દીધો! પણ સ્થાપ્યું શું એ તો જુઓ! અને જે સ્થાપ્યું ક સ્વરૂપનો આશ્રય કર! સ્વરૂપની ઉપાદેયતા કર! તો એ જે આશ્રય કરવાનું, ઉપાદેયતા કરવી એ પણ વ્યવહાર જ છેને! એટલે વ્યવહાર સાવ નથી સ્થાપ્યો એવી વાત ક્યાં આવી? સીધું એના ઉપરની દૃષ્ટિ ઉડાવી છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરાવી છે. પર્યાય ઉપરની દૃષ્ટિ ઉડાવી છે. બીજું કાંઈ નથી. કેમકે ભૂતાર્થને આશ્રિત સમ્યગ્દૃષ્ટિ થાય છે, તો સમ્યગ્દર્શન થાય છે એ વાત ક્યાંથી આવી પાછી. સમસ્ત વ્યવહાર તો અભૂતાર્થ છે અને સમ્યગ્દર્શનની પર્યાય પણ ત્રિકાળીમાં અભૂતાર્થ છે. પછી સમ્યગ્દર્શન થાય છે એવી વાત કુંદકુંદાચાર્યને શું કરવા કરવી પડી?! વાત તો એ લઈ ગયાને સરવાળે? કે સમ્યગ્દર્શન થાય છે. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

ભૂતાર્થતત્ત્વ-જ્ઞાયકતત્ત્વ એક જ છે અને એને જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ભૂતાર્થતત્ત્વ એક છે, ભૂતાર્થતત્ત્વ એક જ છે. એક જ ભૂતાર્થતત્ત્વ છે. એવું કોને છે? કે એવું દૃષ્ટિને છે. એવું કોને છે? કે દૃષ્ટિને છે. તો કે દૃષ્ટિ શું છે? પર્યાય છે. ભૂતાર્થ છે કે અભૂતાર્થ છે? તો કહે અભૂતાર્થ છે. ભૂતાર્થ ભૂતાર્થના સ્થાને છે. એની દૃષ્ટિ દૃષ્ટિના સ્થાને છે. અને અભૂતાર્થ જે તત્ત્વો છે એની દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ નથી. પર્યાય શુદ્ધ હોય કે અશુદ્ધ હોય, અધૂરી હોય કે પૂરી હોય. પતી ગયું! એવી થોડી અટપટી લાગે એવી વાત છે.

મુમુક્ષુ :- એના ઉપર નજર નથી. દૃષ્ટિની છે નજર..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના ઉપર નજર નથી જરાય. એને જોવે જ નહિ.

પોતાના પરમાત્માને જ જોવે, પોતાને ન જોવે.

સોગાનીજીએ લખ્યું છે કે જેના ઉપર અતિ પ્રેમ હોય એ પોતાની જાતને ભૂલે છે. તો દૃષ્ટિએ પોતાનો પરમાત્મા જોયો તો એ પોતાની જાતને ભૂલી. દૃષ્ટિ પોતાની જાતને ભૂલી ગઈ. હવે જે પોતાની જાતને ભૂલી ગઈ એ બીજી પર્યાયને પકડે એ વાત રહી ક્યાં? એ વાત રહેતી નથી. જે પ્રકાર જેમ છે એમ સમજો.

પ્રશ્ન :– શું પ્રગટ કરવાની અપેક્ષાએ પર્યાયને ઉપાદેય કહેવામાં આવે છે?

સમાધાન :– હા, પર્યાયને પ્રગટ કરવાની અપેક્ષાથી ઉપાદેય કહી છે, તેમાં તેને પુરુષાર્થ કરવાનો રહે છે. સાધકને સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સ્વાનુભૂતિમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય ને પછી સ્વાનુભૂતિરૂપે જ પોતે થઈ જાય, અર્થાત્ જેવો આત્મા છે, તે રૂપે જ પોતે થઈ જાય એવી દશા હજી પ્રગટ થઈ નથી, તેથી પર્યાય પ્રગટ કરવાની અપેક્ષાએ આદરણીય છે.

મુનિઓ છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલતાં–ઝૂલતાં અંતર્મુહૂર્તમાં અંતરમાં જાય છે અને બહાર આવે છે, તો પણ હજી પર્યાય અધૂરી છે, તેથી સાધનાની પરિણતિ ચાલ્યા જ કરે છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાનની દશામાં હું પ્રમત્ત નથી કે અપ્રમત્ત નથી એવી દૃષ્ટિ હોવા છતાં તે સાધનાની પર્યાયમાં મુનિઓ ઝૂલે છે. તેમાં વૃદ્ધિ થતાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે સાધનામાં પરિણતિની દોરી તેના સ્વભાવ તરફ છે, જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતાના તરફ જાય છે. સાધનામાં આવું હોય છે તો પણ દૃષ્ટિ એક આત્મા ઉપર છે, દૃષ્ટિ બધાને હેય કરે છે, દૃષ્ટિ બધાને ગૌણ કરે છે. ૨૪૭.

પ્રશ્ન ૨૪૭ ઉપર પ્રવચન

૨૪૭માં પછી એ જ વાતને લંબાવી છે પ્રશ્ન કરીને.

'**શું પ્રગટ કરવાની અપેક્ષાએ પર્યાયને ઉપાદેય કહેવામાં આવે છે?**' ઉપર તો લીધું જ છે. સ્પષ્ટીકરણમાં તો આપ્યું જ છે કે પ્રગટ કરવાની અપેક્ષાએ તે ઉપાદેય છે. છેલ્લેથી બીજી લીટી. '**સાધના કરતાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે, તે અપેક્ષાએ તે ઉપાદેય છે;...**' તો કહે '**હા, પર્યાયને પ્રગટ કરવાની અપેક્ષાથી ઉપાદેય કહી છે,...**' એ થોડો જવાબ ફરવાનો છે? પ્રશ્ન ફરીને ઉઠાવ્યો તોપણ વાત તો જે છે એ છે.

'તેમાં તેને પુરુષાર્થ કરવાનો રહે છે.' અને એ માટે પુરુષાર્થ હોવો જોઈએ. જે પર્યાય નથી પ્રગટી એવી જે ઉપર-ઉપરની સાધનાની પર્યાયો, એ સાધનાનો પુરુષાર્થ કરવાનો રહે છે. **'સાધકને સ્વાનુભૂતિની દશા પ્રગટી છે...'** સાધકને સ્વાનુભૂતિની દશા પ્રગટી છે. મુખ્યપણે જ્ઞાનદશાની વાત જ વધારે આવી છે. એમાં જે coordination કરવું છે એ જ્ઞાનદશાના દૃષ્ટાંતે જ લીધી છે વાત, મુમુક્ષુદશાના દૃષ્ટાંતે નથી લીધી.

મુમુક્ષુ :- મુમુક્ષુદશાનું લગભગ લગભગ કોઈ જગ્યાએ આવતું પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહેનશ્રીના વચનામૃતમાં આવે. ગુરુદેવના વચનામૃતમાં ઓછું આવે. પણ બહેનશ્રીના વચનામૃતમાં આવે, પણ છતાં શૈલી તો ગુરુદેવની રહી એટલે મુખ્ય વાત એ પ્રકારે આવે છે.

'સાધકને સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સ્વાનુભૂતિમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય ને પછી સ્વાનુભૂતિરૂપે જ પોતે જ થઈ જાય, અર્થાત્ જેવો આત્મા છે, તે રૂપે જ પોતે થઈ જાય એવી દશા હજી પ્રગટ થઈ નથી, તેથી પર્યાય પ્રગટ કરવાની અપેક્ષાએ આદરણીય છે.' એવો જ થઈ જાય એટલે પૂર્ણ થઈ જાય. સ્વરૂપે પૂર્ણ છે તો કેવળજ્ઞાનાદિ દશાએ પણ પૂર્ણ થઈ જાય એમ. મુમુક્ષુને તો એ વાત સહેજે છે હજી, કારણ કે પોતાને તો પૂર્ણતાનું લક્ષ જ હજી એ પહેલું છેને? એટલે એને તો ઉપરની દશા આદરણીય છે એ વાત સાધારણ છે. દ્રવ્યદૃષ્ટિની વાતમાં હજી એ પોતે અજાણ્યો છે અથવા એ પ્રકારનું પરિણમન એને આવ્યું નથી.

મુમુક્ષુ :- આમાં એવું બને સાહેબ! જે સાધક થયા એ ઉગ્ર પુરુષાર્થથી આગળ વધી ગયા એટલે એને મુમુક્ષુની ભૂમિકામાં વિશેષ explain ન કર્યું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંક-ક્યાંક કરે છે. એનું coordination કરતા આવડવું જોઈએ. કઈ ભૂમિકાની વાત ક્યાં આવી? કઈ ભૂમિકાની વાત ક્યાં આવી? મારા પ્રયોજનની સાથે એને કેટલું છેટું? કેટલો મેળ? એ બધું પોતાને આવડવું જોઈએ. આમ જો વિચારીએ તો પૂર્ણતાનું લક્ષ છે, પોતાના દોષનું અવલોકન છે ત્યાં સુધી તો પર્યાય પ્રધાન પરિણમન છે, પણ અવલોકન કાળે જે અંતરખોજ છે કે મારું સ્વરૂપ કેવું? કે જેના અવલંબને સહજ જ બધી પર્યાયો થવાની? કરું-કરુંનો મારે પુરુષાર્થ નહિ કરવો પડે, આકુળતા નહિ કરવી પડે. કરું-કરુંની આકુળતા મારે ન કરવી પડે એવું મારું સ્વરૂપ ક્યુ? એ સ્વરૂપની ખોજમાં પડી જાય અને ખોજ કરતા-કરતા એને ભાવભાસનમાં પત્તો લાગે એટલે પરિણમન અહીંથી ગુલાંટ ખાય છે. ક્યાંથી ગુલાંટ ખાય છે? અહીંથી ગુલાંટ ખાય છે. પછી જે ભાવભાસનમાં મૂળદ્રવ્ય આવ્યું, મૂળસ્વરૂપ આવ્યું એની મુખ્યતામાં એ આવી જાય છે. અને ચાલતી પર્યાયો, ભાવિ પર્યાયો એ સંબંધીની ગૌણતા આવી

જાય છે. એ મુખ્યતાને વશ એને સ્વરૂપ દૃષ્ટિ પ્રગટે છે. અને સ્વરૂપદૃષ્ટિ પ્રગટે ત્યારે તો એનો શ્રદ્ધા-ગુણ એક સ્વરૂપ સિવાય કોઈને વિષય કરતો નથી. એવો એને પ્રત્યક્ષ અનુભવ થાય છે. શ્રદ્ધા શું છે? એ શ્રદ્ધા એને અનુભવના કાળે સમજાય છે કે દૃષ્ટિ શું છે મારી? સ્વરૂપ દૃષ્ટિ એટલે શું? તે સ્વાનુભૂતિ થતાં સમજાય છે. એ પહેલા દૃષ્ટિનો વિષય, દૃષ્ટિનું પરિણમન કે દૃષ્ટિનો વિષય એટલો સમજાતો નથી. એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દૃષ્ટિનું ઊલટું પરિણમન કેવી રીતે હોય?

પૂજ્ય ભાઈશ્રી :- ઊલટા પરિણમનમાં રાગની ઉપાદેયતા, પરતત્ત્વની ઉપાદેયતા. સ્વને ન જોવે અને એકલા પરને જોવે અથવા ઊલટા પરિણમનમાં પર્યાય દૃષ્ટિ છે. દ્રવ્યદૃષ્ટિની વિરુદ્ધ પર્યાયદૃષ્ટિ છે. તો પર્યાયને જ જોયા કરે છે અને પર્યાયને જોવાનો ઉપદેશ પણ આવશે કેમકે પર્યાયને જોતાં-જોતાં એ પરને જોવા માંડ્યો. પર્યાયને જોતાં-જોતાં એ પરને જોવા માંડ્યો. અને પર જીવો અને પર પુદ્ગલો - એ બાજુની એની આસક્તિ અને ખેંચાણ વધી ગયું. આમ બહુ આગળ વધી ગયો. પર્યાયદૃષ્ટિમાં પાછો પર્યાયથી આગળ વધીને છેક પર ઉપર ગયો. ત્યારે પછી જ્ઞાનીઓએ એ યોજના કરી કે આને પહેલા પરથી પાછો વાળો. તારી પર્યાયને તો જો અંદર શું થાય છે? પરની પંચાત છોડ, તારામાં જો કે તને કેવા ભાવો આવે છે? અને એમાં કાંઈક તું વિવેક કર. પછી એમાંથી એને આગળ લઈ ગયા. તને જોતાં શીખ્યો? તો કહે તારા મૂળસ્વરૂપને જોવાનો પ્રયત્ન કર. ખાલી પર્યાયને નથી જોવાની હવે. આગળ ચાલીને તારા મૂળસ્વરૂપને તારે જોવાનું છે.

મુમુક્ષુ :- પહેલાં આંગણામાં લાવે પછી ઘરમાં લાવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ આંગણામાં આવ્યા વગર કેવી રીતે ઘરમાં આવે? આંગણામાં આવે જ નહિ અને ઘરમાં આવે એવું બને કેવી રીતે? એ તો બનવાનું જ નથી. પદ્ધતિ તો પદ્ધતિ છે. કામ તો કામની રીતે જ થવાનું. કે આંગણામાં આવીને જ ઘરમાં પ્રવેશ થશે, આંગણાંમાં પહેલા પગ મૂકવો નથી, અને ઘરમાં પગ મૂકવો છે કેવી રીતે આવવાનો? ન આવી શકે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં એક પ્રશ્ન ઊભો થાય કે પરિભ્રમણની અતિશય વેદનામાં આવી ગયા હોય તો એને મુમુક્ષુની ભૂમિકાને ધ્યાનમાં ન રાખી અને સીધા આગળ વધી ગયા હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ક્રમની સમજણ ન થઈ હોય તોપણ કુદરતી ક્રમમાં આવે છે. કુદરતી જ આવી જાય છે. ક્રમ તો પછી કુદરતી આવી જાય, કાંઈ એનું સ્પષ્ટીકરણ ન પણ મળ્યું હોય એટલે કાંઈ ક્રમ ન આવે એવું કાંઈ નથી. આવે.

મૂળ શું છે કે જે પર્યાયની મુખ્યતાથી ઊપડ્યો. મુમુક્ષુ કેવી રીતે ઊપડ્યો? પર્યાયની મુખ્યતાથી ઊપડ્યો. કેમ પર્યાયની મુખ્યતાથી ઊપડ્યો? કે એને વર્તમાન પર્યાયમાં દુઃખ હતું, દોષ હતો અને એ બે વાત એને ગમી નહિ. કે આ તો બરાબર નહિ. દોષ પણ બરાબર નહિ અને આ દુઃખ થાય છે એ પણ મારે જોઈતું નથી. એટલે પર્યાયની પ્રધાનતાથી તો શરૂઆત થાય છે. તો કહે શું જોઈએ? તો કહે પૂર્ણ સુખ જોઈએ અને પૂર્ણ નિર્દોષતા જોઈએ. બે સાથે રહે છે માટે. નિર્દોષતા અને સુખ સાથે રહે છે. દોષ અને દુઃખ સાથે રહે છે. એટલે એણે પડખું ફેરવ્યું કે મારે પૂર્ણ નિર્દોષતા અને પૂર્ણ સુખ જોઈએ.

હવે ક્યાં ગુલાંટ ખાવાની છે એ ખબર નથી એટલે ઘણાં મૂંઝાય છે. અહીંથી તો બધા ઊપડે છે, પણ અહીંથી ઊપડીને ગુલાંટ ક્યાં ખાવાની છે એ ખબર નથી. એટલે પછી પર્યાયની સામું જોયા કરે, એમ જ એ ચાલ્યા કરે તો ગુલાંટ ન ખાય શકે. એટલે નક્શો પહેલેથી બધો બરાબર હોવો જોઈએ. કે અહીંથી પછી અહીંયાં turn લેવાનો છે. અહીં સુધી આપણે સીધે સીધા ચાલ્યા પછી turn લેવાનો છે.

મુમુક્ષુ :- બુદ્ધિમાં તો હોય છે, પણ પ્રેક્ટિકલમાં છે ને ત્યાં તકલીફ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રેક્ટિકલમાં તો પ્રયત્ન કરે તો પ્રેક્ટિકલમાં આવે. પ્રયત્ન કરે તો પ્રેક્ટિકલમાં આવે. આપણે તો બધું ચોખ્ખું કર્યું છે. ચોખ્ખું કર્યું છે. એટલે બીજો ગૂંચવાડો ઊભો થાય એવું નથી. ખોટી જગ્યાએ પુરુષાર્થ ખર્ચવો પડે કે સમય અને શક્તિ ખર્ચાય જાય એવું નથી. પછી કામ તો પોતાની રુચિ પ્રમાણે અને જરૂરિયાત પ્રમાણે જીવ કરવાનો. જરૂરિયાત નહિ લાગે તો નહિ કરવાનો. એનો સ્વભાવ જ એવો છે. કેવો જીવનો સ્વભાવ છે? જરૂર લાગે તો જ કામ કરે અને નહિતર ઊભો ન થાય. એવો આળસુ છે.

ઘણાં એમ કહે છેને શું કરીએ ભાઈ! વાત તો બરાબર છે, પણ પુરુષાર્થ ઊપડતો નથી શું કરીએ? પુરુષાર્થ જ નથી ઊપડતો એનું શું? એનો અર્થ કે તને જરૂર નથી. બીજું શું છે? એનો બીજો અર્થ શું? કે તને જરૂર નથી. બાકી જરૂર પડે તો તું કાંઈ ઝાલ્યો રહે એમ નથી. જરૂર પડે તો કોઈ રોકે તોપણ ન રોકાય. રોકાય? ન રોકાય.

મુમુક્ષુ :- પરિભ્રમણની વેદનામાં આવવું આમાં મૂળ પૉઈન્ટ તો એ જ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વગર અંતઃકરણની શુદ્ધિ નથી. અને મલિન અંતઃકરણ છે ત્યાં સુધી કોઈ રીતે કોઈ કામ (થવાનું નથી.) અંદરમાં મલિન અંતઃકરણ છે. આપણે નથી કહેતા કે ભાઈ આનું પેટ મેલું છે જરીક સંભાળજો. કોઈ માણસ બહુ માયાવી

હોય તો નથી કહેતા? કે ભાઈ એનું પેટ મેલું છે. એ ગમે તેટલો સારો વ્યવહાર રાખે, તમારા ઉપર ઉપકાર કરે, તમારું કામ કરે, બહુ સારું બોલે, તમારી પ્રશંસા કરે પણ સંભાળજો. નથી કહેતા? એમ જ્યાં સુધી પરિભ્રમણની વેદના નથી આવી ત્યાં સુધી પોતાનું પેટ મેલું છે. અંતઃકરણની શુદ્ધિ નથી એટલે પેટ મેલું છે. આ તો પવિત્ર કામ કરવાનું છે. મેલા પેટે કેમ થાય? મૂળ સાફસૂફી થવી જોઈએ.

વૈદ્ય શું કરે છે? પેટ સાફ કરે છે. પહેલા શું કરે છે? એ લોકોની જે આયુર્વેદની જે ટ્રીટમેન્ટ પદ્ધતિની પૉલિસી છે એમાં પંચકર્મ છે. પંચકર્મ એટલે શું? શરીરશુદ્ધિ. તમારા શરીરની અંદર રોગ છે એનો અર્થ કે કેટલીક મલિનતા ઘૂસેલી છે. એ મલિનતાની શુદ્ધિ કર્યા વગર ઉપચાર શું કામમાં લાગે? હવે શરીરનો સ્વભાવ તંદુરસ્ત રહેવાનો છે. શરીરનો સ્વભાવ શું છે? resistance power છે. જેવી તમે અશુદ્ધિ દૂર કરો એટલે વાત પૂરી થઈ ગઈ. શુદ્ધિ માટે કાંઈ કરવાનું છે જ નહિ. કેમકે એ તો એનો સ્વભાવ જ છે. એવું જ આત્મામાં છે. same - ditoo to ditoo એનું science છે કે તમારામાં શ્રદ્ધાની, જ્ઞાનની, આચરણની, પુરુષાર્થની, સુખની, મલિનતા બધી પ્રવેશી છે. બધા ગુણોમાં વિપરીતતા ચાલી રહી છે. તમે એને સમજો. સમજો અને જે ક્રમથી, જે પદ્ધતિથી એ મલિનતા દૂર થાય એનો ઉપાય કરો. resistance power તો છે જ. તમારો સ્વભાવ જ શુદ્ધ છે અને શુદ્ધ પરિણમવું એ એનો સ્વભાવ છે. આપોઆપ આવશે અંદરથી. અંદરથી જ આપોઆપ આવશે. બહાર લાવવું નહિ પડે. એકદમ scientific વાત છે.

'મુનિઓ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં-ઝૂલતાં અંતર્મુહૂર્તમાં અંતરમાં જાય છે અને બહાર આવે છે,...' ઝૂલ્યા કરે છે. છઠ્ઠું-સાતમું... છઠ્ઠું-સાતમું... ઝૂલા જેવી દશા છે એમની. ઝૂલો એક બાજુ ન ટકે. તરત બીજી બાજુ જાય. હીંચકો છેને! એવી જ મુનિદશા છે. છઠ્ઠે-સાતમે... છઠ્ઠે-સાતમે... છઠ્ઠે-સાતમે... અંતર્મુહૂર્તમાં અનેકવાર આવે. **'તોપણ હજી પર્યાય અધૂરી છે,...'** તોપણ હજી પર્યાય અધૂરી છે.

'તેથી સાધનાની પરિણતિ ચાલ્યા જ કરે છે.' મુનિરાજને સાધનાની પરિણતિ (ચાલ્યા જ કરે છે.) દૃષ્ટિ દૃષ્ટિની રીતે સ્વરૂપને સાધે છે, જ્ઞાન જ્ઞાનની રીતે સાધે છે, આચરણ આચરણની રીતે સ્વરૂપને સાધે છે. **'છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશામાં હું પ્રમત્ત નથી કે અપ્રમત્ત નથી એવી દૃષ્ટિ હોવા છતાં તે સાધનાની પર્યાયમાં મુનિઓ ઝૂલે છે.'** દૃષ્ટિ કેવી છે? 'અપ્પમત્તો ણ પમત્તો જાણગો દુ જો ભાવો.' હું પ્રમત્ત-અપ્રમત્ત નથી. એવી દૃષ્ટિ સ્વરૂપની હોવા છતાં પણ એ પોતે તો સાધનાની પરિણતિમાં બરાબર ઝૂલે છે. એમાં **'વૃદ્ધિ થતાં શ્રેણી માંડીને** (આગળ જતાં) **કેવળજ્ઞાન પ્રગટ**

(પણ એમને) **થાય છે.'**

'તે સાધનામાં પરિણતિની દોરી તેના સ્વભાવ તરફ છે,...' પરિણતિનો જે પ્રવાહ છે એ સ્વભાવ તરફી છે, અંતર્મુખી છે. **'જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતાના તરફ જાય છે.'** જુઓ! જ્ઞાન જ્ઞાનને ખેંચે છે. સમયસારમાં દૃષ્ટાંત આપ્યો છે. ૧૪૪ ગાથા પછીનો કળશ છે કે પાણી છે એ ઢાળમાં આવે ત્યારે વેગ પકડે. પાણી વહેતું હોય એને જો ઢાળ મળે તો સ્પીડથી એનું વહેણ ચાલુ થઈ જાય. સ્પીડ એટલે કેવી સ્પીડ? હાથી તણાઈ જાય એવી સ્પીડ હોય પાણીમાં હોં! પાણીના પૂરમાં હાથીને તાણી નાખે. કહેવાય પાણી! પણ હાથીને તાણી જાય. અમારે તો ત્યાં નદી હતી તો પૂરમાં ઘણીવાર અમે શોખથી તણાતા હોય. શોખથી એટલે શું? નાના-નાના છોકરા હોય એ પાણી જે જગ્યાએ અમુક જગ્યાએ ફોર્સથી આવતું હોય, અમુક જગ્યાએ એમ ને એમ પડ્યું હોય. એટલે ત્યાં પડો એટલે પાણી તમને તાણે. થોડે... થોડે... થોડે... વગર મહેનતે આગળ નીકળી જાવ. હવે એનો અર્થ શું છે કે, એનો અર્થ એ છે કે એ એનો સ્વભાવ છે - ઢાળમાં વેગ પકડવો એ પાણીનો સ્વભાવ છે. એમ તમારું સ્વરૂપ તરફનું આકર્ષણ વધ્યું, મહિમા વધી એટલે એમાં ફોર્સ આવવાનો. પુરુષાર્થની ગતિ એમાં આવવાની. ફોર્સ આવશે. જોરથી આવશે. કેમ? સ્વભાવ એવો છે એમ. એટલે જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતા તરફ જાય છે. શું કહે છે?

'સાધનામાં પરિણતિની દોરી તેના સ્વભાવ તરફ છે, જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતાના તરફ જાય છે.' જ્ઞાન જ્ઞાનને ખેંચે છે. સ્વરૂપ તરફ ખેંચે છે. આમ શું છે કે સાધનામાં પડ્યા હોય એને વધારે સમજાય. જેમકે ધ્યાન છે, તો ધ્યાનમાં ચંચળતા ઘટી જાય, પછી આત્મભાવો આવિર્ભાવ થાય. જેમ-જેમ આત્મભાવો આવિર્ભાવ થાય એમ એકાગ્રતા વધતી જાય. એટલે concentration વધતું જાય. concentration વધતું જાય એટલે ધ્યાન જામતું જ જાય... જામતું જ જાય...જામતું જ જાય... પછી ઊખડવાનું મન જ ન થાય એને. કેમકે શાંતિ વધતી જાય. શાંતિને છોડીને અશાંતિમાં જવાનું કોને મન થાય? એટલે શિયાળામાં ઘીને ઊનું કર્યું હોય, પછી ઠંડી મળે એમ જામતું જાય કે નહિ? એમ આ શાંતિ મળે એમ ધ્યાન જામતું જાય, શાંતિ મળે એમ ધ્યાન જામતું જાય. તો એને જ્ઞાનની ભાષામાં એમ કહેવાય કે જ્ઞાન જ્ઞાનને ખેંચે છે.

મુમુક્ષુ :- પર્યાયમાં હોવા છતાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પર્યાયની જ વાત છેને. જામવાની વાત તો પર્યાયમાં જ છેને!

'જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતાના તરફ જાય છે. સાધનામાં આવું હોય છે તો પણ...'

આવું બધું સાધનામાં હોય છે તોપણ **'દૃષ્ટિ એક આત્મા ઉપર છે, દૃષ્ટિ બધાને હેય કરે છે, દૃષ્ટિ બધાને ગૌણ કરે છે.'** દૃષ્ટિ દૃષ્ટિની રીતે કામ કરે છે. જ્ઞાન ને આચરણ... જ્ઞાન ને આચરણની રીતે કામ કરે છે. પુરુષાર્થ પુરુષાર્થની રીતે કામ કરે છે. બસ! સમજી લેવું. પછી કાંઈ અસમાધાન નહિ થાય. દૃષ્ટિપ્રધાન કથન આવશે તોપણ અસમાધાન નહિ થાય. 'ભવમોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.'

નિયમસારમાં આવે છે સ્વરૂપની ભાવનામાં. નિયમસાર સ્વરૂપની ભાવનાનો ગ્રંથ છે એમાં આવે છે કે સંસાર અને મોક્ષની પર્યાય એમાં અમારે કાંઈ ફેર નથી. અમારે કોઈ એનો ભેદ નથી કે આ ભવ છે અને આ ભવ વગરની પર્યાય છે. અમને એમાં ભેદ નથી. કેમકે અમે તો જ્યાં છીએ ત્યાં છીએ. અમારા સ્વરૂપમાં અમે આવી ગયા. પતી ગયું. દૃષ્ટિએ અમારા સ્વરૂપને પકડી લીધું એટલે હવે અમારે એમાં કાંઈ જોવાનું રહેતું નથી. પર્યાયમાં શું થાય છે ને શું નથી થતું? ખ્યાલ છે બધો, ચિંતા નથી રહી. દૃષ્ટિની પક્કડ એવી છે કે પર્યાયની ચિંતા ઉડાડી દીધી. એમ છે.

મુમુક્ષુ :- જ્ઞાન જ્ઞાનને ખેંચે છે એટલે ત્યાં છેટું-આઘું એમ...

પૂજ્ય ભાઈશ્રી :- છે નીચે પ્રશ્ન એ જ છે. **'જ્ઞાન જ્ઞાનને ખેંચતું એમ આપે ફરમાવ્યું તેનો ભાવ શું?'** એ છે પ્રશ્ન. ટાઈમ થઈ ગયો છેને? કાલે લઈશું.

૨૪૬-૨૪૭નો એક જ આશય આવશે. એક જ વિષય છેને?

આશય :- (૨૪૬-૨૪૭) :- **અહીં એવો આશય છે કે શાસ્ત્રમાં એક જ પર્યાય સંબંધી પરસ્પર વિરોધાભાસી કથનો આવે છે. તેની અપેક્ષા-મર્યાદા સમજમાં આવવી ઘટે છે અને માત્ર સમજણથી સંતોષાઈ નહિ જતાં પોતાની વર્તમાન ભૂમિકા સાથે પ્રયોજનની દૃષ્ટિથી સંધિ કરવી જોઈએ. તેથી સમજણનો સદુપયોગ થઈ પોતે પોતાની આત્મકલ્યાણની દિશામાં આગળ વધી શકે.**

❁

અનંત-પરિપૂર્ણ સામર્થ્યવાન ગુણનિધિ, અનંત મહિમાવંત આત્મવસ્તુ - સ્વરૂપે કરીને પ્રગટ પ્રત્યક્ષ છે. - તેવો પ્રતીતિ ભાવ અનંત ગુણની પ્રગટ નિર્મળતાનું કારણ છે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
(અનુભવ સંજીવની-૫૧)

પ્રશ્ન :– 'જ્ઞાન જ્ઞાનને ખેંચતું' એમ આપે ફરમાવ્યું તેનો ભાવ શું છે? તે ફરમાવશોજી.

સમાધાન :– જ્ઞાન એટલે પુરુષાર્થની દોરી જે પરિણતિ વિભાવ તરફ જતી હતી તેને સ્વભાવ તરફ ખેંચે છે, સાધનાને વધારતો જાય છે અને ભેદજ્ઞાનની ધારા ઉગ્ર કરતો જાય છે.

દૃષ્ટિ પ્રગટ થઈ પછી કાંઈ કરવાનું રહેતું જ નથી એમ નથી. દૃષ્ટિ પ્રગટ થયા પછી સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટ થયું, હજી તેમાં લીનતા પ્રગટ કરવાની બાકી છે. ભેદજ્ઞાનની ધારાને ઉગ્ર કરીને દૃષ્ટિનું બળ વધારતો જાય છે, પોતાની પરિણતિને એકદમ પોતા તરફ વાળતો જાય છે, વિભાવ તરફ જતી પરિણતિને સ્વભાવ તરફ ખેંચતો જાય છે. દૃષ્ટિમાં પર્યાયને હેય માને છે, છતાં પણ પુરુષાર્થની દોરી ચાલુ છે. હું તો અખંડ છું તો પણ આ વિભાવની પર્યાય થઈ રહી છે, સ્વભાવની પર્યાય અધૂરી છે તે બધું જાણે છે, અને પુરુષાર્થની દોરી પોતા તરફ ખેંચતો જાય છે. ૨૪૮.

તા. ૧૬-૧૦-૧૯૯૭, પ્રશ્ન- ૨૪૮
પ્રવચન નં. ૧૯૦

સ્વાનુભૂતિદર્શન. ૨૪૮મો પ્રશ્ન. પાનું-૧૪૯. ઉપર જે સ્પષ્ટીકરણ આપ્યું એના ઉપરથી પ્રશ્ન ચાલ્યો છે. ઉપરમાં એમ કહ્યું કે સાધનાની પર્યાય પ્રગટ કરવાની છે એટલે એ દૃષ્ટિકોણથી એની ઉપાદેયતા છે. અને એ સાધનાની પરિણતિની દોરી સ્વભાવ તરફ છે. જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતાના સ્વભાવ તરફ જાય છે, પોતા તરફ જાય છે. '**સાધનામાં આવું હોય છે તો પણ દૃષ્ટિ એક આત્મા ઉપર છે,...**' સાધના ઉપર નથી. '**દૃષ્ટિ બધાને હેય કરે છે,...**' જ્ઞાન જ્ઞાનને ખેંચતું એ વાત થોડી નવી લાગે અને એ અનુભવનો વિષય હોવાથી બૌદ્ધિકસ્તરે ન સમજાય એવો છે. કે જ્ઞાન જ્ઞાનને ખેંચતું એનો અર્થ શું કરવો? એમાં સમજવું શું? એમ લાગે. એટલે એમાં ભાવ શું રહ્યો છે? કેવો ભાવ છે? જ્ઞાન જ્ઞાનને ખેંચે એમાં ભાવ કેવો ચાલે છે? એવો પ્રશ્ન કર્યો છે.

'**સમાધાન :- જ્ઞાન એટલે પુરુષાર્થની દોરી જે પરિણતિ વિભાવ તરફ જતી હતી તેને સ્વભાવ તરફ ખેંચે છે, સાધનાને વધારતો જાય છે અને ભેદજ્ઞાનની ધારા**

ઉગ્ર કરતો જાય છે.' હવે આ વાત એમણે પોતાના અનુભવથી કરી કે એમાં પુરુષાર્થની વાત મુખ્ય છે. ખેંચતું એમ શબ્દ છેને? ખેંચાણ જે છે એ વેગને બતાવે છે. શેને બતાવે છે? વેગને બતાવે છે. વેગ છે એમાં પુરુષાર્થ છે. એટલે જ્ઞાનની સાથે જે પુરુષાર્થ વર્તી રહ્યો છે એની વાત છે. કે જ્ઞાન એટલે પુરુષાર્થની દોરી અથવા પુરુષાર્થની પર્યાય. જ્ઞાનની સાથે જે પુરુષાર્થની પર્યાય છે એ પુરુષાર્થને લઈને જે પરિણતિ વિભાવ તરફ જતી હતી તેને સ્વભાવ તરફ ખેંચે છે. આ બાજુ જતાં પરિણામને આ બાજુ ખેંચે છે. બહિર્મુખ થતાં પરિણામને અંતર્મુખ તરફ ખેંચે છે. એવું જે ખેંચાણ છે એ આત્મા આત્માને ખેંચે છે એમ કહો, જ્ઞાન જ્ઞાનને ખેંચે છે એમ કહો - બે રીતે ભાષા આવે. જ્ઞાન જ્ઞાનને ખેંચે છે અથવા આત્મા આત્માને ખેંચે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ તો જ્ઞાનદશાની વાત થઈ. આપણે મુમુક્ષુદશાની વાત લ્યોને!

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુદશામાં એ પ્રકાર નથી આવતો. આ મુમુક્ષુની મર્યાદા બહારનો વિષય છે. આ તો જ્ઞાનદશાનો વિષય છે. કેમકે અહીંયાં તો સાધનાની પર્યાયની ચર્ચા ચાલે છે. તો સાધનાની જે પર્યાય છે એ તો જ્ઞાનીને જ છે. મુમુક્ષુને નથી એટલે મુમુક્ષુનો આ કોટિમાં, આ તબક્કામાં હજી એનો પ્રવેશ નથી. એને પોતાના સ્ટેજ છે. મુમુક્ષુને મુમુક્ષુતાના સ્ટેજ છે. એમાં આ પ્રકાર હજી ભજતો નથી કે ઉત્પન્ન થતો નથી. મુમુક્ષુને તો ખાલી આ જાણવાનો વિષય છે અને જાણીને ભાવના કરવાનો વિષય છે કે આવું થતું હોય છે અંદર! મને પણ આવું ક્યારે થાય? બસ! એને પ્રયોજન સાથે આટલું જ સાંકળી શકાય તો આટલી જ વાત છે.

સ્વાધ્યાયમાં તો મુમુક્ષુદશાની વાત આવે, જ્ઞાનદશાની વાત આવે, મુનિદશાની વાત આવે, કેવળજ્ઞાનીની પણ વાત આવે. તો ઉપરની પર્યાયો સાથે મુમુક્ષુજીવને કાંઈ સીધો તો કોઈ સંબંધ નથી, તો પછી મુમુક્ષુને એ સ્વાધ્યાયમાં વિષય સામે આવશે એ તો ઉદય અનુસાર આવશે. કેમકે આમાં તો ક્રમથી ઘણી ચર્ચાઓ ચાલી હોય. ચર્ચા ચાલે ત્યારે કોઈ મુમુક્ષુને કેવો પ્રશ્ન ઊઠે, કોઈ મુમુક્ષુને કેવી જિજ્ઞાસા થાય? થાય કે ન થાય? હવે જ્યારે થાય ત્યારે ઉદય તો બીજાને એ સામે આવ્યો. પ્રશ્ન કો'કને થયો. સાંભળવાનો ઉદય તો બીજાને-બધાયને પણ આવ્યો. એમ આ પુસ્તકાકાર વિષય થયો, ગ્રંથાકાર થયો. તો જેટલા વાંચે એને વાંચવાનો ઉદય આવ્યો. હવે એને કરવું શું? આવું બધું સામે આવે ત્યારે શું કરવું? કે એ વિષયને યથાસ્થાને સમજીને ભાવનાનો વિષય બનાવવો જોઈએ. બનાવવો જોઈએ એટલે સહેજે બનવો જોઈએ. કે આવી સુંદર ઉચ્ચકોટિની દશા મારા આત્માને કેમ પ્રાપ્ત થાય? એવી એને ભાવના થવી જોઈએ. ભાવના થાય તો દર્શનમોહ ગળે. કેમકે આ તો મોહરહિતદશાઓ છે. મોહરહિતદશાનું ભાવનામાં બહુમાન

છે. શું છે? એનું બહુમાન છે. અને એ દશાનું બહુમાન હોવાથી અભેદપણે એ દશાના ધારક મહાત્માઓનું બહુમાન છે. એવી રીતે દર્શનમોહને ગળવાનું એ નિમિત્ત બની શકે છે.

એટલે જે જ્ઞાની છે, ધર્માત્મા છે એ **'જે પરિણતિ વિભાવ તરફ જતી હતી તેને સ્વભાવ તરફ ખેંચે છે,...'** શેનાથી? પુરુષાર્થ દ્વારા. પોતાની **'સાધનાને વધારતો જાય છે અને ભેદજ્ઞાનની ધારા ઉગ્ર કરતો જાય છે.'** એવી રીતે જ્ઞાન જ્ઞાનને ખેંચે છે એમ કહેવામાં એવો ભાવ છે. એટલે પુરુષાર્થની એમાં મુખ્યતા બતાવવી છે અથવા સમજાવવી છે.

આમ પણ મોક્ષમાર્ગમાં પ્રવેશ થયા પછી બધો આધાર પુરુષાર્થ ઉપર જ છે. દૃષ્ટિએ પોતાનો ખજાનો કબજે કરી લીધો. જ્ઞાન સમ્યગ્જ્ઞાનપણે પરિણમ્યે જ જાય છે અને તેથી એને પોતાનો જે સ્વભાવ ધર્મ છે એ ચાલુ થઈ ગયો છે. હવે જેટલો પુરુષાર્થ ઉગ્ર છે એટલો આગળ વધે છે. એટલી નિર્વિકલ્પદશા વિશેષ આવે છે અને એટલો એની પરિણતિમાં, ગુણસ્થાનમાં પણ ઉપર જાય છે. આખો આધાર શેના ઉપર રહ્યો? કે પુરુષાર્થ ઉપર. પુરુષાર્થ જેમ વધતો જાય છે તેમ ઉપર-ઉપરની દશા આવતી જાય છે અને પોતાની સુખ-શાંતિ પણ વધતી જાય છે. એ રીતે પુરુષાર્થને લઈને પ્રયોજનની સિદ્ધિ છે. પ્રયોજનની સિદ્ધિ પુરુષાર્થ આધારિત છે. હવે એમાં અનેક ભેદો પડે છે. કોઈને તીવ્ર.. કોઈને મંદ... કોઈને તીવ્ર.. કોઈને મંદ... એમાં અસંખ્ય પ્રકાર છે. તીવ્ર-મંદતાના કેટલા પ્રકાર? કે અસંખ્ય પ્રકાર છે. એટલે એક ગુણસ્થાનમાં અસંખ્ય પ્રકાર છે. ઉપરના ગુણસ્થાનમાં બીજા અસંખ્ય પ્રકાર છે એમ. એવા પુરુષાર્થને લઈને તારતમ્યભેદ છે.

મુમુક્ષુ :- એ હિસાબથી જ્ઞાનીઓ જ્ઞાનીઓમાં પણ અસંખ્ય પ્રકાર હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અસંખ્ય પ્રકાર હોય છે. એમાં મુનિઓમાં, જ્ઞાનીઓમાં બધે હોય છે. પણ મુમુક્ષુને એ કાંઈ જોવાનો વિષય નથી, જાણવાનો વિષય છે. મુમુક્ષુ તો એમ વિચારે કે મને આવી દશા ક્યારે પ્રગટ થાય? મુમુક્ષુએ બે જ્ઞાની વચ્ચે કે બે મુનિ વચ્ચે ભેદ જોવો એ એનો અધિકાર બહારનો વિષય છે. એટલો અધિકાર હજી મુમુક્ષુને નથી, એમ છે.

મુમુક્ષુ :- એણે માત્ર જ્ઞાનદશા જ જોવી.

પૂજ્ય ભાઈશ્રી :- એણે જ્ઞાનદશા જોવી અને ભાવના ભાવવી. બસ! એનું કારણ છે. કારણ એ છે કે જેની દશા ઓછી છે એને એનું શું કારણ છે એ પણ સાથે જાણવા મળે. તો જે જ્ઞાની છે એમાં એની ઓછપનું જે કારણ છે એ જાણીને (મુમુક્ષુને)

શું પ્રયોજન છે? એ જાણીને કાંઈ પોતાને પ્રયોજન નથી. જ્ઞાનીના તો ગુણ જાણવાના છે, દોષ જાણવાના નથી.

મુમુક્ષુ :- ડર લાગવો જોઈએ. એટલે વિચાર કરતા બીક લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કે એ જોખમ આપણે કરવું નથી.

'**દૃષ્ટિ પ્રગટ થઈ...**' એટલે સમ્યગ્દર્શન થઈ ગયું. '**પછી કાંઈ કરવાનું રહેતું જ નથી એમ નથી. દૃષ્ટિ પ્રગટ થયા પછી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, હજી તેમાં લીનતા...**' સ્વરૂપની લીનતા વધારેમાં વધારે '**પ્રગટ કરવાની બાકી છે.**' કેમકે સ્વરૂપની પૂર્ણ લીનતા એ કેવળજ્ઞાન છે. વધુ લીનતા એ ઉપરના ગુણસ્થાન છે અને એ લીનતા પુરુષાર્થને આધારિત છે. જેટલો પુરુષાર્થ વધારે એટલી લીનતા આવે. જ્ઞાન તો જ્ઞાન છે અને દર્શન તો દર્શન છે. પણ ચારિત્રમાં અને શાંતિમાં ફેર છે એ કારણ, પુરુષાર્થને કારણે છે. તો ઓછો પુરુષાર્થ છે, વધુ પુરુષાર્થ છે એમ હોઈ શકે છે. એના કારણ-કાર્યમાં આપણે જવાની જરૂર નથી હોતી.

આ તો કોઈને એવો ભ્રમ થાય છે કે એક સમ્યગ્દર્શન થઈ જાયને પછી વાંધો નહિ! પછી (નિરાંત)! પછી આપણને વાંધો નહિ - એમ નથી. એમણે એક વચનામૃતમાં પોતે ચક્રવર્તીનું દૃષ્ટાંત આપીને એક વાત લીધી છે કે, ચક્રવર્તીને એની આયુધ શાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થાય એટલે એ બેસી નથી રહેતો. જેવા એને સમાચાર મળે એના આયુધશાળાના ઉપરી અધિકારી તરફથી. superintendent હોય એનો. મહારાજ! આપની આયુધશાળામાં દૈવીચક્ર આવ્યું છે. એમ! કહે ચાલો ત્યારે આપણે ઊપડીએ છ ખંડ સાધવા. સીધો એને શું વિકલ્પ આવે? છ ખંડ સાધવાનો વિકલ્પ આવે. એ પગવાળીને બેસી ન રહે. તૈયારી કરો. સીધો ઑર્ડર કરે. લશ્કરને તૈયાર કરો. બધા આયુધો જે-જે કાટ ખાય ગયા હોય એવું બધું હોય તો સજાવી લ્યો અને તૈયારી કરો. આપણે નીકળી પડીએ.

એમ આત્મામાં સુદર્શનચક્ર તૈયાર થયું એટલે અખંડને સાધવાનો થનગનાટ આવે! 'રુચિ બાઢી પુની શમદમકી.' જિનવાણીની સ્તુતિમાં આવે છે. રુચિ વધી જાય. સમ્યગ્દર્શનને શમદમની રુચિ વધી જાય. એને એમ થાય કે હું એકદમ મારા આત્મામાં લીન થઈ જાવ. હું ઠરી જાવ. શમ એટલે? ઠરી જાવ! દમ એટલે કોઈ મારા પરિણામ બહાર ન જાય એવી હું સાધના કરું, અંદર જ રહી જાવ. એમ 'રુચિ બાઢી પુની શમદમકી.' જ્ઞાન જ્યોતિ જાગી ઉર અંતર.' મૂળ વાત તો એ છે કે જેવી સમ્યગ્જ્ઞાનની જ્યોતિ અંદરમાં જાગી કે 'રુચિ બાઢી પુની શમદમકી.' સૌથી પહેલા શમદમની રુચિ વધે. સમ્યગ્દર્શન થયું એટલે પડ્યો રહે, હવે વાંધો નહિ - એમ નથી. અને લક્ષ તો પૂર્ણતાનું ત્યાં

છે જ. એટલે એ લક્ષ પ્રત્યેનું, ધ્યેય પ્રત્યેના પરિણામની તો ચાલ હોય છે. આ જરા વેગ મળે છે એને. પુરુષાર્થનો વેગ મળે છે. ચૈતન્ય વીર્ય સ્વભાવમાંથી જાગૃત થયું એટલે સ્વભાવ વીર્યની ઉત્પત્તિ થઈ અંદર. પરિણામને વેગ મળે છે. એટલો વેગ મુમુક્ષુની દશામાં નથી મળતો જેટલો વેગ જ્ઞાનદશામાં મળે છે. એટલો વેગ-પુરુષાર્થ મુમુક્ષુદશામાં નથી હોતો. અહીંયાં થોડી શક્તિ વધારે પ્રગટ થઈ છે એટલે કમાણી વધી. જેમકે માણસ વગર મૂડીએ કમાતો હતો, હવે મૂડીનો સધિયારો મળ્યો. તો વધારે કમાય છે કે નથી કમાતો? એના જેવું છે. એટલી મૂડી વધી એની.

મુમુક્ષુ :- વધારે જોરથી કામ ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જોરથી કામ ચાલે છે. એટલે દૃષ્ટિ પ્રગટ થઈ પછી કાંઈ કરવાનું રહેતું જ નથી - એમ નથી. લીનતા વધારવાની બાકી છે.

'ભેદજ્ઞાનની ધારાને ઉગ્ર કરીને દૃષ્ટિનું બળ વધારતો જાય છે,...' એટલે દૃષ્ટિના પૂટથી પુરુષાર્થ વધારતો જાય છે. દૃષ્ટિનું બળ વધારતો જાય છે એટલે દૃષ્ટિ અધૂરી નહોતી કાંઈ. દૃષ્ટિ અને બળ બે જુદાં-જુદાં ગુણ છે. બળ એટલે પુરુષાર્થ.

મુમુક્ષુ :- અહીંયાં દૃષ્ટિનું બળ કેમ કીધું?

પૂજ્ય ભાઈશ્રી :- એ બોલવાની ભાષા છે પાણીના લોટાની જેમ. ટૂંકી ભાષા કરે. સમજે એ સમજી જાય કે પાણીનો લોટો કીધો એટલે પાણી ભરેલો લોટો, એમ. લોટો તો ધાતુનો હોય. એમ પોતે આ બોલવામાં ટૂંકી ભાષા કરી નાખે છે. પણ દૃષ્ટિનું બળ એટલે શું છે કે દૃષ્ટિનું જે પરિણમન છે.. આ હું છું.. આ હું છું... આ હું છું... એમ અસ્તિત્વને ગ્રહે છેને દૃષ્ટિ? એ એના ઉપર જે પુરુષાર્થ જોરથી આવે. જેટલો જોરથી આવે. દૃષ્ટિ જે સ્વરૂપને ગ્રહણ કરવાનું પરિણમન કરે છે, એ જેટલું જોરથી આવે પુરુષાર્થની સાથે એટલું સ્વસંવેદન અને જ્ઞાનધારા વધતી જાય, એટલી શાંતિ વધતી જાય, લીનતા વધતી જાય.

શ્રી દીપચંદજી તો એમની ભાષામાં 'અનુભવપ્રકાશ'માં એમ કહે છે કે પોતાના સ્વરૂપને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરી કરીને પ્રતીતિમાં, પ્રતીતિમાં સ્વસંવેદનને વધારતો જાય છે. પ્રતીતિ કહો કે દૃષ્ટિ કહો. હવે એ પ્રત્યક્ષ કરી-કરીને ત્યાં (એમ) કેમ વાત લીધી? કે જોડે હવે પ્રૅક્ટિકલ સાઈડ વધારે છે બોલવામાં. કે જ્ઞાનમાં સ્વરૂપ પ્રત્યક્ષ થાય. એટલે જેમ-જેમ એ પ્રત્યક્ષતા એને જ્ઞાનમાં વધારે ભાસે, સ્પષ્ટપણે ભાસે એટલો વીર્ય ગુણ ઊછળે.

દાખલો લઈએ, કે કોઈ સ્વજન ગુજરી ગયું હોય, તો એ એને સંભારે એમ વધારે એને રડવું આવે, પછી visualize કરે એમાં એને વધારે રડવું આવે. નામથી

સંભારે ત્યારે એને રડવું આવે. પછી કહે એ આમ બોલતા હતા. એ આવી રીતે ખાતા હતા. મને આવી રીતે બોલાવતા હતા. એવું જ્યાં visualize કરવા જાય એટલે એ પરોક્ષને પ્રત્યક્ષ જેવું કરે છેને? એટલે એને વધારે રડવું આવે. એમ સ્વભાવ જે છે એને પ્રત્યક્ષ કરે. સ્વભાવ પણ પ્રત્યક્ષ છે અને જ્ઞાનમાં પ્રત્યક્ષતા થવાનો પણ સ્વભાવ છે. એ પ્રત્યક્ષ સ્વભાવ જ જ્ઞાનમાં પરિણમ્યો છે. એ સ્વભાવ અને પ્રત્યક્ષ પર્યાયની પ્રત્યક્ષતાની પ્રત્યક્ષતા સાથે એ સંધિ થાય છે. એમાંથી વીર્ય ઊછળે છે. વેગ આવે છે સીધો. પુરુષાર્થ ઉછાળો ખાય છે એમાંથી. અને પ્રતીતિ છે એ પ્રતીતિમાં આ હું છું... આ હું છું... આ હું છું... એમ જોર આવે છે. એટલે દૃષ્ટિને, જ્ઞાનને અને પુરુષાર્થને આમ coordination થાય છે. અને દશા આગળ ખીલતી જાય છે, વધતી જાય છે. એવું મોક્ષમાર્ગનું picture છે! મોક્ષમાર્ગનું પરિણામનું picture એવું છે.

એટલે '**ભેદજ્ઞાનની ધારાને ઉગ્ર કરીને દૃષ્ટિનું બળ વધારતો જાય છે,...**' એક વાક્યમાં નાખી દીધું એ ત્રણે વાત. ભેદજ્ઞાનમાં જ્ઞાન લીધું. ઉગ્ર કરીને બળ વધારતો જાય છે એમાં પુરુષાર્થ લીધો અને પ્રતીતિનું પરિણમન સાથે છે - ત્રણેય આવી ગયાને? દર્શન, જ્ઞાન અને પુરુષાર્થ. એ ત્રણેય સાધક થયા અને લીનતા સાધ્ય થઈ. સુખ-શાંતિ સાધ્ય થઈ. એમ.

'**પોતાની પરિણતિને એકદમ પોતા તરફ વાળતો જાય છે,...**' એકદમ એટલે ઝડપથી પોતા તરફ વાળતો જાય છે અથવા જોરથી પોતા તરફ વાળતો જાય છે. '**વિભાવ તરફ જતી પરિણતિને સ્વભાવ તરફ ખેંચતો જાય છે.**' જો એમ ન કરે તો એ પરિણતિ વિભાવ તરફ ચાલી જાય. એટલે એમ કે એ તરફ જતી હતી એને ખેંચતો જાય છે. જાણે (પેલી બાજુ) જતી હતી એને ન ખેંચતા હોય? એવું picture આપ્યું છે. બાકી તો આ બાજુ જોરથી આવે છે તો પેલી બાજુ જતો નથી. એમ છે. અને જો આ બાજુ જોરથી ન આવે તો પેલી બાજુ ગયા વગર રહે નહિ - એમ છે. એટલે ખેંચે છે એમ કહેવામાં આવે છે.

અને ખેંચાણ થાય એવા નિમિત્તો પણ હોય. છતાં પુરુષાર્થ હોય તો એ બાજુ ખેંચાઈ નહિ. ખેંચાણ થઈ જાય એવા ઉદયો આવે. આપણે એમ વિચારીએ કે રામચંદ્રજીએ લક્ષ્મણને ખંભે લીધા કે સીતાજીના વિયોગમાં રડ્યા ત્યારે આપણે એમનું બાહ્ય પરિણામનું પ્રદર્શન જોઈએ છીએ. એ વખતે અંતર્ પુરુષાર્થ કેટલો કરતા હતા? એ આપણને જો સમજણમાં આવે તો મસ્તક નમી જાય એવી વાત છે. picture તો બહારનું દેખાડે છે. પણ એ બહારના વિભાવને એમનો દોષ દેખાડવા માટે એ વાત નથી. એ વખતે પણ એમનું જે સ્વભાવ તરફના પુરુષાર્થનું પરિણમન કેવું એમણે ઉગ્ર બનાવ્યું હશે!

કે આટલા પરિણામ બહારમાં ખેંચાય છે તોપણ અંદરની પક્કડમાં મચક ખાતા નથી. દૃષ્ટિ તો જરાય મચક ખાય નહિ. મચક ખાય એ ઉપયોગની અંદર અસ્થિરતા ચારિત્રગુણની આવે છે. પણ એ વખતે તે વિશેષ પ્રકારે પુરુષાર્થ કરે છે.

જેમ-જેમ પ્રતિકૂળતાનો ઉદય આવે તેમ-તેમ પુરુષાર્થ વૃદ્ધિગત થાય એવો સાધક સ્વભાવ છે. એવો સાધક સ્વભાવ છે. અને મુમુક્ષુ પણ યથાર્થતામાં આવે ત્યારે એને પણ એમ જ થાય. એને પ્રતિકૂળતા આવે ત્યારે એ પોતાનો પુરુષાર્થ વધારે. એ વાત મુમુક્ષુને લાગુ પડે છે. કૃપાળુદેવે એક જગ્યાએ લખ્યું છે કે આ કાળમાં મુમુક્ષુજીવને પ્રતિકૂળતા આવવી તે સંસારથી તરવા બરાબર છે. અને કોઈ મુમુક્ષુજીવ હોય એને પ્રતિકૂળતા ન આવતી હોય તો એનું દુર્ભાગ્ય છે એ. પ્રતિકૂળતા આવવી જ જોઈએ. સદ્‌ભાગ્ય છે એનું. પ્રતિકૂળતા આવે એ એનું સદ્‌ભાગ્ય છે. પ્રોબ્લેમ ઊભો થાય એને કે મારે તો કાંઈ પ્રતિકૂળતા છે નહિ હું પુરુષાર્થ ક્યાં જઈને કરું? પુરુષાર્થ કરવાનો એને કોઈ મોકો નથી, તક નથી. બધી કોરની સરખાય છે. કરોડોની મિલ્કત પડી હોય, ધંધા-ધાપા બરાબર ચાલતા હોય, કામ કરનારા કામ કરતા હોય, પોતાને બહુ ઉપાધિ કરવી પડતી ન હોય. સામાન્ય આવ્યા હોય ત્યારે જરા જોઈ લ્યો, તમને આમાં ખ્યાલ છે તો કેમ છે હવે? એમ પૂછી લ્યે. કરવું શું એને? પોતાનું આત્મકાર્ય કરવું જોઈએ એવું એને સમજાણું હોય, પણ હવે કરવું શું આમાં? મારે શું કરવું? મારે બધી અનુકૂળતા છે. પ્રોબ્લેમ થાય એને.

સારું છે કે ક્યારેક સ્વાસ્થ્ય બગડતું હોય છે, તો પુરુષાર્થ કરવાની તો તક મળે. આ પ્રશ્ન આ વખતે કલકત્તામાં (એક મુમુક્ષુ)ભાઈને ઊઠ્યો હતો. થોડીક ચટપટી થઈ છે એમને. મને કહે કરી લેવું જોઈએ. વખત ચાલ્યો જાય છે ને કરી લેવું જોઈએ... કરી લેવું જોઈએ.. એમ લાગે છે. પણ મારે કોઈ પ્રતિકૂળતા નથી. કોઈ જાતની પ્રતિકૂળતા નથી. એ તો દેખાય આવે એવી વાત છે. બધા વ્યવસ્થિત રીતે પોતપોતાનું કામ કરે છે. મુંબઈની ઑફિસ મુંબઈનું કામ કરે છે, કલકત્તાની ઑફિસ કલકત્તાનું કામ કરે. ભાઈઓ અને છોકરાઓ બધા કામે લાગેલા છે. હું નિવૃત્ત થઈ ગયો છું. ખાતામાં મોટી રકમ જમે પડી હોય. કરવું શું? ખાવું-પીવું બધું ઈચ્છા પ્રમાણે બને છે. પાંચ-સાત અથાણાં બને છે, બે-ચાર શાક બને છે, ખાવું-પીવું બધું આરામથી પતી જાય છે. બધું ઘરમાં ફર્સ્ટક્લાસ ફર્નિચર છે. એરકન્ડીશન બેડરૂમ છે. સારામાં સારું ફર્નિચર છે. બધી વસ્તુ લેટેસ્ટ છે. લાખો-કરોડો હોય એને તો શું બધું લેટેસ્ટ તો હોય જને! એમાં આ બધી ચીજની શું કિંમત લાગે? લાખ-બે લાખ રૂપિયા લાગે. એમાં શું હોય? ઘણાં પૈસા હોય એને આ શું? કાંઈ નહિ.

opel ગાડી વાપરે છે. બીજી એક-બે ગાડી છે. zen છે ને આ છે ને. પૂરતા પૈસા છે. કાંઈ પ્રતિકૂળતા છે નહિ. ડ્રાઈવર છે, self ડ્રાઈવિંગ પણ આવડે છે. હવે શું? પ્રોબ્લેમ થાય. કરવું શું? પાછું અંદરમાં કાંઈ સૂઝતું નથી. વખત ચાલ્યો જાય છે. ખાઈએ છીએ, પીએ છીએ, આરામ કરીએ છીએ, વખત નીકળી જાય છે. થોડો ટાઈમ મળે તો ઑફિસે આંટો મારી આવીએ છીએ. ન જઈએ તો ચાલે છે. પ્રોબ્લેમ થાય. પ્રતિકૂળતા આવી તો એક દિવસ વળી શ્વાસ ચડ્યો હતો. એટલે કોઈ મુમુક્ષુએ પૂછ્યું કે પરિણામ કેમ રહ્યા? અંદરની તબિયત કેમ રહી? અંદરની તબિયત કેમ રહી? બહાર તો શ્વાસ ચડ્યો હતો બરાબર છે, અંદર શું ચાલ્યું? ત્યાં પુરુષાર્થ કરવાની તક છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ વાત આવે છે ને! ભક્તિમાં હોય એને તકલીફ હોય જ, તકલીફ ન હોય એનો અર્થ કે એને કાંઈક ખામી છે, એ વાત પણ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા આવે છે. એમકે ઈશ્વરે એને ચાહીને માયા મોકલી નથી ત્યાં. ભૂલી ગયા છે.

એ બેઠા હતા એકવાર રાત્રે, તો પોતાનો પ્રોબ્લેમ બતાવતા હતા કે મારે શું કરવું? કેમ કરવું? ટાઈમ મળે છે, વાંચે છે. ઑફિસમાં પુસ્તકો રાખીને વાંચે, ઘરે વાંચે. વાંચીએ છીએ, સ્વાધ્યાય કરીએ છીએ, સામૂહિક સ્વાધ્યાય કરીએ છીએ. ઘરમાં એકાંત સ્વાધ્યાય. એમ નથી કે પાછું કે કાંઈ કરતા નથી, પણ ગાડી આગળ ચાલતી નથી એનું શું? પ્રોબ્લેમ એ થયો. તીવ્ર વિષયકષાયના પરિણામ નથી. મારે શું કરવું? માર્ગદર્શન પૂછતા હતા. મેં કીધું પોતાપણું મૂકવું. શું કરવું? આ ઘર મારું કેમ દેખાય છે? બાજુવાળાનું કેમ મારું નથી દેખાતું. આ સંપત્તિ મારી કેમ દેખાય છે? આ ઘરવાળા મારા કેમ દેખાય છે? અધોગતિનું કારણ એ છે. તમે કાંઈ કષાય કરો, કતલખાનું ખોલો તો જ અધોગતિ થાય એવું કાંઈ નથી, કે કારખાના માંડો ને હિંસા થાય તો જ તમે નરકમાં જાવ એવું કાંઈ નથી. મારાપણાની તમારી તીવ્ર જે વૃત્તિ છે અને પરિણતિ છે એ પણ અધોગતિમાં લઈ જશે. મારાપણું મૂકવાના કામે લાગો. ઓછું વંચાય એનો વાંધો નહિ.

તમને એમ થાય કે આપણે બે-ત્રણ કલાક વાંચીએ છીએ. એમ નહિ. વાંચવાનું ભલે પડ્યું રહે. તમે સમજ્યા છો એ લાગુ કરો કે ભિન્ન (છે.) બે પદાર્થની ભિન્નતા તો સમજ્યા છો કે નથી સમજ્યા? જડ-ચેતન ભિન્ન છે. બીજા જીવો મારાથી ભિન્ન છે. આમાં કાંઈ લાંબું સમજવાનું નથીને! આ તો સ્થૂળ ઉપયોગથી સમજાય એવો વિષય છેને? મારાપણું મૂકો! મારાપણું મૂકવાનો પ્રયત્ન કરો. અંદરમાં એ ચાલવું જોઈએ. તો મુમુક્ષુતા વર્ધમાન થશે. મુમુક્ષુતામાં આગળ વધવું છેને? તો મુમુક્ષુતા વર્ધમાન થશે. કામ

એ કરવાનું છે. પછી તમારે કે બીજાએ દરેકે કામ તો એ જ કરવાનું છે. કહે કે પરિભ્રમણની વેદના આવતી નથી. પણ ક્યાંથી આવે?

જે સંપત્તિ છે એ જળવાય રહે એવું રહે છે કે નહિ? એવું તો રહે એ સ્વભાવિક છે. વધારવાની ચાલો ઇચ્છા નથી અત્યારે. કેમકે આપણે કાંઈ પ્રવૃત્તિ કરવી નથી અને વધારવું નથી. જળવાય રહે એ તો હોવું જોઈએ કે નહિ? દીકરા માટે, દીકરાના દીકરા માટે. તમારે શું લેવા-દેવા છે? ચાલો એના ભાગનું એને આપી દીધું છે અને એ પણ ઘણું છે. તમારું પડ્યું રહેશે એ નકામું છે. તમારું જે પડ્યું રહેવાનું છે એ તો નકામું છે. સાથે તો એક પાઈનો ડ્રાફ્ટ નીકળવાનો નથી. પછી એણે કીધું કે, એ વિચાર આવ્યો છે હવે. હવે એને એ વિચાર આવ્યો છે. એટલે આ પ્લાન કરે છે. આપણે વાપરી નાખવા. આપણા ભાગના વાપરીને જાવું. નહિતર એ તો ગમે તે ખાય જવાનું છે સગાસંબંધી, બીજા-ત્રીજા. પોતે ઉપયોગ ન કર્યો તો એનો misuse જ થવાનો. એ નિર્ણય ઉપર આવ્યા છે. એટલે એ પ્રકારે એનું પોતાપણું, મમત્વ ઘટાડવાનો પ્રેક્ટિકલ સાઈડથી પ્રસંગ આવે.

એ કૃપાળુદેવનું કરવા માગે છે, કરોડ-દોઢ કરોડનું પ્રચાર-પ્રસાર માટે કેન્દ્ર ખોલવા માગે છે. કૃપાળુદેવ ઉપર શ્રદ્ધા સારી છે. ભલે ઓળખાણ ન હોય પણ ઓઘે-ઓઘે એ વસ્તુ પાકી છે. એમના વચનોમાં શંકા નહિ. ન સમજાય કે સમજાય તોપણ એમના વચનોમાં શંકા નહિ. એક મહાપુરુષ તરીકે એમના પ્રત્યે કોઈ બીજો ભાવ નહિ. નહિતર એ તો ગૃહસ્થ હતા. (પણ) બીજો વિકલ્પ નહિ. એ પરિણામ બહુ સારા છે.

એટલે શું કહેવું છે અહીંયાં? પુરુષાર્થ જે છે એની પ્રધાનતાએ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગની પરિણતિ પુરુષાર્થની પ્રધાનતાએ ચાલે છે. એને એમ કહે છે કે સ્વભાવ તરફ ખેંચે છે. એ પુરુષાર્થને બતાવવા માટે એમ કહે છે કે સ્વભાવ તરફ ખેંચે છે. **'દૃષ્ટિમાં પર્યાયને હેય માને છે,...'** દૃષ્ટિમાં પર્યાયને હેય માને છે. કેમકે દૃષ્ટિ આત્મા ઉપર છે, ત્રિકાળી પરમાત્મા ઉપર છે. એમાં પર્યાયનો કોઈ હિસાબ લાગુ પડે એવો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કાલે ડાયરીમાં જે વાત આવીને કે દૃષ્ટિના પરિણમનને પણ જ્ઞાન દ્વારા સમજાવવામાં આવે છે. હેય-ઉપાદેયપણું તો જ્ઞાનમાં જ થાય છે ને આમ તો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, હેય-ઉપાદેયપણું જ્ઞાનમાં થાય છે. કોઈ કોઈવાર જ્ઞાનથી સમજાવાય છે, કોઈવાર ચારિત્રથી સમજાવાય છે અને કોઈવાર પુરુષાર્થથી સમજાવાય છે. એમ જુદાં-જુદાં ગુણોથી દૃષ્ટિના પરિણમનને સમજાવાય છે. સીધું સમજાવવું કઠણ

હોવાથી, સૂક્ષ્મ હોવાથી. બીજા ગુણ દ્વારા પણ એનો સંકેત કરવામાં આવે છે. એમ. એમ કહેવું છે.

'દૃષ્ટિમાં પર્યાયને હેય માને છે, છતાં પણ પુરુષાર્થની દોરી ચાલુ છે.' આપણે જે ચર્ચા થઈ એમાં એક વાતનું તારણ એ નીકળે છે. તાત્પર્ય. તારણ એટલે તાત્પર્ય. કે મુમુક્ષુને પ્રતિકૂળતા હોય એને મૂંઝાવાની જરૂર નથી. પ્રતિકૂળતા ન હોય તો આવવી જોઈએ. નહિતર ઔર મૂંઝવણ વધશે. તાત્પર્ય એમાંથી એ નીકળે છે. જે દૃષ્ટાંત લીધો આપણે exactly એ એક જીવંત દૃષ્ટાંત છે. તો એને પ્રતિકૂળતા લાવવી પડે, તો સહેજે આવે એ તો સારી વાત છે. એટલે પ્રતિકૂળતાથી તો મૂંઝાવાનો પ્રશ્ન જ નથી કોઈને. એ તો હોવી જ જોઈએ. એમ લેવું. એ તો હોવી જ જોઈએ. નહિ હોય તો હું પુરુષાર્થ ક્યાં જઈને કરીશ? એ તો મારું પુરુષાર્થનું ઠેકાણું છે!!

મુમુક્ષુ :- ભાઈશ્રી! પ્રતિકૂળતા પ્રયોગશાળા બને છે ને!

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોગશાળા જ છે. જેમકે તબિયત બગડી. તો તબિયત સુધરે એ સારું નહિ. બીજી લાઈન છે આખી. સંસારીઓની લાઈન એવી છે કે તબિયત સુધરે તો સારું. આ કહે છે કે ના! તબિયત સુધરે તો પછી મારે પુરુષાર્થ ક્યાં જઈને કરવો? એ તો એ બગડેલી રહે એમાં જ પુરુષાર્થ કરવાની મજા છે કહે. રમઝટ તો ચાલે બરાબર અંદર. હવે કોની સાથે રમઝટ કરવી? દુશ્મન ભાગી ગયો પછી. બાજવું કોની સાથે? લડાઈ કોની સાથે કરવી?

મુમુક્ષુ :- ઉદય વખતે જે પરિણામ બગડે તો પોતાના ઊંધા અભિપ્રાયો છે એ જણાય અને એમાં સુધારવાની એને તક મળે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તક મળે. જો પોતાને કામ કરવું હોય તો એ જ તક છે. એ જ એને તક છે. પોતે પોતાના બળનો પ્રયોગ કરવા માગે છે. પણ સામે કોઈ કુસ્તી કરનાર ન હોય તો શું થાય? કેવી રીતે ખબર પડે કે મારામાં કેટલું બળ છે એ? એટલે સામે જેવો પહેલવાન આવે એને આવવા દેવો. પહેલવાન લોકો કુસ્તી કરે ત્યારે પહેલા આમ-આમ ઠપકારે છે શું કરવા? કે તું ચાલ્યો આવ! તું ચાલ્યો આવ હું તૈયાર છું હવે! એમ વાત છે. એવી તૈયારી જોઈએ. વાત બીજી જ જાતની છે આખી.

મુમુક્ષુ :- કૃપાળુદેવે ૩૩૧-૩૩૨માં લીધીને આરંભ-પરિગ્રહના પ્રસંગે ક્ષણે ક્ષણે પોતાના થતાં અટકાવવા એટલે આ જે મારાપણું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. પોતાના થતાં અટકાવે એટલે પોતાપણું થતું અટકાવવું. એ જ વાત છેને. અને એક બીજું લીધુંને ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનો મુખ્ય

અધિકારી છે. એ ઉલ્લાસિત વીર્યવાન એટલે આ - કે મારે પુરુષાર્થ કરવો છે, આવો ગમે તે ઉદય! આવો પ્રતિકૂળતા! મારો ઉલ્લાસ છે, મારો પુરુષાર્થ કરવા માટે મારો ઉલ્લાસ છે.

મુમુક્ષુ :- પ્રતિકૂળતાને ઉપરથી મિત્ર સમાન ગણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિત્ર સમાન ગણે છે. કેમકે એ મદદ કરે છે પુરુષાર્થ કરવા માટે. અને જેટલું કામ પ્રતિકૂળતામાં થાય એટલું કામ અનુકૂળતામાં થવાનો સંભવ નથી. માટે એને આવકારવામાં આવે છે. એમ છે.

મુમુક્ષુ :- 'ભલે પધાર્યા'

પૂજ્ય ભાઈશ્રી :- 'ભલે પધાર્યા', એમ જ હોય. ભલે આવ્યા અને આવ્યા છો તો જાતા નહિ, એમ. રોકાઈ જજો. જેના ઉપર પ્રેમ હોય એને શું કહે? બહુ સારું તમે આવ્યા. હવે રોકાઈ જજો હો ભાઈસાહેબ!

મુમુક્ષુ :- જવાનું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જલ્દી જવાનું નથી. એવી વાત છે.

મુમુક્ષુ :- અગમનિગમની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વાત જુદી જ જાતની છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ તો દવા પણ લેતો જાય અને રોકવા માટે કહેતો જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દવા તો ઠીક છે એ એક ભાવની દવા છે અથવા બીજાની માથાકૂટ બંધ થઈ જાય. નહિતર બીજા માથાકૂટ કરે. તમે કાંઈ લેતા નથી, લેતા નથી. તો કહે લ્યો! આ લીધું લ્યો! લેવાથી શું થઈ જવાનું હતું? એનાથી થોડું મટે છે કાંઈ? એ તો ઉદય પ્રમાણે થવાનું છે. દવા પ્રમાણે થોડું થાય છે કાંઈ?

'**દૃષ્ટિમાં પર્યાયને હેય માને છે, છતાં પણ પુરુષાર્થની દોરી ચાલુ છે.**' પુરુષાર્થની દોરી તો ચાલુ જ છે. '**હું તો અખંડ છું...**' એમ જોરથી આવે છે. પુરુષાર્થની દોરી ચાલુ છે એટલે શું છે? કે પુરુષાર્થ કરવો એમ દૃષ્ટિમાં નથી. દૃષ્ટિમાં તો પોતાનો વિષય જ છે, પણ એ વિષય ઉપર દૃષ્ટિનું પરિણમન જોર ખાય-ખાયને આવે છે. એનું નામ પુરુષાર્થ છે. એ પુરુષાર્થની દોરી ચાલુ છે. અને એમાં '**હું તો અખંડ છું...**' એ પુરુષાર્થની દોરીમાં શું છે કે હું તો અખંડ છું. દૃષ્ટિમાં એમ છે.

'**તોપણ આ વિભાવની પર્યાય થઈ રહી છે, સ્વભાવની પર્યાય અધૂરી છે તે બધું જાણે છે, અને પુરુષાર્થની દોરી પોતા તરફ ખેંચતો જાય છે.**' જેમ પતંગની દોરી ખેંચતો જાય એમ પુરુષાર્થની દોરી ખેંચતો જાય છે, વધારે જોરથી અંતર્મુખ થતો જાય છે. એનું નામ જ્ઞાન જ્ઞાનને ખેંચે છે. એમ છે. પ્રશ્ન તો એ ચાલ્યો છેને કે

જ્ઞાન જ્ઞાનને ખેંચતું. એમાં શું ભાવ? કે એમાં પુરુષાર્થનો ભાવ કરવો છે. એમાં જે ભાવ બતાવવો છે એ પુરુષાર્થનો બતાવવો છે.

મુમુક્ષુ :- મુમુક્ષુમાં વધારે પ્રતિકૂળતામાં હોય એ વધારે પૈસાવાળો એવું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં વધારે ભાગ્યશાળી બતાવ્યો છે. એવું છે. રોતલની જેમ રોવે એ મુમુક્ષુ નહિ. પ્રતિકૂળતા આવે અને રોવા માંડે. એં.. એં.. મારે આવું છે, મને આમ થાય છે - એ મુમુક્ષુનું કામ નથી. ઉલ્લાસિત વીર્યથી કામ કરવાનું છે.

મુમુક્ષુ :- હરિનો મારગ છે શૂરાનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, નહિ કાયરનું કામ જોને! એ તો અન્યમતિનું પદ છે. 'પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને.' માથું મૂકવાની છે તારી તૈયારી? તો આ હરિના માર્ગમાં આવવાનું નામ લેજે તું. માથું મૂકવું હોય તો આ માર્ગમાં આવવાનું નામ લેજે. નહિતર ચાલ્યો જા. તારું કામ નથી. ચાલતો થઈ જા તું અહીંથી. તારું કામ નથી. 'માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.' એટલે અંદર જે જાય છે મરજીવા એ મોતી લઈને આવે છે. એમ અંદર પડ્યા છે એ બધા અંદર સુખી થઈ જાય છે. બહારવાળાને ખબર પડતી નથી કે અરે.. આની પાસે કાંઈ છે નહિ ને આ લહેર કરે છે! કહે હા! એને પ્રતિકૂળતા છે ને લહેર કરે છે! કહે હા! બહુ કહેવાય! દાઝે એટલે ઈર્ષ્યા થાય બીજાને, એમ. દાઝેનો અર્થ એમ છે. ઈર્ષ્યા થાય. એમ કહેવું છે. અહીં સુધી રાખીએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પહેલેથી એવું કર્યું હોયને એટલે કહેને કે મારા સસરાએ મોક્ષની પાઘડી બંધાવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એણે એમ જ લીધું છેને. ગજસુકુમારે એમ જ લીધું છે.

આશય :- (૨૪૮) :- **'જ્ઞાન જ્ઞાનને ખેંચે છે' - એવું કહેવા પાછળ પુરુષાર્થને દર્શાવવાનો આશય છે. મોક્ષમાર્ગી ધર્માત્માને પુરુષાર્થ પ્રધાન પરિણમન હોય છે. માર્ગના વિકાસનો આધાર પુરુષાર્થ આધારિત છે. ઉક્ત વચનમાં પુરુષાર્થની વિશિષ્ટતાના પ્રકારની અભિવ્યક્તિ છે.**

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આધ્યાત્મિક પુસ્તકોની સૂચિ (ગુજરાતી)

ગ્રંથનું નામ તેમજ વિવરણ

(૧) **'અનુભવ સંજીવની'**

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના અગાધ મંથનમાંથી લગભગ ૨૦૧ વિષયોમાં વર્ગીકૃત ચિંતન કણિકાઓ - હસ્તલિખિત ડાયરીઓનું સંકલન)

(૨) **'અધ્યાત્મસુધા' (ભાગ ૧ થી ૧૨)**

('બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૩) **'આત્માવલોકન પ્રવચન' (ભાગ ૧ થી ૫)**

(શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત 'આત્માવલોકન' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૪) **'ધન્ય આરાધક'**

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આત્મઆરાધના અને તેમના વ્યક્તિત્વને દર્શાવતું અનોખું સચિત્ર પ્રકાશન)

(૫) **'સુવિધિ દર્શન'**

(પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત 'સુવિધિ'ના લેખ ઉપર તેમના જ દ્વારા થયેલ ગહન પ્રવચનો)

(૬) **'રાજહૃદય' (ભાગ ૧ થી ૧૯)**

('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૭) **'ગુરુ ગિરા ગૌરવ' (ભાગ ૧ તથા ૧,૨)**

(પૂજ્ય સોગાનીજીના પત્રો તથા વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૮) **'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'**

(પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીની તત્ત્વચર્ચા તથા પત્રો)

(૯) **'વચનામૃત રહસ્ય'**

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નૈરોબીમાં થયેલા પ્રવચનો)

(૧૦) **'સમયસાર દોહન'**

(શ્રી 'સમયસાર'ની કેટલીક ગાથા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નૈરોબીમાં થયેલા પ્રવચનો)

(૧૧) **'કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન' (ભાગ ૧,૨)**

('કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ શબ્દશઃ પ્રવચનો)

(૧૨) **'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪)**

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રિય તથા પસંદગીના વિષય ઉપર ખાસ પ્રવચનો)

(૧૩) 'બીજું કાંઈ શોધ મા'

(પ્રત્યક્ષ સત્પુરુષના યોગનું મહત્ત્વ દર્શાવતા વિભિન્ન ધર્માત્માઓના વચનામૃતોનું સંકલન)

(૧૪) 'ધન્ય આરાધના'

(શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મદશાને ઉપસાવતું પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિવેચન)

(૧૫) 'દિશા બોધ'

('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૧૬૬, ૪૪૯ તથા ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૧૬) 'કુટુંબ પ્રતિબંધ'

('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૧૭) 'પરિભ્રમણના પ્રત્યાખ્યાન'

('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૧૮) 'મુમુક્ષુતા આરોહણ ક્રમ'

('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

'મુમુક્ષુતા આરોહણ ક્રમ' ભાગ-૨

('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના રાજકોટમાં પ્રવચનો)

(૧૯) 'સમકિતનું બીજ'

(સત્પુરુષની ઓળખાણ વિષયક 'શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક - ૫૦૪, ૩૩૩, ૩૩૫, ૪૬૬, ૬૭૯, ૬૭૪, ૪૧૬, ૫૨૨, ૪૬૭ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૦) 'સ્વરૂપ ભાવના'

('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૯૧૩, ૭૧૦ તથા ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૧) 'આત્મયોગ'

(સત્સંગનું મહત્ત્વ દર્શાવતા વિષય પર 'શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૫૬૯, ૪૯૧ તથા ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૨) 'સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય'

('શ્રીમદ રાજચંદ્ર' પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૩) 'સમ્યગ્દર્શનના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો અમૃત પત્ર'

('શ્રીમદ રાજચંદ્ર' પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના કોબામાં થયેલ પ્રવચનો)

(૨૪) 'પ્રયોજન સિદ્ધિ'

(દર્શનમોહ/મિથ્યાત્વની વૃદ્ધિના કારણો તથા તેના નિવારણ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા ગહન માર્ગદર્શન)

(૨૫) 'નિર્ભ્રાંત દર્શનની કેડી'

(મુમુક્ષુતાના મંગળ પ્રારંભથી લઈને સ્વરૂપ નિશ્ચય સુધીની કેડી દર્શાવતું પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું આલેખન)

(૨૬) 'તત્ત્વાનુશીલન'

(વિવિધ આધ્યાત્મિક ૨૧ વિષયો ઉપર પૂજ્ય શશીભાઈ દ્વારા લખાયેલ લેખનું સંકલન)

(૨૭) 'કહાન રત્ન સરિતા' (ભાગ ૧,૨)

ભાગ ૧ -(પૂજ્ય કાનજીસ્વામીના કેટલાક ચૂંટેલા વચનામૃતો (પરમાગમસારમાંથી) ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

ભાગ ૨ -(પૂજ્ય કાનજીસ્વામીના 'ક્રમબદ્ધ પર્યાય' વિષયક ચૂંટેલા વચનામૃતો (પરમાગમસારમાંથી) ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૮) 'ગુરુ ગુણ સંભારણા'

(પૂજ્ય બહેનશ્રીના હૃદયમાંથી પ્રવાહિત ગુરુભક્તિના ઉદ્‌ગારો એટલે કે ગુરુભક્તિનું અનેરૂ કાવ્ય)

(૨૯) 'અનુભવ પ્રકાશના કિરણો' (ભાગ ૧ થી ૯)

(શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ભાવવાહી પ્રવચનો)

(૩૦) 'પ્રવચન સુધા' (ભાગ ૧ થી ૧૧)

('શ્રી પ્રવચનસાર' પરમાગમ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૩૧) 'પ્રવચન પ્રસાદ' (ભાગ ૧,૨)

('શ્રી પંચાસ્તિકાય સંગ્રહ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૩૨) 'બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન' (ભાગ ૧,૨)

('શ્રી દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૩૩) 'સમ્યક્‌જ્ઞાન દીપિકા' (લે. ધર્મદાસજી ક્ષુલ્લક)

(૩૪) 'પરમાગમસાર'

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અનેક પ્રવચનોમાંથી પૂજ્ય ભાઈશ્રી દ્વારા ચૂંટેલા-૧૦૦૮ બોલનું સંકલન)

(૩૫) 'વિધિ વિજ્ઞાન'

(વિધિ વિષયક વિભિન્ન જ્ઞાનીઓના વચનામૃતો)

(૩૬) 'જ્ઞાનામૃત'

('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતોનું લઘુ સંકલન)

(૩૭) 'પથ પ્રકાશ'

('માર્ગદર્શન' વિષયમાં વિભિન્ન જ્ઞાનીઓના વચનોનું સંકલન)

(૩૮) 'જિન શાસણં સવ્વં'

('શુદ્ધોપયોગધારી જ્ઞાની ધર્માત્મા જ સમસ્ત જિનશાસન છે' - એ દર્શાવતા જ્ઞાનીઓના

વચનામૃતો)

(૩૯) 'મુક્તિનો માર્ગ'

(પં. ભાગચંદજી કૃત 'સત્તા સ્વરૂપ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો)

(૪૦) 'અધ્યાત્મ પિપાસા' (ભાગ ૧,૨,૩,૪,૫,૬... ચાલુ)

(પૂ. બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૪૧) 'ધન્ય પુરુષાર્થી'

(પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની દશા વિશે પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા પૂજ્ય ભાઈશ્રીના હૃદયોદ્‌ગારો)

(૪૨) 'અધ્યાત્મ પરાગ'

(૨૫૦ અધ્યાત્મકણિકાઓ - વિભિન્ન જ્ઞાનીઓના વચનામૃતોનું સંકલન)

(૪૩) 'છ ઢાળા પ્રવચન' (ભાગ ૧,૨,૩)

(દૌલતરામજી કૃત 'છ ઢાળા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૪૪) 'ધન્ય અવતાર'

(પૂજ્ય બહેનશ્રીની સાધના પ્રત્યે પૂજ્ય ગુરુદેવશ્રીના આશિર્વચનરૂપ ઉદ્‌ગારો)

(૪૫) 'દંસણ મૂલો ધમ્મો'

(ચતુર્થ ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિની મહિમા દર્શાવતા આગમોમાં આવેલ વચનામૃત)

(૪૬) 'ભગવાન આત્મા'

(આત્મસ્વરૂપનો મહિમા તથા દષ્ટિનો વિષય-આત્મા - આ વિષય પર વિભિન્ન જ્ઞાનીઓના વચનામૃત)

(૪૭) 'ચિદ્‌વિલાસ પ્રવચન'

(શ્રી દીપચંદજી કાસલીવાલ કૃત 'ચિદ્‌વિલાસ' પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

વાચકોની નોંધ માટે

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર